माजीस्त्रेटनी परीक्षानुं पुस्तक

બનાવનાર

મગનલાલ જયચંદ પારેખ

સબોરડીનેટ ગવરમેંટ પ્લીડર

કપડવંજ કોર્ટ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર કસ્તુર વીરચંદ.

અમદાવાદમાં

હિતેચ્છુ પ્રેસમાં તથા મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રિન્ટીંગ અને જનરલ એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સંવત ૧૯૪૦. સને ૧૮૮૪.

☞ આ ચોપડી પંચભાઇની પોળ આગળ ઢીંકાબાટની પોળમાં ઘર આગળથી તથા ચોટામાં વલંદાની હવેલીની સામે દુકાનેથી મળશે.

અર્પણ પત્ર.

ખાનબાહાદૂર બમનજી એદલજી

મોદી૦ એમ૦ એ૦

ડિસ્ટ્રીક્ટ ડેપ્યુટી કલેક્ટર સાહેબ

ખેડા.

સાહેબ

ઉત્તમ જ્ઞાનથી, ખાનદાનીથી, ઉદાર સ્વભાવથી, પ્રમાણીક ઇનસાફથી અને નિરાશ્રીત માણસોને આશ્રય આપવાથી લોક પ્રસિદ્ધ થયેલા આપ નામદાર સાહેબને હું આ ગ્રંથ નમ્રતા પુર્વક અર્પણ કરૂં છું તે કૃપા કરી સ્વિકારશો.

લા૦ સેવક

કપડવંજ. } મગનલાલ જયચંદ વકીલ

કર્ત્તા.

પ્રસ્તાવના.

પ્રતાપી અંગરેજ સરકારના નેક રાજ્યમાં કાયદાની ખુબી મહાન બતની જણાઈ છે. એટલે રાજ્યકર્તા પોતે પણ કાયદાને વશ છે. તેથી આ રાજ્યની છાયા નિચે રહેનાર સરવે કોઈ સમજુ ગૃહસ્થે કાયદા જાણવા જોઇએ તેમાં જે જે કૃત્ય કર્યાથી ગુન્હા બનેછે અને તેણે કરીને તે કરનાર શિક્ષાને પાત્ર થાયછે એવા જે જે કાયદા તથા આક્ટો રાજ્યકર્તાએ પ્રસિદ્ધ કરેલા હોય તેથી તો અવશ્ય વાકેફગાર થવું જોઇયે.

કાયદાની બાબતમાં ફક્ત તે વાંચ્યા એટલે માહિતગાર થયા એમ નથી. પણ કાયદાની કલમોના એવા તો બારીક અર્થ થાય છે કે જેને માટે કાયદો ઘડાયા પછી તેના ઉપર વિદ્વાન ગૃહસ્થોએ ટીકાઓ કરી અંગરેજીમાં મોટાં મોટાં પુસ્તકો બનાવ્યાં છે અને તેમ કરી કલમોના અર્થ સમજાવ્યા છે.

પરંતુ એ કલમોના અર્થ જાણવાની ટીકા ગુજરાતીમાં જોઇયે તેટલી નથી, તેથી હમેશાં ગુજરાતી જાણનાર ન્યાયાધીશ, વકીલો, સીરસ્તેદારો, મુખત્યારો અને બીજા સદ્ ગૃહસ્થોને અગવડ ભોગવવી પડેછે. તેથી તે અગવડ દુર કરવા માટે મારી અલ્પમતીથી મળી શકી તે મદદથી ફોજદારી ગુન્હાઓમાં પ્રખ્યાત આક્ટ જે પીનલકોડ (સને ૧૮૬૦ નો ૪૫ મો) છે તે તથા બીજા કેટલાક ઉપીયોગી ફોજદારી આક્ટો ટીકા સાથે બાહાર પાડ્યા છે તેથી તેની સમજુતી સારી રીતે થઈ શકશે.

ફોજદારી આક્ટોનો એક બીજા સાથે વધારે સબંધ હોયછે કેમકે કોઈ કોઈ આક્ટોમાં બીજા આક્ટોની કલમોના હવાલા આપવામાં આવ્યાછે. તેથી જ્યારે તે આક્ટ વાંચવામાં આવે ત્યારે હવાલો આપેલો આક્ટ વાંચવાની જરૂર પડે છે પણ તે આક્ટ પાસે ના હોય ત્યારે અડચણ પડે તેથી તે અડચણ દુર કરવા માટે ઘણાખરા ફોજદારી આક્ટો આ સાથે સામેલ કરી આ ગ્રંથનું નામ "ફોજદારી સંગ્રહ" એવું રાખવામાં આવ્યું છે.

કાયદાની ખુબી કાયદાના જાણનાર પીછાને છે અને તેમાં ખોડખાંપણ હોય તે, તેઓજ સુધારી શકેછે તેથી કાયદાના ગ્રંથો હમેશાં કાયદા જાણનાર વિદ્વાન સદ્‌ગૃહસ્થને અર્પણ કરવા એજ ઉત્તમ કામ છે એમ સમજી મેં આ ગ્રંથ અર્પણ કરવાને એડાજીલાના ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કલેકટર સાહેબ. ખાનબાહાદુર બમનજી એદલજી મોદી० એમ० એ० ને મેં વિનતિ કરી તે સ્વિકારવાથી તેઉ સાહેબ માનપૂર્વક નમૃતા સાથે અર્પણ કર્યોછે.

કપડવંજ.	લા० ગ્રંથકર્તા
	મગનલાલ જયચંદ વકીલ.
તા० ૨૯ નવેમ્બર ૧૮૮૩.	કર્તા.

આ સંગ્રહમાં દાખલ કરેલા આકટોની સંખ્યા.

૧ પેનલકોડ સને ૧૮૬૦ નો ૪૫ મો ટીકા સાથે.
૨ પેનલકોડના સુધારાનો સને ૧૮૭૦ નો ૨૭માં
૩ પેનલકોડના સુધારાનો સન ૧૮૮૨ નો ૮માં.
૪ ફટકાનો સન ૧૮૬૪ નો ૬ ઠો ટીકાસાથે.
૫ જુગારનો સન ૧૮૬૬ નો ૩જો ટીકાસાથે.
૬ ડીસ્ત્રીકટ પોલીસનો સન ૧૮૬૭ નો ૭મો ટીકાસાથે.
૭ ગામની પોલીસનો સને ૧૮૬૭ નો ૮મો ટીકાસાથે.
૮ સન ૧૮૭૧ નો ૧લો ઢોરના અતીક્રમણનો ટીકાસાથે.
૯ મીઠાનો સન ૧૮૮૨ નો ૧૪મો.
૧૦ યુરોપીયાન વેગનથી આકટ સન ૧૮૭૪ નો ૧૧મો.
૧૧ અફીણનો સન ૧૮૭૮નો ૧લો.
૧૨ આપકારી સન ૧૮૭૮ નો ૫મો.
૧૩ હથીયાર બાબત સન ૧૮૭૮ નો ૧૧મો.
૧૪ પર રાજ્યના ગુના બાબત સન ૧૮૭૪ નો ૨૧મો ટીકાસાથે.
૧૫ જેલ કેદીનો સન ૧૮૭૪નો ૨જો.
૧૬ ક્રીમીનલ પ્રોશીજરકોડ નવો સન ૧૮૮૨ નો ૧૦મો.
૧૭ પુરાવાનો આકટ સને ૧૮૭૨ નો ૧ લો ટીકા સાથે.

પેનલકોડ.

ACT NO. XLV OF 1860 AND

NO. XXVII 1870–GUJARATI.

हिंदुस्ताननो फोजदारी कायदो.

सने १८६० नो आक्ट नंबर ४५ मो.

સન ૧૮૭૦ નો આક્ટ ૨૭ મો તા. સને ૧૮૮૨

ના ૮ માંથી સુધારવામાં આવેલો તે સુધાંત

ટીકા સાથે

મગનલાલ જયચંદ પારેખ

સબોરડીનેટ ગવરમેંટ પ્લીડર.

કપડવંજ કોર્ટ.

તૈયાર કર્યા તે

બુકસેલર કસ્તુર વીરચંદે.

છપાવી પ્રસિદ્ધ કર્યો.

અમદાવાદમાં

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રિન્ટીંગ અને જનરલ એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સંવત. ૧૯૪૦.   સને ૧૮૮૪.

☞ આ કાયદો પંચભાઇની પોળ આગળ કીકભટની પોળમાં ઘર આગળથી તથા ચૌટામાં વલંદાની હવેલીની સામે દુકાનમાંથી મળશે.

અનુક્રમણિકા.

કલમોની ગોઠવણ.

બાબ ૧ લો.

બાબ ૨ જો.

સાધારણ સમજણ.

બાબ ૩ જો.

શિક્ષા બાબત.

બાબ ૪ થો.

સાધારણ અપવાદ.

બાબ ૫ મો.

મદદગારી બાબત.

બાબ ૬ ઠો.

રાજ્ય વિરૂદ્ધ ગુન્હાઓ બાબત.

બાબ ૭મો.

જમીનપરની તથા દરીઆઇ ફોજ સબંધી ગુન્હા બાબત.

બાબ ૮ મો.

લોકની સમાધાની વિરૂદ્ધ ગુનાહો બાબત.

બાબ. ૯ મો.

સરકારી નોકરોના અથવા તેઓ સબંધી ગુન્હા બાબત.

બાબ ૧૦ મો.

સરકારી નોકરોના કાયદેસર અખ્તિયારના તીરસ્કાર બાબત.

બાબ ૧૧ મો.

ખોટા પુરાવા તથા સરકારી ઇનસાફ વિરૂદ્ધ ગુન્હા બાબત.

બાબ ૧૨ મો.

શિક્કા તથા સરકારી સ્ટાંપ સબંધી ગુન્હાઓ બાબત.

બાબ ૧૩ મો.

કાટલાં તથા માપ સબંધી ગુન્હા બાબત.

બાબ ૧૪ મો

લોકની તંદુરસ્તી, સલામતી, અનુકુળતા, લજ્જા, તથા નિતી સબંધી ગુન્હા બાબત.

બાબ ૧૫ મો.

ધર્મસંબંધી ગુન્હા બાબત.

બાબ ૧૬ મો.

માણસનાં શરીર સબંધી ગુન્હા બાબત

જીંદગી સબંધી ગુન્હા બાબત.

બથા.

ગેરબાજબી અટકાવ તથા ગેરબાજબી કેદ બાબત.

સાપરાધબળ તથા હુમલા બાબત.

બાબ ૧૭ મો.

મિલકત વિરૂદ્ધ ગુન્હાબાબત.

ચોરીબાબત.

સાપ્રાધ પ્રવેશ બાબત.

બાબ ૧૮ મો

લખતસંબંધી તથા વેપારની અથવા મિલકતની નિશાણીઓ સંબંધી ગુન્હાબાબત.

વેપારની તથા મિલકતની નિશાણી યો બાબત.

બાબ ૧૯ મો.

નોકરી કરવાના કરાર તોડવાના ગુંન્હા બાબત.

બાબ ૨૦ મો

લગ્ન સબંધી ગુન્હા બાબત

બાબ ૨૧ મો

આબરૂ લેવા બાબત.

બાબ ૨૨ મો

સાપ્રાધ ધમકી, તિરસ્કાર, તથા દુઃખ બાબત.

બાબ ૨૩ મો

ગુન્હા કરવાની કોશિશ બાબત.

हिंदुस्ताननो फोजदारी कायदो.

ACT No. XLV. of 1860.—Gujarati.

સન ૧૮૬૦ નો આકટ નંબર ૪૫ મો.

હિંદુસ્તાનની કાયદા કરનારી સભા.

તારીખ ૬ ઠી અકટોબર સન ૧૮૬૦.

નીચે લખેલો આકટ હિંદુસ્તાનની કાયદા કરનારી સભાએ પસાર કરયો, તે રાઈટ હાનરેબલ ધિ ગવરનર જનરલે સન ૧૮૬૦ના અકટોબર મહીનાની ૬ ઠી તારીખે મંજુર કરયો, અને સરવ લોકોને જાણ થવા સારૂ તે અત્રે પ્રસિદ્ધ કરયો છે.

બાબ ૧ લો.

કારણ.

બ્રિટિશ ઈંડિયાને માટે એક સામાન્ય ફોજદારી કાયદો કરવો યોગ્ય છે, માટે નીચે મુજબ ઠરાવ્યું છે:—

કાયદાનું નામ તથા એ ક્યાં ક્યાં અમલમાં આવશે.

૧. આ આકટનું નામ "હિંદુસ્તાનનો ફોજદારી કાયદો," અને પ્રિન્સ આફ વેલ્સ આયર્લંડ, સિંગાપોર, તથા મલાકા શીવાયનો "હિંદુસ્તાનનો રાજ્યકારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો આકટ" એ નામના વિકટોરિયાનાં રાજ્યનાં ૨૧ મા તથા ૨૨ મા વર્ષમાં કરેલા કાયદાના બાબ ૧૦૬ ઠા ઉપરથી રાણી સાહેબના હાથ જે મુલુક આવ્યો છે અથવા આવે તે સઘળા મુલુકમાં સને ૧૮૬૧ ના મે મહીનાની તારીખ ૧ લી ને દીને તથા ત્યારથી એ અમલમાં આવશે.

ટીકા—સને ૧૮૬૭ ના આકટ ૫ ઉપરથી આ આકટ પ્રીન્સ ઓફ વેલ્સ અને આઈલેન્ડ વિગરે સ્વસ્થાનને લાગુ કર્યોછે.

સદરહુ મુલકમાં થયેલા ગુનાહની શિક્ષા.

૨. સન ૧૮૬૧ ના મે મહીનાની તારીખ ૧ લીને દીને અથવા ત્યાર પછી સદરહુ મુલુક મધ્યે આ કાયદાના ઠરાવો વિરૂદ્ધનાં જે કામ અથવા કસુરનો જે સખ્સ ગુનેગાર થશે, તે સખ્સને તે કામ અથવા કસુર બાબત આ કાયદા મુજબ શિક્ષા કરવામાં આવશે; બીજી રીતે કરવામાં આવશે નહી.

ટીકા—આ કાયદો અમલમાં લાવવાની જે તારીખ આમાં લખીછે તે તારીખ સને ૧૮૬૧ના આકટ ૬ ઉપરથી ફેરવી સને ૧૮૬૨ના જાનેવારી માસની તા. ૧ થી અમલમાં લાવવાને ઠરાવ કર્યોછે.

સરકાર વિરૂદ્ધ કાસ્તીઆરામના ફેસલામાં તા. ૨૦ સપટેંબર સને ૧૮૭૧ને રોજ (મુ. હા. વા. ૮ પાને ૬૩) એવો ઠરાવ કરવામાં આવ્યોછે કે બ્રીટીશ હદના કાંઠાથી ત્રણ માઇલની અંદર ભરે સમુદ્રમાં ગુન્હો કર્યો હોય તો તે ગુન્હો બી. કો. કા. ૨ પ્રમાણે કર્યો છે. અને વીકટોરિયાના રાજ્યના ૧૨ મા તથા ૧૩ મા વર્ષમાં થયેલા કાયદાની કા. ૨ તથા ૩ ની રૂકમ ૯૬ ની રૂહથી આવા ગુન્હાની તપાશ કરવાનો આ દેશની સાધારણ ફોજદારી કોરટને અધિકારછે. અને સદરહુ કાયદો વીકટોરિયાના રાજ્યના ૨૩ તથા ૨૪ મા કાયદાની કા. ૮૮ મુજબ હીંદુસ્તાનને લાગુ કર્યોછે. અને તેથી બ્રિટિશ રાજ્યના કાંઠાથી ત્રણ માઇલ સુધીમાં કરેલા ગુન્હા વિશે કાયદો કરવાનો હીંદુસ્તાનના ગવરનર જનરલ ઇનકૌંસિલને અધિકારછે.

સરકાર વિરૂદ્ધ પીરતાઇના કામમાં તા. ૧૯ જુલાઈ ૧૮૭૩ ને રોજ (મુ. હા. વા. ૧૦ પાને ૩૫૬) એવો ઠરાવ કરવામાં આવ્યોછે કે પીરતાઈ પર ખુનના તોહોમત બદલ મોતની શિક્ષાને માટે કરેલો હુકમ અમે રદ કરીએ છીએ, કેમકે તે પરરાજ્યમાં રહેનાર પ્રજાછે અને ખુન કરવામાં મદદ કરવાનો જે ગુન્હો તેણે કર્યોછે તે સર્વ પરમુલકમાં થયો છે અને પી. કો. કા. ૨ જો ફકત બ્રીટીશ ઈંડિયામાં થયેલા ગુન્હાને લાગુછે.

જે ગુનાહ સદરહુ મુલકનાબાહાર થયા હોય; પણ જેહેની તજવીજ કાયદાપ્રમાણે મુલકની માંહે થઈશકે તે ગુનાહોની શિક્ષા.

૩. સદરહુ મુલુકની હદની બાહાર કરેલા કોઈ ગુનાહને માટે જે સખસની તજવીજ હિંદુસ્તાનના ગવરનર જનરલ ઇનકાંઉન્સિલે કરેલા કોઈ કાયદાથી, થઈ શકતી હોય તે સખસની ઉપર સદરહુ મુલુકની બાહાર કરેલાં કામને માટે, તે કામ જાણે સદરહુ મુલુકની માંહેજ કરેલું હોય એ પ્રમાણે, આ કાયદાના ઠરાવો મુજબ અમલ કરવામાં આવશે.

ટીકા—આ રાજ્યની રૈયતે પરમુલકમાં ગુન્હો કર્યાથી તેને તે રાજ્યમાં શિક્ષા થઈ હોય અને તેનો દાખલો તે બતાવે તો તેનાપર ફરી તેજ ગુન્હા બદલ કામ ચલાવવું નહિ (જુઓ ઇંટરપ્રીટીશન નં. ૧૦૭ તા. ૩૧ ડીશમબર ૧૮૩૮)

સરકાર વિરૂદ્ધ ઓલના કામમાં તા. ૭ જુલાઈ ૧૮૭૧ને રોજ (મુ.હા. વા. ૮ નં. ૯૨) એવો ઠરાવ કરવામાં આવ્યોછે કે આ કામના કેદીએ મુંબાઈ તાબાના રજપુતસ્થાનમાં આવેલા ટાંક રાજ્યના પ્રગણાના એક ગામમાં એક શખશને ગેરવાજબી કેદ કર્યાથી તેનાપર પીનલકોડ કા. ૩૪૨ મુજબ તોહોમત મુકેલું હતું. તેમાં તેની તરફથી એવી તકરાર થઈ કે "મારાપરના તોહોમતની તપાસ કરવાનો આ કોરટને અધિકાર નથી અને હોય તો ઈંગ્રેજી કાયદા પ્રમાણે થવી જોઇએ પણ પીનલકોડ પ્રમાણે નહિ."

પણ માજી સુપ્રીમ કોરટ કે જે હાલની હાઈકોરટછે તેના ચારટરની કા. ૪૪ થી મુંબાઇ સરકાર સાથે સુલેહ રાખનાર રાજ્યોમાં યા દેશી રાજાના મુલકમાં યા મુંબાઈ તાબાના કોઇપણ રાજ્યમાં રાણીની કોઈ રૈયત રાજ્યદ્રોહ, ખુન, બળાત્કારે કઢાવવું, મીસડીમીનર, પ્રવેશ, ખોટાં કામ અને જુલમ કરે તો તેની તપાસ આ કોરટ કરે એમછે, તેથી તેનાપરની તપાસ પીનલકોડ પ્રમાણે કરવાને સત્તાછે.

વળી ઉપરની કા. ૨ માં સરકાર વિરૂદ્ધ પીરતાઇના ફેસલાનો જે આધાર બતાવ્યો છે તેમાં એમપણ છે કે પી. કો. કા. ૩ પ્રમાણે વિશેષ કાયદાથી પીરતાઈ બ્રિટિશ મુલકની કોરટથી ચોકશી થવાને લાયક થયાનું દેખાઈ આવતું નથી તેથી પણ તેનાપરનું તોહોમત રદ કર્યું છે.

સદરહુ કલમ પારકા રાજ્યમાં દેશી રૈયતે કરેલા ગુન્હાને લાગુ નથી એટલે આ કાયદાની નિચે લખેલી કલમો પ્રમાણેનો કોઈ ગુન્હો કોઈ પરરાજ્યમાં કોઇયે કર્યો હોય તો તેની તપાસ તે પરરાજ્યમાં થવી જોઇએ એમ પોલીટીકાલ એજંટને જણાય તો તેમ કરવાને પોલીટીકાલ એજંટ વારંટ કાઢી શકે એમ સને ૧૮૭૯ના આકટ ૨૧ ના કા. ૧૧ માં કહી તેમાં લખેલી કલમો પરીશીષ્ટમાં બતાવીછે તેની વીગત.

કલમ ૨૦૬. ૨૦૮. ૨૨૪. ૨૩૦. ૨૩૧. ૨૩૨. ૨૩૩. ૨૩૪. ૨૩૫. ૨૩૬. ૨૩૭. ૨૩૮. ૨૩૯. ૨૪૦. ૨૪૧. ૨૪૨. ૨૪૩. ૨૪૪. ૨૪૫. ૨૪૬. ૨૪૭. ૨૪૮. ૨૪૯. ૨૫૦. ૨૫૧. ૨૫૨. ૨૫૩. ૨૫૪. ૨૫૫. ૨૫૬. ૨૫૭. ૨૫૮. ૨૫૯. ૨૬૦. ૨૬૧. ૨૬૨. ૨૬૩. ૨૯૯. ૩૦૦. ૩૦૧. ૩૦૨. ૩૦૩. ૩૦૪. ૩૦૭. ૩૧૦. ૩૧૧. ૩૧૨. ૩૧૩. ૩૧૪. ૩૧૫. ૩૧૬. ૩૧૭. ૩૨૩. ૩૨૪. ૩૨૫. ૩૨૬. ૩૨૭. ૩૨૮. ૩૨૯. ૩૩૦. ૩૩૧. ૩૩૨. ૩૩૩. ૩૪૭. ૩૪૮. ૩૬૦. ૩૬૧. ૩૬૨. ૩૬૩. ૩૬૪. ૩૬૫. ૩૬૬. ૩૬૭. ૩૬૮. ૩૬૯. ૩૭૦. ૩૭૧.

૩૭૨. ૩૭૩. ૩૭૫. ૩૭૬. ૩૭૭. ૩૭૮. ૩૭૯. ૩૮૦. ૩૮૧. ૩૮૨. ૩૮૩. ૩૮૪. ૩૮૫. ૩૮૬. ૩૮૭. ૩૮૮. ૩૮૯. ૩૯૦. ૩૯૧. ૩૯૨. ૩૯૩. ૩૯૪. ૩૯૫. ૩૯૬. ૩૯૭. ૩૯૮. ૩૯૯. ૪૦૦. ૪૦૧. ૪૦૨. ૪૦૩. ૪૦૪. ૪૦૫. ૪૦૬. ૪૦૭. ૪૦૮. ૪૦૯. ૪૧૦. ૪૧૧. ૪૧૨. ૪૧૩. ૪૧૪. ૪૩૫. ૪૩૬. ૪૩૭. ૪૩૮. ૪૩૯. ૪૪૦. ૪૪૩. ૪૪૪. ૪૪૫. ૪૪૬. ૪૬૪. ૪૬૫. ૪૬૬. ૪૬૭. ૪૬૮. ૪૭૧. ૪૭૨. ૪૭૩. ૪૭૪. ૪૭૫. ૪૭૬. ૪૭૭.

દોસ્તી રાખનારા પર રાજ્યમાં રાણીના કોઇ નોકરે કરેલા ગુનાહોની શિક્ષા.

૪. આજ સુધી કાંઇ તહનામું અથવા બંદોબસ્ત ઇસ્ટ ઇંડિયા કંપનીની સાથે થયો હોય, અથવા રાણીને નામે હિંદુસ્તાનની કોઇ પણ સરકારે કરયો હોય, અથવા હવે પછી કરે, તે તહનામા અથવા બંદોબસ્ત ઉપરથી રાણીની સાથે દોસ્તી રાખનારા કોઇ રાજા અથવા રાજ્યના મુલુકની માંહે, સને ૧૮૬૧ ના મે મહીનાની તારીખ ૧ લીને દીને અથવા ત્યાર પછી રાણીની નોકરીમાં છતાં રાણીનો જે નોકર આ કાયદાના ઠરાવો વિરૂધનાં જે કામ અથવા કસુરનો ગુનેગાર થશે, તે નોકરને તે કામ અથવા કસુરને માટે આ કાયદા મુજબ શિક્ષા કરવામાં આવશે.

ટીકા—કોઈ માણસ પરમુલકનો છતાં હીંદુસ્થાનમાં ૬ મહીના સુધી લાગટ રહ્યો હોય અને તે પોતે ખુશીથી રહ્યો હોય એટલે કોઇના પ્રતિબંધથી રહ્યો ના હોય તો તેની બાબતમાં આ કલમના ઠરાવ લાગુ પડેછે.

"રાણીના નોકર" ની વાખ્યા આજ કાયદાની કા. ૧૪માં બતાવીછે તે જુઓ.

પરરાજ્યમાં કરેલા ગુન્હેગારની બાબતમાં પકડી મંગાવવા તથા પકડી આપવાને માટે સને ૧૮૭૯નો આકટ ૨૧મો છે તે જુઓ.

કેટલાએક કાયદાઓ પર આ આકટથી કાંઇ અસર થતીનથી.

૫. ચોથા વિલિયમના રાજ્યના ૩જા તથા ચોથા વર્ષમાં કરેલા કાયદાના ૮૫ મા બાબના, અથવા ત્યાર પછી કોઇપણ પ્રકારે ઇસ્ટ ઈંડિયા કંપની અથવા સદરહુ મુલુક, અથવા તે માંહેલા રેહેવાસિયો સંબંધી કરેલા પાર્લેમેન્ટના કોઈ પણ આકટના, અથવા રાણી સાહેબની અથવા ઇસ્ટઈંડિયા કંપનીની નોકરી માંહેલા આફિસરો તથા સોલજરો બંડ કરે તથા નાહાશી જાય તેઓને સીક્ષા કરવા સારૂ કરેલા કોઇ પણ આકટના, અથવા હિંદુસ્તાનની દરીઆઇ ફોજેનો બંદોબસ્ત કરવાના કોઈ પણ આકટના, અથવા કોઈ પણ વિશેષ અથવા સ્થાનિક કાયદાના, કોઇ પણ ઠરાવને આ આકટ માંહેની કોઈ બીનાથી રદ કરવાનો, અથવા તેમાં ફેરફાર કરવાનો, અથવા તેને મોકુફ કરવાનો, અથવા તે પર કોઇ રીતે અસર કરવાનો ઇરાદો નથી.

ટીકા—કોઈ ગુન્હો સામાન્ય કીવા વિશેષ કાયદા પ્રમાણે હોય અને તેજ ગુન્હો આ કાયદામાં કહેલી વાખ્યા યા કલમમાં સમાતો હોય તો ગુન્હેગારને આ કાયદા પ્રમાણે સજા કરવી. પણ જો કદાચ વિશેષ કાયદા પ્રમાણે સજા થઈ હોય તો તેટલાજ કારણથી એ સજા રૅદ ન થાય. (મેન્સ. કામે.)

બાબ ૨ જો.

સાધારણ સમજણ.

આ કાયદા

૬. આ કાયદામાં સઘળે ઠેકાણે ગુનાહનાં પ્રત્યેક લક્ષણને, તથા

માંહેના લક્ષણો ને અપવાદો લાગુ પડેછે, એમ સમજવું.

શિક્ષા સંબંધી પ્રત્યેક ઠરાવને, તથા એહેવાં પ્રત્યેક લક્ષણ અથવા શિક્ષા સંબંધી ઠરાવના પ્રત્યેક દ્રષ્ટાંતને "સાધારણ અપવાદો" એ નામના બાબ મધ્યે લખેલા અપવાદો લાગુ પડે છે એમ સમજવું, અગર તે તે અપવાદો તે લક્ષણમાં અથવા શિક્ષા સંબંધી ઠરાવમાં અથવા દ્રષ્ટાંતમાં ફરીથી લખ્યા નથી તોપણ.

દ્રષ્ટાંતો.

(અ) આ કાયદા મધ્યે જે જે કલમોમાં ગુનાહોનાં લક્ષણો લખ્યાં છે તેઓમાં એમ લખ્યું નથી કે, એ ગુનાહ સાત વર્ષથી ઓછી ઉમરનાં બાળકથી થઇ શકે નહી પણ જે સાધારણ અપવાદમાં એમ લખેલું છે કે સાત વર્ષથી ઓછી ઉમરનાં બાળકે કરેલું કાંઇ પણ કામ ગુનોહ ગણાશે નહી તે અપવાદ તે લક્ષણોને લાગુ પડેછે એમ સમજવું.

(બ) ઝએ ખુન કરયું છે, તેહેને અ પોલીસ અમલદારે વગર વારંટે પકડ્યો તો એ ઠેકાણે અ ગેરવ્યાજબી કેદના ગુનાહનો તકસીરવાર નથી, કેમકે કાયદા પ્રમાણે ઝ ને પકડવાની તેની ફરજછે; માટે જે અપવાદમાં એમ લખેલું છે કે "જે કામ કરવાની કાયદા પ્રમાણે જે સખ્સની ફરજછે તે કામ તે સખ્સે કરેયુ, તો તે ગુનોહ નથી" તે સાધારણ અપવાદમાં આ બીના દાખલ થાય છે.

આ કાયદામાં જે શબ્દનો અર્થ એક વાર સમજાવ્યો તે શબ્દ સઘળે ઠેકાણે તેજ અર્થમાં વાપરયો છે.

૭. આ કાયદાના કોઇ પણ ભાગમાં જે શબ્દનો અરથ સમજાવ્યો છે તે શબ્દ આ કાયદાના પ્રત્યેક ભાગમાં તેજ અરથ પ્રમાણે વાપરયો છે.

લિંગ.

૮. પુરૂષ સરવનામ "તે" તથા 'તે' ને વિભક્તિ લાગીને સિદ્ધ થએલા શબ્દો પુરૂષ તથા સ્ત્રી એ બંનેને લાગુ પડે છે.

વચન.

૯. એક વચનમાં લખેલા શબ્દોને અનેક વચનમાં પણ સમજવા; અને અનેક વચનમાં લખેલા શબ્દોને એક વચનમાં પણ સમજવા; પણ જે ઠેકાણે તે શબ્દો લખ્યા હોય તે ઠેકાણે તેમ ન સમજવા એવું જણાય, તો ત્યાં તેમ ન સમજવા.

"પુરૂષ" "સ્ત્રી"

૧૦. "પુરૂષ" એ શબ્દ વડે કોઈ પણ વયનો માનવી પુરૂષ સમજવો અને "સ્ત્રી" એ શબ્દ વડે કોઈપણ વયની માનવી "સ્ત્રી" સમજવી.

"સખ્સ"

૧૧. "સખ્સ" એ શબ્દમાં કોઈ પણ કંપની અથવા સભા અથવા માણસોની મંડળીનો સમાવેશ થાય છે; પછી તે કંપની, સભા, અથવા મંડળીને કારપોરેસનના હક મળ્યા હોય કે નહી તો પણ.

"લોક"

૧૨. "લોક" એ શબ્દમાં લોકના કોઈ પણ વર્ગનો અથવા કોઈ પણ જમાતનો સમાવેશ થાય છે.

"રાણી"

૧૩. "રાણી" એ શબ્દ વડે ગ્રેટબ્રિટન તથા આયરલંડનાં એકઠાં મળેલાં રાજ્યનો જે વખતે જે શતાધીશ હોય તે સમજવો.

રાણીનો નોકર. | ૧૪. "રાણીનો નોકર" એ શબ્દો વડે "હિંદુસ્તાનનો રાજ્યકારભાર વધારે સારીરીતે ચલાવવા બાબતનો આકટ"એ નામનો વિકટોરીયાના રાજ્યનાં ૨૧ મા તથા ૨૨ મા વરસમાં કરેલા સદરહુ કાયદાના બાબ ૧૦૬ ઠા એ અ-થવા તેના આધાર ઉપરથી, અથવા હિંદુસ્તાનની સરકારે કે કોઈ પણ સરકારે અથવા તેની સતાથી હિંદુસ્તાન મધ્યે કાયમ રાખેલા, ઠરાવેલા અથવા મુકરર કરેલા સઘળા અ-મલદારો અથવા નોકરો સમજવા.

"બ્રિટીસ ઈંડિયા" | ૧૫. "બ્રિટિશઈંડિયા" એ શબ્દો વડે પ્રિન્સ આવ વેલ્સ આયર-લંડ, સિંગાપોર, તથા મલાકા શીવાયનો "હિંદુસ્તાનનો રાજ્યકારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો આકટ એ નામના વિકટોરિયાના રાજ્યનાં ૨૧ મા તથા ૨૨ મા વરસમાં કરેલા સદરહુ કાયદાના બાબ ૧૦૬ ઠા ઉપરથી રાણીસાહેબને હાથ જે મુલક આવ્યો છે અથવા આવે તે મુલક સમજવો.

"હિંદુસ્તાનની સરકાર" | ૧૬. "હિંદુસ્તાનની સરકાર" એ શબ્દો વડે હિંદુસ્તાનના ગવરનર જનરલ ઈનકાઉનસીલ, અથવા હિંદુસ્તાનના ગવરનર જનરલ પોતાની કાઉનસીલથી ગેરહાજર હોય તે દરમીયાનમાં પ્રેસીડેંટ ઈનકાઉનસીલ અથવા એકલા હિંદુસ્તાનના ગવરનર જનરલ સમજવા; તે તેઓ અથવા તે જે જે અ-ખ્તિયાર પ્રમાણે કાયદા મુજબ અમલ કરી શકે તે તે અખ્તિયારને સંબંધે સમજવા.

"સરકાર" | ૧૭. "સરકાર" એ શબ્દ વડે જે શખ્સ અથવા સખ્સોને બ્રિ-ટિશ ઈંડિયાના કોઈ પણ ભાગમાં હકુમત કરવાનો કાયદા પ્રમાણે અ-ખ્તિયાર છે તે સખ્સ અથવા સખ્સો સમજવા.

"પ્રેસિડેનસિ" | ૧૮. "પ્રેસિડેનસિ" એ શબ્દ વડે એક પ્રેસીડેનસિની સરકારનો તાબેનો મુલક સમજવો.

"જડજ" | ૧૯. "જડજ" એ શબ્દ વડે જે સખ્સને તેના ઓહદાને લીધે જડજનું નામ આપ્યું હોય તે સખ્સજ નહી, પણ જે જે સખ્સને કાયદાથી કોઈ પણ દીવાની અથવા ફોજદારી મુકદમામાં આખરી ફેસલો, અથવા જે પર અપીલ ન થાય તો આખરી ગણાય એવો ફેસલો, અથવા બીજા કોઈ અધીકારીએ બા-હાલ રાખેથી આખરી થાય એવો ફેસલો આપવાનો અખ્તયાર હોય, અથવા એવો ફેસલો આપવાને કાયદાથી અખ્તિયાર પામેલા અનેક સખ્સોમાંનો જે એક હોય તે દરએક સખ્સ પણ સમજવો.

દૃષ્ટાંતો.

(અ) સન ૧૮૫૯ ના ૧૦ મા આકટ મુજબ કલેકટર કોઈ મુકદમામાં અધીકાર ચલાવતો હોય, તે જડજ છે.

(બ) જે તોહોમત બાબત દંડનો અથવા કેદનો હુકમ કરવાનો જે માજીસ્ત્રેટને અખ્તિયાર હોય તે માજીસ્ત્રેટ તે તોહોમત બાબત પોતાનો અધિકાર ચલાવતો હોય તે વખતે જડજ છે, પછી તેના ફેસલાપર અપીલ હોય કે નહી તોપણ.

(ક) મદ્રાસના કાયદાનાં પુસ્તક માંહેલા સન ૧૮૧૬ ના ૭ મા કાયદા મુજબ મુકદમા-

ઓની તજવીજ કરીને ફેસલા કરવાને જે પંચાયતને અખતિયાર છે તે પંચાયતમાંનો કોઈ પણ માણસ જડજ છે.

(૬) જે તોહોમત બાબત તજવીજને સારૂ બીજી કોરટમાં કાંઈ મુકદમો મોકલવાનોજ અખતિયાર જે માજીસ્ત્રેટને હોય તે માજીસ્ત્રેટ તે તોહમત બાબત પોતાનો અધિકાર ચલાવતો હોય તે વખતે જડજ નથી.

"ઇનસાફની કોરટ". ૨૦. "ઇનસાફની કોરટ" એ શબ્દો વડે જે જડજને કાયદાથી એકલો રહીને ઇનસાફનું કામ કરવાનો અખ્તિયાર મળ્યો હોય, અથવા જે જડજોને કાયદાથી એકઠા રહીને ઇનસાફનું કામ કરવાનો અખ્તિયાર મળ્યો હોય, તે જડજ અથવા જડજો સમજવા; પણ જ્યારે તે જડજ અથવા જડજો ઇનસાફનું કામ કરતા હોય ત્યારે.

દૃષ્ટાંત.

મદ્રાસના કાયદાનાં પુસ્તક માંહેલા સન ૧૮૧૬ ના ૭ મા કાયદા મુજબ કામ કરનારા પંચાયત, જેને મુકદમાઓની તજવીજ કરીને ફેસલા કરવાનો અખ્તિયાર છે તે, એક ઇનસાફની કોરટ છે.

"સરકારી નોકર". ૨૧. "સરકારી નોકર" એ શબ્દો વડે નીચે લખેલાં બયાનો માંહેલાં કોઈ પણ બયાનમાં દાખલ થાય એવા સખસ સમજવો તેની વીગતઃ

પેહેલું.—રાણીનો હરએક કવેનાટેડ સરવંટ.

બીજું.—રાણીની જમીનપરની અથવા દરીયાઈ ફોજમાંનો હરએક કમીશંડ, આફીસર, તે હિંદુસ્તાનની સરકાર અથવા કોઈ પણ સરકારના હુકમ તળે નોકરી કરતો હોય ત્યાં સુધી.

ત્રીજું.—હરએક જડજ.

ચોથું—કોઇ પણ ઇનસાફની કોરટનો હરએક અમલદાર જેનું કામ પોતાના હોદાને લીધે, કાયદાના અથવા હકીકતની કોઈ બાબતની તજવીજ કરવાનું અથવા તે વિશે રીપોર્ટ કરવાનું અથવા કોઈ લેખ કરવાનું, તેના ખરાપણા વિશે સહી કરવાનું, કે તે લેખ પોતાના હવાલામાં રાખવાનું, અથવા કાંઇ મીલકત પોતાના હવાલામાં લેવાનું, કે તેની બવસ્થા કરવાનું, અથવા ઇનસાફી બાબતના કાંઈ હુકમો બજાવવાનું, અથવા કાંઈ સોગંદ આપવાનું, કે સમજાવવાનું, કે કોરટમાં બંદોબસ્ત રાખવાનું હોય તે; તથા તે કામો માંહેનાં કોઇ પણ કામો કરવાને કોઈ ઇનસાફની કોરટે ખસુસન અખ્તિયાર આપેલો હરેક સખસ.

પાંચમું—હરએક જુરીનો માણસ, આસેસર, અથવા કોઈ ઇનસાફની કોરટને કે સરકારી નોકરને મદદ કરનારી પંચાયતમાંનો માણસ.

છઠું—હરએક લવાદ અથવા બીજો સખસ જેને કોઈ ઇનસાફની કોરટે કે કોઈ બીજા મુખ્તિયાર સરકારી અધિકારીએ કાંઈ મુકદમો અથવા બાબત ફેસલો અથવા રીપોર્ટ કરવા સારૂ સોંપી હોય તે.

સાતમું—હરેક સખસ જેને પોતાના હોદાના જોરથી કોઈ સખસને કેદ કરવાનો અથવા કેદમાં રાખવાનો અખ્તિયાર હોય તે.

આઠમું—સરકારનો હરએક અમલદાર જેનું કામ, પોતાના હોદાને લીધે ગુનાહ

અટકાવવાનું, ગુનાહોની ખબર આપવાનું, ગુનેહગારોને તેઓનો ઈનસાફ થવા સારૂ કોરટમાં હાજર કરવાનું, અથવા લોકની તનદુરસ્તી, સલામત, કે અનુકુળતા સંભાળવાનું હોય તે.

નવમું—હરએક અમલદાર જેનું કામ, પોતાના હોદ્દાને લીધે સરકારની વતી કાંઈ મીલકત લેવાનું, કબુલ કરવાનું, રાખવાનું, કે ખરચ કરવાનું, અથવા સરકારની વતી કાંઈ તપાસ અથવા માગણી, જમાબંદી, કે કરાર કરવાનું, અથવા મેહેસુલ બાબતના કાંઈ હુકમ બજાવવાનું, અથવા સરકારના પઈસા સંબંધી લાભની કાંઈ બાબતની તજવીજ કરવાનું, કે તે વિશે રીપોર્ટ કરવાનું, અથવા સરકારના પઈસા સંબંધી લાભ બાબતનો કાંઈ લેખ કરવાનું, તેના ખરાપણા વિશે સહી કરવાનું, કે તે લેખ પોતાના હવાલામાં રાખવાનું, અથવા સરકારના પઈસા સંબંધી લાભની સંભાળને માટે કરેલા કોઈ કાયદા તોડાતા અટકાવવાનું હોય તે; તથા હરેક અમલદાર જે સરકારની ચાકરી કે પગારમાં હોય અથવા જેને કાંઈ સરકારી કામ કરવા સારૂ 'ફી' કે કમીશન, મળતું હોય તે.

દશમું—હરએક અમલદાર, જેનું કામ, પોતાના હોદ્દાને લીધે કાંઈ ગામ, શેહેર, કે જીલ્લાનાં કાંઈ સામાન્ય લૈકિક કારણ માટે કાંઈ મિલકત લેવાનું, કબુલ કરવાનું, રાખવાનું કે ખરચ કરવાનું, અથવા કાંઈ તપાસ કે માપણી કે રકમબંદી કરવાનું, અથવા કાંઈ વેરો કે કર વસુલ કરવાનું અથવા કોઈ ગામ, શેહેર, કે જીલ્લાના લોકોના હક્ક મુકરર કરવા સારૂ કાંઈ લેખ કરવાનું, તેનાં ખરાપણા વિશે સહી કરવાનું, અથવા તે લેખ પોતાના હવાલામાં રાખવાનું હોય તે.

દ્રષ્ટાંત.

મ્યુનિસિપાલ કમિશનર સરકારી નોકર છે.

ખુલાસો ૧ લો—ઉપર લખેલાં બ્યાનો માંહેના કોઈ પણ બયાનમાં દાખલ થાય તે સખસો સરકારી નોકર છે એમ સમજવું, પછી તેઓને સરકારે મુકરર કર્યા હોય કે નહી, તોપણ

ખુલાસો ૨ જો.—જે જે ઠેકાણે "સરકારી નોકર" એ શબ્દો આવે, તે તે ઠેકાણે તે શબ્દો જે માણસ સરકારી નોકર માફક હોદ્દો ચલાવતો હોય તેને વિશે સમજવા; પછી તે માણસના તે હોદ્દો ચલાવવાબાબતના અખ્તિયારમાં કાયદાસંબંધી ગમેતે ખામી હોય, તોપણ.

ટીકા—સરકાર વિરૂદ્ધ નૌતમરામ ઉત્તમરામના કામમાં તા. ૨૯ સપટેંબર ૧૮૬૯ ને રોજ (મુ. હા. વા. ૬ પા. ૬૪) થયેલા ઠરાવ પ્રમાણે મુનસીપાલેટીના ઇનજીનીયરને પૈસાનો ખરચ કરવાની મંજુરી આપવાનો અધિકાર ન હોય તો પણ મુનસીપાલ કમીટીમાંથી પૈસા આપતો. અને લેતો તેથી તે આ કલમની ૨ા. ૧૦ પ્રમાણે સરકારી નોકરછે અને તેથી તેને કામ પ્રસંગે લલચાવનાર લાંચના ગુનાનો ગુનેગાર થાયછે.

સરકાર વિરૂદ્ધ કલ્યાણરાય વરજરાયના કામમાં મુંબાઈ હાઇકોરટે તા. ૨૮ જુલાઈ ૧૮૭૦ ને રોજ ઠરાવ્યુંછે કે સને ૧૮૬૯નો જનરાલ સ્ટાંપ આકટ અમલમાં આવ્યા પછી એક શખસને સને ૧૮૬૨ના આકટ ૧૦ પ્રમાણે પ્રસીદ્ધ કરેલા નિયમ પ્રમાણે સ્ટાંપ વેચવા કલેકટરે રાખ્યો તો તે બરોબર નથી કેમકે જે આકટની રૂલ પ્રમાણે તેને રાખ્યો તે આકટ તો નવા સ્ટાંપ આકટથી રદ થયો હતો તો એ શખસની બાબતમાં ફકત એમજ ગણાય કે તેણે કલેકટર સાથે સ્ટાંપ વેચવા કરાર કર્યો. પણ તેથી તે કા. ૨૧ની રકમ ૯ પ્રમાણે સરકારી નોકર ગણાતો નથી.

સરકાર વિરૂદ્ધ ઈબ્રાહીમ મુસા વિગરેના કામમાં તા. ૨૦ નવેંબર ૧૮૭૬ને રોજ મુંબાઈ હાઈકોરટે એમ ઠરાવ્યું કે ભરૂચના ઠાકોરોનો છુટકો કરનારો આકટ ૭૧નો ૧૫ તેની રૂએ નિમેલા વહીવટદારે જમાબંધી સંબંધી પ્રોસેશ બજાવવાનું તથા વસુલ લેવાનું કામ કરવા સારૂ રાખેલો કારકુન પી. કો. કા. ૨૧ની રકમ ૯ પ્રમાણે સરકારી નોકર છે.

સરકાર વિરૂદ્ધ બતો ક્રીસ્તોદોશના કામમાં તા. ૪ મારચ ૧૮૭૮ ને રોજ (કા. ઇ. લા. વા. ૩ પા. ૪૯૩) ઠરાવ્યું કે ગવરમેંટ સોલીસીટરે સરકારની મંજુરી લઈને ગવરનર જનરલ ઇનકૌંસીલે કરેલી વ્યવસ્થા પ્રમાણે કોઈપણ માણસને કલકત્તા પોલીસકોરટમાં પ્રોસીક્યુટરનું કામ કરવા નિમ્યો હોય તો તે માણસ પી. કો. કા. ૨૧ના અર્થ પ્રમાણે સરકારી નોકર છે.

સરકાર વિરૂદ્ધ મદનમોહનની અરજીના કામમાં તા. ૧૦ ડીસેંબર ૧૮૭૮ ને રોજ (કા. ઈ. લા. વા. ૪ પા. ૩૭૬) ફેસલો થયોછે તેમાં કોરટ આફ વાર્ડસના એક મેનેજરે કેટલાક રૂપીઆ સરકાર તરફથી એક બેંકમાં અનામત મુક્યા. તે બેંક સરકારના ખજાનાનું કામ કરતુંએછે. તે બેંકમાંના એક નોકરે તમે મને કાંઈ બક્ષીશ આપો તો હું આ તમારી રકમ અનામત મુકું એમ તે મેનેજરને કહ્યું તેથી તે મેનજરે તેનાપર પી. કો. કા. ૧૬૧ પ્રમાણે સરકારી નોકરે લાંચનો ગુનો કર્યો એમ કામ ચલાવ્યું. તે વીશે હાઈકોરટે ઠરાવ્યું કે જો કે સરકાર તરફથી રૂપીઆ અનામત મુકવાના હતા તોપણ આરોપિતે તે પૈસા જે બેંકમાં લીધા તે સરકાર તરફથી લીધા નહિ છતાં બેંકના નોકર તે રીતે તેણે લીધા અને આરોપિત એ સરકારી નોકર નહિ છતાં કેવળ બેંકનો નોકર હતો અને તેથી પી. કો. કા. ૨૧ ની રકમ ૯ના અર્થ પ્રમાણે તે સરકારી નોકર નથી.

"જંગમ મિલકત."

૨૨. "જંગમ મિલકત" એ શબ્દો વડે જમીન તથા જમીનને ચોંહોટેલી વસ્તુ અથવા જમીનને ચોંહોટેલી વસ્તુ જોડે જાથુ જડાયલી વસ્તુ સિવાયની કોઈ પણ પ્રકારની સાકાર મિલકત સમજવી.

"ગેરવ્યાજબી લાભ."

૨૩. "ગેરવ્યાજબી લાભ" એટલે કાયદાવિરૂદ્ધ ઉપાયોથી મેળવેલી મિલકત જે મિલકતપર તે મેળવનાર સખસનો કાયદા પ્રમાણે હક નથી.

"ગેરવ્યાજબી હાની."

"ગેરવ્યાજબી હાની" એટલે કાયદા વીરૂદ્ધ ઉપાયોથી મીલકતનું જવું, જે મીલકતપર તે જેહેની પાસે જાયછે તે સખસનો કાયદાપ્રમાણેહકછે.

"ગેરવ્યાજબી લાભ"માં મિલકતનું ગેરવ્યાજબી રાખવું પણ સમજવું. ગેર વ્યાજબી હાનીમાં કાંઈ મિલકતલેવામાં ગેરવ્યાજબી પ્રતિબંધ થાય તે પણ સમજવો.

કોઈ સખસને ગેરવ્યાજબી રીતે કાંઈ મળે ત્યારે, અને તેમજ તે ગેરવ્યાજબી રીતે પોતાની પાસે રાખે ત્યારે પણ, તેને ગેરવ્યાજબી લાભ થયો એમ સમજવું. કોઈ સખસની પાસેથી ગેરવ્યાજબી રીતે કાંઈ મિલકત લઈ લેવાય ત્યારે, અને તેમજ તેહેને કાંઈ મિલકત લેતાં ગેરવ્યાજબી રીતે પ્રતિબંધ થાય ત્યારે પણ, તેને ગેરવ્યાજબી હાની થઈ એમ સમજવું.

"બદદાનતથી."

૨૪. જે માણસ કાંઈ વસ્તુ એક સખસને ગેરવ્યાજબી લાભ કરવાના, અથવા બીજા સખસને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી કરે, તે માણસે તે વસ્તુ બદદાનતથી કરી એમ સમજવું.

"દગલબાજી" | ૨૫. જો કોઈ સખસ કાંઈ વસ્તુ દગો કરવાના ઈરાદાથી કરે, તો તે વસ્તુ તેણે "દગલબાજીથી" કરી એમ સમજવું, નહી તો નહી.

"માનવાનું કારણ." | ૨૬. જો કોઈ સખસને કાંઈ વસ્તુ માનવાનું પાકું કારણ હોય, તો તેહેને તે વસ્તુ "માનવાનું કારણ" છે એમ સમજવું, નહી તો નહી.

સ્ત્રી, મેહેતા, અથવા નોકરના કબજામાંની મિલકત. | ૨૭. જ્યારે કાંઈ મિલકત, કોઇ સખસની વતી, તે સખસની સ્ત્રી, મેહેતા, અથવા નોકરના કબજામાં હોય, ત્યારે આ કાયદાના અર્થ પ્રમાણે તે તેજ સખસના કબજામાં છે એમ સમજવું.

ખુલાસો—જે સખસને થોડીવાર અથવા કોઇ વિશેષ પ્રસંગે મેહેતા અથવા નોકરની માફક રાખ્યો હોય તેને આ કલમના અર્થ પ્રમાણે મેહેતો અથવા નોકર સમજવો.

"ખોટું બનાવવું" | ૨૮. જે સખસ એક વસ્તુ બીજી વસ્તુના સરખી કરે, એવા ઈરાદાથી કે તે સરખાપણાથી ફરેબ કરવો, અથવા એવું જાણીને કે તેથી ફરેબ થશે એવો સંભવ છે તે સખસે તે વસ્તુ ખોટી બનાવી એમ સમજવું.

ખુલાસો—કાંઇ વસ્તુ ખોટી બનાવવામાં નકલ બરાબર થવી જોઇએ એમ જરૂર નથી.

૨૯. "લેખ" એ શબ્દવડે કાંઈ પણ બાબત સમજવી, જે બાબત કોઈ પણ વસ્તુ ઉપર અક્ષર, અંક, કે ચિન્હ વડે, અથવા એ માંહેના એકથી વધારે સાધનો વડે સમજાવી અથવા બ્યાન કરેલી હોય, અને જે સાધનો તે બાબતના પુરાવા દાખલ વાપરવાનો ઇરાદો કર્યો હોય અથવા વપરાય.

ખુલાસો ૧ લો.—ગમે તે સાધનવડે અથવા ગમે તે વસ્તુ ઉપર તે અક્ષર, અંક અથવા ચિન્હ કાહાડ્યાં હોય, અને તે પુરાવો કોઈ ઇનસાફની કોરટ માટે ઇરાદો રાખી કર્યો હોય કે નહી, અથવા તે કોઇ ઇનસાફની કોરટમાં વપરાય કે નહી તેહેની કાંઇ ફિકર નથી.

દ્રષ્ટાંતો.

એક લખતમાં કાંઇ કરારની સરતો લખીછે, અને તે લખત તે કરારના પુરાવાની માફક વાપરી શકાય એહવુંછે, તો તે લેખછે.

કોઈ સરાફની ઉપરનો ચેક લેખછે.

વકાલતનામું અથવા મુખત્યારનામું લેખછે.

નકસો જે પુરાવામાં વાપરવાનો ઇરાદો કરેલો હોય, અથવા જે પુરાવામાં વપરાય તે લેખછે.

જે લખતમાં કાંઇ હુકમ લખ્યો હોય, અથવા કેમ કરવું એ બાબત કાંઇ સલાહ લખી હોય તે લેખછે.

ખુલાસો ૨ જો—અક્ષર અંક અથવા ચિન્હો વડે વેપારીઓના અથવા બીજા રિવાજ મુજબ, જે સમજાતુ હોય, તે આ કલમના અરથ પ્રમાણે તે અક્ષર, અંક અથવા ચિન્હોવડે સમજાયછે એમ સમજવું; પછી તે સઘળુ સવિસ્તર લખ્યું ન હોય તોપણ.

દ્રષ્ટાંતો.

અ હુકમ કરે તેને નાણાં આપવાં એવી તરેહની એક હુંડીની પાછળ **અ** પોતાનું નામ લખે, તો એ પાછળ લખવાનો અર્થ વેહેપારીઓના રિવાજ મુજબ હેવોછે કે એ

હુંડી જેહની પાસે હોય તેહને નાણાં આપવાં. હવે પાછળ જે લખ્યું છે તે લેખ છે, "આ જેહેની પાસે હોય તેહેને નાણાં આપજો," એ શબ્દો અથવા એજ મતલબના બીજા શબ્દો જાણે તે સહીની ઉપર લખ્યા હોય એ, પ્રમાણે તેહેનો અર્થ કરવો.

"કિમતી દસ્તાવેજ." ૩૦. "કિમતી દસ્તાવેજ" એ શબ્દો વડે જે લેખથી કાંઈ કાયદેસર હક ઉત્પન્ન થતો હોય, વધતો હોય, બીજાને અપાતો હોય, ઓછો થતો હોય, નાબુદ થતો હોય, અથવા છોડી દેવાતો હોય; અથવા જે લેખથી કોઈ સખસ કબુલ કરતો હોય કે માહારી કાયદેસર જુમેદારીછે, અથવા ફલાણો કાયદેસર હક માહારો નથી, એવો લેખ, અથવા એની મતલબનો લેખ, સમજવો.

દષ્ટાંત.

અ એ એક હુંડીની પાછળ પોતાનું નામ લખ્યું, હવે એ લખવાની અસર એવી છે કે તે હુંડીપરનો હક જે માણસની પાસે તે હુંડી કાયદા પ્રમાણે આવે તેને પોહોંચે, માટે પાછળ જે લખ્યું તે "કિમતી દસ્તાવેજ" છે.

ટીકા—નકી કીધેલા હિસાબની યાદ લખ્યા છતાં તેનાપર કોઈ સખસની સહી કઈ ન હોય તોપણ તે યાદ આ કલમ પ્રમાણે કીમતી દસ્તાવેજછે. સ્ટાં. પૃ. ૯

પટાની નકલ આ કલમ પ્રમાણે કીમતી દસ્તાવેજ નથી (મુ. હા. વા. ૮ પા. ૨૮ સરકાર વિરૂદ્ધ ખુશાલ હીરામન અને ઇંદ્રગીરનો ફેસલો જુઓ)

વગર સ્ટાંપનો દસ્તાવેજ પુરાવામાં લેવા લાયક નથી તોપણ તે આ કલમ પ્રમાણે કીમતી દસ્તાવેજ ગણાયછે. (મ. હા. વા. ૭ પા. ૨૯)

"વિલ" ૩૧. "વીલ" એ શબ્દ વડે કોઇપણ વશીયતનામાનો લેખસમજવો.

કામને કેહેનારા શબ્દોમાં કાયદા વિરૂદ્ધ કસુરો પણ સમજવી. ૩૨. આ કાયદાના હરેક બાબમાં કરેલા કામોનો બોધ કરનારા શબ્દો હોય તે શબ્દો કાયદા વિરૂદ્ધ કસુરોને પણ લાગે છે એમ સમજવું પણ જે ઠેકાણે તે શબ્દો લખ્યા હોય તે ઠેકાણે મતલબ જોતાં એથી ઉલટો અરથ દેખાતો હોય, તો ત્યાંહાં તેમ અરથ કરવો.

"કામ" "કસુર" ૩૩. "કામ" એ શબ્દ એક કામને અને તેમજ એક પછી એક એ પ્રમાણે કરેલા અનેક કામોને પણ લાગેછે; અને "કસુર" એ શબ્દ એક કસુરને, તેમજ એક પછી એક એ પ્રમાણે કરેલી અનેક કસુરોને પણ લાગે છે.

ઘણાસખસોનો ઇરાદો પાર પાડવા સારૂ તે સઘળા સખસોએ મળીને કરેલા કામની જવાબદારી ૩૪. "ઘણા સખસોનો ઇરાદો હોય તે પાર પાડવા સારૂ તે સઘળા સખસોએ મળીને જ્યારે કાંઇ ગુનાહનું કામ કરેચું હોય, ત્યારે તેઓમાંનો હરેક સખસ, તે કામ તેણે એકલાએજ કરેચું હોય એ રીતે તે કામને માટે જવાબદાર છે."

જ્યારે એહેવું કાંઇકામસાપ્રાધ જ્ઞાન અથવા ઇરાદાથી થયાને લીધે ગુનોહ ગણાતું હોય,ત્યારે. ૩૫. જો કાંઇ કામ ઘણા સખસોએ કરેચુ હોય, અને તે કામ કાંઇ સાપ્રાધ જ્ઞાન અથવા ઇરાદાથી થયાને લીધેજ ગુનોહ ગણાતુ હોય તો તેઓમાંનો હરેક સખસ, જે તે કામમાં તેવાં જ્ઞાન અથવા ઇરાદાથી સામીલ થયો હોય તે, તેણે એકલાએજ તેવાં જ્ઞાન અથવા ઇરાદાથી તે કામ કરેચુ હોય એ રીતે, તે કામને માટે જવાબદાર છે.

થોડીએક કાંઇ કામથીતથા થોડી એક કાંઇકસુરથી કરેલી અસર.

૩૬. જો, કાંઇ કામથી અથવા કાંઇ કસુરથી, કાંઇ અસરકરવી, અથવા અસર કરવાની કોશીશ કરવી, એ કાંઇ ગુનોહ હોય, તો તેજ અસર થોડી કાંઇ કામથી કરવી, અને થોડી કાંઇ કસુરથી કરવી, એ પણ તેજ ગુનોહ છે એમ સમજવું.

દ્રષ્ટાંત.

અ ઝ ને ખોરાક આપવાની કાયદા વિરૂધ કસુર કરીને તથા ઝ ને મારીને ઇરાદાથી ઝ નું મોત થાય એમ કરે તો, **અ** એ ખુન કરેચુ એમ સમજવું.

ઘણાંકામો મ ળીને કંઇ ગુનોહ થતો હોય તો તેઓમાંનુંએકુંકામ કરીતોમદદકરવી.

૩૭. જો કોઇ ગુનોહ ઘણાં કામો કરવાથી થયો હોય તો, જે સખસ એકલો અથવા બીજા કોઈ સખસોની સાથે રહીને તે કામો માંહેનું ગમે તે એક કામ કરીને તે ગુનોહ કરવામાં ઇરાદાથી સહકાર કરે, તે સખસે તે ગુનોહ કરેચો એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) **અ** તથા **બ** હરેક જુદે જુદે વખતે થોડું થોડું ઝેહેર આપીને ઝને મારી નાખવાનો ઠરાવ કરે, અને **અ** તથા **બ** તે ઠરાવ મુજબ ઝ ને મારી નાખવાના ઇરાદાથી ઝેર આપે, અને તેને જુદે જુદે વખતે આપેલાં તે ઝેરની અસરથી ઝ મરી જાય, તો એ ઠેકાણે ખુન કરવામાં **અ** તથા **બ** ઇરાદાથી સહકારી થયા; અને તેઓનાં કામ જુદાં જુદાં તોપણ તે બંને તે ગુનાહના તકશીરવાર છે એમ સમજવું. કેમકે તેઓમાંના હરેકે જેથી મોત થયું એવું કામ કીધુંછે.

(બ) **અ** તથા **બ** એ બે એકઠા જેલર છે, અને તેઓના હોદાને લીધે, ઝ એક કેદી છે તે વારાફરતી છ છ કલાક એક એકના હવાલામાં રેહેછે. હવે ઝ નું મોત આણવાના ઇરાદાથી, તે અસર પેદા કરવામાં જાણી બુઝીને તેઓ સહકારી થાય એવી રીતે કે ઝ ને પોંચાડવા સારૂ તેઓને આપેલો ખોરાક તેઓ, પોત પોતાના હાજરીના દરમીયાનમાં ઝ ને પોંચાડવા કાયદા વીરૂદ્ધ કસુર કરે અને ઝ ભુખે મરી જાય, તો **અ** તથા **બ** એ બંનેએ ઝ નું ખુન કરયું એમ સમજવું.

(ક) **અ** જેલરના હવાલામાં ઝ કેદી છે. ઝ નું મોત આણવાના ઇરાદાથી **અ** ઝ ને ખોરાક આપવામાં કાયદા વીરૂદ્ધ કસુર કરે, જેથી ઝ ઘણો અશક્ત થઇ જાય, પણ તે ભુખમરો એટલો ન થઇ પડે કે તેથી તે મરી જાય પછી **અ** પોતાના હોદ્દાપરથી બરતરફ થઇને **બ** તેની જગો પર મુકરર થાય અને **બ** **અ** ની સાથે મીલાપી અથવા સહકારી ન થતાં, ઝ ને ખોરાક આપવામાં કાયદા વીરૂધ કસુર કરે એવું જાણીને કે તેમ કરેથી ઝ મરી જશે એવો સંભવ છે, અને ઝ ભુખે મરી જાય, તો **બ** એ ખુન કરેચુ એમ સમજવું; પણ **અ** કાંઇ **બ** ની સાથે સહકારી થયો નહી માટે **અ** એ માત્ર ખુન કરવાની કોશીશ કરી એમ સમજવું.

કાંઇ ગુનાહનું કામ કરવામાં ઘણા સખસો સામિલ થયા હોય,

૩૮. કાંઇ ગુનાહનું કામ કરવામાં ઘણા સખસો લાગેલા અથવા સામિલ હોય, તો તેઓ તે કામથી જુદા જુદા ગુનાહના તકસીરવાર થઇ શકે.

તો તેઓ જુદા જુદા ગુનાહના તકશીરવાર થઇ શકે

દૃષ્ટાંત.

(અ) ઝ ની ઉપર હુમલો કરે, પણ તે વખતે તેને એટલો ભારે ક્રોધ ચહડેલો હોય કે તેને હાથે ઝ નું મરવું ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધ થાય; તે-હેવામાં ઝ ની ઉપર દ્વેષ ભાવથી, તથા ઝ ને મારી નાંખવાના ઇરાદાથી, અ ની માફક ક્રોધ ન ચહડ્યા છતાં, ઝ ને મારી નાખવામાં બ અ ને મદદ કરે, તો એ ઠેકાણે, અગર ઝ નું મોત આણવામાં અ તથા બ એ બંને શામિલ છે તોપણ, બ એ ખુન કીધું, અને અ એ માત્ર શિક્ષણીય મનુષ્ય વધ કીધો એમ સમજવું.

"બુદ્ધિપુર્વક." | ૩૯. જ્યારે કોઇ સખસે જે ઉપાયથી કાંઈ અસર પેદા કરવાનો ઇરાદો કર્યો હોય તે ઉપરથી અથવા જે ઉપાયથી તે અસર પેદા થશે એવો સંભવ છે એમ, તે ઉપાય કામે લગાડતી વખતે તેણે જાણ્યું હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય તે ઉપાયથી, તે તે અસર પેદા કરે, ત્યારે તેને બુદ્ધિ પુર્વક તે અસર પેદા કરી એમ સમજવું.

દૃષ્ટાંત.

એક મોટા શેહેરમાં એક ઘર છે. તેમાં માણસો રહે છે. તે ઘરને, રાતને વખતે, અપકરણનો ગુનોહ ફેહેલ કરવા માટે, અ આગ લગાડે, અને તેથી એક સખસનું મોત થાય, તો એ ઠેકાણે કોઇનું મોત આણવાને અ એ ઇરાદો ન કીધો હોય, અને પોતાનાં કામથી મોત થયું એમ જાણીને અ દીલગીર પણ થાય, તો પણ તેણે બુદ્ધિ પુર્વક તે મોત આણ્યું એમ સમજવું.

"ગુનોહ." | ૪૦. આ કલમની બીજી અને ત્રીજી રકમમાં લખેલા બાબ અને કલમો શિવાય "ગુનોહ" એ શબ્દ વડે જે વસ્તુને માટે આ કાયદામાં શિક્ષા કરવાનું ફરમાવ્યું છે તે વસ્તુ સમજવી.

"૪ થા બાબમાં અને હેઠળ લખેલી કલમોમાં એટલે ૧૦૯ મી, ૧૧૦ મી, ૧૧૨ મી, ૧૧૪ મી, ૧૧૫ મી, ૧૧૬ મી, ૧૧૭ મી, ૧૮૭ મી, ૧૯૪ મી, ૧૯૫ મી, ૨૦૩ જી, ૨૧૧ મી, ૨૧૩ મી, ૨૧૪ મી, ૨૨૧ મી, ૨૨૨ મી, ૨૨૩ મી, ૨૨૪ મી, ૨૨૫ મી, ૩૨૭ મી, ૩૨૮ મી, ૩૨૯ મી, ૩૩૦ મી, ૩૩૧ મી, ૩૪૭ મી, ૩૪૮ મી, ૩૮૮ મી, ૩૮૯ મી, અને ૪૪૫ મી કલમમાં "ગુનોહ" આ શબ્દ લખેલો છે તે શબ્દ વડે જે વસ્તુને માટે આ કાયદામાં, અથવા આ કાયદામાં વ્યાખ્યા લખેલી છે તેવા કોઇ વિશેષ કાયદામાં અથવા સ્થાનિક કાયદામાં શિક્ષા કરવાનું ફરમાવ્યુંછે. તે વસ્તુ સમજવી."

"અને ૧૪૧ મી, ૧૭૬ મી, ૧૭૭ મી, ૨૦૧ લી, ૨૦૨ જી, ૨૧૨ મી, ૨૧૬ મી, અને ૪૪૧ મી કલમમાં "ગુનોહ" આ શબ્દ લખેલો છે તે શબ્દનો અર્થ જે વસ્તુને માટે વિશેષ કાયદામાં કે સ્થાનિક કાયદામાં શિક્ષા કરવાનું ફરમાવ્યું છે અને તેજ કાયદા ઉપરથી તે વસ્તુને માટે દંડ સુધાં અથવા દંડ વગર છ મહીનાની અથવા તે કરતાં વતી

મુદતની કેદની શિક્ષા કરવા ફરમાવ્યું હોય ત્યારે તેવોજ અરથ સમજવો."

"વીશેષ કાયદો" | ૪૧ "વિશેષ કાયદો" એટલે કાંઇ ખાસ બાબતને લાગુ પડે એવો કાયદો.

સ્થાનીક કાયદો" | ૪૨. "સ્થાનિક કાયદો" એટલે બ્રિટિશ ઇંડિયાના કોઇ વિશેષ ભાગનેજ લાગુ પડે એવો કાયદો.

"કાયદા વીરૂદ્ધ." "કાયદા પ્રમાણે ફરજ" | ૪૩. "કાયદા વિરૂદ્ધ" એ શબ્દો જે જે વસ્તુ ગુનોહ છે, અથવા કાયદાએ મને કરેલી છે, અથવા દિવાની ફરિયાદીનું કારણ થાયછે, તે પ્રત્યેકને લાગુ પડે છે; અને જે સખ્સ જે વસ્તુ કરવામાં કસુર કરે તો કાયદા વીરૂદ્ધ થાય, તે વસ્તુ કરવાની તે સખ્સની "કાયદા પ્રમાણે ફરજ છે" એમ સમજવું.

"નુકશાન" | ૪૪. "નુકશાન" એ શબ્દ વડે કોઇ પણ સખ્સના સરીરને, મનને, આબરૂને, અથવા મિલકતને કાયદા વીરૂધ રીતે કરેલી કાંઇ પણ હાનિ સમજવી.

ટીકા—સરકાર વિરૂદ્ધ નાથા લાલા (મુ. હા. વા. ૫. પા. ૬૭ તા. ૬ અગસ્ટ ૧૮૬૮). ના કામમાં તેણે લગન વખતે રસ્તા ઉપર દારૂ ફોડ્યાથી ફરીયાદીના માંડવાને અગ્નીથી કેટલુંક નુકશાન થયાથી તેનાપર કા. ૨૮૫ મુજબ તોહોમત હતું પણ એ નુકશાન મીલકતનુંછે અને સદરહુ કા. ૨૮૫ શરીરના નુકશાનને લાગેછે એ હેતુથી આ કામ હાઇકોરટમાં ગયાથી ઠરાવ્યું કે પી. કો. કા. ૪૪માં નુકશાન એ શબ્દના અર્થ વિશે અને કાં.૭ની સાધારણ વાખ્યા વિશે વિચાર કરતાં ફરિયાદીની મીલકતને ગેરકાયદેશર રીતે થયેલી નુકશાનીનો પી. કો. કા. ૨૮૫માં શમાશછે.

ઇં. લા. કા. વા. ૫ પા. ૨૮૧ સરકાર વિરૂદ્ધ અસરફઅલ્લી અને બીજાના કામમાં તા. ૨૪ જુન ૧૮૮૯ને રોજ એમ ઠરાવ્યુંછે કે પોલીશની રૂબરૂ ખોટુ તોહોમત મુકયુ હોય અને એકાદ કોરટમાં આગળ કામ ચલાવવાનો બીલકુલ ઇરાદો ન હોય તો જેનાપર તે ખોટુ તોહોમત મુકયું તેને કા. ૪૪માં કહ્યા પ્રમાણે ખાસ નુકશાન થાયછે.

"જિંદગી" | ૪૫. "જિંદગી" એ શબ્દ વડે માણસની જિંદગી સમજવી; પણ જે ઠેકાણે એ શબ્દ લખ્યો હોય તે ઠેકાણે મતલબ જોતાં એથી ઉલટો અરથ દેખાતો હોય, તો ત્યાં તેમ અરથ કરવો.

"મોત" | ૪૬. "મોત" એ શબ્દ વડે માણસનું મોત સમજવું; પણ જે ઠેકાણે એ શબ્દ લખ્યો હોય તે ઠેકાણે મતલબ જોતાં એથી ઉલટો અરથ દેખાતો હોય તો ત્યાહાં તેમ અરથ કરવો.

"જાનવર" | ૪૭. "જાનવર" એ શબ્દવડે માણસ સિવાય બીજી કાંઇ પણ જીવ વાળી વસ્તુ સમજવી.

"વાહાણ" | ૪૮. "વાહાણ" એ શબ્દ વડે જળ મારગે માણસોને અથવા મિલકતને લેઇ જવા માટે કરેલી કાંઇ પણ વસ્તુ સમજવી.

"વરસ" | ૪૯. "જે જે ઠેકાણે વર્ષ" એ શબ્દ અથવા "મહીનો" એ શબ્દ લખ્યો હોય, તે તે ઠેકાણે એમ સમજવું કે ઇંગ્રેજી પંચાંગ પ્રમાણે તે વરસ અથવા મહીનો ગણવો.

"કલમ" | ૫૦. "કલમ" એ શબ્દ વડે આ કાયદાના બાબના જે જે બાગો ની આગળ આંકડાં લખીને તેઓને જુદા પાડેલા છે તેઓમાંનો એક ભાગ સમજવો.

"સોગંદ" | ૫૧. "સોગંદ" એ શબ્દમાં, સોગંદને ઠેકાણે ધરમ પુર્વક પ્રતિજ્ઞા કરવાનું કાયદામાં ફરમાવેલું હોય તે પ્રતિજ્ઞા, તથા, ઇનસાફની કોરટમાં કે બીજે ઠેકાણે, કાંઇ સરકારી નોકરની આગળ કાંઇ પણ એકરાર કરવાનું કાયદામાં ફરમાવ્યું અથવા રજા આપી હોય, અથવા જે એકરાર પુરાવાના કારણસર વાપરવા હોય, તે એકરાર પણ સમાય છે એમ સમજવું.

"શુદ્ધબુદ્ધિ" | ૫૨. જે વસ્તુ ઘટતી સંભાળ તથા ધ્યાન વિના કરી અથવા માની હોય તે "શુદ્ધબુદ્ધીથી" કરી અથવા માની એમ સમજવું નહિ.

બાબ ૩ જો.

શીક્ષા બાબત.

"શિક્ષા" | ૫૩. આ કાયદાના ઠરાવો પ્રમાણે ગુનેહગારો જે શીક્ષાઓને લાયક છે તે નીચે પ્રમાણેઃ—

પેહેલી—મોત.

બીજી—સમુદ્રપાર.

ત્રીજી—શાશનીક દાસત્વ.

ચોથી—કેદ, કેદ બે પ્રકારની છે:—

(૧) સખત એટલે સખત મજુરી સાથે.

(૨) આસાન.

પાંચમી—મીલકત સરકાર જપત થવી.

છઠી—દંડ.

ટીકા—સદરહુ કલમમાં કહેલી શિક્ષા શિવાય વળી સને ૧૮૬૪ના આકટ ૬ થી ફટકાની સજા વધારવામાં આવીછે માટે તે આકટ જુઓ.

તથા ક્રીમીનલ પ્રોસીજરકોડમાં કા. ૩૯૦ થી ૩૯૫ સુધીની કલમો ફટકાના સબંધમાં છે માટે તેપણ જુઓ.

પરીશિષ્ટમાં કલમોના આસનમાં શિક્ષા કરવાની બાબતમાં જ્યાંહાં કેદ તથા દંડ એવા શબ્દ વાપરયાછે તે કલમ પ્રમાણે કરેલા ગુનાને માટે ગુનેગારને ફકત દંડની શીક્ષા કરવી નહિ. પણ થોડી યા જાદે કંઇપણ કેદની શિક્ષા કરી તે સાથે દંડ થઈ શકે (જુઓ મુ. હા. વા. ૧ પા. ૪ સરકાર વિરૂદ્ધ ચેનવિયોવાસીદ્રામશેટીનો ફેસલો તા.૧ જુલાઈ ૧૮૬૩ ને રોજ થયો છે તે.

મોતની શિક્ષાને બદલે બીજી શિક્ષા. | ૫૪. જે જે બાબતમાં મોતની શીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય તે તે બાબતમાં, ગુનેહગારની રજામંદી શીવાય, હિંદુસ્તાનની સરકાર અથવા જે ઠેકાણે ગુનેહગારને શીક્ષાનો હુકમ થયો હોય તે ઠેકાણાની સરકાર તે શીક્ષાને બદલે આ કાયદામાં ઠરાવેલી બીજી ગમે તે સીક્ષા કરવાને મુખત્યાર છે.

જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને બદલે બીજી શીક્ષા.

૫૫. જે જે બાબતમાં જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોયુ તે તે બાબતમાં ગુનેહગારની રજામંદી શીવાય, હિંદુસ્તાનની સરકાર અથવા જે ઠેકાણે તે ગુનેહગારને શીક્ષાનો હુકમ થયો હોય તે ઠેકાણાની સરકાર તે શીક્ષાને બદલે ચઉદ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવાને મુખત્યાર છે.

યુરોપિયન તથા અમેરિકન લોકોને સમુદ્રપારની શીક્ષાને બદલે શાસનિકદાસત્વનીશિક્ષાકરવી.

૫૬. જે જે બાબતમાં કોઇ સખસ યુરોપીયન અથવા અમેરિકન છતાં, આ કાયદામાં જેને માટે સમુદ્રપારની શીક્ષા ઠરાવી છે એવો કોઇ ગુનોહ તેની ઉપર સાબીત થાય, તે તે બાબતમાં સમુદ્રપારની શીક્ષાનો, હુકમ ન કરતાં સન ૧૮૫૫ ના ૨૪ મા આકટના ઠરાવો મુજબ કોરટે તે ગુનેહગારને શાસનિક દાસત્વની શીક્ષાનો હુકમ કરવો.

જીવતાં સુધીની શિક્ષાનો ઠરાવ નહી હોય અને દસ વરસ કરતાં વતી મુદતની કેદના શિક્ષાનો ઠરાવ હોય તે બાબત વિશેષ ઠરાવ

“પણ એવું ઠરાવ્યું છે કે, સદરહુ આકટ ઠર્યો નહી હોત તો જે ગુનાહ બાબત યુરોપીયન અથવા અમેરીકન માણસ જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને લાયક થતે નહી પણ દસ વર્ષ કરતાં વતી મુદત સુધી સમુદ્રપાર મોકલવાની શીક્ષા પામવાને અથવા તેને તે શીક્ષા કરવાનો હુકમ થયાને તે લાયક થતે તો તે ગુનાહ બાબત તે માણસ કોરટની નજરમાં આવશે તે પ્રમાણે છ વરસ કરતાં વતી મુદત સુધી શાસનિક દાસત્વની શીક્ષા પામવાને અથવા તેને તે શીક્ષા કરવાનો હુકમ થવાને તે લાયક થશે, પણ જીવતાં સુધી શાસનિક દાસત્વની શીક્ષાને લાયક થશે એવું સમજવું નહી.”

શિક્ષાની મુદતના ભાગ.

૫૭. શીક્ષાની મુદતોના ભાગોની ગણતી કરવામાં જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને વીસ વરસની સમુદ્રપારની શીક્ષાની બરાબર ગણવી.

ટીકા—આ કલમનો હેતુ એમ નથી કે કોઈ ગુનેગારને જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા કરી અને તે વિશ વર્ષ ત્યાંહાં રહ્યો એટલે તેની શિક્ષા પુરી થઈ. પણ તેનો હેતુ એવોછે કે પરીશિષ્ટમાં તેમજ આ કાયદાની કલમોમાંની કેટલીક કલમમાં એમ ઠરાવ્યું છે કે અમુક ગુનો કરે તો તેને મૂળ ગુનાને જેટલી શિક્ષા ઠરાવી હોય તેનાથી અડધી, ચોથી યા આઠમા ભાગની શિક્ષા કરવી એમ ઠરાવ્યુંછે. હવે જો કોઈ મૂળ ગુનાને માટે જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા કાયદામાં ઠરાવી હોય અને તે ગુનો કરવાને મદદ કરનારને યા કોશીશ કરનારને અડધી શિક્ષા કરવાની હોય તો તે ગુનેગારને તેવી વખતે દશ વર્ષની મુદત સુધીની સમુદ્રપારની શિક્ષા થઈ શકે. દૃષ્ટાંત—

કોઈ સખસે પીનલકોડ કા. ૩૭૬, ૩૭૭ વિગેરેની કલમોમાં કહેલા ગુનાની કોશીશ કરવાનો ગુનો કર્યો તો તેવી કોશીશને માટે આ કાયદામાં સ્પષ્ટ શિક્ષા ઠરાવી ન હોય તો કા. ૫૧૧ પ્રમાણે જે ગુનાને માટે કોશીશ કરી હોય તે ગુનામાં કહેલી શિક્ષાના અડધ યા ચોથે ભાગે શિક્ષા કરવી એમછે ને ૩૭૬. ૩૭૭માં જીવતાં સુધી સમુદ્રપાર યા અમુક મુદતની કેદની શિક્ષા કહીછે પણ ન્યાયાધીશની મરજીમાં કોશીશ કરનાર ગુનેગારને તે ગુના માટે સમુદ્રપારની શિક્ષા કરવાનો વિચાર થાયતો તે સમુદ્રપારની શિક્ષાની અડધ યા ચોથાઈ ગણવામાં ૨૦ વરસની સંખ્યાનું અડધ યા ચોથાઈ કરી તે પ્રમાણેની મુદતની સમુદ્રપારની શિક્ષા તેને થઈ શકે એટલે અડધ હોય તો ૧૦ વરષ અને ચોથી હોયતો ૫ વર્ષ સમુદ્રપારની શિક્ષા થાય.

જે ગુનેહગારોને સમુદ્રપારનીશિક્ષાનો હુકમ કરવામાં આવે તે ગુનેહગારોને સમુદ્રપાર કરતાં સુધી શું કરવું.

૫૮. જે જે બાબતમાં સમુદ્રપારની શીક્ષાનો હુકમ કરવામાં આવે, તે તે બાબતમાં જે ગુનેહગારને સમુદ્રપાર કરતાં સુધી જાણે તેને સખ્ત કેદની શીક્ષાનો હુકમ થયો હોય એ રીતે તેની ઉપર અમલ કરવો, અને તે કેદ રેહે તે મુદતના દરમિયાનમાં તેણે સમુદ્રપારની શીક્ષા ભોગવી એમ સમજવું.

કેદને ઠેકાણે સમુદ્રપારનો હુકમ ક્યારે થઈશકે.

૫૯. જે જે બાબતમાં ગુનેહગારને સાત વરસ અથવા તેથી વધારે મુદતની કેદની શીક્ષા થઇ શકતી હોય, તે તે બાબતમાં તે ગુનેહગારને કેદની શીક્ષાનો હુકમ ન કરતાં સમુદ્રપારનો હુકમ કરવાને તે ગુનેહગારને શીક્ષાનો હુકમ કરનારી કોરટ મુખ્ત્યાર છે; પણ તે સમુદ્રપારની શીક્ષા સાત વરસ કરતાં ઓછી મુદતની ન હોવી જોઇએ, તથા આ કાયદા મુજબ જેટલી મુદતની કેદના શીક્ષાને તે ગુનેહગાર લાયક હોય તે કરતાં વધારે મુદતની પણ ન હોવી જોઇએ.

ટીકા—જે અમલદારને ૭ વર્ષસુધી કેદની શિક્ષા કરવાનો અધિકારછે એવા કોઈ અમલદારે આ કલમથી મળેલો અધિકાર ચલાવવો. મે. કા. પૃ. ૨૯

આ કલમ જે ગુનાને માટે ૭ અને તેથી વધારે મુદતની કેદની શિક્ષા થઈ શકે તેવા ગુનાને લાગેછે પરંતુ કેદીને જુદા જુદા ગુના બદલ જુદી જુદી શિક્ષા આપી હોય અને તે ૭ વર્ષ કરતાં વધારે એકંદર મેળવ્યાથી થઈ હોય તો તેવી બાબતમાં આ કલમ લાગુ પડતી નથી. (કા. વિ. રી. વા. ૫ પાને ૪૪ તથા વા. ૮ પાને ૨)

આ કલમ પ્રમાણે કેદને બદલે સમુદ્રપારની શિક્ષા કરવાની કહીછે તે જે કલમમાં જેટલી મુદત સુધી કેદ કહી હોય તે મુદત કરતાં વધારે મુદતની સમુદ્રપારની શિક્ષા થઈ શકે નહિ એટલે કોઈ કલમમાં જીવતાંસુધી સમુદ્રપારની અથવા ૧૦ વર્ષની મુદતસુધીની કેદની શિક્ષા એમ કહ્યું હોય અને કોરટ તે ગુનાને માટે જીવતાસુધીની સમુદ્રપારની શિક્ષા કરવાને ધારતી ન હોય તો તેવે પ્રસંગે કેદની શિક્ષાને બદલે સમુદ્રપારની જે શિક્ષા કરવામાં આવે તે ૧૦ વર્ષ કરતાં વધારે મુદતની થઈ શકે નહિ.

(કેટલીએક બાબતોમાં) કેદ આખીમુદત અથવા થોડી મુદત સુધી સખ્ત અથવાઆસાન, એહેવાહુકમથઈશકે

૬૦. જે જે બાબતમાં ગુનેહગારને બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા થઈ શકતીહોય, તે તે બાબતમાં આખી કેદ સખ્ત અથવા આખી આસાન, અથવા તે કેદનો કાંઈ ભાગ સખ્ત તથા બાકીનો ભાગ આસાન, એ પ્રમાણે શીક્ષાના હુકમમાં ફરમાવવાને તે ગુનેહગારને શીક્ષાનો હુકમ કરનારી કોરટ મુખ્ત્યાર છે.

ટીકા—શિક્ષાની મુદત ગણવી તે જે તારીખે ફેસલો આપ્યો તે દીવસથી ગણવી. અને કેદીએ અપીલ કર્યાથી અપીલનો નિકાલ થતા સુધી શિક્ષા મુલતવી રહી હોય અને પછી અપીલ ના મંજુર થાય તો જેટલા દિવસ શિક્ષા મુલતવી રહી હોય તેટલા દિવસ શિક્ષાની મુદતમાંથી બાદ થઈ શકે નહિ. (સદરકોરટ રૂલીંગ તા. ૨૮ અપરેલ ૧૮૬૨)

મિલકત સરકાર જપ્ત થાય એહેવા હુકમ.

૬૧. જે જે બાબતમાં કોઈ સખ્સની ઉપર એવો ગુનોહ સાબીત થાય કે તે ગુનાહને માટે તે ગુનેહગાર પોતાની સઘળી મીલકત સરકાર જપત થવાને લાયક છે, તે તે બાબતમાં ફરમાવેલી શીક્ષા, અથવા તેને બદલે કરવામાં આવી હોય એવી બીજી શીક્ષા, ભોગવી રહ્યા વીના, અથવા

તેને માફ થયા વીના, સરકારના લાભ શીવાય બીજી રીતે, તે ગુનેહગારથી કાંઈ મીલકત મેળવી સકાશે નહી.

દૃષ્ટાંત.

હિંદુસ્તાનની સરકારની સાહામા લડાઈ કરવાનો ગુનોહ અ ની ઉપર સાબીત થયો, તેથી તેની સઘળી મીલકત સરકાર જપત થવાને અ લાયકછે. હવે શીક્ષાનો હુકમ થયા પછી, તથા તે હુકમ કાયમ છે તે દરમિયાનમાં અ નો બાપ કાંઈ મિલકત મુકીને મરી જાય, જે મિલકત, અગર સરકાર જપતીનો હુકમ ન થયો હોત તો, અ ની થાત; તો તે મિલકત સરકારની થાય એમ સમજવું.

જે ગુનેહગારો મોતની, સમુદ્રપારની, અથવા કેદની શિક્ષા થઈ શકે એહેવા હોય તેઓના મીલકત સરકાર જપ્તથવી.

૬૨. જે જે બાબતમાં કોઈ સખસની ઉપર મોતની શીક્ષા થઈ શકે એવા ગુનોહ સાબીત થાય, તે તે બાબતમાં તે સખસની સ્થાવર જંગમ સઘળી મીલકત સરકાર જપત થાય એવો હુકમ કરવાને કોરટ મુખતિયાર છે; અને જે જે બાબતમાં કોઈ સખસની ઉપર એવો ગુનોહ સાબીત થાય કે તે ગુનાહને માટે તેને સમુદ્રપાર કરવામાં આવે, અથવા સાત વરસ અથવા તે કરતાં વધારે મુદતની કેદની શીક્ષાનો હુકમ કરવામાં આવે, તે તે બાબતમાં તેના સમુદ્રપારની અથવા કેદની મુદતના દરમિયાનમાં તે સખસનાં કુટુંબ તથા અનુજીવીઓને માટે સરકારની નજરમાં દુરસ્ત જણાય તેવો બંદોબસ્ત સરકાર કરે એવી છુટ રાખીને, તે મુદતના દરમિયાનમાં તે સખસની સરવે સ્થાવર તથા જંગમ મિલકતનું ભાડું તથા ઉપજ સરકાર જપત થાય, એવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ટીકા—આ કલમ પ્રમાણે એક સખસને શિક્ષા ભોગવવાનો હુકમ કરયો હોય અને તે મુદતમાં તેની મીલકતનું ભાડુ તથા ઉત્પન્ન સરકાર જપત કરી રાખે એવો હુકમ થયો હોય તેમાં ઠરાવ્યું કે જે કોરટની સામે તે સખસની તપાસ ચાલી અપરાધ શાબિત થયો હોય તે કોરટને મજકુર ભાડુ તથા ઉત્પન્નનો કાંઈ ભાગ ફરિયાદીને બદલા દાખલ અપાવવાનો અધિકાર નથી. (મુ. હા. સરકાર વિરુદ્ધ નાનાપતલુનો ફેસલો તા. ૧૦ જુન ૧૮૮૦ ને રોજ થયાછે તે જુએ)

દંડની રકમ

૬૩. કેટલે સુધી દંડ કરવો, એની રકમ જ્યાં ઠરાવી નથી ત્યાં ગુનેહગારને જે દંડ થઈ શકે તે દંડની કાંઈ હદ બાંધી નથી પણ અતિશય દંડ કરવો નહી.

દંડ ન આપે, તો કેદનો હુકમ.

૬૪. કેદની તથા દંડની શિક્ષા થઈ શકે એવા ગુનાહની જે જે બાબતમાં ગુનેહગારને કેદ સાથે કે કેદ વગર દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે તે તે બાબતમાં અને ફકત દંડની શિક્ષા થઈ શકે એવા ગુનાહની જે જે બાબતમાં ગુનેહગારને દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે તે તે બાબતમાં, તે ગુનેહગાર દંડ ન આપે તો, તે આટલી મુદત સુધી કેદ ભોગવે એ પ્રમાણે તે ગુનેહગારને શીક્ષાનો હુકમ કરનારી કોરટ તેહુકમમાં ફરમાવવાને મુખત્યાર છે; અને તે કેદ, બીજી કાંઈ કેદની શીક્ષાનો હુકમ તે ગુનેહગારની ઉપર થયો હોય તે કેદની ઉપરાંત, અથવા એક શીક્ષાને બદલે બીજી શીક્ષા કરવાના હુકમ ઉપરથી જે કેદને તે લાયક હોય તે કેદની ઉપરાંત, સમજવી.

ટીકા—આ કલમ આ કાયદા પ્રમાણે કરેલા ગુનાની બાબતમાં લાગુ હતીપણ સને ૧૮૬૮ના આકટ નંબર ૧ની કા. ૫ થી બીજા કાયદા પ્રમાણે કરેલા ગુનાની બાબતપણ લાગુ થઈ છે. તે કલમમાં નિચે પ્રમાણેછે.

પીનલકોડની કા. ૬૩ ના આરંભથી કા. ૭૦ના છેડા સુધીની કલમોના તથા ક્રીમીનલ પ્રોસીજરકોડની કા. ૬૧ના ઠરાવો હવે પછી આકટ થાય તેના આધારથી દંડ કરવામાં આવે તેને લાગુ થશે પણ તે આકટમાં એ વાત વિરૂદ્ધ બસુશ કરીને ઠરાવ કરેલા હશે તો લાગુ થશે નહિ.

જે ગુનાહને માટે કેદ તથા દંડ એ બંને શિક્ષા થઈ શકતી હોય તેવા ગુનાહમાં દંડ ન આપે તો તેને બદલે કેદની મુદતની હદ.

૬૫. અગર કોઈ ગુનાહને માટે કેદ તથા દંડ એ બંને શીક્ષા થઈ શકતી હોય, તો તે ગુનોહ કરનાર દંડ ન આપે તો તેને આટલી મુદત સુધી કેદ કરવો એ પ્રમાણે જે કોરટ ફરમાવે તેણે તે મુદત, તે ગુનાહને માટે ઠરાવેલી ઘણામાં ઘણી કેદના જે મુદત હોય તેના ચતુરથાંસ કરતાં વધારે ઠરાવવી નહી.

ટીકા—આ કલમ પ્રમાણે કેદની સાથે દંડની શિક્ષા થઈ શકે તે વખતે દંડ બદલ કેદની (શિક્ષા ગુનાને માટે ઠરાવેલી કેદની શિક્ષાના ¼ કરતાં વધારે નહિ જોઇએ એમછે પણ એજ બાબતમાં માજીસ્ત્રેટની બાબતમાં ક્રી. પ્રો. કો. કા. ૩૩માં નિચે પ્રમાણે છે.

વળી એવું પણ ઠરાવ્યુંછે કે જે મુકદમામાં ફેસલો કોઈ માજીસ્ત્રેટે કર્યો હોય અને તેમાં પહેલાની શિક્ષાના હુકમના ભાગ કેદ ઠરાવી હોય તે મુકદમામાં દંડ ન આપેથી કેદ કરવાની જે મુદત ઠરાવવી તે, દંડ ન આપેથી જે કેદ ઠરાવવામાં આવે તે શિવાય તે ગુનાને સારૂ જેટલી મુદતની બીજી કેદની શિક્ષા કરવાનો તે માજીસ્ત્રેટને અધિકાર હોય તે મુદતના ચતુર્થાંસ કરતાં કદાપી વધારે ઠરાવવી નહિ.

સને ૧૮૫૦ ના આકટ ૩૧ ની કા. ૩ પ્રમાણે કરેલા ગુનાને માટે ત્રણમાસની કેદની શિક્ષા ઠરાવીછે પણ એક માજીસ્ત્રેટે આ કામમાં દંડ ન આપેથી કેદની શિક્ષા એક માસની કરેલી તે કામમાં માજીસ્ત્રેટને ખુલાસો પુછતાં તેમણે કહ્યું કે પી. કો. કા. ૬૫નો ઠરાવ ફકત તેજ કાયદા પ્રમાણે કરેલા ગુનાને લાગુછે તેમાં હાઈકોરટે ઠરાવ્યું કે ક્રી. પ્રો. કો. પ્રમાણે માજીસ્ત્રેટને અધિકાર મળેલાછે માટે પી. કો. કા. ૬૫ના ઠરાવ આ કામને લાગુ છે તેથી શિક્ષા ત્રણ અઠવાડિયાની કરી (જુઓ મુ. હા. વા. ૫ પાને ૬૧ સરકાર વિરૂદ્ધ વિઠોબા શોમા તા. ૩૦ જુલાઈ ૧૮૬૮)

સને ૧૮૭૨ના ૧૦ની કા. ૩૦૯ રા. ૩(ને હાલ ૧૮૮૨ ના ૧૦ની કા ૩૩ની રા. ૧) થી પી. કો. ૬૫ પ્રમાણે ચાલવાની ફરજ દુર થતી નથી. એકલા દંડની શિક્ષા કરી હોય ત્યારે તે દંડ નહિ આપે તો જેટલી મુદતની કેદની શિક્ષા કરવાનો માજીસ્ત્રેટને અધિકારછે તેટલી કેદની શિક્ષા તે ઠરાવે એટલોજ તેમાં ઠરાવછે (પણ તે મુદત પી. કો. કા. ૬૫ માં બતાવ્યા કરતાં કદી વધારે હોવો જોઇએ નહિ) પણ કેદની તથા દંડની શિક્ષા કરી હોય ત્યારે દંડ નહિ આપેથી જે કેદની મુદત ઠરાવવાનો માજીસ્ત્રેટને અધિકાર છે તે મુદતના ચતુર્થાંસ કરતાં તે વધારે હોવી જોઇએ નહિ.

(જુઓ મુ. હા. તા. ૨૭ ફેબ્રુઆરી ૧૮૭૩નો સરકાર વિરૂદ્ધ અલમાત્યાનો ફેસલો)

આ કલમ પ્રમાણે જે શિક્ષા દંડના બદલે આપવાનો માજીસ્ત્રેટને અધિકારછે તે શિક્ષાની મુદત ક્રી. પ્રો. કો. કા. ૩૦૯ ઉપરથી જાસ્તી કરી નથી કા. ૩૦૯(હાલના કાયદામાં કા. ૩૩) એતો ફકત માજીસ્ત્રેટે ચલાવવાના કામનો નિયમ ઠરાવવા બાબતનોછે. (જુઓ અલ્હાબાદ હાઈકોરટ ઇંડિયન લોરીપોર્ટ વા. ૧ પા. ૪૬૧ સરકાર વિરૂદ્ધ દરબા અને બીજાનો તા. ૩ અગષ્ટ ૧૮૬૭નો ફેસલો)

દંડ ન આપે તો કેદનો પ્રકાર.

૬૬. દંડ ન આપવાને સારૂ જે કેદનો કોરટ હુકમ કરે તે કેદ, તે ગુનાહને માટે ગુનેહગારને જે પ્રકારની કેદની શીક્ષાનો હુકમ થઇ શકે, તે પ્રકારની થઇ શકે.

ગુનાહની શિક્ષામાં દંડજ થઇ શકતો હોય ત્યારે અગર દંડ ન આપે તો કેદની મુદત.

૬૭. અગર દંડનીશીક્ષા થઇ શકે એવો ગુનોહ હોય, તો દંડ ન આપે તેને બદલે તે ગુનેગારને કેદ કરવાનું કોરટ ફરમાવે તેની મુદત નીચે લખી છે તે કરતાં વધારે ન હોવી જોઇએ:—એટલે દંડની રકમ પચાસ રૂપીયાથી વધારે ન હોય, તો કેદની મુદત બે મહીનાથી વધારે ન હોવી જોઇએ; અને દંડની રકમ એકસો રૂપીયાથી વધારે ન હોય, તો કેદની મુદત ચાર મહીનાથી વધારે ન હોવી જોઇએ; અને બીજી કોઇ બાબતમાં છ મહીનાથી વધારે ન હોવી જોઇએ.

ટીકા—એકલો દંડ થઈ શકતો હોય તેવા ગુનામાં દંડને બદલે કેદની શિક્ષા કરવી તે આશાન કેદની કરવી (જુઓ મુ. હા. વા. ૫ પા. ૪૫ સરકાર વિરૂદ્ધ સંતુ લખાપા તા. ૧૭ જુન ૧૮૬૮)

તે કેદ દંડ આપે કે બંધ થાય.

૬૮. દંડ નહી આપવાથી જે કેદ કરી હોય, તે કેદ, તે દંડ આપવામાં આવે અથવા કાયદાના હુકમથી વસુલ કરવામાં આવે એટલે બંધ થશે.

દંડના હિસાબે નિકળે તેટલો ભાગ આપે કે કેદ બંધ થાય.

૬૯. દંડ નહી આપે તેને માટે કેદની જે મુદત ઠરાવી હોય, તે મુદત પુરી થતાં પેલાં અગર તે દંડનો એટલો ભાગ આપવામાં કે વસુલ કરવામાં આવે, કે દંડનો જેટલો ભાગ બાકી રહ્યો હોય તેના પ્રમાણમાં દંડ ન આપ્યાથી ભોગવેલો કેદની મુદત ઓછી ન હોય, તો કેદ બંધ થશે.

દૃષ્ટાંત.

અ ને શીક્ષાનો એવો હુકમ થયો છે કે તે એકસો રૂપીયાનો દંડ આપે, અને દંડ ન આપે તો ચાર મહીના કેદ રેહે. હવે એ ઠેકાણે તે કેદનો એક મહીનો પુરો થતાં પેહેલાં તે દંડમાંના પોણોસો રૂપીયા આપવામાં કે વસુલ કરવામાં આવે, તો પેહેલો મહીનો પુરો થાય એટલે તુરત **અ** ને છોડી મુકવામાં આવશે. જો પેહેલો મહીનો પુરો થાય તે વખતે અથવા ત્યાર પછી **અ** કેદમાં છતાં કોઇ બીજી વખતે, પોણોસો રૂપીઆ આપવામાં કે વસુલ કરવામાં આવે તો **અ** ને તુરત છોડી મુકવામાં આવશે. જો કેદના બે મહીના પુરા થતાં પેહેલાં તે દંડમાંના પચાસ રૂપીઆ આપવામાં કે વસુલ કરવામાં આવે, તો બે મહીના પુરા થાય એટલે તુરત **અ** ને છોડી મુકવામાં આવશે. જો તે બે મહીના પુરા થાય તે વખતે અથવા ત્યાર પછી **અ** કેદમાં છતાં કોઈ બીજી વખતે, પચાસ રૂપીયા આપવામાં કે વસુલ કરવામાં આવે તો, **અ** ને તુરત છોડી મુકવામાં આવશે;

ટીકા—કેદીને ચોરીના તોહોમત બદલ કેદની અને રૂ૨૫)ના દંડની અને દંડ નહિ આપે તો એક માસ જ્યાદે કેદ ભોગવવાની શિક્ષા કરી હતી. કેદીએ દંડ બદલ રૂ૨૨-૧-૧૧ ભરયા પણ તેની જેલરને ખબર ન કરયાથી દંડ બદલ કરેલી કેદની તમામ શિક્ષા ભોગવવી પડી તેથી દંડની રકમ પાછી આપવા હાઇકોરટમાં લખાણ થયાથી ઠરાવ્યુ કે દંડ પાછો આપવાનો હુકમ કરવાને આ કોરટને અધિકાર નથી. (જુઓ મુ. હા. વા.૪ પા. ૩૭ સરકાર વિરૂદ્ધ નાથા મુલા તા. ૯ અકટોબર ૧૮૬૭)

દંડ છ વર્ષ સુધીમાં અથવા કેદનીમુદતસુધીમાં કોઈ પણ વખતે

૭૦. દંડ અથવા તેનો જેટલો ભાગ આપવાનો બાકી રહે તેટલો ભાગ, શિક્ષાનો હુકમ થયા પછી છ વર્ષ સુધીમાં કોઈ પણ વખતે વસુલ થઈ શકે, અને અગર, તે શિક્ષાના હુકમ મુજબ ગુનેહગાર છ

વસુલ થઈ શકે. ગુનેહગારનાં મોતથી તેની મીલકત જવાબદારી માંથીછુટતીનથી

વર્ષ કરતાં વધારે મુદતની કેદને લાયક હોય તો તે મુદત પુરી થતાં પેહેલાં કોઈ પણ વખતે વસુલ થઈ શકે; અને ગુનેહગારનાં મોતથી, જે મિલકત તેનું મરણ થયા પછી. તેનાં કરજને સારૂ કાયદા પ્રમાણે જવાબદાર હોય, તે મિલકત તે દંડની જવાબદારીમાંથી છુટતી નથી.

ટીકા—આ કાયદા પ્રમાણે શિક્ષા થનારા ગુનાને માત્ર આ કલમ લાગુછે માટે વિશેષ અગર સામાન્ય કાયદા પ્રમાણે શિક્ષા આપવામાં આવનારા ગુના બદલ દંડ કરેચા છતાં વિશેષ ઠરાવ કરેલો હોયા શિવાય તેને આ કલમમાંના ઠરાવ લાગુ થતા નથી. તેમજ દંડ બદલ આપેલી શિક્ષા ભોગવી હોય તોપણ દંડ વસુલ કરી શકાયછે મે. કો. પા. ૩૫

દંડ ન આપ્યાથી કેદીની જંગમ મિલકત જપત થઈ શકે પણ દંડ વસુલ થતાં પહેલાં કેદી ગુજરી જાય તો તે કારણસર કેદીની સ્થાવર મિલકત જપત થવાને પાત્ર નથી. (જુઓ મુ.હા.વા. ૫ પા.૬૩ સરકાર વિરૂદ્ધ લાલુ કારવારના તા.૩૦જુલાઈ૧૮૬૮નો ફેસલો)

કેદી ઉપર સને ૧૮૫૦ના ૩૨ની કા. ૩ પ્રમાણે તોહોમત ઠરાવી રૂ૨૫૦)ના દંડની અને તે ના આપે તો ૬ હફતાની કેદની શિક્ષા કરી દંડપૈકી રૂ૨૩૮-૧૪-૩ ભરેચા. તેથી બાકીની દંડની રકમ એટલે બે દિવશની કેદના પ્રમાણની રકમ પી.કો.કા.૬૯પ્રમાણેમાફ કરી.

તેમાં ઠરાવ્યું કે કા. ૬૯ ગેરશીરસ્તે લાગુ કરીછે કારણ કે એ કલમતો તેજ આક્ટમાં લખેલા ગુનાને લાગુછે અગર બીજાને લાગુ પડેતો તે જે દંડનો ભાગ આપવા માંડ્યો હતો તે માફ કરવાસારૂ તે કાયદાની ત્યાર પછીની કલમથી આધાર મળતો નથી. અને પી. કો. કા. ૭૦ પ્રમાણેનો બાકીની રકમ હજીપણ વસુલ થઈ શકે (જુઓ મુ. હા. સરકાર વિરૂદ્ધ માયા દેવજી તા. ૧૫ સપટેંબર ૧૮૮૦નો ફેસલો)

કેદીનો એકહજાર રૂપીયા દંડ થયાથી અને બીજી શિક્ષા થયાથી તેણે હાઇકોરટમાં અપીલ કરી પણ અપીલ સાંભળવાના દિવસ અગાઉ કેદી મરણ પામ્યો તોપણ કેદીના વકીલે અપીલ સાંભળવા અને વારશનું વકીલાતનામું દાખલ કરવા કહ્યું એમ કહીને કે આ કલમ પ્રમાણે કેદીના મરણ પછી પણ તેની મિલકતથી દંડ વસુલ થઈ શકે તેમછે માટે તકરાર સાંભળવી. તેમાં ઠરાવ્યું કે વારેશ કીંવા મૃત્યુપત્ર અમલાવનારને હક આપવા ક્રી. પ્રો. કોડમાં ઠરાવ નથી માટે અપીલ બંધ થશે. (જુઓ મુ. હા. ઇંડિયન લા. રી. વા. ૨ પા. ૫૬૪ સરકાર વિરૂદ્ધ ડોંગાજી અંદાજી તા. ૨૯ અપરેલ ૧૮૭૮નો ફેસલો)

જે ગુનો ઘણા ગુનાહોથીબનેલો હોય તેની શીક્ષાની હદ.

૭૧. જો જે વસ્તુ ગુનોહછે તે જુદા જુદા ભાગોથી બનેલી હોય, અને તે ભાગો માંહેલો હરકોઈ ભાગ જાતેજ ગુનોહ હોય, તો, એથી બીજી રીતે કરવું એવો સાફ ઠરાવ ન કરેચો હોય તો, ગુનેહગારને તે તેના ગુનાહોમાંના એક કરતાં વધારે ગુનાહની શિક્ષા કરવી નહી.

દ્રષ્ટાંતો.

(અ) અ ઝ ને એક લાકડીથી પચાસ સપાટા મારે, તો એ ઠેકાણે એ સઘળા મારથી, તથા તે સઘળા મારમાં જેટલા સપાટા આવ્યાછે તેમાંના હરએક સપાટાથી પણ ઝ ને બુદ્ધિપુરવક બ્યથા કરવાનો ગુનોહ અ એ કરેચો હોય એમ બની શકેછે. હવે જો તે હરએક સપાટાને માટે અ શિક્ષા લાયક હોય, તો દરએક સપાટાને સારૂ એક વરસ એ પ્રમાણે પચાસ વરસની કેદ અ ને થઇ સકે. પણ સઘળા મારને સારૂ એકજ શિક્ષાને તે લાયક છે.

(બ) પણ અ ઝ ને મારે છે એટલામાં ય વચ્ચે પડે અને અ ઇરાદાથી ય ને મારે, તો ઝ ને બુદ્ધીપુરવક બ્યથા કરવાની એક શિક્ષાને, તથા ય ને સપાટો મારેચો તેની

બીજી શિક્ષાને આ લાયક છે કેમકે જે કામથી અ એ ઝ ને બુદ્ધીપુર્વક બથા કરી તે કામનો વ ને મારેલા સપાટો કાંઈ ભાગ નથી.

ટીકા—કેદીપર એકજ વખતે કરેલા ગુના બદલ કા. ૩૮૦ અને ૪૫૭ મુજબ જુદાં જુદાં તોહોમતો રાખી જુદી જુદી શિક્ષા ઠરાવેલી તેમાં હાઇકોરટે ઠરાવ્યું કે કેદીએ આ બેઉ કલમો મુજબ એકજ વખતે ગુનો કરેલોછે માટે પી. કો. કા. ૭૧ લાગુ પડેછે અને માજીસ્ત્રેટને એક ગુના બદલ ફક્ત બારેસની શિક્ષા કરવાનો અખત્યારછે માટે તેટલી કાયમ રાખી બીજી રદ કરી (જુઓ મુ. હા. વા. ૧ પા. ૮૭ સરકાર વિરુદ્ધ અરજુનનો તા. ૪ નવેંબર ૧૮૬૩નો ફેસલો)

જે વખતે સ્વરૂપમાં એકજ અપરાધ હોય અને કેદીપર એક તોહોમત જે કૃત્યપરથી મુકાયુ તેજ કૃત્ય તેનાપર બીજુ તોહોમત ઠરાવવાને કારણ હોય તો એવી વખતે દરેક તોહોમત બદલ શિક્ષા આપવી નહિ. (કા. વી. રી. વા. ૯ પા. ૧૨

કેદીપર કા. ૩૮૦. ૪૫૭ મુજબ બેઉ તોહોમતો ઠરાવી તે બેઉ બદલ એક એક વર્ષની શિક્ષા માજીસ્ત્રેટે ઠરાવા, અપીલમાં સેશનજજે એ કૃત્ય એકજ ગુનોછે માટે પી. કો. કા. ૭૧ પ્રમાણે એ બે કૃત્ય બદલ જુદી જુદી શિક્ષા થઈ શકતી નથી. તેથી એક વર્ષની કાયમ રાખી બીજી ફેરવી તેમાં હાઇકોરટે ઠરાવ્યું કે કેદીપર ચોરી કરવાને ઈરાદે ઘર ફોડવાનો અને રહેવાના ઘરમાં ચોરી કરવાના એવા બે અપરાધ બદલ શાબિતી થયાથી પ્રત્યેક બદલ જુદી જુદી શિક્ષા માજીસ્ત્રેટને કરવાનો અધિકારછે. પણ કેદીપર• શાબિત થયેલા તોહોમત પૈકી મોટા અપરાધની જે શિક્ષા કહી હોય તે કરતાં બેઉ તોહોમતની એકંદર શિક્ષા વધારે થાય નહિ તેમજ એકંદર શિક્ષા માજીસ્ત્રેટના અધિકારથી બહાર જાય નહિ તો બસછે. (જુઓ મુ. હા વા. ૯ પા. ૧૭૨ સરકાર વિરુદ્ધ અનવરખાં ગુલખાં વિગરેનો તા. ૨૩મે ૧૮૭૨નો ફેસલો)

ગુનેહગારે ઘણાગુનાહોમાંથી એક ગુનોહ કરયો એમ સાબીત થાય છે, પણ કયો એ બાબત શક છે એ પ્રમાણે ફેસલામાંલખવામાં આવે, ત્યારેશીક્ષા.

૭૨. જે જે બાબતોમાં એવો ફેસલો આપવામાં આવે કે ફલાણુ ફલાણા જુદા જુદા ગુનાહોમાંનો એક ગુનોહ ફલાણા સખસે કરયો છે, પણ તેઓમાંનો કયો એક કરયો છે તે વિષે શક છે, તે સરવે બાબતોમાં અગર તે સઘળા ગુનાહોને સારૂ એક સરખીજ શિક્ષા નં ઠરાવી હોય તો, જે ગુનાહને સારૂ ઓછામાં ઓછી શીક્ષા ઠરાવી હોય તે શીક્ષા તે ગુનેહગારને કરવામાં આવશે.

એકાંત કેદ.

૭૩. કોઈ સખસની ઉપર એવો ગુનોહ સાબીત થાય કે, તેને માટે, આ કાયદા મુજબ, તેને સખત કેદની શિક્ષા કરવાનો કોરટને અખત્યાર છે, તો તે ગુનેહગારને જેટલી મુદતની કેદનો હુકમ કરવામાં આવે તે મુદતના આટલા ભાગ અથવા ભાગો સુધી તેને એકાંત કેદમાં રાખવો એ રીતે તેના શિક્ષાના હુકમમાં ફરમાવવાને કોરટ મુખત્યાર છે; પણ સઘળું મળીને તે એકાંત કેદની મુદત ત્રણ મહીનાથી વધારે ન હોવી જોઇએ, અને તે નીચેના હીસાબોપ્રમાણે હોવી જોઇએ. (એટલે)—

જો કેદની મુદત છ મહીનાથી વધારે ન હોય, તો એકાંત કેદની મુદત એક મહીનાથી વધારે ન જોઇએ.

જો કેદની મુદત છ મહીનાથી વધારે હોય અને એક વરસથી વધારે ન હોય, તો એકાંત કેદનીમુદત બે મહીનાથી વધારે ન જોઇએ.

જો કેદની મુદત એક વરસથી વધારે હોય, તો એકાંત કેદની મુદત ત્રણ મહીનાથી વધારે ન જોઇએ.

એકાંત કેદની હદ.

૭૪. એકાંત કેદની શીક્ષાનો હુકમ બજાવવામાં તેવી કેદ એકી વખતે કદાપી ચઉદ દિવસ કરતાં વધારે ન હોવી જોઇએ, અને એકાંત કેદની મુદતોની વચે તે મુદતો કરતાં ઓછી વેળા ન જવી જોઇએ; અને જ્યારે કેદની શિક્ષા ત્રણ મહીનાથી વધારે મુદતની હોય, ત્યારે તે ફરમાવેલી આખી કેદની મુદતના કોઈ પણ એક મહીનામાં સાત દિવસ કરતાં વધારે એકાંત કેદ ન હોવી જોઇએ, અને એકાંત કેદની મુદતોની વચે તે મુદતો કરતાં ઓછી વેળા ન જવી જોઇએ.

જે સખસોની ઉપર એક વાર આગળ ત્રણવરસની કેદની શીક્ષા થાય એવા ગુનોહ સાબીત થયો હોય તેઓની ઉપર તેવા કોઈ બીજો ગુનોહ સાબીત થાય, તોતેઓને શિક્ષા.

૭૫. જે સખસની ઉપર એવો કોઈ ગુનોહ સાબીત થયો હોય કે જેને માટે આ કાયદાના બાબ ૧૨ મા અથવા બાબ ૧૭ મા મુજબ ત્રણ વરસ અથવા તેથી વધારે મુદતની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા થઈ શકે, તે સખસ ફરીથી એવો કોઇ ગુનોહ કરે કે જેને માટે તે બે બાબો માહેના ગમે તે બાબ મુજબ ત્રણ વરસ અથવા તેથી વધારે મુદતની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા થઇ શકે; તો તે સખસ એવા પાછળના હરેક ગુનાહને માટે જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને, અથવા એ પ્રમાણે ન બન્યું હોય તો તે ગુનાહને માટે જેટલી શીક્ષાને તે લાયક થાય તેથી બમણી શીક્ષાને, લાયક થશે; પરંતુ કોઇ પણ બાબતમાં દશ વરસથી વધારે મુદતની કેદને તે લાયક થશે નહી.

ટીકા—કેદીપર ઈ. પી. કા. ૩૮૦ પ્રમાણે તોહોમત રાખી તેને આ કલમ પ્રમાણે ૧૪ વર્ષ સમુદ્રપારની શિક્ષા કરી, કેમકે ૧૭મા બાબમાં લખેલા ગુના ૧૩ વખત કેદીએ કર્યા હતા. તેમાં ઠરાવ્યું કે પ્રથમના ગુના પીનલકોડ થતા પહેલાનાછે માટે હાલના ગુનાથી કેદી કા. ૭૫ ના શિક્ષાને લાયક નથી (મુ. હા. વા. ૪ પાને ૧૧ સરકાર વિરૂદ્ધ હુશાબીન એસુ તા. ૧૨ સપટેંબર સને ૧૮૬૭ના ફેસલો)

જે ગુના બદલ કેદીપર તોહોમત મુકવામાં આવ્યું હતું તેવો તેમજ તે બાબતમાંનો કોઈ ગુનો પ્રથમ નહિ કર્યો હતો તો આ કલમ પ્રમાણે જે શિક્ષા વધારે કરવામાં આવી છે તે બરાબર નથી અને

અગાઉ કરેલા ગુના બદલ થયેલી શિક્ષામાંથી ભોગવવાની બાકી રહેલી શિક્ષા હાલના ગુના બદલ કરેલી શિક્ષામાં ઉમેરીને તે શિક્ષાને જ્યાદે મુદતની સજા કરી શકવાનો આ કલમ પ્રમાણે કોઈ સે૦ જડજને અધિકાર નથી (જુઓ મુ. હા. વા. ૫ પા. ૨૬ સરકાર વિરૂદ્ધ સકયા કાવજી વિગરે તા. ૨૦ મે ૧૮૬૮નો ફેસલો)

ક્રી. પ્રો. ના બાબ ૨૨ (સને ૧૮૬૧ના ૨૫ માનો) તે હાલના આકટનો બાબ ૧૨ છે તે પ્રમાણે જે સજા સબોરડીનેટ માજીસ્ટ્રેટ કરી શકે તે કરતાં વધારે સજા કરવાંસારૂ આ કલમથી તેને, અધિકાર મળતો નથી (જુઓ તા. ૨ મારચ ૧૮૭૧નો મુ. હા. નો ફેસલો સરકાર વિરૂદ્ધ વિડયા વલદ સુભાના)

કેદી ઉપર પી. કો. ના બાબ ૧૨ તથા ૧૭ પ્રમાણે પ્રથમ કેટલાક ગુનાની શાબીતી થયેલી હતી છતાં સબોરડીનેટ માજીસ્ટ્રેટે તેને છમાસ કેદ અને ૨૦૦ દંડની શિક્ષા કરી પણ કેદીને હમેશ ગુના કરવાની ટેવછે માટે ક્રી. પ્રો. કા. ૩૧૫ (૧૮૭૨ના ૧૦ની) પ્રમાણે તેનો ઇનસાફ કરવાનો તે માજીસ્ટ્રેટને અધિકાર નહોતો એમ જીલ્લામાજીસ્ટ્રેટે હાઇકોરટને

લખ્યાથી તે કોરટ જીલ્લામાજીસ્ત્રેટના અભિપ્રાયને મળતા થયા (જુઓ મુ. હા. સરકાર વિરુદ્ધ અણાજી કસ્તુરાજી તા. ૨૪ અપરેલ ૧૮૭૩નો ફેસલો)

પીનલકોડના બાબ ૧૨ તથા ૧૭ માં કહેલા ગુનામાંનો ત્રણ વર્ષ યા તે કરતાં વધારે કેદ થાય એવો ગુનો પ્રથમ શાબિત થયેલો અને પછી તેજ બાબમાંનો તેટલી શિક્ષા થઈ શકે એવો ગુનો શાબિત થયાના કામમાં ઠરાવ્યું કે દશ વર્ષની સમુદ્રપારની શિક્ષા ગેરકાયદેશરછે. પી. કો. કા. ૭૫ મુજબ તોહોમતવાળાને જીવતાસુધી સમુદ્રપાર મોકલવો પણ તેને છવર્ષથી વધારે મુદતની કેદ થવી નહિ જોઇએ. (જુઓ મુ. હા. સરકાર વિરુદ્ધ ગોપાળ સંતુ તા. ૨૧ નવેંબર ૧૮૭૯નો ફેસલો)

પીનલકોડના બાબ ૧૨ તથા ૧૭ પ્રમાણે જે ગુનો ત્રણ અથવા વધારે વરશની કેદની શિક્ષાને પાત્રછે તેવો કાંઈ ગુનો કરવાને કોશિશ કરયાનો ગુનો કોઈ શખશ ઉપર શાબિત થયો હોય તો તેથી તે શખશ પી. કો. કા. ૭૫ માં ફરમાવેલી વધારે સજાને પાત્ર થતો નથી. (જુઓ મુ. હા. ઈ. લા. રી. વા. ૫ પા. ૧૪૦ સરકાર વિરુદ્ધ નાના રેહીમ તા. ૨૮ અકટોબર ૧૮૮૧)

પી. કો. ના ૧૨ મા યા ૧૭ મા બાબ પ્રમાણે જે ગુનાને ત્રણ વરશની કેદની શિક્ષા ફરમાવીછે તેવો અપરાધ કોઇએ કરયા છતાં તેનાપર તોહોમત શાબિત થતા અગાઉ ને બીજા તેવોજ અપરાધ કરે તો તે બીજા અપરાધ બદલ કા. ૭૫ પ્રમાણે તે જ્યાદે શિક્ષાને પાત્ર નથી. અગાઉ કરેલા અપરાધનું તોહોમત શાબિત થયા પછી તેણે તે બીજો અપરાધ કરયો હોતતો માત્ર એ કલમમાં આખરે કહ્યા પ્રમાણે તે જ્યાદે શિક્ષાને પાત્ર હોત. (જુઓ અલ્હાબાદ ઈ. લા. વા. ૧ પા. ૬૩૭ સરકાર વિરુદ્ધ મેઘા તા. ૨ એપ્રીલ ૧૮૭૮ નો ફેસલો)

કેદીપર કા. ૩૮૦ અને ૪૫૭ મુજબ તોહોમત ઠરાવી દરેક ગુના બદલ બેબેવરશ સુધીની શિક્ષા કરી તેમાં ઠરાવ્યુ કે કેદીપર બંને ગુનાનું એકજ તોહોમત રાખી એને માટે કરેલી શિક્ષા કમી કરી ફકત બે વરશ કાયમ રાખ્યાં અને એમ પણ ઠરાવ્યું કે કેદી એવા ગુનાનો કેટલીક વખત અગાઉ તકશીરવાર ઠર્યો હતો તેથી માજીસ્ત્રેટે તેને શેશનમાં કમીટ કરવો હતો કેમકે કા. ૭૫ મુજબ ઘટતી શિક્ષા થાત. (મુ. હા. વા. ૨ પા. ૧૨૬ સરકાર વિરુદ્ધ ગનુલાડુ તા. ૮ જાન્યુઆરી ૧૮૬૪)

બાબ ૪ થો.

સાધારણ અપવાદ.

જે કામ કરવાની જે સખસની ફરજછે, અથવા જે કરવાની માહારી કાયદા પ્રમાણે ફરજછે એમ જે સખસ કાંઈ હકીકતની ભુલને લીધે માનેછેતે સખસે કરેલું તે કામ.

૭૬. જે સખસની જે વસ્તુ કરવાની કાયદા પ્રમાણે ફરજ છે, અથવા કાયદાની કાંઇ ભુલના સબબથી નહી, પણ હકીકતના કાંઇ ભુલના સબબથી, જે સખસ સુદ્ધ બુદ્ધિથી એમ માને છે કે એ વસ્તુ કરવાની માહારી કાયદા પ્રમાણે ફરજ છે, તે સખસ જો તે વસ્તુ કરે, તો તેગુનો છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંતો.

(અ) અ સોલજર, કાયદાના હુકમ મુજબ, પોતાના ઉપરી અમલદારના ફરમાવ્યાથી લોકોનાં એક ટોળા ઉપર બંદુકનો એક બાહાર કરે, તો અં એ કાંઇ ગુનોહ કીધો એમ સમજવું નહી.

(બ) એક ઇનસાફની કોરટના અમલદાર અ ને તે કોરટે ય ને પકડવાનો હુકમ કરયા ઉપર.

થી ધટતી તજવીજ કરીને, ઝ ને ય માનીને તે ઝ ને પકડે, તો ય એ કાંઇ ગુનોહ કીધો એમ સમજવું નહી.

ટીકા—આ કલમમાં કહ્યા પ્રમાણે કાંઈ કૃત્ય કરેયા છતાં ગુનો થતો નથી તેનો અર્થ એકે તેને આ કાયદા પ્રમાણે શિક્ષા થતી નથી પરંતુ તેનાપર દીવાનીમાં દાવો થઈ શકેછે.

ઇનસાફનું કામ કરતાં કરેલું જડજનું કામ.

૭૭. જે અખ્તિયાર જે જડજને કાયદાએ આપેલો છે, અથવા જે જડજ શુદ્ધબુદ્ધિથી એમ માને છે કે આ અખ્તિયાર મને કાયદાએ આપેલોછે, તેવો કાંઇ અખ્તિયાર અમલમાં લાવતાં તે જડજ ઇનસાફનું કામ કરવામાં જે વરતુ કરે, તે ગુનોહ છે એમ સમજવું નહી.

ટીકા—આ કલમ કમીટ કરનાર માજીસ્ત્રેટનો બચાવ કરતી નથી કેમકે કા. ૧૯માં "જડજ" શબ્દની વાખ્યાછે તેના ડ દ્રષ્ટાંત પ્રમાણે કમીટીંગ માજીસ્ત્રેટ જડજ નથી.

વળી શુધબુદ્ધિએ કામ કરનાર કોઈ જડજપર દીવાના કોરટમાં પણ ફરિયાદ થઈ શકે નહિ તેને માટ સને ૧૮૫૦નો ૧૮મો આકટછે.

તો પણ તેથી એમ નથી કે તેઓ જે કામ અખત્યાર બહાર કરે તેમાં પણ તેમને તે કાયદાનો લાભ મળે. સરકાર વિરૂદ્ધ દલસુખ હરીભાઇનો ફેસલો મુ. હા. વા. ૨ પા. ૩૮૪ મે. તા. ૨૭ અપરેલ ૧૮૬૬નો છપાયોછે તેમાં એમછે કે એક માજીસ્ત્રેટે તોહોમત વાળાની ઇમારત પડાવી નાખવા હુકમ કરેલો તેપરથી તોહોમત વાળાએ શેશન જડજને અપીલ કરેલી તેથી શેશન જડજે માજીસ્ત્રેટ પાસે કામના કાગળો મંગાવ્યા. પણ જડજને કાગળો મંગાવવાનો અખ્તિકાર નથી એમ લખી તેમના જવાબની રાહ ન જોતાં તોહોમત વાળાનું ઘર પડાવી નંખાવ્યુ અને વળી હુકમના અપમાનનું કામ ચલાવી શિક્ષા કરી. તેમાં હાઇકોરટે ઠરાવ્યું કે માજીસ્ત્રેટે શેશન જડજના હુકમ પ્રમાણે તરતજ ચાલવું જોઇતું હતું અને અપીલકોરટનો ઠરાવ થતાસુધી હુકમના અપમાનનું કામ ચલાવવું નહોતું તેમજ ઘર પડાવવું નહોતું. છતાં માજીસ્ત્રેટે આમ કર્યુંછે તો તેને સને ૧૮૫૦ના ૧૮માનો લાભ મળે કે નહિ એ પણ એક સવાલછે.

ત્યારે એ ઉપરથી જોવાનુંછે કે કોઇપણ જડજે પોતાને મળેલા અખ્તિકાર બાહાર કામ કરયાથી તેને આ કલમનો લાભ મળે નહિ.

કોઇ ઇનસાફી કોરટના ફેંસલા અથવા હુકમ મુજબ કરેલું કામ

૭૮. કોઇ ઇનસાફની કોરટનો ફેંસલો અથવા હુકમ કાયમ હોય, તે, દરમિયાનમાં તે ફેંસલા અથવા હુકમ મુજબ કરેલી કાંઇ વરતુ અથવા તે ફેંસલા અથવા હુકમથી થઇ શકે એવી કાંઇ વરતુ ગુનોહ છે એમ સમજવું નહી, પછી તે ફેંસલો અથવા હુકમ કરવાનો તે કોરટનો અખ્તિકાર ન હોય તેની કાંઇ ચિંતા નહી; પરંતુ તે કામ કરનાર સખશે શુદ્ધબુદ્ધિથી એમ માનવું જોઇએ કે તે કોરટને તે અધિકાર છે.

ટીકા—"ઇનસાફની કોર્ટ"ની વાખ્યા કલમ ૨૦માં આપેલીછે તે જુઓ. કોઈ શાક્ષી કોરટમાં સાહેદી આપવા જતો હોય અને માર્ગમાં તેને કોઈ દીવાની કોરટના પ્રોસેશથી સીપાઈ પકડે અને તે સાહેદ સીપાઇને કહેકે મારે સાહેદી પુરવા જવુંછે તે વાત તે સીપાઈ મનમાં ન લાવતાં તેને પકડેતો તેવી વખતે આ સીપાઈ આ કલમ પ્રમાણે બચાવ કરવાને હકદાર થતો નથી કારણ કે સી. પ્રો. કો. કા. ૬૪૨ પ્રમાણે તેવા માણસો સાહેદી પુરવા જતી વખતે કેદ પકડાઈ શકાય નહિ. એટલે સીપાઇ યા બેલીફ જે કામ કરે તે કોરટના અખ્તિકાર બાહારનું કરેછે.

વળી મુ. હા. દીવાની વાલ્યુમ ૮ને પાને ૧૨૭મે બાઇ કુંવર વિરૂદ્ધ વેણીદાસ ગંગારામનો અને ફોજદારી મુ. હા. વા. ૭ પાને ૮૩મે સરકાર વિરૂદ્ધ ગજીકોમ આબાડોરનો

જે ફેસલો છપાયોછે તે ફેસલા આ પ્રમાણે તથા સી. પ્રો. કો. કા. ૨૭૧ પ્રમાણે દીવાની કોરટના કોઈ સીપાઈ યા બેલીફને જંગમ મિલકત જપત કરવા માટે દેણદારના રેહેવાના ઘરનો આગલો દરવાજો ઉઘાડવાનો અધિકાર નથી છતાં તે ઉઘાડી અંદર જાય તો આ કલમ પ્રમાણે તેનો બચાવ થઈ શકે નહિ.

નિચેની કોરટનો હુકમ રદ થતાં સુધી તે કાયમ સમજવો અને તેથી કોરટ જે હુકમ કરે તે તેના અમલદારોએ બજાવવો. ગ્ટાર. પૃ. ૧૫

જે કામ કરવાની જે સખસને કાયદાથી રજાછે, અથવા જે કરવાની મને કાયદાથી રજા એમ જે સખસ કાંઇ હકીકતની ભુલને લીધે માનેછે તે સખસે કરેલું તે કામ.

૭૯. જે સખસને જે વસ્તુ કરવાની કાયદાથી રજાછે, અથવા કાયદાની કાંઇ ભુલના સબબથી નહી, પણ હકીકતની કાંઈ ભુલના સબબથી જે સખસ શુદ્ધબુદ્ધિથી એમ માને છે કે એ વસ્તુ કરવાની મને કાયદાથી રજા છે તે સખસ જો તે વસ્તુ કરે, તો તે ગુનોહ છે એમ સમજવું નહી.

દ્દષ્ટાંત.

ઝ ખુન કરે છે એવું સમજીને અ ઝ ને પકડે. હવે ખુન કરનારાઓને ખુન કરતાં પકડવાનો અખ્તીયાર કાયદાએ સઘળા સખસોને આપ્યોછે તે અખ્તીયાર પોતાની અક્કલ શુદ્ધબુદ્ધિથી ચલાવીને અમલમાં લાવતાં અ ઝ ને પકડે, એવા હેતુથી કે તેને યોગ્ય અમલદારની આગળ હાજર કરવો, તો અ એ કાંઇ ગુનોહ કરયો એમ સમજવું નહી; પછી એમ માલમ પડે કે ઝ પોતાના બચાવમાં કાંઇ કામ કરતો હતો તોપણ.

ટીકા—કોઇપણ ગેરકાયદેશર કૃત્ય માબાપની કીંવા ધણીની આજ્ઞાથી કર્યું એવો સબબ આ કલમ પ્રમાણે ચાલે નહિ. (આલીશન ક્રી. લો. પાને ૬૭૧. ૬૭૨)

ઈંગરેજી લા પ્રમાણે મોટા અંધારે અપરાધ નહિ હોય એવું કૃત્ય ધણીની રૂબરૂ ધણીયાણીએ કર્યું તે તેના ધણીએ બળાત્કાર કરયાથી કર્યું તો તેને માટે ધણી શિક્ષાને પાત્ર થાયછે (આર્ચબોલ્ડ ક્રી. લા. પાને ૧૮) પણ સ્કાચલા પ્રમાણે જોતાં એવી બાબતમાં સદરહુ સબબ લાગુ થતો નથી (એજ લાને પાને ૬૬)

કાયદાની ગેરમાહીતી અગર ચુકથી કોઈનો બચાવ થતો નથી, એ વિશે સાધારણ નિયમ એવોછે કે જે માણસને કાયદો સમજવા જેવું જ્ઞાનછે તેવા દરેકને કાયદાનું જ્ઞાન છે એવું અનુમાનછે તેથી કોઇ પરરાજ્યના માણસે કરેલું કૃત્ય તેના દેશમાં ગુનો થતો નહિ હોય પણ જે ઠેકાણે ચોકશી ચાલી હોય તે ઠેકાણે તે ગુનો થતો હોય તો એ વિશે પોતાને માહીતી નહોતી એમ કહેતો ચાલે નહિ (આર્ચબોલ ક્રી. લા. પાને ૧૯)

આ કલમનો સાધારણ અપવાદ અને ક્રી. પ્રો. કો. ૧૦૦ ની રકમ ૫ (સને ૧૮૬૧ ના આકટ ૨૫ નીછે પણ હાલના સને ૧૮૮૨ના ૧૦મા આકટમાં તેને બદલ કા. ૫૪છે) માં આપેલો અધિકાર એ જે કોઈ પોલીસ અમલદાર યોગ્ય ખબરદારીથી કામ કરતો નથી તેનું સંરક્ષણ કરતો નથી જે મિલકત ચોરીનીછે એમ શાબિત થયું હોય તેવી બાબતમાં એ કલમ લાગુછે પણ એકાદ વસ્તુ ચોરીનીછે એવું કોઈ પોલીશ અમલદાર માને તો તેને લાગુ નથી. તેથી જો મિલકત ચોરીનીછે એમ નિશ્ચય જાણ્યા શિવાય તેવા માણસને કોઇ પોલીશ અમલદાર પકડે તો તેને આ કલમનો બચાવ માગવાનો હક નથી (જુઓ કા. વી. રી. વા. ૧૦ પાને ૨૦ સીખશરેનસાહી વિરૂદ્ધ મુહમદ ફાજીલખાન તા. ૧૭ જુલાઇ સને ૧૮૬૮નો ફેસલો)

કાંઇ કાયદેસર કામ કરતાં ઈતિફાક.

૮૦. કાંઈ કાયદેસર કામ, કાયદેસર રીતે, કાયદેસર ઉપાયોથી તથા ઘટતી સંભાળ અને ખબરદારીથી કરતાં ઇતે-

ફાકન અથવા કમનસીબથી અને સાપ્રાધ ઇરાદા કે જ્ઞાન વિના થએલી કાંઇ વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

અ એક કુહાડો લઇને મજુરીનું કામ કરે છે, એટલામાં તેનું માથુ હાથામાંથી જાદુ થઇને ઉડીને પાસે ઉભેલા એક માણસને લાગીને તે માણસ મરી જાય, તો એ ઠેકાણે જો બરાબર ખબરદારી રાખવામાં **અ** ની તરફની કાંઈ કસુર ન હોય, તો **અ** નું કામ માફ કરવા જેવું છે, ગુનોહ નથી, એમ સમજવું.

જે કામથી હાની થાય એવો સંભવ હોય તે કામ, ગુનાહના ઇરાદા વગર, તથા બીજી હાની અટકાવવાને, કરેલું.

૮૧. જો કાંઇ વસ્તુ હાનિ કરવાના સાપરાધ ઇરાદા વગર, તથા શુદ્ધબુદ્ધિથી શરીર અથવા મિલકતને થતી બીજી હાની અટકાવવાને અથવા તેથી તે બચાવવાને, કરી હોય, તો તે વસ્તુથી હાનિ થશે હેવો સંભવ છે એમ જાણીને તે વસ્તુ કીધી એટલાજ સબબ પરથી તે ગુનોહ છે એમ સમજવું નહી.

ખુલાસો—એવી બાબતમાં તે અટકાવવાની અથવા જેથી બચાવ કરવાનો તે હાનિ એવી તરેહની તથા એટલીજ નજદીકની હતી કે જે કામથી બીજી હાની થશે હેવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામનું જોખમ માથે લેવું એ કાયદેસર અથવા માફ કરવા જેવું ગણાય, એ હકીકતની બાબત છે.

દૃષ્ટાંતો.

(અ) એક આગબોટના કપતાન અને, એકાએક, તથા પોતાની તરફની કાંઈ ભુલ અથવા ગફલત વિના, એમ દીઠામાં આવે કે હું એવી સ્થિતિમાં આવી પડ્યો છું કે જો હું માહરાં વાહાણનો મારગ બદલું નહી તો તેને હું અટકાવી શકુ તે પેહેલાં, ૨૦ અથવા ૩૦ ઉતારૂવાળી એક બ હોડીને એ વાહાણ લાગીને જરૂર નિચે બેસાડી દેશે, અને જો હું મારગ બદલું તો માત્ર ર ઉતાર વાળી એક ક હોડી નીચે બેસાડી દેવાનું જોખમ માથે લેવું પડે, અને તે હોડી એવી છે કે બને તો બચી પણ શકે. હવે એ ઠેકાણે ક હોડી નિચે બેસાડી દેવાના ઇરાદા વગર, તથા શુદ્ધબુદ્ધિથી, બ હોડી માંહેના ઉતારૂઓને બચાવવાના હેતુથી, જો **અ** પોતાનો મારગ બદલે, તો, જે કામ કરેથી ક હોડી નીચે બેશી જશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામ કરેથી ક હોડી નીચે બેસી જાય તોપણ, **અ** એ કાંઇ ગુનોહ કીધો એમ સમજવું નહી; પરંતુ હકીકતની બાબત દાખલ એમ માલમ પડવું જોઇએ કે જે ભયમાંથી બચવાનો તેણે ઇરાદો કર્યો તે એટલો મોહોટો હતો કે, તેને લીધે તેણે ક હોડી નિચે બેસાડી દેવાનું જોખમ માંથે લીધું તે માફ થઇ શકે.

(બ) એક મોહોટી આગમાં **અ** લોકોનાં ઘરો તોડી પાડે, એટલા સારૂ કે તે આગ પથરાતી અટકે; અને એ કામ તે, શુદ્ધબુદ્ધીથી, માણસની જીંદગી અથવા મીલકત બચાવવાના ઇરાદાથી કરે, તો એ ઠેકાણે, જો એવું માલમ પડે કે અટકાવવાની હાનિ એવી તરેહની તથા એટલી નજદીકની હતી કે તેથી **અ** નું કામ માફ થાય તો, **અ** બ એ ગુન્હો કીધો એમ સમજવું નહી.

ટીકા—કોઈ માણસ પોતાને ઇજાછે તે બંધ કરવા માટે બીજાને ઇજા થાય એવું કરે એટલે પોતાને ખાવા ન મળતુ હોય યા પહેરવા ન મળતુ હોય તેવી વખતે ધાન્ય અથવા વસ્ત્ર ચોરે તો તેનું કૃત્ય કાયદેસરછે કે નહિ? તે વિશે અદ્યાપીસુધી શક પડતી વાતછે તોપણ પીનલકોડ કા. ૯૬થી ૧૦૬ સુધીમાં જે પ્રકારમાં ખાનગી બચાવ કરવાનો હકછે તે પ્રકારમાં આવી રીતનો ખાનગી બચાવ કરવાનો હક બતાવ્યો નથી તો તે ચોરી કરનારનો અન વસ્ત્રના વાખાથી ચોરી કર્યાનો સબબ ચાલે નહિ અને તેને આ કલમનો લાભ મળે નહિ.

કેદીના તાડના ઝાડની તાડી જે વાસણમાં તે ભરી મુકતો તેમાંથી કોઈ એક હમેશાં તાડી ચોરી જતો તેથી તે ચોરી કરનારને પકડવા માટે તાડી ભરેલા વાસણમાં એક ઝેહેરી પદાર્થ મુકયો. તે પછી તે તાડીમાંથી ચોરાયલો તાડી બીજાને વેચવામાં આવતાં તે પીનારને હરકત થઈ તે ઉપરથી કેદીપર કામ ચાલતાં તેણે આ કલમનો લાભ માગ્યો પણ હાઇકોરટે આ કલમ એવી બાબતમાં લાગુ નથી પડતી એમ ઠરાવ્યું (જુઓ મું. હા. વા. ૫ પાને ૫૯ સરકાર વિરૂદ્ધ ધનીઆ દાજી તા. ૨૭ જુલાઈ સને૧૮૬૮નો ફેસલો)

૭ વર્ષથી ઓછી ઉમરનાં બાળકે કરેલું કામ.

૮૨. સાત વર્ષથી ઓછી ઉમરના બાળકે કરેલી કાંઇ પણ વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી.

૭ વર્ષથી વધારે અને બાર વર્ષથી ઓછી ઉમરનું બાળક જેની અકલ જોઇએ એટલી પુખ્ત થઈ નથી તેનું કામ.

૮૩. સાત વર્ષથી વધારે અને બાર વર્ષથી ઓછી ઉમરનું બાળક જેની અક્કલ તે વખતે પોતાની ચાલ કેવી છે તથા તેથી શું પરિણામો થશે એ બાબત વિચાર કરી શકે એટલી પુખ્ત થઇ નથી તેણે કરેલી કાંઇ પણ વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી.

દીવાના સખસનું કામ.

૮૪. જે સખસ કાંઇ કામ કરતી વખતે, દીવાનગીના સબબથી, હું કેવી રીતનું કામ કરૂછું એ, અથવા જે કામ હું કરૂછું તે ખોટું છે અથવા કાયદાથી ઉલટુ છે એવું જાણી શકતો નથી, તેનું કરેલું કામ તે કામ ગુનોહ છે એમ સમજવું નહી.

ટીકા—જ્યુરીએ ઠરાવ કર્યા અગાઉ આરોપીતના ગાંડાપણાની વાત સ્પષ્ટ પ્રકારે શાબિત થવી જોઇયે (કા. વી. રી. વા. ૨૦ પાને ૭૦ સરકાર વિરૂદ્ધ નોબીનચંદર બાનરજી તા. ૨૪ અકટોબર ૧૮૭૩ નો ફેસલો જુઓ)

પોતાની ખુશી ન છતાં થએલી કેફના સબબથી જે સખસ વીચાર કરવાને અશક્ત થયોછે તેનું કામ.

૮૫. જે સખસ કાંઇ કામ કરતી વખતે, કેફના સબબથી હું કેવી રીતનું કામ કરૂછું એ, અથવા હું જે કામ કરૂછું તે ખોટું છે અથવા કાયદાથી ઉલટુ છે એવું, જાણી શકતો નથી, તેનું કરેલું તે કામ ગુનોહ છે એમ સમજવું નહી; પણ જે વસ્તુથી તેને કેફ ચહડી તે વસ્તુ તે ન જાણે એમ અથવા તેની ખુશી ન છતાં તેને ખવાડી હોય તો.

જે ગુનાહમાં અમુક ઇરાદો અથવા જ્ઞાન જોઇતુ હોય, તે ગુનોહ

૮૬. જે જે બાબતોમાં કાંઇ કામ અમુક જ્ઞાન અથવા ઇરાદાથી કર્યું ન હોય તો તે ગુનોહ ન ગણાય એવું હોય, તે તે બાબતોમાં જે સખસ કેફની હાલતમાં હોઇને તે કામ કરે તે સખસની ઉપર,

જેને કેફ ચડાવ્યો હોય એવા માણસે કરેલો.

જાણે તેને કેફ ન ચડી હોત તો જે જ્ઞાન તેને હોત તેજ જ્ઞાન તેને હતું એમ સમજીનેજ, અમલ થવાને તે લાયક થશે; પણ જે વસ્તુથી તેને કેફ ચહડી તે વસ્તુ તે ન જાણે એમ અથવા તેની ખુશી ન છતાં તેને ખવડાવી ન હોય તો.

જે કામથી મોત અથવા મહાવ્યથા કરવાનો ઈરાદો કર્યો નથી, અથવા તે થશે એવો સંભવ જાણવામાં નથી, એવું કામ રજામંદીથી કરેલું.

૮૭. જે વસ્તુથી મોત અથવા મહાવ્યથા કરવાનો ઇરાદો કર્યો નથી, અને જેથી મોત અથવા મહાવ્યથા થશે એવો સંભવ છે એમ તેહેના કરનાર જાણતો નથી, તે વસ્તુ કરવાથી, થતી હાનિ ખમવાની જે સખસે સાફ રીતે અથવા અર્થાત સમજાય એવી રીતે, રજામંદી આપી હોય, એવા અઢાર વર્ષથી વધારે ઉમરના કોઇ સખસને કાંઇ હાનિ થાય અથવા કાંઈ હાનિ કરવાનો તે વસ્તુ કરનારે ઇરાદો કર્યો હોય, ત હાનીના સબબથી, અથવા એવા જે સખસે તે હાનિનું જોખમ માથે લેવાની રજામંદી આપી હોય તે સખસને તે વસ્તુથી કાંઇ હાનિ થશે એવો સંભવ છે એમ તે વસ્તુ કરનાર જાણતો હોય, ત હાનીના સબબથી, તે વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

અ તથા ઝ અમથા રમતને સારૂ એક બીજા સાથે પટો ખેલવાનું કબુલ કરે, તો, એ કબુલતમાં અર્થાત હરએકની હેવી રજામંદી સમજાય છે કે વગર દગલબાજીએ તે પટો ખેલતાં જે હાનિ થાય તે ખમવી. હવે અ થી વાજબી રીતે ખેલતાં ઝ ને કાંઇ વ્યથા થાય, તો અ એ કાંઇ ગુનોહ કર્યો એમ સમજવું નહી.

ટીકા—આ અને હવે પછીની કલમમાં આવેલી રજામંદી નિચે પ્રમાણેના સબબથી આપી હોય તો તે રજામંદી કાયદેસર નથી.

દબાણથી આપી હોય, કપટથી મેળવી હોય, વાત છુપાવાથી મળી હોય, રજામંદી જુની થઈ ગઈ હોય, પ્રથમ આપેલી રજામંદી પાછળથી રદ કરી હોય, ગાંડા માણસે આપી હોય, કેફની હાલતમાં આપી હોય તથા બાળક છોકરાંએ આપી હોય તો. (જુઓ અંને થામ કૃત ન્યાયના મૂળ તત્વોના પુસ્તકનું પૃષ્ટ ૨૯૭)

જે કામથી મોત થાય એવો ઇરાદો કર્યો નથી. તે કામ, રજામંદીથી. તથા સુદ્ધબુદ્ધિથી કોઇ સખસના ફાયદાને માટે કરેલું.

૮૮. જે વસ્તુથી મોત થાય એવો ઈરાદો કર્યો નથી તે વસ્તુથી થતિ હાનિ ખમવાની અથવા તે હાનિનું જોખમ માથે લેવાની જે સખસે, સાફ રીતે અથવા અર્થાત સમજાય એવી રીતે, રજામંદી આપી હોય, તે સખસના ફાયદાને માટે સુદ્ધબુદ્ધિથી તે કરવામાં તે સખસને કાંઇ હાનિ થાય, અથવા તેને કાંઇ હાનિ કરવાનો ઇરાદો તે કરનારે કર્યો હોય, અથવા તેને તેથી કાંઇ હાનિ થશે હેવો સંભવ છે એમ તે કરનારે જાણ્યું હોય, તે હાનિના સબબથી તે વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

અમુક શસ્ત્રક્રિયા કરવાથી ઝ નું મોત થશે એવો સંભવ છે એમ જાણીને, પણ ઝ નું મોત આણવાનો ઇરાદો ન કરતાં અને ઝ કાંઇ દુખકારક રોગથી પીડા પામે છે તેને

ફાયદો થાય એવા ઇરાદાથી, સુદ્ધબુદ્ધિએ, ઝ ની રજામંદી લઇને, ઝ ની ઉપર તે શસ્ત્રક્રિયા, અ દાકતર કરે, તો અં એ કાંઇ ગુનોહ કર્યો એમ સમજવું નહી.

કોઇ બાળક અથવા દીવાનાના ફાયદા માટે, તેના વાલીએ, અથવા વાલીની રજામંદીથી બીજા સખ્સે. સુદ્ધબુદ્ધિથી કરેલું કામ. શરતો.

૮૯. કોઇ બાર વર્ષથી ઓછી ઉમરના અથવા દીવાના સખ્સના ફાયદાને માટે, તે સખ્સમો જે વાલી હોય અથવા જે બીજા સખ્સના કાયદેસર હવાલામાં તે સખ્સ હોય તે અથવા તેની સાફ રીતે અથવા અર્થાત સમજાય એવી રીતે રજામંદી લઇને કોઇ બીજો સખ્સ; સુદ્ધબુદ્ધિથી, કાંઇ વસ્તુ કરે, અને તે વસ્તુથી તે સખ્સને કાંઇ હાની થાય, અથવા તેને કાંઇ હાનિ કરવાનો ઇરાદો તે કરનારે કર્યો હોય, અથવા તેને તેથી કાંઇ હાનિ થશે એવો સંભવ છે એમ તે કરનારે જાણ્યું હોય, તો તે હાનિના સબબથી તે વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી; પરંતુ.

પેહેલી—ઇરાદાથી મોત આણવાને, અથવા મોત આણવાની કોશીશ કરવાને, આ અપવાદ લાગુ પડશે નહી.

બીજી—કાંઇ વસ્તુનો કરનાર સખ્સ એમ જાણતો હોય કે એથી મોત આવે એવો સંભવ છે, તે વસ્તુ મોત અથવા મહાવ્યથા અટકાવવાના, અથવા કાંઇ મોટો રોગ કે અશકતતા દુર કરવાના કારણથી કાંઈ બીજા કારણ માટે, તે સખ્સ કરે, તેને આ અપવાદ લાગુ પડશે નહી.

ત્રીજી—મોત અથવા મહાવ્યથા અટકાવવાનાં, અથવા કાંઇ મોટો રોગ કે અશકતતા દુર કરવાના, કારણ શિવાય બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાને, અથવા મહાવ્યથા કરવાની કોશિશ કરવાને, આ અપવાદ લાગુ પડશે નહી.

ચોથી—જે ગુનોહ કરવાને આ અપવાદ લાગુ પડતો નથી તે ગુનોહ કરવામાં મદદગારી કરવાને પણ એ લાગુ પડશે નહી.

દૃષ્ટાંત.

અ, શુદ્ધબુદ્ધિથી, પોતાના બાળકના ફાયદાને સારૂ પોતાનાં બાળકની રજામંદી શિવાય, તેની પથરી કહડાવવાને તેની જાંગ એક દાકતર પાસે ચિરાવે, અને તે એમ જાણતો હોય કે એ શસ્ત્રક્રિયાથી એ બાળકનું મોત થશે એવો સંભવ છે, પણ તે બાળકનો જીવ જાય એવો તેનો ઇરાદો ન હોય, તો અ આ અપવાદમાં દાખલ થાય છે કેમકે તેની મતલબ પોતાના બાળકનો રોગ જાય એ છે.

ટીકા—સગીર છોકરાને તેના બાપે અથવા પાલણ કરનારાએ અગર તેમાંના કોઈએ રજામંદી આપી હોય તેથી મેહેતાજી સાધારણ શિક્ષા આપે તેને આ અપવાદ લાગુ પડેછે જુઓ સ્ટારલીંગ પૃષ્ટ ૧૮

દેહશત અથવા ખોટી સમજથી અપાઇછે. એવી જાણેલી રજામંદી.

૯૦ કાંઈ નુકશાનની દેહેસતથી અથવા હકીકતની ખોટી સમજથી કાંઈ રજામંદી કોંઈ સખ્સથી અપાઈ હોય, અને તે રજામંદી તેવી દેહેસતથી અથવા ખોટી સમજથી અપાઈ છે એમ તે કામ કરનાર સખ્સ જાણતો હોય, અથવા એમ માનવાનું તેને કારણ હોય, અથવા,

બાળક અથવા દીવાના સખ્સની રજામંદી.

જે સખ્સ દીવાનગી અથવા કેફના સબબથી જે કામ બાબત પોતાની રજામંદી આપતો હોય તે કામ કેવી તરેહનું

છે તથા તેનો પરિણામ કેવો થશે એ સમજવાને અશક્ત હોય હેવા સખ્સે રજામંદી આપી હોય, અથવા વાક્ય સંબંધી એથી ઉલટુ ન દેખાય તો, બાર વર્ષથી ઓછી ઉમરના કાંઈ સખ્સે રજામંદી આપી હોય, તો તે રજામંદીને આ કાયદાની કોઈપણ કલમમાં લખેલી રજામંદી જેવી સમજવી નહી.

રજામંદી આપનાર શખ્સને થનારી હાનીના સંબંધ વીના પણ જે કામો ગુનોહ છે; તે કામોને ૮૭, ૮૮, તથા ૮૯ મી કલમો માહેલા અપવાદો લાગુ પડતા નથી.

૯૧. જે સખ્સ રજામંદી આપતો હોય, અથવા જેની વતી રજામંદી અપાતી હોય, તે સખ્સને જે હાની થાય અથવા જે હાની કરવાનો ઇરાદો થયો હોય, અથવા જે હાની થશે એવો સંભવ છે એમ જાણવામાં આવ્યું હોય તે હાનીના સંબંધ વીના પણ જે કામો ગુનાહ છે, તે કામોને ૮૭, ૮૮ તથા ૮૯ મી કલમોમાંના અપવાદો લાગુ પડતા નથી.

દ્રષ્ટાંત.

(શુદ્ધબુદ્ધિએ કાંઈ સ્ત્રીનો જીવ બચાવવાના હેતુથી ન કર્યો હોય, તો) તે સ્ત્રીને તેથી કાંઈ હાની થાય અથવા કાંઈ હાની કરવાનો ઇરાદો કર્યો હોય તે હાનીના સંબંધ વિના પણ ગરભપાત કરવો એ ગુનોહ છે. માટે "તે હાનીના સબબથી" કાંઈ તે ગુનોહ નથી; અને તે સ્ત્રી અથવા તેના વાલીની રજામંદી લઇને તેનો ગરભાપાત કર્યો હોય તો તે રજામંદીથી તે કામ નહી ગુનોહ એમ થતું નથી.

કોઈ સખ્સની વગર રજામંદીએ તેના ફાયદાસારૂ સુદ્ધબુદ્ધીએ કરેલું કામ.

૯૨. જે સખ્સના ફાયદાને સારૂ કાંઈ વસ્તુ કરવીછે તે હેવી હાલત માં આવી પડ્યો હોય કે તેથી રજામંદી બતાવી શકાતી ન હોય, અને કોઈ વાલી અથવા તેને કાયદેસર હવાલામાં રાખનારો કોઈ બીજો સખ્સ ન હોય કે તે વસ્તુ કરેથી ફાયદો થાય એ રીતે વખતસર તેની રજામંદી મેળવી શકાય, તો તેવી વેળાએ, શુદ્ધબુદ્ધિથી તે સખ્સના ફાયદાને સારૂ તેની રજામંદી વગર કાંઈ વસ્તુ કરી હોય તે, તેથી તે સખ્સને કાંઈ હાની થાય.

શરતો. | તે હાનિના સબબથી, ગુનોહ છે એમ સમજવું નહી. પરંતુ.—

પેહેલી.—ઇરાદાથી મોત આણવાને, અથવા મોત આણવાંની કોસીસ કરવાને, આ અપવાદ લાગુ પડશે નહી.

બીજી— કાંઈ વસ્તુનો કરનાર સખ્સ એમ જાણતો હોય કે એથી મોત આવે એવો સંભવ છે, તે વસ્તુ, મોત અથવા મહાવ્યથા અટકાવવાના, અથવા કાંઈ મોટો રોગ કે અશકતતા દુર કરવાનાં કારણથી કાંઈ બીજા કારણ માટે તે સખ્સ કરે, તેને આ અપવાદ લાગુ પડશે નહી.

ત્રીજી.—મોત અથવા વ્યથા અટકાવવાનાં કારણથી કાંઈ બીજા કારણ માટે બુદ્ધિ પુર્વક વ્યથા કરવાને અથવા વ્યથા કરવાની કોશીશ કરવાને, આ અપવાદ લાગુ પડશે નહી.

ચોથી.—જે ગુનોહ કરવાને આ અપવાદ લાગુ પડતો નથી; તે ગુનોહ કરવામાં મદદગારી કરવાને પણ એ લાગુ પડશે નહી.

દ્રષ્ટાંતો.

(અ) ઝ પોતાના ઘોડા પરથી પડીને બેહોશ થઈ જાય, અને તેવામાં અ દાકતરતાં

આવી પોહોચે ને તેના વીચારમાં એમ આવે કે ઝ ની ખોપરી કાપવી જોઇએ, પછી ઝ ને વિચાંર કરવાની શકતી પાછી આવતાં પેહેલાં અગર અ ઝ નું મોત આણવાના ઇરાદાથી નહી, પણ સુદ્ધબુદ્ધિથી, ઝ ના ફાયદાને માટે ઝ ની ખોપરી કાપે, તો અ એ કાંઈ ગુનોહ કરયો એમ સગજવું નહી.

(બ) ઝ ને એક વાઘ લેઈ જાય છે. તે જોઇને અ તે વાઘને તાકીને ગોળી મારે; અને તે ગોળીથી ઝ નો જીવ જાય એવો સંભવ છે એમ જાણીને, પણ ઝ નો જીવલેવાના ઇરાદાથી નહી, અને સુદ્ધબુદ્ધિએ ઝ ને ફાયદો કરવાના ઇરાદાથી તે ગોળી મારે, અને તેની ગોળીથી ઝ ને તેનો જીવ જાય એવું જખમ લાગે, તો અ એ કાંઇ ગુનોહ કરયો એમ સમજવું નહી;

(ક) એક બાળક એકાએક હેવી આફતમાં આવી પડે; કે તેની ઉપર તુરત કાંઈ શસ્ત્રક્રિયા ન થાય તો તેનો જીવ જાય હેવો સંભવ હોય, અને તે બાળકના વાલીની રજા લેવાની વેળા ન હોય હેવી હાલત જોઇને તે બાળકના કાલાવાલા પર નજર ન રાખતાં, સુદ્ધબુદ્ધિએ, તે બાળકના ફાયદાને માટે અ દાકતર તે શસ્ત્રક્રિયા કરે, તો અ એ કાંઈ ગુનોહ કરયો એમ સમજવું નહી.

(ડ) એક ઘરને આગ લાગી છે. તે ઘરમાં અ છે તથા ઝ એક બાળક છે. હેવામાં લોક નીચેથી એક ચાદર પોહોળી કરીને પકડી રહે, અને અ તે બાળકને તે ઘરના છાપરાપરથી નીચે નાંખે, હેવું જાણીને કે નીચે પડેથી એ બાળકનો જીવ જાય એવો સંભવ છે, પણ તે બાળકનો જીવ લેવા હેવો તેનો ઇરાદો ન હોય, અને સુદ્ધબુદ્ધિએ તે બાળકને ફાયદો કરવાનો ઇરાદો તેણે કરયો હોય, તો એ ઠેકાણે અગર પડવાથી તે બાળકનો જીવ જાય તોપણ, અ એ કાંઈ ગુનોહ કરયો એમ સમજવુંનહી.

ખુલાશો—ફકત પઇસાની તરફનો ફાયદો થતો હોય, તેને ૮૮, ૮૯ તથા ૯૨ મી કલમોના અર્થ પ્રમાણેનો ફાયદો સમજવો નહી.

સુદ્ધબુદ્ધિએ કાંઈ કેહેવું.

૯૩. કોઈ સખસના ફાયદાને સારૂ તેને સુદ્ધબુદ્ધિએ કાંઈ કેહેવામાં આવે, અને તેથી તે સખસને કાંઈ હાની થાય, તો તે હાનિના સબબથી તે કેહેવું ગુનોહ છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

એક માંદા માણસને તેનો દાકતર અ સુદ્ધબુદ્ધિએ પોતાનો અભિપ્રાય કહે કે તું જીવી શકવાનો નથી, અને તે હેબકથી તે માંદો માણસ મરી જાય, તો અગર અ ને ખબર હતી કે એ પ્રમાણે કેહેવાથી તે માંદા માણસનું મોત થાય હેવો સંભવ છે તોપણ, અ એ કાંઈ ગુનોહ કરયો એમ સમજવું નહી.

જે કામ કોઈ સખસને ડરથી કરવું પડે.

૯૪. ખુન તથા રાજ્ય વિરૂદ્ધ જે ગુનાહોને માટે મોતની શિક્ષા ઠરાવેલી છે તે ગુનાહો શિવાય, જે કામ કોઈ સખસને કાંઈ ધમકીને લીધે કરવું પડે અને તે ધમકી હેવી હોય કે જેથી, તે કામ કરતી વેળાએ તે સખસના મનમાં કારણસર હેવી દેહેસત પેદા થાય કે જો હું એ કામ નહી કરીશ તો મારૂ તાતકાલીક મોત થશે, તો તે કામ ગુનોહ છે એમ સમજવું નહી; પણ તે

કામ કરનાર સખસ પોતાની ખુશીથી અથવા પોતાને તાત્કાલીક મોત કરતાં કાંઈ ઓછી હાનિના કારણસર દેહેસતથી,હેવી હાલતમાં પોતે આવ્યો હોય કે તેથી તેની ઉપર તે દાબ થયો હોય એમ ન થવું જોઇએ.

ખુલાસો ૧ લો—જે સખસ પોતાની ખુશીથી, અથવા માર મારવાની ધમકીના સબબથી, આ માણસો ડાકાઈટ છે એમ જાણીને, તે ડાકાઇટોની ટોળીમાં ભળે, અને પછી કાયદા મુજબ ગુનોહ હોય એવી કોઈ વસ્તુ તેના સોબતીઓના જોરથી તેને કરવી પડે, તો તેને આ અપવાદોનો ફાયદો મળી શકતો નથી.

ખુલાસો ૨ જો—કોઇ સખસને ડાકાઇટોની એક ટોળી પકડે, અને તેને તુરત મારી નાંખવાની ધમકી દેખાડીને કાયદા મુજબ ગુનોહ હોય એવી કાંઇ વસ્તુ તેની પાસે કરાવે, જેમકે કોઈ લુહાર પાસે તેના હથિયાર લેવાડીને પોતે કોઈ ઘરમાં પેશીને તે લુટી લેવાસારૂ તે ઘરનાં બારણાં ઉઘડાવે, તો તેને આ અપવાદનો ફાયદો મળી શકે છે.

ટીકા—આમાં બતાવેલા અપવાદનો ફાયદો મેળવવા માટે કેદીએ જે કૃત્ય કર્યું તે તેણે કર્યું નહોતતો તેનો જીવ તરતજ ગયો હોત, એવી તેને ભીતી હતી તેથી તે તેણે કર્યું એમ બતાવવું જોઇએ (ક્રા. વી. રી. વા. ૧૦ પા. ૪૮ સરકાર વિરૂદ્ધ સોનુ વિગરે તા.૨૮ અક્ટોબર ૧૮૯૦નો ફેસલો જુઓ)

જુજ હાનીથાય એવું કામ. ૯૫. કાંઇ વસ્તુથી કાંઈ હાનિ થાય અથવા કાંઇ હાનિ કરવાનો ઇરાદો કરેચો હોય, અથવા કાંઇ હાનિ થશે એવો સંભવ જાણ્યામાં હોય, પણ તે હાનિ એટલી જુજ હોય કે સાધારણ સમજ તથા સ્વભાવનો કોઈ સખસ તે હાનિ બાબત ફરિયાદ કરે નહી,તો તે હાનિના સબબથી તે વસ્તુ ગુનોછે એમ સમજવું નહી.

ટીકા—કેદીએ સરકારી પડતર જમીનના એક ભાગમાં ઝાડ હતું તેની ત્રણપાઇની કીમતની સીંગો તોડ્યાથી તેનાપર ચોરીનું તોહોમત ઠરાવી શિક્ષા કરી તેમાં હાઇકોરટે ઠરાવ્યું કે જે ઝાડની સીંગો તોડીછે તેનો ઉપયોગ કરતા નથી તેથી સરકારને તેની કાંઈ કીમત નથી તેથી આ કામનો આ કલમમાં સમાશ થવાથી તોહોમત અને શિક્ષા રદ કરી. (જુઓ મુ. હા. વા. ૫ પા. ૩૫ સરકાર વિરૂદ્ધ કાશીયા કાવજી વગરેનો તા. ૨૦ મે સને ૧૮૬૮ નો ફેસલો)

ખાનગી બચાવના હક બાબત.

ખાનગી બચાવમાં કરેલી કાંઇપણ વસ્તુ ગુનોહ નથી. ૯૬. ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં કરેલી કાંઇ પણ વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહી.

શરીર તથા મિલકતના ખાનગી બચાવનો હક. ૯૭. હરએક સખસને નીચે લખેલો બચાવ કરવાને હક છે,પણ તે હકને ૯૯મી કલમમાં લખેલી હદો લાગુપડેછેઃ-

પેહેલો—શરીર સંબંધી કોઇ પણ ગુનાહથી પોતાના અથવા બીજા કોઇ પણ સખસના શરીરનો બચાવ.

બીજો—ચોરી, અપહરણ, બીગાડ, અથવા સાપરાધ પ્રવેશ, એ ગુનાહોના લક્ષણોમાં દાખલ થઇ શકે, હેવો ગુનોહ જે કામ હોય, અથવા જે કામ ચોરી, અપહરણ, બીગાડ, અથવા સાપરાધ પ્રવેશ કરવાની કોશિશ હોય, તે, કામથી પોતાની અથવા બીજા કોઇ પણ સખસના સ્થાવર કે જંગમ મિલકતનો બચાવ.

ટીકા—જેનો કબજો જબરાઇથી છીનાવી લેવા પ્રયત્ન થયો હોય તો તેવી વખતે કબજાવાળો કબજાનો બચાવ કરવા હકદારછે (બે. લા. રી. વા. ૨ પા. ૧૬).

આ કલમમાંનો ખાનગી બચાવ અમલમાં લાવતાં કા.૯૯અને ૧૦૨માં બતાવેલી હદોપર ધ્યાન આપવું (સરકાર વિરૂદ્ધ ગોવરધન ૪ બે. લા. રી. પા. ૧૦૧).

જમીનના કજીયામાં જબરાઇથી કબજે લેવા આવનારનો એક કબજેદારના ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં મરણ પામ્યો તેમાં મારનારપર કાંઈ ગુનો ઠરાવ્યો નહિ. (જુઓ કા. વી. રી. વા. ૩ પા. ૪૧).

સરકાર વિરૂદ્ધ નવાબદીનના કામમાં ઠરાવ્યું કે હુમલો થવાનો ભય રાખી કોઈ શખસ ગુનો કરે તો તેનો આ કલમ પ્રમાણે બચાવ થાય નહિ.

ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં એકજણ મરાયો તેમાં મારનારે ગુનેગાર ન ઠર્યા તેથી તેને મદદગારી કરનાર પણ ગુનેગાર નથી એમ ઠર્યું (કા. વી.રી.વા.૨ પા.૪૨).

દીવાના સખસ વગરેનાં કામથી ખાનગી બચાવનો હક.

૯૮. જે કામ બીજી હાલતમાં થએથી અમુક ગુનોહ ગણાય હેવું હોય, તે જો તે કામના કરનારની નાહાની ઉમરના, બુદ્ધિની કચાઇના, અથવા દીવાનગીના સબબથી, અથવા તેને કેફ ચડી હોય, અથવા તે સખસની કાંઈ ખોટી સમજ હોય તે સબબથી, તે ગુનોહ થઇ શકતું ન હોય, તોપણ જાણે તે કામ તે ગુનોહ હોય હેવી રીતે તેથી ખાનગી બચાવ કરવાનો હરએક સખસનો તેવોજ હક છે.

દ્રષ્ટાંતો.

(અ) દીવાનગીના જોરથી ઝ અ નો જીવ લેવાની કોશિશ કરે, તો ઝ એ કાંઇ ગુનોહ કરયો એમસમજવું નહી. પણ ઝ ડાહ્યો હોય હેવીજરીતે ખાનગીબચાવનોઅનો હકછે.

(બ) જે ઘરમાં પેસવાનો અ નો કાયદા પ્રમાણે હકછે તે ઘરમાં અ રાતને વખતે પેસે. ઝ સુધબુદ્ધિએ, અ ને ઘર ફોડનારો સમજીને અ ની ઉપર હુમલો કરે, તો એ ઠેકાણે આ ખોટી સમજને લીધે અ ની ઉપર હુમલો કરવાથી ઝ એ કાંઇ ગુનોહ કરયો એમ સમજવું નહી પણ ઝ તે ખોટી સમજથી કામ ન કરતો હોય હેવીજ રીતે ઝ ની સાહામા ખાનગી બચાવનો અ નો હક છે.

કીયાં કામોથી ખાનગી બચાવ કરવાનોહકનથી.

૯૯. પેહેલી—જે કામથી મોત અથવા મહાવ્યથા થવાનો કારણસર ભય ઉત્પન્ન થતો નથી એવું કાંઇ કામ કોઇ સરકારી નોકર પોતાના હોદાની રીતથી સુદ્ધબુદ્ધિએ અમલ કરતાં જો કરે અથવા કરવાની કોશિશ કરે, તો, પછી તે કામ બરાબર કાયદા મુજબ ન હોય તોપણ તે કામથી ખાનગી બચાવનો હક નથી.

બીજી—જે કામથી મોત અથવા મહાવ્યથા થવાનો કારણસર ભય ઉત્પન્ન થતો નથી એવું કાંઇ કામ કોઇ સરકારી નોકર પોતાના હોદાની રીતથી શુદ્ધબુદ્ધિએ અમલ કરતાં કરેલા હુકમ ઉપરથી જો કોઇ કરે અથવા કરવાની કોશિશ કરે, તો, પછી તે હુકમ બરાબર કાયદા મુજબ ન હોય તોપણ, તે કામથી ખાનગી બચાવનો હક નથી.

ત્રીજી—સરકારી અધિકારીઓનો આસરો માગવા જવાની વેળા હોય એવી બાબતોમાં ખાનગી બચાવનો હક નથી.

કેટલી હદ સુધી એ હક અમલમાં લાવી શકાય.

ચોથી—કોઈપણ બાબતમાં બચાવ કરવાનાં કારણસર કરવી જરૂર હોય તે કરતાં વધારે હાનિ કરવા સુધીનો ખાનગી બચાવનો હક નથી.

ખુલાસો ૧ લો—આ કામ કરનારો સરકારી નોકરછે એવું જે સખસ જાણતો નથી અથવા એવું માનવાનું જેને કારણ નથી તે સખસનો, તે સરકારી નોકર જે કામ કરે અથવા કરવાની કોશિશ કરે તે કામથી ખાનગી બચાવનો હક જતો નથી.

ખુલાસો ૨ જો—આ કામ કરનારો માણસ કોઇ સરકારી નોકરના હુકમથી એ કરે છે એવું જે સખસ જાણતો નથી અથવા એવું માનવાનું જેને કારણ નથી, અથવા હું ફલાણા અખ્તીયારથી એ કામ કરૂંછું એમ તે માણસ કેહે નહી, અથવા, અગર તે અખ્તીયાર લખેલો હોય તો, માગેથી તે અખ્તીયાર બતાવે નહી તો તે સખસનો, તે સરકારી નોકરના હુકમથી તે માણસ જે કામ કરે અથવા કરવાની કોશીશ કરે તે કામથી ખાનગી બચાવનો હક જતો નથી.

ટીકા—કેદીએ એક પોલીસ અમલદારને તેના ઘરનો ઝાડો લેતાં એવાં કારણથી અટકાવ્યો કે "ઝાડો લેવાનું વારંટ તમારી પાસે નથી તેથી ઘરમાં પેસવું અયોગ્યછે" તેમાં હાઇકોર્ટે ઠરાવ્યું કે તેના ઉપરીએ તેને તપાસ કરવા નિમ્યો હતો પણ તેને વગર વારંટે ઝાડો લેવા ઘરમાં પેસવાનો અધિકાર નહોતો તોપણ તેણે ચલાવેલું કામ દૂષબુધિનું અને ગેરવાજબી ચલાવ્યું એમ દેખાતું નથી. અને તેમ હતું તો તેને આ કલમ પ્રમાણે બચાવ કરવાનો હક નથી (જુઓ. મુ.હા.વા.૭ પાને ૫૦સરકારવિ૦ વ્યંકટરાવ શ્રીનિવાસનો)

શરીરના ખાનગી બચાવનો હક મોત કરતાં સુધી ક્યારે પોહોચે છે.

૧૦૦. જે ગુનાહ ઉપરથી ખાનગી બચાવનો હક અમલમાં લાવવો પડે તે ગુનોહ જો નીચે લખેલા પ્રકારોમાંના કોઇપણ પ્રકારનો હોય, તો હુમલો કરનારને બુદ્ધિપુર્વક મોત અથવા બીજી કાંઇ પણ હાની કરતા સુધી શરીરના ખાનગી બચાવનો હક પોંહોંચેછે, પણ તે હકને ઉપલી કલમમાં લખેલી હદો લાગુ પડે છે. ગુનાહોના પ્રકારોઃ—

પેહેલો—જો બચાવનો હક એટલે સુધી અમલમાં ન લવાય, તો તેનો પરિણામ મોત થશે, હેવો કારણસર ભય જેથી ઉત્પન્ન થાય એવો હુમલો.

બીજો—જો બચાવનો હક એટલે સુધી અમલમાં ન લવાય, તો તેનો પરિણામ મહાવ્યથા થશે હેવો કારણસર ભય જેથી ઉત્પન્ન થાય હેવો હુમલો.

ત્રીજો—બળાત્કાર સંભોગ કરવાના ઇરાદાથી હુમલો.

ચોથો—સૃષ્ટિક્રમ વીરૂધ મઇથુનેચ્છા પુરણ કરવાના ઇરાદાથી હુમલો.

પાંચમો—મનુષ્યહરણ અથવા મનુષ્યનયન કરવાના ઇરાદાથી હુમલો.

છઠો—કોઇ સખસને ગેરવાજબી રીતે કેદ કરવાના ઇરાદાથી, હુમલો, અને તે એવી હાલતમાં હોય કે તેથી પેલા સખસને કારણસર એવો ભય ઉત્પન્ન થાય કે પછી એ કેદમાંથી છુટવાને સારૂ સરકારી અધીકારીઓનેઅરજ કરવાનું માહારાથી બનીશકશેનહી.

તે હક મોત સિવાયના કાંઈ બીજી હાનિ કરતાં સુધી કયારે પોંચે છે.

૧૦૧. જો ગુનોહ ઉપલી કલમમાં લખેલા પ્રકારોમાંના કોઇ પણ પ્રકારનો નહી હોય, તો શરીરના ખાનગી બચાવનો હક હુમલો કરનારને બુદ્ધિપુર્વક મોત કરતાં સુધી પોંહોંચતો નથી; પણ હુમલો કરનારને મોત શીવાયની બુદ્ધિપુર્વક કાંઇ બીજી હાની કરતા સુધી પોંહોંચે છે,

અને તે હકને ૯૯મી કલમમાં લખેલી હદો લાગુ પડે છે.

શરીરના ખાનગી બચાવના હકની શરૂઆત અને તેનું જારી રેહેવું.

૧૦૨. અગર ગુનોહ થયો નહી હોય, તોપણ ગુનોહ કરવાની કાંઇ કોશીશ અથવા ધમકીથી શરીરને જોખમ પોહોંચવાનો કારણસર ભય ઉત્પન્ન થાય કે તરત શરીરના ખાનગી બચાવનો હક શરૂ થાય છે; અને જ્યાં સુધી શરીરને જોખમનો તે ભય જારી રેહે ત્યાં સુધી તે હક જારી રેહેછે.

મિલકતના ખાનગી બચાવનો હક મોત કરતાં સુધી ક્યારે પોંચે છે

૧૦૩. જે ગુનોહ કરવા અથવા જેની કોશીશ કરવા ઉપરથી ખાનગી બચાવનો હક અમલમાં લાવવો પડે; તે ગુનોહ જો નીચે લખેલા પ્રકારોમાંના કોઇ પણ પ્રકારનો હોય, તો ગુનોહ કરનારને બુદ્ધિપુરવક મોત અથવા બીજી કાંઇ પણ હાનિ કરતા સુધી મીલકતના ખાનગી બચાવનો હક પોહોંચે છે; પણ તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદો લાગુ પડે છે ગુનાહોના પ્રકારઃ—

પેહેલો—અપહરણ.

બીજો—રાતને વખતે ઘર ફોડવું.

ત્રીજો—કોઇ ઇમારત, તંબુ, અથવા વાહાણ માણસનાં ઘર દાખલ વપરાતુ હોય, અથવા મીલકત રાખવાની જગા દાખલ વપરાતુ હોય, તે ઇમારત, તંબુ, અથવા વાહાણ પર આગથી બીગાડ કરવો.

ચોથો—ચોરી, બિગાડ, અથવા ગ્રહપ્રવેશ, અને તે એવી હાલતમાં કરવો કે તેથી કારણસર એવો ભય ઉત્પન્ન થાય કે જો ખાનગી બચાવનો તે હક અમલમાં નહી લવાય તો તેનો પરિણામ મોત અથવા મહાવ્યથા થશે.

તે હક મોત શિવાયની બીજી કાંઇ હાનિ કરતાં સુધી ક્યારે પોહોંચે છે.

૧૦૪. જે ગુનોહ કરવા અથવા જેની કોશીશ કરવા ઉપરથી ખાનગી બચાવનો હક અમલમાં લાવવો પડે, તે જો ઉપલી કલમમાં લખેલા પ્રકારોમાંના કોઇ પણ પ્રકારની ચોરી, બીગાડ, અથવા સાપ્રાધ પ્રવેશ નહી હોય તો તે હક બુદ્ધિપુરવક મોત કરતા સુધી પોહોંચતો નથી, પણ ગુનેહગારને મોત શીવાયની બુદ્ધિપુરવક બીજી કાંઇ પણ હાની કરતા સુધી પોહોચે છે, અને તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદો લાગુ પડે છે.

ટીકા—જમીનના કબ્જાામાં કા. ૧૪૭ પ્રમાણે તોહોમત રાખી શિક્ષા કરેલી પણ જમીન એકના કબજામાં હતી તેથી જેના કબજામાં હતી તેને માટે એમ ઠરાવ્યું કે તેને આ કલમનો લાભ મળે (જુઓ કા. વી. રી. વા. ૧૦ પાને ૬૪).

મિલકતના ખાનગી બચાવના હકની શરૂઆત અને તેનું જારી રેહેવું.

૧૦૫. પેહેલી—જ્યારથી કાંઇ મીલકતને જોખમનો કારણસર ભય ઉત્પન્ન થાય, ત્યારથી તે મીલકતના ખાનગી બચાવનો હક શરૂ થાય છે.

બીજી—ચોરીથી મીલકતના ખાનગી બચાવનો હક, મીલકત લઇને ગુનેહગાર નાસી જાય, અથવા સરકારી અધિકારીઓનો આશરો મળે અથવા તે મીલકત પાછી હાથ લાગે, ત્યાં સુધી જારી રેહે છે.

ત્રીજી—અપહરણથી મીલકતના ખાનગી બચાવનો હક જ્યાં સુધી ગુનેહગાર કોઈ સખસને મોત અથવા બથા અથવા ગેરવાજબી અટકાવ કરે અથવા કરવાની કોશીશ કરે, અથવા જ્યાં સુધી તાત્કાલિક મોતનો અથવા તાત્કાલિક બથાનો, અથવા શરીર સંબંધી તાત્કાલિક અટકાવનો ભય જારી રેહે ત્યાં સુધી જારી રેહે છે.

ચોથી—સાપ્રાધ પ્રવેશ અથવા બીગાડથી મિલકતના ખાનગી બચાવનો હક,જ્યાંહાં સુધી ગુનેહગાર સાપ્રાધપ્રવેશ અથવા બિગાડ કરવામાં જારી રેહે,ત્યાંહાં સુધી જારી રેહેછે.

પાંચમી—રાતને વખતે ઘર ફોડવાથી મિલકતના ખાનગી બચાવનો હક, તે ઘર ફોડવાથી શુરૂ થએલા ગૃહપ્રવેશ જ્યાંહાં સુધી જારી રેહે, ત્યાંહાં સુધી જારી રેહે છે.

ટીકા—ચોરોને ઘરમાં પ્રવેશ કર્યાનું કેદીએ જોયું. અને તેના ઘરમાં પ્રવેશ થયાનું કૃત્ય પુરૂ થતાંજ તેણે ચોરનો પ્રાણ લીધો તેમાં ઠરાવ્યું કે આ કામ કા. ૩૦૦ ના પ મા અપવાદમાં ન આવતાં આ કલમની પ મી રકમમાં આવેછે (જુઓ કા.વી.રી.વા.૧૦પાને૯)

કોઈ બેગુનાહ સખસને હાનિ થવાનું જોખમ હોય એવી વેળા એ જીવલે એવા હુમલાથી ખાનગી બચાવનોહક.	૧૦૬. જો કાંઈ હુમલો એહવો થાય કે તેથી મોતનો કારણસર ભય ઉત્પન્ન થાય અને તે હુમલાથી ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં પોતાનો બચાવ કરનાર સખસ હેવી હાલતમાં આવી ગયેલો હોય કે કોઈ બેગુનાહ સખસને હાની કરવાના જોખમ શિવાય તેથી તે હક ધારેલું થાય હેવી રીતે અમલમાં લાવી શકાય નહી, તો તે જોખમમાં પડતા સુધી ખાનગી બચાવને તેનો હક પોહોંચે છે.

દ્રષ્ટાંત.

અ ની ઉપર એક ટોળીએ હુમલો કરેચો છે, અને તેઓ તેનું ખુન કરવાની કોશીશ કરે છે. તે ટોળીની ઉપર બંદુક છોડ્યા શિવાય ધારેલું થાય એવી રીતે ખાનગી બચાવનો હક **અ** અમલમાં લાવી શકે હેવું નથી, અને તે ટોળીમાં કેટલાએક બાળક છોકરાં છે તેઓને હાની કરવાનાં જોખમ શિવાય આ બંદુક છોડી શકતો નથી હવે હેવું છતાં બંદુક છોડવી જો **અ** થી તે છોકરાઓમાંના કોઈ છોકરાઓને કાંઈ હાની થાય, તો, **અ** એ કાંઈ ગુનોહ કરેચો એમ સમજવું નહી.

બાબ પ મો.

મદદગારી બાબત.

કાંઇ વસ્તુમાં મદદગારી.	૧૦૭. કાંઈ વસ્તુ સંબંધી નિચે લખ્યા પ્રમાણે જે માણસ કરે તે માણસે તે વસ્તુ કરવામાં મદદગારી કરી એમ સમજવું.—

પેહેલું—જે માણસ તે વસ્તુ કરવાને કોઈ સખસને ઉસકેરે; અથવા—

બીજુ—જે માણસ તે વસ્તુ કરવા સારૂ કોઈ સખસ અથવા સખસોની સાથે કાંઈ મસલતમાં સામીલ થાય; પણ તે કયારે કે તે મસલત મુજબ, તથા તે વસ્તુ કરવા માટે, કાંઈ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરવામાં આવે તો; અથવા—

ત્રીજું—જે માણસ, કાંઈ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરીને તે વસ્તુ કરવામાં ઇરાદાથી સહાય કરે,

ખુલાસો ૧ લો—અગર કોઈ સખ્સ જાણી જોઇને કાંઈ કોઈ વાત કહીને, અથવા જે જરૂરની હકીકત જાહેર કરવાની પોતાની ફરજ હોય તે હકીકત જાણી જોઇને છુપાવીને, બુદ્ધિ પુરવક કાંઈ વસ્તુ કરાવે અથવા કરાવવાની કોશિશ કરે, તો તેણે તે વસ્તુ કરવાની ઉસકેરણી કરી એમ સમજવું.

દ્રષ્ટાંત.

અ એક સરકારી અમલદાર છે. તેને એક ઇનસાફની કોરટમાંથી વારંટ મળેલું છે. તે વારંટ મુજબ ઝ ને પકડવાનો અ નો અખતિયાર છે, હવે એ હકીકત જાણ્યા છતાં, તથા ક તે ઝ નથી એ પણ જાણ્યા છતાં, બ અ ને જાણી જોઇને એમ કહે કે ક તે ઝ છે, અને એમ કરીને ઇરાદાથી અ ની પાસે ક ને પકડાવે, તો એ ઠેકાણે બ એ ઉસકેરણીથી ક ને પકડવામાં મદદગારી કરી એમ સમજવું.

ખુલાસો ૨ જો—કાંઈ કામ કરતાં પેહેલાં, અથવા કાંઈ કામ કરતી વખતે તે કામ કરવું સેહેલ કરવા સારૂ જે માણસ કાંઈ વસ્તુ કરે, અને તેમ કરીને તે કામ કરવું સેહેલ કરે, તે માણસે તે કામ કરવામાં સાહાય કરયું એમ સમજવું.

ટીકા—કેદીએ ચોરી કરવા આવવાને કબુલ કરી પછી આવવાને ના પાડી તેથી કા. ૧૧૪ નો આધાર લઈ ચોરી કરતી વખતે તે હાજર નહોતો માટે કાંઈ ગુનો નથી એમ ઠરાવ્યું તેમાં હાઈકોરટે ઠરાવ્યું કે ઉપર પ્રમાણે ગુનો પી. કો. કા. ૧૦૭ ની રા. ૩ અને કા. ૧૦૯ પ્રમાણે સહાય કર્યાનો ગુનો થાયછે માટે તે મુજબ તોહોમત રાખવું. (વી. રી. વા. ૮ તા. ૨૦-૧૦-૯૭)

ખોટા તોહોમતના ટેકામાં જુબાની આપવાથી ખોટુ તોહોમત મુકવામાં મદદગારી કર્યાનો ગુનો થતો નથી (૯ બે. લા. રી. પ્રા. ૧૯).

તોહોમતદારની જુલમથી લેવાતી કબુલત જાણી જોઈ લેવા દેવાને આંખ આડા કાન કરવાને એક હેડકોનસટેબલ વિચારે એ આ કલમના ૨ જા ખુલાશા પ્રમાણે ગુનેગારછે (કા. વી. રી. વા. ૧૧ પા. ૧૧).

ઈંડિયન ડાઇજેસ્ટને પાને ૩૪૦ મે નિચેના ફેસલાછે.

ખુન શાબિત થયા વિના ખુનમાં મદદગારી કરયાનો ગુનો રહી શકતો નથી.

કાયદા વિરૂદ્ધ મંડળીના કેટલાક શખ્સો પાસે લાકડી હોય અને એકાદ પાસે ન હોય પણ તે બીજા પાસેથી લાકડી લઈ વાપરે. અને તે વાપરનારનો મુખ્ય તે મારવાને હુકમ આપે તો મારનારે કરેલા હુમલાને મુખ્ય એ મદદગારી કરી એમ કહેવાય.

કેદીએ શાહેદીને પોતાની વિરૂદ્ધ જુબાની આપતી વખતે અમુક હકીકત નહિ કહેવાને પુછ્યાથી તેનાપર મદદગારીનો ગુનો ઠરે.

ડાકાઇટીનો ગુનો થવાની વાત જાણનારે તે ગુનો પુરો થવાના ઇરાદે જાણીબુજીને તે વાત છુપાવી હોય તો મદદગારીનો ગુનેગાર થતો નથી.

જેને મુખ્ય ગુનેગાર તરીકે શિક્ષા થઇ હોય તેને મદદગાર તરીકે શિક્ષા ના થાય.

ખુન થવાની વાત જાણવામાં નહોતી પણ થયું ત્યારે ઉભા રહેલા એક શખ્સે બીજાથી મુડદુ છુપાવવામાં સામેલગીરી કર્યાથી તેનાપર મદદગારીનો ગુનો ન ઠરાવતાં કા. ૨૦૧ પ્રમાણે પુરાવો છુપાવ્યાનો ઠરાવ્યો.

એક શખ્સે બે જણાને, એક માણસને પકડી લાવવાનું કહ્યાથી તેઓ પકડી લાવ્યા અને પકડાયલાપર શસ્ત્ર માર પડ્યો તેમાં પકડાવી મંગાવનારપર બુદ્ધિપુર્વક મહાવ્યથા કર્યાના ગુનામાં મદદગારી કર્યાનું તોહોમત ઠરાવ્યું.

પારકા રાજ્યમાં રહેનાર બ્રિટિશકોરટમાં થવાના ગુનામાં મદદગારી કરે અને તે મદદગારીનું કૃત્ય પણ પારકા રાજ્યમાં થયું હોય તો તેવા મદદગારનો ઇનસાફ બ્રિટિશ કોરટથી થાય નહિ. (મુ. હા. વા. ૧૦ પા. ૪૫૬ સરકાર વિરૂદ્ધ પીરતાઇ).

મદદગાર | ૧૦૮. જે સખ્સ કાંઈ ગુનોહ કરવામાં મદદગારી કરે, અથવા, જે કામ મદદગાર સખ્સના ઇરાદા અથવા જ્ઞાનથી ગુનોહ કરવાને કાયદા પ્રમાણે કોઈ શકતીમાન સખ્સે કરયું હોય તો ગુનોહ થાય, એવું કાંઈ કામ કરવામાં મદદગારી કરે, તે સખ્સે ગુનાહમાં મદદગારી કરી એમ સમજવું.

ખુલાસો ૧ લો—કાંઈ કામની કાયદા વિરૂધ કસુર કરવામાં મદદગારી કરવી તે ગુનોહ થઇ શકે છે, પછી તે કામ કરવાની અગર તે મદદગારની પોતાની ફરજ નહી હોય તો પણ.

ખુલાસો ૨ જો—મદદગારીનો ગુનોહ થવામાં એવું કાંઇ જરૂર નથી કે, મદદગારી કરેલું કામ થવું જોઇએ, અથવા જે અસર તે ગુનોહ થવામાં જરૂર છે તે અસર પેદા થવી જોઇએ.

દ્રષ્ટાંત.

(અ) અ બ ને ક નું ખુન કરવાને ઉશકેરે, બ તેમ કરવાની ના કહે તો બ ને ખુન કરવામાં અ એ મદદગારી કરી એમ સમજવું.

(બ) અ બ ને ડ નું ખુન કરવાને ઉશકેરે. તે ઉશકેરણી મુજબ બ ડ ને એક ખાંજર મારે, તે જખ્મથી ડ સારો થાય તોપણ અ એ બ ને ખુન કરવાની ઉશકેરણી કરી એમ સમજવું.

ખુલાસો ૩ જો—એવું કાંઈ જરૂર નથી કે જે સખ્સને મદદગારી કરી હોય તે સખ્સ કાંઈ ગુનોહ કરવાને કાયદા પ્રમાણે શકતીમાન જોઇએ, અથવા તે મદદગારના જેવોજ તે સખ્સનો સાપ્રાધ ઇરાદો કે જ્ઞાન જોઇએ, અથવા તે સખ્સનો કાંઈ પણ સાપ્રાત ઇરાદો અથવા જ્ઞાન જોઇએ.

દ્રષ્ટાંતો.

(અ) અ, સાપ્રાધ ઇરાદાથી, એક બાળકને અથવા ગાંડા માણસને કાંઈ કામ કરવાને ઉસકેરે, અને તે કામ એવું હોય કે ગુનોહ કરવાને કાયદા પ્રમાણે શક્તિમાન હોય એવો કોઈ સખ્સ અ ના જેવા ઇરાદાથી તે કામ કરે તો ગુનોહ ગણાય, તો એ ઠેકાણે અ એ ગુનામાં મદદગારી કરી એમ સમજવું, પછી તે કામ કરવામાં આવે કે નહી તો પણ.

(બ) ઝ નું ખુન કરવાના ઇરાદાથી અ સાત વર્ષથી ઓછી ઉમરના એક બાળક બ ને એક એવું કામ કરવાને ઉશકેરે કે તેથી ઝ નું મોત થાય. બ તે મદદગારી ઉપરથી તે કામ કરે, અને તે કામથી ઝ નું મોત થાય, તો એ ઠેકાણે, જો બ ગુનોહ કરવાને કાયદા પ્રમાણે શક્તિમાન નથી તો પણ જાણે, બ ગુનોહ કરવાને કાયદા

પ્રમાણે શક્તિમાન હોય, અને તેણે ખુન કરયું હોય તેજ મિસાલે, અ શિક્ષા થવાને લાયક છે; માટે તેને મોતની શિક્ષા થઇ શકે.

(ઠ) અ એક ઘરને આગ લગાડવાને બ ને ઉશકેરે. અ ની ઉશકેરણી ઉપરથી બ તે ઘરને આગ લગાડે, અને દીવાનગીના સબબથી તે કામ કેવી તરેહનું છે તે, અથવા પોતે જે કામ કરે છે તે કામ ખોટુ અથવા કાયદા વિરૂદ્ધ છે એવુ જાણવાને બ અશક્ત હોય, તો બ એ કાંઇ ગુનોહ કરયો એમ સમજવું નહી; પણ અ એ ઘરને આગ લગાડવાના ગુનાહમાં મદદગારી કરી, અને તે ગુનાહને માટે ઠરાવેલી શીક્ષાને તે લાયક છે, એમ સમજવું.

(ડ) ચોરી કરવાના ઇરાદાથી ઝ ના કબજામાંથી કાંઇ ઝ ની મીલકત લેવાને અ બ ને ઉશકેરે. અ બ ના મનમાં એવો વીશ્વાસ ઉત્પન્ન કરે કે તે મીલકત અ નીછે. પછી શુદ્ધબુદ્ધિથી તે મીલકત અ ની છે એમ માનીને, બ તે મીલકત ઝ ના કબજામાંથી લે, તો એ ખોટી સમજણથી કામ કરયું તેથી તેણે તે બદદ્યાનતથી લીધી એમ કહેવાય નહી; માટે તેણે ચોરી કરી એમ સમજવું નહીં. પણ અ એ ચોરીમાં મદદગારી કરી, અને બ એ ચોરી કરી હોય ને જે શીક્ષા બ ને થાય તેજ શીક્ષાને અ લાયક છે, એમ સમજવું.

ખુલાસો ૪ થો.— કોઈ ગુનાહમાં મદદગારી કરવી એ ગુનોહછે, માટે એવી મદદગારીમાં મદદગારી કરવી તે પણ ગુનોહ છે, એમ સમજવું.

દ્રષ્ટાંત.

ઝ નું ખુન કરવાને ક ને ઉશકેરવાને અ બ ને ઉશકેરે. તે ઉપરથી ઝ નું ખુન કરવાને બ ક ને ઉશકેરે, અને બ ની ઉશકેરણી ઉપરથી ક તે ગુનોહ કરે, તો પોતાના ગુનાહને માટે બ ખુનની શીક્ષાને લાયક છે, અને તે ગુનોહ કરવાને અ એ બ ને ઉશકેરયો માટે અ પણ તેજ શીક્ષાને લાયક છે, એમ સમજવું.

ખુલાસો ૫ મો—મસલતથી મદદગારીનો ગુનોહ કરવામાં એવું કાંઇ જરૂર નથી. કે જે સખસ ગુનોહ કરે તે સખસની સાથે તે મદદગારે તે ગુનાહ બાબત મનસુબો કરવો જોઇએ. જે મસલત મુજબ તે ગુનોહ કરવામાં આવે તે મસલતમાં તે સામિલ થયો તો બસ છે.

દ્રષ્ટાંત.

અ બ ની સાથે મનસુબો કરીને તેઓ ઝ ને ઝેર દેવાની ગોઠવણ કરે. તેમાં એમ ઠરે કે અ એ ઝેર આપવું પછી તે ગોઠવણ બ ક ને સમજાવે; અને એમ કેહે કે એક ત્રીજો સખસ જેહેર આપવાનો છે, પણ અ નું નામ કેહે નહી. ક ઝેર લઇ આવવું કબુલ કરે અને સમજાવેલી રીતે વાપરવા સારૂ તે ઝેર તે બ ને હવાલે કરે પછી અ તે ઝેર આપે અને તેના જોરથી ઝ મરી જાય, તો એ ઠેકાણે અ તથા ક એઓએ મળીને કાંઇ મસલત કરી નથી, તોપણ જે મસલત મુજબ ઝ નું ખુન થયું તે મધ્યે ક સામીલ થયો, માટે ક એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો, અને તે ખુનની શિક્ષાને લાયક છે, એમ સમજવું.

ટીકા—ચેઠના નોકરની મદદ લઇ શેઠની મિલકત ચોરવાને યત્ન કીધા પછી તે ગુનો કર્યો. નોકરે ચોરને શિક્ષા થવાના હેતુથી ચોરી કરવા દીધી. આ ઉપરથી નોકર ઉપર આ કલમના ૪ થા અને ૨ જા ખુલાશા પ્રમાણે ગુનેગાર થાયછે એમ ઠર્યું અને એમ પણ ઠરાવ્યુ કે જે કૃત્ય કરવા વિશે સાહાય કરી તે કૃત્ય થવુંજ જોઇયે એમ નથી. તેથી માલીકની સમંતીથી લીધેલી મિલકતછે તો ચોરી નથી થતી પણ ચોરીમાં મદદ કર્યાનો ગુનો નોકરપર ઠર્યો તે વાજબીછે. (કા. ઈ. લા. વા. ૪ પા. ૩૬૬ સરકાર વિરૂદ્ધ ત્રૈલોખનાથ રાય ચોધરી વિગેરે).

જે મદદગારી પરથી મદદગારી કરેલું કામ કરવામાં આવે, અને તે હેની મદદગારીને માટે જેજે કેથાં સાફ શિક્ષા ન ઠરાવી હોય તેહેના શિક્ષા.

૧૦૯. અગર કોઈ માણસ કાંઈ ગુનાહમાં મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે કરેલું કામ કરવામાં આવે, અને તે મદદગારીના શિક્ષાને માટે, આ કાયદામાં કાંઈ સાફ ઠરાવ કરેલો નહીં હોય, તો તે ગુનાહને માટે ઠરાવેલી શિક્ષા તે માણસને કરવામાં આવશે.

ખુલાશા—કાંઈ કામ અથવા ગુનાહ મદદગારી ઉપરથી કરવામાં આવ્યો એમ ક્યારે સમજવું, કે જ્યારે તે કામ અથવા ગુનાહ, તે મદદગારીમાં જે ઉશકેરણી, અથવા મસલત, અથવા સાહાય આપ્યું હોય તે ઉશકેરણી ઉપરથી, અથવા તે મસલત મુજબ, અથવા તે સાહાયથી કરવામાં આવે ત્યારે.

દૃષ્ટાંત.

(અ) બ એક સરકારી નોકર છે. તેણે પોતાના ઓહદ્દાનો અમલ ચલાવવામાં અ ની ઉપર કાંઈ મેહેરબાની બતાવવાના બદલામાં અ બ ને કાંઈ લાંચ આપવા માંડે, અને બ તે લાંચ લે, તો ૧૬૧મી કલમમાં બ્યાન કરેલા ગુનહામાં અ એ મદદગારી કરી એમ સમજવું.

(બ) ખોટી સાહેદી આપવાને અ બ ને ઉશકેરે, અને તે ઉશકેરણી ઉપરથી બ તે ગુનાહ કરે, તો અ એ તે ગુનાહમાં મદદગારી કરી, તથા બ ના જેવીજ શિક્ષાને તે લાયક છે, એમ સમજવું.

(ક) અ તથા બ ઝ ને ઝેર આપવાની મસલત કરે તે મસલત મુજબ અ ઝેર લાવીને બ ને હવાલે કરે, એટલા સારૂ કે બ તે ઝેર ઝ ને આપે પછી તે મસલત મુજબ બ અ ની ગેરહાજરીમાં તે ઝેર ઝ ને આપે, અને તેથી ઝ નું મોત થાય, તો એ ઠેકાણે બ ખુનનો તકસિરવાર છે; અને અ એ મસલતથી તે ગુનાહમાં મદદગારી કરી, તથા તે ખુનની શિક્ષાને લાયક છે, એમ સમજવું.

ટીકા—તરીના ઇજારદારે ઇજારો પુરો પાડવા ભાડે રાખેલા મછવામાં જોઇયે તેટલા નિયમ ન હોવાથી તે ઊંધો વળી ગયો એવા પુરાવાથી કેદીપર પી. કો. કા. ૨૮૦ તા. ૧૦૯ મુજબ બેફીકરાઈ ભરેલી રીતે વાહાણ ચલાવવાના ગુનાને મદદગારી આપ્યાનો ગુનો શાબિત કર્યો. તેમાં ઠરાવ્યું કે વાહાણ સલામત રીતે ચલાવવા સારૂ જે કાંઈ જરૂર છે એવું તે ઇજારદારને માલુમ હતું તે એમ જાણ્યાં છતાં તે પુરૂ પાડ્યું નહિ એવો પુરાવ નથી માટે મદદગારીના ગુનાની શાબિતીને આધાર મળતો નથી (સરકાર વિરૂદ્ધ સખારામ ગોવિંદ મુ. હા. તા. ૨૮ જુલાઈ ૧૮૭૦).

સહાય કરવાનો ગુનો એ એક પ્રથક ગુનો ઈ. પી. કો. માં કહેલોછે તેથી સહાય કરનારપર તોહોમત શાબિત કરવું તે મુખ્ય ગુનેગારપર તોહોમત શાબિત થાય તોજ કરવું,

નહિતો ના કરવું એમ થતું નથી. (મુ. હા. ઇ. લા. વા. ૧ પા. ૧૫ સરકાર વિરૂદ્ધ મારૂતી દાદા વિગેરે તા. ૧૨ નવેંબર ૧૮૭૫).

એક સ્ત્રીએ પોતાના ધણીને રગતપીતનો રોગ હોવાથી છુટા છેડા કરવાની પરવાનગી તેની પાસે માગી તે ના આપી તેથી તેણીએ નાતના માણસોને એકઠા કરી તેમની પરવાનગી માગ્યાથી તેઓએ તેણીને પરવાનગી આપ્યાથી સ્ત્રી ઉપર અને નાતમાંના એક શંભુના ઉપર તેણીના ધણીએ ફરિયાદ માંડી તેમાં સ્ત્રીપર કા ૪૯૪ મુજબ અને શંભુપર કા. ૧૦૯ મુજબ મદદગારીનું તોહોમત રાખેલું તે કામમાં અપીલ કરી તકરાર કરી કે મેં નાતની રજા લીધાથી હું ગુનેગાર નથી એમ સ્ત્રીએ તકરાર કરી ત્યારે શંભુએ એમ તકરાર કરી કે તે ગુનેગાર નથી તો હું મદદગારીનો ગુનેગાર નથી તેમાં હાઇકોરટે બે ઉપર બેઉ તોહોમત કાયમ રાખ્યાં (જુઓ મુ.હા.ઇ. લા.વા.૧પા.૩૪૭સરકારવિરૂધ શંભુ.)

એક મુસલમાનની છોકરીનો વિવાહ તેના કાકાએ પ્રથમ એક સખશ સાથે કરી પછીથી બીજા સાથે કર્યાથી તેથી કેદીપર પી. કો. કા. ૪૯૪ સાથે ૧૦૯ પ્રમાણે તોહોમત રાખ્યું તેમાં હાઇકોરટે ઠરાવ્યું કે આરોપિતે પોતાની ભત્રીજીનો વિવાહ કર્યો તે વખતે તેણે તેના નામનો માત્ર વિવાહ કર્યો પરંતુ છોકરી લગનની વખતે નહોતી તેથી પી. કો. કા. ૧૦૯ અને ૪૯૪ માં કહ્યા પ્રમાણેની મદદ કર્યાનો ગુનો રહી શકતો નથી (જુઓ ઇ. પી. કો. કા. વા. ૪ પાને ૧૦ સરકાર વિરૂધ અબદુલ કરીમ)

કા. ૧૦૭ નિચે વી.રી. વા.૮ તા.૨૦-૧૦-૬૭ના ફેસલાનો દાખલો આપ્યોછે તે જુઓ

અગર મદદગારી કરેલો સખસ તે કામ મદદગારના ઇરાદા કરતાં જુદા ઇરાદાથી કરે, તો તે મદદગારીની શિક્ષા.

૧૧૦. અગર કોઈ માણસ કાંઈ ગુનાહમાં મદદગારી કરે, અને મદદગારી કરેલો સખસ મદદગારના ઇરાદા અથવા જ્ઞાન કરતાં જુદાજ ઇરાદા કે જ્ઞાનથી તે કામ કરે, તો બીજા ઇરાદાથી અથવા જ્ઞાનથી નહી પણ મદદગારના જેવાજ ઇરાદાથી અથવા જ્ઞાનથી અગર તે કામ કરેચું હોય તો જે ગુનોહ થાય, તે ગુનાહને માટે ઠરાવેલી શિક્ષા તે માણસને કરવામાં આવશે.

એક કામમાં મદદગારી કરી હોય અને જુદુજ કામ બને, ત્યારે મદદગારીની જવાબદારી શરત.

૧૧૧. અગર એક કામમાં મદદગારી કરવામાં આવે અને બીજુ કામ બને, તો જાણે તેજ કામમાં મદદગારી કરી હોય એવીજ રીતે તથા તેટલે દરજ્જે તે મદદગાર તે બનેલા કામને માટે જવાબદારછે; પણ તે બનેલું કામ તે મદદગારીનું સંભાવ્ય ફળ હોવું જોઇએ. તથા જે ઉશકેરણી, અથવા સહાય, અથવા મસલત તે મદદગારીમાં આવી હોય તે ઉશકેરણીના જોરથી, અથવા તે સહાયથી, અથવા તે મસલત મુજબ, તે કામ થયુ જોઇએ.

દૃષ્ટાંતો.

(અ) ઝ ના ખોરાકમાં જેહેર ઘાલવાને એક બાળકને ઉશકેરીને અ તે કારણસર તે બાળકને કાંઇ જેહેર સોંપે, પછી તે ઉસકેરણી ઉપરથી, ય નો ખોરાક ઝ ના ખોરાકની પાસે છે તેમાં ચુકથી તે જેહેર ઘાલે, તો એ ઠેકાણે, જો તે બાળકે તે ઉસકેરણીના જોરથી કામ કરચુ હોય, અને સઘળો હાલ જોતાં જે કામ થયું તે મદદગારીનું સંભાવ્ય ફળ હોય, તો અગર અ એ તે બાળકને ય નાજ ખોરાકમાં જેહેર ઘાલવાને ઉસકેર્યો હોય એવીજ રીતે તથા તેટલેજ દરજ્જે અ જવાબદાર છે.

(બ) ઝ નું ઘર બાળી નાખવાને અ બ ને ઉસકેરે, અને બ તે ઘરને આગ લગાડીને

તેજ વખતે ત્યાંહાં કાંઇ મિલકતની ચોરી કરે, તો, અગર તે ઘર બાળવામાં મદદગારી કરવાનો અ તકસીરવાર છે તોપણ, તેણે તે ચોરીમાં મદદગારી કરી એમ સમજવું નહીં; કેમકે ચોરી તે જુદુંજ કામછે, અને તે બાળવાનું સંભાવ્ય ફળ નથી.

(ઠ) અપહરણના કારણસર મધરાતે એક વાસેલું ઘર ફોડવાને અ, બ તથા ક એઓને ઉસકેરે, અને તે કારણસર તે તેઓને શસ્ત્ર આપે. પછી બ તથા ક તે ઘર ફોડીને અંદર જાય, અને તે ઘર માંહેલો એક માણસ ઝ તેઓના સામો થએથી તેઓ ઝ નું ખુન કરે, તો એ ઠેકાણે, જો તે ખુન તે મદદગારીનું સંભાવ્ય ફળ હોય તો, અ ખુનને માટે ઠરાવેલી શિક્ષાને લાયક છે એમ સમજવું.

મદદગારને મદદગારી કરેલાં કામની તથા બનેલાં કામની એ બંને શિક્ષા ક્યારે થઇ શકે.

૧૧૨. મદદગારી કરેલું કામ પણ કરવામાં આવે, અને ઉપલી કલમ મુજબ જે કામને માટે મદદગાર જવાબદાર છે તે કામ પણ કરવામાં આવે, અને તે કામ જુદોજ ગુન્હો થાય, તો તે મદદગાર તે ગુન્હાઓમાંના હરએક ગુન્હાની શિક્ષાને લાયક છે.

દૃષ્ટાંત.

એક સરકારી નોકરે કરેલી જપતીની સામો થવાને અ બ ને ઉસકેરે, પછી તે ઉપરથી બ તે જપતીના સામો થાય અને સામો થવામાં બ તે જપતી કરનાર અમલદારને બુદ્ધિપુર્વક મહાવ્યથા કરે, તો તે જપતીના સામો થવાનો ગુનોહ તથા બુદ્ધિપુરવક મહાવ્યથા કરવાનો ગુનોહ, એ બંને ગુનાહ બ એ કરેચા, માટે બ એ બંને ગુનાહના શિક્ષાને લાયક છે; અને અગર અ એ એમ જાણ્યું હોય કે તે જપતીની સામો થવામાં બ બુદ્ધિપુરવક મહાવ્યથા કરશે હેવો સંભવ છે, તો અ પણ એ ગુનાહોમાંના હરએક ગુનાહની શિક્ષાને લાયક છે એમ સમજવું.

મદદગારી કરેલાં કામથી મદદગારના ધારેલા કરતાં જુદી અસર પેદા થાય, તે અસરને માટે તે મદદગારની જવાબદારી.

૧૧૩. એક મુકરર અસર પેદા કરવાના ઇરાદાથી મદદગાર સખસ કાંઇ કામમાં મદદગારી કરે; અને તે મદદગારી ઉપરથી જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય હેવું કાંઇ કામ તે મદદગારે ધારેલી હોય તે કરતાં જુદીજ અસર પેદા કરે, તો અગર તે મદદગારે તેજ અસર પેદા કરવાના ઇરાદાથી તે કામમાં મદદગારી કરી હોય હેવીજ રીત તથા તેટલેજ દરજ્જે; તે મદદગાર તે પેદા કરેલી અસરને માટે જવાબદાર છે પણ તે મદદગારી કરેલા કામથી તે અસર થવાનો સંભવ છે એમ તેણે જાણ્યું હોય તો.

દૃષ્ટાંત.

ઝ ને મહાવ્યથા કરવાને અ બ ને ઉસકેરે. પછી બ તે ઉસકેરણી ઉપરથી ઝ ને મહાવ્યથા કરે, અને તેથી કરીને ઝ મરી જાય, તો એ ઠેકાણે, અગર અ એ એમ જાણ્યું હોય કે તે મદદગારી કરેલી મહાવ્યથાથી ઝ નું મોહોત થશે હેવો સંભવ છે તો, ખુનને માટે ઠરાવેલી શિક્ષા પામવાને ય લાયક છે, એમ સમજવું.

ગુન્હો થતી વખતે મદદગાર હાજર હોય તો.

૧૧૪. જે સખસ અગર ગેરહાજર હોય તો મદદગાર દાખલ શિક્ષા પામવાને લાયક થાય, તે સખસને તે મદદગારીને લીધે જે કામ

અથવા ગુનાહને માટે શિક્ષા થઇ શકે હેવું હોય, તે કામ અથવા ગુનોહ થતી વખતે, તે સખસ જો ત્યાં હાજર હોય, તો તેણે તે કામ અથવા ગુનોહ કર્યો એમ સમજવું.

ટીકા—કોઈ માણસ ગુનો થતી વખતે હાજર છતાં તે કરવાને તેણે ઉત્તેજન આપ્યું હોય, અગર સાહ્ય કરી હોય, કીંવા તે ગુનો થવા દેવામાં પોતાની સમંતી આપી હોય તો તે સાહ્ય કર્વાના ગુનાનો ગુનેગાર થાયછે. કોઈ કેદીએ માહાવ્યથા કર્યા છતાં બીજાઓ પાસે ઉભા હોય અને પુરાવર્થી એમ જણાય કે તેઓએ મેળાપ કર્યો નથી તો પાસે ઉભા રહેનાર આ કલમ પ્રમાણે મુખ્ય ગુનેગાર તરીકે શિક્ષાને પાત્ર ન થતાં આ કાયદાની કા. ૧૦૭ ની રકમ ૩ પ્રમાણે સહાય કર્યાની શિક્ષાને પાત્ર થાય. જો તેઓ ગેર હાજર હોય તો કોઈ પણ શિક્ષાને પાત્ર ન થાત અને જો મદદ કરી હોતતો મુખ્ય ગુનેગાર તરીકે ગુનાને માટે જવાબદાર થાત (મે. પૃ. ૮૮).

કોઈ ગુનામાં મદદ કરનાર માણસ તે ગુનો થયો તે વખતે પાસે હોવાથી તે અપરાધ તેણેજ કર્યો એવું સમજી તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત મુકાય તો તેનું તે સાહ્ય કરવું તે અપરાધ બનતા સુધી એક સરખુ ચાલુ રહેવું જોઇયે. આખરનું કૃત્ય થયા અગાઉ એક ક્ષણ પહેલાં જો કે તેણે પોતાનું અંગ તેમાંથી કહાડી લીધુ હોય તો તેની મદદર્થી તે અપરાધ બન્યો એમ કહેવાય નહિ (જુઓ મુ. હા. વા. ૧૦ પાને ૪૯૭ સરકાર વિ૦ અમૃતા ગોવિંદા).

મુસલમાનમાં લગ્ન થએલી સ્ત્રી ઉપર તેણે પોતાના ધણીની મિલકતની ચોરી કર્યાનું અથવા ચોરીમાં મદદ કર્યાનું તોહોમત મુકવાને હરકત નથી (મુ. હા. વા. ૬ પાને ૯ સરકાર વિરૂધ ખતાબાઈ એબઇસ્માલની સ્ત્રીનો ફેસલો જુઓ).

ધણીના કબજામાંથી ધણીની ગેરહાજરીમાંથી તેની સ્ત્રીએ પોતાના સ્ત્રીધનનીમિલકત લીધી હોય તો તે સ્ત્રી ચોરીના ગુનાની ગુનેગાર નથી એટલુંજ નહિ પણ એવી હકીકત હોવાથી તે ગુનામાં મદદ કરનાર પણ ગુનેગાર નથી. સરકાર વિ૦ નાથા કલ્યાણ અને લખી મુ. હા. વા. ૮ પાને ૧૧).

જ્યારે કોઈ એક માણસ એકાદ ગુનો કરવાને મદદ કરે અને તે ગુનો થાય તે વખતે તે હાજર હોય તો તેવી વખતે તેની ચોકશી કરવાની તે મુખ્ય અપરાધ કર્યા પ્રમાણે ઈ. પી. કો. કા. ૧૧૪ પ્રમાણે કરવી (મુ. હા. વા. ૮ પા. ૧૬૪ સરકાર વિરૂધ ચીમા).

જ્યારે પાક ઉઠાવી લેઈ જનાર ઘણા શખ્સો હોય અને તેવી વખતે તેમાંના કોઇયે પાક ઉડાવ્યો ન હોય તોપણ સરવે શખસો એક સરખા જવાબદારછે (કા. વી. રી. વા. ૮ પાને ૫૯).

મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની સિક્ષા થઇ શકે એવા ગુન્હામાં મદદગારી કરવામાં આવે અને તે ગુન્હો તે મદદગારી ઉપરથી ન થાય, તો તે મદદગારીની શિક્ષા.

૧૧૫. મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે હેવો કાંઈ ગુનોહ કરવામાં કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારી ઉપરથી તે ગુનોહ કરવામાં આવે નહી, તથા તે મદદગારી માટે શિક્ષા સંબંધી આ કાયદામાં કાંઈ સાફ ઠરાવ નહી કરેલો હોય, તો તે માણસને સાત વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને

અગર જેથી બ્યથા થાય એવું કાંઈ કામ તે મદદગારી ઉપરથી કરવામાં આવે તો.

અગર તે મદદગારી ઉપરથી જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય, અને જે કામથી કોઈ સખસને બ્યથા થાય, હેવું કાંઇ કામ કરવામાં આવે, તો તે મદદગારને ચૌદ વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થસે.

દૃષ્ટાંતો.

ઝ નું ખુન કરવાને અ બ ને ઉસકેરે, પણ તે ગુનોહ કરવામાં આવે નહી. હવે અગર બ ઝ નું ખુન કરે તો તે મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને લાયક થાય એવું છે; માટે અ સાત વર્ષની મુદત સુધીની કેદને તથા દંડને પણ લાયક છે, એમ સમજવું. અને તે મદદગારી ઉપરથી જો ઝ ને કાંઇ વ્યથા કરવામાં આવે તો તે માણસ અ ચઉદ વર્ષની મુદત સુધીની કેદને તથા દંડને લાયક થશે, એમ સમજવું.

કેદની શિક્ષા થઇ શકે એવા ગુન્હામાં મદદગારી કરવામાં આવે, અને તે ગુન્હો તે મદદગારી ઉપરથી ન થાય તો તે મદદગારીની શિક્ષા.
અગર તે મદદગાર અથવા મદદગારી કરેલો સખ્સ સરકારી નોકર હોય, અને તેહેની ફરજ તે ગુન્હો અટકાવવાના હોય તો.

૧૧૬. કેદની શિક્ષા થઇ શકે એવા કાંઇ ગુનાહમાં કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારી ઉપરથી તે ગુનોહ કરવામાં આવે નહી, તથા તે મદદગારીને માટે શિક્ષા સંબંધી આ કાયદામાં કાંઈ સાફ ઠરાવ નહી કરેલો હોય તો તે માણસને તે ગુનાહને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની, અથવા તે ગુનાહને માટે ઠરાવેલા દંડની અથવા એ બનેની, શિક્ષા કરવામાં આવશે; અને અગર તે મદદગાર અથવા જેને મદદગારી કરી હોય તે સખ્સ સરકારી નોકર હોય, અને તેની ફરજ તે ગુનોહ થતો અટકાવવાની હોય, તો તે મદદગારને તે ગુનાહને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની અડધી મુદત સુધીની કેદની, અથવા તે ગુનાહને માટે ઠરાવેલા દંડની, અથવા એ બનેની, શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંતો.

(અ) બ એક સરકારી નોકર છે તે પોતાના ઓહદાનો અમલ ચલાવવામાં અ ની ઉપર કાંઈ મેહેરબાની કરે તેના બદલામાં અ બ ને કાંઈ લાંચ આપે, અને બ તે લાંચ લે નહી, તો અ ને આ કલમ મુજબ શીક્ષા થઈ શકે.

(બ) ખોટી શાહેદી આપવાને અ બ ને ઉસકેરે, તો એ ઠેકાણે, અગર બ ખોટી શાહેદી આપે નહી, તો પણ અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરેચો, અને તે મુજબ તેને શિક્ષા થઈ શકે, એમ સમજવું.

(ક) અ એક પોલીસ અમલદાર છે, તેની ફરજ અપહરણ અટકાવવાની છે, તે અપહરણ કરવામાં મદદગારી કરે, તો એ ઠેકાણે, અગર તે અપહરણ ન થાય તોપણ, તે ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય, તેની અરધી મુદતની કેદને તથા દંડને પણ અ લાયક છે, એમ સમજવું.

(ડ) અ એક પોલીસ અમલદાર છે, તેની ફરજ અપહરણ અટકાવવાની છે. તેની પાસે તે ગુનોહ કરાવવામાં બ મદદગારી કરે તો એ ઠેકાણે, અગર તે અપહરણ ન થાય તોપણ, તે અપહરણના ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય. તેની અરધી મુદતની કેદને, તથા દંડને પણ, બ લાયક છે, અમ સમજવું.

ટીકા—સગીર છોકરાના કાયદેસર પાલણ કરનારના તાબામાંથી સગીરને લઈ જવાની ક્રિયા ચાલુ હોય ત્યાંહાં સુધી ચોરી લેવાના અપરાધને સાહ્ય કરવામાં આવેછે અને બીજા હાલના કામમાં પી. કો. કા. ૩૬૩ અને ૧૧૬ પ્રમાણે અપરાધ મુકવો જોઇએ (મદ્રાશ ઇ. લા. વા. ૧ પા. ૧૭૩ સરકાર વિરૂધ્ધ સમ્યાકાનદત્ત)

લોક પાસે અથવા દસથી વધારે માણસો પાસે કાંઈ ગુનોહ કરાવવામાં મદદગારી.

૧૧૭. લોક પાસે અથવા કોઇ પણ વરગના દશથી વધારે સખસો પાસે કાંઈ ગુનોહ કરાવવામાં જે માણસ મદદગારી કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

અ એક સરીયામ જગ્યામાં એક જાહેરનામુ ચોહોડે, અને તે મધ્યે દશથી વધારે માણસોના એક તડવાળાઓને એવી રીતે ઉશકેરે કે તમારા સામા તડવાળા માણસો ફલાણી વખતે તથા ફલાણા ઠેકાણેથી એક વરઘોડો લઇ જવાના છે તેઓની ઉપર હુમલો કરવાના કારણસર તમે તે વખતે તે ઠેકાણે એકઠા થજો, તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુનોહ કરયો, એમ સમજવું.

ટીકા—ગુનો થયા પછી તેને સાહ્ય કરનાર વિશે આ બાબમાં કીંવા આ કાયદાના બીજા બાબમાં કાંઈ કહેલું જણાતું નથી સર્વે કલમમાં ગુનો થયા અગાઉ અગર ગુનો ઘડતી વખતે થયેલા પ્રકાર વિશે કહેલું નથી. સાહ્ય કર્યા પછી ત્રણ પ્રકારની વાત બનેછે પહેલી વાત એકે જે ગુનામાં સાહ્ય કરેછે તે થઈ ના આવે, એવે પ્રસંગે ગુનો થવાને પ્રયત્ન કર્યા બદલ ગુનેગાર કા. ૧૧૫ અને ૧૧૬ પ્રમાણે શિક્ષાને પાત્ર થાયછે, બીજી વાત જે ગુનાને સાહ્ય કરો તે ગુનો થવો અને તે વખતે કા. ૧૦૯–૧૧૦ પ્રમાણે શિક્ષાને પાત્ર થાય ત્રીજી વાત જે કૃત્ય કરવામાં સાહ્ય કરી તેથી જુદુ કૃત્ય થાય ને જે કૃત્યને સાહ્ય કરી તેનાથી થવાનો સંભવ હોય તે પ્રસંગે કા. ૧૧૧ અને ૧૧૩ પ્રમાણે શિક્ષાને પાત્ર થાય (મે. કા. પૃ. ૯૨).

મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનોહ કરવાની ધારણા છુપાવવી.

અગર તે ગુનોહ થાય, તો અગર તે ગુનોહ ન થાય તો.

૧૧૮. મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનોહ કરવો સેહેલ કરવાના ઇરાદાથી, અથવા તે પોતાથી સેહેલ થસે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, અગર કોઇ માણસ, કાંઇ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરીને, તે ગુનોહ કરવાની, ધારણા થઇ હોય તે ધારણા બુદ્ધિપુરવક છુપાવે, અથવા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય એવી કાંઇ વાત જાહેર કરે, તો તે માણસને જો તે ગુનોહ થાય તો, સાત વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા જો તે ગુનોહ ન થાય તો તે માણસને ત્રણ વરશની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને ગુનોહ થાય તો પણ, અને ન થાય તોપણ ઉપલી સીક્ષાની સાથે દંડને પણ તે માણસ લાયક થશે.

દ્રષ્ટાંત.

બ ઠેકાણે એક ડાકાઇટીનો ગુનોહ થવાનો છે એમ જાણ્યા છતાં અ માજીસ્ત્રેટને એવી ખોટી ખબર કરે કે તેથી સામા રસ્તાપર એક ક નામની જગા છે ત્યાં તે ગુનોહ થવાનો છે અને એમ કરીને તે માજીસ્ત્રેટને છેતરે એવા ઇરાદાથીકે તે ગુનોહ કરવો શેહેલ કરવો, અને તે ધારણા મુજબ બ જગાપર તે ગુનોહ કરવામાં આવે તો અ ને આ કલમ મુજબ શિક્ષા થઇ શકે.

જે ગુનોહ અટકાવવાની પોતાની ફરજ હોય એવો કોઇ ગુનોહ કરવાની ધારણા કોઇ સરકારી નોકરે છુપાવવી.

૧૧૯. કોઇ માણસ સરકારી નોકર હોય, અને સરકારી નોકર દાખલ જે ગુનોહ થતો અટકાવવાની તેની ફરજ હોય, એવો કોઇ ગુનોહ કરવો શેહેલ કરવાના ઇરાદાથી, અથવા પોતાથી તે સેહેલ થશે એવો સંભવ છે એમ જાણીને, અ-

અગર તે ગુનોહ થાય, તો. અગર તે ગુનોહ મોત વગેરેની શિક્ષા જોગ હોયતો. અગર તે ગુનોહ ન થાય. તો.

ગર તે સરકારી નોકર, કાંઇ કામ કે કાયદા વિરૂદ્ધ કસુર કરીને, તે ગુનોહ કરવાની ધારણા થઇ હોય તે ધારણા બુદ્ધિપુરવક છુપાવે, અથવા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય એવી કાંઇ વાત જાહેર કરે તો તે માણસને, જો તે ગુનોહ થાય તો તે ગુનાહને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય, તેની અરધી મુદત સુધીની કેદની અથવા તે ગુનાહને માટે ઠરાવેલા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે; અથવા જો તે ગુનોહ મોતની અથવા છીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો હોય તો તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા જો તે ગુનોહ ન થાય, તો તે માણસને, તે ગુનાહને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની, અથવા તે ગુનાહને માટે ઠરાવેલા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

અ એક પોલીસ અમલદાર છે, અને અપહરણ કરવાની જે જે ધારણા તેના જાણ્યામાં આવે તે સરવેની ખબર આપવાની કાયદા મુજબ તેની ફરજ છે. તેના જાણ્યામાં એમ હોય કે અપહરણ કરવાની બ ધારણા કરે છે, અને તે તે ગુનોહ કરવો સહેલ કરવાના ઇરાદાથી તે ખબર આપવામાં કસુર કરે, તો એ ઠેકાણે કાયદા વિરૂદ્ધ, કસુર કરીને, અ એ બ ની ધારણા છે તે છુપાવી માટે તે આ કલમના ઠરાવ મુજબ શિક્ષાને લાયક છે એમ સમજવું.

કેદની શિક્ષા થઈ શકે એવો કાંઈ ગુનો કરવાની ધારણા છુપાવવા અગર તે ગુનો થાય તો, અગર ન થાય તો.

૧૨૦. કેદની શિક્ષા થઈ શકે એવો કોઈ ગુનો કરવો સેહેલ કરવાના ઇરાદાથી, અથવા તે પોતાથી સેહેલ થશે એવો સંભવછે એમ જાણ્યા છતાં, અગર કોઈ માણસ કાંઈ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરીને, તે ગુનો કરવાની ધારણા થઈ હોય તે ધારણા બુદ્ધિપુર્વક છુપાવે અથવા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય એવી કાંઈ વાત જાહેર કરે,તો તે માણસને જો તે ગુનો થાય તો તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુનાને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવેલી હોય તેની પા મુદત સુધીની કેદની,અને જો તે ગુનો ન થાયતો તેઘણામાંઘણી મુદતની એક અષ્ટમાંશ મુદત સુધીની કેદની, અથવા તે ગુનાને માટે ઠરાવેલા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બાબ ૬ ઠો.

રાજ્ય વિરૂદ્ધ ગુન્હાઓ બાબત.

રાણીના સામા લડાઈ કરવી અથવા લડાઈ કર

૧૨૧. જે માણસ રાણીની સામા લડાઈ કરે, અથવા લડાઈ કરવાની કોશિશ કરે, અથવા લડાઈ કરવામાં મદદ-

વાની, કોશીશ કરવી, અથવા લડાઈ કરવામાં મદદગારી કરવી.

ગારી કરે, તેને મોતની અથવા જીવતાંસુધી સમુદ્રપારની શિક્ષા કરવામાં આવશે, અને તેની સઘળીમિલકત સરકાર જપ્તથશે.

૧૨૧ મી કલમ પ્રમાણેશિક્ષા કરવા લાયકગુનો કરવાનોસંપ કરવો.

"૧૨૧. અ.—જે માણસ બ્રિટીશ ઈંડીઆમાં અથવા બ્રિટીશ ઈંડીયા બહાર ૧૨૧ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક કાંઈ ગુનો કરવાનો અથવા બ્રિટીશ ઈંડીયાનું અથવા તેના કાંઈ ભાગનું રાણી સાહેબનું રાજ્ય છીનવી લેવાનો સંપ કરશે, અથવા ઈંડીયા સરકારને અથવા હરકોઈ ઇલાકાની સરકારને સાપ્રાધ બળથી અથવા સાપ્રાધ બળના દેખાવથી ડરાવવાનો સંપ કરશે તે માણસને જીવતાં સુધી અથવા થોડી મુદત સુધી સમુદ્રપાર મોકલવાની શિક્ષા કરવી, અથવા ઘણામાં ઘણા દશ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવી."

"ખુલાસો—આ કલમ પ્રમાણે સંપ કરવાનો ગુનો થવા સારૂ સંપ કરવાના કામમાં હરકાંઈ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર થવીજ જોઇએ એવું સમજવું નહિ."

દૃષ્ટાંત.

(અ) રાણીની સામા એક બંડ થાય તેમાં અ સામિલ થાય, તો, આ કલમમાં બયાન કરેલો ગુનો અ એ કરયો એમ સમજવું.

(બ) શીલોન મધ્યેના બંડખોરોને હથિયારો મોકલીને ત્યાંના રાણીના રાજ્યની સામા બંડ કરવામાં અ હિંદુસ્થાનમાં રહ્યો મદદગારી કરે, તો અ એ રાણીની સામાં લડાઈ કરવામાં મદદગારી કરવાનો ગુનો કીધો એમ સમજવું.

રાણીના સામા લડાઈ કરવાના ઇરાદાથી હથિયારો વગેરે એકઠાં કરવાં.

૧૨૨. જે સખ્સ રાણીની સામા લડાઈ કરવાના ઇરાદાથી, અથવા લડાઇ કરવાને તૈયાર થવાના ઇરાદાથી, માણસો, હથિયારો, અથવા દારૂગોળા એકઠા કરે, અથવા લડાઈ કરવાની બીજી રીતે તઇયારી કરે તો તે સખ્સને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તેની સઘળી મિલકત સરકાર જપ્ત થશે.

લડાઇનું કામ સેહેલ કરવાના ઇરાદાથી લડાઇની ધારણા છુપાવવી.

૧૨૩. રાણીની સામા લડાઈ કરવાની કાંઈ ધારણા થઈ હોય તે ધારણા કાંઈ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરીને જો કોઇ માણસ છુપાવે, અને તે એવા ઇરાદાથીકે એ પ્રમાણે તે ધારણા છુપાવેથી તે લડાઈ કરવી સેહેલ થાય, અથવા એ પ્રમાણે તે છુપાવેથી તે લડાઈ કરવી સેહેલ થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને દસવરસની મુદત સુધીની એમાંનાં ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

કાંઈ કાયદેસર અખ્તિયાર અમલમાં અણાવવા અથવા ના અણાવવાના ઈરાદાથી ગવરનરે જનરલ, ગવરનરે વગેરેપર હુમલો કરવો.

૧૨૪. હિંદુસ્થાનના ગવરનર જનરલ, અથવા કોઈ પ્રેસિડેન્સીના ગવરનર અથવા કોઈ લિફટેનંટ ગવરનર, અથવા હીંદુસ્થાનના ગવરનર જનરલની કાંઉનસીલના અથવા કોઈ પ્રેસિડેન્સીની કાંઉનસીલના કોઈ સભાસદના કાયદેસર અખ્તિયાર માહેલા કાંઇપણ અખ્તિયાર, તે ગવરનર જનરલ અથવા ગવ-

રનર લિવટેનંટ ગવરનરે અથવા કાંઉન્સીલના સભાસદને સમજાવીને અથવા જબરદસ્તીથી તેની પાસે કોઇપણ રીતે અમલમાં અણાવવા અથવા ન અણાવવાના ઇરાદાથી, જે માણસ તે ગવરનર જનરલ અથવા ગવરનર અથવા લિવટેનંટ ગવરનર અથવા કાંઉન્સીલના સભાસદની ઉપર હુમલો કરે, અથવા તેને ગેરવ્યાજબી અટકાવ કરે, અથવા ગેરવ્યાજબી અટકાવ કરૂવાની કોશિશ કરે, અથવા સાપ્રાધ બળથી અથવા સાપ્રાધ બળના દેખાવથી તેને ડરાવે, અથવા તે રીતે ડરાવવાની કોશિશ કરે, તે માણસને સાત વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

બેદિલી ઉત્પન્ન કરવી. "૧૨૪. અ—કોઈ માણસ બ્રિટિશ ઈંડિયામાં કાયદાની રૂઇએ જે સરકારનો અમલ સ્થાપેલો છે તે સરકાર બાબત લોકોના મનમાં બેદિલીના વિચાર બોલેલા શબ્દો વડે અથવા કોઈ વાંચે તેવા ઇરાદાથી લખેલા શબ્દો વડે અથવા ઇસારત કરીને અથવા પ્રતક્ષ કાંઈ દેખાડીને અથવા બીજી રીતે ઉત્પન્ન કરશે અથવા ઉત્પન્ન કરવાની કોશિશ કરશે તો તેને જીવતાં સુધી અથવા હરકાંઈ મુદત સુધી સમુદ્રપાર મોકલવાની શિક્ષા કરવી અને વળી જોઇએ તો દંડ પણ કરવો અથવા ઘણામાં ઘણા ત્રણ વરસ સુધીની કેદની શિક્ષા કરવી અને વળી જોઇએ તો દંડ પણ કરવો, અથવા દંડ કરવો.

"ખુલાસો—સરકારી યોજના બાબતની જે નાપસંદી સરકારનો કાયદાસર અધિકાર માનવાના ધોરણને અનુસરીને હોય અને સરકારનો કાયદાસર અધીકાર નહિ સરખો કરવા બાબત અથવા તેને હરકત કરવા બાબત કાયદા વિરૂદ્ધ રીતે કરેલી કોશિશ વિરૂદ્ધ સરકારના અધીકારને મદદ કરવાના ધોરણને અનુસરીને હોય તે ના પસંદી ને બેદીલી સમજવી નહિ; વાસ્તે એવાજ પ્રકારની નાપસંદીજ લોકના મનમાં લાવવાના ઇરાદાથી સરકારની યોજના બાબત ટીકા કરવી તે આ કલમના અર્થ પ્રમાણે ગુનોહ થતો નથી."

રાણીની સાથે મઇત્રી રાખનારા એશીયાના કોઈ રાજાની ઉપર લડાઈ કરવી. ૧૨૫. રાણીની સાથે મઇત્રી અથવા સલાહ હોય એવા એશિયાના કોઇપણ રાજાના રાજ્યની સામા જે માણસ લડાઈ કરે, અથવા લડાઈ કરવાની કોશિશ કરે, અથવા લડાઈ કરવામાં મદદગારી કરે, તે માણસને જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા કરવામાં આવશે, અને તેની સાથે તેને દંડપણ થઈ શકે; અથવા સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારના કેદની શિક્ષા કરવામાં આવશે. અને તેની સાથે તેને દંડ પણ થઇ શકે, અથવા દંડની શિક્ષા કરવામાં આવશે.

રાણીની સાથે સલાહ રાખનારા કોઇ રાજાના મુલકપર લુટ કરવી. ૧૨૬. રાણીની સાથે મઇત્રી અથવા સલાહ હોય, એવા કોઇપણ રાજાના મુલકપર જે માણસ લુટ કરે, અથવા લુટ કરવાની તૈયારી કરે, તે માણસને સાત વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને, તથા તે લુટ કરવામાં વાપરેલી અથવા વાપરવાને ધારેલી, અથવા તે લુટમાંથી મળેલી જે મિલકત હોય તે મિલકત સરકારે જપ્ત થવાને પણ, લાયક થશે.

૧૨૫ મી તથા ૧૨૬મી કલમોમાં લખ્યા પ્રમાણે લડાઈ અથવા લુટથી મળેલી મિલકત લેવી.

૧૨૭. ૧૨૫ મી તથા ૧૨૬મી કલમોમાં લખેલા ગુનાહો માંહેલા કોઈ ગુનાહ કરવામાં મળેલી કોઈ મિલકત જે માણસ તે તે રીતે મેળવેલી છે એમ જાણીને લે, તે માણસને સાત વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને, તથા તે લીધેલી મિલકત સરકાર જપ્ત થવાને પણ લાયક થશે.

સરકારી નોકર બુદ્ધિપુર્વક પોતાના હવાલામાં કોઈ રાજક્યઅથવા લડાઇના કેદીને નાશી જવા દે, તે બાબત.

૧૨૮. જે માણસ સરકારી નોકર છતાં, પોતાના હવાલામાંના કોઈ રાજક્ય કેદીને અથવા લડાઇના કેદીને, જે જગામાં તે કેદીને કેદ કરયો હોય, તે જગામાંથી બુદ્ધિપુર્વક નાશી જવા દે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારી નોકર ગફલતથી પોતાના હવાલામાંના કોઈ રાજક્ય અથવા લડાઇના કેદીને નાશી જવા દે, તે બાબત.

૧૨૯. જે માણસ, સરકારી નોકર છતાં, પોતાના હવાલામાંના કોઈ રાજક્ય કેદીને અથવા લડાઇના કેદીને કેદની જે જગામાં તે કેદીને કેદ કરયો હોય તે જગામાંથી ગફલતથી નાશી જવા દે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની આસાન કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

તેવા કેદીનેનાશી જવામાં સહાય કરવું, છોડાવવો અથવા ઘરમાં રાખવો.

૧૩૦. કોઈ રાજક્ય કેદીને અથવા લડાઈના કેદીને કાયદેસર કેદમાંથી નાશી જવામાં જે માણસ સહાય અથવા મદદ કરે, અથવા એવા કોઈ કેદીને જે છોડાવે, અથવા છોડાવવાની કોશિશ કરે, અથવા એવો કેદી કાયદેસર કેદમાંથી નાશી ગયો હોય તેને જે ઘરમાં રાખે અથવા સંતાડે, અથવા એવા કેદીને પાછો પકડવામાં જે હરકત કરે, અથવા હરકત કરવાની કોશિશ કરે, તે માણસને જીવતા સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—જે રાજક્ય કેદીને અથવા લડાઇના કેદીને પોતાના વચનપરથી બ્રિટિશ ઈંડિયાની કેટલીએક મુકરરર કરેલી હદમાં છુટો રહેવા દીધો હોય, તે કેદી જે હદમાં છુટો રહેવાની તેને રજા હોય તે હદમાંથી બાહાર જાય તો તે કાયદેસર કેદમાંથી નાશી ગયો એમ સમજવું.

બાબ ૭ મો.

જમીનપરની તથા દરિયાઈ ફોજ સંબંધી ગુન્હાઓ બાબત.

બંડમાં મદદગારી કરવી અથવા કોઇ સોલજરને કે ખલાશીને પોતાનીનોકરીથી ભ્રષ્ટ કરવાની કોશિશ કરવી.

૧૩૧. રાણીની જમીનપરની અથવા દરિયાઈ ફોજમાંના કોઈ આફિસરે, સોલજરે, અથવા ખલાશીએ બંડ કરવામાં જે માણસ મદદ કરે, અથવા તેવા કોઈ આફિસર, સોલજર, અથવા ખલાશીને પોતાના પ્રજાધર્મથી અથવા પોતાના શેવા

ધર્મથી ભ્રષ્ટ કરવાની જે માણસ કોશિશ કરે, તેને જીવતા સુધી સમુદ્રપારની, અથવા દસ વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—આ કલમમાં "આફિસર" અને "સોલજર" આ શબ્દો લખેલા છે તેમાં મલિકા માઆઝમાના લશ્કરનો વધારે સારો બંદોબસ્ત રાખવા બાબતના લશ્કરી આઈન અથવા સને ૧૮૬૯ ના ૫ મા આકટના લશ્કરી આઇન જે માણસને લાગુ હોય તે માણસનો સમાસ થાયછે એવું સમજવું.

બંડ કરવામાં મદદગારી કરવાથી જો બંડ થાય તો તેની શિક્ષા.

૧૩૨. રાણીની જમીનપર અથવા દરિયાઈ ફોજમાંના કોઈ આફીસરે, સોલજરે, અથવા ખલાશીએ બંડ કરવામાં જે કોઈ માણસ મદદગારી કરે, અને તે મદદગારી ઉપર બંડ થાય તો તે માણસને મોતની, અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ ઉપરી અમલદાર પોતાનો હોદ્દો ચલાવતો હોય તે દરમિયાનમાં તેના ઉપર કોઇ આફીસરે, સોલજરે અથવા ખલાશીએ હુમલો કરવામાં મદદગારી કરવી.

૧૩૩. રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજમાંના કોઈ આફિસરે, સોલજરે, ખલાશીએ કોઈ ઉપરી અમલદારે પોતાના હોદાનું કામ કરતો હોય તેવામાં તેની ઉપર હુમલો કરવામાં જે માણસ મદદગારી કરે તેને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જો તે હુમલો થાય તો તે હુમલામાં મદદગારીની શિક્ષા,

૧૩૪. રાણીની જમીનપરની અથવા દરિયાઈ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે, અથવા ખલાશીએ કોઇ ઉપરી અમલદાર પોતાના હોદાનું કામ કરતો હોય તેવામાં તેની ઉપર હુમલો કરવામાં જો કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારી ઉપરથી તે હુમલો થાય, તો તે માણસંન સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આ ાશે, અંને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સોલજર અથવા ખલાશીને નાશી જવામાં મદદગારી કરવી.

૧૩૫. રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે, અથવા ખલાશીએ નાશી જવામાં જે માણસ મદદગારી કરે, તેને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

નાશિ આવેલાને ઘરમા રાખવો.

૧૩૬. રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંનો ફલાણો આફીસર, સોલજર, અથવા ખલાશી નાશી આવેલો છે એમ જાણીને, અથવા એમ માનવાનું કારણ છતાં નીચેનો અપવાદ ન લાગતાં જે માણસ તે આફીસર, સોલજર, અથવા ખલાશીને ઘરમાં રાખે, તેને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

અપવાદ—કોઇ સ્ત્રી પોતાના વરને ઘરમાં રાખે તેને આ ઠરાવ લાગુ પડતો નથી.

કોઇ વેપારી વહાણમાં માસ્તરની ગફલતથી કોઇ નાશી જનાર સંતાયો હોય તો.

૧૩૭. જે વેપારી વાહાણમાં રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજમાંથી કોઇ નાશી જનારો સંતાયો હોય, તે વાહાણનો માસ્તર અથવા જે સખ્સના હવાલામાં તે વાહાણ હોય તે સખ્સ અગર તેહેના સંતાયાની વાતથી અજાણ્યો હોય તોપણ જો તે માસ્તરે અથવા જે સખ્સના હવાલામાં તે વાહાણ હોય તે સખ્સે પોતાનો હોદો બજાવવામાં કાંઇ ગફલત ન કરી હોત, અથવા વાહાણપર પાકો બંદોબસ્ત રાખ્યો હોત તો તેના જાણ્યામાં તે વાત આવત એવું હોય તો તે માસ્તર અથવા જે સખ્સના હવાલામાં તે વાહાણ હોય તે સખ્સ પાંચસે રૂપીઆ સુધીના દંડને લાયક થશે.

કોઇ સોલજરઅથવા ખલાશીને નાફરમાનીનું કાઇ કામ કરવામાં મદદગારી કરવી.

૧૩૮. ફલાણું કામ નાફરમાનીનું કામ છે એમ જાણીને તે કામ રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજમાંના કોઈ આફીસરે, સોલજરે, અથવા ખલાશીએ કરવામાં જો કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારીથી તે નાફરમાનીનું કામ થાય, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

લશ્કરી કાયદાને તાબેના સખ્સને આ કાયદા મુજબ શિક્ષા થઈ શકે નહી.

૧૩૯. રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજને સારૂ, અથવા રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજના કોઇ ભાગને સારૂ, કરેલા કોઇ લશકરી કાયદાને તાબે હોય એવા કોઇ સખસને આ કાયદા મુજબ આ બાબમાં બ્યાન કરેલા ગુનાહોમાંના કોઇ ગુનાહને સારૂ શિક્ષા થઈ શકશે નહી.

સોલજરનો પોશાક પેહેરવો.

૧૪૦. રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજમાંનો જે માણસ સોલજર નથી, તે માણસ તેવો સોલજર પેહેરતો હોય એવો કાંઇ પોશાક પેહેરે, અથવા તેવો સોલજર જે ચિન્હ વાપરતો હોય તેના જેવું કાંઈ ચિન્હ વાપરે, એવા ઇરાદાથી કે તે તેવો સોલજર છે એમ માનવામાં આવે, તો તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

બાબ ૮ મો.

લોકની સમાધાની વિરૂદ્ધ ગુનાહો બાબત.

કાયદા વિરૂદ્ધ મંડળી

૧૪૧. જો પાચ અથવા વધારે શખ્સોની એક મંડળી મળે, અને જે સખ્સો તે મંડળીમાં હોય તેઓનો સામાન્ય હેતુ નીચે લખ્યા પ્રમાણે હોય, તો તે મંડળીને "કાયદા વિરૂદ્ધ મંડળી" કહેવી.

પેહેલો—હિંદુસ્તાનની કાયદા કરનારી અથવા હકુમત કરેનારી સરકારને, અથવા કોઈ પ્રેસીડેન્સીની સરકારને, અથવા કોઈ લોવટેન્ટ ગવરનરને, અથવા પોતાના ઓહદાનો કાંઈ કાએસર અખતિઆર અમલમાં લાવતાં કોઈ સરકારી નોકરને, સાપરાધ બળ કરીને અથવા

સાપ્રાધ બળ દેખાડીને ડરાવવો; અથવા,

બીજો—કાંઈ કાયદો કે કોઈ કાયદેસર હુકમ બજાવતા હરકત કરવી; અથવા,

ત્રીજો—કાંઈ બીગાડ, અથવા સાપ્રાધ પ્રવેશ અથવા બીજો ગુનોહ કરવો; અથવા,

ચોથો—કોઈ સખ્શસની ઉપર સાપ્રાધ બળ કરીને અથવા તેને સાપ્રાધ બળ દેખાડીને, કાંઈ મિલકતનો કબજો લેવો અથવા મેળવવો, અથવા કોઈ સખ્સનો આવવા જવાનો હક, અથવા પાણી વાપરવાનો હક અથવા બીજો જે નીરાકાર વસ્તુ સંબંધી હક તે સખ્સના કબજામાં કે ભોગવટામાં હોય તે તેની પાસેથી લઈ લેવો, અથવા કાંઈ હક કે ધારેલો હક અમલમાં લાવવો; અથવા,

પાંચમો—સાપ્રાધ બળ કરીને અથવા સાપ્રાધ બળ દેખાડીને જે કામ કરવાની જે સખ્સની કાયદા પ્રમાણે ફરજ નહી હોય તે કામ તે સખ્સ પાસે કરાવવું, અથવા જે કરવાનો તેનો કાયદા પ્રમાણે હક હોય તે કરવામાં તેની પાસે કસુર કરાવવી.

ખુલાસો—જે મંડળી પ્રથમ મળતી વખતે કાયદા વિરૂદ્ધ ન હોય તે પાછળથી કાયદા વિરૂદ્ધ મંડળી થઈ શકે.

કાયદા વિરૂધ મંડળીનો અંગભુત તે શું.

૧૪૨. જે હકીકતોને લીધે કોઈ મંડળી કાયદા વિરૂદ્ધ મંડળીમાં થતી હોય તે હકીકતો જાણ્યા છતાં જે માણસ ઇરાદાથી તે મંડળીમાં સામિલ થાય, અથવા તેમાં જારી રહે, તે માણસને કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત સમજવો.

ટીકા—જે જે ઠેકાણે ગેરકાયદાની મંડળી એકઠી થએલી છે તે ઠેકાણે કોઇ માણસ પોતાની મીલકતને ઉપદ્રવ કરશો નહી એમ અટકાવ કરવા ગયો હતો એવું પુરાવાથી સાબિત થયું હોય તો તે ગેરકાયદેસર મંડળીમાં મળેલો કીંવા સામલ રહેલો છે એવું કહેવાય નહી. (કા. વી. રી. વા. ૧૯ પા. ૬૬ બરજુશીંગ વિરૂદ્ધ ખુબલાલ વગેરે).

શીક્ષા.

૧૪૩. જે માણસ કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત હોય તેને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ પ્રમાણે ફરીયાદ નહી થતાં પ્રથમ કા. ૩૯૫ પ્રમાણે તોહેમત રાખી ફરીયાદ કરવામાં આવી હતી. પણ માજીસ્રેટે તે કામ ચલાવતાં કલમ ૧૪૩ પ્રમાણે તોહમત રાખી ચોકશી સંક્ષિપ્ત રીતે શરૂ કરી તેમાં ઠરાવ્યું કે જો આ કલમ પ્રમાણે ફરીયાદ થઇ હોત તો તેની સંક્ષીપ્ત રીતે તપાસ થઇ શકત પણ ફરીયાદી કલમ ૩૯૫ પ્રમાણે થઇ હતી તો માજીસ્રેટને સંક્ષિપ્ત તપાસ કરવાનો માજીસ્રેટને અધિકાર નહી હતો (કા. વી.રી.વા.૨૧ પા. ૮૯ દવારકાંનાથ વિરૂદ્ધ નાલુદાસ.

પુરાવાપરથી એમ જણાય છે કે ગેરકાયદેસર મંડળીમાં જે બે મુખ્ય આશામી હતા તેઓ પાસે તરવાર હતી તેથી કેદીપર કલમ ૧૪૪ પ્રમાણે તોહોમત રાખવું જોઈતું હતું. પણ માજીસ્રેટે કલમ ૧૪૩ પ્રમાણે તોહોમત રાખી સંક્ષીપ્ત તપાસ કરી છે તે બરોબર નથી. (કા. હા. ઇ. લા. વા. ૪ પા. ૧૮ સરકાર વિ. ગુલામ મહમદ).

જીવ લે એવું કાંઈ હથિયાર પાસે છતા કોઇ કાયદા વિરૂધ મંડળીમાં સામીલ થવું.

૧૪૪. જીવ લેનારૂં કાંઈ હથિયાર, અથવા જે મારેથી સામા માણસનો પ્રાણ જાય એવો સંભવ હોય એવી કાંઇ વસ્તુ પાસે છતાં જે માણસ કોઇ કાયદા વિરૂધ મંડળીનો અંગભુત તેને બે વર્ષની મુદતસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીને વીખરાઈ જવાનો હુકમ થયોછે એમ જાણવાછતાં તેમાં સામીલ થવું, અથવા જારી રહેવું.

૧૪૫. કોઈ કાયદા વિરૂધ મંડળીને ઠરેમાવેલી રીતે વિખરાઈ જવાનું ફરમાવ્યુ છે એવું જાણ્યા છતાં જે માણસ તે કાયદા વિરૂધ મંડળીમાં સામીલ થાય અથવા જારી રહે, તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા બંનેની શીક્ષા કરવામાં આવશે.

સામાન્ય હેતુ પાર પાડવામાં એક અંગભુતેવાપરેલું બળ.

૧૪૬. કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં તે કાયદા વિરૂદ્ધ મંડળી અથવા તેનો કોઈ અંગભુત બળ અથવા જુલમ વાપરે, તો, તે મંડળીનાદરએક અંગભુતનેહંગામાનો ગુનોહકર્યો, એમસમજવું.

હંગામો કરવાની શીક્ષા.

૧૪૭. જે માણસ હંગામાનો ગુનોહ કરે, તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ અને ૪૪૭ તથા ૪૫૩ પ્રમાણે કોઈ માણસપર ગરદી કર્યા બદલ વિગેરે તોહમત શાબિત કર્યાની અગાઉ જે કૃત્ય ઉપરથી તેનાપર આરોપ આવ્યો તે કૃત્યમાં તે સામેલ હતો કીંવા નહી ? એ ગેરકાયદેસર ઉપાયનોજ ઉદેશ શીધ થવાનો તે પ્રયત્ન કરતો હતો તેનો ઊદેશ હતો એ બદલ પુરાવા છે કીંવા નહી એ ચોકસ ખાત્રી પુરવક જોવું જોઈએ. (કા. વી. રી. વા. ૨૨ પા. ૧૭)

આઠ આશામીના એક ટોળાએ સાત આશામીના ટોળા ઉપર હુમલો કર્યો. તેમાં મારામારી થવાથી બેઉ ટોળાના લોકને દુઃખ થયું તેથી અરજદારપર પી. કો. કા. ૧૪૭ અને ૩૨૩ પ્રમાણેનાં તોહોમત મુકી દરેક તોહમત બદલ શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે જે કેદી પર હંગામો કર્યાનું તોહમત સાબિત થયુ છે તેનાપર કામની હકીકત તેવી હોય તો જીવ જનારૂં હથીયાર લઈ હંગામો કરવા બદલ, શિક્ષીણીય મનુષ્યવધ કર્યા બદલ, અને મહા વ્યથા બદલ તોહોમત ઠરાવવાને હરકત નથી. હંગામો કરવો અને ગેરકાયદેસર મંડળી એ સુલેહ વિરૂધના ગુન્હા છે. અને શરીરપર મારવું, દુઃખ કરવું એ શરીર વિરૂધ ગુન્હા છે. (અલ્હાબાદ હા.ઈ. લા. વા.૨ પા.૧૩૯ સરકાર વિરૂધ રામ આધિન વિગેરેનો ફેસલો જુઓ.)

જીવ લે એવું હથિયાર પાસેરાખીને હંગામો કરવો.

૧૪૮. જીવ લેનારૂં કાંઇ હથિયાર, અથવા જે મારેથી સામા માણસનો પ્રાણ જાય એવો સંભવ હોય એવી કાંઈ વસ્તુ પાસે છતાં જે માણસ હંગામો કરે, તેને ત્રણ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં કાંઈ ગુન્હો થાય તો તે મંડળીના પ્રત્યેકઅંગભુતને તે ગુનાહનો તકસીરવાર સમજવો.

૧૪૯. કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં તે મંડળીના કોઈ અંગભુતથી કાંઈ ગુનોહ થાય, અથવા એવો કાંઈ ગુનોહ થાય કે તે હેતુ પાર પાડવામાં તે ગુનોહ થશે એવો સંભવ તે મંડળીના અંગભુતોના જાણવામાં હોય તો તે ગુનોહ થતી વખતે જે જે સખસ તેજ મંડળીના અંગભુત હોય તે દરેક સખસે તે ગુનોહ કર્યો એમ સમજવું.

ટીકા—બેઉ પક્ષકાર તરફથી બેઉ ટોળીઓ વચે તોફાન થતાં એક ટોળીમાંના એકનો જીવ ગયો, ટોળીવાળાઓ પાસે હથીયાર ભાલા વગેરે હતા. તેમાં ઠરાવ્યું કે આવી બાબતમાં કલમ ૩૦૦ ના અપવાદ ૪ તથા ૫ પ્રમાણે ગુન્હો રહી શકતો નથી પણ કલમ ૩૦૨ અને કલમ ૧૪૯ મળીને આ ગુન્હો થાય છે. (કા. હા. ઈ. લા. રી. વા. ૫ પાને ૩૧ સરકાર વિરૂધ રહીમુદીન વિગેરેનો ફેસલો જુઓ).

કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામીલ થવાને પઈસા આપવા કરીને કોઈ સખ્સોને રાખવા અથવા તેઓને રાખવામાં ચસ્મપોશી કરવી.

૧૫૦. જે માણસ કોઈ સખ્સને કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામીલ થવાને અથવા અંગભુત થવાને પઈશા આપવા કરીને અથવા કોઈ બીજી રીતે રાખે, અથવા પઈશા આપવા કરીને અથવા બીજી કોઈ રીતે રાખવામાં મદદ કરે, અથવા ચસ્મપોશી કરે, તે માણસને તે કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુત દાખલ, તથા તે પઈશા આપવા કરીને અથવા બીજી કોઇ રીતે રાખવા ઉપરથી તે રાખેલા સખ્સથી તે કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુત દાખલ જે કાંઈ ગુનેહ થાય તે ગુનાહને માટે જાણે તે માણસ તે કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુતજ હોય, અથવા જાણે તેણે પોતેજ તે ગુન્હો કર્યો હોય, એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

પાંચ અથવા વધારે સખ્સોની કોઈ મંડળીને વીખરાઇ જવાનો હુકમ થયા પછી જાણી બુઝીને તે મંડળીમાં સામીલ થવું અથવા જારી રહેવું.

૧૫૧. જેથી લોકની સુલેહમાં ગડબડ થાય એવો સંભવ હોય એવી પાંચ અથવા વધારે સખ્સોની મંડળીને વીખરાઈ જવાનો કાયદેસર રીતે હુકમ થયા પછી, જે માણસ જાણી બુઝીને તે મંડળીમાં સામીલ થાય અથવા જારી રહે તેને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો.—અગર તે મંડળી ૧૪૧ મી કલમના અરથ પ્રમાણેની કાયદા વિરૂધ મંડળી હોય તો તે ગુનેગારને ૧૪૫ મી કલમ મુજબ સીક્ષા કરવામાં આવશે.

હંગામો બંધ પાડવા વગેરેનું કામ કરતો હોય તેવામાં કોઈ સરકારી નોકરની ઉપર હુમલો કરવો અથવા તેને હરકત કરવી.

૧૫૨. કોઇ સરકારી નોકર પોતાનો સરકારી હોદો બજાવવામાં કાંઈ કાયદા વિરૂધ મંડળીને વીખેરી નાંખવાની અથવા કાંઈ હંગામો કે બખેડો બંધ પાડવાની મેહેનત કરતો હોય તેવામાં તેની ઉપર જે માણસ હુમલો કરે, અથવા હુમલો કરવાનો ડર દેખાડે અથવા તેને હરકત કરે, અથવા હરકત કરવાની કોશીશ કરે, અથવા તે સરકારી નોકરપર સાપરાધ બળ વાપરે, અથવા તે વાપરવાનો ડર દેખાડે અથવા તે વાપરવાની કોશીશ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

હંગામો કરવના ઇરાદાથી દુષ્ટતાથી કોઈના મનમાં ક્રોધ ઉત્પન્ન કરવો.

૧૫૩. જે માણસ દ્વેષ બુદ્ધિથી અથવા દુષ્ટતાથી કાંઈ કાયદા વિરૂદ્ધ વસ્તુ કરીને કોઈ સખ્સના મનમાં ક્રોધ ઉત્પન્ન કરે અને તે એવા ઇરાદાથી કે તે ક્રોધ હંગામાનો ગુનેહ કરાવે અથવા તે ક્રોધ હંગામાનો ગુનેહ કરાવશે એવો સંભવ છે એમ જાણીને તે એ પ્રમાણે કરે તો અગર તે ક્રોધ ઉત્પન્ન થયાથી હંગામાનો ગુનો થાય તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એબંનેની સીક્ષા કરવામાં આવશે; અને

અગર હંગામો થાય તો.

અગર હંગામાનો ગુનેહ ન થાય, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામાં આવશે.

જે જમીનપર કાંઈ કાયદા વિરૂદ્ધ મંડળી હોય તે જમીનનો માલિક અથવા કબજેદાર.

૧૫૪. જ્યારે કાંઈ કાયદા વિરૂદ્ધ મંડળી મળે અથવા હંગામો થાય ત્યારે જે જમીનપર તે કાયદા વિરૂદ્ધ મંડળી મળે અથવા તે હંગામો થાય તે જમીનના માંલીક અથવા કબજેદારને, તથા તે જમીનમાં જેનો હક હોય અથવા જે હકનો દાવો કરતો હોય એવા સખસને એક હજાર રૂપીઆ સુધીના દંડની સીક્ષા કરવામાં આવશે; પણ તે ક્યારે કે જો તે અથવા તેનો મુખ્તિયાર કે કારભારી, તે ગુનોહ થાય છે અથવા થયો છે એવું જાણીને, અથવા એવો સંભવ છે એમ માનવાનું કારણ છતાં, પાસેમાં પાંસેની પોલીસની ચોકીપરના મુખ્ય અમલદારને તે બાબતની પોતાથી બનતી જલદીમાં જલદી ખબર નહી આપે તો; અને તે ગુનોહ થવાનો છે એમ માનવાનું તેને અથવા તેઓને કારણ છતાં, તે અથવા તેઓ તે ગુનોહ અટકાવવાને સારૂ પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો; અને તે ગુનોહ થયા પછી તે હંગામો બંધ પાડવાને અથવા તે કાયદા વિરૂદ્ધ મંડળીને વિખેરી નાંખવાને પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો.

જે સખસના ફાયદાને સારૂ કાંઈ હંગામો કરવામાં આવે, તે સખસની જવાબદારી.

૧૫૫. જો કોઈ સખસના ફાયદાને સારૂ, અથવા તેની વતી, કાંઈ હંગામો કરવામાં આવે, અને જે જમીન બાબત તે હંગામો થાય તે જમીનનો તે સખસ માલિક અથવા કબજેદાર હોય, અથવા તે જમીનમાં અથવા જે કાંઈ તકરાર ઊપરથી તે હંગામો થયો હોય તે તકરારની બાબતમાં, કાંઈ હકનો તે સખસ દાવો કરતો હોય; અથવા તેમાંથી તે સખસને કાંઈ ફાયદો થયો હોય અથવા તેણે કાંઈ ફાયદો કબુલ કરયો હોય, તો તે સખસને દંડની શિક્ષા કરવામાં આવશે; પણ ક્યારે કે જો તે અથવા તેનો મુખ્તિયાર કે કારભારી, તે હંગામો થવાનો સંભવ છે, અથવા તે હંગામો જેથી થયો હોય તે કાયદા વિરૂધ મંડળી મળવાનો સંભવછે, એમ માનવાનું તેને કારણ છતાં, તે મંડળી મળતી અથવા હંગામો થતો અટકાવવાને, તથા તે હંગામો બંધ પાડવાને અને તે મંડળીને વિખેરી નાંખવાનો પોત પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો.

ટીકા—જે જમીનદારની હદમાં ઓચીંતું હુલડ થાય અને તે થશે એમ તેના માનવાને કારણ ન હોય તો એ હુલડ માટે જમીનદાર જવાબદાર નથી (કા.ની. રી. વા. ૩ પા. ૫૪)

જે માલિક અથવા કબજેદારના ફાયદાને સારૂ કાંઈ હંગામો કરવામાં આવે તે સખસના મુખ્તિયારની જવાબદારી.

૧૫૬. જો કોઈ સખસના ફાયદાને સારૂ, અથવા તેની વતી; કાંઈ હંગામો કરવામાં આવે, અને જમીન બાબત તે હંગામો થાય તે જમીનનો તે સખસ માલિક અથવા કબજેદાર હોય, અથવા તે જમીનમાં અથવા જે કાંઈ તકરાર ઉપરથી તે હંગામો થયો હોય તે તકરારની બાબતમાં, કાંઈ હકનો તે સખસ દાવો કરતો હોય, અથવા તેમાંથી તે સખસને કાંઈ ફાયદો થયો હોય અથવા તેણે કાંઈ ફાયદો કબુલ કરયો હોય, તો તે સખસ મુખ્તિયાર અથવા કારભારીને દંડની શિક્ષા કરવામાં આવશે; પણ ક્યારે કે જો તે મુખ્તિયાર અથવા કારભારી, તે હંગામો થવાનો સંભવ છે. અથવા તે હંગામો જેથી થયો હોય તે કાયદા વિરૂધ મંડળી મળવાનો સંભવ છે, એમ માનવાનું તેને કારણ છતાં, તે મંડળી મળતી અથવા હંગામો થતો અટકાવવાને, તથા તે હંગામો બંધ પાડવાને અને

તે મંડળીને વિખેરી નાંખવાને પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો.

કોઇ કાયદા વિરૂધ મંડળીનેસારૂ પઇસા આપવા કરીને રાખેલા સખશોને ઘરમાં રાખવા.

૧૫૭. જે માણસ પોતાના કબજા કે હવાલા માંહેના અથવા પોતાના અખતિયાર તળેના કોઈ ઘર કે જગામાં, કોઈ સખસોને રાખે; આવવા દે, અથવા એકઠા કરે, અને તે એવું જાણીને કે કોઈ કાયદા વિરૂધ મંડળીમાં સામિલ થવાને અથવા અંગભુત થવાને એ સખસોને પૈસા આપવા કરીને અથવા કોઈ બીજી રીતે રાખેલા છે, અથવા પઇશા આપવા કરીને અથવા કોઈ બીજી રીતે રાખવાનાછે, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બનેના, શિક્ષા કરવામાં આવશે.

કોઈ કાયદા વિરૂધ મંડળીઅથવા હંગામામાં સામિલ થવા સારૂ પઇસા લેવા કરીને રેહેવું.

૧૫૮. ૧૪૧ મી કલમમાં લખેલાં કામો માહેના કાંઇ પણ કામ કરવાને અથવા તે કરવામાં મદદ કરવાને જે માણસ પૈસા લેવા કરીને અથવા કોઈ બીજી રીતે રેહે. અથવા પઇસા લેવા કરીને કે કોઈ બીજી રીતે રેહેવાનું કેહે અથવા રેહેવાની કોશિશ કરે, તે માણસને છ મહિનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવસે; અને ઉપર લખ્યા પ્રમાણે પઇસા લેવા કરીને અથવા કોઈ બીજી રીતે રહ્યા પછી, જે માણસ જીવ લેનારૂં કાંઈ હથિયાર અથવા જે મારેથી સામા માણસનો પ્રાણ જાય એવી કાંઈ વસ્તુ સાથે લેઇને ફરે અથવા ફરવાનું કબુલ કરે કે કેહે, તે માણસને બે વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની. અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

અથવાહથિયારબંધથઇનેફરવું.

બખેડો.

૧૫૯. જ્યારે બે અથવા વધારે સખસો કોઈ જાહેર જગામાં મારામારી કરીને લોકોની સુલેહમાં ગડબડ કરે, ત્યારે તેઓએ તે "બખેડો" કરયો એમ સમજવું.

બખેડો કરવાની શિક્ષા.

૧૬૦. જે માણસ બખેડો કરે તેને એક મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એકસો રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—સદરહુ કલમમાં કહ્યા પ્રમાણે મારામારીનો ગુનોહ સાબિત થવાને જે ઠેકાણે મારામારી થઈ તે જગો ચાર લોકને જવાઆવવા જેવી હોય અને વળી લોકોની સ્વસ્થાને ઉપદ્રવ થવો જોઇયે એટલે એકાદ ઓરડામાં કેટલાંક માણસ એકઠાં થઈ બાંડવિદ્યા કરે અને તેથી તેઓ શિવાય બીજાને હરેકત થવાજેવું ન હોય તો તે મારામારી આ કલમ પ્રમાણે ન થતાં શરીર સંબંધી ગુનોહ થાય છે.

રાજકીય કીંવા સાર્વજનિક કામ માટે સાધારણ મતને સારૂ અથવા તે ફેરવવા માટે ખુલ્લી સભા ભરી હોય તો એવી મંડળી ગેર કાયદેસર સમજવી નહિ (મે. પ્રં. ૧૧૧).

બાબ ૯ મો.

સરકારી નોકરોના અથવા તેઓ સબંધી ગુન્હાઓ બાબત.

કાંઇ સરકારી

૧૬૧. જે માણસ સરકારી નોકર હોય, અથવા સરકારી નોકર થ-

નોકરીના કામ સંબંધી કાયદે સર મેહેનતાણા સિવાય કોઈ સરકારી નોકરે કાંઈ બીજો અવેજ લેવો.

વાની ઉમેદ રાખતો હોય, તે માણસ પોતાના હોદાનું કાંઈ કામ કરવા અથવા ન કરવાનાં કારણ દાખલ અથવા બદલામાં, અથવા પોતાના હોદાનો અમલ ચલાવવામાં કોઈ સખસની ઉપર મેહેરબાની અથવા ઈતરાજી કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામાં, અથવા હિંદુસ્તાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની જોડે, અથવા કોઈ પ્રેસીડેન્સીની સરકારની જોડે, અથવા કોઈ લીવટેનટ ગવરનરની જોડે, અથવા કોઈ પણ સરકારી નોકરની જોડે તેના સરકારી ઓહદા સંબંધી કોઈ સખસને માટે અથવા કોઇ સંખસની વિરૂદ્ધ કાંઈ વગ ચલાવવાનાં અથવા વગ ચલાવવાની કોશીશ કરેવાના કારણ દાખલ અથવા બદલામાં, કોઈ પણ સખસ પાસે, પોતાને માટે અથવા બીજા કોઈ સખસને માટે, કાયદેસર મેહેનતાણાં શિવાય બીજો કાંઇ પણ અવેજ લે, અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાને કોસીસ કરે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ખુલાસો—"સરકારી નોકર થવાની ઉમેદ રાખતો હોય." અગર કોઈ સખસ સરકારી નોકર થવાની ઉમેદ રાખતો ન હોય, અને તે બીજાઓને એમ સમજાવે કે મને સરકારી નોકરી મળવાની છે અને ત્યારે હું તમારૂ કામ કરી આપીશ, અને એ પ્રમાણે તેઓને ઠગીને કાંઈ અવેજ મેળવે તો તે ઠગાઇનો ગુનેહગાર થઈ શકે, પણ તે કાંઈ આ કલમમાં બ્યાન કરેલા ગુનાહનો તકસીરવાર ગણાય નહી.

"અવેજ" અવેજ શબ્દ વડે એકલા પઇશાજ, અથવા જેની કીમત પઈશાથી થઈ શકે એવો અવેજજ સમજવો નહી.

"કાયદેસર મેનતાણું" "કાયદેસર મેનતાણું" એ શબ્દો વડે કોઈ સરકારી નોકર જે મેનતાણુ કાયદા મુજબ માગી શકે તે મેનતાણુજ સમજવું નહી, પણ જે સરકારની તે નોકરી કરતો હોય તે સરકારની તેને જે જે મેનતાણુ લેવાની પરવાનગી હોય તે સઘળા મેનતાણાનો તેઓમાં સમાવેશ થાય છે.

"કરવાનું કારણ અથવા બદલો," કોઈ સખસ જે વસ્તુ કરવાનો ઇરાદો રાખતો ન હોય તે વસ્તુ કરવાના કારણ દાખલ, અથવા જે વસ્તુ તેણે કરી ન હોય તે વસ્તુ કરવાના બદલામાં, કાંઈ અવેજ લે, તો તે શબ્દોમાં દાખલ થાય છે.

દૃષ્ટાંત.

(અ) એક મુનસફ, અ એક સરાફ ઝ ની તરફનું હુકમનામુ કરી આપવાના બદલામાં પોતાના ભાઇને ઝ ની પાસે (ઝ ની પેહેડીમાં) એક જગ્યા અપાવે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

(બ) એક કુમ્મક કરનારા રાજાના દરબારમાં રેસીડેન્ટના ઓહોદાપર છતાં તે રાજાના પ્રધાન પાસેથી અ એક લાખ રૂપીયા લે, અને એમ નહી માલમ પડે કે પોતાના હોદાનું ફલાણું મુકરર કામ કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામાં અથવા તે રાજાને માટે બ્રિટીશ સરકારની સાથે કાંઈ મુકરર બાબતમાં વગ ચલાવવા

અથવા વગ ચલાવવાની કોશિશ કરવાનાં કારણ દાખલ અથવા બદલામાં, અ એ ઉ પલી રકમ લીધી, પણ એમ માલમ પડે કે પોતાના ઓહદાનો અમલ ચલાવવામાં તે રાજાની ઉપર અકમર મેહેરબાની રાખવાના કારણ દાખલ અથવા બદલામાં અ એ તે રકમ લીધી, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કર્યો એમ સમજવું.

(ઠ) કોઇ સરકારી નોકર અ ઝ ને એમ ખોટું સમજાવે કે સરકારના સાથે મારી વગથી તને ખીતાબ મળ્યો અને એમ કરીને તે ચાકરીના બદલામાં ઝ તેને કાંઈ નાણું આપે એમ કરે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કર્યો એમ સમજવું.

ટીકા—આ કલમથી ૧૬૫ સુધીનો ઠરાવ રેલવેકંપનીના અમલદાર અને નોકરને સન ૧૮૬૭ના આક્ટ ૩૧ થી લાગુ કરી છે.

એક તલાટીપર લાંચ લીધા બાબત નનામી અરજી થવાથી જેની પાસેથી પઇસા લીધાનું લખ્યું હતું તેને બોલાવ્યા અને તોહોમત વાળો તેની મેળે રૂબરૂ હાજર થવાથી અરજીની હકીકતનો પુરાવ લીધો અને તેની શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે પોતા ઉપર મુકેલા ગુનાહનો જવાબ આપવા તોહોમતવાળો પોતાની મેળે માજીસ્ત્રેટના રૂબરૂ હાજર થયો હોય તેવી બીનામાં સોગનપર ફરીઆદ લઈ સમન કાઢવો જરૂરનો નથી. (મુ. હા. વા. ૫ પા. ૨૯ સરકાર વિરૂધ સદાસીવઆપા પાંડુરંગઆપા)

સુરત મ્યુનીસીપાલીટીએ પાણીના કામપર રાખેલા ઇજનેરે કેટલુંક કામ કેદીને સોંપ્યું હતું ઇજનેર હલકો માલ પસંદ કરે એ હેતુથી કેદી તેને કંઇક દાગીના આપવા ગયો. તેથી આ કામમાં ઠરાવ્યું કે જો કે ઇજનેરને પઇસાનો ખરચ કરવાની મંજુર આપવાનો અધિકાર નહોતો તોપણ તે કમીટીમાંથી પઇસા આપતો લેતો તેથી તેને પી. કો. કા. ૨૧ નીરા. ૧૦ મુજબ નોકરગણી તેને આ કલમ અને ૧૧૬ પ્રમાણે ગુનેહગાર ઠરાવ્યો. (મુ. હા. વા. ૬ પા. ૬૪ સરકાર વિરૂધ નોતમ ઉતમ.)

જુગારીને પકડવા કોનસ્ટેબલ અને કેટલાક લોક ઘરમાં પેસે અને પછી જુગારીને પકડી તેમની પાસેથી નાંણાં લઈ તેમને છુટા મુકે તો કાનસ્ટેબલ આ કલમ પ્રમાણે અને બીજાઓ તેમાં મદદ કર્યાના ગુનેહગાર થાય (ઈ. ડા. પ્ર. ૩૪૧)

કોર્ટ આફ વાર્ડસના એક મેનેજરે કેટલાક રૂપીઆ સરકાર તરફથી એક બેંકમાં અનામત મુકયા તે બેંક સરકારના ખજાનાનું કામ જુએછે તે બેંકમાંના એક નોકરે તમે મને કાંઈ બક્ષિશ આપોતો હું આ તમારી રકમ અનામત મુકુ એમ તે મેનેજરને કહ્યું તેથી તે મેનેજરે તેનાપર કા. ૧૬૧ પ્રમાણે કામ ચલાવ્યું.

તેમાં ઠરાવ્યું કે મેનેજરે જો કે સરકાર તરફથી રૂપીયા અનામત મુકવાના હતા તો પણ આરોપિતે તે પઇસા જે બેંકમા લીધા તે સરકાર તરફથી લીધા નહિ છતાં બેંકના નોકરે એ રીતે તેણે લીધા અને આરોપિત એ બેંકનો નોકર હતો સરકારની નોકરીમાં નહોતો માટે તેને નોકર ગણી તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતું નથી (ઈ. લા. કા. વા. ૪ પા. ૩૭૬ સરકારવિરૂધ મદન મોહન)

માજીસ્ત્રેટની કોરટમાં પોલીસ તરફથી કમિટ થયેલા કામમાં કામ ચલાવવા માટે નિમેલા એક પોલીસ અમલદારે, ફરીયાદીને ચોરીનો જે માલ પાછો આપ્યો તેમાંથી કાંઇક માગણુ કર્યું તેથી ફરીયાદીએ કંઇક લાલ આપ્યો. તેમાં ઠરાવ્યું કે એ માલ આ કલમમાં કહેલા કારણ માટે કીંવા તેમાંનો એકાદ હેતુ સિદ્ધ થવા માટેનું તે માગણુ કર્યું નહી છતાં દસ્તુરી તરીકે માગણુ કર્યું હતું એમ દેખાય છે માટે તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત નહિ રહેતાં કા. ૧૬૫ પ્રમાણે રહેછે. (અલાહાબાદ ઇ. લા. વા. ૭ પા. ૫૩૦ સરકાર વિરૂધ કમતા પ્રસાદ).

વ એ પેનશન ખાતાનો નોકર હતો અ એ પેનશન લેવા અરજ કરી હતી. બ ને

અ મળ્યો તે વખતે આ ખાતામાં મારૂ સારૂ ચલણ છે અને તેથી એક બે આસામીને મે જાસ્તી પેનશન અપાવ્યુ છે એમ બ એ અ ને કહ્યું અને તમે કાંઈ તજવીજ કરોતો તમારૂ આ પેનશન જાસ્તી થાય એમ પણ તેને કહ્યુ તે વાત અ એ ના કબુલ કરી તેથી **બ** એ **અ** ને એમ કહ્યું કે તમે ના કબુલ કરોછો પણ તેમાં તમો પસ્તાશો તેમાં ઠરાવ્યુ કે બ નું આ કૃત્ય આ કલમ પ્રમાણે લાંચ મેળવવાનો યત્ન કર્યાનું થાય છે. (અ. લા. વા. ૨ પા. ૨૫૩)

કોઈ સરકારી નોકરની સાથે લાંચના અથવા કાયદા વિરૂદ્ધ ઉપાયથી વગ ચલાવવા માટે કાંઈ અવેજ લેવો.

૧૬૨. લાંચના અથવા કાયદા વીરૂદ્ધ ઉપાયથી કોઈ સરકારી નોકરને પોતાના ઓહદાનું કાંઈ કામ કરવા અથવા ન કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં, અથવા તે સરકારી નોકરને પોતાના ઓહદાનો અમલ ચલાવવામાં કોઇ સખસની ઉપર મેહેરબાની અથવા ઇતરાજી કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં; હિંદુસ્તાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની જોડે, અથવા કોઇ પ્રેસીડેન્સીની સરકારની જોડે, અથવા કોઇ લીવટેનેંટ ગવરનરની જોડે, અથવા કોઇપણ સરકારી નોકરની જોડે, તેના સરકારી ઓહદા સંબંધી, કોઇ સખસને માટે અથવા કોઇ સખસની વીરૂદ્ધ વગ ચલાવવાને અથવા વગ ચલાવવાની કોશિશ કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં, જે માણસ કોઇ પણ સખસ પાસે, પોતાને માટે અથવા બીજા કોઇપણ સખસને માટે, કાંઈપણ અવેજ લે, અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાને કોશિશ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા—ક્યા સખસ પાસેથી અવેજ લીધો અને કોને ત્યાંહાં વગ ચલાવવા, તેવો પુરાવો હોવા સીવાય આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતુ નથી.(કા. વા. રી. વા. ૩ પા. ૯૯)

સરકારી નોકરને સરકારી કામ કરવા માટે ગેરવ્યાજબી એટલે કાયદા વિરૂધ ઉપાયોથી એ નોકરને લલચાવે તો તેનાપર કા. ૧૬૨ પ્રમાણે તોહોમત ન રહેતાં આ કલમ પ્રમાણે રહેછે (કા. વી. રી. વા. ૩ પા. ૧૦)

કોઇ સરકારી નોકરની સાથે પોતાનો વગ ચલાવવા સારૂ કાંઈ અવેજ લેવો.

૧૬૩. પોતાનો ખાનગી વગ ચલાવીને કોઇ સરકારી નોકરને પોતાના ઓહદાનું કાંઇ કામ કરવા અથવા ન કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં; અથવા તે સરકારી નોકરને પોતાના ઓહદાનો અમલ ચલાવવામાં કોઈ સખસની ઉપર મેહેરબાની અથવા ઇતરાજી કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં, અથવા હિંદુસ્તાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની જોડે, અથવા કોઈ પ્રેસીડેન્સીની સરકારની જોડે, અથવા કોઇ લીવટેનંટ ગવરનરની જોડે, અથવા કોઇ પણ સરકારી નોકરની જોડે, તેના સરકારી ઓહદા સંબંધી, કોઈ સખસને માટે અથવા કોઇ સખુસની વીરૂદ્ધ વગ ચલાવવાને અથવા વગ ચલાવવાની કોશિશ કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં, જે માણસ, કોઈ પણ સખસ પાસે પોતાને માટે અથવા બીજા કોઈ સખસને માટે, કાંઈ પણ અવેજ લે, અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાને કોશિશ કરે, તે માણસને એક વર્ષની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

કોઈ વકીલ કોઈ જડજની આગળ કાંઈ મુકદમામાં તકરાર કરવાને કાંઈ ફી લે તે; સરકારને કાંઈ અરજી કરવી હોય, અને તેમાં અરજદારની ચાકરી તથા તેના દાવાનું બ્યાન કરવું હોય, તે અરજીની બીના બરાબર ગોઠવવા સારૂ તથા તે અરજી શુદ્ધ કરવા સારૂ કોઈ માણસ કાંઈ અવેજ લે તે; કોઈ તકસીરવાર ઠરેલા માણસનો પૈસા આપીને રાખેલો મુખત્યાર જે તે માણસને ગેરવ્યાજબી રીતે તકસીરવાર ઠરાવ્યો છે એવું બતાવવાને સરકારની આગળ કાંઇ મજકુર લખીને રજુ કરે તે.—એ સખસો આ કલમમાં દાખલ થતા નથી કેમકે તેઓ પોતાનો ખાનગી વગ ચલાવતા અથવા ચલાવવાનું કેહેતા નથી.

સરકારી નોકર ઉપર બ્યાન કરેલા ગુનાહોમાંમદદગારી કરે તેને શીક્ષા.

૧૬૪. કોઈ માણસ સરકારી નોકર હોય, તેની બાબતમાં ઉપલી બે કલમો મધ્યે બ્યાન કરેલા બે ગુનાહો માંહેનો ગમે તે ગુનોહ કરવામાં આવે, અને તે તે ગુનાહમાં મદદગારી કરે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

અ એક સરકારી નોકર છે તે અં ની વહુ બ અ ની પાસે કોઈ મુકરર સખસને કાંઇ જગા આપવાનું અ ને કેહેવાના કારણ દાખલ કાંઈ નજરાણું લે, અને અ બ ને તે લેવામાં મદદગારી કરે, તો બ ને એક વરસની, મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા થઈ શકે; અને અ ને ત્રણ વરસની મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા થઈ શકે.

કોઈ સરકારી નોકરની આગળ કાંઈ મુકદમો અથવા મામલો ચાલતો હોય તેમધ્યે નિસબત રાખનારા કોઈ સખસ પાસેથી તે સરકારી નોકરે વગર કીમત આપે કાંઇ કીમતદાર વસ્તુ લેવી.

૧૬૫. કોઈ સરકારી નોકર જે મુકદમો અથવા મામલો ચલાવતો હોય અથવા ચલાવવાનો હોય, અથવા જે મુકદમો કે મામલો પોતાનાં અથવા પોતે જે સરકારી નોકરને તાબે હોય એવા કોઈ સરકારી નોકરના હોદાનાં અમલની સાથે નીસબત રાખતો હોય, એવા કોઇ મુકદમાકે મામલા મધ્યે જે સખસનું કાંઈ લાગતું વળગતું હતું; અથવા છે અથવા થવાનો સંભવ છે, એમ તે જાણતો હોય, હેવા કોઇ સખસની પાસેથી, અથવા એ પ્રમાણે લાગતું વળગતું હોય, તેવા સખસની સાથે જે સખસનો કાંઇ સંબંધ અથવા સગપણ છે એમ તે જાણતો હોય એવા કોઈ સખસ પાસેથી, તે સરકારી નોકર, કિમત આપ્યા વગર, અથવા પોતાના જાણ્યા મુજબ ઓછી કીમત આપીને, પોતાને માટે અથવા બીજા કોઇ સખસને માટે, કાંઇ કિમતી વસ્તુ લે, અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાની કોશિશ કરે, તો તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

(અ) અ એક કલેક્ટર છે. તેની આગળ જમાબંધી બાબતનો એક ઝ નો મુકદમો ચાલે છે

હવે ઝ નું એક ઘર અ ભાડે લે, અને એવો બંદોબસ્ત થાય કે અ એ દર મહીને પચાસ રૂપીઆ આપવા, અને તે ઘર એવું હોય કે, અગર તે સાટુ શુદ્ધબુધિએ થયું હોય તો અ એ દર મહીને બસે રૂપીઆ આપવા પડે, તો અ એ ઝ પાસેથી પુરી કીમત આપ્યા વીના કીમતી વસ્તુ મેળવી એમ સમજવું.

(ખ) અ એક જડજ છે તેની કોરટ મધે ઝ નો એક મુકદમો ચાલેછે તે ઝ ની પાસેથી બજારમાં સરકારી પ્રામિસરી નોટો વધારે ભાવે વેચાય છે. એવી વખુતે, ઓછેભાવે અ કાંઇ સરકારી પ્રામિસરી નોટો ખરીદ કરે, તો અં એ ઝ ની પાસેથી પુરી કિમત આપ્યા વિના કિમતી વસ્તુ મેળવી એમ સમજવું.

(ક) ઝ ના ભાઇને ખોટી શાહેદી આપવાના તોહોમત પરથી પકડીને અ માજીસ્ત્રેટની આગળ લેઇ ગયા છે. હવે કોઈ બેંકના શેર બજારમાં ઓછે ભાવે વેચતા હોય એવી વખતે અ તે બેંકના કાંઈ શેર ઝ ને વધારે ભાવે વેચે, અને તે ભાવ પ્રમાણે ઝ અ ને તે શેરના નાણાં ભરે, તો અ એ એરીતે મેળવેલાં નાણાને તેણે પુરી કીમત આપ્યા વિના લીધેલી કીમતી વસ્તુ સમજવી.

ટીકા.—કલમ ૧૬૧ નિચે અલાહાબાદ હાઇકોરટના ઈ. લા. વા. ૧ ને પાને ૫૩૦ની સરકાર વિરૂધ કમતાપ્રસાદનો ફેસલો છે તે જુઓ.

બક્ષિશ આપનાર કીંવા લેનાર એનો હેતુ ન જોતાં કોઈ માણસે (નોકરે) ફકત બક્ષિશ લીધુ હોય તો તે ઉપરથી આ કલમ પ્રમાણે ગુનોહ બનેછે. (મે. કા. પ્ર. ૧૧૫)

કોઈ સખસને નુકશાન કરવાના ઇરાદાથી કોઇ સરકારી નોકરે કાંઈ કાયદાનો હુકમ ન માનવો.

૧૬૬. કોઇ માણસ સરકારી નોકર હોય. અને તેણે પોતાના સરકારી ઓહદાસર કેમ ચાલવું એ બાબતનો કાંઇ કાયદાનો હુકમ તે જાણીબુઝીને ન માને, એવા ઇરાદાથી કે તે ન માનવાથી કોઇ સખસને કાંઈ નુકશાન કરવું, અથવા તેથી કાંઇ નુકશાન થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને એક વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દષ્ટાંત.

ઝ ની તરફનું એક ઇનસાફની કોરટે હુકમનામું કરી આપ્યું હોય તે હુકમનામુ પુરૂ કરવા સારૂ તે બજાવવામાં કાંઈ મિલકત જપ્ત કરવાનો કાયદાએ અ અમલદારને હુકમ કરેચો હોય, તે કાયદાનો હુકમ અ જાણી બુઝીને ન માને અને તે તે એમ જાણતો હોય કે હું એ હુકમ નહી માનીશ તેથી ઝ ને નુકશાન થવાનો સંભવ છે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરેચો એમ સમજવું.

નુકશાન કરવાના ઇરાદાથી કોઈ સરકારી નોકરે કાંઈ ખોટો લેખ બનાવવો.

૧૬૭. કોઈ માણસ સરકારી નોકર હોય, અને તેમે પોતાના સરકારી હોદાના જોરથી કાંઇ લેખ તૈયાર કરવાનું અથવા તેનો તરજુમો કરવાનું સોપ્યુ હોય, તે માણસ પોતે જેને ખોટી જાણતો હોય અથવા માનતો હોય એવી રીતે તે લેખ બનાવે, અથવા તેનો તરજુમો કરે, એવા ઇરાદાથી કે તેમ કરીને પોતે કોઈ સખસનું નુકશાન કરવું, અથવા તેમ કરવાથી પોતાથી કોઇનું નુકશાન થાય એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને ત્રણ વરસ-

ની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

સરકારી નોકરે કાયદા વિરૂધ વેપાર કરવો.

૧૬૮. જે માણસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદાને લીધે કાયદા મુજબ જેની વેપાર નહી કરવાની ફરજ હોય, તે માણસ જો વેપાર કરે, તો તેને એક વરસની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

સરકારી નોકરે કાયદા વિરૂધ કાંઈ મીલકતની ખરીદી અથવા માગણી કરવી.

૧૬૯. જે માણસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદાને લીધે કાયદા મુજબ જેની કાંઇ મીલકતની ખરીદી અથવા માગણી નહી કરવાની ફરજ હોય, તે માણસ જો પોતાને નામે અથવા બીજાને નામે, અથવા બીજાઓની સાથે રહીને કે ભાગમાં તે મીલકતની ખરીદી અથવા માગણી કરે, તો તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની, એ બંનેની, શિક્ષા કરવામાં આવશે અને અગર તે મીલકત ખરીદ થઇ હોશે, તો તે સરકારમાં જપ્ત કરવામાં આવશે.

કોઈ સરકારી નોકરનો વેસ લેવો.

૧૭૦. જે સખ્સ પોતે અમુક હોદાપર નથી એમ જાણ્યા છતાં, સરકારી નોકર દાખલ તે હોદાપર હોવાનો ઢોંગ કરે, અથવા તે હોદાપર હોય એવા કોઈ બીજા સખ્સનો વેશ લે, અને તે વેશ લઇને, તે હોદાથી કરતો હોય એવી રીતે કાંઈ કામ કરે અથવા કામ કરવાની કોશિશ કરે, તે સખ્સને બે વર્ષની મુદત સુધીની બે માંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઈ સરકારી નોકર જેવો પોશાક પેહેરતો હોય અથવા જેવી નીશાણી સાથે રાખતો હોય તેવો પોશાક અથવા તેવી નિશાણી દગલબાજીના ઇરાદાથી પેહેરવો અથવા સાથે રાખવી.

૧૭૧. જે માણસ સરકારી નોકરોના અમુક વરગનો નહી છતાં, તે વરગના સરકારી નોકરોના પોશાક જેવો પોશાક પેહેરે અથવા તેઓની નીશાણી જેવી નિશાણી સાથે રાખે, એવા ઇરાદાથી કે તે માણસ સરકારી નોકરોના તે વરગમાંનો છે એમ માનવામાં આવે અથવા એમ માનવામાં આવશે એવો સંભવછે એમ જાણ્યા છતાં, તો તે માંસણને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની, અથવા બસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

બાબ ૧૦ મો

સરકારી નોકરોના કાયદેસર અખતિયારના તિરસ્કાર બાબત.

કોઈ સરકારી નોકરની તરફથી થએલો સમન કે હુકમ ન પોહોચે એટલા માટે નાહાસી જવું.

૧૭૨. જે સરકારી નોકરને પોતાના સરકારી ઓહદાના જોરથી સમન અથવા નોટીસ, અથવા હુકમ કરવાનો કાયદા મુજબ અખતિયાર હોય એવો કોઈ સરકારી નોકરે કરેલો સમન, અથવા નોટીસ અથવા હુકમ પોતાને ન પોહોચાડાય એટલા માટે જે માણસ નાશી જાય, તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચસે

રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે અથવા અગર તે સમન, નોટીસ, અથવા હુકમ જાતે અથવા મુખ્તિયારની મારફતે કોઈ ઇનસાફની કોરટમાં હાજર થવા બાબતનો અથવા કાંઈ લેખ હાજર કરવા બાબતનો હોય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—કોઈ માણસને પકડવાનું વારંટ આવ્યું હોય તેને તે મળવાના ઇરાદે તે છુપાઈ જાય તો આ કલમ પ્રમાણે તે શિક્ષાને પાત્ર થતો નથી કારણ કે વારંટ એ સમન કીંવા નોટીશ નથી. વારંટ જે માણસને પકડવાનો હોય તેના નામનું નહિ થતાં સરકારી અમલદારના નામનું લખાય છે. તેથી વારંટની બાબતમાં આ કલમ લાગતી નથી (મે. પ્ર. ૧૨૧)

સમન અથવા બીજો હુકમ પો હોચતો અટકાવવો અથવા તે જાહેર થતો અટકાવવો.

૧૭૩. જે સરકારી નોકરને પોતાના સરકારી ઓહદાના જોરથી સમન, અથવા નોટીસ, અથવા હુકમ કરવાનો કાયદા મુજબ અખતિયાર હોય એવા કોઇ સરકારી નોકરે કરેલો સમન, નોટીસ. અથવા હુકમ પોતાને અથવા બીજા કોઈ પણ સખસને પોહોંચે તો જે માણસ કોઈ પણ રીતે ઇરાદાથી અટકાવે અથવા કાયદા મુજબ તે સમન, નોટીસ અથવા હુકમ કોઈ જગોપર ચોડતાં જે માણસ કોઈપણ રીતે ઇરાદાથી અટકાવે અથવા જે જગોપર તે સમન, નોટીસ, અથવા હુકમ કાયદા મુજબ ચોહોડ્યો હોય તેવી કોઈ જગો પરથી જે માણસ કોઈપણ રીતે તેને ઇરાદાથી ખશેડે, અથવા જે સરકારી નોકરને પોતાના સરકારી ઓહદાના જોરથી કાંઈ જાહેરખબર આપવાનું ફરમાવવાને કાયદા મુજબ અખતિયાર હોય તેવા કોઈ સરકારી નોકરના હુકમથી તેવી કાંઈ જાહેરખબર કાયદા મુજબ અપાતી જે માણસ કોઈ પણ રીતે ઇરાદાથી અટકાવે, તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; અથવા, અગર તે સમન, નોટિસ, હુકમ કે જાહેર ખબર જાતે અથવા મુખ્તિયારની મારફતે કોઈ ઇનસાફની કોરટમાં હાજર થવા બાબતની અથવા કાંઈ લેખ હાજર કરવા બાબતની હશે તો તે માણસને છ મહિનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—સમનપર સહી કરવાને નાકબુલ કર્યાથી આ કલમ મુજબ પોતાનાપર સમન બજાવવાને બુધિપુર્વક અટકાવ કર્યાનો ગુનેહગાર થતો નથી (મુ.હા. વા. ૫ પાને ૩૪ સરકાર વિરૂધ કાળીયા ફકોર)

સમન લેવા તા. સહી કરવા મારૂ નાકબુલ કરવું એ આ કલમના અર્થ પ્રમાણે બજાવણીને અટકાવ કર્યો એમ થતું નથી (સરકાર વિ૦ ખુશાલ પરભુદાસ તા. ૧૫ જુલાઈ સને ૧૮૬૭ મુ. હા.)

સમન પોહચ્યા બદલ સેરો આપવાને નાકબુલ કરેવું એ કૃત્યથી આ કલમ પ્રમાણે ગુનેહ થતો નથી (કા. ઇ. લા. વા. ૩ પા. ૬૨૧ સરકાર વિ૦ ભુબનેશ્વર.)

કોઈ સરકારી નોકરની તરફથી થયેલા હુકમ મુજબ હાજર નથવું:

૧૭૪. જે સરકારી નોકરને પોતાના સરકારી હોદાના જોરથી સમન, નોટિસ, હુકમ, અથવા જાહેરખબર આપવાનો કાયદા મુજબ અખતિયાર હોય, એવા કોઈ સરકારી નોકરે કરેલા સમન, નોટિસ, હુક-

મ, અથવા જાહેરખબર મુજબ ફલાણે ઠેકાણે તથા ફલાણી વખતે જાતે, અથવા મુખ્તિયારની મારફતે હાજર થવાની જે માણસના કાયદા મુજબ ફરજ હોય, તે માણસ અગર ઇરાદાથી તે ઠેકાણે અથવા તે વખતે હાજર થવામાં કસુર કરે, અથવા જે ઠેકાણે હાજર થવાની ફરજ હોય તે ઠેકાણેથી જવાની કાયદેસર વખત થતાં પેહેલાં, ત્યાંહાંથી જાય, તે માણસને એક મહિનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; અથવા અગર તે, સમન, નોટિસ, હુકમ, કે જાહેરખબર જાતે અથવા મુખ્તિયારની મારફતે કોઈ ઇનસાફની કોરટમાં હાજર થવા બાબતની હોશે તો. તે માણસને છ મહીનાની મુદત સુધીના આસાન કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

(અ) કલકત્તાની સુપ્રીમ કોરટમાંથી થએલા સમન મુજબ તે કોરટ મધ્યે હાજર થવાની કાયદા મુજબ ફરજ છતાં અ હાજર થવામાં ઇરાદાથી કસુર કરે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનેહ કર્યો એમ સમજવું.

(બ) કોઈ જીલ્લા જડજે કરેલા સમન મુજબ તે જીલ્લા જડજના હજુરમાં હાજર થવાની કાયદા મુજબ ફરજ છતાં અ હાજર થવામાં ઇરાદાથી કસુર કરે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનેહ કર્યો એમ સમજવું.

ટીકા.—દિવાની કોરટનું હુકમનામું બજાવવામાં કરેલા વારંટથી પ્રા૦ ને કબજામાં રાખ્યો હોય ત્યાંહાંથી તે નાશી જાય તો તેવા કામને આ કલમ લાગુ પડતી નથી (મુ. હા. વા. ૧ પા. ૩૮ સરકાર વિરૂદ્ધ સરદારપથુ.)

ફક્ત સમન બતાવ્યાથી પુરી બજાવણી થઈ નથી એવો મારો અભિપ્રાય છે. અસલ સમન તોહોમતવાળાને આપવો હતો કીંવા અસલ તેને બતાવી તેની નકલ આપવી હતી અથવા આપવા માંડી હતી તેમ નથી માટે આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતું નથી (મુ. હા. વા. ૫ પા. ૨૦ સરકાર વિરૂદ્ધ કરશનલાલ દોલતરામ.)

સરકારી નોકરે કરેલાં સમન પ્રમાણે હાજર નહી થયાથી તોહોમતવાળાપર શે. ક. સબો. માજીસ્ત્રેટે આ કલમ પ્રમાણે તોહોમત ઠરાવી શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે આ પ્રમાણેનું કામ ચલાવવાને માજીસ્ત્રેટે પરવાનગી આપી હોત તો ઠીક તેમ છતાં નથી આપી અને જે માજીસ્ત્રેટનો સમન માન્યો નહી તેણે જે ચોકશી કરી છે તો તેમાં તેની ગરભીત પરવાનગી થઇ છે એમ સમજવું(મુ. હા. વા. ૫ પાને. ૩૮ સરકાર વિરૂદ્ધ. ગણું.)

સબોરડીનેટ માજીસ્ત્રેટ (શેંકદકલાશ) નો અખતિયાર મળેલા માહાલકરીને સને ૧૮૪૩ ના આકટ ૧૧ (વતન બાબતનો) ની કા. ૮ મુજબ સમન કરવાનો અધિકાર નહોતો તો તે કલમ પ્રમાણે કરેલો સમન નહી માન્યાથી તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતુ નથી (મુ. હા. વા. ૮ પાને. ૧૯ સરકાર વિરૂદ્ધ. બંકાજી.)

સને ૧૮૨૭ ના કાયદા૧૭ની કા. ૨૬ અને ૨૯ મુજબ ચાલતા મુલકી કામમાં શાહેદી આપવા કેદીપર એક માહાલ કરીએ સમન કરેલો તેને પોહોચેલો અને તેણે સહી કરી આપેલી તે છતાં હાજર ન થયો તે કામમાં ઠરાવ્યું કે શક્ષિને હાજર થવા સમન કાઢવા માહાલ કરીને અધિકાર નથી તો પણ તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત રહી શકેછે (મુ. હા. વા. પા. ૩૯ સરકારવિ. નારાયન.)

સીવીલજડજની કોર્ટના નોકરપરનો સમન તેને પોહોચાડેલો પણ સીવીલજડજે તે નોકરને રજા નહિ આપવાથી તે હાજર થયો નહિ તેમાં ઠરાવ્યું કે આ કામમાં બુધિ પુર્વક હરકત કર્યાનો પુરાવો જણાતો નથી માટે તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત રહી

શકતુ નથી (કા. હા. વા. ૧૦ પા. ૩૩ સરકારવિરૂદ્ધ શ્રીનાથઘોસ.)

અમુક રોજ અમુક વેળાએ હાજર રેહેવા વિશે કોરટે શાક્ષિદારને આપેલો મોઢાનો હુકમ એવો છે કે તે નહિ માનવો એ પીનલકોડની કલમ ૧૭૪ પ્રમાણે સિક્ષા થવા જોગ છે. (મુ. હા. સરકારવિરૂદ્ધ ગુમાન પરથામ તા. ૧૨ જુન ૧૮૭૩.)

એક સેટલમેંટ ઓફીસરને માજીસ્ત્રેટનો અધિકાર હતો સેટલમેંટ ઓફીસર તરીકે તેણે પોતાની કોર્ટમાં હાજર રેહેવા સમન કર્યો પણ તે હાજર થયો નહિ. તેથી તેનાપર આ કલમપ્રમાણે તોહોમત મુકી પોતે તેની તપાસ કરી તેને શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે ક્રી. પ્રો. કા. ૪૭૧ અને ૪૭૩ મુજબ આ તોહોમત ગેરકાયદેસર છે (અલ્હા. ઇ. લા. વા. ૨ પા. ૪૦૫ સરકાર વિરૂદ્ધ સુખરી.)

કોઈ સરકારી નોકરની આગળ કાંઈ લેખ હાજર કરવાની જે સખ્સની કાયદા મુજબ ફરજ હોય તે સખ્સે તે લેખ હાજર કરવામાં કસુર કરવી.

૧૬૫. સરકારી હોદાના જોરથી કોઈ સરકારી નોકરની આગળ કાંઈ લેખ હાજર કરવાની અથવા તેને કાંઈ લેખ સ્વાધીન કરવાની કાયદા મુજબ ફરજ છતાં જે માણસ તે લેખ હાજર કરવામાં અથવા સ્વાધીન કરવામાં ઇરાદાથી કસુર કરે, તે માણસને એક મહિનાની મુદત સુધીની આસાન કેદની, અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. અથવા, અગર તે લેખ કોઈ ઇનસાફની કોરટમાં હાજર કરવાનો અથવા કોરટને સ્વાધીન કરવાનો હોશે તો, તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

કોઈ જીલ્લા કોરટ મધ્યે કાંઈ લેખ હાજર કરવાની કાયદા મુજબ ફરજ છતાં અ તે લેખ હાજર કરવામાં ઇરાદાથી કસુર કરે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરેચો એમ સમજવું.

કોઈ સરકારી નોકરને નોટિસ અથવા ખબર આપવાની જેસખસની કાયદા મુજબ ફરજ હોય તે સખસે તે નોટિસ અથવા ખબર ન આપવી.

૧૬૬. સરકારી ઓહદાના જોરથી કોઈ સરકારી નોકરને કાંઇ બાબત સંબંધી કાંઈ નોટીસ અથવા ખબર આપવાની કાયદા મુજબ ફરજ છતાં જે માણસ કાયદામાં ફરમાવેલી રીતે તથા વખતે તે તે નોટીસ અથવા ખબર આપવામાં ઇરાદાથી કસુર કરે, તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની, અથવા પાંચસે રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે; અથવા, અગર તે આપવાની નોટીસ અથવા ખબર કાંઈ ગુનોહ થવા બાબતની હોય, અથવા કાંઈ ગુનોહ થતો અટકાવવાના કારણસર, અથવા કોઈ ગુનેહગારને પકડવા માટે આપવી જોઇતી હોય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપિયાં સુધીના દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૪૪ પ્રમાણે નિચેના ગુંનાહાની ખબર દરેક સખસે આપવી જોઇયે.

પીનલકોડ કા. ૧૨૧, ૧૨૧ અ. ૧૨૨. ૧૨૩. ૧૨૪. ૧૨૪ અ. ૧૨૫. ૧૨૬. ૧૩૦. ૩૦૨. ૩૦૩. ૩૦૪. ૩૮૨. ૩૯૨. ૩૯૩. ૩૯૪. ૩૯૫ ૩૯૬. ૩૯૭. ૩૯૮. ૩૯૯. ૪૦૨. ૪૩૫. ૪૩૬. ૪૪૯. ૪૫૦. ૪૫૬. ૪૫૭. ૪૫૮. ૪૫૯. ૪૬૦.

મુખી, રખવાળ પોલીશ અમલદાર અને બીજા જમીનદારોએ ખબર આપવાવિશે એજ આક્ટની કલમ ૪૫ છે તે જુઓ.

એક ગામના ગુમાસ્તાએ જે ગુનાહની ખબર હરકોઈ સખસે આપવી જોઇયે તેવો ગુનોહ ગામમાં થયાછતાં તેણે તે ખબર નહિ આપવાથી તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત મુકાવ્યું તેમાં ઠરાવ્યું કે.

તે ગામમાં જે ચોરી થઈ તે ચોરીની ખબર લાગલીજ ગામમાંના એક બીજા માણસે અને તે ગામના ગુમાસ્તા પૈકી એકે પોલીસને ખબર આપી. આ આરોપીતને તે ચોરીની ખબર ચાર દિવસસુધી થઈ નહિ તેથી તેણે પોલીસને ખબર આપી નહિ સબબ જે ચોરીની ખબર પોલીસને બીજી રીતે લાગેલી છે તે ચોરીની ખબર આરોપિતે આપી નહોતાથી કાંઈ અન્યાય થયો છે એમ નથી જેવાપ્રકારનો ગુનોહ છુપાય નહિ તેથી ખબર આપવાનું કામ કાયદા ઉપરથી કેટલાક લોકને શિર નાખ્યું છે અને તેવી ખબર બીજા લોક પાસેથી મળેલી હોવાથી તે કાયદાનો હેતુ શિદ્ધ થયો છે. તેથી કેદીપરનું તોહોમત રદ કર્યું (કા. હા. ઇ. લા. વા. ૪ પા. ૬૨૩ સરકાર વિરૂદ્ધ શશીભુષન ચકરબતી.)

ખોટી ખબર આપવી.

૧૭૭. સરકારી હોદાના જોરથી કોઈ સરકારી નોકરને કાંઈ બાબત સંબંધી કાંઈ ખબર આપવાની કાયદા મુજબ ફરજ છતાં તે બાબત સંબંધી જે ખબર પોતે ખોટી છે એમ જાણતો હોય, અથવા એમ માનવાનું પોતાને કારણ હોય, એવી કાંઇ ખબર ખરી ખબર દાખલ જે માણસ આપે તે માણસને છ મહિનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે; અથવા, અગર જે ખબર આપવાની તેની કાયદા મુજબ ફરજ હોય તે ખબર કાંઈ ગુનોહ થયા બાબતની હોય, અથવા કાંઈ ગુનોહ થતો અટકાવવાના કારણસર, અથવા કાંઈ ગુનેહગારને પકડવા માટે આપવી જોઇતી હોય તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

(અ) અ જમીનદાર, પોતાની જમીનદારીની હદમાં એક ખુન થયેલું જાણ્યા છતાં તે જીલ્લાના માજીસ્ત્રેટને જાણી જોઇને એવી ખોટી ખબર આપે કે એ મોત એક સાપના ડંસથી અકસ્માત થયું છે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

(બ) એક પાસેની જગામાં રેહેનારા એક માતબર વેપારી ઝ ના ઘરમાં ડાકાઇટીનો ગુનોહ કરવા માટે પોતાના ગામમાંથી ઘણાએક અજાણ્યા માણસો ગયા છે એમ જાણ્યા છતાં; તથા બંગાલાના કાયદાના પુસ્તક માંહેલા સન ૧૮૨૧ ના ૩ જા કાયદાની ૭ મી કલમની ૫ મી રકમ મુજબ તે હકીકતની જલદી તથા બરાબર ખબર પાસેમાં પાસેની પોલીસ ચોકીના અમલદારને આપવાની પોતાની ફરજ છતાં, અ તે ગામનો રખવાળ જાણી જોઇને તે પોલીસ અમલદારને એવી ખોટી ખબર આપે કે (તે માણસો ગયા હોય તેથી જુદી દિશા બતાવીને) આણીમેર કાંઇ દુર જગાપર ડાકાઇટીનો ગુનોહ કરવાના વિચારથી જેઓની ઉપર ગુમાન જાય એવા કેટલાએક સખસોનું એક ટોળુ આ ગામમાંથી ગયું તો એ ઠેકાણે અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

ટીકા.—કેદીએ પોતાનું ખરૂં નામ નહિ કહેતાં હું અમુક માણસ છુ એમ કહીને એક કાગળ સ્ટાંપવેંદર પાસેથી વેચાણ લીધો તેથી તેનાપર કલમ ૪૧૯ મુજબ વેશ બદલી ઠગાઈ કર્યાનું તોહોમત મુક્યું તેમાં ઠરાવ્યુ કે આ ગુનોહ વેશબદલી ઠગાઈ કર્યાનો નથી પણ પી. કો. કા. ૧૭૭ મુજબ ખોટી ખબર આપવાનો ગુનોહ થાય છે (મુ. હા. વા. ૩ પા. ૪૨ સરકાર વિરૂદ્ધ રાધાજી.)

એકાદ ગુનાહ વિશે ખબર આપવાની કાયદાથી જેને ફરજ નથી એવા કોઈ સખસ કાંઈ ગુનોહ કરવામાં આવ્યા બાબત પોલીસને ખોટી ખબર આપે પણ ફલાણા સખસનું નુકશાન કરવું અગર તેને દુઃખ આપવું એવો તેનો ઇરાદો નહિ હશેતો એવી બાબતમાં પી. કો. કા. ૧૭૭ અગર ૧૮૨ એ એમાંની એક પણ કલમમુજબ તેણે કાંઈ ગુનોહ કીધો નથી (મુ. હા. સરકાર વિરૂદ્ધ સુરાજી મોહન તા. ૧૦ જુલાઈ ૧૮૭૩.)

જે ખાતામાં નોકરછે તે ખાતાના નિયમ પ્રમાણે રાખવાની રોજનીશીમાં તે નોકરે ખોટો મજકુર લખી તે રોજનીશી પોતાના ઉપરીને મોકલી હોય તો તેનો તે અપરાધ પી. કો. કા. ૧૭૭ માં કહ્યા પ્રમાણે થાય છે (મદ્રાશ. હા. ઈ. લા. વા. ૪ પા. ૧૪૪ સરકાર વિરૂદ્ધ શીરસામી.)

કોઇ સરકારી નોકરે કાયદા મુજબ સોગંદ ખાવાનું ફરમાવ્યા છતાં સોગંદ ખાવાની ના કેહેવી.

૧૭૮. સાચુ બોલાવવાને સોગંદ આપવાનો જે સરકારી નોકરને કાયદા મુજબ અખતિયાર હોય તેવા કોઈ સરકારી નોકરે સાચુ બોલવાને બંધાવા સારૂ કોઈ માણસને સોગંદ ખાવાનું ફરમાવ્યા છતાં તે માણસ અગર તે પ્રમાણે સાચુ બોલવાને બંધાવા સારૂ સોગંદ ખાવાની ના કહે તો તે માણસને છ મહિનાની મુદત સુધીની આસન કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

સવાલ પુછવાનો અખત્યાર હોય એવા કોઈ સરકારી નોકરને કાંઈ સવાલનો જવાબ દેવાનીનાકેહેવી.

૧૭૯. કોઈ સરકારી નોકર પોતાના સરકારી હોદાના કાયદેસર અખતિયારનો અમલ કરતાં કોઇ બાબતમાં કાંઈ સવાલ પુછે, અને તે બાબતમાં તે સરકારી નોકરને સાચી વાત કહેવાની કાયદા મુજબ પોતાની ફરજ છતાં જે માણસ તે સવાલનો જવાબ દેવાની ના કહે, તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની; અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણે ગુનોહ થવાને જે વાત બદલ ચોકસી કરવાનો સરકારી નોકરને અધિકાર છે તે વાતવિશે અગર જે વાતનો તેની સાથે કાંઈ સબંધ હોય એવી બાબતમાં પ્રશ્ન કર્યા છતાં ઉત્તર આપવાને નાકબુલ કરવાથી થાય છે.

કાંઈ મજકુર ઉપર સહી કરવાની ના કેહેવી.

૧૮૦. કોઈ માણસે કાંઈ મજકુર કહ્યો હોય તે મજકુર ઉપર તેને સહી કરવાનું ફરમાવવાને કાયદા મુજબ મુખતિયાર હોય તેવા કોઈ સરકારી નોકરે તે મજકુર ઉપર સહી કરવાનું ફરમાવ્યા છતાં અગર તે માણસ તે ઉપર સહી કરવાની ના કહે, તો તેને ત્રણ મહિનાની મુદત સુધીની આસાન કેદની, અથવા પાંચસે રૂપિઆ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—ચોકસી ચાલતાં કોરટે કરેલા સવાલનો જવાબ આપતાં કહેલા મજકુરપર સહી કરવાને આરોપિત માણસે નાકબુલ કર્યું તો તેથી આ કલમ પ્રમાણે શિક્ષા આપવાજોગ ગુનોહ તેણે કર્યો એમ થતું નથી.(મુ. હા. ઈ. લા. વા. ૪ પા. ૧૫ સરકારવિરૂદ્ધસીરસાપા)

જે સરકારી નોકર. અથવા સખ્સને સોગંદ આપવાનો અખતિયાર હોય તેની આગળ સોગંદ ખાઈને જુઠો મજકુર કેહેવો

૧૮૧. કોઈ સરકારી નોકરને અથવા કાયદા મુજબ સોગંદ આપવાનો જેને અખતિયાર હોય એવા કોઈ બીજા સખ્સને કાંઈ પણ બાબતમાં સાચી વાત કહેવાને કાંઈ સોગંદથી કાયદા મુજબ બંધાયા છતાં જે માણસ સદરહુ સરકારી નોકર અથવા બીજા સખ્સને તે બાબતમાં એવો કાંઈ મજકુર કહે કે તે ખોટો હોય, અને તે મજકુર ખોટો છે એમ તે માણસ જાણતો કે માનતો હોય, અથવા તે ખરો છે એમ તે માણસ માનતો ન હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—સોગન આપનાર અમલદાર પોતાના અધિકાર ઉપરાંત કામની ચોકસી કરતા હોય ને કોઈને સોગન આપે તેમાં તે સોગન લેનાર ખોટો મજકુર કહે તો તે ખોટી પ્રતિજ્ઞાના ગુનાહને પાત્ર થતો નથી (મ. હા. વા. ૨ પા. ૪૩૮.)

ઈનકમ ટાકસના કમીશનરની રૂબરૂ કહેલો મજકુર ખોટો છે અથવા ખોટો છે એમ માનવાને કંઈને કારણ છતાં એવો મજકુર તેણે કહ્યો તો તે આ કલમ પ્રમાણે ગુનેહગાર નહિ થતાં કા. ૧૯૩ પ્રમાણે થાય છે (મુ. હા. વા. ૮ પા. ૨૧ સરકાર વિરૂદ્ધ દાલજી જાંદરજી તા. ૨૫ અપરેલ ૧૮૭૧.)

"કોઈ સરકારી નોકર પાસે તેનો કાયદેસર અખત્યાર અમલમાં અણાવીને બીજા સખ્સનેનુકશાન કરાવવાના ઇરાદાથી ખોટી ખબર આપવી.

૧૮૨. કોઈ સરકારી નોકરથી પોતાના સરકારી હોદાનો કાયદેસર અખતિયાર વાપરતાં કોઈ સખ્સને નુકશાન અથવા દુખ થાય, અથવા સાચે સાચી હકીકત તે સરકારી નોકરના જાણ્યામાં આવી હોય તો જે વસ્તુ તે સરકારી નોકરે ન કરવી જોઈએ અથવા જે વસ્તુ કરવામાં તેણે કસુર ન કરવી જોઈએ તે વસ્તુ તે કરે, અથવા તે કરવામાં તે કસુર કરે, એવા ઇરાદાથી અથવા તે એમ કરશે, એવો સંભવ છે એવું જાણ્યા છતાં જે માણસ તે સરકારી નોકરને પોતે જે ખબર ખોટી જાણતો હોય અથવા ખોટી માનતો હોય એવી કાંઈ ખબર આપે, તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

(અ) અ કોઈ માજીસ્ત્રેટને એવી ખબર આપે કે, તમારા હાથ તળેના ઝ પોલીસ અમલદારે નોકરીમાં ગફલત કરી છે અથવા બદચાલ ચલાવી છે, અને તે ખબર ખોટી છે એમ તે પોતે જાણતો હોય તથા તે ખોટી ખબર ઉપરથી તે માજીસ્ત્રેટ ઝને બરતરફ કરશે એવો સંભવ છે એમ પણ તે જાણતો હોય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કર્યો એમ સમજવું.

(બ) અ કોઈ સરકારી નોકરને એવી ખોટી ખબર આપે કે મને કરેલું નિમક ઝ એ એક છાને ઠેકાણે સંતાડ્યું છે, અને તે ખબર ખોટી છે એમ પોતે જાણતો હોય, તથા તે ખોટી ખબરનો પરિણામ એવો થશે કે ઝ ની જગાનો ઝાડો લેવાશે, તથા ઝ ને દુખ થશે એવો સંભવ છે એમ પણ તે જાણતો હોય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કર્યો એમ સમજવું.

ટીકા.—મારા છોકરાને ઝેરદઈ મારી નાંખ્યાની ખબર હાલના કેદીએ પોલીસને આપ્યાથી તેનાપર આ કલમ પ્રમાણે જાણીબુજીને ફરીયાદીને દુઃખ કરવાના ઇરાદાથી કેદીએ ખોટુ તોહમત મુક્યુ તેથી કેદીપર કલમ ૧૮૨ પ્રમાણે તોહમત સાબિત કરી શિક્ષા કરી તેમાં હાઈકોરટે એમ ઠરાવ્યુ કે કલમ ૧૮૨ અને ૨૧૧ એ બે જુદી જુદી છે અને આવાં કામને કલમ ૨૧૧ લાગેછે (કા. વી. વા. ૮ પાને ૯૭ તા. ૩ સપટેમ્બર ૧૮૬૭ સરકાર વિરૂધ રેહીમ હમદ વિરૂધ આબસખાન)

કોઈ એક સખસે પોલીસને અરજી કરી, તે અરજીમાં એવી ખોટી હકીકત લખી કે કોઈ બીજા સખસે અપરાધ કરેલો છે એવો પોતાને શક છે માટે ચોકશી કરવી તે અરજી ઉપરથી પીનલકોડનો કલમ ૨૧૧ ના અર્થ મુજબ તે સખસ ઉપર ફોજદારીમાં કામ ચલાવવું તેમ થતું નથી. સરકારી નોકરને પોતાના કાયદેસર અખત્યાર અમલમાં અણાવીને બીજા સખસને નુકશાન કરવાના ઈરાદાથી ખોટી ખબર આપ્યાનું તોહમત મજકુર કાયદાના કલમ ૧૮૨ પ્રમાણે તે અરજદારપર મુકવું જોઇએ (મુ. હા. સરકાર વિરૂદ્ધ ગોપાળ ભીકાજી તા. ૨૪ એપરેલ સન ૧૮૭૩.

વળી કલમ ૧૭૭ નિચેની ટીકામાં સરકાર વિરૂદ્ધ શુરાજી મોહનનો તા. ૧૦ જુલાઈ ૧૮૭૩ નો ફેસલો ટાંક્યો છે તે વાંચો.

પીનલકોડ કલમ ૨૧૧ માં કહેલા અપરાધમાં કલમ ૧૮૨ માં કહેલા અપરાધનો સમાવેશ થાય છે અને એટલા વાસ્તે તેવા કામમાં જોઇએ તે કલમ પ્રમાણે કામ ચલાવવાનો માજીસ્ત્રેટને અધિકાર છે પરંતુ ગુન્હાનો સ્વરૂપ જ્યારે ભયંકર છે એમ દેખાય તો કલમ ૨૧૧ પ્રમાણે કામ ચલાવવું યોગ્ય છે (કા. હા. ઈ. લા. વા. ૫ પા. ૧૮૪ ભક્તીરામ વિરૂદ્ધ હીરા કોલીત).

કેદીએ પોતાના બચાવ ખાતર કહેલી હકીકત ખોટી પડે તો એમ આ કલમ પ્રમાણે ખોટી ખબર આપનાર ઠરતો નથી (મ. હા. રી. પા. ૧૨૮)

કોઈ સરકારી નોકરનાકાયદેસર અખત્યારથી કાંઈ મીલકત જપ્ત થતી હોયતેમાં સામા થવું.

૧૮૩. આ સખસ સરકારી નોકર છે એમ જાણીને, અથવા એમ માનવાનું કારણ છતાં, તે સરકારી નોકરના કાયદેસર અખત્યારથી કાંઈ માલકત જપ્ત થતી હોય તેમાં જે માણસ સામો થાય, તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—હુકમનામાના પ્રા. ઉપર હુકમનામું બજાવવા માટે કારકુન ત્રીજા માણસના ઘરનો દરવાજો ઉઘાડે અને તે ઘરમાંથી તે પ્રા, ફીંવા તેનો માલ નિકળે નહી તો તે કારકુન પ્રવેશનો ગુન્હેગાર થાય. અને તેવી વખતે તે ઘરનો માલીક કારકુનને ઘરમાં જવાને અટકાવે તો પણ તે ઈ. પી. કો. કા. ૧૮૩ યા ૧૮૬ પ્રમાણે શિક્ષાને પાત્ર નથી, (મુ.હા. વા. ૭ પા.૮૩ સરકાર વિરૂદ્ધ ગજી).

એક સબારડીનેટ જડજનું વારંટ બજાવવાના કામમાં હરેકત કરવાથી આરોપિતપર કલમ ૧૮૩ પ્રમાણેનું તોહમત ક્રી. પ્રો. કા. ૪૭૦ મુજબ સબારડીનેટ જડજની પરવાનગી લઈ એક મુસાઅલી આદમે મુક્યું. પછી સબારડીનેટ જડજના મંજુરી વગર મુસાઅલી આદમની અરજી પરથી તે ફરીયાદ કાહાડી લેવાની માજીસ્ત્રેટે પરવાનગી આપી તેમાં ઠરાવ્યું કે ફરીયાદી ચલાવવાની પરવાનગી આપનાર કોરટની મંજુરી વગર આવી ફરીયાદ કાડી લેવાય નહી (મુ. હા. ઈ. લા. વા. ૨ પા. ૬૫૩ મુસેઅલી આદમની બાબતમાં.)

કોઇ સરકારી નોકરના અખત્યારથી વેચવા કહાડેલી મીલકતના વેચવામાં અડચણ કરવી.

૧૮૪. કોઇ સરકારી નોકરના પોતાના સરકારી હોદાના કાયદેસર અખત્યારથી વેચવા કાહાડેલી કાંઈ મીલકત વેચાણમાં જે માણસ ઈરાદાથી કાંઈ અડચણ કરે, તે માણસને

એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

કોઈ સરકારી નોકરના અખ્તયારથી વેચવા કાહાડેલી મીલકતનીકાયદા વીરૂધ ખરીદી અથવા માગણી.

૧૮૫. કોઈ સરકારી નોકરના પોતાના સરકારી હોદ્દાના કાયદેસર અખત્યારથી કાંઈ મીલકતનું વેચાણ થતું હોય તે વેચાણમાંથી તે મીલકત ખરીદ કરવાને ફલાણો સખસ કાયદા મુજબ અશકત છે એમ જાણ્યા છતાં તે સખસને હિસાબે, પછી તે સખસ પોતેજ હોય કે કોઈ બીજો સખસ હોય તો પણ જે માણસ તે મીલકત ખરીદ કરે અથવા તેની માગણી કરે અથવા માગણી કરેથી જે ફરજ પોતાની ઉપર આવતી હોય તે ફરજ અદા કરવાનો પોતાનો ઈરાદો નહી છતાં જે માણસ તે મીલકતની માગણી કરે, તે માણસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા બસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—માજીસ્ત્રેટ લીલામમાં પુકારતી વખતે કોઈ માણસ હાથી કરે તો તથા હાથી થવા જેવા કીમ્મત બોલે તો તે આ કલમ પ્રમાણે શિક્ષાને પાત્ર થાય (સા. પા. ૮૯)

કોઈ સરકારી નોકરનેતેના સરકારી કામ કરવામાંઅડચણકરવી

૧૮૬. કોઈ સરકારી નોકરને તેના સરકારી કામ કરવામાં જે માણસ બુધિપુરવક અડચણ કરે, તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—કેદી એક પોલીસના સીપાઈની કેદમાંથી નાશી ગયો તેમાં ઠરાવ્યું કે કાયદેસર કેદમાંથી નાશી જવાથી આ કલમ મુજબ સરકારી નોકરને તેનું કામ બજાવવામાં હરકત કરી એવા ગુન્હો થતો નથી (મુ. હા. વા. ૨. પાને ૧૨૮ સરકાર વિરૂદ્ધ પોશુખાન ધાબાજી તા. ૨૫-૧-૬૫).

સને ૧૮૬૫ ના મુંબાઈ આકટ ૧ ની કલમ ૧ પ્રમાણે નિમેલા મોજણીદારે તોહમત વાળાને પોતાનું ઘર માપવા આવવા ઘેરે આવવા કહ્યું તો તેણે કહ્યુંકે હાલ મને ફુરસદ નથી તેથી તેનાપર આ કલમ મુજબ તોહમત મુકવામાં આવેલું તેમાં ઠરાવ્યું કે આ આકટ પ્રમાણે નિમેલા મોજણીદાર સાથે કેદીએ પોતાને ઘેર જવાનું અને પોતાનું ઘર માપવા વિશે પરવાનગી આપવાનું નાકબુલ કર્યું તો તેટલાજ કૃત્યથી સરકારી નોકરને તેનું કામ ચલાવતાં છતાં આ કલમ પ્રમાણે હરકત કર્યાનો ગુન્હો થતો નથી (મુ. હા. વા. ૫ પાને ૫૧ સરકાર વિરૂદ્ધ ભગતીદાસ ભગવાનદાસ).

સરકાર વિરૂદ્ધ ગજીનો ફેસલો મુ. હા. વા. ૭ પાને ૮૩ મે છપાયલો આ કાયદાની કલમ ૧૮૩ નિચે ટાંકવામાં આવ્યો છે તે જુઓ.

ગાડીના માલેકે પોતાની ગાડી સરકારી અમલદારને ભાડે આપવાને નાકબુલ કર્યું તો તેથી તેના પર આ કલમ પમાણે ગુનો ઠરતો નથી (મુ. હા. વા. ૯ પાને ૧૬૫ સરકાર વિરૂદ્ધ ઘોરી કુસન તા. ૮-૨-૭૨).

કાયદા મુજબ મદદ કરવાની ફરજ છતાં કોઈ સરકારી નોકરને મદદ કરવામાં કસુર કરવી.

૧૮૭. કોઈ સરકારી નોકરને તેની સરકારી નોકરી બજાવવામાં મદદ કરવા અથવા આપવાની જે માણસની કાયદા પ્રમાણે ફરજ હોય, તે માણસ અગર ઈરાદાથી તે પ્રમાણે મદદ આપવામાં કસુર કરે, તો તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા બસે રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે;

અને મદદ માગવાનો કાયદાં પ્રમાણે જેને અખ્તિયાર હોય એવાં કોઈ સરકારી નોકરે કોઈ ઇનસાફની કોરટે કાયદા મુજબ કરેલા કોઈ હુકમ બજાવવાનાં કારણસર અથવા કાંઈ ગુનોહ થતો અટકાવવાના કારણસર અથવા કાંઈ હંગામો કે બખેડો બંધ પાડવાના કારણસર અથવા જે સખ્સની ઉપર કાંઈ ગુનાહનું તોહોમત મુકયું હોય, કે જે કાંઈ ગુનાહનો તકશીરવાર હોય કે કાયદેસર કેદમાંથી નાશી ગયો હોય, એવા કોઈ સખ્સને પકડવાના કારણસર, તે મદદ માગી હોય તો તે માણસને છ મહિનાની મુદત સુધીની આસાન કેદની, અથવા પાંચસે રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—એક ચોરીના કામમાં ચોરીનો પંદર દિવસમાં પતો લાવવા વિશે અને પોલીસને મદદ કરવા વિશે એક માજીસ્ત્રેટે એક જમીનદારને હુકમ કર્યો. તેણે તે હુકમ અમાન્ય કર્યા માટે જીલ્લા માજીસ્ત્રેટે તેનાપર ઇ. પી. કો. કા. ૧૮૭–૧૮૮ પ્રમાણે તોહમત સાબિત કરી તેને શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે સને ૧૮૭૨ ના ૧૦ ની કલમ ૯૦ તથા ૯૧ પ્રમાણે જોતાં એવા પ્રકારનો હુકમ કરવાનો તે માજીસ્ત્રેટને અધિકાર નહોતો કારણ જમીનના માલિકે શું કરવુ તે તેમાં કહેલું છે પરંતુ તેને હુકમ કરવાનો અધિકાર માજીસ્ત્રેટને તે કલમ ઉપરથી આપેલો નથી. માટે સરકારી અમનદારે કરેલો હુકમ અમાન્ય કર્યા બદલ આ કાનુન તા. ૧૦૪ મી કલમ પ્રમાણે તેના પર તોહોમત રેહી શકતુ નથી માટે શીક્ષા રદ કરી (અલ્હા. હાઈ. ઈ. લા. વા. ૩ પા. ૨૦૧ સરકાર વિરૂદ્ધ કાશીરામ વિગેરે)

કોઈ સરકારી નોકરે કાયદા મુજબ જાહેર કરેલો હુકમ ન માનવો.

૧૮૮. કોઈ સરકારી નોકરને કાંઈ હુકમ જાહેર કરવાને કાયદા મુજબ અખ્તિયાર હોય, તે પ્રમાણે હુકમ જાહેર કરીને તે કોઈ માણસને એ પ્રમાણે ફરમાવે કે તમારે ફલાણા કામથી દુર રહેવું, અથવા તમારા કબજામાં કે તમારા વહીવટમાં ફલાણી મિલકત છે તે બાબત ફલાણી તરેહનો બંદોબસ્ત રાખવો અને એ પ્રમાણે તે સરકારી નોકરે ફરમાવેલું છે એમ જાણ્યા છતા તે માણસ તે હુકમ ન માને અને તે હુકમ તેણે ન માનવાથી અગર કાયદેસર કહેલા કોઈ સખ્સોને કાંઈ અડચણ, દુઃખ, કે નુકશાન થાય અથવા થશે એવું થાય અથવા કાંઈ અડચણ, દુખ કે નુકશાનનું જોખમ થાય અથવા થશે એવું થાય, તો તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા બસેં રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે, અને અગર તેણે તે હુકમ ન માનવાથી માણસની જિંદગીને, તનદુરસ્તીને અથવા સલામતીને જોખમ થાય અથવા થશે એવુ થાય, અથવા હંગામો કે બખેડો થાય અથવા થશે એવું થાય, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખુલાસો—તે ગુનેહગારે હાનિ કરવાનો ઇરાદો કરવો જોઇએ અથવા તે હુકમ ન માનેથી હાની થવાનો સંભવ છે એવો તેને વિચાર થવો જોઇએ, એમ કાંઈ જરૂર નથી. તે એમ જાણે કે હું ફલાણો હુકમ માનતો નથી, તથા તે હુકમ તેણે ન માનવાથી હાની થાય અથવા થશે એવો સંભવ હોય, તો બસ છે.

દૃષ્ટાંત.

જે સરકારી નોકરને કાયદા મુજબ હુકમ જાહેર કરવાનો અખ્તિયાર હોય એવો કોઈ સરકારી નોકર અગર એ પ્રમાણે એક હુકમ જાહેર કરે કે ફલાણો ધરમ સંબંધીનો

વરઘોડો ફલાણે રસ્તે થઈને જાય નહી ને પછી જાણી બુઝીને આ તે હુકમ ન માને, અને તેથી હંગામાનું જોખમ થાય, તો આ એ આકલમમાં બ્યાન કરેલો ગુનોહ કરેલો એમ જાણવું.

ટીકા.—ઉપરની કલમ ૧૭૭ ઉપર આપેલો ફેસલો જુઓ.

કોઈ કરેલો હુકમ કાયદેસર છે કે નહી એ બાબત અપીલ કોરટ ઠરાવ કરે ત્યાંહા સુધી હુકમનું અનુમાન કયોની તજવીજ કરી શિક્ષા કરવાનો અધિકાર નથી. (જુઓ મુ. હા. વા. ૨ પા. ૩૮૪ સરકાર વિરૂધ દલસુખ હરિભાઈ.

કેદીએ એક એતરનો કબજો જબરાઈથી લીધાથી તેનાપર હુકમ નહી માન્યા બાબત આ કલમ પ્રમાણે તોહમત સાબિત કરી તેને સખત કેદની શીક્ષા કરી તેમાં ઠરાવ્યુ કે આ કલમના છેવટના ભાગમાં લખેલા પ્રકારનો આ ગુન્હો છે એવું માજીસ્ત્રેટના અભિપ્રાયથી જણાતું નથી તેથી સખત કેદની શિક્ષાનો હુકમ રદ કરી આસાન કેદની શીક્ષા કરી (જુઓ, મુ. હા. વા. ૩ પા. ૩૨ સરકાર વિરૂદ્ધ રતનરાવ માહાદેવ)

સને ૧૮૬૪ ના આકટ ૫ મુજબ મામલતદારે કેદીને વાદીના કબજાની ઇમારતમાં પ્રતીવાદીના ઘરનું પાણી પડેછે તે પડવા નહી દેવા કરેલો હુકમ નહી માન્યો તેથી તેનાપર આ કલમ મુજબ તોહમત રાખી શીક્ષા કરેલી તેમાં ઠરાવ્યું કે મુંબાઈના સને ૧૮૬૪ ના આકટ ૫ મુજબ તેવો હુકમ કરવાનો મામલેતદારને અધિકાર નહી હતો. સબબ તોહમત અને શિક્ષા રદ કરેચાં. (જુઓ મુ. હા. વા. ૩ પાને ૫૩ સરકાર વિરૂદ્ધ ભાઉ વીઠું)

સન ૧૮૬૪ ના આકટ ૫ મુજબ મામલતદારે કેદીને એવો હુકમ કરેચો કે તારા દરવાજામાંથી જવા આવવાનો ફરીયાદીને અટકાવ કરવો નહી અને તે દરવાજો ઉઘાડો રાખવો. કેદીએ તે હુકમ ન માન્યાથી તેના પર આ કલમ પ્રમાણે તોહમત રાખ્યાથી ઠરાવ્યું કે દરવાજો ઉઘાડો રાખવા વિશે હુકમ કરવાને મામલેતદારને સન ૧૮૬૪ ના ૫ મુજબ અધિકાર નથી માટે કેદીપર આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતું નથી. (મું. હા. વા. ૫ પાને ૨૧ સરકાર વિરૂધ ખંડોજી નાનાજી)

અમુક સંડાસનો દરવાજો ઉઘાડો મુકવા કેદીને મામલતદારે સન ૧૮૬૪ ના ૫ મુજબ કરેલો હુકમ નહી માન્યાથી તેના પર આ કલમ મુજબ તોહોમત રાખ્યાથી ઠરાવ્યુ કે વાસ્તવીક જોતાં આ ગુન્હો પક્ષકારોના કબજાને હરકત નહી થવા માટે આપેલી તાકીદનેનહી માન્યાનો છે અને તે મામલતદારના અધિકારમાંજ માટે કરેલી શિક્ષામાં હાથ નાખવાનું કારણ નથી (મું. હા. વા. ૫ પાને. ૪૬ સરકાર વિરૂધ કહ્યા શેઠ નારાયણ શેઠ)

પંઢરપુરના દેવળમાં પેસવાનો દરવાજો કેટલોક ઉંચો અને પહોળો કરવાને ગુનેહગાર ઉપર એક માજીસ્ત્રેટે (ક્રી. પ્રો. કો. કા. ૬૨ શને ૧૮૬૧ ના આકટ ૨૫ ની) હુકમ કરેલો પરંતુ તે ન માન્યો તેથી તેના પર આ કલમ મુજબ તોહમત રાખેલું હાહકોરટે કાયમ રાખ્યું (જુઓ મુ. હા. વા. ૬ પાને ૩૬ સરકાર વિ. રામચંદ્ર એકનાથ વિગેરે)

હોલકર સરકાર પાસેથી કહેલી રાહાદારી જકાત લેવી નહી એવો માજીસ્ત્રેટે કલેકટરના હોદ્દાથી કરેલો હુકમ ગુનેગારે નહી માન્યાથી તેના પર આ કલમ મુજબ મુકેલા તોહમતમાં ઠરાવ્યું કે બ્રિટીસ રાજ્યના મુલકમાં હોલકર સરકાર પાસેથી કહેલી રાહાદારી જકાત લેવી બંધ કરવાનો હુકમ કરવાને કોઈ કલેકટરને અધિકાર નથી. માટે આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતું નથી (મુ. હા. વા. ૫ પાને ૧૩ સરકાર વિરૂદ્ધ વિઠલ લક્ષ્મણ.(

જે વાતથી લોકને ત્રાસ, અડચણ કે નુકશાન થતું હોય એવી બાબતમાંજ માત્ર હાથ ઘાલવાનો અધિકાર છે તેથી જે બાબતમાં આવો પ્રકાર થયો ન હોય કીંવા થવાનો સંભવ ન હોય તે બાબતમાં માજીસ્ત્રેટથી હાથ નંખાય નહી (મ. હા. વા. ૪ પાને ૬)

આ કલમ પ્રમાણે ગુનેગાર ઠરાવતી વખતે એવું જોવું જોઈએ કે તે હુકમ લખેલો હતો કે કેમ (ઈ. ડા. પ્ર. ૩૪૩.)

ક્રી. પ્રો. કા. ૫૧૮ (સન ૧૮૭૨ ના ૧૦ મા પ્રમાણે માજીસ્ત્રેટે કેદીપર કરેલો હુકમ

મુદતની અંદર માન્યો નહી તેથી તેના પર આ કલમ મુજબ તોહોમત ઠરાવી તેને શિક્ષા કરી. તેમાં ઠરાવ્યુ કે કલમ ૫૧૮ પ્રમાણે કરેલો હુકમ ન માન્યો તો તે બદલ ક્રી. પ્રો. કા. ૪૭૩ પ્રમાણે શિક્ષા કરવાનો તે માજીસ્ટ્રેટને અધિકાર મળતો નથી માટે શિક્ષા રદ કરી. વળી એમ પણ ઠરાવ્યું કે પી કો. કા. ૧૮૮ માંના ઠરાવ પર માજીસ્ટ્રેટે ધ્યાન આપવું કે એકાદ હુકમ અમાન્ય થયો એટલુંજ સાબિત થવું બસ નથી પણ તેણે હુકમ નહી માન્યાથી કાયદેસર કામ કરનારા માણસને કાંઇ હરકત યા ઉપદ્રવ અગર નુકશાન થાય અગર થવાનો સંભવ હોય અગર તેથી હરકત અગર ઉપદ્રવ અગર નુકશાની થવાનો ભય થશે એમ સાબિત થવું જોઇએ એવું થાય છે. મુ. હા. વા. ૧૦ પાને ૪૨૪ સરકારે વિરૂધ રણછોડ દયાળ).

અમુક જગોએ મુડદાં દાટવાં તથા બાળવાસારૂ લોકોને મનાઈ કરવા બાબતનો હુકમ તે જગોએ ચોડેલો તે હુકમ તોડ્યાના ગુન્હાની સાબિતી આ કલમ પ્રમાણે એક સખસ પર થઇ તેમાં ઠરાવ્યું કે સદરહુ હુકમ ખુદ તોહોમતવાળાને પોહોંચાડવામાં નહી આવેલો સબબ એ ગુન્હાની સાબિતી ગેરકાયદેસર છે (સરકાર વિરૂદ્ધ સુકરે બુધિયા તા. ૩ મારચ ૧૮૭૦ મુંબઈ હાઈ.)

સને ૧૮૬૪ ના ૫ પ્રમાણે ખેતરનો કબજો ફરિયાદીને આપવા માટે તોહોમતવાળા પર મામલતદારે કરેલો હુકમ તેણે નહિ માન્યાથી તેનાપર આ કલમ મુજબ તોહોમત મુકવાની ફરિયાદીને પરવાનગી આપેલી તેથી તેણે આ કલમ મુજબ તેનાપર ફરિયાદ કરી પણ ફરિયાદીને ક્રી. પ્રો. કા. ૨૭૧ (૬૧ના ૨૫ ની) મુજબ ફરિયાદ એચી લેવા દીધી તેમાં ઠરાવ્યું કે હાલના કામમાં હુકમ ન માનવાથી જે સખસને નુકશાન થયુ અને જેને તોહોમતવાળાપર ફોજદારી કામ ચલાવાની રજા મળી તે ફરિયાદ કરનાર હતો અને ક્રી. પ્રો. કો. ના બાબ ૧૫ ની અંદર આવે એવાં કામોમાં તે પોતાની ફરિયાદ પાછી લઈ શકેછે(મુ. હા. તા. ૧૬ ફેબ્રુઆરી ૧૮૭૧ સરકાર વિરૂદ્ધ જીજીભાઈ નથુભાઈ વીગેરે)

કુવાને મરામત કરવા સને ૧૮૬૧ ના આકટ ૨૫ ની કા. ૬૨ મુજબ એક સબોરડીનેટ માજીસ્ટ્રેટે કરેલો હુકમ ન માન્યાથી તેનાપર આ કલમ મુજબ તોહોમત રાખી દંડની શિક્ષા કરી અને તે દંડમાંથી કુવાને મરામત કરવા ઠરાવ કરયો. તેમાં ઠરાવ્યું કે આ કામમાં કા. ૩૦૮ લાગુ પડેછે તેથી આ કામમાં સબો. માજીસ્ટ્રેટને અધિકાર નથી અને વળી કા. ૪૪ મુજબ કુવાને મરામત કરવાનો હુકમ કરાવાનો તેને અધિકાર નહોતો. (મુ. હા. તા. ૧૩-૪-૭૧ સરકાર વિ૦ તાત્યા વિઠોબા પાડક)

માજીસ્ટ્રેટે (સને ૧૮૭૨ ના ૧૦ની કા. ૫૧૮) કા. ૫૧૮ પ્રમાણે વધેલી વાડ કાપી બરાબર કરવા કરેલો હુકમ નહિ માન્યા બાબત આ કલમ પ્રમાણે તોહોમત વાળાપર રાખેલા તોહોમતના કામમાં ઠરાવ્યું કે તુરત તુરત ઈલાજ કરવાની કંઈ જરૂર નહોતી એમ મુકદમાની હકીકતથી માલમ પડ્યુ માટે જે હુકમ માનવામાં નથી આવ્યો તે હુકમ કરવાનો માજીસ્ટ્રેટને અખતિયાર નહોતો કેમકે કા. ૫૧૮ ના પહેલા ખુલાશામાં એવી બાબતનેસારૂ બીજો અને થોડો સંક્ષેપ રસ્તો બતાવેલો છે. માજીસ્ટ્રેટને એમ પણ ખબર આપવી કે આવા કામને મુંબાઇના સને ૧૮૬૭ના આકટ ૭ ની કા. ૩૩ વધારે લાગુ પડેછે. (મુ. હા. તા. ૧૧ જુન સને ૧૮૭૪ સરકાર વિરૂદ્ધ બાપુજી બેચર)

લોકને તાબડતોબ નુકશાન થનારછે એમ હોવા શિવાય ક્રી. પ્રો. કા. ૫૨૮ પ્રમાણે હુકમ કરી શકાતો નથી અને તેવો હુકમ કરેથા પછી જો માજીસ્ટ્રેટે અગાડી ચોકશી કરવા વિશે કા. ૫૨૫ પ્રમાણે હુકમ કરયો હોય તો કા. ૫૨૮ પ્રમાણે ચલાવેલુ કામ માજીસ્ટ્રેટે બંધ કરયુ એમ સમજવું જોઇયે અને કા. ૫૨૫ પ્રમાણે કામ શરૂ કરેયું એટલેપી. કો. કા. ૧૮૮ પ્રમાણે જે માણસપર આરોપ મુકવામાં આવ્યોછે તે માણસને દંડ ન કરતાં કા. ૫૨૧ પ્રમાણેજ માજીસ્ટ્રેટે કામ ચલાવવું જોઇયે. (કા. વી. વા. ૨૧ પાને ૮૬ સરકારવિરૂદ્ધ બાજેંદ્રલાલ અને બીજા)

પી. કો. કા. ૧૮૮ ના આધારે તોહોમતની શાબિતી થવાને હુકમ પ્રસિદ્ધ કરવાનો અખતિયાર કાયદાથી જે સરકારી નોકરને હતો એવા નોકરે પ્રસિદ્ધ કરેલો હુકમ આરોપિતે અમાન્ય કર્યોછે એમ શાબિત થનારો પુરાવો જોઇયે (કા. વી. વા. ૨૩ પાને ૫૭ સરકાર વિરૂધ સુખનસીંગ વીગરે)

એક દીવાની કોરટે અરજદારને એમ તાકીદ કરી હતી કે અમુક જગાએ તારે ઝુપડી બાંધવી નહિ, છતાં તેણે બાંધી તેથી તેનાપર કા. ૧૮૮ મુજબ તોહેમત રાખ્યું તેમાં ઠરાવ્યું કે સરકારી અમલદાર સાર્વજનિક કામ માટે જે હુકમ પ્રસિધ કરે છે તે હુકમને માત્ર આ કલમમાંના ઠરાવ લાગુ પડેછે અને દીવાની દાવામાં પક્ષકારોની દરમિયાન થયેલા હુકમને તે કલમ લાગુ પડતી નથી. કા. હા. ૧. બા. વા. ૬ પાને. ૪૪૫ ચંદરકાંતદે અરજદારની બાબતમાં)

કોઇ સરકારી નોકરને નુકશાન કરવાનો ડર દેખાડવો.

૧૮૯. કોઇ સરકારી નોકરને પોતાના સરકારી ઓહદાના અમલસંબંધી કાંઈ કામ કરવાને, અથવા કાંઈ કામ ન કરવાને, અથવા કાંઈ કામમાં ઢીલ કરવાને લલચાવવાના કારણસર, તે સરકારી નોકરને ખુદને, અથવા જે સખસની સાથે તે સરકારી નોકરને સંબંધ છે એમ પોતે માનતો હોય, એવા કોઈ સખસને, કાંઈ નુકશાન કરવાનો, જે માણસ ડર દેખાડે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઈ સરકારી નોકરની પાસે આશરો માગવાની અરજ કરવાથી દુર રેહેવાને કોઈ સખસને લલચાવવા સારૂ તેને નુકશાન કરવાનો ડર દેખાડવો.

૧૯૦. કાંઈ નુકશાનથી કોઇનું રક્ષણ કરવાનો અથવા કરાવાનો જે સરકારી નોકરને કાયદા મુજબ અખત્યાર હોય, એવા કોઈ સરકારી નોકરની આગળ કોઈ સખસને કાંઈ નુકશાનથી પોતાનું રક્ષણ થવા બાબત કાયદેસર, અરજ ન કરવાને અથવા અરજ કરતો અટકાવવાને લલચાવવાના કારણસર, જે માણસ તે સખસને કાંઈ નુકશાન કરવાનો ડર દેખાડે તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બાબ ૧૧ મો.

ખોટા પુરાવા તથા સરકારી ઇનસાફ વિરૂદ્ધ ગુનાહ બાબત.

ખોટી શાહેદી આપવી.

૧૯૧. કાંઈ સોગંદથી અથવા કાયદાના ખાસ ઠરાવથી સાચુ બોલવાને જે માણસ કાયદા મુજબ બંધાએલો હોય, અથવા કાંઈ પણ બાબત સંબંધી કાંઈ એકરાર કરવાને કાયદાથી બંધાએલો હોય, તે માણસ એવી કાંઈ વાત કેહે કે જે ખોટી હોય, અને જે ખોટીછે એમ તે જાણતો કે માનતો હોય, અથવા ખરી છે એમ તે ન માનતો હોય, તો તે માણસે ખોટી શાહેદી આપી એમ સમજવું.

ખુલાસો ૧ લો—કાંઈ વાત મોહોડેથી કહી હોય અથવા કોઈ બીજી રીતે કહી હોય તોપણ તેને આ કલમના અર્થ પ્રમાણેની વાત સમજવી.

ખુલાસો ૨ જો—શાહેદી આપનાર સખસ પોતાના માનવા બાબત જે ખોટી વાત કહે, તેને પણ આ કલમના અર્થ પ્રમાણેની વાત સમજવી, અને જેમ જે વસ્તુ કોઈ સખસ જાણતો ન હોય ને તે કહે કે હું જાણુંછું તેથી તે સખસ ખોટી શાહેદી આપ્યાનો

ગુનેગાર થાય તેમજ જે વસ્તુ તે માનતો નહી હોય તે વીશે તે એમ કહે કે હું એ માનું છું તો તેથી પણ તે સખ્સ ખોટી શાહેદી આપ્યાનો ગુનેહગાર થઈ શકે છે.

દૃષ્ટાંત.

(અ) ઝ ની ઉપર બ નો હજાર રૂપીઆનો એક બ્યાજબી દાવો છે, તેની મજબુતીમાં ઇનસાફની વખતે અ આવીને એવા ખોટા સોગન ખાય કે બ નો દાવો બ્યાજબી છે એમ ઝ ને કબુલ કરતાંમેંસાંભળ્યો, તો અ એ ખોટી શાહેદી આપીએમસમજવું.

(બ) કાંઈ સોગંદથી સાચુ બોલવાને બંધાએલો છતાં, અ એ પ્રમાણે કહે કે, ફલાણી સહી ઝ ની લખેલી છે એમ હું માનું છું. અને ઝ ની લખેલી છે એમ તે ન માનતો હોય, તો એ ઠેકાણે અ જે વાત પોતે ખોટી જાણે છે તે કેહેછે, માટે તેણે ખોટી શાહેદી આપી એમ સમજવું.

(ક) ઝ ના અક્ષરનું વલણ અ જાણે છે અને તે એ પ્રમાણે કેહેકે ફલાણી સહી ઝ ની લખેલી છે એમ હું માનુ છું, અને તેમજ તે સહી તેની લખેલી છે એમ અ શુદ્ધબુદ્ધિએ માનતો હોય, તો એ ઠેકાણે અ ની વાત ફક્ત તેના માનવા વિશે છે. અને તેના માનવા વિશે તે સાચી છે, માટે, અગર તે સહી ઝ ની લખેલી ન હોય તોપણ અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું નહી.

(ડ) કાંઈ સોગંદથી સાચુ બોલવાને બંધાયલો છતાં, અ એ પ્રમાણે કેહેકે ફલાણે દાહડે ઝ. ફલાણે ઠેકાણે હતો એમ હું જાણુંછું, અને તે બાબત અ કાંઈ જાણતો ન હોય તો, અગર તે દહાડે ઝ તે ઠેકાણે હતો કે નહી તોપણ અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું.

(ઇ) અ કોઈ સમજાવનારો કે તરજુમો કરનારો છે, અને તે જે વાત અથવા લેખ ખરી રીતે સમજાવવા અથવા તેનો તરજુમો કરવાને સોગંદથી બંધાએલો છે, તે વાતની અથવા લેખની એવી સમજણ આપે અથવા એવો તરજુમો કરે, અથવા તે સમજણ અથવા તરજુમો ખરો છે એમ સરટીફીકેટ આપે; કે તે સમજણ અથવા તરજુમો ખરો ન હોય, અને તે તેને ખરો માનતો ન હોય, તો અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું.

ટીકા—કોઈ પક્ષકારને કાયદા પ્રમાણે સોગનપર ખરો મજકુર કહેવાની જરૂર છતાં તે ખોટો મજકુર કહે અને તેથી તેનાપર ખોટી સાક્ષી આપ્યાનું તોહોમત મુકયું હોય તો જો તેણે ખરો મજકુર કહ્યો હોત તો ગુનોહ થાત માટે તેણે ખોટો મજકુર કહ્યોછે એવા સબબથી તેને ખોટી સાહેદી આપ્યાના તોહોમતમાંથી મુકત કરવો યોગ્ય નથી(મ.હા.વા.૩પા.૨૯)

આ કલમ પ્રમાણે ખોટી શાહેદી આપ્યાનો ગુનોહ થવા માટે જે કામમાં તે ખોટી સાહેદી આપી તે કામમાં તે મુદ્દાનીજ હોવી જોઇયે એમ કાંઇ જરૂર નથી (મુ. હા. વા. ૫ પા. ૬૮ સરકાર વિરૂદ્ધ રામચંદ્ર)

કોઈ પોલીશપટેલ મુંબાઇના સને ૧૮૬૭ ના આક્ટ ૮ની કા. ૨૩ પ્રમાણે કામ કરતાં છતાં તેમની આગળ સોગનપર કાંઈ ખોટો મજકુર કહે તો તેણે આ કલમ પ્રમાણે ખોટી સાહેદી આપી એમ થાયછે (મુ. હા. ઇ. લા. વા. ૪ પા. ૪૭૫ સરકાર વિરૂદ્ધ હરે બસાપા)

ખોટી સાહેદી આપ્યા બદલનો ચાર્જ મુકવો તે ન્યાયની કોરટમાં આપેલી શાક્ષીને માટેજ મુકયો એમ નથી એવા પ્રકારનો મજકુર એકાદ પોલીશ અમલદાર આગળ કહ્યો

હોય તોપણ તે આ કલમ પ્રમાણે અને ક્રી. પ્રો. કા. ૧૧૮ પ્રમાણે વિચાર કરી જોતાં ખોટી સાહેદી આપ્યા પ્રમાણે થાયછે (કા. વી. રી. વા. ૨૦ પા. ૪૧ સરકાર વિરૂધ નાનચંદ મુકરજી)

ખોટો પુરાવો બનાવવો.

૧૯૨. જે માણસ કાંઈ બીના બનાવે, અથવા કાંઈ ચોપડી કે દફતર મધ્યે કાંઈ ખોટી રકમ લખે, અથવા કાંઈ લેખ કરે અને તેમાં કાંઈ ખોટી વાત લખે, એવા ઇરાદાથી કે કોઇ ઇનસાફી મુકદમામાં, અથવા કોઇ સરકારી નોકરની આગળ તેના સરકારી હોદ્દાથી કાયદા મુજબ ચાલતા મુકદમામાં, અથવા કોઇ લવાદની આગળ, તે બીના, ખોટી રકમ અથવા ખોટી વાત પુરાવામાં રજુ થાય, તથા તે રજુ થનારી બીના, અથવા ખોટી રકમ, અથવા ખોટી વાતથી, તે મુકદમામાં પુરાવા ઉપરથી જે સખસ કાંઈ અભીપ્રાય બાંધનાર હોય તે સખસના મનમાં, તે મુદતમાંના ફેસલાને લગતી કાંઈ જરૂરની બાબત સંબંધી ખોટો અભીપ્રાય આવે, તો તે માણસે ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

દૃષ્ટાંત.

(અ) ઝ ની એક પેટીમાં અ કાંઈ ઘરેણાં મુકે; એવા ઇરાદાથી કે તે ઘરેણાં તે પેટીમાંથી જડે, તથા એ બીનાથી ઝ ની ઉપર ચોરી સાબીત થાય, તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

(બ) અ પોતાની દુકાનના ચોપડામાં એક ખોટી રકમ લખે. એટલા સારૂ કે કોઈ ઇનસાફની કોરટમાં તે પુષ્ટીકર પ્રમાણ દાખલ વાપરવી, તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

(ક) ઝ ની ઉપર બદમસ્લતનો ગુનોહ સાબિત કરવાના ઇરાદાથી અ ઝ ના જેવા અક્ષર કરીને એક કાગળ લખે, એવી રીતે કે જાણે તે કાગળ તે બદમસ્લત માંહેના કોઈ સોબતિને લખેલો હોય. અને પોલીસ અમલદારો ફલાણે ઠેકાણે ખોળ કરશે એવો સંભવ છે એમ જાણીને તે કાગળ તે ઠેકાણે મુકે, તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

ટીકા—કેદીએ સને ૧૮૫૯ના આકટ ૮ ની કા. ૧૧૯ મુજબ દાવાની ફરી ચોકશી માટે એક અરજી આપી અને તે અરજીપર એક સ્માલકાજ કોરટના જડજની રૂબરૂ પ્રતિજ્ઞા લેખ કરયો તેમાં કેદીએ કંઇક ખોટું કહ્યું તેથી તેનાપર આ કલમ મુજબ તોહોમત મુકી તેને ગુનેહગાર ઠરાવ્યો તેમાં ઠરાવ્યું કે ગુનેહગાર આ કલમમાં કહેલા ગુનાહનો ગુનેહગાર નથી અને ૫૯ ના ૮ ની કા. ૨૪ પ્રમાણે તે શિક્ષાને પાત્ર નથી. આ કલમમાં કહેલો ગુનોહ થવાને જે દસ્તાવેજમાં ખોટો મજકુર કરયો હોય તે પુરાવામાં વાપરવા માટે લખવો જોઇયે. કા. ૧૧૯ મુજબ કરવાની અરજીપર પ્રતિજ્ઞા લેખ કરવાની જરૂર નથી તો આરોપિત ગુનેહગાર નથી (કા. વા. ૧૦ સરકાર વિરૂધ હારેનમંદલ તા.૧૦ અગષ્ટ ૧૮૬૮) એક માણસપર ચોરીની થયેલા ફરિયાદીમાં તે બીન ગુનેહગાર ઠરવાથી તેના વિરૂધ સાહેદી આપનાર બેઉ સખ્સોપર ખોટો આરોપ આણ્યા બદલ તેને ફરિયાદી કરવાની એક માજીસ્ત્રેટે પરવાનગી આપી. પણ તણે મંજુરીપરથી ફરિયાદ ન કરી તેથી માજીસ્ત્રેટે પોલીશના રીપોર્ટથી કા. ૧૯૨ પ્રમાણે ખોટી સાહેદી આપ્યાનો આરોપ રાખ્યો તેમાં ઠરાવ્યું કે આવી રીતે મંજુરી મળેલો શખ્સ ફરિયાદી ના કરે તો ફરિયાદ શિવાય કા. ૧૪૨ ઉપરથી તે કામ લેવાનો જીલ્લા માજીસ્ત્રેટને અધિકારછે (કા. હા. ઈ. લા. વા. ૪ પા. ૭૧૨ સરકાર વિરૂધ નિપમ્છા તા. ૨ ડીસંબર ૧૮૭૮)

ખોટી શાહેદી તથા ખોટા પુરાવાની શિક્ષા.

૧૯૩. જે માણસ કાંઈ ઇનસાફી મુકદમાના કોઈપણ ભાગમાં ઇરાદાથી ખોટી શાહેદી આપે. અથવા કોઈ ઇનસાફી મુકદમાના કોઈપણ ભાગમાં વપરાય એવા કારણુસર ખોટો પુરાવો બનાવે તે માણસને સાત વર્ષની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; તથા બીજી કોઇ બાબતમાં જે માણસ ઇરાદાથી ખોટી શાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો ૧ લો.--કોઇ કોરટ માર્સલ અથવા મીલીટરી કોરટ આવરિક વેશ્ટની આગળ તજવીજ ચાલતી હોય તેને ઇનસાફી મુકદમો સમજવો.

ખુલાસો ૨ જો.—કોઈ ઇનસાફની કોરટની આગળ મુકદમો ચાલતાં પેહેલાં કાયદાએ ફરમાવેલી તજવીજ થતી હોય તેને ઇનશાફી મુકદમાનો એક ભાગ સમજવો, પછી તે તજવીજ કોઇ ઇનસાફની કોરટની આગળ નહી થતી હોય તોપણ.

દ્રષ્ટાંત.

ઝ ને તેનો ઇંનસાફ થવા સારૂ કમિટ કરવો જોઇએ કે નહી એ ઠરાવવા સારૂ કોઈ માજીસ્ટ્રેટની આગળ ચાલતી તજવીજમાં અ સોગંદ ખાઇને એવી વાત કહે કે જે ખોટી છે એમ તે જાણતો હોય, તો એ તજવીજ ઇનસાફી મુકદમાનો એક ભાગ છે, માટે અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું.

ખુલાસો ૩ જો.—કોઈ ઇનસાફની કોરટે કાયદા મુજબ કાંઈ તજવીજ કરવાનુ ફરમાવ્યું હોય, અને તે તજવીજ કોઈ ઇનસાફની કોરટના હુકમ મુજબ થતી હોય, તો તે તજવીજને ઇનસાફી મુકદમાનો એક ભાગ સમજવો. પછી તે તજવીજ કોઈ ઇનસાફની કોરટની આગળ નહી થતી હોય તોપણ કાંઈ જમીનની હદ મુકરેર કરવા સારૂ એક ઇનસાફની કોરટે કોઈ અમલદારને તે જગોપર મોકલ્યો હોય, તે અમલદારની આગળ થતી તજવીજમાં અ સોગંદ ખાઇને એવી એક વાત કહે કે જે ખોટી છે એમ તે જાણતો હોય, તો એ તજવીજ ઇનસાફી મુકદમા નો એક ભાગ છે માટે અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું.

ટીકા—મદ્રાસ સદરકોરટે એમ ઠરાવ્યુંછે કે ન્યાયના કામમાં જાણીબુજીને ખોટી સાહેદી આપ્યા બદલ સદરેહુ કલમ પ્રમાણે કામ ચલાવવું હોય તો આરોપિતે કહેલો મજકુર તેણે અગાઉ સોગનપર કીંવા પ્રતિજ્ઞાપર જે મજકુર કહ્યો હતો તેથી જુદો છે એટલુંજ બતાવવું બસ નથી પણ તેણે કહેલો મજકુર ખોટોછે એમ તેને માહીત હતું એ શાબિત થવું જોઇયે (મે. કા. પૃ. ૧૪૧)

જે સાહેદ જુઠી રીતે બીજાના નામથી જુબાની આપે તેના ઉપર પી. કો. કા. ૪૧૯ મુજબ વેશ લઈ ઠગાઇ કર્યાનું તોહોમત નહિ રાખતાં કા. ૧૯૩ પ્રમાણે ખોટી સાહેદી આપ્યાનું તોહોમત રાખવું જોઇયે (મુ. હા. વા. ૧ પા. ૮૯ સરકારવિરૂદ્ધ પ્રેમા ભીખા તા. ૫ નવેંબર ૧૮૬૩)

ઇનકમટાક્ષના કમીશનરની રૂબરૂ કહેલો મજકુર ખોટોછે અથવા ખોટોછે એમ માનવાને કારણ કેદીને હતું તે છતાં તેણે તેવો મજકુર કહ્યો તો તેથી કા. ૧૮૧ પ્રમાણે નહિ પણ આ કલમ પ્રમાણે ગુનોહ થાયછે (મુ.હા.વા. ૮ પા.૨૧ સરકારવિરૂદ્ધ દાલજીઅદરજી)

એક વિનાયક દેવાકર ઉપર કામ ચાલ્યું તેમાં આ કામના કેદીએ પ્રતિજ્ઞા ઉપર ક-

હેલી હકીકત ખોટીછે એમ ગણી તેનાપર ખોટી સાહેદી આપ્યાનું કામ ચલાવી તેનેશિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે સદરહુ વિનાયકપર મુકેલુ તોહોમત જેને ફરિયાદ કરવાને હક મળ્યો હતો તે શિવાયના બીજા માણસે તેનાપર ફરિયાદ કર્યાથી એ વિનાયકપરનું તોહોમત રદ કર્યું તેથી આ કેદીની બાબતમાં એમ ઠરાવ્યું કે જે કામનું મૂળતોહોમત એમ રદ કર્યું તેમાંથી આ કામ ઉભુ થયુંછે તો આ કેદીની બાબતમાં પણ શિક્ષા રદ કરીછે (મુ. હા. વા. ૮ પાને ૩૭ સરકાર વિરૂદ્ધ રાયજી તાજર તા. ૧૫ જુન ૧૮૭૧)

ત્રણજણે જડજની રૂબરૂ ખોટી સાહેદી આપ્યાથી તેઓની એકઠી તપાસ કરેલી તેમાં ઠરાવ્યું કે દરેક કેદીપર મુકેલા તોહોમતની એકઠી તપાસ ન કરતાં દરેકની જુદી જુદી તપાસ માગવાનો તે કેદીનો હક છે અને તે તપાસ જુદીજ કરવી. (મુ. હા. વા. ૫ પા. ૫૫ સરકાર વિરૂધ ભવાનીશંકર હરીભાઈ વિગરે)

એક મુલકી પટેલની નિમનોકની બાબતમાં આરોપિતે કરેલી અરજીમાં કહેલો મજકુર ત્રાસદાયક હતો તેથી તે અરજીનો લખનાર કોણ તેની શોધ કરવા માટે આરોપિતની સોગનપર લીધેલી જુબાનીમાં તેણે કહેલો કેટલોક મજકુર ખોટો છે એમ ગણી તેનાપર કા. ૧૯૩ મુજબ તોહોમત મુકી શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે ત્રાસદાયક અરજી લખનાર કોણ છે એ બાબત શોધ કરવામાં જે કામ માજીસ્ત્રેટ ચલાવે તેમાં સોગન આપવાનો તે માજીસ્ત્રેટને અધિકાર નથી માટે આરોપિત ખોટી શાહેદી આપ્યાનો ગુનેહગાર થતો નથી. (મુ. હા. વા. ૧૧ પાને ૧૧ સરકાર વિરૂધ જીજીભાઈ વગા)

તેવીજ રીતે કા. વી. રી. વા. ૫ પાને ૭૨ ના કામમાં સરકાર વિરૂધ વૈકુંઠનાથ બાનરજીમાં એમજ ઠરાવ્યુંછે તેમાં ખુનની બાબત નનામી અરજી થયેલી તેનો લખનાર કોણ એ વિશે તપાસ થતી હતી તેમાં આરોપિત ખોટું બોલ્યો હતો તેથી તેનાપર આ કલમ પ્રમાણે મુકેલા તોહોમતમાં એમ ઠરાવ્યું કે આ તપાસ અથવા તેનો ભાગ ઇનસાફી તપાસનો નહોતો શબબ આ કલમ પ્રમાણે તેનાપર તોહોમત રહી શકે નહિ.

આ કલમ પ્રમાણે ફરિયાદ કરવા માટે આપેલી મંજુરીમાં એમ લખ્યું હતું કે "બાલાજી સીતારામે જુદી જુદી કોરટમાં સોગનપર જુદો જુદો મજકુર કહ્યોછે શબબ તેનાપર ફોજદારીમાં કામ ચલાવવાની મંજુરી આપુછુ" આ ઉપરથી આ કામમાં હાઇકોરટે ઠરાવ્યું કે જે મંજુરી આપવી તેમાં જે ખોટો મજકુર કહ્યો તે મજકુર, જે કોરટમાં ખોટો કહ્યો હોય તે, અને જે પ્રસંગે કહ્યો હોય તે એ લખવું જોઈયે. હાલની મંજુરીમાં તેમ નથી લખ્યું માટે તે મંજુરી રદ કરી (મુ. હા. વા. ૧૧ પા. ૩૪ સરકાર વિરૂધ બાલાજી સીતારામ)

એક ફોરેસ્ટ (જંગલખાતાનો) ઓફીસર કે જેને કાયદા પ્રમાણે તપાસ કરવાનો તથા પુરાવો લેવાનો અધિકાર મળ્યો નથી તે સખ્શની રૂબરૂ રજુ કરવાના ઇરાદાથી ખોટો હીસાબ તૈયાર કરવો એ પી. કો. કા. ૧૯૩ પ્રમાણે ખોટો પુરાવો બનાવ્યો કહેવાય નહિ (મુ. હા. વા. ૧૨ પાને ૧ સરકાર વિરૂધ રામાજીરાવજી વબાજીરાવ વોગરે)

ખોટો દાવો કરવા બાબત પી. કો. કા. ૨૦૯ પ્રમાણે ફુલપાવર માજીસ્ત્રેટે એક તોહોમતવાળા શખ્સને અપરાધી ઠેરવેલો તે મુકદમામાં તોહોમતવાળાએ પોતાની ફરિયાદઅરજી ઉપર ખોટી પ્રતિજ્ઞા કરેલી એવું માલમ પડ્યુ તે તોહોમતની શાબિતી હાઇકોરટે એવા કારણથી રદ કરી કે પી. કો. કા. ૧૯૩ પ્રમાણે જે ગુનહા સારૂ શિક્ષા થઈ શકે એવો ગુનોહ થયો હતો અને માજીસ્ત્રેટને અધિકાર નહોતો તે મુકદમામાં તોહોમતવાળા ઉપર વધારે કામ ચલાવવાનું માજીસ્ત્રેટના વિચાર ઉપર રાખ્યું. (મુ. હા. તા. ૨૩ સપટેંબર ૧૮૬૯ સરકાર વિ૦ લક્ષ્મનદાસ પ્રેમચંદ વિગરે).

બે તોહોમત વાળાપરની તજવીજ એકજ કામમાં થઈ તેમનાપર પી. કો. કા. ૪૬૭ તથા ૧૯૩ મુજબના ગુનાહ શાબિત કર્યા તેમાં ઠરાવ્યું કે દરેક તોહોમતવાળાનું ખોટી સાહેદી આપવાના તોહોમત ઉપરથી જુદુ જુદુ કામ ચલાવવું જોઈતુ હતું માટે તે તોહો-

મતનામા ઉપરથી થયેલી શાબિતીને તે કોરટે રદ કીધી. (મુ. હા. તા. ૭ એપ્રીલ ૧૮૭૦ સરકાર વિ૦ જીવાજી આબાજી વિગરે)

કોઈ ફોજદારી ઇનસાફનું કામ ચાલતાં છતાં ઇનસાફ કરનાર માજીસ્ત્રેટે જે પુરાવો દફતરમાં દાખલ કરયો હોય તે ઉપરથી પી. કો. કા. ૧૯૩ મધ્યેનો કાંઈ ગુનોહ કોઈ શખ્સના હાથથી બન્યો એવું પ્રથમ દર્શને માજીસ્ત્રેટને દેખાઇ આવે તો તે તોહોમતવાળાનો (એટલે જે શખ્સ વિરૂદ્ધ પ્રથમ દર્શની ગુનોહ બન્યો હોય તે શખ્સને) ઇનસાફ થવાની મંજુરીવત, સ્વતંત્ર (અલાયદી) પ્રથમની ચોકશી કરયા વગર આપવાનો તે માજીસ્ત્રેટને અધિકાર છે. (મુ. હા. તા. ૨૯ નવેંબર ૧૮૭૭)

આ કલમ પ્રમાણે કોઈ પોલીશપટેલની રૂબરૂ ગુનોહ કર્યા છતાં તે ગુનેહગાર ઉપર ફોજદારીમાં કામ ચલાવવા માટે મંજુરી આપવાની જરૂર નથી. (મુ. હા. ઈ. લા. વા. ૪ પાને ૪૭૯ સરકાર વિરૂદ્ધ ઇરબસાપા)

એક શેશનજડજની રૂબરૂ ચાલેલા એક ન્યાયના કામમાં આરોપિતે બુદ્ધિપુર્વક ખોટી સાહેદી આપ્યા ઉપરથી પી. કો. કા. ૧૯૩ પ્રમાણે તેનાપર જડજે આરોપ મુકી પોતેજ તેની સંક્ષીપ્ત ચોકશી કરી પોતાની રૂબરૂ ચોકશી થવા તેને કમિટ કરયો તેમાં ઠરાવ્યું આ ગુનાહનો ઇનસાફ ફકત શેશનકોરટથીજ થઈ શકે એવો નથી તો જડજને પોતાને ત્યાંહાં ઇનસાફ માટે મોકલવાનો અધિકાર નથી (કા. હા. ઇ. લા. વા. ૮ પાને ૫૭૦. સરકાર વિ૦ ફતેજયખાન વિગરે)

આરોપિતે એક દસ્તાવેજ રજીષ્ટર કરાવવા મુદત પહોંચતાની અંદર લાવવા માટ દસ્તાવેજમાંની તારીખ ફેરવી જો તે ફેરવી નહોતતો તે દસ્તાવેજ રજીષ્ટર કરવાને મુદતની હરકત આવે તેમ હતું તેથી તેનાપર પી. કો. કા. ૪૬૪ મુજબ તોહોમત મુકેલું તેમાં ઠરાવ્યું કે નોંધણીના કામના સંબંધે એકાદ હીતની વાત વિશે નોંધણી કરનારા અમલદારની ચુક થાય એ હેતુથી તેણે તારીખ બદલી એમ સ્પષ્ટછે. અને તેમ છે તો આરોપિતનું એ કૃત્ય પી. કો. કા. ૧૯૨, ૧૯૩ ઉપરથી ખોટો પુરાવો બનાવ્યાનો ગુનોહ થાયછે અને કા.૧૯૬પ્રમાણે બનાઉ પુરાવનો ઉપયોગ કરયાનો ગુનોહ થાયછે. (કા. હા. ઇ. લા. વા. ૬ પાને ૪૮૨ સરકાર વિરૂદ્ધ મીર ઇકરારઅલ્લી)

આ કલમ પ્રમાણેનો ગુનોહ જે માજીસ્ત્રેટની હજુરમાં કરવામાં આવ્યો હોય તે માજીસ્ત્રેટ પોતે તેનો ઇનસાફ કરી શકે નહિ (અલ્હા. હા. ઇ. લા. વા. ૧ પા. ૧૨૯સરકાર વિરૂદ્ધ કુળતારણસીંગ)

કોઈ માણસે રેલવેના કાંઈ ચોરીના ખીલા બીજા એક માણસના ઘરમાં છુપાવી મુક્યાના કામમાં મદદ કરી હોય અને કોઇ બીન અપરાધી માણસને શિક્ષા થવા માટે પોતે નાશી ગયો હોય તો પી. કો. કા. ૧૯૩ પ્રમાણે તે માણસે ન્યાયના કામમાં ઉપયોગી પડવા વાસ્તે ખોટો પુરાવો બનાવ્યો તે બદલ અને કા. ૪૧૪ પ્રમાણે ચોરીનો માલ છુપાવ્યાના કામમાં તેણે સાહ્ય કરી તે બદલ તેને શિક્ષા આપી તે વ્યાજબીછે (અલ્હા.વા. ૧ પા.૩૭૯ સરકાર વિ૦ રામેશરરાય.)

પી. કો. કા. ૧૯૩ પ્રમાણેનો ગુનોહ ક્રી. પ્રો. કા. ૪૭૩ના ભાવાર્થ પ્રમાણે કોરટના અપમાન કરવાનો ગુનોહ છે અને તેથી કરીને જે કોરટની રૂબરૂ તે ગુનોહ કરવામાં આવ્યો તે કોરટના માજીસ્ત્રેટને કા. ૪૭૩ પ્રમાણે તે ગુનાહનો ઇનસાફ કરવાનો અધિકાર નથી (અલ્હા. હા. ઇ. લા. વા. ૧ પાને ૬૨૫ સરકાર વિરૂદ્ધ કાશમોરીલાલ)

ભાડાચીઠીની નકલ પુરાવા વાસ્તે તૈયાર કરી તો તે અપરાધ આ.કલમ પ્રમાણે થાય છે (મુ. હા. વા. ૪ પા. ૨૮ સરકાર વિ૦ ખુશાલ હીરામન વિગરે)

ખોટી સાહેદી આપવાના કામમાં હરેક કેદીપર જુદુ તોહોમતનામું તૈયાર કરી હરેક

તોહોમતની જુદી જુદી ચોકશી કરવી જોઇયે (મ. હા. વા. ૩ પા. ૩૨.)

ન્યાયના કામમાં એક વખતે સોગનપર જુદો જુદો મજકુર કહે તો તે વખતે અમુક મજકુર તેણે ખોટા કહ્યો એવા પુરાવા હોય તો તે એક તોહોમત ઉપરથી ખોટી સાહેદી પુરયાના ગુનાહની તપાસ કરી તેનાપર તે ગુનોહ ઠરાવવાનો અધિકાર છે જે વખતે પક્ષકાર પ્રથમ ખરી હકીકત કહી પછી ખોટી કહે તેને ભારે શિક્ષા કરવી અને પ્રથમ ખોટી કહી પછી ખરી કહે તેને કમી કરવી(મુ.હા.વા. ૫ પાને ૪૯સરકાર વિ૦ ગણેજી પાંડેજી.)

તોહોમતવાળાએ એક જબર નામના માણસને ચાર આના આપી ચાતરનું નામ કહી તે નામનો કાગળ લાવવા એક સ્ટાંપવેંડર પાસે મોકલ્યો તેથી તે કાગળ લાવ્યો આ કાગળ ચાતરની વિરૂધ ઇનસાફી કોરટમાં વાપરવાનો તોહોમતવાળાનો ઇરાદો હતો તેથી આ કામના તોહોમતવાળાપર ખોટા પુરાવા બનાવવાનો ગુનોહ ઠરાવ્યો (સરકાર વિ૦ મુન્ના અલ્હા. હા. ઈ. લા. વા. ૨ પા. ૧૦૫)

સમન બજાવ્યાનો ખોટો રીપોર્ટ કરે તો કા. ૧/૧ પ્રમાણે નહિ પણ આ કલમ પ્રમાણે તોહોમત રહી શકે (કા. વી. રી. વા. ૮ પા. ૨૭ સરકાર વિરૂદ્ધ શામાચરણરાય.)

એક દિવશમા જે કામ ચાલવાના તેમાંના જે જે કામમાં તોહોમતવાળાની શાક્ષી લેવામાં આવે તે દરેકમાં સાચુ બોલવાના એકજ વખતે સોગન આપ્યા જે કામ તે દિવસે ચાલવાનું હતું નહિ તે ચલાવ્યું તેમાં તોહોમતવાળાએ ખોટી સાહેદી આપી તો તે ગુનોહ આ કલમ પ્રમાણે છે (મ. હા. વા. ૨ પા. ૪૩.)

ખોટી સાહેદી આપવી એ કોરટના અપમાન બરાબરનો ગુનોહછે માટે જે માજીસ્ત્રેટની રૂબરૂ તે ગુનાહ કરેચો હોય તે માજીસ્ત્રેટે તેની તપાશ કરવી નહિ (મુ. હા. વા. ૧૦ પા. ૭૩ સરકાર વિ૦ નવરનબેગ દુલાબેગ.)

ઉપરની મતલબનોજ ફેસલો (મુ. હા. વા. ૧ ઈ. લા. રીપોર્ટનું પાનું ૩૧૧ સરકાર વિરૂધ ગજીરામ રાણુંનોછે તે જુઓ)

ખોટી સાહેદીના તોહોમતને માટે આરોપિતને શેશનજડજે માજીસ્ત્રેટપાસે મોકલ્યો. માજીસ્ત્રેટે તપાસ કરી તોહોમત રદ કરેવું તેથી શેશનજડજે કમિટ કરી મોકલવા હુકમ કરેયાથી તેને કમિટ કરેચો તેનો ઇનસાફ આસીસ્ટંટ શેશનજડજે કરેચો અને તોહોમત વાળાને શિક્ષા કરી તેથી તેણે એવા કારણથી હાઇકોરટને અરજ કરી કે આસીસ્ટંટ શેશનજડજની કોરટ એ શેશનજડજની કોરટનો ભાગછે અને તેથી શેશનજડજની રૂબરૂ ખોટી સાહેદી આપ્યાના ગુનાહની તપાસ આસીસ્ટંટ શેશનજડજથી થાય નહિ તેમાં ઠરાવ્યું કે આસીસ્ટંટ શેશનજડજની કોરટ એ શેશનજડજની કોરટથી આવી બાબતમાં જુદીછે. તેથી તેનાથી ઇનસાફ થઈ શકે (મુ. હા. વા. ૧૧ પા. ૯૮ સરકાર વિ૦ ગુલાબદાસ કુબેરદાસ.)

કોઈ પહેલાવર્ગના માજીસ્ત્રેટની રૂબરૂ ખોટી સાહેદી આપ્યા બદલ તે તોહોમતવાળાપર કામ ચલાવવા પરવાનગી તે માજીસ્ત્રેટે નહિ આપ્યાથી તે બાબતમાં જીલ્લા માજીસ્ત્રેટને અરજ થયાથી તેણે પરવાનગી આપી પણ શેશનજડજે અપીલમાં એમ ઠરાવ્યું કે જીલ્લા માજીસ્ત્રેટના તાબામાં એ માજીસ્ત્રેટ ન કહેવાય કેમકે તેના ઠરાવપર અપીલ શેશનકોરટમાં ચાલેછે તે પ્રકરણ હાઇકોરટમાં ગયાથી ઠરાવ્યું આવી રીતે પરવાનગી જીલ્લા માજીસ્ત્રેટ આપી શકે અને તે બાબતમાં ફર્સ્ટક્લાસ માજીસ્ત્રેટ જીલ્લા માજીસ્ત્રેટના તાબામાં છે. (જુઓ. મુ. હા. ઈ. લા. વા. ૨ પા. ૩૮૪ સરકાર વિરૂદ્ધ પદ્મનાભ પરકર.)

ન્યાયના કામમાં કેદીએ જે મજકુર ખોટોછે એવું તેને માહીત છતાં તે મજકુર સોગન પર ખરોછે એમ કહ્યું તો તે મજકુર ખોટી સાહેદી થાયછે. પછી કોરટની રૂબરૂ જે વિષય છે તે વિષયને તે મજકુર લાગુ ન હોય તોપણ હરકત નથી (કા. વી. રી. વા. ૧૯ પાને ૬૯ સરકાર વિરૂદ્ધ સીવપ્રસાદ ગીરી.)

દેહાંત શીક્ષા જોગ ગુનોહ કોઇની ઉપર સાબીત કરવાના ઇરાદાથી ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.

૧૯૪. જો કોઈ માણસ ખોટી શાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઈ સખસની ઉપર આ કાયદા મુજબ (સન ૧૮૭૦ના આક્ટ ૨૭મા પ્રમાણે "અથવા ઈંગલાંડ દેશના કાયદા મુજબ" દેહાંત શિક્ષા જોગ હોય, એવો કોઈ ગુનોહ સાબિત થાય અથવા તેમ કરવાથી સાબિત થશે એવો સંભવછે એમ જાણ્યા છતાં, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વર્ષની મુદત સુધીની સખત કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર તે ખોટી સાહેદીને લીધે કોઈ બે ગુનાહ સખસની ઉપર ગુનોહ સાબિત થઇને તેનો જીવ લેવામાં આવે તો તે ખોટી સાહેદી આપનાર સખસને અગર તો મોતની અથવા ઉપર બ્યાન કરેલી શિક્ષા કરવામાં આવશે.

અગર તેમ કરવાથી કોઈ બેગુનાહ સખસની ઉપર ગુનોહ સાબિત થઇને તેનો જીવ લેવામાં આવે તો.

ટીકા—આ કલમ મુજબ (કા. ૧૯૩ સાથે તેનો તફાવત જોતાં) કોઇપણ માણસને ગુનેહગાર ઠેરવવાને મુકદમાની પ્રથમ ચોકશીની વખતે નહિ પણ આખરીની વખતે એટલે ઇનસાફની વખતે તેણે ખોટી સાહેદી આપેલી યા ખોટો પુરાવો ઉભો કરેલો હોવો જોઇયે (મુ. હા. તા. ૨૨ જાનેવારી ૧૮૭૪ સરકાર વિરુદ્ધ ગોકળદાસ ભગવાનદાસ)

પી. કો. કા. ૧૯૪ પ્રમાણે ખોટી શાક્ષી આપ્યા બદલનો આરોપ મુકવો તે ન્યાયની કોરટમાં આપેલી શાક્ષીને માટેજ મુકવો એમ નથી એવા પ્રકારનો મજકુર એકાદ પોલીશ અમલદાર આગળ કહ્યો હોય તો પણ તે પી. કો. કા. ૧૯૧ માં કહ્યા પ્રમાણે અને ક્રી. પ્રો. કો. કા. ૧૧૮ નો વિચાર કરી જોતા ખોટી શક્ષી આપ્યા પ્રમાણે થાયછે. (કા. વી. રી. વા. ૨૦ પાને ૪૧ સરકાર વિરુદ્ધ નાનચંદ મુકરજી તા. ૨૭ જુન ૧૮૭૩)

માજીસ્ટ્રેટ પાસે આપેલી જુબાનીમાં જે માણસે ખુન કર્યાનું કહ્યું તેના કરતાં શેશન કોરટમાં બીજા માણસે ખુન કર્યાનું તોહોમતવાળાએ કહ્યું તેમાં ઠરાવ્યું કે કેદીને મોતની શિક્ષા થશે એમ જાણવાનો પુરાવ આ કામમાં નથી માટે તેનાપર આ કલમ મુજબ તોહોમત નહિ રહેતાં કા. ૧૯૩ પ્રમાણે રહી શકેછે (જુઓ બે. લા. રી. વા. ૩ પા. ૩૫.)

સમુદ્ર પારની અથવા કેદની શીક્ષા થઈ શકે એવો ગુનોહ કોઇની ઉપર સાબિત કરવાના ઇરાદાથી ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.

૧૯૫. જે માણસ ખોટી સાહેદી આપે, અથવા ખોટો પુરાવો બનાવે, એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઈ સખસની ઉપર આ કાયદા મુજબ (સન ૧૮૭૦ના આક્ટ ૨૭ મા પ્રમાણે "અથવા ઈંગ્લાંડ દેશના કાયદા મુજબ") દેહાંત શિક્ષા જોગ નહી પણ જીવતાં સુધી સમુદ્રપારની, અથવા સાત વર્ષ અથવા તેથી વધારે મુદત સુધી કેદની, શિક્ષા થઈ શકે એવો કોઈ ગુનોહ સાબીત થાય, અથવા તેમ કરવાથી સાબીત થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં; તો તે માણસને જે માણશની ઉપર તે ગુનોહ સાબીત થયો હોય તેને જે શિક્ષા કરવામાં આવે, તે શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

એક ઇનસાફની કોરટની આગળ અ ખોટી સાહેદી આપે, એવા ઇરાદાથી કે તેમ કરવાથી ઝ ની ઉપર ડાકાઇટીનો ગુનોહ સાબિત થાય. ડાકાઇટીની શિક્ષા જીવતાં સુધી સમુદ્રપાર, અથવા દશ વર્ષની મુદત સુધીની, દંડ સાથે અથવા દંડ વીના,

કેદ એ છે માટે આ તે સમુદ્રપારની, અથવા, દંડ સાથે દંડ વીના, કેદની શિક્ષા ને લાયક છે એમ સમજવું.

ટીકા.—પોતાનું ઘર પોતે બાળી કેદીએ બીજાપર તોહોમત મુક્યું તેમાં ઠરાવ્યું કે આ કલમ પ્રમાણે એ ગુનોહ નહિ બનતાં કા. ૨૧૧ પ્રમાણે બનેછે. (કા. હા. વી. રી. વા. ૮ પા. ૫ તા. ૨૮ અગષ્ટ ૧૮૬૭ સરકાર વિરૂધ ભગવાન)

ખોટો પુરાવો. | ૧૯૬. કાંઈ શાહેદી ખોટી છે અથવા પુરાવો બનાવટનો છે એવું જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે સાહેદી અથવા પુરાવાને ખરી સાહેદી અથવા ખરા પુરાવાની માફક વાપરે અથવા વાપરવાની કોશિશ કરે, તે માણસને જાણે તેણે ખોટી શાહેદી આપી હોય અથવા ખોટો પુરાવો બનાવ્યો હોય એવી રીતે શિક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ પ્રમાણે તોહોમત શાબિત કરતાં પુરાવો ખોટો યા બનાઉછે એમ જાણ્યા છતાં તેનો ઉપયોગ કર્યો એમ દેખાડવું જોઇયે (મે. પૃ. ૧૪૭)

જે દસ્તાવેજ બનાવવાનોછે એમ આરોપિત જાણતો હતો છતાં તેણે તે દસ્તાવેજનો દિવાની દાવામાં ઉપયોગ કર્યો તેમાં તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત મુકેલું તે હાઇકોરટે રદ કરી કા. ૪૭૧ પ્રમાણે તોહોમત ઠરાવ્યું (કા. હા. ઇ. લા. વા. ૫ પા. ૭૧૭ સરકાર વિરૂધ ખીરોદચંદર મજમુદાર)

કા. ૧૯૨ નિચે કલકતા હાઇકોરટ ઇંડીયન લા રીપોર્ટના વાલ્યુમ ૬ ને પાને ૪૮૨મે સરકાર વિરૂધ મીર ઇકરારઅલીનો ફેસલો બતાવ્યોછે તે જુઓ.

કા. ૧૯૩ નિચે અલ્હાબાદ હાઇકોરટ ઇંડીયન લૉ રીપોર્ટનો સરકાર વિરૂધ હુમતારણસીંગનો ફેસલો વા. ૧ ને પાને ૧૨૯નો છે તે જુઓ. તેમાં વિશેષ ઠરાવ એ છે કે એક આસીસ્ટંટ કલેકટરે પોતાની રૂબરૂ ધારાની બાબત ચાલેલા દાવામાં ખોટી સાહેદીનો ઉપયોગ કરેચા બાબત પી. કો. કા. ૧૯૬ પ્રમાણે તોહોમત રાખી આસીસ્ટંટ માજીસ્ટ્રેટતરીકે પોતેજ ચોકશી કરી શિક્ષા કરેલી તે રદ કરી છે.

કોઇ માણસે કોરટમાં પોતે હાજર ન થતાં વકીલ મારફત ખોટો પુરાવો અપાવ્યો તથા બીજા પાસે ખોટી સાહિદી અપાવી તેનો તે ગુનેહગાર થાયછે (મારલીસ ડાઇજેસ્ટ વા. ૧ પા. ૧૭૧).

ખોટું સરટીફીકેટ આપવું અથવા તે પર સહી કરવી. | ૧૯૭. જે સરટીફીકેટ આપવાનું અથવા જે સરટીફીકેટપર સહી કરવાનું કાયદામાં ફરમાવ્યું હોય એવું સરટીફીકેટ; અથવા જે હકીકતના પુરાવામાં જે સરટીફીકેટ કાયદા પ્રમાણે લઇ શકાય તેવી કાંઈ હકીકત બાબતનું કાંઈ સરટીફીકેટ, કાંઈ જરૂરની બાબતમાં ખોટું છે એમ જાણીને અથવા એમ માનીને જે માણસ તે સરટીફીકેટ આપે અથવા તે પર સહી કરે, તેને જાણે તેણે ખોટી શાહેદી આપી હોય એવી રીતે શિક્ષા કરવામાં આવશે.

કાંઈ જરૂરની બાબતમાં ખોટુંછે એવું જાણેલું સરટીફીકેટ ખરાની માફક વાપરવું. | ૧૯૮. એવું કાંઈ સરટીફીકેટ કાંઈ જરૂરની બાબતમાં ખોટું છે એમ જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે સરટીફીકેટને ખરા સરટીફીકેટની માફક વાપરે અથવા વાપરવાની કોશીશ કરે, તેને જાણે તેણે ખોટી શાહેદી આપી હોય એવી રીતે શિક્ષા કરવામાં આવશે.

કાયદા પ્રમાણે પુરાવામાં લઇ શ | ૧૯૯. જે એકરાર કોઈ ઇનસાફની કોરટ, અથવા કોઇ સરકારી નોકર, અથવા બીજો સખસ કાંઈ હકીકતના પુરાવા દાખલ કબુલ કરવાને

કાય એવા કોઈ એકરારમાંહ્યેની ખોટી કેફિયત.

કાયદાથી બંધાએલો અથવા અખતિયાર પામેલો હોય, એવા કોઈ એકરાર મધ્યે, જે કારણસર તે એકરાર કરવામાં અથવા વાપરવામાં આવે તેને લગતી કાંઈ જરૂરની બાબત સંબંધી ખોટી હોય એવી, તથા ખોટી છે એવું પોતે જાણતો કે માનતો હોય એવી, અથવા ખરી છે એવું પોતે ન માનતો હોય એવી, કાંઈ કેફીયત જે માણસ તે એકરાર કરે અથવા તે પર સહી કરે તે માણસ જાણે તેણે ખોટી શાહેદી આપી હોય, એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

એવા કોઈ ખોટો જાણેલો એકરાર ખરાની માફક વાપરવો.

૨૦૦. એવા કાંઈ એકરાર કાંઈ જરૂરની બાબતમાં ખોટો છે એમ જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે એકરારને ખરા એકરારની માફક વાપરે અથવા વાપરવાની કોશીશ કરે, તેને જાણે તેણે ખોટી શાહેદી આપી હોય, એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો.—જે એકરાર ફકત કાંઈ ગેરશીરસ્તે વાત બની હોય તે સબબ ઉપરથીજ પુરાવામાં કબુલ નહી થઈ શકતો હોય તેને પણ ૧૯૯મી તથા ૨૦૦મી કલમોના અર્થ પ્રમાણેનો એકરાર સમજવો.

કોઈ ગુનોહ કરનારને બચાવવાના ઇરાદાથી તે ગુનોહ થયાનો પુરાવો ઉડાવવો, અથવા તે બાબત ખોટી ખબર આપવી.

૨૦૧. કાંઈ ગુનોહ થયો છે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં જે માણસ તે ગુનેહગારને કાયદા મુજબ થતી શિક્ષાથી બચાવવાના ઇરાદાથી તે ગુનોહ થયાનો કાંઈ પુરાવો ઉડાવે, અથવા એવા ઇરાદાથી જે માણસ પોતે ખોટી જાણતો અથવા માનતો હોય એવી કાંઈ ખબર તે ગુનાહ બાબત આપે તે માણસને, અગર જે ગુનોહ થયો, એવું તે જાણતો અથવા માનતો હોય તે ગુનાહને માટે મોતની શિક્ષા થઈ શકતી હોય, તો સાત વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે માણસ દંડને પણ લાયક થશે; અને જો તે ગુનાહને માટે જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વર્ષ સુધીની કેદની, શિક્ષા થઈ શકતી હોય, તો તે માણસને, ત્રણ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે માણસ દંડને પણ લાયક થશે; અને જો તે ગુનાહને માટે દશ વર્ષથી ઓછી મુદત સુધીની કેદની શિક્ષા થઈ શકતી હોય, તો તે માણસને, તે ગુનાહને માટે ઠરાવેલા પ્રકારની, તથા તે ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની, કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

બ એ ઝનું ખુન કરેલું છે એવું જાણીને, બ ને શિક્ષાથી બચાવવાના ઇરાદાથી, લાશ સંતાડવામાં બ ને અ મદદ કરે તો સાત વરસની બેમાંના ગમે તે પ્રકારની કેદની, તથા દંડને પણ અ લાયક છે.

ટીકા.—પોતે કરેલા ગુનહાના પુરાવાને ઉડાવી દેવાનો ગુનોહ અથવા તેમાં મદદ કરવાનો ગુનોહ તે શખસને આ કલમ પ્રમાણે ગુનેહગાર ઠરાવવાને નથી. એટલે તોહોમતવાળા શિવાયના શખસો તોહોમતવાળાપરનો પુરાવ ઉડાવવાનો ગુનોહ કરે તેને આ કલમ

લાગુ છે. (મુ. હા. વા. ૮ પાને ૧૨૬ સરકાર વિરૂધ કાશીનાથ દીનકર વિગેરે)

ક અને ખ એ ખ ના એક ખેતરમાં ઝ ને ઠેર માર્યો અને શિક્ષામાંથી બચવા માટે ઝ ની લાશ બીજા એક ખેતરમાં લેઈ ગયા. તેથી શેશન જડજે તેઓપર શિક્ષાર્ણીય મનુષ્ય વધની સાથે વળી આ કલમ પ્રમાણે શિક્ષામાંથી બચવા માટે અપરાધ કરવાનો પુરાવો નહિ જેવા કર્યાનું તોહોમત શાબિત કરયું તેમાં ઠરાવ્યું કે આ કલમમાં જે લોક કહ્યાછે તે અપરાધ કરનાર શિવાય બીજા લોક કહેલાછે અને ક તથા ખ એ પોતેજ અપરાધ કરનાર છે તેથી તેઓને આ કલમ લાગતી નથી. વળી લાશ એક ખેતરમાંથી બીજા ખેતરમાં નાખી તેટલા કારણથી પુરાવો ઉડાવવાનું કરયુ એમ થતુ નથી. (અલ્હા. હા. ઈ. લા. વા. ૨ પાને ૭૧૩ સરકાર વિરૂધ કાળુ વિગરે.)

એક સ્ત્રી પોતાના છોકરાને લેઈ ધણીને ઘેરથી જતી રહી તે છોકરૂ મરી ગયું તેથી તેનાપર ખુનનું તોહોમત મુકી તેને પકડી અને તેને પુછયું ત્યારે તેણે ત્રણ જુદી જુદી બીના બતાવી એવી કે (૧) મેં મારૂ છોકરૂ મારા ધણીને ઘેર મુકયું હતું. (૨) ર નામના માણસે મને ભુલથાપ દઈ ઘરમાંથી બાહાર કાઢી અને તેણે તે છોકરૂ મારી પાસેથી લીધુ. (૩) હ નામના માણસે તે છોકરાને વેહેળામાં નાખી દીધો. એમ બતાવ્યાથી તે સ્ત્રી ઉપર આ કલમ મુજબ તોહોમત મુકયું તેમાં ઠરાવ્યું કે જે ખરો અપરાધી છે તેણે પોતા ઉપરનો ગુનોહ બીજાપર જવા માટે કાંઈ હકીકત કહી તો તેથી તે માણસ આ કલમ પ્રમાણે ગુનેહગાર ઠરતી નથી (કા. હા. ઈ. લા. વા. ૬ પાને ૭૮૯ સરકાર વિરૂધ બીહાલા બીબાં.)

કોઈ ગુનાહ બાબત ખબર આપવાની જેની ફરજ હોય, તે સખસ ઇરાદાથી ખબર આપવામાં કસુર કરેતો.

૨૦૨. જે ગુનાહ બાબતની કાંઈ ખબર આપવાની જે માણસની કાયદા પ્રમાણે ફરજ હોય, તે માણસ, તે ગુનોહ થયો છે એવું જાણીને અથવા એવું માનવાનું તેને કારણ છતાં, ઇરાદાથી તે ખબર આપવામાં કસુર કરે, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કાંઈ ગુનોહ થયો હોય તેની ખોટી ખબર આપવી.

૨૦૩. કાંઈ ગુનોહ થયો છે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં, તે ગુનાહ બાબત પોતે ખોટી જાણતો હોય અથવા માનતો હોય એવી કાંઈ ખબર જે માણસ આપે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઈ લેખને પુરાવા દાખલ હાજરે થતો અટકાવવાને તેનો નાશ કરવો.

૨૦૪. કોઈ ઈનસાફની કોરટમાં, અથવા કોઈ સરકારી નોકરની આગળ તેના ઓહદાના જોરથી કાયદા પ્રમાણે ચાલતા કોઈ મુકદમામાં જે લેખ કોઈ માણસ પાસે કાયદા પ્રમાણે પુરાવા દાખલ હાજર કરાવી શકાય એવો કાંઈ લેખ તે માણસ છુપાવે અથવા તેનો નાશ કરે, અથવા ઉપર લખ્યા મુજબની કોરટ કે સરકારી નોકરની આગળ પુરાવા દાખલ તે લેખ હાજર થતો અથવા વાપરતો અટકાવવાના ઇરાદાથી, અથવા તે કારણસર તે લેખ હાજર કરવાનો તેને કાયદા પ્રમાણે સમન અથવા હુકમ થયા પછી, તે માણસ તે આખા લેખને અથવા તેમાંના કાંઈ ભાગને ચેરી નાંખે અથવા વંચાય નહિ એવો કરે, તો તેને બે વરસની મુદત સુધીની બેમાંનાં ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—એક દાવામાંનો વિષય પંચ પાસે ગયા છતાં વાદીએ તે પંચોની આગળ રહેલું ખત ઉઠાવી લીધુ અને જતો રહ્યો પછી તે હાજર કરવાને ના કબુલ કર્યું તેથી તેનાપર ચોરીનું તોહમત રાખ્યું તેમાં ઠરાવ્યું કે આ ગુન્હો ચોરીનો નથી પણ દસ્તાવેજ છુપાવ્યાથી આ કલમ પ્રમાણે તોહમત રહી શકે. (મ. હા. ઈ. લા. વા. ૩ પાને ૩૬૧ સરકાર વિરૂધ સુબમનીયા ગનપતી).

કોઈ મુકદમા મધ્યે કાંઈ કામ કરવા સારૂ ખોટો વેશ લેવો.

૨૦૫. જે માણસ ખોટી રીતે કોઈ બીજાનો વેષ લે, અને તે વેષ લઈને કાંઈ કબુલાત કરે, અથવા કાંઈ મજકુર કહે, અથવા કબુલાતથી ફેસલો કરાવે, અથવા કાંઈ હુકમ કહડાવે, અથવા હાજર જામીન કે બીજી તરેહનો જામિન થાય, અથવા કોઈ દીવાની કે ફોજદારી મુકદમામાં કાંઈ બીજુ કામ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—એકના નામની અરજી બીજાએ હાજર કરી અને જેનો વેષ લીધો કહેવાય છે તેનું નામ તેજ મારૂં નામ એમ કહ્યું તો તેટલાથી આ કલમ પ્રમાણે તોહોમત રહેતું નથી પણ ખરેખરી રીતે વેષ ધરવોજ જોઇએ (કા. હા. વા. ૮ પાને ૮૦ સરકાર વિરૂદ્ધ નારાયણ અચારજ તા. ૧૩ નવેમ્બર ૧૮૬૭)

સને ૧૮૫૨ ના આક્ટ ૩ (મુંબાઈ ઈલાકા તાબેના દેશ મધે અર્ક અને કેફની દારૂ અને અમલીજીનશ અને તેથી જે પદાર્થ થયા છે તે વિશેનો શિરસ્તો સુધારવામાટેનો કાયદો છે) પ્રમાણેની ફરીયાદને આ કલમના અર્થ મુજબ ફોજદારી ફરીયાદ છે. (મુ. હા. તા. ૨૦ ડીશેંબર ૧૮૭૧ સરકાર વિરૂદ્ધ ગણપતપ્રસાદ શોભારામ)

જે માણસનો વેશ લીધો હોય તે માણસે તેવો વેશ લેવા વિશે તેનું અનુમત આપ્યું હોય તો પણ વેશ લેનાર અપરાધી થાય છે (મ. હા. રી. વા. ૧ પા. ૪૫૦

કલકતા હાઈકોરટે એમ ઠરાવ્યું છેકે એકાદ કલ્પીત માણસનો વેશ લીધાથી ગુનોહ થાય છે પણ મદ્રાસ હાઈકોરટે એમ ઠરાવેલું છેકે આ કલમ પ્રમાણે ગુન્હો થવાને માહિત થએલા માણસનો વેશ લેવો જોઇએ (મે. પા. ૧૫૧)

કાંઇ મીલકત સરકાર જપત થતી અથવા હુકમનામું બજાવવામાં લેવાતીઅટકાવવા સારૂતે મીલકત દગલબાજીથી ખશેડવી અથવાછુપાવવી.

૨૦૬. જો કોઈ માણસ કાંઇ મિલકત અથવા તે માંહેનો કાંઇ હક દગલબાજીથી કેથાં ખસેડે કે છુપાવે, અથવા કોઇ સખસના નામપર ચહડાવે કે કોઇને સ્વાધીન કરે, એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ ઇનસાફની કોરટે અથવા બીજા મુખતિયાર અધિકારીએ કાંઇ શિક્ષાનો હુકમ કર્યો હોય અથવા કાંઈ હુકમ તે કરશે, એવો સંભવછે એમ તે માણસ જાણતો હોય તે હુકમ મુજબ તે મીલકત અથવા તે માહેલો હક સરકાર જપ્ત થતો અથવા દંડને પેટે વસુલ થતો અટકે, અથવા કોઈ ઇનસાફની કોરટે કોઈ દિવાની મુકદમામાં કાંઈ હુકમનામુ અથવા હુકમ કર્યો હોય, અથવા કાંઈ હુકમનામુ કે હુકમ તે કરશે એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમનામુ અથવા હુકમે બજાવવામાં તે મીલકત અથવા તે માંહેલો તે હક લેવાતો અટકે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની. અથવા દંડની અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

કોઈ મીલકત સરકાર જપત થ

૨૦૭. ફલાણી મિલકત અથવા તે માંહેલા ફલાણા હકપર માહરો કાંઈ હક અથવા બાજબી દાવો નથી એવું જાણીને જે માણસ દગલ

તી અથવા હુકમનામુ બજાવવામાં લેવાતી અટકાવવાસારૂ દગલબાજીથી તે મીલકતપર દાવો કરવો.

બાજીથી તે મીલકત અથવા તે માંહેલો તે હક કબુલ કરે, અથવા લે, અથવા તેનો દાવો કરે અથવા જે માણસ કોઈ મીલકત અથવા તે માંહેલો કાંઈ હકપરના કાંઈ હક બાબત કોઈ તરેહની દગબાજી કરે એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ ઇનસાફની કોરટે અથવા બીજી મુખતાર અધીકારીએ કાંઈ શિક્ષાનો હુકમ કરયો હોય અથવા કાંઇ હુકમ તે કરશે એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમ મુજબ તે મિલકત અથવા તે માંહેલો તે હક સરકાર જપ્ત થતો અથવા દંડને પેટે વસુલ થતો અટકે, અથવા કોઇ ઇનસાફની કોરટે કોઈ દીવાની મુકદમામાં કોઈ હુકમનામુ અથવા હુકમ કરયો હોય અથવા કાંઇ હુકમનામુ કે હુકમ તે કરશે એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમનામુ અથવા હુકમ બજાવવામાં તે મીલકત અથવા તે માંહેલો તે હક લેવાનો અટકે, તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે,

જે રકમ લેહેણી નથી તેને સારૂ દગલબાજીથી હુકમનામુ થવાદેવું.

૨૦૮. કોઇ સખ્સે ફરીયાદી કરવા ઉપરથી જે રકમ લેહેણી ન હોય તે રકમને સારૂ, અથવા તે શખ્સને જેટલી રકમ દેવી હોય તે કરતાં વધારે રકમને સારૂ. અથવા જે મિલકતપર કે તેના જે હકપર તે શખ્સનું કાંઈ પોહોચતું ન હોય એવી મિલકતને સારૂ, અથવા એવા હકને સારૂ, જે માણસ દગલબાજીથી પોતાની ઉપર કાંઇ હુકમનામું કે હુકમ કરાવે અથવા થવા દે, અથવા કાંઇ હુકમનામું કે હુકમ પુરો થયા પછી અથવા જે વસ્તુ સંબંધી તે પુરો થયો હોય તે વસ્તુ સંબંધી જે માણસ દગલબાજીથી પોતાની ઉપર તે હુકમનામું કે હુકમ બજવાવે અથવા બજવા દે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

અ ઝ ની ઉપર એક ફરિયાદી કરે. અ નું મારી ઉપર હુકમનામું થશે એવો સંભવ છે એમ જાણીને બ જેનો ઝ ની ઉપર કાંઈ બાજબી દાવો નથી તેણે ફરિયાદી કરેથી વધારે રકમનું હુકમનામું ઝ દગલબાજીથી પોતાની ઉપર થવા દે, એવા હેતુથી કે અ ના હુકમનામાની રૂઇએ ઝ ની મિલકતનું જે વેચાણ થાય તેમાંથી જે રૂપિયા ઉપજે તેમાં બ પોતાને હીસાબે અથવા ઝ ના ફાયદાને સારૂ ભાગ ભજે તો આ કલમ મુજબ ઝ એ ગુનોહ કરયો એમ સમજવું.

ટીકા.—લેણદારને હરકત કરવાના ઇરાદાથી નહી પણ પ્રમાણીક રીતે કોઈ હીંદુ પોતાની મિલકત ત્રીજાને બક્ષિસ આપે તો તેને આ કલમનો ગુન્હેગાર ગણાય નહી (મ. હા. રી. વા. ૪ પાને ૮૪)

કોઇ ઇનસાફની કોરટમાં બદદાનતથી ખોટો દાવો કરવો.

૨૦૯. જે માણસ દગલબાજીથી અથવા બદદાનતથી, અથવા કોઈ સખ્સને નુકશાન કરવાની કે દુઃખ આપવાના ઇરાદાથી. કાંઇ દાવો ખોટો છે એમ જાણીને કોઈ ઇનસાફની કોરટમાં તે દાવો કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કે

દની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—ફરીયાદ અરજીપર ખોટી પ્રતિજ્ઞા કર્યા ઉપરથી તેનાપર કલમ ૨૦૯ મુજબ ખોટો દાવો કર્યાનું તોહોમત રાખેલું તેમાં ઠરાવ્યું કે તે ગુન્હો આ કલમ પ્રમાણે નહી થતાં કલમ ૧૯૩ પ્રમાણે થાય છે (મુ. હા. તા. ૨૩ સપટેમ્બર ૧૮૯૯ સરકાર વિરૂધ લક્ષ્મનદાસ પ્રેમચંદ વિગેરે)

જે રકમ લેહેણી ન હોય તેને સારૂ દગલબાજીથી હુકમનામું કરાવી લેવું.

૨૧૦. જે રકમ લેહેણી ન હોય તે રકમને સારૂ અથવા લેહેણી હોય તે કરતાં વધારે રકમને સારૂ, અથવા જે મિલકતપર કે તેમાંના જે હકપર પોતાનું કાંઈ પોહોંચતું ન હોય એવી મિલકતને સારૂ અથવા એવા હકને સારૂ, જે માણસ દગલબાજીથી કોઈ સખસની ઉપર કાંઈ હુકમનામું કે હુકમ કરાવી લે, અથવા કાંઇ હુકમનામું કે હુકમ પુરો થયા પછી, અથવા જે વસ્તુ સંબંધી તે પુરો થયો હોય તે સંબંધી, જે માણસ દગલબાજીથી કોઈ સખસની ઉપર તે હુકમનામું કે હુકમ બજવાવે, અથવા દગલબાજીથી એવું કાંઈ કામ પોતાને નામે થવા દે અથવા કરવાની રજા આપે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—જે હુકમનામાનો કોરટની બહાર ફેસલો થયો તે હુકમનામું બજાવા દરખાસ્ત કરનાર આ કલમ પ્રમાણે ગુન્હેગાર થાય છે (મ. હા. ઈ. લા. વા. ૪ પાને ૩૨૫ સરકાર વિરૂદ્ધ મુનુરામ નચેની)

નુકશાન કરવાના ઇરાદાથી મુકેલું ગુનાહનું ખોટુ તોહોમત.

૨૧૧. જો કોઇ માણસ કોઈ સખસને નુકશાન કરવાના ઇરાદાથી તે સખસની ઉપર કાંઇ ફોજદારી કરે અથવા કરાવે, અથવા કોઇ સખસની ઉપર કાંઈ ગુનોહ કર્યાનું ખોટુ તોહોમત મુકે, અને તે એવું જાણીને કે તે સખસની ઉપર તે ફોજદારી કરવા અથવા તે તોહોમત મુકવાનું કાંઈ વાજબી અથવા કાયદા મુજબ કારણ નથી, તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે; અને અગર તે ફોજદારી કરે તે એવા કોઇ ગુનાહનાં ખોટાં તોહોમતપરથી કરે કે તે ગુનાહને માટે મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા સાત વરસ કે તેથી વધારે મુદતની કેદની, શીક્ષા થઇ શકતી હોય, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને લાયક થશે.

ટીકા.—આ કલમના બીજા ભાગ પ્રમાણે રાખેલા તોહોમતમાં આરોપિતને ફક્ત દંડની શીક્ષા કરેલી તેમાં ઠરાવ્યું કે આ બાબતમાં દંડની શીક્ષા એકલી થાય નહી તેને પ્રથમ કેદની શિક્ષા તો અવશ્ય કરવી જોઇએ (મુ. હા. વા. ૧ પાને. ૩૪ સરકાર વિરૂધ રામા રભાજી)

કોઈ કેદી ઉપર ખોટુ તોહોમત મુક્યાનો ગુનોહ ઠરાવવામાં આવે તો એ ખોટા તોહમતનો પ્રકાર ઠરાવમાં અને ક્યાલેંડરમાં લખવો (મુ. હા. વા. ૧ પાને ૮૭ સરકાર વિરૂધ અરજુન).

સ્ટાંપના કાગળ ઉપર પોહોંચ આપવાને ના પાડવી એ કાંઈ ફોજદારી ગુન્હો નથી માટે સ્ટાંપના કાગળ ઉપર પોહોંચ આપવાની ના કહેનાર ઉપર જુઠું તોહમત મુકયું હોય તે પણ આ કલમ પ્રમાણે ફોજદારી ગુન્હો નથી (મુ. હા. વા. ૧ પાને ૯૨ સરકાર વિરૂધ ગપાકોમ કુશાજી)

જે માણસના પર કેદીએ તોહોમત મુક્યું છે તેમાં કેદી જે ખબર ઉપર ચાલ્યો હોય તે તેને બતાવવા દેવી જોઇએ; વળી જ્યારે તેણે તોહમત મુક્યું ત્યારે તે ખોટું અને અપૂર્ણ છે એવું કેદી જાણતો હતો એમ સાબિત થવું જોઇએ. ફકત કેદીએ મુકેલા તોહમતની વાતજ ખોટી અને અપૂર્ણ છે એટલુંજ કહ્યાથી ગુન્હો સાબિત ગણાય નહી (મુ. હા. વા. ૩ પાને ૧૯ સરકાર વિરૂધ નવલમલ ઉમેદમલ)

પોતાનું ઘર પોતે બાળી કેદીએ બીજા ઉપર તોહોમત મુક્યું તો તેથી તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત રહી શકેછે. (કા. હા. વી. રી. વા. ૮ તા. ૨૮ અગસ્ટ ૧૮૬૭ સરકાર વિરૂધ ભગવાન.)

કોઇએક સખસે પોલીસને અરજી કરી તે અરજીમાં એવી ખોટી હકીકત લખી કે કોઈ બીજા સખસે અપરાધ કર્યો છે એવો પોતાને શક છે માટે ચોકશી કરવી તે અરજી ઉપરથી આ કલમના અર્થ મુજબ તે સખસ ઉપર ફોજદારીમાં કામ ચલાવવું એમ થતું નથી. પણ સરકારી નોકરને પોતાનો કાયદેસર અખત્યાર અમલમાં અણાવીને બીજા સખસને નુકશાન કરવાના ઇરાદાથી ખોટી ખબર આપ્યાનું તોહમત કલમ ૧૮૨ પ્રમાણે મુકવું (મું. હા. તા. ૨૪ અપરેલ ૧૮૭૩ સરકાર વીરૂધ ગોપાળ ભીકાજી)

જે માણસનો કોઈ એકાદ કામમાં સંબંધ છે કીંવા સરકારી હોદાની રીતે તેનાપર કાંઈ જવાબદારી છે તેવો કોઇ માણસ એકાદ પોલીસ અમલદાર પાસે જઇ કહેકે ક્ષ એ કાંઇક ગુન્હો કરયો છે એવું અ એ મને કહ્યું અને તેનું કહેવું બ અને અ ના કહેવા ઉપરથી મળેછે સબબ ક્ષ નો મને સંશય છે અને ક્ષ ના ઘરનો ઝાડો લેવા વાસ્તે અરજી કરે પછી તે આરોપ ખોટો છે એવું જણાશે તો આ કલમ પ્રમાણે તે શિક્ષાને પાત્ર થશે. (કા. હા. વા. ૧૯ પાને ૫ સરકાર વિરૂધ હનુમાનલાલ.)

પી. કો. કા. ૨૧૧ માં કહેલા અપરાધમાં કલમ ૧૮૨ માં કહેલા અપરાધનો સમાવેશ થાયછે અને એટલા વાસ્તે તેવા કામમાં જોઇએ તે કલમ પ્રમાણે કામ ચલાવવાનો માજીસ્ટ્રેટને અધિકાર છે. પરંતુ ગુનાહનો સ્વરૂપ જાસ્તી ભયંકર છે એમ દેખાય તો કલમ ૨૧૧ પ્રમાણે કામ ચલાવવું યોગ્ય છે (કા. હા. ઇ. લા. વા. ૫ પાને ૧૮૪ ભાકતીરામ વિરૂધ હીરાકોલીત).

એક ન્યાયની કોરટમાં ખોટું તોહોમત શાબિત કરવાનો યત્ન કરે તો માત્ર કા. ૨૧૧ માં કહેલો ગુનોહ થાયછે એવા પ્રકારની હદ ઠરાવવા માટે એ કલમમાં કાંઇ નથી (જુઓ કા. હા. ઇ. લા. વા. ૫ પાને ૨૮૧ સરકાર વિરૂધ અસરફઅલ્લી વિગરે.)

કોઇ માણસે જે ફરિયાદ કરી તે ખરી છે એમ શાબિત કરવાનો તેને વખત મળ્યા શિવાય ખોટી ફરિયાદ કરયા બદલ તેનાપર આ કલમ પ્રમાણે કામ નહિ ચાલાવવું એ સ્પષ્ટ ન્યાયછે અને જે વખત આપવો તે પોલીશ રૂબરૂ નહિ છતાં માજીસ્ટ્રેટ રૂબરૂ શાબિત કરવાનો વખત આપવો (કા. હા. ઇ. લા. વા. ૬ પાને ૪૯૬ સરકાર વિરૂધ કરીમદાદ તા. ૯ ડીસેમ્બર ૧૮૮૦)

પોલીશને ખબર અપ્યાથી પોલીસે તે પ્રકરણનો જે નિકાલ કર્યો તેથી આરોપિતનું મન સંતોષ ન પામતાં તેણે જો તે બદલ માજીસ્ટ્રેટને ફરિયાદ કરી હોય તો પછી તે ફરિયાદનો ન્યાયાધીકારની રીતે નિર્ણય થયા શિવાય આરોપિતપર આ કલમ પ્રમાણે તોહોમત રહી શકે નહિ (કા. હા. ઇ. લા. વા. ૬ પાને ૫૮૨ સરકાર વિરૂધ સાલિકરાય)

આરોપિતપર ખોટું તોહેમત મુકયાની ફરિયાદ પોલીશ રીપોર્ટથી થાય પણ તે આરોપિત તકરાર કરે કે મારો ઇનસાફ પ્રથમ ન્યાયની રીતે મારી કહેલી વાતને માટે થવો જોઇએ તો આરોપિતની ફરિયાદીનો ઇનસાફ ન્યાયાધિકારની રીતે કરયા શીવાય અને તેના સાહેદી હોય તે લીધા શિવાય આ કલમ પ્રમાણેનું તોહોમત રેહી શકે નહિ કા. હા. ઇ.લા. વા. ૬ પા. ૫૮૪ સરકાર વિરૂધ સીબોબેહાર.)

આ કલમ પ્રમાણે ખોટા ચાર્જનો ગુન્હો ઠરાવવાને તે ચાર્જ ઊપરથી ફોજદારીમાં કામ ચાલેલું હોવું જોઇએ એમ નથી ફક્ત ખોટુ તોહોમત મુકવામાં આવ્યું એટલે બસ છે. (અ. હા. ઇ. લા. વા. ૧ પા. ૪૯૭ સરકાર વિરૂધ અબદુલ હુસેન).

આ કલમ પ્રમાણે ખોટા તોહોમતનો ગુન્હો થવાને ગુન્હેગારે તે તોહોમત ફરીયાદી પર આણ્યું હતું એટલું બતાવે તો બસ છે (અ. હા. ઈ. લા. વા. ૧ પાને ૫૨૭ સરકાર વિરૂધ શાલિક.)

જે માણસપર આ કલમ પ્રમાણે કામ ચલાવવાનું છે તેને, તેણે પ્રથમ કરેલી ફરીયાદનો ન્યાયાધીકારની રીતે ઇનસાફ કરવાનો વખત આપ્યા શિવાય તેના ઉપર સદરહુ કલમ પ્રમાણે કામ ચલાવવાનો હુકમ કોઈ માજીસ્ત્રેટે આપવો નહી. (કા. હા. ઇં. લા. વા. ૮ પાને ૪૩૫ ગીરધરી મદલ વીગરે વિરૂધ ઉમીતઝા.)

કોઇ ગુનેગારને ઘરમાં રાખવો.

૨૧૨. કાંઇ ગુનોહ થયો હોય, અને ફલાણો સખસ તે ગુનાહનો કરનાર છે, એવું જે માણસ જાણતો હોય, અથવા એવું માનવાનું જેને કારણ હોય, તે માણસ જો તે સખસને કાયદા પ્રમાણે થતી શીક્ષાથી બચાવવાને ઘરમાં રાખે અથવા કેથાં સંતાડે, તો, અગર તે ગુનાહને માટે મોતની શીક્ષા થઇ શકતી હોય, તો, તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે;

તે ગુનોહ જો દેહાંત શક્ષા જોગ હોય તો.

અને અગર તે ગુનાહને માટે જીવતાં સુધી સમુદ્રપારની, કે દસ વરસ સુધીની કેદની, શીક્ષા થઇ શકતી હોય, તો તે માણસને ત્રણુ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે;

તે ગુનોહ જો જીવતાં સુધી સમુદ્રપારના અથવા કેદની, શિક્ષા જોગ હોય તો.

અને અગર તે ગુનાહને માટે દસ વરસ સુધીની નહી પણ એક વરસ સુધીની કેદની શિક્ષા થઇ શકતી હોય, તો તે માણસને, તે ગુનાહને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

અપવાદ—ગુનેહગારના વરથી અથવા ગુનેરગારની વહુથી ગુનેહગારને ઘરમાં રાખવા કે સંતાડવાનું કામ થયું હોય, તો તે બાબતમાં આ ઠરાવ લાગુ પડશે નહી.

દૃષ્ટાંત.

બ એ ડાકાઇટીનો ગુનોહ કરયો છે એમ જાણીને કાયદા પ્રમાણે થતી શિક્ષાથી બ ને બચાવવાના હેતુથી અ, બ ને જાણી બુઝીને સંતાડે, તો એ ઠેકાણે બ જીવતાં સુધી સમુદ્રપાર થવાને લાયક છે માટે, અ ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદને લાયક છે અને વળી તે દંડને પણ લાયક છે.

ટીકા.—સદરહુ કલમ પ્રમાણે તોહોમત ઠરાવવાને તે અપરાધ કયા ઇરાદાએ કર્યો હતો એ જોવું જોઇએ તેથી જો કોઈ માણસ એકાદ ગુનેગારને ન્યાયથી બચાવવાનો ઇરાદો નહી છતાં તે અડચણમાં આવી પડવાથી તેને આશ્રય આપે તો તે આશ્રય આપનારો આ કલમ પ્રમાણે ગુન્હેગાર નથી (આર્ચ બોલ્ડ પ્રષ્ટ ૧૦)

તેમજ આ કલમ પ્રમાણે અપરાધ થવાને આરોપિત માણસે કરેલા ગુન્હા બદલ જે તેને યોગ્ય શિક્ષા થવાની તેનાથી તેનો બચાવ કરવાનો ઈરાદો હોવો જોઇએ માટે જો

કોઈ કરજદાર નાશી ગયો અને તેને કોઇએ છુપાવ્યો તો તે બાબતમાં આ કલમ પ્રમાણે ગુન્હેગાર ગણાય નહી. (મે. પ્રષ્ટ ૧૫૯)

મુળ ગુન્હેગારને છુપાવવા અગાઉ તેણે કરેલો ગુનોહ પુરો થએલો હોવો જોઇએ કારણ અધુરો ગુન્હો થયો હોય તો છુપાવનાર ગુન્હેગાર થતો નથી (આર્ચ બોલ્ડ પ્રષ્ટ ૧૧)

કોઈ ગુનેહગારને શિક્ષાથી બચાવવાને બક્ષિસ વગેરે લેવી.

૨૧૩. પોતે કાંઈ ગુનોહ છુપાવવાના, અથવા કાંઈ ગુનાહની કાયદેસર શિક્ષાથી કોઈ સખ્સને પોતે બચાવવાના અથવા કાયદેસર શિક્ષાએ પોહોંચાડવાને કોઇ સખ્સની ઉપર પોતે કાંઇ મુકદમો નહી ચલાવવાના, બદલામાં જે માણસ પોતાને વાસ્તે અથવા કોઈ બીજા સખ્સને વાસ્તે કાંઈ અવેજ કબુલ કરે, અથવા મેળવવાની કોશીશ કરે, અથવા કબુલ કરવાની હા કહે, અથવા કાંઈ મીલકત પોતે અથવા બીજાની વતી પાછી લે, અથવા પાછી મેળવવાની કોસિસ કરે, અથવા પાછી લેવાની હા કહે, તે માણસને, અગર તે ગુનાહને માટે મોતની

તે ગુનોહ જો દેહાંત શિક્ષાજોગ હોય તો.

શિક્ષા થઇ શકતી હોય તો, સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુનાહને માટે જીવતાં સુધી સમુદ્રપારની, અથવા

તે ગુનોહ જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા કેદની, શિક્ષા જોગ હોય તો.

દશ વરસ સુધીની કેદની શીક્ષા થઈ શકતી હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુનાહને માટે દશ વરસ સુધીની કેદની શિક્ષા નહી થઇ શકતી હોય, તો તે માણસને ગુનાહને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની ૦ા મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

કોઇ ગુનેહગારને બચાવવાના બદલામાં કાંઇ બક્ષીસ આપવી અથવા મીલકત પાછી આપવી.

૨૧૪. કોઇ સખ્સ કાંઈ ગુનોહ છુપાવે તેના, અથવા તે કાંઈ ગુનાહની, કાયદેસર શિક્ષાથી કોઈ સખ્સને બચાવે તેના, અથવા કાયદેસર સીક્ષાએ પોહોંચાડવાને કોઇ સખ્સની ઉપર તે કાંઇ મુકદમો નહી ચલાવે તેના, બદલામાં જે માણસ તે સખ્સને કાંઇ અવેજ આપે અથવા બદલો વાળે, અથવા અવેજ આપવાનું કે બદલો વાળવાનું કહે અથવા કબુલ કરે, અથવા કાંઈ મીલકત તે સખ્સને પાછી આપવાનું અથવા અપાવવાનું કહે અથવા કબુલ કરે, તે માણસને, અગર તે ગુનાહને માટે મોતની શીક્ષા થઇ શકતી હોય તો, સાત

તે ગુનોહ જો દેહાંત શીક્ષા જોગ હોય, તો.

વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને

તે ગુનોહ જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા કેદની શિક્ષા જોગ હોય, તો.

અગર તે ગુનાહને માટે જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસ સુધીની કેદની શિક્ષા થઇ શકતી હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુનાહને માટે દશ વરસની મુદત સુધીની કેદની શીક્ષા નહી થઇ શકતી હોય, તો તે માણસને તે

ગુનાહને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

અપવાદ—જે જે બાબતમાં ગુનોહ કાયદેસર માંડી વાળી શકાય તે તે બાબતને ૨૧૩ મી અને ૨૧૪ મી કલમોના ઠરાવો લાગુ પડતા નથી.

દૃષ્ટાંત.

(અ) ખુનના ઇરાદાથી અ બ ની ઉપર હુમલો કરે, તો એ ઠેકાણે જે ગુનોહ છે તે કરવાના ઇરાદા સાથે નિસબત નહી રાખનો ફરત હુમલો નથી, માટે તે આ અપવાદમાં દાખલ થતો નથી, અને તે કારણને લીધે તે માંડી વળાય નહી.

(બ) અ બ ની ઉપર હુમલો કરે, તો, એ ઠેકાણે ગુનોહ જે છે તે ગુનેહગારના ઇરાદા સાથે નિસબત ન રાખતુ ફક્ત કામ છે, અને તે હુમલાને માટે બ દીવાનીમાં ફરિયાદ કરી શકેછે માટે, તે આ અપવાદમાં દાખલ થાય છે, અને તે માંડી વળાય છે.

(ક) અ પોતાનો વર કે પોતાની વહુ હયાત છતાં બીજી વહુ કે બીજો વર કરવાનો ગુનોહ કરે, તો, એ ગુનાહ બાબત દિવાનીમાં ફરીયાદ થઈ શકતી નથી માટે, તે માંડી વળાય નહિ.

(ડ) બ એક ધણીવાળી સ્ત્રીની જોડે છીનાળુ કરે, તો તે ગુનોહ માંડી વળાય.

ટીકા—આ કલમના અપવાદનો હેતુ એ છે કે કેટલાક ગુનાહ માંહેમાંહે માંડીવાળી શકાય એવાછે એટલે તેના રાજીનામાં થઈ શકેછે. પણ તેવા ગુનાહ કયા તે આ કલમ ઉપરથી ખોળી કાડવું કઠણ પડતું પણ હાલ નામદાર સરકારે સને ૧૮૮૨ નો આક્ટ ૧૦ ક્રીમીનલ પ્રોસીજર આક્ટ નવો કર્યો તેમાં તેનો ઘણો સારો ખુલાસો કર્યો છે. અને તે આક્ટની સાથે પીનલકોડના ગુનાહાનું પરિશિષ્ટ આપેલુંછે તેના ૯ઠા આશનમાં ગુનાહની આગળ તે માંડીવાળી શકાય કે નહિ તે સ્પષ્ટ બતાવ્યું છે. માટે આ કલમ પ્રમાણે માંડીવાળવાના ગુનાહનું વિવેચન તે પરિશિષ્ટ જોયેથી જણાઇ આવશે. તેમ છતાં તે પરીશિષ્ટ ઉપરથી જે ગુનાહ માંડીવાળવાનું જણાયછે તે નિચે દર્શાવવામાં આવ્યુંછે.

પીનલકોડ કા. ૨૯૮–૩૨૩–૩૩૪–૩૪૧–૩૪૨–૩૫૨–૩૫૫–૩૫૮–૩૭૪–૪૨૬–૪૨૭ ૪૪૭–૪૪૮–૪૯૦–૪૯૧–૪૯૨–૪૯૭–૪૯૮–૫૦૦–૫૦૧–૫૦૨–૫૦૪–૫૦૬.

એ કલમો શિવાય કા. ૩૨૪–૩૩૫–૩૩૭–૩૩૮ માં કહેલો ગુનોહ જેને બથા થઈ હોય તે માણસ જે કોરટની આગળ તે ગુનાહ બાબત કાંઈ પણ ફરિયાદનું કામ ચાલુ હોય તે કોરટની રજા લેઇને માંડીવાળવાનો અધિકારછે (જુઓ પરીશિષ્ટ)

તેમજ જે ગુનોહ માંડીવાળવાનો અધિકાર હોય ત્યારે તે ગુનાહમાં મદદગારી કરવાનો ગુનોહ અથવા (જ્યારે સદરેહુ ગુનોહ કરવાની કોશીશ જાતે ગુનોહ હોય ત્યારે) તે કોશીશ કરવાનો ગુનોહ એવીજ રાતે માંડીવાળવાનો અધિકાર છે. (જુઓ ક્રીમીનલપ્રોસીજર સન ૧૮૮૨ નો ૧૦ તેની કા. ૩૪૫)

વળી જો કોઈ સખશ બાળક, યા ગાડો યા દીવાનો હોય અને જો તેવો ન હોતતો તે આ કલમ મુજબ કાંઈ ગુનોહ માંડીવાળવાને લાયક થાત તો તે શખસની તરફથી કરાર કરવાનો જે શખસને અધિકાર હોય તે સખશ સદરેહુ ગુનોહ માંડીવાળવાને મુખતિયારછે અને સરવે માંડીવાળવાના ગુનાહ માંડીવળાવાથી તોહોમતવાળાની ઉપર ગુનોહ ના શાબિત થયાનો ઠરાવ થશે. (જુઓ એજ કા. ૩૪૫)

હવે ઉપર કહેલા ગુનાહ માંડીવાળવાને કોને અધિકારછે તે પણ એજ કલમમાં કહ્યુંછે.

કા. ૨૯૮ જેનું દીલ દુખવવાનો ઇરાદો હોય તે.

૩૨૩, ૩૩૪ જેને વ્યથા કરી હોય તે શખ્શ.

૩૪૧, ૩૪૨ જેને અટકાવ યા કેદ કરેયો હોય તે.

૩૫૨, ૩૫૫, ૩૫૮ જેની ઉપર હુમલો કર્યો હોય યા બળ વાપરેચું હોય તે.

૩૭૪ જેની પાસે જબરાઇથી મજુરી કરાવી હોય તે શખ્સ.

કા. ૪૨૬,૪૨૭ જેને હાની કરી હોય તે શખ્સ.

કા. ૪૪૭,૪૪૮ જે મિલકતમાં પ્રવેશ કર્યો હોય તે જેના કબજામાં હોય તે.

કા. ૪૯૦,૪૯૧, ૪૯૨ જેની સાથે ગુનેહગારે કરાર કર્યો હોય તે શખ્સ.

કા. ૪૯૭,૪૯૮ જે સ્ત્રી હોય તેનો ધણી.

કા. ૫૦૦,૫૦૧,૫૦૨ જેની આબરૂ લીધી હોય તે.

કા. ૫૦૪ જેને તિરસ્કાર કર્યો હોય તે.

કા. ૫૦૬ જેને ધમકી આપી હોય તે.

ઉપર જે કલમો બતાવી તે શિવાય નિચે લખેલા કામમાં ગુનાહ માંડીવાળી શકાય છે.

સને ૧૮૮૨ ના આકટ ૧૦ (ક્રી. પ્રો. કોડ)નો બાબ ૨૦ "સમનના મુકદમાનો" ઇનસાફ કરવા બાબતછે અને તે બાબતમાં કા. ૨૪૮માં એમ કહેલુંછે કે તેવા મુકદમામાં કોરેટની પરવાનગીથી ફરિયાદ માંડીવળાય. પણ "સમનનો મુકદમો" એટલે પરીશિષ્ટના જે આસનમાં પ્રથમ સમન કે વારંટ કાડવું એમ લખ્યુછે તેવા સમનનો મુકદમો નહિપણ "સમનના મુકદમા"ની વાખ્યા કલમ ૪માં આપેલીછે તે ઉપરથી જણાયછે કે જે ગુનાહને માટે કાયદામાં છ માસસુધીની કેદની, અથવા તેટલી કેદ અને તે સાથે દંડની અથવા ફકત દંડની એક શિક્ષા થઈ શકવાને લખ્યુંછે તેવા ગુનાહનો સમાસ "સમનના મુકદમા" માં થાયછે અને તે પ્રમાણે તપાસતાં પીનલકોડની નિચેની કલમો પ્રમાણેના ગુનાહ માંડીવળાયછે.

કા ૧૩૭, ૧૩૮, ૧૪૦, ૧૪૩, ૧૫૧, ૧૫૩, નો બીજો ભાગ. ૧૫૪, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮નો પહેલો ભાગ. ૧૬૦, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭નો પહેલો ભાગ. ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૨, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૨૦૨, ૨૨૮, ૨૬૯, ૨૭૧, ૨૭૨, ૨૭૩, ૨૭૪, ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૭૮, ૨૭૯, ૨૮૦, ૨૮૨, ૨૮૩, ૨૮૪, ૨૮૫, ૨૮૬, ૨૮૭, ૨૮૮, ૨૮૯, ૨૯૦, ૨૯૧, ૨૯૨, ૨૯૩, ૨૯૪, ૩૩૪, ૩૩૬, ૩૩૭, ૩૪૧, ૩૫૨, ૩૫૮, ૪૨૬, ૪૪૭, ૪૯૦, ૪૯૧, ૪૯૨, ૫૧૦.

ઉપરની કલમોમાંની કેટલીક કલમો ગુનાહ માંડીવાળવામાં ક્રી. પ્રો.કો. ની કા.૩૪૫માં બતાવેલી કલમોમાંનીપણ આવીછે.

વળી સને ૧૮૮૨ ના આકટ ૧૦ની કા. ૪૯૪ પ્રમાણે પબ્લીક પ્રાસીક્યુટર જ્યુરીથી ઇનસાફ થવાના મુકદમામાં જ્યુરીનો ઠરાવ કહી સંભળાવતાં પહેલાં અને બીજા મુકદમાઓમાં ફેસલો આપતા પહેલાં કોરટની સંમતીથી કોઇપણ શખ્સની ઉપર ફરિયાદીનું કામ ચલાવવાનું છોડી દેવાને મુખતિયાર છે.

ચોરી કરવાના ઈરાદે ઘર ફોડવું એ ગુનોહ કા. ૨૧૪ પ્રમાણે માંહોમાંહે માંડીવાળવા જોગ ગુનોહ નથી (મુ. હા. ઈ. લા. વા. ૧ પા. ૬૪ સરકાર વિરૂદ્ધ દેવમા અને સોમશખર.)

બુધીપુવક વ્યથા કર્યાનો ગુનોહ માંહોમાંહે માંડીવળાય એમ મુબઇ હાઇકોરટે વાલ્યુમ ૧૦ ને પાને ૬૮ માં સરકાર વિરૂદ્ધ જેઠા ભલ્લાના કામમાં ફેસલો કર્યો હતો પણ પાછળથી મુ. હા. ઈ. લા. વા. ૧ પાને ૧૪૭ મે કરેલા સરકાર વિરૂધ રહીમતના ફેસલામાં તેવો ગુનોહ માંહોમાંહે માંડીવળાય નહિ એવો ફેસલો કરેયોછે. પરંતુ હાલ નવા ક્રી. પ્રો. કોડની કા. ૩૪૫ થી એ ગુનોહ માંહોમાંહે માંડી વળાય.

છીનાળાના તોહોમત બદલ આરોપિતને શિક્ષા થયા પછી હાઇકોરટમાં અપીલ કરી. તોહોમત શબિત થયા પછી ધણીધણીયાણી એકત્ર રહેવા લાગ્યાં એટલે અપીલની ચોકશીની વખતે સદરહુ ગુનોહ માંડીવાળવા પરવાનગી માગી, તેમાં ઠરાવ્યું કે અપીલની વખતે હવે ગુનોહ માંડીવળાય નહિ (અલ્હાબાદ. હા. ૪. લા. વા. ૨ પા. ૩૩૯ સરકાર વિ૦ થામસન તા. ૧૮ જુલાઈ ૧૮૭૯)

દગલબાજી અને બનાઉ લેખ કરવાનો ગુનોહ માંહોમાંહે માંડીવાળવા જોગ ગુનોહ નથી. તોપણ પી. કો. કા. ૨૧૪ સુધારવા માટે જે કાયદો કૌંસીલ આગળ બીલ આવ્યું હતું તેમાં સદરહુ અપરાધ માંહોમાંહે માંડીવાળવા જોગછે એમ લખ્યુ હતું તેથી તે અપરાધ માંડીવાળવાનો એક માજીસ્ત્રેટે હુકમ કર્યો, તેમાં ઠરાવ્યું કે એકાદ નવા બીલ ઉપરથી કાયદાનો અર્થ કરવો બદોબર નથી. જે વખતે જે કાયદો અમલમાં હોય તે પ્રમાણે વરતવું માટે માજીસ્ત્રેટનો હુકમ રદ કર્યો (અલ્હા. હા. ૫. લા. વા. ૩ પા. ૨૮૩ રીવુનાક હુસેન વિરૂદ્ધ હરબનસીંગ.)

ચોરની મિલકત પછી મેળવવામાં મદદ કરવા સારૂ કાંઈ બક્ષિશ લેવી વગેરે.

૨૧૫. કોઈ સખસની પાસેથી તે સખસની કાંઈ જંગમ મિલકત આ કાયદાથી શિક્ષા થઈ શકે એવા કાંઇ ગુનાહથી ગઈ હોય તે સખસને તે મીલકત પાછી મળવામાં મદદ કરવાના બાનાથી અથવા મદદ કરવા સારૂ જે માણસ કાંઈ અવેજ લે અથવા લેવાને હા કહે અથવા કબુલાત કરે, તે જો તે ગુનેગારને પકડવાને તથા તેની ઉપર તે ગુનોહ સાબિત કરવાને પોતાથી બનતા સઘળા ઇલાજો કામે ન લગાડે તો, તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

જે ગુનેહગાર કેદમાંથી નાઠોહોય, અથવા જેને પકડવાનો હુકમ થયો હોય, તે ગુનેહગારને ઘરમા રાખવો.

૨૧૬. કોઈ સખસની ઉપર કાંઈ ગુનોહ સાબિત થયો હોય, અથવા કાંઈ ગુનાહનું તોહોમત મુકાયુ હોય, અને તે ગુનાહને સારૂ તે સખસ કાયદેસર કેદમાં હોય, તે સખસ જો કેદમાંથી નાશી જાય અથવા કોઈ સરકારી નોકર પોતાના સરકારી ઓહદાનો કાયદેસર અખત્યાર અમલમાં લાવતા કોઈ સખસને કાંઈ ગુનાહને માટે પકડવાનો હુકમ કરે ત્યારે જે માણસ તે નાસી જવાની અથવા પકડવાના હુકમની વાત જાણ્યા છતાં તે શખસને પકડાતો અટકાવવાના ઇરાદાથી તેને ઘરમાં રાખે અથવા કેથાં સંતાડે, તે માણસને નીચે મુજબ શિક્ષા કરવામાં આવશે; એટલે જે ગુનાહને માટે તે સખસ કેદમાં હતો અથવા તેને પકડવાનો હુકમ કર્યો હોય તે ગુનાહને માટે જો મોતની શિક્ષા થઈ શકતી હોય તો તે

તે ગુનોહ જો દેહાંત શિક્ષા જોગ હોય તો.

માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે; અને તે ગુનાહને માટે જો જીવતા સુધી સમુદ્રપારની, અથવા દસ વરસ સુધીની કેદની. શિક્ષા

જો જીવતાંસુધી સમુદ્રપારની, અથવા કેદની, શિક્ષા જોગ હોય તો.

થઈ શકતી હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા દંડ સાથે અથવા દંડ વિના, કરવામાં આવશે, અને તે ગુનાહને માટે દસ વરસ સુધીની નહી પણ એક વરસ સુધીની કેદની શિક્ષા થઈ શકતી હોય, તો તે માણસને તે ગુનાહને માટે ઠરાવેલા પ્રકારની

તથા તે ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

અપવાદ—જે માણસને પકડવું હોય તેના વરથી અથવા તેની વહુથી, તે માણસને ઘરમાં રાખવાનું કે સંતાડવાનું કામ થયું હોય, તો તે બાબતને આ ઠરાવ લાગુ પડતો નથી.

ટીકા—આરોપીત માણસે મુળ ગુનેહગારને આશ્રય આપ્યો કીંવા તેને છુપાવ્યો એમ શાબિત થવું જોઇયે. અને કોઈ માણસે ગુનેહગારને છુપાવવા માટે કીંવા આશ્રય આપવા માટે બીજાને કહ્યું હોય તો તે ગુનોહ તેણે પોતે કરેચો એમ થાયછે. (સ્ટાર. પૃ. ૧૧૩)

કોઇમખસને શીક્ષાથી અથવા કાંઈમીલકતને સરકાર જપ્ત થતી બચાવવાના ઇરાદાથી જેસરકારી નોકર કાયદાનો હુકમ ન માને તેને શિક્ષા.

૨૧૭. કોઈ માણસ સરકારી નોકર હોય, તેણે પોતાના સરકારી ઓહોદાના જોરથી કેમ ચાલવું એ બાબતનો કાંઈ કાયદાનો હુકમ અગર તે માણસ જાણી બુઝીને ન માને, એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઈ સખસ કાયદેસર શિક્ષાથી બચે, અથવા જે શિક્ષાને તે લાયક હોય તેથી તેને ઓછી શિક્ષા થાય અથવા માહારા તેમ કરવાથી તે શિક્ષાથી બચશે અથવા તેને ઓછી શિક્ષા થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો, અથવા એવા ઇરાદાથી કે તેમ કરવાથી કાંઈ મિલક્ત સરકાર જપ્ત થતી, અથવા કાંઈ રૂપિયા તેમાંથી કાયદા મુજબ આપવા જેવા હોય તે આપવાથી તે, બચી જાય, અથવા બચી જશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા—આરોપિતપર કા. ૨૧૭ પ્રમાણેનું મુકેલું તોહોમત તોહોમતનામામાં મોઘમછે કેમકે તેમાં કાયદાનો હુકમ કયો તે અને તે કયા કૃત્યથી આરોપિતે તોડ્યો એને માટે તોહોમતનામામાં કાંઇ લખ્યુ નથી અને તે વાત તેમાં નહિ લખ્યાથી જવાબ આપવાના કામમાં આરોપિતને નુકશાન થયુંછે માટે તે તોહોમત રદ કર્યું (મુ. હા. ઇ. લા. વા. ૨ પા. ૧૪૨ સરકાર વિ૦ બાબનખાન મુસકોજી.)

પોલીશ પટેલે ચોરોને પકડવાના કામમાં મદદ કરવાની તેની ફરજ છતાં તે મદદ ન કરી તો તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત રાખી માજીસ્ત્રેટ કામ ચલાવી શકેછે. કારણ કે પોલીશપટેલ ગેર વર્તણુક કરે તો પોલીશ કમિશનરની મંજુરી લઇને તેને તેવા કામ ઉપરથી દુર કરવાનો માજીસ્ત્રેટને અધિકાર છે. તો આવો વખતે પોલીશ પટેલનાપર કામ ચલાવવા માટે ક્રી. પ્રો. કો. ૪૬૬ (સને ૧૮૭૨ના ૧૦ની) પ્રમાણે પરવાનગી લેવાની જરૂર નથી (મુ. હા. ઇ. લા. વા. ૪ પા. ૩૫૭ સરકાર વિરૂદ્ધ ભગવાન દેવરાજ.)

આ કલમ પ્રમાણે કોઇના ઉપર ગુનોહ શાબિત થવાને આરોપિત એ સરકારી નોકર છતાં તેણે જે કામ કરવા વિશે કાયદામાં કહેલું તે કામ તેણે કર્યું નહિ અને બીજા કોઇને કાયદા પ્રમાણે જે શિક્ષા થવાની તે ન થાય એવા ઉદ્દેશે તેણે તે કામ કર્યું નથી એટલું શાબિત થાય એટલે બસછે. જે માણસોનો શિક્ષાથી બચાવ કરવાનો આરોપિતનો ઇરાદો હતો તે માણસે કાયદા પ્રમાણે શિક્ષા થવા જોગ ગુનોહ કરેચો ન હોય તોપણ હરકત નથી (કા. હા. ઇ. લા. વા. ૩ પા. ૧૪૨ સરકાર વિ૦ અમીરૂદીન.)

ગામડાના હીસાબ રાખનાર અને ગામડાના મુનસફના સીપાઇઓ હુકમ ન માને તો તેમની ઉપર આ કલમ પ્રમાણે કામ ચાલી શકે નહિ (મુ. ઇ. લા. વા. ૧ પા. ૨૬૬)

સરકારી નોકર કોઇ સખસને શિક્ષાથી અથવા કાંઈ મિલકતને સરકાર જપતથવાથી બચાવવાના ઇરાદાથી કાંઈ ખોટું દફતર અથવા લખાણ બનાવેતેબાબત.

૨૧૮. કોઇ માણસ સરકારી નોકર હોય, અને તેના સરકારી ઓહદાસર તેને કાંઈ દફતર અથવા બીજુ લખાણ તૈયાર કરવાનું કામ સોપ્યું હોય, તે માણસ જો તે દફતર અથવા લખાણ જે રીત ખોટી છે એવું, તે જાણતો હોય તેવી રીતે તૈયાર કરે, એવા ઇરાદાથી કે તેથી લોકને અથવા કોઈ સખસને ટોટો અથવા નુકશાન થાય, અથવા ટોટો કે નુકસાન થશે એવો સંભવ છે એમ જાણીને, અથવા એવા ઇરાદાથી કે તેથી કોઈ સખસને કાયદેસર શિક્ષાથી બચાવવો, અથવા તેથી કોઈ સખસ કાયદેસર શિક્ષાથી બચશે એવો સંભવ છે એમ જાણીને, અથવા તેથી કાંઈ મીલકત સરકાર જપ્ત થતી, અથવા કાંઈ રૂપીઆ તેમાંથી કાયદા મુજબ આપવા જેવા હોય તે આપવાદથી બચી જાય, અથવા તે બચી જશે એવો સંભવ છે, એમ જાણીને, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—એક મામલતદારે તલાટીને સને ૧૮૨૭ ના કાયદા ૧૬ ની કા. ૨૬ પ્રમાણે રીપોર્ટ કરવાનું કહેલું અને તે રીપોર્ટ ખોટો હતો એમ જણાયુ તેથી તેનાપર આ કલમ પ્રમાણેનું તોહોમત મુકી કામ ચલાવવાને મામલેતદારે પરવાનગી આપી હતી. તેમાં ઠરાવ્યું કે તલાટીને જે કલમ પ્રમાણે રીપોર્ટ કરવાનું કહ્યું હતું તે પ્રમાણેનો તલાટી એ મામલેતદારના તાબાનોછે તેથી ક્રી. પ્રો. કો. કા. ૧૬૭ (૧૮૬૧ ના ૨૫ ની) પ્રમાણે મામલેતદાર કામ ચલાવવાની પરવાનગી આપી શકેછે (જુઓ. મુ. હા. વા. ૭ પાને ૬૪ સરકાર વિરૂદ્ધ મલ્હાર રામચંદ તા. ૧૧ અગષ્ટ સને ૧૮૭૦).

કાંઈ ઇનસાફી મુકદમા માટે, પોતે કાયદા વિરૂધ છે એમ જાણતો હોયએવો હુકમ, રીપોર્ટ વગેરે કોઈ સરકારીનોકર કરે તેબાબત.

૨૧૯. કોઇ માણસ સરકારી નોકર છતાં લાંચ લઈને અથવા દ્વેષ બુદ્ધિથી કાંઈ ઇનસાફી મુકદમાના કોઇપણ ભાગમાં કાંઈ રિપોટ, હુકમ, ફેંસલો, અથવા ઠરાવ કરે કે કહી સંભળાવે, એવો કે તે કાયદાથી વિરૂદ્ધ છે, એમ તે માણસ પોતે જાણતો હોય, તો તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

જે શખસને અખત્યાર હોય તે શખસ હું કાયદાથી વિરૂદ્ધ ચાલુછું એમ જાણીને, કોઇને તેનો ઇનસાફ થવા સારૂ કમીટ કરે, અથવા કેદમાં મોકલે તે બાબત.

૨૨૦. કોઈ માણસનો ઓહદો એવી તરેહનો હોય કે તેથી કોઈ સખસોને તેઓનો ઇનસાફ થવા સારૂ કમિટ કરવાનો અથવા તેઓને કેદમાં મોકલવાનો અથવા કોઈ સખસોને કેદમાં રાખવાનો તેને કાયદેસર અખતિયાર મળ્યો હોય, તે માણસને તે અખત્યાર અમલમાં લાવતાં લાંચ લઇને અથવા દ્વેષ બુદ્ધિથી, જો કોઇ સખસને તેનો ઇનસાફ થવા સારૂ કમિટ કરે અથવા તેને કેદમાં મોકલે, અથવા કોઈ સખસને કેદમાં રાખે અને તે એમ જાણતો હોય કે આમ કરવામાં હું કાયદાથી ઉલટો ચાલુંછું, તો તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—ગેરકાયદેસર રીતે કેદમાં રાખવા બદલ પુરાવો હોય તેટલીજ વાત ઉપરથી તે કૃત્ય દ્વેષ બુદ્ધિએ થયુ છે એમ કાયદેસર અનુમાન નિકળતું નથી એવા પ્રકારે કેદમાં

રાખવા એ કામ કાયદા વિરૂધ છે. એવા પ્રકારની માહિતી થવાને એવી વાત બનેલી વાતના સંબંધની છે અને કાયદાના સંબંધની નથી માટે આ કલમમાં કહેલા પ્રકારની ગુન્હા કરવા માટે તે સાબિત કરવી જોઇએ. (મુ. હા. વા. ૯ પાને; ૩૪૬ સરકાર વિરૂધ નારાયણ બાબાજી વીગરે)

જે સરકારી નોકરની કાયદા મુજબ કોઇને પકડવાની ફરજ હોય તે સરકારી નોકર તેને પકડવામાં ઇરાદાથી કસુર કરે, તે બાબત.

૨૨૧. કોઈ માણસ સરકારી નોકર હોય, અને કોઈ સખ્સની ઉપર કાંઈ ગુનાહનું તોહોમત મુકાએલું હોય તેને, અથવા કાંઈ ગુનાહને માટે પકડવા જોગ હોય એવા કોઈ સખ્સને, પકડવા અથવા કેદમાં રાખવાની તે માણસની પોતાના સરકારી હોદાને લીધે કાયદા મુજબ ફરજ હોય, તે માણસ અગર તે સખ્સને પકડવામાં ઇરાદાથી કસુર કરે, અથવા ઇરાદાથી તે સખ્સને નાશી જવા દે, અથવા તે સખ્સને તે કેદમાંથી નાશી જવામાં અથવા નાશી જવાની કોશિશ કરવામાં ઇરાદાથી સહાય કરે, તો તે માણસને નીચે પ્રમાણે શિક્ષા કરવામાં આવશે એટલેઃ—

શીક્ષા. | અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઈતો હતો તે સખ્સની ઉપર મોતની શિક્ષા થઈ શકે એવા ગુનાહનું તોહોમત મુકવામાં આવ્યું હોય, અથવા એવા ગુનાહને માટે તે પકડવા જોગ થયા હોય, તો તે માણસને સાત વર્શની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, દંડ સાથે અથવા દંડ વિના, કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા

. અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઈતો હતો તે સખ્સની ઉપર જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વર્શની મુદત સુધીની કેદની શિક્ષા થઈ શકે એવા ગુનાહનું તોહોમત મુકવામાં આવ્યું હોય, અથવા *એવા ગુનાહને માટે તે પકડવા જોગ થયો હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, દંડ સાથે અથવા દંડ વિના, કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા.

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે સખ્સની ઉપર દશ વર્શથી ઓછી મુદતની કેદની શિક્ષા થઈ શકે એહવા ગુનાહનું તોહોમત મુકવામાં આવ્યું હોય, અથવા એવા ગુનાહને માટે તે પકડવા જોગ થયો હોય, તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, દંડ સાથે અથવા દંડ વીના, કેદની શિક્ષા કરવામાં આવશે.

જે શખ્સની ઉપર કોઈ ઇનસાફની કોરટે શીક્ષાનો હુકમ કરેલો હોય, તે સખ્સને પકડવાની જે સરકારી નોકરની ફરજ હોય તે શખ્સને પકડવામાં ઇરાદાથી કસુર કરે તે બાબત.

૨૨૨. કોઈ માણસ સરકારી નોકર હોય, અને કોઈ સખ્સની ઉપર કાંઈ ગુનાહને માટે કોઈ ઇનસાફની કોરટે શિક્ષાનો હુકમ કરેલો હોય, તે સખ્સને (સન ૧૮૭૦ના આક્ટ ૨૭મા પ્રમાણે) "અથવા જે સખ્સને કાયદેસર રીતે કેદમાં રાખ્યો હોય તેવા સખ્સને" પકડવાની અથવા કેદમાં રાખવાની તે માણસની પોતાના સરકારી ઓહદાને લીધે કાયદા મુજબ ફરજ હોય, તે માણસ અગર તે સખ્સને પકડવામાં ઇરાદાથી કસુર કરે, અથવા ઇરાદાથી તે સખ્સને નાસી જવા દે, અથવા તે સખ્સને કેદમાંથી નાસી જવામાં, અથવા નાસી જવાની કોશિશ કરવામાં ઇરાદાથી સહાય કરે, (સન ૧૮૭૦ ના આક્ટ ૨૭ મા પ્રમાણે) "અથવા જો તે સખ્સને કાયદાસર રીતે કેદમાં રાખ્યો હોય" તો તે માણસને નિચે પ્રમાણે શિક્ષા કરવામાં આવશે, એટલેઃ—

શિક્ષા. | અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઇતો હતો તે સખ્સની ઉપર મોતની શિક્ષાનો હુકમ થએલો હોય, તો તે માણસને ચઉદ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની, દંડસાથે અથવા દંડ વિના; કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા,

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઇતો હતો તે શખ્સ કોઈ ઇનસાફની કોરટે કરેલા શિક્ષાના હુકમથી, અથવા તેને બદલે બીજી શિક્ષા કરવાના કોઈ હુકમથી, જીવતાં સુધી સમુદ્રપાર અથવા જીવતાં સુધી શાસનિક દાસત્વને, અથવા દશ વરસ કે તેથી વધારે મુદત સુધી સમુદ્રપાર અથવા શાસનિક દાસત્વ અથવા કેદને લાયક હોય, તો તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની, દંડ સાથે અથવા દંડ વિના કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા,

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઇતો હતો તે શખ્સ કોઈ ઇનસાફની કોરટે કરેલા શિક્ષાના હુકમથી દશ વરસની મુદત સુધીની કેદને લાયક ન હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની; શિક્ષા કરવામાં આવશે.

સરકારી નોકર ગફલતથી કોઈ કેદીને નાસી જવા દે તે બાબત

૨૨૩. જે માણસ સરકારી નોકર હોય અને જે સખ્સની ઉપર કાંઈ ગુનાહનું તોહોમત મુક્યું હોય અથવા કાંઈ ગુનોહ સાબીત થયો હોય એવા કોઈ સખ્સને (સન ૧૮૭૦ના આકટ ૨૭મા પ્રમાણે "અથવા જે સખ્સને કાયદાસર રીતે કેદમાં રાખ્યો હોય તે સખ્સને") કેદમાં રાખવાની કાયદા પ્રમાણે જે માણસને પોતાના સરકારી હોદાને લીધે ફરજ હોય તે માણસ અગર ગફલતથી તે સખ્સને કેદમાંથી નાસી જવા દે, તો તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—ગુન્હેગારની સંભાળ રાખવાના શીપાઈ તરીકેનું કામ જે સખ્સને સોંપ્યુ હોય તે સખ્સ સરકારી નોકર છે (કા. હા. વા. ૩ પા. ૩૬)

કોઈ શખ્સને કાયદા મુજબ પકડતા હોય તેમાં તેણે સામા થવું અથવા હરકત કરવી.

૨૨૪. જે સખ્સની ઉપર કાંઈ ગુનહાનું તોહોમત મુક્યું હોય અથવા કાંઈ ગુનોહ સાબીત થયો હોય તે ગુનાહને માટે તે શખ્સને કાયદેસર પકડવામાં તે શખ્સ ઇરાદાથી જો સામો થાય અથવા કાયદા વિરૂધ કાંઈ અડચણ કરે, અથવા તેવા કાંઈ ગુનાહને માટે તેને કાયદેસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી જો તે નાશી જાય અથવા નાસી જવાની કોસીસ કરે. તો તે શખ્સને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ખુલાસો.—આ કલમમાં લખેલી શિક્ષા છે તે, જે ગુનાહનું તોહોમત તે શખ્સની ઉપર મુક્યું હોય, અથવા જે ગુનોહ તેની ઉપર સાબીત થયો હોય તે ગુનાહને માટે તે પકડવાનો તથા કેદમાં રાખવાનો શખ્સ જે સીક્ષાને લાયક હોય, તે સિક્ષાથી ઉપરાંત સમજવી.

ટીકા.—કેદી જે જીલ્લાની કેદમાંથી નાઠો હોય તે જીલ્લાની માજીસ્ટ્રેટે તેની તપાસ કરવી જાઇએ જ્યાં પકડાય ત્યાં નહી. (મુ. હા. વા. ૧ પાને ૧૩૯ સરકાર વિરૂધ ડોસા સેરા તા.-૮-૧-૬૪

પોલીસના સિપાઇની કેદમાંથી નાશીજનાર પર કલમ ૧૮૬ પ્રમાણે તોહોમત નહી રેહેતા આ કલમ પ્રમાણે રેહેછે (મુ. હા. વા. ૨ પાને ૧૨૮ સરકાર વિ. પોશુબીનધમ્બાજી)

જે ગુન્હા બદલ કેદી કેદમાં હોય અને તે નાશી જાયતો મુળના ગુન્હા શિવાય વધારે ની શીક્ષા આ કલમ પ્રમાણે નાશી ગયા બદલ જુદી શીક્ષા કરવી જોઇએ (કા. હા. વા. ૮ સરકાર વિરૂદ્ધ ધુંડા ભુઇ તા. ૨ ડીશેમ્બર ૧૮૬૭)

કોઇ માણસ ગાંડો હોવાથી તેને દોષ મુકત કરી સરકારના હુકમ પ્રમાણે કેદમાં મોક-લ્યો હોય અને તે માણસ સાવચેતીમાં આવ્યા પછી કેદમાંથી નાશી જાય તો આ કલમ પ્રમાણે તે ગુનેહગાર થતો નથી. (મે. પ્રેમ્ટ. ૧૬૮)

એક માણસ પાસેથી સારી ચાલના જામીન લેવા માટે તેને પોલીસ માજીસ્ત્રેટની રૂબરૂ લઇ જતાં તે માણસ પોલીસના તાબામાંથી નાશી ગયો તેથી તેના પર આ કલમ પ્રમાણે તોહોમત રાખવામાં આવેલું તેમાં ઠરાવ્યુ કે કેદીપર એકાદ અપરાધ બદલ તોહો-મત છતાં કેદમાંથી નાશી ગયો નથો તેથી તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતું નથી. (કા. હા. ૪. વા. ૮ પાને ૩૩૧ સરકાર વિરૂધ સસાતીચરેન નપિત.)

કોઈ સખસને કાયદા મુજબ પકડતા હોય તેમાં કોઈ બીજા શખ્સે સામા થવું અથવા હરકત કરવી.

૨૨૫. જે સખસ કોઈ બીજા સખસને કાંઈ ગુનાહને માટે કાયદેસર પકડવામાં ઇરાદાથી સામો થાય, અથવા કાયદા વિરૂ-દ્ધ કાંઈ અડચણ કરે, અથવા કોઈ બીજા સખસને કાંઈ ગુનાહને માટે કાયદેસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી તેને છોડાવી મુકે અથવા છોડા-વી મુકવાની કોશીશ કરે, તે સખસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે;

શીક્ષા. | અથવા, અગર પકડવાના, અથવા છોડાવી મુકેલા, અથવા જેને છો-ડાવી મુકવાની કોશીશ થઈ હોય તે સખસની ઉપર જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની કેદની શીક્ષા થઈ શકે એવા ગુનાહનું તોહમત મુકયું હોય, અથ વા એવા ગુનાહને માટે પકડવા લાયક થયો હોય, તો, પેલા સખસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે;

અથવા, અગર પકડવાના, અથવા છોડાવી મુકેલા, અથવા જેને છોડાવી મુકવાની કોશીશ થઈ હોય તે સખસની ઉપર મોતની શીક્ષા થઈ શકે એવા ગુનાહનું તોહોમત મુકર્યું હોય, અથવા એવા ગુનાહને માટે તે પકડવા લાયક થયો હોય, તો, પેલા સખસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

અથવા, અગર પકડવાનો અથવા છોડાવી મુકેલો સખસ કોઈ ઇનસાફની કોરટની શી-ક્ષાના હુકમ મુજબ, અથવા તેને બદલે બીજી શીક્ષા કરવાના કાંઈ હુકમ મુજબ, જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની કે તેથી વધારે મુદત સુધી સમુદ્રપાર અથવા શાશનિક દાસત્વ અથવા કેદની, શીક્ષાને લાયક હોય, તો, પેલા સખસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

અથવા, અગર પકડવાના, અથવા છોડાવી મુકેલા, અથવા જેને છોડાવી મુકવાની કોશીશ થઇ હોય તે સખ્સની ઉપર મોતની શીક્ષાનો હુકમ થયો હોય તો, પેલા સખ્સને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જામીન આપવા ચુકયાના સબબથી કેદમાં રાખ્યું હોય ત્યાંથી નાશી જવું.

"૨૨૫" બ—ફોજદારી ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબત-ના કાયદા પમાણે સારી રોતે ચાલવા બાબતનો જામીન આપવાને ચુકયાના સબબથી જે માણસને કેદમાં રાખ્યું હોય તે ત્યાંહાંથી નાશી જશે અથવા નાશી જવાની કોશીશ કરશે તેને ઘણામાં ઘણી એક વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા અથવા દંડ અથવા એ બેઉ શીક્ષા કરવી. (સન ૧૮૭૦ ના આકટ ૨૭ મા પ્રમાણે.)

ટીકા.—સારી ચાલના જામીન આપવાને ચુકયો તેથી કેદીને કેદમાં મોકલ્યો હોય અને તેમાંથી તે નાઠો હોય તો આ કલમ પ્રમાણે ગુન્હો થાય (કા. ઈ. લા. વા. ૮ પાને ૩૩૧૦તા. ૨૯-૨-૮૨)

સમુદ્ર પારથી કાયદા વિરૂધ પાછું આવવું.

૨૨૬. જે માણસને કાયદા મુજબ સમુદ્રપાર કર્યો હોય તે માણસ, પોતાની સમુદ્રપારની મુદત વિત્યા પેહેલાં, તથા શીક્ષા માફક ન થયા છતાં અગર સમુદ્રપારથી પાછો આવે, તો તેને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને, તથા પાછો સમુદ્રપાર તથા પેહેલા ત્રણ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા પામવાને તે લાયક થશે.

શીક્ષાની માફીની સરત તોડવી.

૨૨૭. કોઇ માણસે શીક્ષાની કાંઇ સરતી માફી કબુલ કરી હોય તે માણસ અગર જે સરતથી તેને માફી મળી હોય તે સરત જાણી બુઝીને તોડે તો તે માણસને, અગર તેણે અસલ શિક્ષામાંની કાંઇ ભોગવી નહી હોય તો, જે શીક્ષાનો અસલ હુકમ થયો હોય તે શિક્ષા કરવામાં આવશે, અને તે શીક્ષામાંની કાંઇ તેણે ભોગવી હોય,તો તે શીક્ષામાંની જેટલીનહીભોગવી હોય તેટલી શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આરોપિતે ઘર ફોડ્યાનો ગુન્હો કરેયા બદલ પ્રીન્સઓફ વેલ્સ, સીંગાપુર અને મલાકાની કોરટ આફજુડા કેચરે તોહમત સાબિત કરી ગવરનર જનરલ ઠરાવે તે ઠેકાણે તેણે ૧૦ વર્ષની સમુદ્રપારની શીક્ષા ભોગવવા ઠરાવ કર્યાથી તે આઠ વરસ ને એક માસ અને પંદર દીવસ રતનાગીરીની કેદમાં રહ્યો. પછી તુરંગ ઉપરના ઇન્સપેક્ટર જનરલે તેને માફીના સરટીફીકેટ ઉપરથી તું કારવારમાં રહેજે એવી સરત તેને છોડી દીધો પણ કારવારમાં રહેતા છતાં કેદીએ રહેવાના ઘરમાં ચોરી કરી તેથી ત્યાંહાના માજીસ્ત્રેટે તેને માફીની સરત તોડ્યાપરથી આ કલમ પ્રમાણે બાકીની શિક્ષા ભોગવવાને ઠરાવ કર્યો પણ બ્રીટીસ ઈંડીયાની કોરટોને અધિકાર છે કે નહી ? એવી શંકા ઉપરથી ઠરાવ કર્યો કે ક્રી. પ્રો. કો. કા. ૩૩ "મુળના અપરાધની ચોકશી કરવાનો અધિકાર જે કોરટને હોય તે કોરટને" એવા જે શબ્દ છે તેનો અર્થ કેદીને જે અપરાધ બદલ શીક્ષા થઇ હતી તે અપરાધની ચોકશી કરવાનો જે કોઈ માજીસ્ત્રેટને અધિકાર હોય તે માજીસ્ત્રેટની કોરટ એવું સમજવું તેથી બ્રીટીસઈંડીયાની કોરટોને તે અધિકાર છે (મુ. હા. વા. ૯ પાને. ૩૫૬ સરકાર વિરૂધ અહેનુ અકાંગ)

કોઈ સરકારી નોકર કાંઈ ઇનસાફી મુકદમાના કાંઈપણ ભાગમાં બેઠાછતાંતેનુંઈરાદાથી અપમાન કરવુંઅથવા તેને હરકત કરવી.

૨૨૮. કોઇ સરકારી નોકર કાંઈ ઇનસાફી મુકદમાના કાંઇ પણ ભાગમાં બેઠો હોય તે વેળાએ તે સરકારી નોકરનું જે માણસ ઇરાદાથી અપમાન કરે, અથવા તેને કાંઈ હરકત કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—શાહેદી સાક્ષી આપતાં ફેરફાર બોલ્યો તો તેથી સરકારી નોકર આગળ ન્યાયનું કામ ચાલતાં તેને હરકત કર્યાનો ગુન્હો બનતો નથી અને કલમ ૨૨૦ પ્રમાણે તોહોમત રહી શકતું નથી (મુ. હા. વા. ૪ પાને ૬ સરકાર વિરૂધ આપુમા અવંરાવ)

પુછેલા સવાલનો જવાબ આપવાને શાહેદીને વારંવાર કહ્યા છતાં જવાબ આપવાને ના પાડે અથવા કસુર કરે તો તેથી તે શાહેદ આ કલમ પ્રમાણેનો ગુનેગાર ઠરતો નથી. (મુ. હા. વા. ૪ પાને ૭ સરકાર વિરૂધ પાંડુ વીઠોજી)

ગુનેગારની શાહેદ તરીકેની જુબાનીમાં ફેરફાર બોલી કોરટનો વખત ગુમાવ્યાથી તેના પર આ કલમ પ્રમાણે તોહોમત સાબિત કરેલું પણ (મુ. હા. વા. ૪ ને પાને ૬એ છપાયલા ફેસલા પ્રમાણે આવુ તોહોમત રહી શકતું નથી એમ સેશન જડજે લખ્યાથી હાઇકોરટે ઠરાવ્યું કે સાક્ષીદાર જોઇએ તે રીતે ફેરફાર ભાષણ કરે તે છતાં તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર નથી એમ કહેવા અમે તૈયાર નથી મતલબકે ગુન્હેગાર છે. (મુ. હા. વા. ૧૦ પાને ૬૯ સરકાર વિરૂદ્ધ જયમલ અવણ)

કોઈ સાહેદ ફેરફાર બોલે અને સવાલનો જવાબ આપવા સારૂ ના કહે તો તે ઉપરથી પીનલકોડની આ કલમ પ્રમાણે તેણે ઈરાદાથી હરકત કરી એમ થાય છે (મુ. હા. તા. ૧૬ મારચ ૧૮૭૧ સરકાર વિરૂધ અબદુલ રેહેમાન)

સબરજીષ્ટાર એ સરકારી નોકર છે પી. કો. કા. ૨૨૮ પ્રમાણે તેનું કામ એ ન્યાયનું કામ છે અને પુરાવાના આકટમાં "કોરટ" એવો જે શબ્દ છે તેમાં તે કોરટનો સમાવેશ થાયછે. અને આ કલમમાં કહેલા અપરાધ સબરજીષ્ટાર આગળ થયા છતાં તેણે જો કા. ૪૩૫ ૪૩૬ પ્રમાણે કામ નહી ચલાવ્યું તો તે કામ ચલાવવાનો માજીસ્ટ્રેટને અધિકાર નથી. (કા. હા. વા. ૨૨ પાને ૧૦ સરકાર વિરૂધ સરધારીલાલ તા. ૨૮ અપરેલ ૧૮૭૪)

કોરટના અપમાનના ગુન્હામાં તેણે કઈ રીતે અપમાન કર્યું એમ સ્પષ્ટ જણાઈ આવે એવું તોહોમતમાં લખવું જોઈએ પણ એક કોરટે તેમ નહી લખ્યાથી શિક્ષા રદ કરી (મ. હા. વા. ૪ પાને ૨૨૯)

જ્યુરર અથવા આસેસરનો વેશ લેવો.

૨૨૯. ફલાણી બાબતમાં જ્યુરર અથવા આસેસર દાખલ મારૂ નામ લખી મોકલાય, અથવા ટીપમાં લખાય, અને મને સોગંદ અપાય એવો કાયદા મુજબ મારો હક નથી એવું જે માણસ જાણતો હોય તે માણસ, વેષ લેઇને અથવા બીજી રીતે, અગર તે બાબતમાં જ્યુરર અથવા આસેસર દાખલ ઈરાદાથી પોતાનું નામ લખી મોકલાવે; અથવા ટીપમાં લખાવે અથવા સોગંદ ખાય, અથવા પોતે જાણ્યા છતાં તેમ થવા દે અથવા કાયદા વિરૂધ મારૂ નામ લખી મોકલ્યુંછે, અથવા ટીપમાં લખ્યું છે અથવા સોગંદ આપ્યા છે, એમ પોતે જાણ્યા છતાં, જે માણસ બુદ્ધિપુરવક તે જ્યુરીમાં બેશીને અથવા તે આસેસર દાખલ કામ કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બાબ ૧૨ મો

શિક્કા તથા સરકારી સ્ટાંપ સંબંધી ગુનાહો બાબત.

શિક્કો. | ૨૩૦. શિક્કો એટલે જે ધાતુ નાણાં દાખલ વપરાતો હોય, તથા જે પર છાપ મારીને નાણાં દાખલ વાપરવા માટે તેને કોઈ સરકારના હુકમથી બાહાર પાડ્યા હોય, તે ધાતુ.

રાણીનો શિક્કો. | જે શિક્કાપર છાપ મારીને તેને રાણીના હુકમથી, અથવા હિંદુસ્તાનની સરકારના, અથવા કોઈ પણ પ્રેશીડેન્સીની સરકારના, અથવા રાણીના રાજ્ય માહેલી કોઈ પણ સરકારના, હુકમથી નાણાં દાખલ વપરાવા માટે બાહાર પડ્યો હોય, તે શિક્કો તે રાણીનો શિક્કો.

દ્રષ્ટાંત.

(અ) કોડીયો શિક્કો નથી.

(બ) વગર છાપેલા ત્રાંબાના ગઠા, અગર નાણાં દાખલ વપરાય તોપણ શિક્કો નથી,

(ક) ચાંદ કાંઈ શિક્કો ન ગણાય, કેમકે તે નાણાં દાખલ વાપરવાના ઇરાદાથી થયેલાં નથી.

(ડ) જે શિક્કાનું નામ કંપનીનો રૂપીયો પડ્યું છે તે રાણીનો શિક્કો છે.

ટીકા.—નાણાં એટલે જે ધાતુનો પૈસા તરીકે ઉપયોગ કરેછે તે ધાતુનો ટુકડો પૈસા એ સાધારણ કિમતનું પરીમાણ છે. અને અદલા બદલાના બ્યાપારમાં તે મધ્યમ છે. અમુક એક ધાતુનો ટુકડો એ પૈસા છે કીંવા નહી ? એની કસોટી જોતી તે, તે ટુકડા બજારમાં લઇ ગયા છતા તેને બદલે જોઇએ તે જણસ મળે કીંવા નહી ? તે જોઇ કરવી અને તેટલા વાસ્તે તેની કીમત ઠરાવવી જોઇએ તેની કીમત માહિતગાર લોકને અને ચતુર લોકને માત્ર માહીત હોય તો તે બસ નથી. આ કામમાં અકબર બાદશાહના વખતનાં ચાલુનાણાં ખોટા શીક્કા વાપર્યાનું તોહોમત હતું પણ તે નાણાં ચાલુ નાણાં નથી માટે તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતું નથી (મુ. હા. વા. ૧૧ પા. ૧૭૨ સરકાર વિરૂધ બાપુજી જાદવ વીગરે)

શિક્કો ખોટો બનાવવો. | ૨૩૧. જે માણસ શિક્કો ખોટો બનાવે, અથવા જાણી બુઝીને શિક્કો ખોટો બનાવવાની ક્રિયાનો કાંઈ પણ ભાગ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—જે સખસ ઠગબાજી કરવાના ઇરાદાથી, અથવા એમ કરવાથી ઠગબાજી થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, કોઈ ખરા શિક્કાને બીજા શિક્કા સરખો દેખાતો કરે, તે સખસે આ ગુનોહ કરેચો એમ સમજવું.

રાણીનોશિક્કો ખોટો બનાવવો. | ૨૩૨. જે માણસ રાણીનો શિક્કો ખોટો બનાવે, અથવા જાણી બુઝીને રાણીનો શિક્કો ખોટો બનાવવાની ક્રીયાનો કાંઈ પણ ભાગ કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

શિક્કો ખોટો બનાવવાનાં ઠ- | ૨૩૩. શિક્કો ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે, અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ

થિયાર બનાવવાં અથવા વેચવાં.

માનવાનું કારણ છતાં, જે માણસ કાંઈ છાપ અથવા હથિયાર બનાવે અથવાં સમારે, અથવા તે બનાવવાની અથવા સમારવાની ક્રીયાનો કાંઈ પણ ભાગ કરે, અથવા તે ખરીદ કરે, વેચે, કે કોઈને આપે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીનો શિક્કો ખોટો બનાવવાનાં હથિયાર બનાવવાં અથવા વેચવાં.

૨૩૪. રાણીનો શિક્કો ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે, અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ કાંઈ છાપ અથવા હથિયાર બનાવે અથવા સમારે, અથવા તે બનાવવાની અથવા સમારવાની ક્રિયાનો કાંઈ પણ ભાગ કરે, અથવા તે ખરીદ કરે, વેચે, કે કોઈને આપે, તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

શિક્કો ખોટો બનાવવાનાં કારણસર કાંઈ હથિઆર અથવા સામાન રાખવો.

૨૩૫. શિક્કો ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે, અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ પોતાના કબજામાં કાંઈ હથિયાર અથવા સામાન રાખે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર ખોટો બનાવવાનો શિક્કો રાણીનો હોય, તો તે માણસને દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાય થશે.

ટીકા.—કોઈ માણસની પેટીમાં અગર તેના તાબાની જગામાં નાણાં પાડવાનાં હથીયાર હોય અને તે ત્યાં છે એમ તેને જાણ હોય તો તે હથીયાર તે માણસના તાબામાં છે એમ જાણવું. કદાચ તે માણસ તે હથીયારનો ઉપયોગ કરતો ન હોય તોએ હરકત નથી. એજ પ્રમાણે જો અનેક માણસ મળી ને કામ કરતા હોય અને એનાં હથીયારનું તેને માહીત હોય તો તે હથીયાર પ્રત્યેકના તાબામાં છે એમ સમજવું (મે. કા. પ્ર. ૧૭૪. ૧૭૫)

હીંદુસ્તાનમાં રહીને હીંદુસ્તાનની બાહાર કાંઇ શીક્કો ખોટો બનાવવામાં મદદગારી કરવી.

૨૩૬. જે માણસ, બ્રિટિશ ઈંડીયામાં છતાં, બ્રિટિશ ઈંડીયાની બાહાર કાંઈ શિક્કો ખોટો બનાવવામાં મદદગારી કરે, તે માણસને, જાણે તેણે બ્રિટિશ ઈંડીયાની માંહેજ તે શિક્કો ખોટો બનાવવામાં મદદગારી કરી હોય, એવી રીતે શિક્ષા કરવામાં આવશે.

ખોટો શિક્કો આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બાહાર લઈ જવો.

૨૩૭. ફલાણો શિક્કો ખોટો બનાવેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં. જે માણસ તે શિક્કો બ્રિટિશ ઈંડીયા મધ્યે લાવે અથવા બ્રિટિશ ઈંડીયા મધ્યેથી બાહાર લઈ જાય, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીનો શિક્કો ખોટો. બનાવેલો આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બાહાર લઈ જવો.

૨૩૮. ફલાણો ખોટો શિક્કો રાણીનો શિક્કો ખોટો બનાવેલો છે એમ જાણીને, અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ તે શિક્કો બ્રિટિશ ઈંડીયા મધ્યે લાવે અથવા બ્રિટિશ ઈંડીયા મધ્યેથી બાહાર લઈ જાય, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ શિક્કો ખોટો છે એમજાણીને રાખ્યો હોય, તે બીજાને આપવો.

૨૩૯. કોઈ માણસની પાસે કાંઈ ખોટો શિક્કો હોય, અને તેની પાસે તે શિક્કો આવ્યો ત્યારે તેણે એમ જાણ્યું હોય કે આ શિક્કો ખોટો છે તે માણસ અગર દગલબાજીથી, અથવા દગો થાય એવા ઇરાદાથી, તે શિક્કો કોઈ સખસને આપે, અથવા કોઈ સખસને તે લેવાને લલચાવવાની કોશીશ કરે, તો તે માણસને પાંચ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીનો કાંઈ શિક્કો ખોટો છે એમ જાણીનેરાખ્યો હોય તે બીજાને આપવો.

૨૪૦. કોઈ માણસની પાસે કાંઈ ખોટો શિક્કો હોય, અને તે શિક્કો રાણીનો શિક્કો ખોટો બનાવેલો હોય, અને તેની પાસે તે શિક્કો આવ્યો ત્યારે તેણે એમ જાણ્યુ હોય કે આ રાણીનો શિક્કો ખોટો બનાવેલો છે, તે માણસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શિક્કો કોઈ સખસને આપે, અથવા કોઈ સખસને તે લેવાને લલચાવવાની કોશિશ કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કલમ મુજબ તોહોમત રાખી જ્યુરીની રૂબરૂ કેદીની તપાસ કરી જ્યુંરી એ તેને નિરપરાધી ઠરાવ્યો ત્યારે શેશન જડજ કા. ૨૪૧ મુજબ તોહોમત રાખી આસેસર સાથે મળતા થઈ તોહોમતદાર ઠરાવ્યો તેમાં હાઇકોરટે ઠરાવ્યું કે જ્યુરીએ ફેસલો કર્યા પછી તોહોમત નામામાં ફેરફાર કરવા શેશન જડજને અધિકાર નથી. (મુ. હા. વા. ૫ પાને ૯ સરકાર વિરૂદ્ધ શેખઅલી ફકીરમમદ)

કોઈ માણસની પાસે કાંઈ શિક્કો પેહેલાં આવે તે વખતે તે એમ જાણતો ન હોય કે આ શિક્કો ખોટો છે તે શિક્કો તે માણસે કોઇને ખરા દાખલ આપવો.

૨૪૧. કાંઈ ખોટો શિક્કો, ખોટો છે એમ જે સખસ જાણતો હોય પણ તે પોતાના કબજામાં લેતો વખતે તે ખોટો છે એમ જે સખસે જાણ્યું ન હોય તે સખસ અગર તે શિક્કો ખરા શિક્કા દાખલ કોઈ બીજા સખસને આપે, અથવા કોઈ બીજા સખસને તે ખરા શિક્કા દાખલ લેવાને લલચાવવાની કોશિશ કરે, તો તે સખસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા તે જેના જેવા ખોટો બનાવેલો હોય તે શિક્કાની કીમતની દસ ઘણી રકમ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

એક શીક્કા પાડનારો આ ખોટા કંપનીના રૂપીયા પોતાના સોબતી બ ને આપે, એટલા સારૂ કે તે તે રૂપીયા ચલાવે. બ તે રૂપીયા એક બીજા ચલાવનાર ક ને

વેચાતા આપે, અને ક તે ખોટા છે એમ જાણીને તે રૂપીયા વેચાતા લે. પછી કાંઈ માલ લેઇને તેની કીંમતમાં તે રૂપીયા ક ડ ને આપે, અને ડ તે ખોટા છે એમ ન જાણતાં લે. પાછળથી તે રૂપીયા લીધા પછી તે ખોટા છે એમ ડ ને ખબર પડે, અને ડ ત્યારપછી તે ખરા હોય એવી રીતે તે રૂપીયા કોઇને આપે, તો ડ ને ફક્ત આ કલમ મુજબ શીક્ષા થઈ શકે છે, પણ બ તથા ક એઓને, મુકદમાની કેફીયત મુજબ ૨૩૯ મી અથવા ૨૪૦ મી કલમ પ્રમાણે શીક્ષા થઈ શકે છે.

કોઈ શિક્કો કોઈ સખ્સની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યુ હોય કે આ શિક્કો ખોટો છે તે સખ્સે તે ખોટો શિક્કો પાસે રાખવો.

૨૪૨. કાંઈ ખોટો શીક્કો પોતાના કબજામાં આવ્યો હોય તે વખતે તે ખોટો છે એમ જાણ્યા છતાં, જે માણસ દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે ખોટો શીક્કો પોતાના કબજામાં રાખે તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીનો કોઈ શિક્કો કોઈ સખ્સની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યું હોય કે આ શિક્કો ખોટો છે તે શખ્સે તે ખોટો શિક્કો પાસે રાખવો.

૨૪૩. રાણીના શીકા જેવા ખોટો બનાવેલો કોઈ શીક્કો પોતાના કબજામાં આવ્યો હોય તે વખતે તે શીક્કો ખોટો બનાવેલો છે એમ જાણ્યા છતાં, જે માણસ દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કો પોતાના કબજામાં રાખે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટંકશાળમાં નોકર રહેલા માણસે કાયદામાં ઠરાવેલા વજન અથવા મેળવણીથી જુદાં વજન અથવા મેળવણીનો શિક્કો બનાવવો.

૨૪૪. બ્રિટિશ ઇંડીયા મધ્યે કાયદા મુજબ સ્થાપેલી કોઈ પણ ટંકશાળમાં જે માણસ નોકર રહેલો હોય, તે માણસ તે ટંકશાળમાંથી નીકળતો કોઈ શીક્કો તે શીક્કાનું વજન અથવા મેળવણી કાયદાથી કરી હોય તેથી જુદા વજન અથવા મેળવણીનો થાય એવા ઇરાદાથી અગર કાંઈ કામ કરે, અથવા જે કામ કરવાની તેને કાયદા મુજબ ફરજ હોય તે કામ કરવામાં કસુર કરે, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયકથશે.

શિક્કા પાડવાનું હથિયાર કોઈ ટંકશાળમાંથી કાયદા વિરૂદ્ધ લઇજવું.

૨૪૫. બ્રિટીશ ઈંડિયા મધ્યે કાયદા મુજબ સ્થાપેલી કોઈ પણ ટંકશાળ મધ્યેથી, કાયદેસર અખતિયાર વિના, જે માણસ કાંઈ શીક્કો પાડવાનું હથિયાર અથવા ઓજાર લેઈ જાય, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

દગલબાજીથી અથવા બદદ્યાનતથી કોઈ શિક્કાનું વજન ઓછું કરવું અથવા તેની મેળવણીમાં ફેરફાર કરવો.

૨૪૬. કોઈ પણ શીક્કા ઉપર જે માણસ દગલબાજીથી અથવા બદદ્યાનતથી એવી કાંઈ ક્રિયા કરે કે તેથી તે શીક્કાનું વજન ઓછું થાય, અથવા તેની મેળવણી બદલાય, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો.—કોઈ સખસ એક શિક્કાનો કાંઈ અંસ કોરી કાહાડે અને તે છેદમાં કાંઈ બીજી વસ્તુ મુકે. તો તેણે તે શીક્કાની મેળવણી બદલી એમ સમજવું.

દગલબાજીથી અથવા બદદાનતથી રાણીના શિક્કાનું વજન ઓછું કરવું અથવા તેની મેળવણી બદલવી.

૨૪૭. રાણીના શીક્કાઓમાંના કોઇપણ શીક્કા ઉપર જે માણસ દગલબાજીથી અથવા બદદાનતથી એવી કાંઈ ક્રિયા કરે કે તેથી તે શીક્કાનું વજન ઓછું થાય અથવા તેની મેળવણી બદલાય, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ શિક્કો બીજા શિક્કાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે શિક્કાનું રૂપ બદલવું.

૨૪૮. કોઇપણ શિક્કા ઉપર જો કોઈ માણસ એવી કાંઈ કીયા કરે કે તેથી તે શિક્કાનું રૂપ બદલાય, અને તે એવા ઇરાદાથી કે તે શીક્કો કાંઈ બીજા પ્રકારના શીક્કાને ઠેકાણે ચાલે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીનો કોઈ શિક્કો બીજા શિક્કાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે શિક્કાનુ રૂપ બદલવું.

૨૪૯. રાણીના શિક્કાઓમાંના કોઈ પણ શીક્કા ઉપર જો કોઈ માણસ એવી કાઈ કીયા કરે કે તેથી તે શીક્કાનું રૂપ બદલાય, અને તે એવા ઇરાદાથી કે તે શીક્કો કોઈ બીજા પ્રકારના શીક્કાને ઠેકાણે ચાલે, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

આ શિક્કામાં ફેરફાર થએલો છે એવું જાણીને જે શિક્કો પાસે રાખ્યો હોય તે બીજાને આપવો.

૨૫૦. કોઈ શખસના કબજામાં કાંઈ શીક્કો હોય, અને તે શિક્કા બાબત ૨૪૬ મી અથવા ૨૪૮ મી કલમમાં બયાન કરેલો ગુનોહ કરવામાં આવ્યો હોય અને તે શિક્કા બાબત તે ગુનોહ કરવામાં આવેલો છે એમ તે સખસના કબજામાં તે શિક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય, તે સખસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કો કોઈ બીજા સખસને આપે, અથવા કોઈ બીજા સખસને તે શિક્કો લેવાને લલચાવવાની કોશીશ કરે, તો તેને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

આ શિક્કામાં ફેરફાર થએલો છે એમ જાણીને રાણીનો જે શિક્કો પાસે રાખ્યો હોય તે શિક્કો આપવો.

૨૫૧. કોઈ સખસના કબજામાં કાંઈ શિક્કા હોય, અને તે શિક્કા બાબત ૨૪૭ મી અથવા ૨૪૯ મી કલમમાં બયાન કરેલો ગુનોહ કરવામાં આવ્યો હોય, અને તે શિક્કા બાબત તે ગુનોહ કરવામાં આવેલો છે એમ તે સખસના કબજામાં તે શિક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય તે સખસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શિક્કા કોઈ બીજા સખસને આપે અથવા કોઈ બીજા સખસને તે શિક્કો લેવાને લલચાવવાની કોશીશ કરે, તો તેને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ સખસની પાસે કાંઈ ફેરફાર થએલો શિક્કો આવતી વખતે તેમાં ફેરફાર થએલો છે એમ તેણે જાણ્યા છતાં તે પાસે રાખવો.

૨૫૨. જે શિક્કા બાબત ૨૪૬ તથા ૨૪૮ મી એ બે કલમોમાંની ગમે તે કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરવામાં આવ્યો હોય, તે શિક્કો દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી કોઈ માણસના કબજામાં હોય, અને શિક્કા બાબત તે ગુનોહ કરવામાં આવેલો છે એમ તે માણસના કબજામાં તે શિક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ સખસની પાસે કાંઈ ફેરફાર થએલો રાણીનો શિક્કો આવતી વખતે તેમાં ફેરફાર થએલો છે એમ તેણે જાણ્યા છતાં તે પાસે રાખવો.

૨૫૩. જે શિક્કા બાબત ૨૪૭ મી, તથા ૨૪૯ મી એ બે કલમોમાંની ગમે તે કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરવામાં આવ્યો હોય, તે શિક્કો દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી કોઈ માણસના કબજામાં હોય અને તે શિક્કા બાબત તે ગુનોહ કરવામાં આવેલો છે એમ તે માણસના કબજામાં તે શિક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય તો તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જે શિક્કો કોઇ માણસની પાસે પેહેલાં આવતી વખતે તેમાં ફેરફાર થએલો છે એમ તેણે જાણ્યું ન હોય તે શિક્કો તેણે બીજાને ખરા શિક્કા દાખલ આપવો.

૨૫૪. જે શિક્કા બાબત કોઈ સખસ એમ જાણતો હોય કે એની ઉપર કલમ ૨૪૬, ૨૪૭, ૨૪૮, અથવા ૨૪૯ મીમાં લખી છે તેવી કાંઈ ક્રીયા કરવામાં આવી છે, પણ જે શિક્કો તે સખસના કબજામાં આવતી વખતે તે બાબત તેવી કાંઈ ક્રીયા કરવામાં આવેલી છે એમ તેણે જાણેલું ન હોય, તે સખસ તો અગર કોઈ બીજા સખસને તે શિક્કો ખરા શિક્કા દાખલ, અથવા તે શિક્કો જે પ્રકારનો હોય તેથી જુદા પ્રકારના શિક્કા દાખલ આપે, અથવા કોઈ સખસને તે શિક્કો ખરા શિક્કા દાખલ અથવા તે શિક્કો જે પ્રકારનો હોય તેથી જુદા પ્રકારના શિક્કા દાખલ લેવાને લલચાવવાની કોશિશ કરે તો તે સખસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા તે બદલેલો શિક્કો જે શિક્કાને ઠેકાણે ચલાવ્યો હોય અથવા ચલાવવાની કોશિશ કરી હોય તે શિક્કાની કીમતની દશ ગણી રકમ સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

સરકારી સ્ટાંપ ખોટો બનાવવો.

૨૫૫. મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલો કોઈ પણ સ્ટાંપ જે માણસ ખોટો બનાવે, અથવા જાણી બુઝીને તે ખોટો બનાવવાની ક્રિયાનો કાંઇપણ ભાગ કરે, તે માણસને જીવતા સુધી સમુદ્રપારનો અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—કોઈ સખસ એક પ્રકારના ખરા સ્ટાંપને બીજા પ્રકારના ખરા સ્ટાંપ સરખો દેખાતો કરીને ખોટો સ્ટાંપ બનાવે, તેણે આ ગુનોહ કર્યો એમ સમજવું.

ટીકા.—એક રૂપીયાના સ્ટાંપને બદલે એક આનાનો સ્ટાંપ વાપરવો તે એક રૂપીયાનો સ્ટાંપ ખોટો બનાવ્યાનો ગુન્હો નથી. (ઈ. ડા. પ્ર. ૨૪૪)

કોઈ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર કાંઈ હથિયાર અથવા સામાન પાસે રાખવો.

૨૫૬. મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલો કોઈ સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે, અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ પોતાના કબજામાં કાંઈ હથિયાર અથવા સામાન રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાનાં કારણસર હથિયાર બનાવવું અથવા વેચવું.

૨૫૭. મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલો કોઈ સ્ટાંમ ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે, અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ કાંઈ હથિયાર બનાવે, અથવા તે બનાવવાની ક્રિયાનો કાંઇપણ ભાગ કરે, અથવા તે ખરીદ કરે, વેચે કે કોઇને આપે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારી સ્ટાંપ ખોટા બનાવેલા વેચવા.

૨૫૮. જાણો સ્ટાંપ મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલા કોઈ સ્ટાંપ જેવા ખોટો બનાવેલો છે એમ જાણીને, અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ તે સ્ટાંપને વેચે અથવા વેચવાનું કહે. તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો પાસે રાખવો.

૨૫૯. જાણો સ્ટાંપ મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલા કોઈ સ્ટાંપ જેવો ખોટો બનાવેલો છે એમ જાણી, તેને ખરા સ્ટાંપ દાખલ વાપરવાના અથવા આપવાના ઇરાદાથી અથવા તે ખરા સ્ટાંપ દાખલ વાપરવામાં આવે એટલા માટે, જે માણસ તે સ્ટાંપ પોતાના કબજામાં રાખે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો છે એમ જાણ્યા છતાં તે ખરા દાખલ વાપરવો.

૨૬૦. જાણો સ્ટાંપ મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલા કોઈ સ્ટાંપ જેવો ખોટો બનાવેલો છે એમ જાણીને જે માણસ તે સ્ટાંપને ખરા સ્ટાંપ દાખલ વાપરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

સરકારને હાનિ કરવાના ઇરાદાથી જે પર સરકારી સ્ટાંપ હોય એવા કોઈ પદાર્થ ઉપરથી કાંઇ લખાણ ચેરી નાખવું, અથવા કોઈ લેખને માટે કાંઈ સ્ટાં

૨૬૧. જે પદાર્થપર મેહેસુલના કારણસર સરકાર બાહાર પાડેલો સ્ટાંપ લગાડેલો હોય તે પદાર્થ ઉપરથી જે લખાણ અથવા લેખને માટે તે સ્ટાંપ વાપરેલો હોય તે લખાણ અથવા લેખ જે માણસ દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઇરાદાથી, કાહાડી અથવા ચેહેરી નાખે, અથવા કોઈ સ્ટાંપ

પ વાપરેલો હોય તે સ્ટાંપ તેલેખપરથીકાહાડીનાખવો

કાંઈ બીજા લખાણ અથવા લેખને માટે વાપરવામાં આવે એટલા માટે જે લખાણ અથવા લેખને માટે તે સ્ટાંપ વાપર્યો હોય તે લખાણ અથવા લેખપરથી જે માણસ તે સ્ટાંપને કાહાડી નાખે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—ઉપરની કલમમાં કહેલી બીના દગલબાજી અને સરકારને નુકશાન કરવાના હેતુથી થવી જોઈયે એક વખત વાપરેલા સ્ટાંપનો ફરી ઉપયોગ કર્યો એમ બતાવ્યા શિવાય આગરે તેવા અનુમાન શિવાય સરકારને નુકશાન કરવાનો ઇરાદો હતો એમ સીદ્ધ થતું નથી તેથી જો કોઈ શખસ એકાદ સ્ટાંપ કાગળ પર લખેલો મજકુર ખરડીને તે મજકુરને સ્ટાંપનું કારણ ન પડે એવો મજકુર લખે તો તેથી ગુન્હો થતો નથી. (મુ. કા. પ્ર. ૧૮૩)

કોઈ સરકારી સ્ટાંપ આગળ વાપરેલો છે એમ જાણ્યા છતાં તે પાછો વાપરવો.

૨૬૨. મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલો કોઈ પણ સ્ટાંપ આગળ વપરાયલો છે એમ જાણ્યા છતાં, દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઇરાદાથી, જે માણસ કાંઈ પણ કારણસર તે સ્ટાંપ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

સ્ટાંપ વાપરેલો છે એવી રીતની કાંઇ નીશાની છોલી નાખવી.

૨૬૩. મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલો કોઇપણ સ્ટાંપ વપરાએલો છે એમ દેખાડવા સારૂ તે સ્ટાંપપર કરેલી અથવા મારેલી કાંઈ પણ નિશાની, દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઇરાદાથી, જે માણસ છોલી અથવા કાહાડી નાખે, અથવા જે સ્ટાંપ ઉપરથી એવી કાંઈ નિશાની છોલી અથવા કાહાડી નાખી હોય, એવો કોઈ સ્ટાંપ જે માણસ જાણી બુઝીને પોતાના કબજામાં રાખે, અથવા વેચે અથવા કોઇને આપે, અથવા એવો કોઈ સ્ટાંપ વપરાએલો જાણ્યા છતાં જે માણસ તે સ્ટાંપ વેચે, અથવા કોઇને આપે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

બાબ ૧૩ મો.

કાટલાં તથા માપ સંબંધી ગુન્હા બાબત.

તોળવાનું ખોટું યંત્ર દગલબાજીથી વાપરવું.

૨૬૪. તોળવાનું કાંઇ પણ યંત્ર ખોટુંછે એવું જાણીને જે માણસ દગલબાજીથી વાપરે તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ખોટું કાટલું અથવા માપ દગલબાજીથીવાપરવું.

૨૬૫. જે માણસ કાંઈ પણ ખોટુ કાટલું અથવા લંબાઇનું કે ભરતનું ખોટુ માપ દગલબાજીથી વાપરે, અથવા એક કાટલાને અથવા લંબાઇના કે ભરતલનાં માપને તે છે તેથી કાંઇ જુદાં કાટલાં અથવા માપને ઠેકાણે દગલબાજીથી વાપરે, તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની

કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ખોટાં કાટલાં અથવા માપ પાસે રાખવાં. | ૨૬૬. તોળવાનું કાંઇ પણ યંત્ર, અથવા કાંઈ કાટલું, અથવા લંબાઇનું કે ભરતલનું કાંઇ માપ, ખોટુંછે એવું જાણીને, તથા તે દગલબાજીથી વાપરવામાં આવે એવા ઇરાદાથી, જે માણસ પોતાની પાસે રાખે, તેને એક વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—મંજુર કરેલા માપ કરતાં વધારે માપનાં કાટલાં કોઈના કબજામાં હોય તો તેટલાજ ઉપરથી આ કલમ મુજબ ગુન્હો થતો નથી. તોહોમતનામામાં દગલબાજી ભરેલો ઇરાદો લખવો જોઇએ અને તે સાબિત પણ થવો જોઇયે. (મુ. હા. વા. ૧ પા. ૧૮૧ સરકાર વિ. દામોદર દયાલજી તા. ૨૭ જાનેવારી ૧૮૬૪)

ખોટાકાટલાં અથવા માપ બનાવવાં,-વેચવાં. | ૨૬૭. તોળવાનું કાંઇ પણ યંત્ર, અથવા કાંઈ કાટલું, અથવા લંબાઇનું કે ભરતલનું કાંઇ માપ ખોટુંછે એવું જાણીને જે માણસ બનાવે, વેચે, અથવા કોઇને આપે, એટલા સારૂ કે તે ખરાને ઠેકાણે વપરાય અથવા એવું જાણીને કે તે ખરાને ઠેકાણે વપરાય એવો સંભવછે, તો તેને એક વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બાબ ૧૪ મો.

લોકોની તનદુરસ્તી, સલામતી, અનુકુળતા, લજ્જા તથા નીતિ સંબંધી ગુન્હાઓ બાબત.

લોકાપકારકકૃત્ય. | ૨૬૮. જે સખસ એવું કાંઇ કામ કરે, અથવા એવી કાંઇ કાયદા વિરૂદ્ધ કસુર કરે, કે જેથી લોકને, અથવા જે માણસો પાડોસમાં રેહેતા હોય અથવા જેઓના કબજામાં ત્યાંહાં પાડોશમાં કાંઇ મિલકત હોય તે સર્વ માણસોને, કાંઈ સાધારણ નુકશાન, ભય, અથવા દુઃખ થાય અથવા જેથી જે સખસોને કાંઇ સાર્વજનીક હક વાપરવાની જરૂર પડે તે શખસોને નુકશાન, અડચણ, ભય, અથવા દુઃખ થયા વિના રેહેજ નહી; તે સખસે લોકાપકારક કૃત્ય કર્યું એમ સમજવું.

કોઈ સર્વાપકારક કૃત્યથી કાંઇ અનુકુળતા અથવા લાભ થતો હોય, તે તે સબબથી તે ગુનોહ માફ થઇ શકતો નથી.

ટીકા.—ક્રી. પ્રો. કો. ના બાબ ૨૦ પ્રમાણે (સ્થાનિક અપકારક વસ્તુ વીશેનો) પેસ્તર કામ ચાલેલું નહીં એવા સબબથી આ કલમ પ્રમાણે લોકાપકારક કૃત્ય વિશેની ફરિયાદનું કામ ચલાવવું એ કાયદેસીર નથી. (મુ. હા. તા. ૧૭ સપટેમ્બર ૧૮૬૯ સરકાર વિ૦ સુકલાલ વિગેરે.)

નફા અથવા ફાયદાને સારૂ જે જુગારનું મકાન રાખવામાં આવેછે તેને "સાધારણ જુગાર ખેલવાનું મકાન" કહેવું. સર્વ લોકને કાંઈ ખરેખરી હરકત થાય છે એવા

પુરાવા શિવાય હરેક સખસ જે જુગાર રમનારાઓને પોતાના ઘરમાં લે તે સખસ તથા જે સખસો તેમાં જુગાર રમે તે સર્વ સખસો આ કલમના અર્થ પ્રમાણે લોકાપકારક કૃત્ય કરવાના ગુન્હેગાર થાયછે એવો ઠરાવ કરાતો નથી. (મુ.હા.તા. ૧ ડીશેમ્બર ૧૮૭૦ સરકાર વિરૂદ્ધ હાઉ, નાગજી વીગેરે.)

મુંબાઇના સને ૧૮૬૭ ના આકટ ૭ ની કા. ૩૧ માં "અપકારક કૃત્ય કરે" એવા જે બોલ લખ્યા છે તેનો અર્થ આ કલમમાં જે "લોકાપકારક કૃત્યના" વાખ્યા આપીછે તેવો નથી પણ "અપકારક કૃત્ય કરો નહિ" એવી જે લોકોને સામાન્ય નોટીસ (ચેતવણી) આપેલી હોયછે તેમાં "અપકારક કૃત્ય" એ બોલનો જે અર્થ થાયછે તેજ અર્થ સદરહુ કા. ૩૧ માં સમજવો.

જિંદગીને જોખમ પોહોંચે એવા રોગનો ચેપ પસરે એવું ગફલતીનું કામ.

૨૬૯. જે માણસ કાયદા વિરૂદ્ધ અથવા ગફલતથી એવું કાંઇ કામ કરે, કે જેથી જીંદગીને જોખમવાળા કોઈ રોગનો ચેપ પસરશે એવો સંભવ હોય, અને એવો સંભવછે એમ તે જાણતો હોય, અથવા એમ માનવાનું તેને કારણ હોય તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

જીંદગીને જોખમ પોહોંચે એવા રોગનો ચેપ પસરે એવું દ્વેષબુદ્ધિનું કામ.

૨૭૦. જે માણસ દ્વેષબુદ્ધિથી એવું કાંઈ કામ કરે, કે જેથી જીંદગીને જોખમવાળા કોઇ રોગનો ચેપ પસરશે એવો સંભવ હોય, અને એવો સંભવછે એમ તે જાણતો હોય, અથવા એમ માનવાનું તેને કારણ હોય, તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—કલકત્તા મ્યુનીસીપાલિટીપર આ કલમ પ્રમાણે થયેલી ફરીયાદીમાં ઠરાવ કર્યો કે મ્યુનીસીપાલ કમીશનર એ પીનલકોડમાં કહ્યા પ્રમાણે સરકારી નોકર છે તો પણ જે લોકપર સરકારની મંજુરી શિવાય ફરિયાદ ઇલાકાના માજીસ્ટ્રેટને લેવાને મનાઈ છે તેમાં મ્યુનીસિપાલ કમિશનરનો સમાવેશ થતો નથી. સબબ કલકત્તા મ્યુનિસિપાલિટીપરની ફરિયાદ સરકારની મંજુરી લીધા શિવાય ચલાવવાનો ઇલાકાના માજીસ્ટ્રેટને અધિકાર છે. (કા. હા. ઇ. લા. વા. ૩ પા. ૭૬૮)

રોગનાસબબથી દુર રહેવા સબંધીની કાંઇ કાનુન ન માનવી.

૨૭૧. કોઈ વાહાણને રોગના સબબથી દુર રાખવા બાબતની અથવા તે સબબથી દુર રાખેલાં વાહાણોનો કિનારા સાથેનો અથવા બીજા વાહાણો સાથેનો વેહેવાર કેમ ચાલે તેનો બંદોબસ્ત કરવા બાબતની, અથવા જે જગોમાં કાંઈ ચેપી રોગ ચાલતો હોય તે જગો તથા બીજી જગોની વચે વેહેવાર કેમ ચાલે તેનો બંદોબસ્ત કરવા બાબતની હિંદુસ્તાનની સરકારે, અથવા કોઇ પણ સરકારે, કરીને જાહેર કરેલી કોઇ કાનુન જે માણસ જાણીબુઝીને ન માને, તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

વેચવાને ઇરાદે રાખેલી ખાવાની અથવા પીવાની વસ્તુમાં કાંઇ ભેળ કરવી.

૨૭૨. કોઈ માણસ કાંઈ ખાવાની અથવા પીવાની વસ્તુમાં ભેળ કરે, એવી રીતે કે તેથી તે વસ્તુ ખાવાથી અથવા પીવાથી અવગુણ થાય, અને એવા ઇરાદાથી કે તે વસ્તુ ખાવાને અથવા પીવાને વેચવી; અથવા તે ખાવાને અથવા પીવાને વેચાશે એવો સંભવછે

એમ જાણ્યા છતાં તો તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખાવાની અથવા પીવાની અવગુણકારક વસ્તુ વેચવી.

૨૭૩. જે વસ્તુ અવગુણકારક કરેલી અથવા થયેલી હોય, અથવા ખાવા અથવા પીવા જોગ સ્થિતિમાં ન હોય, તેવી કાંઈ વસ્તુ ખાવા અથવા પીવાની વસ્તુ દાખલ કોઈ માણસ વેચે; અથવા વેચવાનું કહે, અથવા વેચવા મુકે, અને તે વસ્તુ ખાવામાં અથવા પીવામાં અવગુણકારકછે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં એ પ્રમાણે કરે, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

વસાણામાં ભેળ કરવી.

૨૭૪. કોઈ માણસ કાંઈ વસાણામાં અથવા તઈયાર કરેલા અઉષધમાં કાંઈ ભેળ કરે, એવી રીતે કે તેથી તે વસાણાનો અથવા તઇયાર કરેલા અઊષધનો ગુણ ઓછો થાય, અથવા તેની અસર બદલાય, અથવા તે અવગુણકારક થાય, અને તેમાં તેવી કાંઈ ભેળ ન થઇ હોય એ પ્રમાણે તે કાંઈ દવાના કામને સારૂ વેચવી અથવા વાપરવી એવા ઇરાદાથી અથવા તેવાં કામને સારૂ તે વેચાશે અથવા વપરાશે એવો સંભવછે એમ જાણ્યા છતાં, તે એ પ્રમાણે કરે, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ભેળ થએલાં વસાણાં વેચવાં.

૨૭૫. કાંઈ વસાણામાં અથવા તૈયાર કરેલા ઔષધમાં તેનો ગુણ ઓછો થાય, અથવા તેની અસર બદલાય, અથવા તે અવગુણકારક થાય, એવી રીતે કાંઈ ભેળ થએલી છે, એમ જાણીને જે માણસ તે વસાણું અથવા તઇયાર કરેલું ઔષધ, તેમાં ભેળ ન થઈ હોય એ પ્રમાણે, કાંઈ દવાના કામને સારૂ, વેચે, અથવા વેચવાનું કેહે, અથવા વેચવા મુકે, અથવા કોઈ દવાખાનામાંથી આપે, અથવા જે સખસને તેમાં ભેળ થએલી ખબર ન હોય એવા કાંઈ સખસ પાસે તે દવાના કામમાં વપરાવે, તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કાંઇ વસાણાને તે જુદું અથવા વસાણું તઇયાર. કરેલું ઔષધ હોય એરીતે વેચવું.

૨૭૬. કાંઈ વસાણું અથવા તૈયાર કરેલું ઔષધ, તે જુદું વસાણું અથવા તૈયાર કરેલું ઔષધ હોય એવી રીતે કાંઈ દવાનાં કામને સારૂ જે માણસ જાણી બુઝીને વેચે, અથવા વેચવાનું કેહે, અથવા વેચવા મુકે અથવા કોઈ દવાખાનામાંથી આપે; તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

સાર્વજનિક ઝરો અથવા જળાશયનું પાણી મેલું કરવું.

૨૭૭. કોઈ પણ સાર્વજનીક ઝરા અથવા જલાશયનું પાણી જે માણસ બુદ્ધિપુરવક બિગાડે અથવા મેલું કરે, એવી રીતે કે તેથી તે પાણી રોજ જે કામમાં વપરાતું હોય તે કામને સારૂ તે ઓછું લાયક

થાય તો તે માણસને ત્રણ મહીનાના મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમના અર્થ પ્રમાણે નદી એ એક સાર્વજનીક જહરો નથી. (મુ.હા. તા. ૨ જુલાઈ ૧૮૬૯ સરકાર વિરૂદ્ધ પથા વિગરે.)

આ કલમમાં "સાધારણ સર્વ લોકનો ઝરો કીંવાહોદ" એવાજ શબ્દછે તેમાં "નદી"નો સમાવેશ થતો નથી, અને એટલા માટે માછલાં પકડવા માટે નદીમાં ઝાડનાં પાંદડાં નાખવાં એ કામ આ કલમ પ્રમાણે ગુન્હો નથી. (કા. હા. ઈ. લા. વા. ૨ પા. ૩૮૩ સરકાર વિરૂદ્ધ હલધરપોરે અને બીજા.)

આ કલમમાં "સાધારણ સર્વ લોકનો ઝરો" એવાજ શબ્દછે તેમાં એકાદ નદીનો એક સરખો પાણીનો પ્રવાહ વેહેતો હોય તેનો સમાવેશ થતો નથી. (મ. હા. ઈ. લા. વા. ૪ પા. ૨૨૯ સરકાર વિ૦ વિટીચોકન વિગરે).

હવાને તનદુરસ્તીમાં બિગાડ કરે એવી કરવી.

૨૭૮. કોઈ જગાની હવા જે માણસ બુદ્ધિપુર્વક બિગાડે, એવી રીતે કે તેથી તે જગાની પાડોસમાં ઘણું કરીને રેહેનારા અથવા ધંધો કરનારા અથવા કોઇ સરિયામ રસ્તા ઉપર ફરનારા સખસોની તંદુરસ્તીમાં બિગાડ થાય, તે માણસને પાંચસે રૂપીયા સુધીના દંડની,શિક્ષા કરવામાં આવશે.

સરિયામ રસ્તાપર બેફીકરાઇથી હાંકવું અથવા સ્વારી કરવી.

૨૭૯. કોઈ સરિયામ રસ્તાપર જે સખસ કાંઈ ગાડી એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે હાંકે અથવા સ્વારી કરે કે તેથી માણસની જિંદગી જોખમમાં આવે, અથવા કોઇ બીજા સખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, તે સખસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—નાથ વગરના બળદોથી જોડેલી ગાડી ફક્ત હાકવી એ આ કલમના અર્થ પ્રમાણે બેફીકરાઇથી હાકવાનો ગુન્હો થતો નથી. (મુ. હા. તા. ૧૨ અગષ્ટ ૧૮૬૯ સરકાર વિ૦ ગણપતી સાલુંકે.)

આ કલમ વિરૂદ્ધનું તોહોમત ગાડીના માલીકપર નહી પણ ગાડી હાંકનારપર આવે છે. (કા. વી. રી. વા. ૧૪ પા. ૩૨).

બેફીકરાઇથી વાહાણ ચલાવવું.

૨૮૦ જે સખસ કાંઈ વહાણ એવી બેફિકરી અથવા ગફલતી ભરેલી રીતે ચલાવે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે, અથવા બીજા કોઈ સખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, તે સખસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—ઇજારદારે ઇજારો પુરો પાડવા ભાડે રાખેલો મછવો જોઇયે તેટલો નિયમ નહી રાખ્યાથી ઊંધો વળ્યો તેથી આ કલમ અને કા. ૧૦૯ મુજબ બેફીકરાઇ ભરેલી રીતે વાહાણ ચલાવવાના ગુન્હાને મદદગારી આપ્યાનો ગુન્હો સાબિત કર્યાથી ઠરાવ્યું કે વાહાણ સલામત રીતે ચલાવવા સારૂ જે કાંઈ જરૂર છે એવું તે ઇજારદારને માલુમ હતું અને જાણી જોઇને પુરૂ પાડ્યું નહી એમ બતાવવા કાંઈ પુરાવ નથી માટે તોહોમત રદ કર્યું (મુ. હા. તા. ૨૮ જુલાઈ ૧૮૭૦ સરકાર વિ. સખારામ ગોવીંદ).

ખોટું અજવાળું, નીશાણી, અથવા બોયું દેખાડવું.

૨૮૧. કોઈ માણસ કાંઈ ખોટું અજવાળું, અથવા નીશાણી અથવા બોયુ દેખાડે, એવા ઇરાદાથી કે તે દેખાડેથી કોઈ વાહાણ ચલાવનારો ઠગાય, અથવા ઠગાશે એવો સંભવ છે એવું જાણીને, તો તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ઘણો ભારભરેલાં અથવા દેસતવાનાં વાહાણમાં ભાડું કરીને કોઈ સખ્સને જળમારગે લઈ જવો.

૨૮૨. જે વાહાણ એવી હાલતમાં અથવા એટલું ભરેલું હોય કે તેમાં જનારા સખ્સની જિંદગી જોખમમાં રહે, તેવા કોઈ વાહાણમાં બેસાડીને ભાડાને સારૂ જે માણસ જાણીબુઝીને અથવા ગફલતીથી કોઈ સખ્સને જળમાર્ગે લઈ જાય અથવા મોકલે, તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—હોડી સારી હાલતમાં નહોતી, તેમાં એક ચીરો હતો છતાં તેમાં ૧૦૦ માણસ લઈ હોડી નદીમાં ચલાવ્યાથી તે ઊંધી પડી અને તેમાં ૭ માણસ બુડી ગયાં. તેપરથી કેદીઓપર કા. ૩૩૬ મુજબ તોહોમત ઠરાવેલું તે રદ કરી હાઇકોરટે કા. ૨૮૨ પ્રમાણે તોહોમત ઠરાવ્યું. (મુ. હા. વા. ૧ પા. ૧૩૭ સરકાર વિરૂદ્ધ ખોડા જગાતા વીગેરે).

સરિયામ રસ્તા અથવા વાહાણના રસ્તામાં ભય અથવા અડચણ કરવી.

૨૮૩. જે માણસ કાંઈ કામ કરવાથી અથવા પોતાના કબજા અથવા હવાલા માંહેલી કાંઈ મીલકતનો બંદોબસ્ત રાખવામાં કસુર કરવાથી ખુશ્કીના અથવા તરીના કોઈ શરિયામ રસ્તામાં કોઇ શખશને ભય, અડચણ, અથવા નુકશાન કરે, તે માણસને બસે રૂપિયા સુધીના દંડની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—અનાજના કોઠારની યોગ્ય વ્યવસ્થા નહી રાખ્યાથી બે માણસોનો જીવ ગયો તેથી કેદીપર આ કલમ પ્રમાણે તોહોમત રાખી તેને સજા કરી દંડની રકમમાંથી અરધી રકમ રૂ. ૫૦) ની મરનારની વીધવાને આપવાનો ઠરાવ કર્યો તેમાં હાઇકોરટે ઠરાવ્યું કે એવી રીતની રકમ આપી શકાતી નથી. (મુ હા. વા. ૭ પાને ૭૩ સરકાર વિ. શીવબશાપા).

એકાદ શેહેરમાંના રાહાદારીના રસ્તા ઊપર માછલાં પકડવાની જાળ પાથરી હોય અને તેથી એકાદ માણસને હરકત થઇ તેવો પુરાવ થયો ન હોય તો તે સખ્સ આ કલમ પ્રમાણે ગુન્હેગાર થતો નથી. (મ. હા. ઇ. લા. વા. ૪ પા. ૨૩૫ સરકાર વિ. આદર માઇદીન.)

ઢોરોને જાહેર રસ્તાપર હાકી કાઢ્યાં પણ સાથે તેમના માલીક ના હોય તો તેના ઉપર આ કલમ પ્રમાણે તોહોમત આવે નહી (મ. હા. વા. ૮ પા. ૯.)

કાંઈ જેહેરી પદારથથી ગફલતી ભરેલી ચાલ.

૨૮૪. કાંઈ જેહેરી પદાર્થથી જે માણસ કાંઈ કામ એવી બેફિકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે અથવા કોઇ બીજા સખ્શને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, અથવા જે માણસ પોતાના કબજા માંહેના કાંઈ જેહેરી પદાર્થ સંબંધી, તે જેહેરી પદાર્થથી માણસની જીંદગીને કાંઈ સંભાવ્ય જોખમ થતુ અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુઝીને અથવા ગફલતથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની

એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધીની દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

અગ્ની અથવા શીગ્રજવાળા ગ્રાહી પદાર્થો સંબંધી ગફલતી ભરેલી ચાલ.

૨૮૫. અગ્ની અથવા કાંઈ શીગ્રજવાળાગ્રાહી પદાર્થથી જે માણસ કાંઈ કામ એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જિંદગી જોખમમાં આવે, અથવા કોઈ બીજા સખ્સને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, અથવા જે માણસ પોતાના કબજા માંહેના કાંઈ અગ્ની અથવા કાંઈ સીગ્રજવાળાગ્રાહી પદારથ સંબંધી, તે અગ્ની અથવા સીગ્રજવાળાગ્રાહી પદારથથી માણસની જિંદગીને કાંઈ સંભાવ્ય જોખમ થતું અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુઝીને અથવા ગફલતીથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—લગ્ન વખતે દારૂ રસ્તાપર છોડ્યો, તેથી ફરી ના માંડવાને અગ્નીથી કેટલુંક નુકશાન થયું. જો કે આ નુકશાન ફકત મીલકતનુંજ નુકશાન છે. તોપણ આ કલન મુજબના નુકશાનમાં ફરીયાદીની મિલકતને ગેરકાયદેસર રીતે થયેલી નુકશાનીનો સમાવેશ થાયછે તેથી આ કલમ મુજબ તોહોમત તેનાપર રહી શકેછે (મુ. હા. વા. ૫ પાને. ૯૭ સરકાર વિ. નાથા બાલા.)

અવાજ સાથે ફુટે એવા કાંઈ પદાર્થ સંબંધી ગફલતીભરેલી ચાલ.

૨૮૬. અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથથી જે માણસ કાંઈ કામ એવી બેફિકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જિંદગી જોખમમાં આવે, અથવા કોઈ બીજા શખ્સને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, અથવા જે માણસ પોતાના કબજા માંહેના અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથ સંબંધી, તે પદારથથી માણસની જિંદગીને કાંઈ સંભાવ્ય જોખમ થતું અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુઝીને અથવા ગફલતીથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ગુન્હેગારના કબજા અથવા હવાલા માંહેના કાંઈ સાંચા સંબંધી ગફલતી ભરેલી ચાલ.

૨૮૭. કાંઈ સાંચાથી જે માણસ કાંઈ કામ એવી બેફિકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જિંદગી જોખમમાં આવે, અથવા કોઈ બીજા શખ્સને વ્યથા અથવા નુકશાન થશે એવો તે સંભવ દેખાય, અથવા જે માણસ પોતાના કબજા અથવા હવાલા માંહેના કાંઈ સાંચા સંબંધી, તે સાંચાથી માણસની જિંદગીને કાંઈ સંભાવ્ય જોખમ થતું અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુઝીને અથવા ગફલતીથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારનો કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ઇમારતો તોડી પાડવા અથવા તેઓને મરામત કરવા બાબત ગફલતી.

૨૮૮. કાંઈ ઇમારત તોડી પાડવામાં અથવા તેને મરામત કરવામાં જે માણસ તે ઇમારત બાબત, તે ઇમારતના અથવા તેના કોઈ ભાગના પડવાથી માણસની જિંદગીને કાંઈ સંભાવ્ય જોખમ થતું અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુઝીને અથવા ગફલતીથી કસુર

કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીના કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

કોઇ જાનવર સંબંધી ગફલતી. ૨૮૯. જે માણસ પોતાના કબજા માંહેના કોઈ જાનવર સંબંધી તે જાનવરથી માણસની જિંદગીને કાંઈ સંભાવ્ય જોખમ થતુ અટકે, અથવા મહાવ્યથાનું કાંઈ સંભાવ્ય જોખમ થતુ અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુઝીને અથવા ગફલતીથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના એમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ પ્રમાણે તોહોમત સાબિત થવાને ફક્ત કસુર વિશેનો પુરાવોજ હોવો જોઇયે એમ નથી. પણ તે કસુરથી માણસના જીવને ધોકો પોંચ્યાનો કીંવા મહાવ્યથા થયાનો સંભવ હતો એમ સાબિત થવાને પુરાવજાઇયે. (મ. હા. વા. ૩ પાને. ૩૩ (તા. ૮ અપરેલ ૧૮૬૭.)

• અરજદારે પોતાનો ટટુ ગફલતે બાંધ્યાથી તે છુટયો. અને બજારમાં ઘણા લોક જમાવ થયા હતા ત્યાં દોડતો ગયો તેથી લોકોના હાથ પગને ઇજા થઈ માટે અરજદારને માજીસ્ટ્રેટ કા. ૨૮૯ પ્રમાણે શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે આ કલમ રાની જાનવરને લાગુ છે એટલુંજ નહી પણ તે કોઇપણ જાનવરને લાગુછે માટે તોહોમત કાયમ રાખ્યું. (કો. હા. ઈ. લા. વા. ૧૯ પાને ૧ ચંદનમલ અરજદાર.)

લોકાપકારક કૃત્યની શીક્ષા. ૨૯૦. જે બાબતને સારૂ બીજી રીતે શિક્ષા કરવાનું આ કાયદામાં ઠરાવ્યું નથી એ બાબતમાં જે માણસ કાંઈ લોકાપકારક કૃત્ય કરે, તેને બસેં રૂપીયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ દંડ નહી આપ્યા બદલ જે શિક્ષા કરવી તે સખત કેદની નહી કરતાં આસાન કેદની કરવી જોઇયે (મુ. હા. વા. ૫ પાને ૪૫ સરકાર વિરૂદ્ધ સંતુ લખાપા તા. ૧૭ જુન ૧૮૬૮.)

બંધ કરવાની તાકીદ થયા પછી અપકારક કૃત્ય જારી રાખવું. ૨૯૧. ફલાણું લોકાપકારક કૃત્ય તું ફરીથી કરીશ અથવા જારી રાખીશમાં એવી તાકીદ કરવાનો જે સરકારી નોકરને કાયદેસર અખતિયાર હોય તે સરકારી નોકર તેવી તાકીદ કીધા છતાં, જે માણસ તે લોકાપકારક કૃત્ય ફરીથી કરે, અથવા જારી રાખે, તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામાં આવશે.

ટીકા—લોકાપકારક કૃત્ય નહી કરવાની ગુન્હેગારોને તાકીદ આપ્યા છતાં તેઓએ પોતાના એક ઘરમાં જુગાર એવી લોકોપકારક કૃત્ય જારી રાખ્યું તેથી તેનાપર આ કલમ પ્રમાણે રાજ્યના તોહોમતમાં ઠરાવ્યું કે ગુન્હેગારોએ તેઓનું ઘર કાયદા વાસ્તે કીંવા નફા વાસ્તે જુગારીના અખાડા માટે રાખ્યાનો પુરાવો નથી તેથી કાયદેશર રીતે લોકોપકારક કૃત્ય કરવાના ઇરાદાથી ઘર રાખ્યું એમ થતુ નથી માટે તોહોમત અને શીક્ષા રદ કર્યા (મુ. હા. વા. ૭ પાને ૭૪ સરકાર વિરૂદ્ધ હાલના ગજુ વોગેરે).

આ કલમ પ્રમાણે તાકીદ આપ્યા છતાં લોકોપકારક કૃત્યુ જારી રાખ્યાથી તાકીદ આપનાર માજીસ્ટ્રેટે કામ ચલાવી શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે એ ગુન્હો માજીસ્ટ્રેટના અધિકારના અપમાનનો છે માટે તે માજીસ્ટ્રેટ શિક્ષા કરી શકે નહી (મુ. હા. ઇ. લા. વા. ૧ પા. ૩૩૯ સરકાર વિ. પરસાપા માહદેવમાપા.)

બીભત્સ પુસ્તકો નું વેચાણ વગેરે.

૨૯૨. કાંઈ બીભત્સ પુસ્તક, ચોપાનીયુ, કાગળ, ચિત્ર, તસ્વીર, પ્રતિમા અથવા આકાર, જે માણસ વેચે અથવા વેંહેચે અથવા વેચવાને કે ભાડાને સાર પરદેશથી આ દેશમાં આણે અથવા છાપે, અથવા સર્વ લોકો જુએ એવી રીતે જાણી જોઇને દેખાડે, અથવા તેમ કરવાની કોસીસ કરે, અથવા તેમ કરવાનું કહે, તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

અપવાદ—કોઈ દેવસ્થાન મધ્યે અથવા ઉપર, અથવા મુર્તિઓને બેસાડવા સારૂ વપરાતા કોઈ રથ ઊપર, કોરેલી અથવા નકસી પાડેલી, અથવા ચીતરેલી, અથવા બીજી રીતે કાહાડેલી, અથવા ધરમ સંબંધી કાંઈ કારણસર રાખેલી કે વપરાતી, કોઈ પણ પ્રતિમાને આ કલમ લાગુ પડતી નથી.

ટીકા—આ અને કા. ૨૯૪ પ્રમાણે મુકેલા તોહોમતના કામમાં તે અમુક વસ્તુ બતાવી અને અમુક શબ્દ બોલવામાં આવ્યા તે બિભત્સ છે એમ ખુલ્લી રીતે લખી તૈયાર કરવાં જોઈયે; અને તે કલમ પ્રમાણે તોહોમત સાબિત કરતી વખતે કેદીએ. કંઈ વસ્તુ બતાવી અને તે કયા શબ્દ બોલ્યો એ માજીસ્ટ્રેટે ખુલ્લી રીતે પોતાના ફેસલામાં લખવું જોઈયે. (કા. હા. ઈ. લા. વા. ૧ પા. ૩૫૯ સરકાર વિરૂદ્ધ ઊપેંદ્રોનાથ દોશ અને બીજા.)

વેચવા અથવા દેખાડવા સારૂ બીભત્સ પુસ્તક કબજામાંરાખવું

૨૯૩. ઉપલી કલમમાં લખ્યું છે તેવું બીભત્સ પુસ્તક અથવા તેવી બીજી કાંઈ વસ્તુ, વેચવા સારૂ, અથવા વેંહેચવા સારૂ, અથવા સઘળા લોકોને દેખાડવા સારૂ, જે માણસના કબજામાં હોશે, તેને ત્રણ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા—એકાદ પુસ્તકમાં જો એકજ વાકય બિભત્સ હોય તોપણ તે પુસ્તક ઈ. પી. કો. ની આ કલમના અર્થ પ્રમાણે બિભત્સ પુસ્તક થાયછે.

ધર્મ સબંધી વાદ વિવાદના કામમાં જેટલું બિભત્સપણુ વાજબી હોય તેટલુંજ પુસ્તકમાં લખ્યું હોત તો આરોપીતનુ સંરક્ષણ થાત પણ આ પુસ્તકમાં અતિશય બિભત્સપણુ હોવાથી એનુ સંરક્ષણ થઇ શકતુ નથી (અલ્હા. હા. ઈ. લા. વા. ૩ પા. ૮૩૭.)

બીભત્સ ગીતો.

૨૯૪. કોઈ જાહેર જગામાં અથવા જાહેર જગાની પાસે જે માણસ કાંઈ બીભત્સ ગીત; અથવા લાવણી, અથવા શબ્દો ગાઈ, બોલી, અથવા ઉચ્ચારીને, બીજાઓને દુઃખ આપે, તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

"૨૯૪ અ—સરકારે હુકમ આપ્યો નહી હોય તેવી સોરતી કાહાડવા સારૂ કાંઈ આફીસર (એટલે કચેરી) અથવા જગા જે માણસ રાખશે તેને ઘણામાં ઘણી છ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા અથવા દંડ એ બેઉ શિક્ષા કરવી.

સોરતીની આફીસ રાખવી.

"અને સરરહુ પ્રકારની હરકોઈ સોરતીમાં હરકાંઈ ટીકીટ અથવા લાટ અથવા નંબર અથવા અંક કાહાડવા બાબત અથવા તેને લાગતી વળગતી ફલાણી વાત બનશે તો ફલાણા માણસના ફાયદા સારૂ ફલાણી રકમ અથવા માલ આપવામાં આવશે અથવા ફલાણી વાત કરવામાં આવશે અથવા કરવા-

માં આવશે નહી એવો હરકોઈ ઠરાવ જે માણસ પ્રસિદ્ધ કરશે તેને એક હજાર રૂપીઆ સુધી દંડ કરવો" (સને ૧૮૭૦ આકટ ૨૭ મા પ્રમાણે.)

ટીકા—આ આકટની કા. ૨૯૨ નિચે આપેલો ફેસલો જુઓ.

જાહેર જગ્યામાં લાવણીઓ ગાવાથી કેદીપર આ કલમ મુજબ તોહોમત મુકેલું તેમાં ઠરાવ્યું કે લાવણીનું ગાયન બિભત્સ હોયછે એમ નથી પણ તે ઘણી વખત બિભત્સ હોયછે તોપણ આ કામમાં લાવણી બિભત્સ હતી એવું અનુમાન થતુ નથી માટે તોહોમત રદ કર્યું (મું. હા. વા. ૪ પા. ૨૫ સરકાર વિ. ગાયુચીન કૃષ્ણ ગુરવ-વીગરે.)

બાબ ૧૫ મો.

ધર્મ સંબંધી ગુન્હાઓ બાબત.

કોઈ પણ જાતિના લોકોના ધરમને અપમાન કરવાના ઈરાદાથી કોઈ પુજાના ઠેકાણાને નુકશાન કરવું અથવા તેને ભ્રષ્ટ કરવું.

૨૯૫. જે કોઈ માણસ કોઈ પુજાના ઠેકાણાનો અથવા જે પદાર્થને કોઈ પણ જાતિના લોકો પવિત્ર ગણતા હોય તે પદાર્થનો નાશ કરે અથવા તેને નુકશાન કરે કે ભ્રષ્ટ કરે એવા ઈરાદાથી કે તેમ કરીને કોઇ પણ જાતિના લોકોના ધર્મને અપમાન પોહોચાડવું, અથવા એવું જાણીને કે એ પ્રમાણે નાશ અથવા નુકશાન અથવા ભ્રષ્ટ કરવાથી કોઈ પણ જાતિના લોકો પોતાના ધર્મને અપમાન પોહોંચ્યું એમ સમજશે એવો સંભવ છે, તો તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઈ ધરમ સંબંધી મંડળીને અડચણ કરવી

૨૯૬. કોઈ પણ મંડળી દેવપુજન અથવા ધર્મ સંબંધી ક્રિયા કરવામાં કાયદા મુજબ રોકાએલી હોય, તેને જે માણસ બુદ્ધિપુરવક અડચણ કરે, તે માણસને એક વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કબરસ્તાનવગેરેમાં વગર રજાએ જવું.

૨૯૭. કોઈ પણ સખસનું દીલ દુખવવાના ઈરાદાથી, અથવા કોઈ પણ સખસના ધર્મને અપમાન પોહોંચાડવાના ઈરાદાથી, અથવા એ કરવાથી કોઈ સખસનું દીલ દુખશે અથવા કોઈ સખસના ધર્મને અપમાન પોહોંચશે એવો સંભવ છે એમ જાણીને, કોઈ પુજાની જગામાં, અથવા કબરસ્તાનમાં, અથવા પ્રેતસંસ્કાર કરવા સારૂ અથવા મુરદાં મુકવા સારૂ જુદી કાહાડેલી જગામાં, જે માણસ વગર રજાએ પ્રવેશ કરે, અથવા કોઈ પ્રેતનું અપમાન કરે, અથવા પ્રેતસંસ્કાર કરવા સારૂ મળેલા કોઈ સખસોને અડચણ કરે, તે માણસને એક વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા—અ, બ, ક અને ડ એઓ એક જમીનના કડકાના એકઠા માલીક હતા અને તે જમીનમાં મરણ પામેલા માણસને દાટવાનો તેમનો વહીવટ હતો. તે પ્રમાણે અ અને બ એ ડ ના એક મરણ પામેલા સબંધી માટે તે જમીનમાં એક ખાડો ખોદી તેને પુર્યો. તે ઠેકાણે બીજી ઘોરો હતી તેને હાથ લગાડેલો નહી તે છતાં માજીસ્ટ્રેટે તેમનાપર

આ કલમ પ્રમાણે તોહોમત મુક્યું તેમાં હાઇકોરટે ઠરાવ્યું કે આ કલમ પ્રમાણે તોહોમત કેદીપર રહી શકતું નથી (મ. હા. ઇ. લા. વા. ૩ પા. ૧૭૮ ખોજા મહમદ હકીમખાન વીગરેના કામમાં.)

ધરમ સંબંધી કોઈપણ સખસ નું દીલ દુખવવા ના પાકા ઇરાદા થી કાંઈ શબ્દો બોલવા વગેરે.

૨૯૮. ધર્મ સંબંધી કાંઈ પણ સખસનું દીલ દુખવવાના પાકા ઇરાદાથી જે માણસ તે સખસ સાંભળે એમ કાંઈ શબ્દ બોલે, અથવા કાંઈ અવાજ કરે, અથવા તે સખસના દેખતાં કાંઈ ચાળા કરે, અથવા તે સખસની દ્રષ્ટિ પડે એમ કાંઈ પદારથ મુકે, તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

બાબ ૧૬ મો

માણસના શરીર સંબંધી ગુન્હાઓ બાબત.

જિંદગી સંબંધી ગુન્હાઓ બાબત.

શિક્ષણીય મનુષ્યવધ.

૨૯૯. મોત આણવાના ઇરાદાથી, અથવા જેથી મોત થવાનો સંભવ હોય એવું કાંઈ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી, કાંઈ કામ કરીને અથવા ફલાણું કામ કરેથી મોત થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામ કરીને, જે માણસ મોત આણે, તે માણસે શિક્ષણીય મનુષ્યવધનો ગુનોહ કરેચો એમસમજવું.

દૃષ્ટાંત.

(અ) મોત આણવાના ઇરાદાથી, અથવા તેથી મોત થશે એવો સંભવ છે એમ જાણીને, **અ** એક ખાડાની ઉપર લાકડીઓ ગોઠવીને ઘાસ પાથરે, અને તે જમીન મજબુત છે એમ માનીને ઝ તે પર ચાલતાં અંદર પડીને તેનો જીવ જાય, તે **અ** એ શિક્ષણીય મનુષ્યવધનો ગુનોહ કરેચો એમ સમજવું.

(બ) ઝ એક ઝાડી પાછળ છે એવું **અ** જાણે છે **બ** ને એ વાતની ખબર નથી. હવે ઝ નું મોત આણવાના ઇરાદાથી, અથવા એથી ઝ નું મોત થશે એવો સંભવછે એમ જાણીને, **અ** **બ** ને તે ઝાડીમાં બંદુક ભરીને મારવાને લલચાવે, અને તે પ્રમાણે **બ** બંદુક મારીને ઝ નો પ્રાણ લે, તો એ ઠેકાણે **બ** કાંઈ ગુનાહનો તકશીરવાર નહી થાય એમ બની શકે છે, પણ **અ** એ શિક્ષણીય મનુષ્યવધનો ગુનોહ કરેચો એમ સમજવું.

(ક) એક પક્ષીને મારીને તે ચોરી લઈ જવાના ઇરાદાથી તેને ગોળી મારવામાં **અ** એક ઝાડી પાછળ બેઠેલા **બ** નો જીવ લે, અને **બ** ત્યાં બેઠેલો છે એમ **અ** જાણતો ન હોય, તો એ ઠેકાણે અગર **અ** એક કાયદા વિરૂદ્ધ કામ કરતો હતો. તોપણ તે શિક્ષણીય મનુષ્યવધના ગુનાહનો તકશીરવાર નથી, કેમકે તેણે **બ** નો જીવ લેવાનો, અથવા જે કામથી મોત થવાનો સંભવ તેના જાણ્યામાં હોય એવું કાંઈ કામ કરીને મોત આણવાનો, ઇરાદો કરેચો નહી હતો.

ખુલાસો ૧ લો---જે શખ્સને કાંઈ રોગ, બાધી, કે શરીરની અશકતતા થઈ હોય એવા કોઈ સખ્સને જે માણસ શરીરનું નુકશાન કરે, અને તેથી કરીને પેલા સખ્સનું મોત વેહેલું થાય તો તે માણસે તે સખ્સનું મોત આણ્યું એમ સમજવું.

ખુલાસો ૨ જો—જે ઠેકાણે કાંઈ શરીરના નુકશાનથી મોત થાય, તે ઠેકાણે જે સખ્સે તે શરીરનું નુકશાન કર્યું હોય તેણે તે મોત આણ્યું એમ સમજવું, પછી અગર બરાબર ઇલાજ કરેથી તથા હોંશિયાર હકીમની દવા કરેથી તે મોત થતું બચી સકત એમ હોય તોપણ.

ખુલાસો ૩ જો—માનાં પેટ માંહેલાં બચ્ચાનું મોત આણવું તે મનુષ્યવધનો ગુનોહ નથી પણ કોઈ જીવતાં બચ્ચાંનો કાંઈ પણ ભાગ બાહાર નીકળ્યો હોય, પછી તે બચ્ચાંથી સ્વાસોસ્વાસ ન લેવાયા હોય અથવા તે પુરેપુરૂ જનમ્યું નહોય તોપણ તે જીવતાં બચ્ચાનું મોત આણવું તે શિક્ષણીય મનુષ્યવધનો ગુનોહ થઈ શકે.

ટીકા—શિક્ષીણીય મનુષ્યવધનો ગુન્હો થવાને ફકત ગુન્હાના કૃત્યથી જીવ જવો જોઈયે એમ નથી પણ તે કૃત્ય મોત આણવાના ઇરાદાથી કીધા તેથી મોત થશે એમ જાણીને કરેલો હોવો જોઈયે. દરેક માણસ કાંઈ પણ કૃત્ય કરે તો તેથી થવાના પરીણામની તેને માહીતી છે એમ અનુમાન કરવામાં આવેછે તેથી તેવું કરતાં તેવું પરીણામ કરવાનો તેનો ઇરાદો હતો એમ સિદ્ધ થાયછે. પરંતુ તોહોમતવાળાને તેની માહીતી નહોતી એમ સાબિત કરવામાં આવે તો તે અનુમાન રદ થાયછે (મે. કા. પૃ. ૨૧૧-૨૧૨.)

કેદીએ બંદુક ઉપર ટોટી ચડાવેલી નહી છતાં તે ચડાવેલી છે એમ સમજી ખુન કરવાના ઇરાદાથી કોઇ એક માણસપર બંદુક તાકી પણ તેને ઘોડાની કળ દબાવતાં આવડી નહી તેથી તેનાપર કા. ૩૦૭ મુજબ તોહોમત રહી શકતું નથી પણ કા. ૨૯૯ તથા ૩૦૦ ની સાથે કા. ૫૧૧ મુજબ તોહોમત રહી શકેછે કારણ કે જેને મારવા બંદુક તાકી તેને મોત થશે એમ તે જાણતો હોવો જોઈયે. (મુ. હા. વા. ૪ પાને ૧૭ સરકાર વિરૂદ્ધ ફ્રાનસીસ ક્યાસડી.)

આ કલમ અને કા. ૩૦૭ તથા ૩૨૪ મુજબનાં વૈકલ્પિક તોહોમતપરથી તોહોમતવાળાપર સાબિત થયાથી તેને શિક્ષા કરી તે પુરી થયે સારી ચાલનો મુચરકો એક વર્ષની મુદતનો લખી આપવા ઠરાવ કરેલો તેમાં ઠરાવ્યું કે આવી બાબતમાં સુલેહ રાખવાનો મુચરકો લેવો જોઈયે; સારી ચાલનો લેવો જોઈયે નહી. (મુ. હા. તા. ૨૩ ફેબરૂઆરી ૧૮૭૧ સરકાર વિરૂદ્ધ શ્રાવણ સુબાજી.)

કેદીએ પોતાની બઇરીને નિચે પાડી તેની છાતીપર એક ગડદો માર્યો અને તેના જડબાપર બે યા ત્રણ ગડદા માર્યા તેથી તેના ડોકામાંથી લોહી વેહેવા લાગ્યુ.તેથી થોડા વખત પછી તે તરત મરી ગઇ તેથી તેનાપર ખુનનું તોહોમત સાબિત કર્યું તેમાં ઠરાવ્યું કે બઇરીનો જીવ લેવાનો ઇરાદો તેના ધણીનો નહોતો અને તેને જે દુઃખ થયું હતું તે સાધારણ રીતે હમેશ પ્રમાણે જીવ જવા જોગ નહોતું. માટે કેદીએ કરેલો ગુન્હો ખુન નહી છતાં શિક્ષીણીય મનુષ્ય વધછે. (મુ. હા. ઇ. લા. વા. ૧ પા. ૩૪૨ સરકાર વિરૂદ્ધ ગોવિંદા.)

ખુનના તોહોમત બદલ મોતની સજા થયાથી તે કાયમ થવા હાઇકોરટમાં કામ મોકલ્યુ હોય તેમાં તે કોરટને એમ જણાય કે દાખલ થયેલા પુરાવા ઉપરથી ખુન નહી પણ શિક્ષિણીય મનુષ્યવધનો ગુન્હો સાબિત થવા જોગ કામછે તોપણ જો અપીલ થઈ ન હોય તો હાઇકોરટ તે તોહોમત ફેરવી શકે નહી (મુ. હા. ઇ. લા. વા. ૧ પા. ૬૩૯ સરકાર વિરૂદ્ધ બાળાપા વિગરે.)

એક આઠ નવ વરશની છોકરી કે જેને અટકાવ આવ્યો નહોતો તે છોકરીને તેનો

બાપ તેનો ધણી કે જે આરોપીત છે તેને ઘેર મુકવા માટે જઇ ગયો. પરંતુ રાત્રે તે છોડીને તેના ધણીની બીક લાગ્યાથી છોકરી ઘરમાંથી બાહાર નિકળી અને એક હોડીમાં જઇ બેઠી તે હોડી પાણીમાં ડુબી પણ છોડી તરવા લાગી તેથી તે છોકરીનો સસરો તેની પાછળ તરવા પડ્યો અને તે છોકરીને બાહાર કહાડી એટલે તે છોકરીને તેનો ધણી (આરોપિત) ઘરમાં લઈ ગયો અને પછી ઉઘાડે પગે તે છોકરીની પીઠમાં એક લાત મારી તેથી કરીને તે જમીનપર પડી અને મરી ગઈ તેથી કેદીપર કા. ૩૦૪ આ મુજબ તોહોમત મુકલું તેમાં ઠરાવ્યું કે શક્તીવાન મર્ગીર છોકરીના પેટમાંનાં આંતરડાં તુટી જશે એવા પ્રકારે તેને લાત મારવી એ કૃત્ય તે માણસને પોતાના કૃત્યથી બીજાનો જીવ જવાનો સંભવછે એમ માહીત છતાં તેણે કર્યું એમ સમજવું તેથાં કેદીપર કા. ૩૦૪ આ મુજબ તોહોમત નહી રહેતાં શિક્ષાણીય મનુષ્યવધ જાણીબુજીને કર્યાનું તોહોમત રહેછે. (કા. હા. ધ. લા. વા. ૪ પાને ૭૬૪ સરકાર વિરુદ્ધ બેતબંદા મંદલ).

એક માણસને તેની બૈરાની પથારીમાં સુતેલો કેટલાક માણસે જોયાથી તેમણે તેને માર માર્યો તેથી તે ગુજરી ગયો તે કામનો ગુન્હો શિક્ષીણીય મનુષ્યવધનો ઠરાવ્યો. (કલ. હા. વા. ૪ પા. ૩૮.)

પોતાની સ્ત્રીં સાથે છીનાળુ કરતાં નજરે જોયાથી તે કૃત્ય કરનારને મારી નાખવો એ ગુન્હો શિક્ષીણીય મનુષ્યવધનો છે. (ક. હા. વા. ૧ પા. ૧૭).

ખુન. | ૩૦૦. નિચે બાતલ કરેલી બાબતો મુકી દઇને બીજી સરવ બાબતોમાં શીક્ષણીય મનુષ્યવધને ખુન સમજવું, પણ ક્યારે કે જો જે કામથી મોત થાય તે કામ મોત આણવાના ઇરાદાથી કર્યું હોય, તો અથવા,

૨ જી. કોઈ શખ્સને જેથી તે શખ્સનું મોત થવાનો સંભવ તકશીરવાર માણસ જાણતો હોય એવું કાંઈ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી તે કામ કર્યું હોય,તો,અથવા–

૩ જી. કોઈ શખસને કાંઈ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી તે કામ કર્યું હોય અને તે ઇરાદો કરેલું શરીરનું નુકશાન એવા રીતનું હોય કે ચાલતાં સૃષ્ટીક્રમ પ્રમાણે મોત કરવાને તે સમરથ હોય, તો, અથવા—

૪ થી. તે કામ એવું તુરત ભયંકર છે કે તેથી સો વસા મોત અથવા જેથી મોત થવાનો સંભવ છે એવું શરીરનું નુકશાન થશેજ, એમ તે કરનાર શખ્સ જાણતો હોય અને મોત આણવાના અથવા ઉપલા પ્રકારના નુકશાનના જોખમમાં પડવા કાંઈ કારણ વિના તે સખ્સ તે કામ કરે, તો.

દૃષ્ટાંત.

(અ) ઝ ને મારી નાંખવાના ઇરાદાથી **અ** તેને ગોળી મારે, અને તેથી ઝ મરી જાય; તો **અ** એ ખુન કર્યું, એમ સમજવુ.

(બ) ઝ ને એવા રોગ થએલો છે કે એક સપાટો મારેથી તેનું મોત થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં **અ** તેને શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી સપાટો મારે, અને તે સપાટાથી **અ** મરી જાય, તો, અગર ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે સારી તંદુરસ્તીવાળા સખ્સનું મોત આણવાને તે સપાટો સમર્થ ન હોય તો પણ, **અ** ખુનનો તકસીરવાર છે. પણ ઝ ને કાંઈ રોગ થયલો છે એમ ન જાણતાં અગર **અ** તેને એક એવા સપાટો મારે કે તેથી ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે સારી તંદુરસ્તીવાળા સખ્સનું મોત ન થાય, તો એ ઠેકાણે, અગર તેનો ઇરાદો શરીરનું નુકશાન કરવાનો હોય

તોપણ, જો મોત આણવાનો અથવા જેથી ચાલતી સૃષ્ટિક્રમ પ્રમાણે મોત થાય એવું શરીરનું નુકશાન કરવાનો ઇરાદો કર્યો નહી હોય તો, અ ખુનનો તકસીરવાર છે એમ સમજવું નહી.

(ક) અ ઇરાદાથી ઝ ને એક તલવાર અથવા ડાંગથી જખ્મ કરે એવું કે તેથી ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે માણસનું મોત થાય, અને ઝ તે જખ્મથી મરી જાય, તો, એ ઠેકાણે અગર તેણે ઝ નું મોત આણવાનો ઇરાદો ન કર્યો હોય, તો પણ અ ખુનનો તકશીરવાર છે એમ સમજવું.

(ડ) લોકોનું એક ટોળું મળેલું છે તેમાં વગર કારણે અ એક ભરેલી તોપ છોડે, અને તેથી તેઓમાંના એક જણનો જીવ જાય, તો અગર ફલાણા શખ્સનો જીવ લેવો એવો તેણે આગળથી વિચાર પુરવક ઇરાદો ન કર્યો હોય તોપણ, અ ખુનનો તકશીરવાર છે એમ સમજવું.

શિક્ષણીય મનુષ્ય વધ ક્યારે ખુન નથી.

અપવાદ ૧ લો—ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થવાથી જેની પોતાનો જીવ વશ રાખવાની શક્તી ગઇછે એવી અવસ્થામાં છતાં કોઈ માણસ તે ક્રોધ ઉત્પન્ન કરનાર શખ્સનું મોત આણે, અથવા ભુલથી કે ઇતેફાકન કોઈ બીજા શખ્સનું મોત આણે, તો તે શીક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

ઉપલા અપવાદમાં નીચેની શરતો લાગુ પડે છે:—

પેહેલી.—કોઈ શખ્સને મારી નાખવા અથવા કાંઈ હાની કરવા સારૂ બહાનો દાખલ તે ક્રોધ ગુનેહગારે માગી આણેલો અથવા બુદ્ધિપુર્વક ઉત્પન્ન કરેલો ન હોવો જોઇએ.

બીજી.—કાયદા મુજબ, અથવા સરકારી નોકરીનો અખતીયાર અમલમાં લાવતાં કોઈ સરકારી નોકરે, કરેલી કાંઈ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થએલો ન હોવો જોઇએ.

ત્રીજી.—ખાનગી બચાવનો હક કાયદા મુજબ અમલમાં લાવતાં કરેલી કાંઈ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થએલો ન હોવો જોઈએ.

ખુલાસો—તે ક્રોધ એવો ભારે તથા આકસ્મીક હતો કે તેથી તે ગુનોહ ખુન થઈ શકે નહી, એ હકીકતની બાબત છે.

દૃષ્ટાંત.

(અ) ક્રોધ ઉત્પન્ન થાય એવું કાંઈ કામ અ એ કર્યાથી ક્રોધાધીન થઇને તે અવસ્થામાં અ ઝ નું છોકરૂ ય છે તેને ઇરાદાથી મારી નાંખે, તો તે ખુન સમજવું, કેમકે તે ક્રોધ ઊત્પન્ન થવાનું કામ તે છોકરાએ કરયું નથી અને તે ક્રોધથી થએલું કાંઈ કામ કરવામાં ઇતેફાકન અથવા કમનશીબથી તે છોકરાનું મોત થયું નથી.

(બ) અ ને ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન થાય એવું કાંઈ કામ ય કરે, અને તેથી ક્રોધ ચહડીને અ ય ની ઉપર એક પિસ્તોલ છોડે, અને પાસે ઊભેલો પણ નહી દીઠેલો ઝ તેથી મરી જાય, પણ તેને મારી નાખવાનો અ એ ઇરાદો ન કર્યો હોય, તથા પોતાને હાથે તેનું મોત થવાનો સંભવ પણ અ એ જાણ્યો ન હોય, તો એ ઠેકાણે અ એ ખુન નહી, પણ માત્ર શિક્ષણીય મનુષ્યવધ કર્યો એમ સમજવું.

(ક) અ ને એક નાજરનો સિપાઈ ઝ કાયદા મુજબ પકડે, અને તે પકડવાથી આક-

ગ્મીક તથા ભારે ક્રોધ ચહડીને અ ઞ ને મારી નાખે, તો એ ખુન સમજવું, કેમકે ક્રોધ જે ઉત્પન્ન થયો તે એક સરકારી નોકરે પોતાનો અખતિયાર અમલમાં લાવતાં કરેલી વસ્તુથી ઉત્પન્ન થયો.

(ડ) એક ઞ માજીસ્ત્રેટની આગળ અ સાહેદ દાખલ હાજર થાય, અને ઞ એ પ્રમાણે બોલે, કે અ ની જુબાનીમાંનો એક શબ્દ પણ હું માનતો નથી, તથા અ એ ખોટી સાહેદી પુરી છે, અને એ શબ્દ સાંભળીને આકસ્મિક ક્રોધ ચઢીને અ ઞ ને મારી નાખે, તો એ ખુન સમજવું.

(ઢ) ઞ નું નાક ખેચવાની અ કોશિશ કરે અને તેને તેમ કરતાં અટકાવવા સારૂ, ખાનગી બચાવનો હક અમલમાં લાવીને, ઞ અ નો હાથ પકડે તેથી આકસ્મિક તથા ભારે ક્રોધ ચહડીને અ ઞ ને મારી નાખે, તો એ ખુન સમજવું. કેમકે ક્રોધ જે ઉત્પન્ન થયો તે ખાનગી બચવાનો હક અમલમાં લાવતાં કરેલી વસ્તુથી ઉત્પન્ન થયો.

(ણ) ઞ બ ને મારે, તેથી બ ને ભારે ક્રોધ ચહડે, અને તે ક્રોધનો ફાયદો લેવાના ઇરાદાથી તથા તેની પાસે ઞ ને મારી નાખવાના ઇરાદાથી એક પાસે ઉભેલો માણસ અ તે કારણસર બ ના હાથમાં એક છરી આપે, અને તે છરીએ વતી બ ઞ ને મારી નાખે તો એ ઠેકાણે બ એ માત્ર શિક્ષણીય મનુષ્યવધ કરયો એમ થઈ શકે, પણ અ તો ખુનનો તકશીરવાર છે એમ સમજવું.

અપવાદ ૨ જો—કોઈ માણસ શુદ્ધબુદ્ધિએ શરીર અથવા મિલકતના ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં કાયદાએ તેને આપેલા અખતીયારની હદની બાહાર જાય, અને, આગળ વિચાર કરયા વિના, તથા તે બચાવ કરવામાં જરૂર કરતાં વધારે હાનિ કરવાના ઇરાદા વગર જે શખસની સાહામાં તે બચાવનો હક અમલમાં લાવતો હોય તે સખસનું મોત આણે, તો તે શિક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

દષ્ટાંત.

અ ને મહાવ્યથા ન થાય એવી રીતે ઘોડાની ચાબુકથી તેને મારવાની ઞ કોશિશ કરે, અ એક પીસ્તોલ ખેંચી કાહાડે, ઞ હુમલામાં જારી રેહે. મને ચાબુકનો માર પડતો બીજા કોઈ ઇલાજથી અટકાવશે નહી એવું શુદ્ધબુદ્ધિએ માનીને અ ગોળી મારીને ઞ નો પ્રાણ લે, તો અ એ ખુન નહી, પણ માત્ર મનુષ્યવધ કરયો એમ સમજવું.

અપવાદ ૩ જો—કોઈ માણસ સરકારી નોકર હોય અથવા સરકારી ઇનસાફનો વધારો કરવાને કામ કરનારા કોઈ સરકારી નોકરને સહાય કરતો હોય તે માણસ કાયદાએ તેને આપેલા અખતિયારની હદની બહાર જાય, અને સરકારી નોકર દાખલ પોતાની ફરજ બરાબર રીતે બજાવવાને સારૂ પોતે જે કામને શુદ્ધબુદ્ધિએ કાયદેસર તથા જરૂર માનતો હોય એવું કાંઈ કામ કરવાથી તે મોત આણે, પણ જે સખસનું મોત થાય તે સખસની ઉપર તેનો કાંઈ દ્વેષભાવ ન હોય, તો તે શિક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

અપવાદ ૪ થો—આગળ વિચાર કરયા વિના એકાએક ઝગડો થઇને ઘણો ક્રોધ ચહડ્યો હોય તેવામાં એકાએક મારા મારી થઇને, શિક્ષણીય મનુષ્યવધ થાય, અને તે ગુનોહ કરનારે કાંઈ ગેરવાજબી ફાયદો લીધો ન હોય, અને તે ઘાતકી રીતે અથવા નવાઇની રીતે ચાલ્યો ન હોય તો તે શિક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

ખુલાસો—એવી બાબતમાં ક્રોધ ઉપજાવ કરનાર કોણ, અથવા પેહેલો હુમલો કરનાર કોણ, એ વાત કાંઈ જરૂરની નથી.

અપવાદ ૫ મો—જે સખસનું મોત થયું હોય તે સખસ અઢાર વર્ષથી વધારે ઉમરનો છતાં તેણે પોતાની રજામંદીથી પોતાનું મોત થવા દીધું હોય, અથવા મોતનું જોખમ માથે લીધું હોય, તો તે ઠેકાણે શિક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

દ્રષ્ટાંત.

ઝ હરાડ વર્ષથી ઓછી ઉમરનો એક સખસ છે તેને ઉશ્કેરીને અ બુદ્ધિપુર્વક તેની પાસે આત્મઘાત કરાવે, તો એ ઠેકાણે ઝ ની નાની ઉમરના સબબથી ઝ પોતાનું મોત થવા બાબત પોતાની રજામંદી આપવાને અશકત, માટે અ એ ખુન કરવામાં મદદગારી કરી એમ સમજવું.

ટીકા.—આ કલમ પ્રમાણે ખુનનો ગુન્હો ક્યારે થાય છે તે સ્પષ્ટ પણ જણાઈ આવવાને સારૂ મદ્રાસહાઇકોરટે મ. લા. વા. ૨ પા. ૧૨૨ મે સરકાર વિરૂદ્ધ ખોગઈના કામમાં તા. ૨૩ જાનેવારી ૧૮૭૯ને રોજ કરેલો ફેસલો કેટલેક દરજ્જે ઉપયોગી થઈ પડે એવો છે જેની મતલબ નીચે છે.

આ કામના બેઉ કેદી પોતાના ખેતરની પાળો દુરસ્ત કરતા હતા તે વખતે બે રબારીઓ પોતાનાં કેટલાંક બકરાં તે ખેતરમાંથી લઈ ગયા તેમાં કેટલાંક બકરાં તે પાળપર ચઢ્યાં તેથી પોતાની પાળો બગડશે એમ તે કેદીઓને જણાવાથી તેઓએ રબારીઓને ગાળાગાળી કરી અને માર પણ માર્યો. તે વખતે બે રબારીમાંના એકનો બાપ અને એક બીજો સખસ ત્યાંહાં આવી પહોંચ્યા એટલે તે બાપે પોતાના છોકરાને પકડી લીધા અને કેદીઓને કહ્યું કે કેમ મારોછો? તથા તે બાપે કેદીઓને કેટલીક ગાળાગાળી પણ કીધી. તે વખતે બે કેદીમાંના એકે તે બાપને એક જબરી લાકડી મારી જેથી તે મરી ગયા.

તે કામમાં એક કેદીપર ખુનનું અને બીજાપર તેમાં મદદ કર્યાનું તોહોમત મુક્યું તેમાં ઠરાવવામાં આવ્યું કે.

"સરકારી વકીલે સરકાર તરફથી એમ તકરાર કરીછે કે કેદીને ક્રોધ ચઢવાને કારણ થયું હતું કીંવા નહીં એ વાતનો નિર્ણય કરતી વખતે મરનાર ત્યાંહાં આવ્યા અગાઉ જે જે વાત થઈ હતી તેનો વિચાર કરવા જરૂર નથી, કારણ કે મરનારે પ્રવેશ કર્યો નહોતો કીંવા પોતાના પુત્રને શરીરપર જવાનો ગુન્હો કરવાને ઉતેજન કર્યું નહોતું. કા. ૩૦૦ માં જે ક્રોધ ચઢવાનું કારણ કહ્યું છે તે જે માણસ મરણ પામે તેનાથી ઉત્પન્ન થયો કીંવા તેના કહેવાથી થયેલા કૃત્યથી ઊત્પન્ન થયો હોવો જોઇએ અને તેથી મરનાર ત્યાંહાં આવ્યા પછી તેણે જે ગાળાગાળી કરી તેજ બીના કેદીને ક્રોધ ચડવાને કારણ થયું હતું એમ જો કલ્પના કરીએ તો સદરહુ કલમના અર્થ પ્રમાણે ક્રોધ ચડવાને બસ અને બાજબી કારણ છે એમ અમને જણાય છે.

ક્રોધ ચડવાને જે કારણ થયું છે, તેથી તે માણસના દેહનું ભાન નહી હતું એટલુંજ જોવું જોઇયે. અને તેનો નિર્ણય કરવા માટે કેદીને જે વખતે ક્રોધ ચડવાને કારણ થયું તે વખતની તેના મનની સ્થીતી કેવી હતી તે બદલનો પુરાવો લેવો. આ કામમાં મરનારે કેદીને ઘણી ખરાબ ગાળો દીધી હતી અને વળી તે તેના છોકરાએ કેદીને પેહેલાં ક્રોધ ચડવાનું કારણ ઉત્પન્ન કર્યા પછી દીધી. તેથી કરીને કેદીને તેના દેહનું ભાન રહ્યું નહોતું એમ બરોબર દેખાય છે માટે તેનાપરનો ગુન્હો ખુનનો નહી ઠરાવતાં શિક્ષિણીય મનુષ્યવધનો ઠરાવીયે છીયે".

બે ટોળાંમાંના ઘણા લોકોએ પોતાની પાસે પ્રાણઘાતક હથીઆર લઈ જાણીજોઇને દંગો

કર્યો તેમાં એક માણસ માર્યો ગયો. તે પાકી વયનો હતો એમ પુરાવાથી દેખાય છે. અને જે ટોળામાંનો તે માણસ છે તે ટોળાના વિરૂદ્ધ ટોળાએ અયોગ્ય રીતે કામ ચલાવ્યાથી તે મુએો નથી એમ દેખાય છે તો તે ગુન્હો ખુનનો નથી પણ ખુન નહી એવા શિક્ષણીય મનુષ્યવધનો છે. (જુઓ આજ કલમનો અપવાદ ૫). (કા. હા. ઈ. લા. વા. ૬ પા. ૧૫૪ સરકાર વિ૦ સમશેરખાન વિગેરે).

બાઈ રતનને પોતાના ધણીનું તેના એક યાર દાદાભાઈ સાથે રહી ખુન કર્યું તેથી તે ગુન્હા બદલ બાઇ રતનને મોતની શિક્ષા કરી તેમાં અપીલ થયાથી ઠરાવ્યું કે બાઇ રતને ગુન્હો કર્યાની કબુલતજ માજીસ્ટ્રેટની રૂબરૂ આપીછે તેને શેશનમાં કમિટ કરવાનો કીંવા તેની પોતે તપાસ કરવાનો તે માજીસ્ટ્રેટને અધિકાર નહોતો તેમજ કબુલત નિચે આરોપિતની સહી યા નિશાન પણ નથી તેથી તે કબુલતનો મજકુર પુરાવામાં લેવાતો નથી માટે રતનને દોષ મુક્ત કરી (મુ. હા. વા. ૧૦ પા. ૧૬૬).

ખુનના તોહોમતમાં કેદીની લેવાયલી કબુલત સવાલ જવાબના રૂપમાં નહોતી માટે તે પુરાવામાં લેવા જોગ નથી એમ ઠરાવ્યુ (મુ. હા. વા. ૧૦ પા. ૪૯૭)

ખુનના તોહોમત બદલ અપાયલા ફેસલામાં એમ લખ્યુ હતું કે "જે મેં નિર્ણય કર્યોછે તે કામમાંના પુરાવાથી બરોબર છે કીંવા નહી એ બદલ મને શંશયછે." તેમાં ઠરાવ્યુ કે ન્યાયખાતાના અમલદારે પોતાના ફેસલામાં એમ લખવું બરોબર નથી. (અલા. હા. ઈ. લા. વા. ૨ પાને. ૫૩ સરકાર વિરૂદ્ધ નંદા).

જે શખસનું મોત આણવું ધારયું હોય તેથી કોઈ જુદા સખસનું મોત થાય, તો તે શિક્ષણીય મનુષ્યવધ વિશે.

૩૦૧. જે વસ્તુથી મોત આણવાનો ઇરાદો કરયો હોય, અથવા જેથી મોત થવાનો સંભવ છે એમ પોતાના જાણ્યામાં હોય, એવી કાંઈ વસ્તુ કરવાથી અગર કોઈ શખસ જેનું મોત આણવાનો તેણે ઇરાદો નહી કરયો હોય અને જેનું મોત પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં પણ ન હોય, એવા કોઈ શખસનું મોત આણીને શિક્ષણીય મનુષ્યવધ કરે, તો જે સખસનું મોત આણવાનો તેણે ઇરાદો કરયો હોય, અથવા જેનું મોત પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં હોય તે સખસનું અગર તેણે મોત આણ્યું હોત, તો તે જે પ્રકારનો શિક્ષણીય મનુષ્યવધ થાત, તેજ પ્રકારનો તે ગુનેહગારે કરેલો મનુષ્યવધ છે એમ સમજવું.

ટીકા.—જે માણસને મારી નાખવાના ઇરાદાથી કેદીએ જીવ લેનારા હથીયારવડે ઘા માર્યા તેથી ઇરાદા કરતાં જુદો માણસ મરી ગયો. સદરહુ મરનારને મારી નાખવાનો ઇરાદો કેદીએ નહી કર્યા છતાં તેનાપર ખુનનું તોહોમત મુક્યું તેમા ઠરાવ્યુ કે કેદીનો હેતુ મરનારને મારવાનો નહોતો તોપણ જે ઘાથી પોતે ધારેલા માણસનો જીવ જશે એમ તેને માહીત હતું છતાં તેવીજ રીતના ઘાથી મરનારનો જીવ ગયો તો તેનાપર આ કલમ મુજબ તોહોમત રહી શકેછે (કા. હા. વા. ૮ તા ૨૯ અકટોમ્બર ૧૮૮૭).

ખુનની શિક્ષા. | ૩૦૨. જે માણસ ખુન કરે, તેને મોતની, અથવા જીવતા સુધી સમુદ્રપારની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—એક જમીન કડકા બાબત બે ટોળીયોની વચમાં તકરાર થઈ તેમાં મારામારી થઈ તેમાં એક ગોળીમાંથી એક માણસ મરણ પામ્યો તેથી તે મારનારની ટોળીના કેટલાક માણસને પકડ્યા તેઓ પર કા. ૩૦૦ ના અપવાદ ૪-૫ મુજબ શિક્ષણીય મનુષ્યવધનું તોહોમત આવે એમ શેશન જડજનો અભિપ્રાય હોવાથી હાઈકોરટે ઠરાવ્યુ કે એ ગુન્હો કા. ૩૦૨ અને ૧૪૯ મળીને થયોછે માટે તે પ્રમાણે તોહોમત રાખવું. (કા. હા. ઈ. લા વા. ૫ પાને. ૩૧ સરકાર વિરૂદ્ધ રહીમુદીન વીગેરે).

જે માણસનું ખુન થયુ તેનું મડદુ જડયું નહી તો તેટલા ઉપરથી આરોપિત ઉપર ખુનના તોહોમતની સાબિતી કરવાને ના કબુલ કરવું બાજબી નથી. પુરાવો હોય તો ખુનનું તોહોમત રહી શકેછે. (ઈ. લા. અલા. વા. ૩ પા. ૩૮૩ સરકાર વિ. ભગીરથ).

ગર્ભવંતી સ્ત્રીને મોતની શિક્ષા કરવામાં આવે તો પ્રસવ થતા સુધી તેનો અમલ નહી કરવો (કા. હા. બી. રી. વા. ૧૫ પા. ૬૬).

જનમટીપના ગુનેહગારે કરેલા ખુનની શિક્ષા.

૩૦૩. જીવતા સુધી સમુદ્રપારની શિક્ષાનો હુકમ જે માણસની ઉપર થયેલોહોય,તે માણસ અગરખુન કરે,તો તેને મોતનીશિક્ષા કરવામાંઆવશે.

ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધની શિક્ષા.

૩૦૪. ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધ જે માણસ કરે, ત માણસને, અગર જે કામથી મોત થયું હોય તે કામ તેણે મોત આણવાના ઇરાદાથી, અથવા જેથી મોત થવાનો સંભવ હોય એવું કાંઈ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી, કર્યું હોય તો, જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે કામથી મોત થવાનો સંભવછે એમ જાણીને, પણ મોત આણવાના અથવા જેથી મોત થવાનો સંભવ હોય એવું કાંઈ શરીરનું નુકશાન કરવાના ઇરાદા વગર, તે કામ તેણે કરયું હોય, તો તે માણસને દસ વરસના મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—ચોરને કેટલાક સખસે ઘણાજ ઝટકા માર્યાથી તેનાં પાસળાં ભાગી જઈ તેનું મોત થયું તે કામમાં તેના પર શિક્ષિણીય મનુષ્યવધનું તોહોમત ઠરાવ્યું (અ.હા.વા.૫ પા.૨૩૫).

ગફલતથી મોત થાય.

“૩૦૪. અ—શિક્ષણીય મનુષ્યવધ કરતાં ઉતરતા દરજ્જાનું હરકાંઈ અવીચારનું અથવા ગફલતથી ભરેલું કામ કરીને કોઈ માણસ કોઈનું મોત લાવે તો તેને ઘણામાં ઘણા બે વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવી, અથવા દંડ કરવો, અથવા એ બેઉ શિક્ષા કરવી” (સને ૧૮૭૦ ના આકટ ૨૭ મા પ્રમાણે.)

ટીકા.—કોઈ સખસે માર આપ્યો અને રોગથી ભરાયલી તલ્લી ફુટી જવાથી તે મરી ગયો એ બાબતમાં ઠરાવ્યું કે આવી બાબતમાં કા. ૩૨૧ બયાની લાગુ છે પણ કા. ૩૦૪ અ લાગુ નથી(મુ.હા. તા.૨૩ ફેબ્રુઆરી ૧૮૭૨ સરકાર વિરૂદ્ધ બાલાજી બીન સંભા.

તોહોમતવાળાને તેના સાથીએ નાશાની હોશાતોશીમાં અપમાન કર્યાથી તેણે તેને જમીનપર નાખી દઈ તેના પડેલા શરીર પર પોતાના પગો ચાંપી બેવાર દાબી નાંખ્યો. એ કૃત્ય પડી ગયેલા આદમીનું વિસ દિવસમાં મરણ થયું તેમાં ઠરાવ્યું કે એ ગુનેહો કા. ૩૨૩ મુજબ બયાનો થયો પણ આ કલમ મુજબ નથી. (મુ. હા. તારીખ ૯ અકટોબર ૧૮૭૨ સરકાર વિ. રડકયા બદરૂ).

શકતોવાન છોકરાને તેના પેટમાં જ્યાં આંતરડા તુટી જાય એવા સંભવ જાણીને લાત મારવી એ કૃત્ય તે માણસે આ કલમ પ્રમાણે કરેલા ગુન્હા પ્રમાણે થશે (કા. હા. ઇ. લા. વા. ૪ પા. ૭૬૪ સરકાર વિરૂદ્ધ બેચરદી મંદલ. આ ફેસલાની વિશેષ હકીકત કા. ૨૯૯ નિચે આપવામાં આવી છે તે જુઓ).

એક માણસને ઘણા વર્ષથી પાણુશરીનો રોગ હતો. આરોપિતે તેના શરીર પર હાથનો ગડદો

માર્યો તેથી તેની પાણથરી ફુટી અને તે મરણ પામ્યો તેથી તેનાપર કા. ૩૦૪ અ મુજબ તોહોમત ઠરાવ્યું તેમાં ઠરાવ કર્યો કે સદરહુ ગુન્હો તેવો નથી પણ બુદ્ધિપુર્વક બથા કર્યાનો છે. (કા. હા ઇ. લા. વા. ૪ પા. ૮૧૫ સરકાર વિ. સફા તુલ્લા અને બીજા).

આરોપિત એ સાપ પકડનારા હતા. તેઓએ એક દિવસે એક મોટો ઝેરી નાગ પકડ્યો પછી કેટલેક દિવસે તેઓએ પોતાની કુશળતા બતાવવા તે નાગને ઘણા માણસના ટોળામાં આણ્યો. તેના ઝેરી દાંત પડ્યા નહોતા. પછી ઘણા માણસના ટોળામાં કેદીઓએ તે સાપ બતાવતા બતાવતા એક છોકરાના ગળાપર તે સાપને મુક્યો, છોકરાએ તેને અથડવા માંડ્યો કે તે સાપ તેને ડસ્યો જેણી તે છોકરો મરણ પામ્યો તેથી કેદીઓપર કા. ૩૦૪ પ્રમાણે તથા કા. ૩૦૪ અ પ્રમાણે તોહોમત મુકયુ તેમાં કરાવ્યું કે—

છોકરાને નાગ કરડાવવો એમ કેદીનો ઇરાદો ન હોય પરંતુ જે કૃત્યથી તેનો જીવ ગયો તે કૃત્ય જીવ જવા સરખુ હતું એમ તેને માહીત હતું ખરૂ તોપણ તેનો જીવ લેવો એમ કેદીનો ઇરાદો નહોતો. તો કેદીઓ કા. ૩૦૪ પ્રમાણે શિક્ષિણીય મનુષ્યવધના ગુન્હેગારછે પણ આ કા. ૩૦૪ અ પ્રમાણે નથી. (કા. હા. ઇ. લા. વા. ૫ પાને ૩૫૧ સરકાર વિરૂદ્ધ ગણેશ અને ગોપીદુલે.)

જે માણસને તલ્લીનો રોગછે એવા માણસને બીજો કોઈ માણસ પોતે જે બથા કરનાર. તેનાથી મરણ પામશે એમ માહિત નહી છતાં કીંવા જીવ લેવાનો ઈરાદો નહી છતાં કીંવા પોતાનું કૃત્ય મોતનું કારણ થશે એમ માહિત નહી છતાં તે કાંઈ કૃત્ય કરે તો તે બીજા માણસનું એ કૃત્ય કા. ૩૦૪ પ્રમાણે શિક્ષિણીય મનુષ્યવધનુ નથી પણ કા. ૩૨૩ પ્રમાણે બુદ્ધિપુર્વક બથાનુંછે. (અલ્હા. હા. ઈ. લા. વા. ૨ પાને ૫૨૨ સરકાર વિરૂદ્ધ, ફાકસ.)

જે માણસને તલ્લીનો રોગછે તેને પોતે જે દુઃખ કરનાર છે તેણે કરીને બુદ્ધિપુર્વક મહાબથા થવાનો સંભવ છે એમ માહીત છતાં, પણ તેણે કરીને તેનુ મોત થશે કીંવા જેણે કરીને મરણ થશે એવું દુઃખ થશે કીંવા પોતાનું કૃત્ય મોતનું કારણ થશે, એવો ઇરાદો નહી છતાં કોઈ માણસ તેને બુદ્ધિપુર્વક મહાબથા કરે અને તેથી તે રોગી માણસ મરણ પામે તો તેનાપર કા. ૩૦૪ અ પ્રમાણે કસુરથી જીવ લીધા બદલ સાબિતી નહી કરતાં કા. ૩૨૫ મુજબ મહાબથા કર્યાની સાબિતી કરવી (અલ્હા. હા. ઈ. લા. વા. ૨ પા. ૭૬૬ સરકાર વિ. ઓબ્રિન.)

કેટલોક સામાન્ય તંટો ચાલતાં આરોપિતે મરનારને ધક્કો એક માર્યો જેથી તે પડ્યો અને પાંચમે દિવસે મરણ પામ્યો તેમાં ઠરાવ્યુ કે આવી હકીકતથી કા. ૩૦૪ અ માં કહેલો ગુન્હો થતો નથી કેમકે એવા પ્રકારનું પરિણામ થવાને તે કૃત્ય ઉપરથી સંભવ નહોતો કીંવા તેવો પરિણામ થવો એમ આરોપિતનો ઇરાદો નહોતો (મ. હા. ઇ. લા. વા. ૧ પા. ૨૨૪ સરકાર વિ. આચારજી.)

પોતે જે કૃત્ય કરેછે તેનું પરીણામ ભયંકર નિવડશે એમ જાણે પણ જીવ લેવાનો ઇરાદો ન હોય યા જીવ જશે એવો સંભવ ન હોય અને પછી જીવ જાય તો તે માણસ કા. ૩૦૪ અ માં કહેલો ગુન્હેગાર નહી છતાં બુદ્ધિપુર્વક મહાબથાનો ગુન્હેગાર થશે (મ. હા. વા. ૭ પા. ૧૧૯ નીદરમરતી નગભુષણના કામમાં.)

જીવ લેવાનો ઇરાદો નહીં છતાં, કીંવા જેથી જીવ જશે એવો સંભવ છે એવી બથા કરવાનો ઇરાદો નહી છતાં, કીંવા પોતાના કૃત્યથી જીવ જવાનો સંભવ છે એમ માહીત ન છતાં, કીંવા બુદ્ધિપુર્વક મહાબથા કરવાનો ઇરાદો નહી છતાં કીંવા પોતાના કૃત્યથી બુદ્ધિપુર્વક મહાબથા થશે એમ માહીત ન છતાં ફક્ત બીજાને બથા કરવાના ઇરાદાએ આરોપિતે એક ઇંટનો કડકો બીજાના અંગ ઉપર ફેંક્યો હોય અને તે બીજાની પાણથરીપર વાગ્યાથી તે મરણ પામ્યો તો તેવી વખતે તે ગુન્હો કા. ૩૨૩ પ્રમાણે બુદ્ધિપુર્વક બથા કર્યાનો થાયછે પણ કા. ૩૦૪ અ માં કહ્યા પ્રમાણે અવિચારના કીંવા કસુરના કૃ-

નથી તે બીજાનું મોત થયુ એમ થતુ નથી. (અહ્હા. હા. ઇ. લા. વા. ૩ પાને ૫૯૭ સરકાર વિરૂદ્ધ રણધરસિંગ).

જીવ લેવાનો ઈરાદો નહી છતાં, કિંવા જેણે કરીને જીવ જવાનો સંભવ છે એવી ઈજા કરવાનો ઈરાદો નહી છતાં કીંવા પોતાના કૃત્યથી જીવ જવાનો સંભવછે એમ માહિત ન છતાં, પરંતુ તેને બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી એવા ઈરાદાથી કોઈ માણસે બીજાપર પ્રહાર કર્યો અને તેથી તેનું મોત થયું હોય તો તે ગુન્હો કલમ ૩૦૪ અ માં કહેલો થતો નથી પણ બુદ્ધિપુર્વક મહાવ્યથા કર્યાનો થાયછે (અહ્હા. હા. ઈ. લા. વા. ૩ પાને ૭૭૬ સરકાર વિરૂદ્ધ ઇગુએગ).

કોઈ બાળક અથવા દીવાના સખસને આત્મઘાત કરવામાં મદદગારી કરવી.

૩૦૫. જો હરાડ વર્ષથી, ઓછી ઉમરનો કોઈ શખ્સ, અથવા કોઇ દીવાનો સખ્સ, અથવા કોઇ ચળેલો શખ્સ, અથવા જન્મથી ગાંડો એવો કોઈ શખ્સ, અથવા કેફની હાલતમાં હોય એવો કોઇ શખ્સ આત્મઘાત કરે, તો તે આત્મઘાત કરવામાં તે માણસ મદદગારી કરે, તે માણસને મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

આત્મઘાતમાં મદદગારી.

૩૦૬. જો કોઇ શખ્સ આત્મઘાત કરે, તો તે આત્મઘાત કરવામાં જે માણસ મદદગારી કરે, તે માણસને દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુનની કોશિશ.

૩૦૭. જો કોઇ માણસ એવા ઇરાદા અથવા જ્ઞાનથી, તથા એવી હાલતમાં કાંઈ કામ કરે કે, અગર તે કામથી તે મોત આણે તો, તે માણસ ખુનનો તકસીરવાર થાય, તો તે માણસને દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને તે કામથી અગર કોઈ સખ્સને બ્યથા થાય તો, તે ગુનેહગાર અગર તો જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને, અથવા ઉપર લખેલીછે તે શિક્ષાને લાયક થશે.

જન્મ દ્વીપના ગુન્હેગારોએ કોશિશ કરવી.

" જે માણસના ઉપર જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાનો હુકમ થઇ ચુકેલો હોય તે માણસ આ કલમ પ્રમાણે ગુનોહ કરશે અને તેના તેજ ગુન્હાથી બ્યથા થઈ હોય તો તેને મોતની શિક્ષા થઈ શકશે "

(સને ૧૮૭૦ ના આક્ટ ૨૭ મા પ્રમાણે).

દષ્ટાંત.

(અ) ઝ ને મારી નાંખવાના ઇરાદાથી અ ઝને ગોળી મારે, એવી હાલતમાં કે અગર ઝ નું મોત થાય તો અ ખુનનો તકશીરવાર થાય, તો અ, આ કલમ મુજબ શિક્ષાને લાયક છે.

(બ) એક કુમળા વયના બચ્ચાનું મોત આણવાના ઇરાદાથી અ તે બચ્ચાને એક જંગલમાં ખુલ્લું મુકે, તો, પછી તે બચ્ચાનું મોત ન થાય તોપણ, અએ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કર્યો એમ સમજવું.

(ક) ઝ નું ખુન કરવાના ઇરાદાથી અ એ એક બંદુક વેચાતી લઈને તેને ભરી, હજુ સુધી અ એ ઉપર લખેલો ગુનોહ કર્યો નથી. અ તે બંદુક ઝની ઊપર છોડે, તો તેણે આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કર્યો એમ સમજવું, અને અગર તે બંદુક છોડવાથી ઝને જખમ થાય તો આ કલમના પાછલા ભાગમાં ઠરાવેલી શિક્ષાને તે લાયકછે.

(ડ) ઝેર ખવડાવીને ઝ નું ખુન કરવાના ઇરાદાથી અ કાંઈ ઝેર ખરીદ કરે, અને તે ઝેર કાંઈ ખોરાકમાં ભેળવે, અને તે ખોરાક અ ના કબજામાં રહે, તો ત્યાં સુધી અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો નથી પણ અ તે ખોરાક ઝ ની ટેબલપર મેલે, અથવા ઝ ની ટેબલપર મેલવા સારૂ તે ખોરાક ઝ ના ચાકરોને આપે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

ટીકા—કા. ૨૯૯ નિચે ટાંકેલા ફેસલામાં મુ. હા. વા. ૪ ને પાને ૧૭નો ફેસલો સરકાર વિરૂધ ફ્રાન્સીસ કયાસીટીનો જે ફેસલો ટાંક્યો છે તે અહીંયાં પણ વાંચો. અને વળી એ ફેસલામાં એમ પણ બતાવ્યુ છે, કે આ કલમ મુજબ ગુન્હો થવાને કેદીએ કરેલું કૃત્ય સાધારણ અને કુદરત રીતે ખુન થાય એવું જોઇએ.'

પી. કો. કા. ૨૯૯ તથા ૩૦૭ અને ૩૨૪ એ પ્રમાણેના વૈકલ્પિક તોહોમતો ઉપરથી સાબિતી થઈ તો તેના જામીન લેવાનો ઠરાવ કરવામાં આવે તો તે જામીન સારી ચાલના નહી પણ સુલેહ રાખવાના લેવા જોઇએ. (મુ. હા. તા. ૨૩ ફેબ્રુઆરી ૧૮૮૧ સરકાર વિ. શ્રાવણ સુબાજી).

શિક્ષણીય મનુષ્યવધ કરવાની કોશિશ.

૩૦૮. જે કોઈ માણસ એવા ઇરાદા અથવા જ્ઞાનથી, અથવા એવી હાલતમાં, કાંઈ કામ કરે કે, અગર તે કામથી તે મોત આણે તો, તે માણસ ખુનથી ઉતરતા દરજ્જાના મનુષ્યવધનો તકશીરવાર થાય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; અને તે કામથી અગર કોઈ સખ્સને બ્યથા થાય, તો તે માણસને સાત વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની; અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થયાથી અ ઝ ની ઉપર એક પિસ્તોલ છોડે, એવી હાલતમાં કે, અગર તેમ કરવાથી મોત થાય તો ખુનથી ઉતરેતા દરજ્જાના મનુષ્યવધનો તે તકશીરવાર થાય,તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

આત્મઘાત કરવાની કોશિશ.

૩૦૯. જે માણસ આત્મઘાત કરવાની કોશિશ કરે, તથા તે ગુનોહ કરવા તરફ કાંઈ કામ કરે, તે માણસને એક વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણે કરેલા ગુન્હાને માટે ગુન્હેગારને ફકત દંડની શિક્ષા થાય નહી તેને કાંઈ પણ કેદની શિક્ષા કરવીજ જોઇયે કારણ કે કેદ તથા દંડ કરવો એમ કલમમાં છે. (મુ. હા. વા. ૧ પાને ૪ સરકાર વિરૂદ્ધ મેનવિયોવા શીદ્રામસેટી).

ઠગ.

૩૧૦ આ આકટ પસાર થયા પછી કોઈ પણ વખતે જે માણસ ખુનના ઉપાયથી, અથવા ખુનની સાથે, અપહરણ અથવા છોકરા ચોરવાને ગુનોહ કર-

વાનાં કારણસર નિત્ય કોઈ બીજા માણસ અથવા માણસોની જોડે મળેલો રેહેશે, તે માણસને ઠગ સમજવો.

શિક્ષા. | ૩૧૧. જે ઠગ હોય, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ગર્ભપાત કરવા બાબત; નહી જનમેલાં બચ્ચાંઓને નુકશાન બાબત; બચ્ચાંઓને ખુલ્લાં મુકવાં બાબત; તથા જન્મ છુપાવવા બાબત.

ગર્ભપાત કરવો | ૩૧૨. જે માણસ બુદ્ધિપુર્વક કોઈ ગર્ભવંતી સ્ત્રીનો ગર્ભપાત કરે, તે માણસને, અગર તે ગર્ભપાત શુદ્ધબુદ્ધિએ તે સ્ત્રીનો જીવ બચાવવાના કારણસર ન કર્યો હોય તો, ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; અને અગર તે સ્ત્રી ચલિતગર્ભા હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—જે સ્ત્રી પોતે પોતાનો ગર્ભપાત કરે તે પણ આ કલમના અર્થમાં દાખલ થાય છે.

સ્ત્રીની રજામંદી વગર ગર્ભપાત કરવો. | ૩૧૩. સ્ત્રીની રજામંદી વગર જે માણસ ઉપલી કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરે તે માણસને, પછી તે સ્ત્રી ચલિતગર્ભા હોય કે નહીં તોપણ, જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને, પણ લાયક થશે.

ગર્ભપાત કરવાના ઈરાદાથી કરેલા કાંઈકામથી થયેલુંમોત.

તે સ્ત્રીની રજામંદીવગર તે કામ કર્યું હોય, તો.

૩૧૪. કોઈ ગર્ભવંતી સ્ત્રીનો ગર્ભપાત કરવાના ઈરાદાથી કોઈ માણસ એવું કામ કરે કે તેથી તે સ્ત્રીનું મોત થાય, તો તે માણસને દશ વરસની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે કામ તે સ્ત્રીની રજામંદી વગર કર્યું હોય, તો તે માણસને જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા, અથવા ઉપર લખેલી શિક્ષા કરવામાં આવશે.

ખુલાસો—આ ગુનાહમાં એવું કાંઈ જરૂર નથી કે તે કામથી મોત થાય એવો સંભવ છે એમ તે ગુનોહ કરનારે જાણવું જોઈએ.

કોઈ બચ્ચું જીવતું જન્મતા અટકાવવાના અથવા જન્મ્યા પછી તે મરી જાય એવું કરવાના ઈરાદાથી કરેલું કામ. | ૩૧૫. જે માણસ, કોઈ બચ્ચું જન્મતાં પેહેલાં, તે બચ્ચું જીવતું જન્મતાં અટકાવવાના, અથવા જન્મ્યા પછી તે મરી જાય એવું કરવાના ઈરાદાથી, કાંઈ કામ કરે, અને તે કામ કરેથી તે બચ્ચું જીવતું જન્મતું અટકે, અથવા જનમીયા પછી તે મરી જાય, તો તે માણસને, અગર તે કામ શુદ્ધબુદ્ધિથી એ તે બચ્ચાંની માનો જીવ બચાવવાના કારણસર નહી કર્યું હોય તો, દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

જે કામ શિક્ષણીય મનુષ્ય વધ ગણાતું હોય એવા કામથી કોઈ નહીં જનમેલાં જીવતાં બચ્ચાનું મોત આણવું.

૩૧૬. કોઈ માણસ કાંઈ કામ કરે, એવી હાલતમાં કે જો તે કામથી મોત થાય તો તે માણસ શિક્ષણીય મનુષ્યવધનો તકશીરવાર થાય, અને તે કામ કરેથી તે કોઈ નહીં જન્મેલાં જીવતાં બચ્ચાનું મોત આણે તો તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

દૃષ્ટાંત.

ફુલાણી ગરભવંતી સ્ત્રીનું મારાથી મોત થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં અ એવું કાંઈ કામ કરે કે, અગર તે કામથી તે સ્ત્રીનું મોત થાય તો, તે શિક્ષણીય મનુષ્યવધ ગણાય, અને તે સ્ત્રીને નુકશાન થાય પણ તે મરી જાય નહીં; પણ તેના પેટમાં જે જીવતું બચ્ચું હોય તેનું તે કામથી મોત થાય, તો અ આ કલમમાં બયાન કરેલા ગુનાહનો તકશીરવાર છે એમ સમજવું.

કોઈ બાર વરસથી ઓછી ઉમરનાં બચ્ચાને તેના માબાપે; અથવા જે સખસના હવાલામાં તબચ્ચું હોય તે શખસે ખુલ્લું મુકવું અથવા તજવું.

૩૧૭. જે માણસ, કોઈ બાર વરસથી ઓછી ઉમરનાં બચ્ચાંનો બાપ અથવા મા તેની હોય, અથવા જે માણસના હવાલામાં એવું બચ્ચું હોય તે માણસ અગર તે બચ્ચાંને બીલકુલ તજવાના ઈરાદાથી તે બચ્ચાંને કોઈ જગામાં ખુલ્લું મુકે, અથવા મુકે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો—અગર તે પ્રમાણે તે ખુલ્લું મુકવાથી બચ્ચું મરી જાય, તો, તે મુકદમાની કેફીયત મુજબ, તે ગુનેહગારની ખુન અથવા શીક્ષણીય મનુષ્યવધને માટે તજવીજ થવામાં અટકાવ કરવાની આ કલમની મતલબ નથી.

ટીકા—એક સ્ત્રીએ છોકરૂં જણ્યું પણ સ્ત્રીનામાં શક્તી ન હોવાથી તેણીએ તે છોકરૂં બીજી સ્ત્રીને તેને અમુક ઠેકાણે મુકવું એમ કરી આપ્યું. તેમાં મદ્રાસ હાઈકોરટે ઠરાવ્યું કે આ કલમ પ્રમાણે તે બે સ્ત્રીઓ ગુન્હેગાર નથી કારણ કે કોઈએ તે છોકરાને ખુલ્લુ મુક્યુ નથી. અને જે બીજી બાઈરી પાસે મુક્યુ તે તેની મા નહોતી તેમજ જે મુળ બાબત ગુન્હો નથી તો તેમાં મદદ કરનારપર મદદગારીનો ગુન્હો રહી શકતો નથી. (મદ્રાસ હા. મે. પૃ. ૨૬૩ સરકાર વિ. બાઈ જીબી).

એક સખસે પોતાના છોકરાને રખડતું મુક્યું પણ રખડતું મુક્યાના કારણથી મરી નહીં જતાં તે મરીતો ગયું તેથી તેનાપર ખુનનું તોહોમત ન રાખતાં આ કલમ પ્રમાણે તોહોમત મુક્યું (કા. હા. વી. વા. ૧૦ પા. ૫૨ સરકાર વિરૂદ્ધ ખુદાબક્ષ).

મુડદુ છાની રીતે વગે કરી દઈને જન્મ છુપાવવો.

૩૧૮. જે માણસ, કોઈ બચ્ચાંનું મુડદું છાની રીતે દાટીને અથવા બીજી રીતે વગે કરીને, તે બચ્ચાંનો જન્મ ઈરાદાથી છુપાવે, અથવા છુપાવવાની કોશીશ કરે, તે માણસને, પછી અગર તે બચ્ચું જનમતાં પેહેલાં અથવા જનમ્યા પછી અથવા જનમતાં જનમતાંજ મરી ગયું હોય તોપણ, બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

ટીકા—ચાર માસના ગર્ભનો છોકરો જન્મ્યો તે વાત છુપાવ્યાથી આ કલમ પ્રમાણે તે તોહોમત રહી શકતું નથી આવા ગુન્હો થવાને છોકરૂં જીવતું રહી શકે એટલા મહીનાનું હોવું જોઇએ. (મ. હા. વા. ૫ પાને ૬૩).

વ્યથા.

વ્યથા. | ૩૧૯. જે માણસ કોઈ સખસને કાંઈ શરીરનું દુઃખ, રોગ, અથવા અશક્તતા કરે, તેણે "વ્યથા કરી" એમ સમજવું.

મહાવ્યથા. | ૩૨૦. નીચે લખેલા પ્રકારની વ્યથાનેજ "મહાવ્યથા" એવું નામ આપેલું છે.

પેહેલો—પુરૂષત્વનો નાશ.

બીજો—એમાંની કોઈ પણ આંખની જોવાની શકતી જાથુ જવી.

ત્રીજો—એમાંના કોઈ પણ કાનની સાંભળવાની શકતી જાથુ જવી.

ચોથો—કોઈ અવયવ અથવા સાંધો જવો.

પાંચમો—કોઈ અવયવ અથવા સાંધાની શકતીનો નાશ થવો, અથવા તેની જાથુ ક્ષિણતા થવી.

છઠો—ડોકાંની અથવા ચેહેરાની જાથુ બદશીકલ થવી.

સાતમો—કાંઈ હાડકાંનું અથવા દાંતનું ભાગવું અથવા ખશી જવું.

આઠમો—જે વ્યથાથી જીંદગી જોખમમાં આવે, અથવા જેથી વીસ દીવસની મુદત સુધી, વ્યથા થએલાં માણસને શરીરનું ભારે દુઃખ ખમવું પડે, અથવા તે પોતાનો હમેશનો ધંધો કરવાને આશક્ત રેહે, એવી કોઈ પણ વ્યથા.

ટીકા—કોઇ માણસને દુઃખ થયું તેથી તેને હસ્પીતાળમાં મોકલ્યો અને ત્યાંહાંથી વિસમે દિવસે તેને સારૂ થવાથી તે હાલ આવ્યો તો એ વિસમાં દિવસમાંજ ગણવો. (મે. પાને ૨૦૯).

કેદીઓએ ફરિયાદણના હાથ પગ બાંધી તેને ઉંચે લટકાવી તેના ગાલપર ડામ દીધા તેથી તેમાં ઠરાવ્યું કે જો તેમ થવાથી હમેશને માટે બદશીકલ જેવો ચેહેરો થાય એમ હોય તો તે ગુન્હો મહાવ્યથાનો છે અને તે સબા. માજીસ્ટ્રેટના અધિકાર ઉપરાંતનો છે. (મુ. હા. વા. ૧ પા. ૧૭૧ સરકાર વિ. અંતા દાદોબા વિગેરે).

બુદ્ધિપુર્વક વ્યથા કરવી. | ૩૨૧. જે માણસ, કોઈ સખસને વ્યથા કરવાના ઈરાદાએ અથવા તેથી કાંઇ સખસને પોતાથી વ્યથા થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં કાંઇ કામ કરે, અને તે કામથી કોઇ સખસને વ્યથા કરે, તો તે માણસે "બુદ્ધિપુરવક વ્યથા કરી" એમ સમજવું.

ટીકા—કોઈ શખસે માર ખાધો અને રોગથી ભરાયલી તલી ફુટી જવાથી તે મરી ગયો એ બાબતમાં ઠરાવ્યુ કે આ ગુનોહ કા. ૩૨૧ પ્રમાણે છે પણ કા. ૩૦૪ આ લાગુ નથી. (મુ. હા. તા. ૨૩ ફેબ્રુઆરી ૧૮૭૨ સરકાર વિરૂદ્ધ બાવાજીબીન સંભા)

આ કલમ પ્રમાણેના તોહોમત બદલ દંડની શિક્ષા કરી તે દંડમાંથી કાંઇક રકમ ફરીને નુકશાન બદલ આપવાને ઠરાવ કરેયાથી ઠરાવ્યુ કે સદરહુ ગુનાહથી ફરિયાદીને કાંઈ હરકત થઇ નથી અને તેને પૈસાનું પણ કાંઇ નુકશાન થયુ નથી તેથી નુકશાન અપાવી શકાતુ નથી (મુ. હા. વા. ૨ પા. ૪૩ સરકાર વિ૦ શ્યામસન બાબાજી.)

બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી. | ૩૨૨. કોઈ માણસ બુદ્ધિપુરવક વ્યથા કરે, અને જે વ્યથા કરવાને તેનો ઇરાદો હોય અથવા જે વ્યથા પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં

હોય તે વ્યથા અગર મહાવ્યથા હોય તથા જે વ્યથા તે કરે તે વ્યથા મહાવ્યથા હોય તો તે માણસે "બુદ્ધિપુરવક મહાવ્યથા કરી" એમ સમજવું.

ખુલાસો—કોઈ શખ્સ આ બંને વાત કરે, એટલે મહાવ્યથા કરે તથા મહાવ્યથા કરવાનો ઈરાદો કરે, અથવા મહાવ્યથા પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં હોય, તોજ તેને બુદ્ધિપુરવક મહાવ્યથા કરી એમ સમજવું, નહી તો નહી પણ અગર એક પ્રકારની મહાવ્યથા કરવાનો ઈરાદો કરીને, અથવા એક પ્રકારની મહાવ્યથા પોતાથી થવાનો સંભવ જાણ્યા છતાં, તે ખરેખર બીજા પ્રકારની મહાવ્યથા કરે, તો તેણે બુદ્ધિ પુરવક મહાવ્યથા કરી એમ સમજવું.

દષ્ટાંત.

ઝ નો ચેહેરો જાથુ બદશીકલ કરવાના ઇરાદાથી, અથવા તે પોતાથી બદશીકલ થવાનો સંભવ જાણ્યા છતાં, અ ઝ ને એક સપાટો મારે, અને તે સપાટાથી ઝ નો ચેહેરો બદશીકલ નહી થાય, પણ તેથી વીસ દિવસની મુદત સુધી ઝ ને શરીરનું ભારે દુઃખ ખમવું પડે, તો અ એ બુદ્ધિપુરવક મહાવ્યથા કરી એમ સમજવું.

બુદ્ધિપુર્વક વ્યથા કરવાની શિક્ષા. ૩૨૩. ૩૩૪ મી કલમમાં લખેલી બાબત શીવાય બીજી કોઈ પણ બાબતમાં, જે માણસ બુદ્ધિપુરવક વ્યથા કરે, તેને એક વરસની મુદત સુધીની બેમાંના, ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા—ધણીએ પોતાની ઓરતને લોઢુ તપાવી ડામ દીધાથી તેનાપર આ કલમ મુજબ તોહોમત રાખેલું તેમાં ઠરાવ્યું કે એ તોહોમત કા. ૩૨૪ મુજબ રાખવું (મુ. હા. વા. ૪ પાને ૨ સરકાર વિ૦ નાબાજી વિઠોજી.)

આ કલમ પ્રમાણેના તોહોમતનામા મધ્યે જે કેફીયતો ઉપરથી વિશેષ અપવાદ થતો હોય તે કેફિયતનો અભાવ સ્પષ્ટ રીતે લખી જણાવવો જોઇએ. શાથી જે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના કા. ૨૩૭ ના શબ્દોની મતલબછે તે મતલબ કા. ૨૩૯ માં લખેલા તોહોમતનામાના નમુના ઉપરથી કાંઇપણ હુકમ વિશે અનુમાન થાય તો તે હુકમ કરતાં અમલમાં જારી રેહેવો જોઇયે. (મુ. હા તા. ૧૭ અગષ્ટ ૧૮૬૯ રત્નાગીરીના શેશનજડજના પુછવાપરથી)

કા. ૩૦૪ અ નિચે ટાંકેલા ફેસલામાં તા. ૯ અકટોબર ૧૮૭૨ નો સરકાર વિરૂદ્ધ રેડકયા બદરૂનો ફેસલો ટાંકેલોછે તે પણ અહી વાંચો. તે મુબ.ઈ હાઇકોરટનોછે.

અરજદાર એ આઠ આશામી હતા તેઓએ તેમનો ઇરાદો પાડવા માટે એક શાત આશામીના ટોળાપર હુમલો કરયો તેમાં મારામારી થઇ અને બેઉ ટોળાના લોકને તેથી દુઃખ થયું તેથી અરજદારપર કા. ૧૪૭ અને ૩૨૩ પ્રમાણે તોહોમત મુકયું તેમાં ઠરાવ્યુકે જે કેદીપર હંગામો કરયાનું તોહોમતછે તેનાપર કામની હકીકત તેવી હોયતો જીવ જનારૂ હથીયાર લઇ હંગામો કર્યા બદલ, શિક્ષિણીય મનુષ્યવધ કરેયા બદલ અને બુદ્ધિપુર્વક મહા વ્યથા કરેયા બદલ તોહોમત ઠરાવવાને હરકત નથી. હંગામો કરવો અને ગેરકાયદેશર મંડળી એ ગુનાહ સરવ લોકની સુલેહની વિરૂધનાછે. શરીરપર મારવું, દુઃખ કરવું વિગેરે ગુનાહ માણસના શરીર વિરૂધછે તેથી આ કામમાં ઠરેલા જુદા જુદા તોહોમતમાં હાથ નાખવાની જરૂર નથી (અલ્હા. હા. ઈ. લા.વા. ૨ પાને ૧૩૯ સરકાર વિરૂધ રામઆધિન અને બીજા.)

કા. ૩૦૪ અ નિચે ટાંકેલા ફેસલામાં અલ્હાબાદ હાઇકોરટનો તા. ૧૬ ડીસેંબર૧૮૭૯ ના રોજનો સરકાર વિરૂદ્ધ ફાકસનો ફેસલો વા, ૨ પાને ૫૨૨ નોછે તે જુઓ.

બુદ્ધિપૂર્વક બથા કરવાનો ગુનોહ એ ક્રી. પ્રો. કોડને જોડેલા પરિશિષ્ટના સાતમા ખાસનમાં ફક્ત શેશનકોરટે અંગર શેશનકોરટ અને જીલ્લામાજીસ્ત્રેટે ચોકશી કરવા જોગ છે એમ લખેલુ નથી માટે સદરહુ ગુનાહ બદલ ફરી ચોકશી કરવાનો હુકમ કરવાને ક્રી. પ્રો. કો. કા. ૪૩૫ પ્રમાણે જીલ્લા માજીસ્ત્રેટને અધિકાર નથી (મુ. હા. વા. ૯ પાને ૧૬૯ સરકાર વિરૂદ્ધ શુભાનાબીન ગણું.)

આ કલમ પ્રમાણે કરેલો ગુનોહ માંહોમાંહે માંડીવાળી શકાયછે એવો ફેસલો સરકાર વિરૂદ્ધ જેઠા ભલાના કામમાં મુ. હા. વા. ૧૦ પાને ૯૮ તા. ૨૭ મારચ ૧૮૭૩ ને રોજ કરયો હતો. પરંતુ પછીથી હાઇકોરટે (મુંબાઇની) તા ૧૬ ફેબ્રુઆરી ૧૮૭૬ ને રોજ સરકાર વિરૂદ્ધ રહિમતના કામમાં એવો ફેસલો કરયો હતો કે આ ગુનહ માંહોમાંહે માંડીવાળી શકાય નહિ. તેથી આટલા દિવશ સુધી તે ગુનોહ માંડાવળાતો નહિ પણ હાલ નવા ક્રા. પ્રો. કોડથી એ ગુનોહ માંડીવાળી શકાયછે.

ફરિયાદીની ગેરહાજરીના સબબથી બુદ્ધિપુર્વક બથા કરવાના ગુનાહ વિશેની ફરિયાદી કાડી નાખવા સારૂ તજવીજ કરનાર માજીસ્ત્રેટને અધિકાર નથી (મુ. હા. તા. ૮ જુલાઈ ૧૮૬૯ સરકાર વિરૂદ્ધ ગુલાબચંદ વિગેરે)

કા. ૩૦૪ ની નિચે ટાંકેલા ફેસલામાં અહ્હા. વા. ૩ પાને ૫૯૭ સરકાર વિરૂદ્ધ રણધરસીંગનો ફેસલો ટાંકયોછે તે જુઓ.

ભયંકર શસ્ત્ર અથવા સાધન વડે બુદ્ધિપુરવક બથા કરવી.

૩૨૪. ૩૩૪ મી કલમમાં લખેલી બાબત શીવાય બીજી કોઈ પણ બાબતમાં, ગોળી અથવા તીર મારવાનાં, ખોશી ઘાલવાનાં, અથવા કાપવાનાં કાંઈ હથીયાર વડે, અથવા જે હથીયાર મારેથી સામાનું મોત થવાનો સંભવ હોય એવા કાંઈ હથીયાર વડે, અથવા અગ્ની કે કાંઈ ગરમ કરેલા પદારથ વડે, અથવા કાંઈ જેહેર કે ખાઇ જાય એવા કાંઈ પદારથ વડે અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથ વડે, અથવા દમ લેવાથી, ગળી જવાથી, અથવા લોહીમાં જવાથી જે પદારથ માણસનાં શરીરનો નાશકારક હોય એવા કાંઈ પદારથ વડે, અથવા કાંઈ જાનવરની મારફતે, જે માણસ બુદ્ધિપુરવક બથા કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—ભારે તથા આકસ્મીક ક્રોધ ચઢવાથી કેદીએ ક્રોધ ઉત્પન્ન કરનારનેજ બથા કરીછે તો તેવી બાબતને કા. ૩૩૪ લાગુછે આ કલમ લાગુ નથી (મુ. હા. વા. ૧ પાને૧૭ સરકાર વિરૂદ્ધ ભલાસલા)

પીન. કો. કા. ૧૪૭, ૧૪૮ અને ૩૨૪ પ્રમાણે મરત અપરાધ મળીને કેદીને જે શિક્ષા કરવાની તે તેમાંના વધારે મોટા અપરાધ બદલ જે સિક્ષા આપવામાં આવે તે કરતાં જ્યાદે ન હોવી જોઇયે. અને કા. ૧૪૭ તથા ૩૨૪ પ્રમાણે જુદાં જુદાં તોહોમત રાખી જુદી જુદી શિક્ષા કરવી કે નહિ એ વિશે શકછે (કા. હા. ૪. લા. વા. ૬ પાને૭૧૮ સરકાર વિરૂદ્ધ જબરદખાન વિગેરે)

તપાવેલા લોઢાથી ડામ દીધા હોય તો તે તોહોમત આ કલમ પ્રમાણે રહી શકેછે(મુ. હા. વા. ૪ પાને ૧ સરકાર વિરૂદ્ધ અંબાકામ ગીરસોજી.) તથા એવોજ ફેસલો મુ. હા. વા.૪ પાને ૨ એ સરકાર વિરૂદ્ધ નાબાજી વિઠોજીનોછે.

કલમ ૩૨૭ નિચે ટાંકેલા ફેસલામાંનો મુ. હા. નો સરકાર વિરૂદ્ધ અવણંસુબાજીનો ટાંકેલો ફેસલો આ ઠેકાણે પણ વાંચો.

કોઈ માણસ લોકોનો એક ઠેકાણે જમાવ થયોછે એમ જોઇને તે પૈકી એકને જખમી કરવા માટે બંદુક ફોડે તો તેથી જેને ઇજા થઇ તેનેજ જખમી કરવાનો તેનો ઇરાદો હતો એવી રીતે ગણી તેનાપર તોહોમત ઠરેછે (મે. પૃ. ૨૩૫)

બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવાની શીક્ષા.

૩૨૫. ૩૩૫ મી કલમમાં લખેલી બાબત સિવાય બીજી કોઈ પણ બાબતમાં જે માણસ બુદ્ધિપુરવક મહાવ્યથા કરે, તેને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—કલમ ૩૦૪ અ નિચે ટાંકેલા ફેસલામાંના નિચેના ફેસલા અત્રે વાંચો.

અલ્હાબાદ હા. નો. વા. ૨ પાને૭૬૬નો ફેસલો સરકાર વિરૂદ્ધ એબ્રિનનોછે તે જુઓ.

મદ્રાસ હાઇકોર્ટનો વા. ૭ પાને ૧૧૯નો ફેસલો નીદરમરતી નગભુષણના કામનો છે તે પણ જુઓ.

અલ્હા. હાઇકોરટનો વા.૩ પાને૭૧૬નો ફેસલો સરકાર વિરૂદ્ધ ઇમુબેગનોછે તે જુઓ.

એક માણસપર ઘણાજણ હુમલો કરે અને તેથી તેનો હાથ ભાગે તો તે ગુનોહ મહાવ્યથાનોછે (કા. હા. વી. રી. વા. ૫ પાને ૧૨)

ફરિયાદી ફરિયાદ ચલાવવા સારૂ ના કહેછે એવા સબબથી બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવાના ગુનાહ વિશેની ફરિયાદ કાહાડી નાખવા સારૂ સબા. માજીસ્ત્રેટને અધિકાર નથી (મુ. હા. તા. ૨૦ સપટેંબર ૧૮૬૯ સરકાર વિરૂદ્ધ જગજીવન ધરમચંદ)

કોઈ સ્ત્રી પોતાના છોકરાને ખભે લઈ જતા છતાં આરોપિતે તેને તેના ડોકા અને ખભા ઉપર જોરથી ઠુંસા માર્યા. તેમાં એક ઠુંસો તે છોકરાના ડોકા ઉપર વાગ્યો;તેથી તે છોકરો મરણ પામ્યો તેમાં ઠરાવ્યું કે આરોપિતે તે છોકરાને જે વ્યથા કરીછે તે મહાવ્યથાના વરણન નિચે આવેછે (કા. હા. વા.૩ ઈ. લા.પા. ૬૨૨ સરકાર વિરૂધ સહારહા)

ભયંકર શસ્ત્ર અથવા સાધન વડે બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવી.

૩૨૬. ૩૩૫ મી કલમમાં લખેલી બાબત શિવાય બીજી કોઈ પણ બાબતમાં, ગોળી અથવા તીર મારવાના, ખોશી ઘાલવાનાં, અથવા કાપવાનાં, અથવા કાંઈ કાપવાનાં હથીયાર વડે, અથવા જે હથીયાર મારેથી સામાનું મોત થવાનો સંભવ હોય એવા કાંઈ હથીયાર વડે, અથવા અગ્ની કે કાંઈ ગરમ કરેલા પદારથ વડે, અથવા કાંઈ ઝેહેર કે ખાઈજાય એવા કાંઈ પદારથ વડે, અથવા અવાજ સાથે ફુટે એવા કાંઇ પદારથ વડે, અથવા દમ લેવાથી, ગળી જવાથી, અથવા લોહીમાં જવાથી જે પદારથ માણસના શરીરનો નાશકારક હોય એવા કાંઈ પદારથ વડે, અથવા કોઈ જાનવરની મારફતે, જે માણસ બુદ્ધિપુરવક મહાવ્યથા કરે, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કામનો એક ફરિયાદી સાહુકારનો ધંધો કરતો હતો તેનું કહેવું એમછે કે આરોપિત સાથે બીજા ૫૦ કીંવા સો માણસો હતા પરંતુ તે વેગળા હતા. હું જે ઘરમાં હતો તે ઘર આરોપિતે ફોડ્યું અને મારૂં ખત હમણાંને હમણાં આપ એમ તેણે કહ્યું અને મારાપર તેણે હલ્લાં કરી પછી આરોપિત નંબર ૨ ના એ મારૂ નાક ઝાલી રાખ્યું અને તે નંબર ૧ ના એ કાપી નાખ્યું. વળી નંબર ૨ ના એ મારી સોનાની અગુંઠીપણ કાડી લીધી. આવી હકીકતથી માજીસ્ત્રેટે આરોપિતપર કા. ૩૨૬ અને ૪૫૭ મુજબ તોહોમત મુકયું હતું તેમાં હાઇકોર્ટે ઠરાવ્યું કે ફરિયાદી પાસેના ખતની ચોરી કરવા વાસ્તે ફરિયાદીને અટકાવમાં રાખ્યો અને તેનું નાક કાપ્યુ તેથી આરોપિતપર કા. ૩૨૬ અને ૪૫૭ પ્રમાણેનું તોહોમત નહિ રેહેતાં કા. ૩૯૭ પ્રમાણે ખુન અથવા મહાવ્યથા કરવાની કોશીશની સાથે ડાકાઇટી કર્યાનું તોહોમત રહી શકેછે (મુ. હા. ઈ. લા. વૉ. ૧ પાને ૧૦ સરકાર વિ૦ ખંડેરાવ બાજીરાવ વિગેરે)

જબરાઈથી કાંઈ મીલકત કહડાવવા સારૂ અથવા કાંઈ કાયદા વિરૂધ કામ કરાવવા સારૂ બુદ્ધિપુર્વક વ્યથા કરવી.

૩૨૭. કોઈ સખસને વ્યથા કરીને તે સખસ પાસે, અથવા તેની સાથે સંબંધ રાખનારા કોઈ શખસ પાસે જબરાઈથી કાંઈ મીલકત અથવા કીમતિ દસ્તાવેજ કહડાવવાનાં કારણસર, અથવા વ્યથા કરેલા શખસ પાસે, કે તેની સાથે સંબંધ રાખનારા કોઈ શખસ પાસે, જબરદસ્તીથી કાંઈ કાયદા વિરૂધ કામ, અથવા જે કામ અથવા જે કામથી કાંઈ ગુનોહ કરવો સોહેલ થાય એવું કામ, કરવાના કારણ સર, જે માણસ બુદ્ધિપુરવક વ્યથા કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની, કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કાંઈ ગુનોહ કરવાના ઇરાદાથી ઝેહેર વગેરે પદારથ વડે વ્યથા કરવી.

૩૨૮. કોઈ સખસને વ્યથા કરવાના ઇરાદાથી, અથવા કાંઈ ગુનોહ કરવાના કે કાંઈ ગુનોહ કરવો સોહેલ કરવાના ઇરાદાથી, અથવા તેથી પોતાથી વ્યથા થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, જે માણસ તે સખસને કાંઈ ઝેહેર કે બેહોશ કરે કે કેફ આવે અથવા અવગુણ કરે એવું કાંઈ વસાણું અથવા બીજી વસતુ આપે, અથવા લેવડાવે તે માણસને દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—કેદીના તાડની તાડી કોઈ માણસ કેદીના વાસણમાંથી ચોરી જતો તેને પકડવાના ઇરાદાથી કેદીએ પોતાના વાસણમાં તાડી ભરી તેમાં ઝેરી પદાર્થ મુક્યો. પછી કેટલાક સોલજરોએ તે તાડીમાંની તાડી વેચાતી લઈ પીધાથી તેઓને વામીટ થયો તેથા કેદીપર શેશનજડજે કા. ૩૨૮ પ્રમાણે તોહોમત ઠરાવ્યું તે તોહોમત હાઇકોરટે કાયમ રાખ્યું અને કા. ૮૧ નો લાભ તેને ના મળે એમ ઠરાવ્યું (મુ. હા. વા. ૫ પાને ૫૯ સરકાર વિ૦ ધનીઆ દાજી)

જબરદસ્તીથી કાંઈ મીલકત કહડાવવા અથવા કાંઈ કાયદા વિરૂદ્ધ કામ કરાવવા સારૂ બુદ્ધિપુર્વક માહાવ્યથા કરવી.

૩૨૯. કોઈ સખસને મહાવ્યથા કરીને તે સખસ પાસે, અથવા તેનીસાથે સંબંધ રાખનારા કોઈ સખસ પાસે જબરાઈથી કાંઈ મિલકત અથવા કીમતી દસ્તાવેજ કહડાવવાનાં કારણસરે અથવા મહાવ્યથા કરેલા સખસ પાસે, કે તેની સાથે સંબંધ રાખનારા કોઈ સખસ પાસે જબરદસ્તીથી કાંઈ કાયદા વિરૂધ કામ, અથવા જે કામથી કાંઈ ગુનોહ કરવો સોહેલ થાય એવું કામ, કરાવવાનાં કારણસર, જે માણસ બુદ્ધિપુરવક મહાવ્યથા કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરદસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઈ મીલકત પાછી અપાવવા સારૂ બુદ્ધિ પુર્વક વ્યથા કરવી.

૩૩૦ કોઈ સખસને વ્યથા કરીને તે સખસ પાસે, અથવા તે સખસની સાથે સંબંધ રાખનારા કોઈ સખસ પાસે જેથી કાંઈ ગુનોહ અથવા બદચાલ પકડાય એવી કાંઇ ખબર અથવા કબુલાત જબરદસ્તીથી લેવાનાં કારણસર, અથવા વ્યથા કરેલા સખસ પાસે કે તેની સાથે સંબંધ રાખનારા કોઈ સખસ પાસે જબરદસ્તીથી કાંઈ મીલકત અથવા કીમતી દસતાવેજ પાછો અપાવવા અથવા અપાવાનાં કારણસર, અથવા તે કાંઈ લેહેણું કે માગણું પતાવે, અથવા

જેથી કાંઈ મીલકત કે કીમતી દસ્તાવેજ પાછો મળી શકે એવી કાંઈ ખબર આપે, એમ કરવાનાં કારણસર, જે માણસ બુદ્ધિ પુરવક મહા વ્યથા કરે તે માણસને સાત વરસના મુદત સુધાની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દ્રષ્ટાંત.

(અ) ઝ ની પાસે કાંઈ ગુનોહ કર્યો કબુલ કરાવવા સારૂ જો અ પોલીસ અમલદાર ઝ ને શરીર વેદના કરે, તો અ આ કલમમાં લખેલાગુનાહનો તકશીરવારછે એમસમજવું

(બ) અમુક ચોરેલી મીલકત ક્યાં મુકેલી છે તે દેખાડવાને બ લલચાય એટલા સારૂ જો અ પોલીસ અમલદાર તેને શરીર વેદના કરે તો અ આ કલમમાં લખેલા ગુનાનો તકશીરવાર છે એમ સમજવું.

(ક) ઝ ની પાસે મેહેસુલની કાંઈ બાકી લેહેણી છે તે તેની પાસે ભરાવવા ને સારૂ જો અ મેહેસુલનો અમલદાર ઝ ને શરીર વેદના કરે, તો આ કલમમાં લખેલા ગુનાહનો તકશીરવાર છે એમ સમજવું.

(ડ) એક રઈતની પાસે તેનું ગણોત ભરાવવા સારૂ જો અ જમીનદાર તેને શરીર વેદના કરે, તો અ આ કલમમાં લખેલા ગુનાહનો તકશીરવાર છે એમ સમજવું.

જબરદસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઈ મીલકત પાછી અપાવવાસારૂબુધિ પુરવક મહા વ્યથા કરવી.

૩૩૧. કાંઈ સખસને મહા વ્યથા કરીને તે સખસ પાસે, અથવા સખસની સાથે સંબંધ રાખનારા કોઈ સખસ પાસે, જેથી કાંઈ ગુનોહ અથવા બદચાલ પકડાય એવી કાંઈ ખબર અથવા કબુલાત જબરદસ્તીથી લેવાના કારણસર, અથવા મહા વ્યથા કરેલા સખસ પાસે કે તેની સાથે સંબંધ રાખનારા કાંઈ સખસ પાસે જબરદસ્તીથી કાંઈ મીલકત અથવા કીમતી દસ્તાવેજ પાછો અપાવવા અથવા અપાવવાના કારણસર, અથવા તે કાંઇ લેહેણું કે માગણું પતાવે અથવા જેથી કાંઇ મિલકત કે કિમતી દસ્તાવેજ પાછો મળી શકે એવી કાંઇ ખબર આપે, એમ કરવાના કારણસર, જે માણસ બુધિપુરવક મહા વ્યથા કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કલમ પ્રમાણે મુકેલા તોહોમતનો ઇનસાફ થવા માટે એક જોઇંટ માજીસ્ત્રેટે આરોપિતને પકડી લાવવા હુકમ કર્યો પણ તે પકડાયો નહિ ત્યારે તેની ગેરહાજરીમાં જોઈંટ માજીસ્ત્રેટની કોરટમાં તેની ચોકશી શરૂ થઈ તેની વિરૂધ જે શાક્ષીદાર હતા તેમની શાક્ષી તેની ગેરહાજરીમાં લઈ લખી મુકી. પછી તે પકડાયો ત્યારે તે જુબાની તેની વિરૂધ દાખલ કરી ઇનસાફ માટે તેને શેશન કમીટ કર્યો. તેમાં ઠરાવ્યું કે પ્રથમ કેદીની ગેરહાજરીનાં લીધેલી શાહેદી તે લોકોને આરોપિતની રૂબરૂ બોલાવી તેઓની શાક્ષી લેવા જોગ છતાં તેમ કર્યું નથી માટે આ કમીટ કરવું રદ કર્યું (કા. હા. વી. રી. વા. ૨૨ પાને ૩૩ સરકાર વિરૂધ બોચા ચોકીદાર)

કોઈ સરકારી નોકરને ડગાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને બુદ્ધિપુરવક વ્યથા કરવી.

૩૩૨. કોઈ સખસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદાનો અમલ ચલાવતો હોય તેવામાં તે શખસને જે માણસ બુદ્ધિપુરવક વ્યથા કરે, અથવા તે શખસને અથવા કોઈ બીજા સરકારી નોકરને પોતાના સરકારી હોદાનો અમલ ચલાવતાં અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતો બંધ રાખવાના ઇરાદાથી, અથવા તે શખસે પોતાના

સરકારી હોદ્દાનો કાયદા મુજબ અમલ ચલાવતાં કાંઈ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય તેટલા વાસ્તે, જે માણસ તે સખ્સને બુદ્ધિપૂરવક વ્યથા કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઈ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને બુદ્ધિ પુરવક મહાવ્યથા કરવી.

૩૩૩. કોઈ શખ્સ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી ઓહદાનો અમલ ચલાવતો હોય તેવામાં તે શખ્સને જે માણસ બુદ્ધિપુરવક મહાવ્યથા કરે, અથવા તે શખ્સને અથવા કોઈ બીજા સરકારી નોકરને પોતાના સરકારી ઓહદાનો અમલ ચલાવતાં અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતો બંધ રાખવાના ઈરાદાથી, અથવા તે શખ્શે પોતાના સરકારી ઓહદાના કાયદા મુજબ અમલ ચલાવતાં કાંઈ વસ્તુ કરી હોય અથવા કરવાનિ કોશિશ કરી હોય તેટલા વાસ્તે, જે માણસ તે શખ્સને બુદ્ધિ પુરવક મહાવ્યથા કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ક્રોધ ઉત્પન્ન થએથી બુદ્ધિપુરવકવ્યથા કરવી.

૩૩૪. ભારે તથા આકસ્મિક ક્રોધ ચહડેથી કોઈ માણસ બુદ્ધિપુરવક વ્યથા કરે, અને તે ક્રોધ ઉત્પન્ન કરનાર સિવાય બીજા કોઈ સખ્સને વ્યથા કરવાનો તેણે ઈરાદો કર્યો ન હોય, તથા તે સિવાય બીજા કોઈ સખ્સને પોતાથી વ્યથા થવાનો સંભવ પણ તેના જાણ્યામાં ન હોય, તો તે માણસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—ભારે તથા આકસ્મીક ક્રોધ ચઢ્યાથી કેદીએ ક્રોધ ઉત્પન્ન કરનારને વ્યથા કરી તો તેને કા. ૩૩૪ લાગેછે પણ ૩૨૪ લાગતી નથી. (મુ. હા. વા. ૧ પા. ૧૭ સરકાર વિ૦ ભલાચલા.)

ક્રોધ ઉત્પન્ન થએથી મહાવ્યથા કરવી.

૩૩૫. ભારે તથા આકસ્મિક ક્રોધ ચહડેથી કોઈ માણસ બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરે, અને તે ક્રોધ ઉત્પન્ન કરનાર શિવાય બીજા કોઈ સખ્સને મહા વ્યથા કરવાનો તેણે ઈરાદો કર્યો ન હોય, તથા તે શિવાય બીજા કોઈ સખ્સને પોતાથી મહાવ્યથા થવાનો સંભવ પણ તેના જાણ્યામાં ન હોય, તો તે માણસને ચાર વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા બે હજાર રૂપીયા સુધીના દંડના અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખુલાસો.—એ ઉપલી બે કલમોને પણ, ૩૦૦ મી કલમના ૧ લા અપવાદને જે શરતો લાગુ પડેછે; તે શરતો લાગુ પડેછે.

ટીકા.—એક માણસના ઘરમાં તેની બાઈરી સાથે બીજો સખ્શ મોડી રાત્રે પેઠો તેથી તે બાઈરીના ધણીએ તે માણસને જીવ લેનારૂ હથીયાર માર્યાથી તે ગુજરી ગયો તેથી તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત ઠરાવ્યું (ક્રા. હા. વી. રી. વાઃ ૩ પાને ૫૫)

જે કામથી જીંદગી જોખમમાં આવે અથવા બીજાઓનાં શરીરની સલામતી જોખમમાં આવે તે કામને માટે શિક્ષા.

૩૩૬. જે માણસ કાંઈ કામ એવી બેફિકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીંદગી અથવા બીજા સખ્સોના શરીરની સલામતી જોખમમાં આવે, તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના, ગમે તે પ્રકારની

કેદની, અથવા બસેં પચાસ રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—હોડી સારી હાલતમાં નહિ છતાં તથા તેમાં એક ચોરો હોવા છતાં તે હોડીમાં આશરે સો માણસ બેસાડી કેદીઓએ હોડી ચલાવી તેથી તે ઉંધી પડી અને તેમાંથી સાત માણસ બુડી મુઆ તેથી તે કેદીઓપર આ કલમ મુજબ તોહોમત રાખેલું પણ હાઇકોર્ટે એ તોહોમત કા. ૨૮૨ પ્રમાણે ઠરાવ્યું (મુ. હા. વા. ૧ પાને ૧૩૭ સરકાર વિરૂધ ખોડા જગાતા વિગેરે)

જીંનગી અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમાં આવે એવું કામ કરીને બ્યથા કરવી

૩૩૭. જેથી માણસની જીંદગી અથવા બીજા શખ્સોનાં શરીરની સલામતી જોખમમાં આવે એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કાંઇ કામ કરીને જે માણસ કોઈ સખ્સને બ્યથા કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

જીંદગી અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમાં આવે એવું કામ કરીને મહાબ્યથા કરવી.

૩૩૮. જેથી માણસની જીંદગી અથવા બીજા શખ્સોના શરીરના સલામતી જોખમમાં આવે એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કાંઈ કામ કરીને જે માણસ કોઈ સખ્સને મહાબ્યથા કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ગેરબ્યાજબી અટકાવ તથા ગેરબ્યાજબી કેદ બાબત.

ગેરબ્યાજબી અટકાવ.

૩૩૯. કોઈ શખ્સનો જેણીમેર જવાનો હક્ક હોય તેણીમેર જતો તે શખ્સ અટકે એવી રીતે જે માણસ તે શખ્સને બુધિપુરવક હરકત કરે, તે માણસે તે શખ્સને "ગેરબ્યાજબી અટકાવ" કર્યો એમ સમજવું.

અપવાદ—જમીન અથવા પાણી ઉપરથી જવા આવવાનો કાંઈ ખાનગી રસ્તો હોય અને તે રસ્તો બંધ કરવાનો મારો કાયદા મુજબ હક છે એમ જે શખ્સ શુધબુધિએ માનતો હોય તે શખ્સે તે રસ્તો બંધ કરવો એ આ કલમના અર્થ પ્રમાણેનો ગુનોહ નથી.

દ્રષ્ટાંત.

જે રસ્તા ઉપરથી ઝ ને જવાનો હક્કછે એવો એક રસ્તો અ બંધ કરે, અને શુધબુધિએ અ એ પ્રમાણે માનતો ન હોય કે એ રસ્તો બંધ કરવાનો માહારો હક્ક છે, અને તે રસ્તો બંધ થયાથી ઝ તે ઉપરથી જતો અટકે, તો અ એ ઝને ગેરબ્યાજબી અટકાવ કર્યો એમ સમજવું.

ટીકા.—કોઈ માણસને કોઈ પોલીશ અમલદારે એમ કહ્યુ હોય કે જામીન આપ્યા શિવાય તને તારે ઘેર જવા દેતા નથી તો તે ઉપરથી તે અમલદાર આ કલમ પ્રમાણે ગેરબ્યાજબી અટકાવ કર્યાનો ગુનેહગાર થાયછે (કા. હા. વી. રી. વા. ૧૦ પાને ૨૦ તા. ૧૭ જુલાઈ ૧૮૯૮ કીખસરનસાહી વિરૂધ મહમદ ફાજીલખાન)

ફરિયાદીના ગાડાને અટકાવીને ખોટો શમબ કહીને ગુનેહગારે કાંઇ રકમ જુલમથી લીધીછે સબબ તે ગુનેહગાર ગેરબ્યાજબી અટકાવ કર્યાના ગુનાહનો ગુનેહગાર છે અને

ચોરીના ગુનાહનો નથી (ક્રિ. હા. વા. ૧૦ પાને ૩૫ તા. ૯ સપટેંબર ૧૮૬૮ જવાહીરશા વિ૦ ગ્રીધારી ચોધરી વિગેરે)

અ એ બ ને પોતાને ઘેર બોલાવ્યો એટલા સારૂ કે ઇનસાફી કામમાં સાહેદી આપવા તે તૈયાર રહે. અ એ પોતાના ઘરમાં બ ને રોકી રાખવાને કોઈ પ્રકારની ધમકી યા શરીર શખ્તી વાપરી નહોતી પણ અ ને માઠુ લગાડવાને ઘણું કરીને બ ને પસંદ નહિ યા તેને ડર લાગ્યો તેથી તે ત્યાંહાં રહ્યો. તેમાં ઠરાવ્યુ કે અ ની ચાલથી કાંઈ ગુનોહ થયો નથી અને ગેરવ્યાજબી અટકાવ કરવાની શાબિતી ફેરવવામાં આવી. (મુ. હા. તા. ૧૧ જાનેવારી ૧૮૭૫ સરકાર વિરૂધ લક્ષ્મણ કલ્યાણ)

ગેરવ્યાજબીકેદ. | ૩૪૦. કોઈ શખ્સ મુકરર કરેલી ચોતરફી હદની બાહાર જતો અટકે, એવી રીતે જે માણસ તે શખ્સને ગેરવ્યાજબી અટકાવ કરે તે માણસે તે શખ્સને "ગેરવ્યાજબી કેદ" કર્યો એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) એક દેવાર બાંધી લીધેલી જગામાં ઝ ને મોકલીને અ બાહારથી તાળુ મારીને ઝ ને અંદર બંધ કરે, અને તેમ કરવાથી તે હદવાળી દેવારની બહાર કોઈ પણ તરફ ઝ થી જઈ શકાય નહી, તો અ એ ઝ ને ગેરવ્યાજબી કેદ કર્યો એમ સમજવું.

(બ) એક ઇમારતના દરવાજા આગળ અ બંદુકવાળા માણસો રાખે અને ઝ ને એ પ્રમાણે કેહે કે જો તું એ ઇમારતમાંથી બાહાર જવાની કોશિશ કરશ તો તને આ માણસો ગોળી મારશે તો અ એ ઝ ને ગેરવ્યાજબી કેદ કર્યો એમ સમજવું.

ટીકા.—એક પોલીશસુપ્રીન્ટેંડેંટે એક સખ્શને માજીસ્ટ્રેટની રૂબરૂ હાજર થવા એક પત્ર લખ્યો. અને તે રસ્તામાં કોઇની સાથે વાત ન કરે તેને સારૂ બે કાનસ્ટેબલોને મોકલ્યા તેમાં ઠરાવ્યું કે તેઓએ ગેરવ્યાજબી કેદ કરવાનો આ કલમ પ્રમાણે ગુનોહ કર્યો (મ. હા. વા. ૨ પાને ૩૯૬ તા. ૨૭ મે સને ૧૮૬૫)

છોડવાનો હુકમ થયા પછી પોલીશઅમલદાર જરૂર કરતાં વધારે વખત કોઇને અટકાવે તો તે આ કલમ પ્રમાણે ગુનેહગાર થાયછે (મે. પૃ. ૨૮૦ તથા સ્ટા. પૃ. ૨૧૭)

ગેરવ્યાજબી અટકાવનીશિક્ષા. | ૩૪૧. જે માણસ કોઈ સખ્સને ગેરવ્યાજબી અટકાવ કરે, તે માણસને એક મહિનાની મુદત સુધીની આસન કેદની, અથવા પાંચસે રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—કા. ૩૩૯ નિચે ટાંકેલા ફેસલામાં ક્રા. હા. વા. ૧૦ પાને ૩૫નો ફેસલો જવાહીરશા વિરૂધ ગ્રીધારી ચોધરી વિગેરેનો લખ્યોછે તે અહીં પણ વાંચો)

ગેરવ્યાજબી કેદની શિક્ષા. | ૩૪૨. જે માણસ કોઈ શખ્સને ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—ગામડાના લોકની ઉશ્કેરણથી પોલીશઅમલદારોએ કેટલાક માણસોને પકડ્યા. પણ તેઓને દ્વેષથી પકડવામાં આવ્યા હતા એમ ઠર્યાથી તે પોલીશઅમલદાર અને ઉશ્કેરણી કરનારપર, ગેરવ્યાજબી કેદ કર્યાનો ગુનોહ ઠરાવ્યો (મ. હા. વા. ૫ પા. ૧૨૪)

ત્રણ અથવા વધારે દીવસ ગેરવ્યાજબીકેદનીશિક્ષા. | ૩૪૩. જે માણસ કોઈ સખ્સને ત્રણ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દશ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદની શીક્ષા.

૩૪૪. જે માણસ કોઈ શખ્સને દશ અથવા વધારે દિવસ ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધિની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કલમ પ્રમાણેના ગુનેહગારને એકલા દંડની શિક્ષા ન કરવી પણ કેદની કંઇક પણ શિક્ષા કરી પછી દંડ કરવો (મુ. હા. વા. ૧ પાને ૩૯ સરકાર વિ૦ બહીરજી કૃષ્ણાજી)

જે સખ્સને છોડવાનો હુકમ શાદર થયો હોય તે શખ્સને ગેરવ્યાજબી કેદમાં રાખવો.

૩૪૫. ફલાણા શખ્સને છોડવાનો કાયદા મુજબ હુકમ સાદર થઈ ચુક્યો છે એમ જાણ્યા છતાં જે માણસ તે શખ્સને ગેરવ્યાજબી કેદમાં રાખે, તે માણસને, આ કાયદાની કોઈ બીજી કલમ પ્રમાણે જેટલી મુદતની કેદને તે માણસ લાયક હોય તેથી ઉપરાંત, બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની બીજી કેદ કરવામાં આવશે.

છાની ગેરવ્યાજબી કેદ.

૩૪૬. કોઈ માણસ અગર કોઇ શખ્સને એવી રીતે ગેરવ્યાજબી કેદ કરે કે તેથી તે શખ્સની કેદની વાત તે કેદ થએલા શખ્સની સાથે સંબંધ રાખનારા કોઈ શખ્સના જાણ્યામાં, અથવા કોઇ સરકારી નોકરના જાણ્યામાં ન આવે અથવા તે કેદનું ઠેકાણું ઉપર લખેલા પ્રકારના કોઇ શખ્સ અથવા સરકારી નોકરના જાણ્યામાં ન આવે અથવા તેને જડે નહી, એવો ઇરાદો તે કેદ કરનારા માણસના દીઠામાં આવે, તો તે માણસને, તે ગેરવ્યાજબી કેદને માટે બીજી જે કાંઈ શિક્ષાને તે માણસ લાયક હોય તેથી ઉપરાંત બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની બીજી શિક્ષા કરવામાં આવશે.

જબરદસ્તીથી કાંઇ મીલકત કહડાવવાનાં અથવા કાંઇ કાયદા વિરૂધ કામ કરવાના કારણસર ગેરવ્યાજબી કેદ.

૩૪૭. કોઈ શખ્સને કેદ કરીને તે શખ્સ પાસે, અથવા તેની સાથે સંબંધ રાખનારા કોઈ શખ્સ પાસે જબરાઇથી કાંઈ મિલકત અથવા કિમતી દસ્તાવેજ કહડાવવાના કારણસર, અથવા કેદ કરેલા શખ્સ પાસે કે તેની સાથે સંબંધ રાખનારા કોઇ શખ્સ પાસે, જબરદસ્તીથી કાંઈ કાયદા વિરૂધ કામ કરાવવાના અથવા જેથી કાંઈ ગુનોહ કરવો સેહેલ થાય એવી કાંઈ ખબર મેળવવાનાં કારણસર, જે માણસ તે શખ્સને ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી દંડને પણ લાયક થશે.

જબરદસ્તીથી કબુલાત કરાવવાના અથવા કાંઇ મીલકત પાછી અપાવવાનાં કારણસર ગેરવ્યાજબી કેદ.

૩૪૮. કોઈ શખ્સને કેદ કરીને તે શખ્સ પાસે, અથવા તે શખ્સની સાથે સંબંધ રાખનારા કોઈ શખ્સ પાસે, જેથી કાંઈ ગુનોહ અથવા બદચાલ પકડાય એવી કાંઈ ખબર અથવા કબુલાત જબરદસ્તીથી લેવાના કારણસર, અથવા કેદ કરેલા શખ્સ પાસે, કે તેની સાથે સંબંધ રાખનારા કોઈ શખ્સ પાસે, જબરદસ્તીથી કાંઇ મીલકત અથવા કિમતી દસ્તાવેજ પાછો અપાવવા અથવા અપાવવાના કારણસર, અથવા તે કાંઈ લેણું કે માગણું પતાવે, અથવા જેથી કાંઇ મીલકત કે કીમતી દસ્તાવેજ પાછો મળી શકે એવી કાંઈ

ખબર આપે. એમ કરવાના કારણુ સર જે માણસ તે શખ્સને ગેરબાજબી કેદ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—કલમ ૩૨૦ નિચે મુ. હા. વા. ૯ ને પાને ૩૪૬ નો ફેસલો સરકાર વિરૂધ નારાયણ બાબાજી વિગરેનોછે તે જુઓ.

સાપ્રાધ બળ તથા હુમલા બાબત.

બળ. | ૩૪૯. જો એક શખ્સ કોઈ બીજા સખ્સને ગતિ આપે, તેની ગતિમાં ફેરફાર કરે, અથવા તેની ગતિ બંધ કરે, અથવા જો તે શખ્સ કાંઈ પદાર્થને એવી રીતે કાંઈ ગતિ આપે, તેની ગતિમાં ફેરફાર કરે, અથવા તેની ગતી બંધ કરે, તેથી તે પદાર્થ તે બીજા શખ્સના શરીરના કોઈ ભાગને અથવા તે બીજા શખ્સે કાંઈ વસ્તુ પેહેરી હોય અથવા તે સાથે લેઈ જતો હોય તે વસ્તુને અડકે, અથવા કાંઈ બીજી વસ્તુને અડકે એવી રીતે કે તેથી તે બીજા સખ્સની સ્પર્શેંદ્રિપર અસર થાય, તો તે સખ્સે તે બીજા સખ્સપર બળ વાપરયુ એમ સમજવું;પણ જે સખ્સ ગતિ આપતો, ગતિમાં ફેરફાર કરતો; અથવા ગતિ બંધ કરતો હોય, તેણે નિચે બતાવેલા ત્રણ પ્રકારોમાંના કાંઈ પ્રકારે તે ગતિ આપવી, અથવા ગતિમાં ફેરફાર કરવો, અથવા ગતિ બંધ કરવી જોઈએ:—

પેહેલો.– પોતાના શરિરની શક્તિથી.

બીજો.—કાંઈ પદાર્થ એવી રીતે મુકવો કે પછી પોતાની તરફથી અથવા બીજા કોઈ શખ્સની તરફથી કાંઈ બીજુ કામ થયા શિવાય તે ગતિ થાય અથવા ગતિમાં ફેરફાર થાય, અથવા ગતિ બંધ થાય, એમ કાંઇ રચના કરીને.

ત્રીજો.-- કાંઈ જાનવરને ગતિમાન કરીને, તેની ગતિમાં ફેરફાર કરીને, અથવા ગતિ બંધ કરીને.

સાપરાધ બળ. | ૩૫૦ જો કોઈ શખ્સ કોઈ બીજા શખ્સની રજામંદી સિવાય તે બીજા સખ્સની ઉપર ઇરાદાથી બળ વાપરે, અને તે કાંઈ ગુનોહ કરવા સારૂ અથવા તે બળ જે શખ્સની ઉપર વાપરે તે શખ્સને તે બળથી કાંઈ નુકશાન, ભય, અથવા દુઃખ કરવાના ઇરાદાથી, અથવા તેને તે બળ વાપરવાથી પોતાથી કાંઈ નુકશાન, ભય, અથવા દુઃખ થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે શખ્સે તે બીજા શખ્સની ઉપર સાપરાધ બળ વાપરયુ એમ સમજવું.

દૃષ્ટાંત.

(અ) એક નદીમાં બાંધેલી હોડીમાં ઝ બેઠો હોય, અને અ તેનાં દોરડાં છોડી નાંખે અને એ પ્રમાંણે ઇરાદાથી તે હોડીને પ્રવાહથી એચાઈ જવા દે, તો એ ઠેકાણે અ એ ઇરાદાથી ઝ ને ગતિ આપી, અને તે પદાર્થોને એવી રીતે મુંકવાથી કે પછી કોઈ શખ્સની તરફથી બીજુ કામ થયા સિવાય તે ગતિ ઉત્પન્ન થઈ માટે અ એ ઇરાદાથી ઝ ની ઉપર બળ વાપરયુ એમ સમજવું; અને અગર કાંઈ ગુનોહ કરવા સારૂ અથવા ઝ ને કાંઈ નુકશાન, ભય, અથવા દુઃખ કરવાના ઇરાદાથી, કે એ પ્રમાંણે બળ વાપરેથી કાંઈ નુકશાન, ભય, કે દુઃખ થશે એવા સંભવ જાણ્યા છતાં તેણે એ કામ ઝ ની

રજામંદી સિવાય કરેલું હોય તો અ એ ઝ ની ઉપર સાપ્રાધ બળ વાપરેલું એમ સમજવું.

(બ) ઝ એક શિગરામમાં બેશીને જાય છે, તેના ઘોડાઓને અ ચાબક મારીને તેની ચાલ ઉતાવળી કરે તો એ ઠેકાણે જાનવરાં પાસે પોતાની ગતી બદલાવીને અ એ ઝ ની ગતિમાં ફેરફાર કરેયો માટે અ એ ઝ ની ઉપર બળ વાપરેચુ એમ સમજવું; અગર ઝ ને કાંઈ નુકશાન, ભય, અથવા દુઃખ કરવાના ઇરાદાથી કે તેથી અ ને કાંઈ નુકશાન, ભય, અથવા દુઃખ થાય એવો સંભવ જાણ્યા છતાં, તેણે એ કામ ઝ ની રજામંદી સિવાય કરેલું હોય, તો અ એ ઝ ની ઉપર સાપરાધ બળ વાપરેલું એમ સમજવું.

(ક) ઝ એક પાલખીમાં બેશીને જાય છે, તેની પાસેથી અપહરણ કરવાના ઇરાદાથી અ દાંડો ઝાલીને તે પાલખીને અટકાવે, તો એ ઠેકાણે અ એ ઝ ની ગતિ બંધ કરી, અને એ તેણે પોતાના શરીરની શકિતથી કરેલું માટે અ એ ઝ ની ઉપર બળ વાપરેચુ એમ સમજવું; અને એ પ્રમાણે અ એ ઇરાદાથી ઝ ની રજામંદી શીવાય તથા ગુનોહ કરવા સારૂ કરેલું માટે અ એ ઝ ની ઉપર સાપરાધ બળ વાપરેલું એમસમજવું.

(ડ) રસ્તામાં અ ઇરાદાથી ઝ ને ધકો મારે, તો એ ઠેકાણે અ એ પોતાના શરીરની શકતિથી પોતાના શરીરને એવી રીતે ગતિ આપી કે તે ઝ ને અડક્યુ માટે તેણે ઇરાદાથી ઝ ની ઉપર બળ વાપરેચુ એમ સમજવું; અને અગર ઝ ને કાંઈ નુકશાન, ભય, અથવા દુઃખ કરવાના ઇરાદાથી, અથવા તેથી ઝ ને કાંઈ નુકશાન, ભય, કે દુઃખ થાય એવો સંભવ જાણ્યા છતાં, તેણે ઝ ની રજામંદી સિવાય એ પ્રમાણે કરેચુ હોય, તો તેણે ઝ ની ઉપર સાપરાધ બળ વાપરેલું એમ સમજવું.

(ઇ) અ એક પથર ફેંકે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તે પથર ઝ ને અડકશે, અથવા ઝ નાં કપડાંને અડકશે, અથવા ઝ કાંઈ વસ્તુ લેઈ જાય છે તેને અડકશે, અથવા તે પથર પાણીને લાગીને તે પાણીથી ઝ નાં કપડાં અથવા ઝ કાંઈ વસ્તુ લેઈ જાય છે તે છંટાશે, તો એ ઠેકાણે, અગર તે પથર ફેકવાથી કાંઈ પદારથ આવીને ઝ ને અથવા ઝ નાં કપડાંને અડકે તો, અ એ ઝ ની ઉપર બળ વાપરેચુ એમ સમજવું; અને અગર ઝ ને કાંઈ નુકશાન, ભય, કે દુઃખ કરવાના ઇરાદાથી તેણે ઝ ની રજામંદી સીવાય એ પ્રમાણે કરયું હોય, તો તેણે ઝ ની ઉપર સાપરાધ બળ વાપરચુ એમ સમજવું.

(ફ) અ ઇરાદાથી કોઇ સ્ત્રીનો બુરખો ઊંચો ખેંચે, તો એ ઠેકાણે તેણે તે સ્ત્રીની ઉપર ઇરાદાથી બળ વાપરેલું એમ સમજવું; અને અગર તે સ્ત્રીને કાંઇ નુકશાન, ભય, કે દુઃખ કરવાના ઇરાદાથી, અથવા તેથી નુકશાન, ભય, કે દુઃખ થાય એવો સંભવ જાણીને તેણે તે સ્ત્રીની રજામંદી શીવાય એ પ્રમાણે કરેચું હોય, તો તેણે તે સ્ત્રીની ઉપર સાપરાધ બળ વાપરેલું એમ સમજવું.

(ગ) ઝ નાહાવા બેઠો છે તેવામાં પોતે ઉકળતું જાણતો હોય એવું પાણી અ હમામખાનામાં રેડે, તો એ ઠેકાણે અ એ ઇરાદાથી પોતાના શરીરની શકતી વડે તે ઉકળતા પાણીને એવી ગતી આપી કે તે પાણી ઝ ને અડકે અથવા બીજા પાણીને

અડકે, અને તે એવી રીતે કે તે અડકવાથી ઝ ની સ્પરશેંદ્રીપર અસર થાયજ. માટે ગ એ ઇરાદાથી ઝ ની ઉપર બળ વાપરયું એમ સમજવું; અને અગર, ઝ ને કાંઇ નુકશાન, ભય, કે દુઃખ કરવાના ઈરાદાથી, અથવા તેથી નુકશાન, ભય, કે દુઃખ થાય એવો સંભવ જાણીને, તેણે ઝ ની રજામંદી શીવાય એ પ્રમાણે કરયું હોય, તો અ એ ઝ ની ઉપર સાપરાધ બળ વાપરયું એમ સમજવું.

(હ) ઝ ની રજામંદી શીવાય અ એક કુતરાને ઝ ની ઉપર કુદાવે, તો એ ઠેકાણે, અગર ઝ ને કાંઈ નુકશાન, ભય, કે દુઃખ કરવાનો અ નો ઇરાદો હોય તો, તેણે ઝ ની ઉપર સાપરાધ બળ વાપરયું એમ સમજવું.

હુમલો. | ૩૫૧. જે માણસ કાંઇ ચાળા અથવા કાંઇ તઇયારી કરે, એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તે ચાળા અથવા તઇયારીથી કોઇ સખસ હાજર હોય તેને એવો ભય ઉત્પન્ન થશે કે એ ચાળા અથવા તઇયારી કરનારો માણસ મારી ઉપર હમણાં સાપરાધ બળ વાપરવાનો છે, તો તે માણસે હુમલો કરયો એમ સમજવું.

ખુલાસો—માત્ર શબ્દોથી હુમલો થતો નથી. પણ કોઈ સખસ કાંઇ શબ્દો બોલે તે શબ્દો તેના ચાળા અથવા તઇયારીનો એવો અર્થ ઉત્પન્ન કરી શકે કે તેથી તે ચાળા અથવા તઇયારી હુમલો ગણાય.

દૃષ્ટાંત.

(અ) અ મુઠી વાળીને જ ની તરફ ધરીને હલાવે, એવા ઈરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી જ એમ માનશે કે અ મને હમણાં મારશે, તો અ એ હુમલો કરયો એમ સમજવું.

(બ) અ એક ભયંકર કુતરાનું મુખબંધન છોડવા માંડે, એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી જ એમ માનશે કે અ હમણાં તે કુતરા પાસે મને કરડાવશે; તો અ એ જ ની ઉપર હુમલો કરયો એમ સમજવું.

(ક) અ એક લાકડી લઇને જ ને એમ કહે કે, "હું તારી વલે કરૂછું", તો એ ઠેકાણે અ એ વાપરેલા શબ્દો કોઈ પણ બાબતમાં હુમલો ગણાય નહી, તથા માત્ર નીચુ વળીને લાકડી લેવી એ, બીજી કાંઈ બીના શીવાય હુમલો ગણી ન શકાય એવું હોય, તોપણ તે લાકડી લેવાના ચાળાનો અરથ તે શબ્દોથી સમજાઇને તે હુમલો થઇ શકે.

ટીકા.—બીજાના અંગપર મારવા માટે લાકડી ઉગામી અને તે તેને અડકી હોય પણ જો તમામ લાંકડી ન અડકી હોય તોએપણ એ કૃત્ય આ કલમ પ્રમાણે ગુનોહ થાયછે (આર્ચ. પાને ૭૧૬)

ભારે ક્રોધ ઉત્પન્ન ન કરયા છતાં કોઇની ઉપર સાપરાધ બળ વાપરવાની શીક્ષા. | ૩૫૨. કોઇ સખસે ભારે અથવા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન ન કરયા છતા, તે સખસની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની, બેમાના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખુલાસો—અગર તે ગુનોહ કરવાનાં બહાનાં દાખલ તે ક્રોધ ગુનેહગારે માગી આ-

ણેલો અથવા બુદ્ધિપુરવક ઉત્પન્ન કરેલો હોય; અથવા—

અગર કાયદા મુજબ, કે સરકારી નોકરીની અખતીયાર અમલમાં લાવતાં કોઇ સરકારી નોકરે, કરેલી કાંઇ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થયો હોય; અથવા—

અગર ખાનગી બચાવનો હક કાયદા મુજબ અમલમાં લાવતાં કરેલી તે કાંઇ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થયો હોય, તો તે ભારે તથા આકસ્મીક ક્રોધના સબબથી આ કલમ મુજબ કાંઈ ગુનાહની શિક્ષા ઓછી થશે નહી.

તે ક્રોધ એવા ભારે તથા આકસ્મીક હતો કે તેથી તે ગુનોહ ઓછો થઇ શકે, એ હકીકતની બાબત છે.

કોઈ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને સાપરાધ બળ વાપરવું.

૩૫૩. કોઇ સખસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતો હોય, તેવામાં, તે સખસની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, અથવા તે સખસને પોતાના સરકારી હોદાનો અમલ ચલાવતો અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતો બંધ રાખવાના ઇરાદાથી, અથવા તે સખસે પોતાના સરકારી હોદાનો કાયદા મુજબ અમલ ચલાવતાં કાંઇ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય તેટલા વાસ્તે, જે માણસ તે સખસની ઉપર હુમલા કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી તેની ઉપર હુમલો અથવા સાપરાધ બળ.

૩૫૪. કોઇ સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી, અથવા પોતે તેમ કરવાથી તેની લાજ જવાનો સંભવ છે એમ જાણ્યા છતાં, જે માણસ તે સ્ત્રીની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—એક સ્ત્રીની સભ્યતા ઉપર ઇરાદા પુરવક હુમલો કરેચાના ગુનાહનો કેદીને ગુનેહગાર ઠરાવ્યો પણ એ ગુનોહ કા. ૩૭૬ અને ૫૧૧ પ્રમાણે બળાત્કાર સ્ત્રીસંભોગ કરવાને કોશિશ કરયાનો ગણી સબોરડીનેટ માજીસ્ત્રેટે કરેલો ઠરાવ જીલ્લામાજીસ્ત્રેટે રદ કરયો તેમાં ઠરાવ્યું કે ક્રી. પ્રો. કા. ૨૮૪ પ્રમાણે જીલ્લામાજીસ્ત્રેટને તેવા અધિકાર નથી (મુ.હા. વા. ૧૧ પા. ૨૩૪ સરકાર વિરૂધ તુકારામ રાધો)

કોઈ વૈદ દરદી સ્ત્રીને વગર જરૂરીઆતે દરદ પારખવાને બાને નાગી કરે અને તે કપડાં વૈદ પોતાને હાથે ઉતારેતો તે વૈદ સાપ્રાધબળનો ગુનેહગાર ગણાય (આર્ચ. પૃ. ૭૧૬)

ભારે ક્રોધ ન ઊતપન્ન કરયા છતાં કોઈ સખસનેબેઆબરૂ કરવાના ઇરાદાથી હુમલો અથવાસાપરાધબળ.

૩૫૫. કોઈ શખસે ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન ન કરેચા છતાં, જે શખસને બેઆબરૂ કરવાના ઇરાદાથી જે માણસ તે શખસની ઊપર હુમલો કરે, અથવા સાપરાધ બળ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઇ શખસ કાંઇ વસ્તુ

૩૫૬. કોઈ શખસે કાંઈ વસ્તુ પેહેરી હોય અથવા તે

લઈ જતો હોય તે વસ્તુની ચોરી કરવાની કોશીશકરવામાં હુમલો અથવા સાપરાધ બળ.

લઈ જતો હોય, તેની ચોરી કરવાની કોશીશ કરવામાં તે શખ્સની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઇ શખ્સને ગેરબાજબી કેદ કરવાની કોશીશમાં હુમલો અથવા સાપરાધ બળ.

૩૫૭. કોઈ શખ્સને ગેરબાજબી કેદ કરવાની કોશિશ કરવામાં જે માણસ તે શખ્સની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઇએ ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન કરયા પરથી તેની ઉપર હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું.

૩૫૮. કોઈ શખ્સે ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન કરયાપરથી જે માણસ તે શખ્સની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની, અથવા બસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ખુલાસો—૩૫૨ મી કલમનો જે ખુલાસો લખેલો છે તે આ છેલી કલમને પણ લાગુ પડે છે.

મનુષ્યહરણ, મનુષ્યનયન, ગુલામી તથા વેઠ બાબત.

મનુષ્ય હરણ.

૩૫૯. મનુષ્ય હરણ બે પ્રકારનું છે, એક બ્રિટિશઈંડિયામાંથી અને બીજુ કાયદેસર વાલીના હવાલામાંથી.

બ્રિટિશઈંડિયામાંથી મનુષ્ય હરણ.

૩૬૦. જે માણસ કોઇ શખ્સની રજામંદી શિવાય અથવા તે સખ્સની વતી રજામંદી આપવાનો જેનો કાયદા મુજબ અખત્યાર હોય એવા કોઇ શખ્સની રજામંદી શીવાય, બ્રિટિશઈંડિયાની હદની બાહાર લઈ જાય, તે માણસે બ્રિટિશઈંડિયામાંથી તે શખ્સનું હરણ કરયું એમ સમજવું.

કાયદેસર વાલીના હવાલામાંથીમનુષ્ય હરણ.

૩૬૧. ચૌદ વરસથી ઓછી ઉમરના કોઈ છોકરાને, અથવા સોળ વરસથી ઓછી ઉમરની કોઈ છોકરીને, અથવા કોઇ દીવાના સખ્સને, તે બાળક અથવા દીવાના શખ્સના કાયદેસર વાલીના હવાલામાંથી, તે વાલીની રજામંદી શીવાય, જે માણસ લઇ જાય અથવા ફોસલાવીને તેડી જાય, તેણે તે બાળક અથવા તે સખ્સનુ કાયદેસર વાલીના હવાલામાંથી હરણ કરયું એમ સમજવું.

ખુલાસો—આ કલમ મધ્યે "કાયદેસર વાલી" એ શબ્દો લખ્યા છે તે શબ્દો મધ્યે તે બાળક અથવા તે બીજા સખ્સને રાખવાનું અથવા તેની સંભાળ કરવાનું કામ કાયદા મુજબ જે શખ્સને સોંપ્યું હોય એવા કોઇ પણ સખ્સનો સમાવેશ થાય છે.

અપવાદ:—કોઇ શખ્સ શુદ્ધબુદ્ધિએ એમ માનતો હોય કે લગ્ન સંબંધ વિના ઉત્પન્ન થએલા ફલાણા બચ્ચાનો હું બાપ છું, અથવા શુદ્ધબુદ્ધિએ એમ માનતો હોય કે તે બચ્ચાંને કાયદેસર હવાલામાં રાખવાનો મારો હક છે, અને તે સખસ અગર કાંઈ અનીતીનાં અ-

થવા કાયદા વિરૂધ કારણસર એવું કામ ન કરે, તો તેના કામને આ કલમ લાગુ પડતી નથી.

ટીકા.—આ કલમ અને ૩૯૩ પ્રમાણે તોહોમત શાબિત થવાને ગુનેહગાર તે છોકરાને કાયદેશર વાલીપણામાંથી લઈ ગયો કીંવા ફોસલાવીને લઇ ગયો એવું શાબિત થવું જોઇયે. પણ આ કામમાં તેમ શાબિત ન થયાથી કેદીને છોડી દીધો (કા. હા. વા. ૧૦ પાને ૩૩ સરકાર વિ૦ નીલાંબી વીગરે તા. ૩ સપટેંબર ૧૮૯૮

એક અલ્પવયની દશવરશની છોકરી પોતાના ધણી અને સાસુ પાસે રહેતી. તેને એક દિવસે કાંઈ છાંણાં વિણીને વેચવા માટે તેઓએ મોકલી. ઘેર પાછી આવતી વખતે આરોપિતે તે છોકરીને પોતાને ઘેર બેસાડી મુકી અને પોતાની સાથે તેને બીજે ઠેકાણે લેઈ જવાના હેતુએ તેને તે લઈ ગયો. તેમાં ઠરાવ્યું કે

દશવરસની છોકરીનું કોઈ પાલણ કરનારો છે કે નહિ એની ચોકશી કરયા શિવાય તેને તેના પાલણ કરનારેના કબજામાંથી લેવી એ કૃત્ય તેણે પોતાપર જવાબદારી લીધા બરાબર છે અને એટલા વાસ્તે તેના પરીણામથી તેનો છુટકો થનાર નથી. દશ વરસની છોકરી એ પોતાના પાલણ કરનારેના તાબામાં છે એમ પ્રથમ દર્શને સમજવું જોઇએ. અને તેની યોગ્ય રીતે પરવાનગી લીધા શિવાય જો કાંઈ તેને લેઇ જાય તો તે કૃત્ય ગુન્હો થશે. એવા પ્રકારનું અલ્પ વયનું છોકરૂ એ પાલણ કરનારના તાબામાં છે એટલી વાત કલમ ૩૬૧ માં કહેલો ગુન્હો થવાને બસ છે. (મુ. હા. ક. લા. વા. ૩ પાને. ૧૭૮ સરકાર વિરૂદ્ધ ઉમસાદબક્ષ).

મનુષ્ય હરણ કર્યાનો ગુન્હો એ કાયદા પ્રમાણે પોત પોતામાં માંડી વાળવા જોગ છે. કાઢી લીધા છતાં તેનું ફળ આરોપિતે અપરાધ કરયો નથી એવું છે (કા. હા. વી. રી. વા. ૨૨ પાને ૨૯ સરકાર વિરૂદ્ધ ગોપી મોહન મીત્ર) એ પ્રમાણે ફેસલો છે પણ હાલ નવા ક્રી. પ્રો. કો. થી આ ગુન્હો માંડીવાળી શકાય નહી.

સગીર છોકરાના કાયદેસર પાલણ કરનારેના તાબામાંથી સગીરને લેઈ જવાની ક્રીયા ચાલુ હોય ત્યાંહાં સુધી ચોરી લેવાના અપરાધને સાહ્ય કરવામાં આવે છે (મ. હા. ક. લા. વા. ૧ પાનું. ૧૭૩).

કોઈ છોકરીને સમજાવી ફોસલાવી ન હોય તેમ લલચાવી પણ ન હોય તે છતાં પોતાને બાપને ઘેરથી તોહોમતવાળાને ઘેર ગઈ તો તેથી આ કલમ પ્રમાણે તોહોમત નથી ઠરતું. આર્ચ પાને. ૭૫૮ છોકરીના માબાપને કાંઈ ખોટી હકીકત કહી યા કપટ કરીને તેની છોકરી પોતાને આપે એમ સમજાવે અને માબાપ ભોળપણાથી આપે પણ પાછળથી છોકરીને લઈ જવા તેમ કર્યું એમ જણાય તો તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર થાય. તેમજ માબાપ છોકરીને લઈ જવા પ્રથમ રજા આપી પાછળથી ના પાડે અને લઈ જાય તો આ કલમ પ્રમાણે ગુનો થાય. તોહોમતદારે નીસરણી મુકયાથી કોઈ છોકરી ઉતરીને પોતાના બાપને ઘેરથી જાય તેવી વખતે આ કલમ પ્રમાણે ગુન્હો થાય (આર્ચ પાને, ૭૫૯–૬૦).

એક છોકરીનો વિવાહ એક ઠેકાણે કરયો હોય પણ પછી તે વિવાહ તોડી તેનો બાપ બીજે ઠેકાણે પરણાવવા ઇછે અને તે છોકરીને પ્રથમનો વિવાહવાળો ધણી લઈ જાય તો તે માણસ આ કલમ પ્રમાણે ગુનગાર થાય. તેમજ જાહેર રસ્તામાંથી રમનાર છોકરાને લઈ લેવામાં આવે તો તે કાયદેસર વાલીના કબજામાંથી લીધુ એમ ગણી આ કલમ પ્રમાણે તોહોમત આવે. (ઈ. ડા. પ્ર. ૩૫૭).

મનુષ્ય નયન. | ૩૬૨. કોઈ શખ્સને કોઈ જગેથી જવાને જે માણસ બળથી જરૂર પાડે, અથવા કાંઈ ફરેબી ઇલાજોથી લલચાવે તે માણસને તે શખ્સનું નયન કરયું એમ સમજવું.

મનુષ્ય હરણ ની સાંક્ષા. | ૩૬૩. જે માણસ બ્રિટિશઇંડિયામાંથી, અથવા કાયદેસર વાલીના હવાલામાંથી, કોઈ શખ્સનું હરણ કરે, તે માણસને સાત વરસની મુદત

સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—દેશી રાજ્યની પ્રજાએ બ્રિટિશઇંડિયામાં મનુષ્ય હરણનો ગુન્હો કર્યાથી તેનો ઇનસાફ બ્રિટિશ કોરટ કરી શકે તોપણ મનુષ્ય હરણ થએલા માણસને બ્રિટિશ ઇંડિયા બહાર મારવામાં આવે તો તેનાપરનો ઇનસાફ કરવાને આ કોરટને અધિકાર નથી (કા. હા. વા. ૧ પાને ૮૯).

કલમ ૩૬૧ નિચે આપેલા ફેસલા પણ વાંચો.

આ કલમમાં "કાયદેસર વાલી" એવા શબ્દ લખ્યાછે તેનો અર્થ નાનાં છોકરાં જેની સંભાળ તળે રેહેતા હોય તે સખસ (ઈ. ડા. પ્ર. ૩૫૮).

ખુન કરવા માટે મનુષ્ય હરણ અથવા મનુષ્ય નયન.

૩૬૪. કોઈ શખ્સનું ખુન કરવામાં આવે એટલા માટે અથવા પોતાનું ખુન થવાના જોખમમાં તે સખસ આવે એવી રીતે તેનો વગ કરવામાં આવે એટલા માટે જે માણસ તે સખસનું હરણ અથવા નયન કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની સખત કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

દૃષ્ટાંત.

(અ) અ બ્રિટિશ ઇંડિયામાંથી ઝ નું હરણ કરે, એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે એક મુરતીને ઝ નો ભોગ આપવામાં આવે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કર્યો એમ સમજવું.

(બ) બ નું ખુન કરવામાં આવે એટલા માટે બ ને તેને ઘેરથી અ બળથી અથવા ફોસલાવીને લઈ જાય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરેચો એમ સમજવું.

કોઈ સખ્સને છાની રીતે ગેરબ્યાજબી કેદ કરવાના ઇરાદાથી તેનું હરણ અથવા નયન કરવું.

૩૬૫. કોઈ સખ્સને છાની રીતે, ગેરબ્યાજબી કેદ કરવાના ઇરાદાથી જે માણસ તે શખ્સનું હરણ અથવા નયન કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇસ્ત્રીના જુલમથી લગ્ન કરાવવા વગેરે કારણ સારૂ તે સ્ત્રીનું હરણઅથવાનયન.

૩૬૬. કોઈ સ્ત્રીને, તે સ્ત્રીની મરજી નહી છતાં કોઈ પુરૂષની સાથે જુલમથી પરણાવવામાં આવે એવા ઇરાદાથી, અથવા જુલમથી પરણાવવામાં આવશે એવો સંભવ છે એમ જાણીને, અથવા જુલમથી કે ફોસલાવીને તે સ્ત્રીની જોડે જારકર્મ કરવામાં આવે એટલા માટે અથવા જુલમથી કે ફોસલાવીને તેની જોડે જારકર્મ કરવામાં આવશે એવો સંભવછે, એમ જાણીને, જે માણસ તે સ્ત્રીનું હરણ અથવા નયન કરે, તે માણસને દશ વરસની મુદતસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—સ્ત્રીને લેતી વખતે તેનો લગ્ન કરવાનો કીંવા બ્યભીચાર કરવાનો ઇરાદો ન છતાં તેને લઈ ગયા પછી જબરાઇએ કીંવા ફોસલાવી તેની સાથે લગ્ન કીંવા બભિચાર કરવાનો જે કામમાં દાખલો દેખાય તેને આ કલમ લાગુ પડે છે (મે. પ્ર. ૨૫૪).

કોઇ સખ્સને મહાબ્યથા થાય, તેને ગુલામ કરવામાં આવે, વ

૩૬૭. કોઈ શખ્સને મહાબ્યથા કરવામાં આવે, અથવા તેને ગુલામ કરવામાં આવે, અથવા તેની ઉપર કોઈ શખ્સની સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈથુનેચ્છા પુરણ થાય, એટલા માટે, અથવા તેની ઉપર એ પ્રમાણે

ગેરે કારણસર તેનું હરણ અથવા નયન કરવું.

ગુજરવાના જોખમમાં તે આવે એવી રીતે તેનો વગ કરવામાં આવે એટલા માટે, અથવા તે શખ્સની ઉપર એ પ્રમાણે ગુજરશે, અથવા તેનો એ પ્રમાણે વગ કરવામાં આવશે, એવો સંભવ છે એમ જાણીને, જે માણસ તે શખ્સનું હરણ અથવા નયન કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

હરણ થએલા શખ્સને ગેરબ્યાજબી રીતે સંતાડવો અથવા કેદમાં રાખવો.

૩૬૮. ફલાણા સખ્સનું હરણ અથવા નયન થએલું છે એમ જાણ્યા છતાં જે માણસ તે શખ્સને ગેરબ્યાજબી રીતે સંતાડે અથવા કેદ કરે, તે માણસને, જે ઇરાદા કે જ્ઞાનથી, અથવા જે કારણસર તે માણસ તે શખ્સને સંતાડે અથવા કેદમાં રાખે તેજ ઇરાદા કે જ્ઞાનથી, અથવા તેજ કારણસર જાણે તે માણસે તે શખ્સનું હરણ અથવા નયન કર્યું હોય, એવી રીતે શિક્ષા કરવામાં આવશે.

દશ વરસથી ઓછી ઉમરના કોઈ બચ્ચાંના શરીર પરથી જંગમ મીલકત ચોરવાના ઇરાદાથી તે બચ્ચાનું હરણ અથવા નયન કરવું.

૩૬૯. દશ વરસથી ઓછી ઉમરનાં કોઈ બચ્ચાંના શરીર-પરથી કાંઈ જંગમ મિલકત બદદાનતથી લેવાના ઇરાદાથી, જે માણસ તે બચ્ચાંનું હરણ અથવા નયન કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ શખ્સને ગુલામ દાખલ વેચવો અથવા આપવો.

૩૭૦. કોઈ શખ્સને ગુલામ દાખલ જે માણસ આ દેશમાં લાવે અથવા આ દેશમાંથી બાહાર મોકલે, અથવા ખશેડે, અથવા ખરીદ કરે, અથવા વેચે, અથવા કોઈને આપે, અથવા તે શખ્સની મરજી નહી છતાં તેને ગુલામ દાખલ કબુલ કરે, લે, અથવા રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

નીત્ય ગુલામનો વેપાર કરવો.

૩૭૧. જે માણસ નિત્ય ગુલામોને આ દેશમાં લાવે અથવા આ દેશમાંથી બાહાર મોકલે, અથવા ખશેડે, અથવા ખરીદ કરે, અથવા વેચે, અથવા તેઓનો વેપાર ધંધો કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જારકરમનેમાટે કોઈ બાળકને વેચવું વગેરે.

૩૭૨. સોળ વરસથી ઓછી ઉમરનું કોઈ બાળક જારકરમનાં કારણસર અથવા કાંઇ કાયદા વિરૂધ તથા અનીતીનાં કારણસર, રાખવામાં કે વાપરવામાં આવે એવા ઇરાદાથી, અથવા તે બાળક તેવા કાંઇ કારણસર રાખવામાં કે વાપરવામાં આવશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, જે માણસ તે બાળકને વેચે, અથવા ભાડે આપે, અથવા બીજી રીતે કોઇને આપે, તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—સોળ વરસથી કમી ઉમરની નાની વયની છોકરીને સંસ્કાર કરી દેવની ચાકરી કરવા માટે દેવને અર્પણ કરી છે. અને દેવને અરપણ કરી એટલે તેનું ફરી લગન થવાનું નહી તેથી આવી રીતે આપેલી છોકરી તેના જીવતા સુધી ઘણું કરીને કીસબણનો ધંધો ચલાવશે એમ સાબિત થયું છે તો તે આપનાર આ કલમ પ્રમાણે ગુન્હેગાર છે (મુ.હા. વા. ૬ પાને ૬૦ સરકાર વિરૂધ જયલી ભાવિણ).

આ કલમ પ્રમાણે અપરાધ થવાને સગીર છોકરાપરનો નિબંધ કીંવા તેનો કબજો બીજાને આપવો એવા પ્રકારે તેની એકાદી વ્યવસ્થા કરવી જોઈએ એમ નથી, (મ. હા. ઈ. લા. વા. ૧ પાને ૧૬૪ સરકાર વિ૦ અરૂણ મલમ).

જાર કરમને માટે કોઈ બાળકને ખરીદ કરવું.

૩૭૩. સોળ વરસથી ઓછી ઉમરનું કોઇ બાળક જારકરમનાં કારણસર, અથવા કાંઇ કાયદા વિરૂધ તથા અનીતીનાં કારણસર, રાખવામાં કે વાપરવામાં આવે, એવા ઇરાદાથી, અથવા તે બાળક તેવાં કાંઈ કારણસર રાખવામાં કે વાપરવામાં આવશે, એવો સંભવ છે એમ જાણ્યા છતાં, જે માણસ તે બાળકને ખરીદ કરે, ભાડે લે અથવા બીજી રીતે પોતાના કબજામાં લે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કાયદા વિરૂધ જબરાઇથી મજુરી કરાવવી.

૩૭૪. કોઈ શખ્સની મરજી નહી છતાં જે માણસ તેની પાસે કાયદા વિરૂધ જબરાઈથી મજુરી કરાવે, તે માણસને એક વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

બળાત્કાર સંભોગ બાબત.

બળાત્કાર સંભોગ.

૩૭૫. નીચે બાતલ કરેલી બાબત શિવાય બીજી સઘળી બાબતમાં, જે પુરૂષ નીચે બ્યાન કરેલી પાંચ હાલતોમાંની કોઈ પણ હાલતમાં કોઈ સ્ત્રીની સાથે સંગ કરે, તેણે બળાત્કાર સંભોગ કર્યો એમ સમજવું.

પેહેલી—તે સ્ત્રીની મરજી નહી છતાં.

બીજી—તે સ્ત્રીની રજામંદી વગર.

ત્રીજી—તે સ્ત્રીને મોતનો અથવા વ્યથાનો ભય ઉત્પન્ન કરીને તેની રજામંદી લીધી હોય તો તે રજામંદી છતાં પણ.

ચોથી—તે પુરૂષ એમ જાણતો હોય કે હું એ સ્ત્રીનો વર નથી, અને તે સ્ત્રી જે બીજા પુરૂષની સાથે કાયદા મુજબ પરણેલી છે અથવા પોતાને પરણેલી માને છે તે પુરૂષ હું છું એમ માનીને તેણે પોતાની રજામંદી આપી છે, તો તે રજામંદી છતાં પણ.

પાંચમી—તે સ્ત્રી દશ વરસથી ઓછી ઉમરની હોય તો, પછી તેની રજામંદી હોય કે નહી તો પણ.

ખુલાસો—બળાત્કાર સંભોગના ગુનાહમાં જે સંગ થવો જરૂર છે તેમાં પ્રવેશ થયો તો બસ છે.

અપવાદ—કોઇ પુરૂષ પોતાની વહુની સાથે સંગ કરે, અને તે સ્ત્રી દશ વરસથી ઓ

છી ઉમરની નહી હોય, તો તે બળાત્કાર સંભોગ નહી ગણાય.

ટીકા.—કોઈ સ્ત્રી ઉપર લજ્જા રહીત હુમલો કરવાથી બળાત્કાર સ્ત્રી સંભોગ કરવાને કોશીશ કરેયાનો ગુન્હો થતો નથી પણ જો કોરટની ખાત્રી થાય કે તોહોમતવાળા સખ્સનો સામા તરફથી સઘળુ બળ વાપર્યા છતાં ગમે તેમ કરી પોતાના ઈચ્છાને પૂર્ણ કરવાનો દ્રઢ વિચાર હતો તો તે ગુન્હાનું તોહોમત મુકી શકાય. (મુ. હા. ઈ. લા. વા. ૫ પાને ૪૦૩ સરકાર વિરૂધ શંકર).

કેફ કરેયાથી કીંવા ગાંડપણથી કરેલું કૃત્ય કયા પ્રકારનું છે એ જાણવાનું જ્ઞાન ન હોય તેથી તે કૃત્યને સંમતી આપવાને સ્ત્રી અસમર્થ હોય તો ગુન્હો પુરો થાય છે. તેમજ કરેલું કૃત્ય તેની સંમતી વિગર થયું હોય તો તેણે અગાઉ સંમતી આપી હોત યા કૃત્ય થયા પછી દુઃખ થયાના ભયથી અડચણ કરાય તેમ ન હોય એ સમય જોઈ સંમતી આપી હોય તો તે માનવું નહી (કા. હા. વી. રી. વા. ૧ પાનું. ૧૨૧).

જબરીના સંભોગના ઘણા કજીયાપરથી એમ દેખાય છે કે એવા કામમાં ફરીયાદીની પોતાની સાક્ષી મુદાના પુરાવની છે તેથી જે વખતે તેના પુરાવથી એ સાબિત થાય નહી યા સ્ત્રી અજ્ઞાન હોવાથી કીંવા બેહેરી યા બોબડી હોવાથી તેને સોગન અપાઈ શકાતા ન હોય તેની શાહેદી લેવાય નહી અને બીજો પુરાવો અપાય તેમ ન હોય તો આરોપિતને છોડી દેવા (મે. પ્ર. ૨૫૮).

ફરિયાદીની શાહેદીપર અવિશ્વાસ નહી રાખતાં તેની સાહેદી સાવધપણે લેવી એ જો કે સુલભ છે તોપણ તે રદ કરવાનું કામ કઠણ છે એવા કામમાં તેણે આપેલી સાહેદી ને મજબુતી માટે વ્યભિચાર થયો કીંવા નહી એ વિશેનો અપ્રત્યક્ષ પુરાવો શો છે એ પ્રથમ જોવું જોઇએ. એ મુદાપર સ્ત્રીના શરીરનો કાંઈ ભાગ વૈદે તપાસ્યા પછી તેની જુબાની લેવી એ મુદાનું છે. પણ એવા પુરાવો હીંદુસ્થાનમાં ઘણું કરીને અગ્રાહ્ય છે. બીજુ જોવાનું એ છે કે વ્યભિચાર તેની મરજી વિરૂધ થયો છે કીંવા નહી, અને તે સમજવા માટે તે વિશે તેનું અને આરોપિતનું બોલવું જે જગે તે થયું તે જગો, તેને મદદ મળી હતી કીંવા નહી, બીજા લોકો કેટલા અંતરે જતા હતા, તેને હાક મારી હતી કે નહીં, કૃત્ય થયા પછીની તેની વર્તણુક અને તેની મુદ્રા, એ સર્વ વાત વિશે વિચાર કરવો જોઈએ (આર્ચ. પ્ર. ૬૧૦).

સ્ત્રીએ સંમતી આપી હતી એમ સાબિત થયાથી જબરાઇના સંભોગના તોહોમતમાંથી આરોપિતને મુક્ત કર્યા હોય તો પછી તેનાપર છીનાળાનું તોહોમત ઠરાવવામાં આવતું નથી (મા. ડા. પ્ર. ૧૨૩).

બળાતકાર સંભોગના કામમાં નુકશાન થએલા પક્ષકારની લૌકીક સ્થીતીપર વિચાર કરી શિક્ષા નહી કરતાં તોહોમતના કમી જાસ્તીપણાના આધારપર, ગુન્હેગારના આચરણપર, અને સ્ત્રીના નિરાશ્રીતપણાપર વિચાર કરી શિક્ષા કરવી જોઇએ (કા. હા. વી. રી. વા. ૫ પાને ૫૯ સરકાર વિરૂધ જાનતા હાનોશીઓ)

સ્ત્રીની ઊમર દશ વર્ષ કરતાં જાસ્તી છતાં તેની સાથે તેના ધણીએ જબરાઇથી સંભોગ કર્યો હોય તો તેથી તેનો ધણી ગુન્હેગાર નથી પરંતુ તે પોતાના બઇરી સાથે ઉભા રહી બીજા પાસે જબરાઇથી સંભોગ કરાવવા મદદ કરે તો તેનો ધણી મદદગારીનો ગુન્હેગાર થાય છે (આર્ચ પ્ર. ૨૩૫ સરકાર વિ૦ એલડરસો).

સ્ત્રી પુરૂષ સાથે રકઝક થતાં સ્ત્રીને હા પાડવી પડ્યાથી સંભોગ કરવાને હા પાડી હોય તો એ પણ પુરૂષ બળાત્કાર સંભોગનો ગુન્હેગાર થાય છે. (કા. હા. વી. રી. વા. ૧ પાને. ૨).

સ્ત્રી ઊંઘમાં હોય તે વખતે સંભોગ કરવો તથા પ્રથમ હા પાડી હોય પણ સંભોગ કરવા જતી વખતે ના પાડે તો તેથી પણ આ કલમ પ્રમાણે ગુન્હેગાર થાય છે (આર્ચ. પ્ર. ૭૬૩–૬૪).

બળાત્કાર સંભોગની શીક્ષા. | ૩૭૬. જે માણસ બળાત્કાર સંભોગ કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સૃષ્ટીક્રમ વિરૂદ્ધ ગુન્હાઓ બાબત.

સૃષ્ટીક્રમ વીરૂધ ગુનોહ. | ૩૭૭. જે માણસ બુદ્ધિપુરવક કોઈ પુરૂષ, સ્ત્રી, અથવા જાનવર સાથે સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈઈથુન કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—આ કલમમાં બ્યાન કરેલા ગુનાહમાં જે મઈથુન થવું જરૂર છે તેમાં પ્રવેશ થયો, તો બસ છે.

ટીકા.—જે ગુન્હા બદલ જન્મ પર્યંત કાળા પાણીની કીંવા અમુક વરસ સુધી કેદની શિક્ષા કરો હોય તે ગુન્હા બદલ જન્મ પર્યંત કાળા પાણીની શિક્ષા નહી કરતાં કમી મુદત સુધી કાળા પાણીની શિક્ષા આપવી એમ થાય તો તે મુદત તે ગુન્હા બદલ કેદની શિક્ષા આપવા બદલ જેટલી મુદત હોય તે મુદતથી જાસ્તી થઈ શકે નહી પરંતુ કલમ ૩૭૭ પ્રમાણે જે કેદની શિક્ષાની મુદત છે તે ૧૦વરશની છે સબબ એ ૧૪ વરસની કાળાપાણીની શિક્ષા જે સેશન જડજે કરી હતી તે રદ કરી (મ. હા. ઈ. લા. વા. ૧ પાને ૪૩ સરકારવિ.નેપાપા).

બાબ ૧૭ મો.

મિલકત વિરૂદ્ધ ગુન્હાઓ બાબત, ચોરી બાબત.

ચોરી. | ૩૭૮. જે માણસ, કોઇ સખ્સના કબજામાંથી તે સખ્સની રજામંદી શીવાય કાંઇ જંગમ મીલકત બદદાનતથી લેવાનો ઈરાદો કરીને તે પ્રમાણે લેવા સારૂ તે મીલકતને ખશેડે, તે માણસે ચોરી કરી એમ સમજવું.

ખુલાસો ૧ લો—કાંઇ વસ્તુ જ્યાં સુધી જમીનમાં ચોંટેલી હોય ત્યાં સુધી તે જંગમ મીલકત નથી. માટે તેની ચોરી થઇ શકે નહી; પણ જમીનથી તે જુદી પાડવામાં આવે કે પછી તેની ચોરી થઇ શકે.

ખુલાસો ૨ જો—જે કામથી જુદું પાડવું થાય તેજ કામથી જે ખશેડવું થાય તે ખશેડવું ચોરી થઇ શકે.

ખુલાસો ૩ જો—કોઇ સખ્સ ખરેખર કાંઇ વસ્તુને ખશેડે ત્યારે અને તેમજ તેનું ચલન થવામાં અટકાવ કરનારી કાંઈ અડચણ દુર કરે, અથવા તે વસ્તુને કાંઇ બીજી વસ્તુથી જુદી પાડે, ત્યારે પણ તે સખ્સે તે વસ્તુ ખશેડી એમ સમજવું.

ખુલાસો ૪ થો—કોઇ સખ્સ કોઈ પણ ઉપાયથી કોઇ જનાવરને ગતીમાન કરે, તો તેણે તે જાનવર ખશેડયું, તથા તે જાનવરને ગતિ થયાથી તે જાનવરે જે જે વસ્તુ ખશેડી હોય; તે તે વસ્તુ ખશેડી એમ સમજવું.

ખુલાસો ૫ મો—ઉપલાં લક્ષણમાં રજામંદી લખી છે તે સાફ રજામંદી હોય કે અર-

થાંત સમજાય એવી રજામંદી હોય, અને તે કબજેદાર સખ્સ, અથવા તે કારણસર જેને સાફ કે અરથાંત સમજાય એવો અખતિયાર હોય તેવો કોઈ પણ સખ્સ, આપી શકે.

દ્રષ્ટાંત.

(અ) ઝ ની જમીનપરનું એક ઝાડ, ઝ ના કબજામાંથી બદદાનતથી લેઈ જવાના ઇરાદાથી, ઝ ની રજામંદી સીવાય, અ કાપી નાખે, તો એ ઠેકાણે તે પ્રમાણે લેઇ જવા સારૂ અ એ તે ઝાડ જુદું પાડ્યું કે તેણે ચોરી કરી એમ સમજવું.

(બ) કુતરાઓને લલચાવવાની કાંઇ વસ્તુ અ પોતાના ખીસામાં રાખે અને તેથી ઝ ના કુતરાને તેની પાછળ ચાલ્યો જવાને લલચાવે, તો એ ઠેકાણે, અગર અ નો ઇરાદો તે કુતરાને ઝ ના કબજામાંથી ઝ ની રજામંદી સિવાય બદદાનતથી લઇ જવાનો હોય તો,ઝ ના કુતરાએ અ ની પાછળ ચાલવા માંડ્યું કે અ એ ચોરી કરી એમ સમજવું.

(ક) એક બળદને નગદી ભરેલી એક પેટી લઈ જતો જોઈને, તે નગદી બદદાનતથી લેવા સારૂ તે બળદને એક તરફજો અ હાંકી જાય, તો તે બળદે ચાલવા માંડ્યુ કે અ એ તે નગદીની ચોરી કરી એમ સમજવું.

(ડ) અ ઝ નો ચાકર છે, તેને ઝ એ પોતાની રૂપાની તબકડીઓ રાખવાને સોંપી છે તે તબકડીઓ લેઈને, ઝ ની રજામંદી શીવાય, જો તે બદદાનતથી નાશી જાય, તો અ એ ચોરી કરી એમ સમજવું.

(ઈ) ઝ એક મુસાફરી પર જાય છે, તે એક વખારવાળા અ ને પોતાની રૂપાની તબકડીઓ સોંપે અને એમ કહે કે, હું પાછો આવું ત્યાં સુધી એ તમે રાખજો. અ કોઇ ચોકશીને ઘેર જઇને તે તબકડીઓ વેચે, તો એ ઠેકાણે, તે તબકડીઓ ઝ ના કબજામાં નહી હતી માટે તે ઝ ના કબજામાંથી લઈ શકાય નહી, અને, અગર અ એ સાપરાધ વીશ્વાસઘાત કરેચો હોય તો પણ, અ એ કાંઇ ચોરી કરી એમ સમજવું નહી.

(ફ) જે ઘરમાં ઝ રેહે છે તે ઘરમાં એક મેજપર ઝ ની એક વીંટી પડેલી અ જોય, તો એ ઠેકાણે તે વીંટી ઝ ના કબજામાં છે, અને જો અ બદદાનતથી તે ખશેડે, તો અ એ ચોરી એમ સમજવું.

(ગ) એક ધોરી રસ્તાપર કોઈ સખ્સના કબજામાં નહી એવો એક વીંટી પડેલી અ જોય, તો તે વીંટી લેવાથી, અગર અ તે મિલકતના સાપરાધ ખોટા ઉપયોગનો ગુનેહગાર થાય તોપણ અ એ કાંઇ ચોરી કરી એમ સમજવું નહી.

(હ) ઝ ના ઘરમાં ઝ ની એક વીંટી એક મેજપર પડેલી અ જોય, અને, તજવીજ થઇને પકડવાના ભયથી તુરત તે વીંટીનો ખોટો ઉપયોગ કરવાની હીમત નહી ચાલેથી તે એક એવી જગે તે વીંટી સંતાડે કે ત્યાંહાંથી કોઇ પણ વખતે તે ઝ ને પાછી જડવાનો ઘણો અસંભવ હોય, અને તે વેળાએ તેનો ઇરાદો એવો હોય કે એ વીંટીનું ખોવાઇ જવું સઉ ભુલી જશે ત્યારે એ સંતાડેલ ઠેકાણેથી તે વીંટી કહાડીને હું વેચીશ; તો એ ઠેકાણે તે વીંટી પેહેલી ખસેડતી વેળાએજ અ એ ચોરી કરી એમ સમજવું.

(ઈ) ઝ ઘડીઆળીને અ પોતાનું ઘડીઆળ ઠીક કરવા સારૂ આપે. ઝ તે પોતાની દુકાને

લઇ જાય. પછી અ ની પાસે તે ઘડીઆળનું કાંઇ એવું લહેણું નથી કે તેના અવે જમાં તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી શકે. એમ છતાં અ ખુલ્લી રીતે દુકાન માં પેસીને ઝ ના હાથમાંથી બળથી પોતાનું ઘડીઆળ છીનવી લઇને તે લઇ જાય, તો એ ઠેકાણે અ એ સાપ્રાધ પ્રવેશ તથા હુમલો કર્યો હોય તોપણ, અ એ ચોરી કરી એમ સમજવું નહી, કેમકે તેણે જે કીધુ તે બદદાનતથી કીધુ નથી.

(જ) અગર તે ઘડીયાળ સમરામણીના કાંઇ પઇસા ઝ ના અ ની પાસે લેહેણા હોય, અને તે લેહેણાના અવેજમાં અગર ઝ તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી રાખે અને પછી ઝ ને પોતાના લેહેણાના અવેજમાં રહેલી મીલકતથી રહીત કરવાના ઇરાદાથી અ તે ઘડીઆળ ઝ ના કબજામાંથી લઈ લે, તો તેણે ચોરી કરી એમ સમજવું. કેમકે તેણે ઘડીઆળ બદદાનતથી લીધુ.

(ટ) વળી અગર અ એ પોતાનું ઘડીઆળ ઝ ને ઘરેણે આપ્યું હોય અ હોય અને પછી જ ની રજામંદી સિવાય, તથા જ ની પાસેથી તે ઘડીઆળ ઉપર કરેજે લીધેલા રૂપીઆ પાછા ન આપ્યા છતાં, તે તે ઘડીઆળ જ ના કબજામાંથી લઈ લે, તો, તે ઘડીઆળ તેની પોતાની મીલકત છે ખરી તો પણ, તેણે ચોરી કરી એમ સમજવું કેમકે તેણે બદદાનતથી લીધું.

(લ) અ જ ના કબજામાંથી જ ની રજામંદી શીવાય જ ની કાંઈ વસ્તુ લે, એવા ઈરાદા થી કે તે વસ્તુ પાછી આપવાના બદલામાં જ કાંઈ પઇસા આપે ત્યાં સુધી તે રાખ્વી, તો એઠેકાણે અ એ તે વસ્તુ બદદાનતથી લીધી માટે તેણે ચોરી કરી એમ સમજવું

(મ) અ જ નો દોસ્તદાર છે. તે જ નહી છતાં જ ના કીતાબખાનામાં જાય, અને માત્ર વાંચવા સારૂ, તથા પાછી આપવાના વીચારથી જ એ સાફ રજામંદી આપ્યા સિવાય, કાંઈ ચોપડી તેમાંથી લઈ જાય, તો એ ઠેકાણે જ ની ચોપડી વાપરવા એવી અરથાંત સમજાય એવી મને જ ની રજામદી છે, એમ અ ના મનમાં હોય એવો સંભવ છે. જો એ પ્રમાણે અ ના મનમાં હોય, તો તેણે ચોરી કરી એમ સમજવું નહી.

(ન) અ ઝ ની સ્ત્રી પાસે ભીખ માગે, અને તે સ્ત્રી અ ને કાંઈ પઇસા, ખાવાનું, તથા કપડાં આપે, અને તે સઘળુ તેના વર ઝ નું છે એમ અ જાણતો હોય, તો એ ઠેકાણે અ ની સ્ત્રીને ભીખ આપવાનો અખતિયાર છે એમ અ ના મનમાં હોય એવો સંભવ છે, જો એ પ્રમાણે અ ના મનમાં હોય, તો તેણે ચોરી કરી એમ સમજવું નહી.

(ઓ) અ ઝ ની સ્ત્રીનો યાર છે. તે સ્ત્રી અ ને કાંઈ કિમતી મિલકત આપે, અને તે મિલકત તેના વરે ઝ ની છે, તથા તે એવી છે કે જે આપવાનો ઝ એ તેને અખત્યાર આપેલો નથી, એમ અ જાણતો હોય તો, અગર અ તે મીલકત બદદાનતથી લે તો, તેણે ચોરી કરી એમ સમજવું.

(પ) કાંઈ મિલકત ઝ ની હોય તે મીલકત માહારી પોતાની છે એમ શુદ્ધબુદ્ધિએ માનીને અ તે મીલકત બ ના કબજામાંથી લઈ લે, તો, એ ઠેકાણે અ એ તે બદદાનતથી લીધી નથી માટે, તેણે ચોરી કરી એમ સમજવું નહી.

ટીકા.—પરવાનગી શિવાય સરકારી જમીનમાંના ઝાડમાંથી કેટલાંક ડાળાં કાપી લઈ ગયો તેથી તેના પર કલમ ૩૭૯ તથા ૪૨૫ મુજબ તોહોમત રાખેલું તેમાં ઠરાવ્યું કે ચોરી કરતાં અગાઉ નુકશાન થએલું છે અને જ્યાંહાં સુધી જમીનમાંથી ઝાડાં જુદાં પડ્યાં નથી ત્યાંહાં સુધી પી. કો. કા. ૩૭૮ ના પહેલા ખુલાસા મુજબ ચોરીનો ગુન્હો થતો નથી. (મુ. હા. વા. ૨ પાને ૩૬૨ સરકાર વિરૂધ નારાયણ કોકણા વિગેરે.)

સરકારી જમીનના એક ભાગમાંના ઝાડની ત્રણ પાઈના કીમતની શીંગો તોડી તેમાં ચોરીનું તોહોમત રાખેલું પણ ઠરાવ્યું કે જે સરકારી જમીનના ઝાડની શીંગો તોડી છે તેનો ઉપયોગ કરતા નથી તેથી સરકારને તેની કીમત કાંઈ નથી તેથી આ કામનો કલમ ૯૫માં સમાસ કરી તોહોમત રદ કર્યું. (મુ. હા. વા. ૫ પાને ૩૫ સરકારવિ. કાશીયા કાવજીવીગેરે.)

સદરહુ કલમમાં કહેલો ગુન્હો થવાને માટે ચોરી કરવાના ઈરાદાથી કોઈ માણસની સમંતી શિવાય તેના તાબામાંની મિલકત બદ દયાનતથી લેવાનો ઈરાદો હતો એટલું બતાવવું બસ છે તેથી જો કોઈનાપર તે પ્રમાણે સાબિત થાય તો તેમ કરવાનો તેનો ઈરાદો કોંચીત વખત સુધીનો હોય તો પણ તે ગુન્હો થયો એમ થાય છે. વળી જે વસ્તુ લીધી તે સંમતી શિવાય લીધી એવું સાબિત કર્યું તો પછી તે વસ્તુ તેના ધણીની સંમતી વિરૂધ લીધી એમ સાબિત કરવાની જરૂર નથી. (મે. પ્ર. ૨૬૨-૨૬૩.)

જંગલી જનાવર ચોરવા છતાં તે ચોરીનો ગુન્હો થતો નથી કેમકે તે કોઈના તાબામાં નથી. (આર્ચ. પ્ર. ૩૫૧,)

આ કલમ પ્રમાણે ગુનોહ થવાને જે વસ્તુ ખશેડવી તે બદ દયાનતથી ખશેડવી જોઈયે માટે જો કોઈએ ભુલથી કાંઈ વસ્તુ ખશેડી યા લીધી હોય, કીવા તે લેવાનો પોતાનો હક હતો એમ સ્પષ્ટ જણાયાથી લીધી હોય તો પછી તે હક ગમે તેટલો ગેર સમજુતીનો હોય, અથવા માલેક ગર્ભીત સંમતી આપ્યાથી લીધી હોય તો તેવી બાબતમાં ચોરીનો ગુન્હો થતો નથી. (મે. પ્ર. ૨૬૩.)

પોતાને જેટલું મળવું યોગ્ય છે તે કરતાં જ્યાદે લેવાનો પોતાનો હકછે એમ સમજી પ્રમાણીકપણે કાંઈ કાંઈ લેતો તે ગુનોહ ચોરીનો અગર જબરાઈથી લીધાનો થતો નથી (કો. હા. વી. રી. વા. ૧૦ પાને. ૧)

ફરિયાદીના ગાડાને અટકાવીને ખોટો શખ્સ કહીને ગુનેહગારે કાંઈ રકમ જુલમથી લીધા તેથી તે ગુનેહગાર ગેરઆજબી અટકાવ કરવાનો ગુનેહગાર થાયછે પણ ચોરીનો ગુનેહગાર થતો નથી (કો. હા. વી. રી. વા. ૧૦ પાને ૩૫)

ચોરીની શિક્ષા. | ૩૭૯. જે માણસ ચોરી કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવાં એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—જે વસ્તુ ચોરાય તે માલીકના અગર જેના કબજામાં હતી તેના કબજામાંથી લીધેલી જોઈયે તેથી જો કોઈનો મુએલો બળદ દાટી આવ્યા પછી ત્યાંહાંથી તોહોમતવાળા ખોદી લાવ્યા હોય તો પછી તે ખોદી લાવનાર આ કલમનો ગુનેહગાર નથી (મ. હા. વા. ૪ પાને ૩૦)

એક સખ્સે દારૂ પીધાથી તેને નિશો ચડ્યો તે વખતે તેનાં કપડાં બીજાએ કોઈ ચોરી ન જાય એ હેતુથી લીધાં અને પછા નિશો ઉતરે પાછાં આપ્યાં તો તેમાં તેની બદદયાનત ન હોવાથી તે આ કલમ પ્રમાણે ગુનેહગાર નથી (મ. હા. પૃ. ૧૬૬)

કેદીને કા. ૩૭૯ પ્રમાણેના તોહોમત બદલ ફર્સ્ટકલાસ માજીસ્ત્રેટે પંદરમાસની કેદની શિક્ષા કરેલી પણ અપીલમાં શેશનજડજે તે શિક્ષા કમી કરી રૂ૫૦) ના દંડની અને તે ન આપેતો નવમાસ કેદની શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે જો કેદીને માજીસ્ત્રેટે દંડની શિક્ષા કરી હોત તો દંડ બદલની કેદ છમાસ કરતાં વધારે કરી શકત નહિ તો શેશનજડજ પણ તે શિક્ષા

વધારે કરી શકે નહિ (મુ. હા. વા. ૧ પા. ૧૩૯ સરકાર વિરૂદ્ધ હરીબીન વિઠોજી)

કેદીપર ચોરી કરવાનાં ત્રણ તોહોમતમાંથી બેને માટે તા. ૨૦ સપટેમ્બર ૧૮૬૬ ને રોજ શાબિતી થયાથી શિક્ષા કરી. ત્રીજુ તોહોમત તા. ૨૧ સપટેમ્બર ૧૮૬૬ ને રોજ શાબિત થયાથી કેદીને આ કલમ પ્રમાણે કેદની અને સને ૧૮૬૪ ના આક્ટ ૬ પ્રમાણે ફટકાની શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે સને ૧૮૬૪ના આક્ટ ૬ પ્રમાણે તેજ આક્ટની કલમ ૨ માં કહેલા ગુનાહ બદલ પીનલકોડ પ્રમાણે શિક્ષા થયા શિવાય ફટકાની શિક્ષાનો હુકમ કરવાને કાયદાથી અધિકાર નથી. એકવાર જે ગુનાહ બદલ શાબિતી થઇ હોય તેજ ગુનોહ ફરી તે કેદી કરે તેનેજ માત્ર એવા પ્રકારની શિક્ષા આપવાનો અધિકાર છે તેથી આ કામની ફટકાની શિક્ષા રદ કરી (મુ. હા. વા. ૩ પાને ૩૮ સરકાર વિરૂદ્ધ સુર્યાબીન કૃષ્ણા)

કેદણ એક મુસલમાનની સ્ત્રી હતી તેણીએ તેના ધણીના કબજામાંની કેટલીક કીમતની મિલકત બદદયાનતથી લીધી તેમાં ઠરાવ્યું કે મુસલમાનમાં લગ્ન થએલી સ્ત્રીપર તેણે પોતાના ધણીની મિલકતની ચોરી કરયાનું અથવા ચોરી કરવામાં મદદ કર્યાનું તોહોમત મુકવાને હરકત નથી તેથી આ કામમાં કા. ૩૭૯ મુજબ તોહોમત રાખ્યુ (મુ. હા. વા. ૬ પાને ૯ સરકાર વિ૦ બતાબાઇ શેખઇસ્માઅલની સ્ત્રી)

કેદણે પોતાના ધણીના કબજામાંની પણ પોતાના સ્ત્રીધનની મિલકત તેના ધણીની ગેરહાજરીમાં લીધાથી તેનાપર ચોરીનું તોહોમત રાખેલું તેમાં ઠરાવ્યું કે હિંદુસ્તાનના આ ભાગમાં સ્ત્રીધન ઉપર સ્ત્રીનો પુરણ માલીકીહક તેથી કેદણપર ચોરીનું તોહોમત રહી શકતું નથી અને જે હકીકતથી ચોરી કરનાર ગુનેહગાર નથી તો તેમાં સામેલ થનારપણ ગુનેહગાર નથી. (મુ. હા. વા. ૮ પાને ૧૧ સરકાર વિરૂદ્ધ લખ્મીબાઈ અને નાથા કલ્યાણ)

જે માણસ કોઇ મિલકત કાંઇ હક કરી લે અને તે હક ગમે તેવા કાચા પાયાનો હોય તો પણ તે ચોરી ઠરતી નથી (કા. હા. વી. ૭ પાને ૫૭ સરકાર વિ૦ રામચરનસીંગ.)

ઝાડ કાપ્યાં અને તે લઈ ગયો ન હોય તો પણ તે ચોરીનો ગુનોહ થાય છે (મ. હા. વા. ૫ પાને ૩૬)

આરોપિતપર કા. ૩૭૯ અને ૫૧૧ પ્રમાણે ચોરી કરવાની કોશેશ કરયાનો ગુનોહ શાબિત ઠરાવી તે પ્રથમ સાતવખત ચોરીનો ગુનેહગાર ઠરેલો હોવાથી તેને કા. ૭૫ પ્રમાણે દસવરશના દેશનિકાલની શિક્ષા કરેલી તેમાં ઠરાવ્યું કે પી. કો ના બાબ ૧૨ યા ૧૭ પ્રમાણે જે ગુનોહ ત્રણ યા વધારે વરસની કેદની શિક્ષાને પાત્ર છે તેવા કોઇ ગુનોહ કરવાને કોશેશ કરયાનો ગુનોહ કોઇ શખસપર શાબિત થયો હોય તોએપણ તે શખશ પી. કો. કા. ૭૫ માં ફરમાવેલા વધારે શિક્ષાને પાત્ર નથી(મુ.હા ઈ. લા.વા.૫ પાને૧૪૦સરકારવિરૂદ્ધ નાનારહીમા)

આરોપિતે ચોરીનો ગુનોહ કરયા બાબત પોલીશનો રીપોર્ટ આવ્યો તેથી એક થર્ડક્લાસ માજીસ્ત્રેટે તે બાબત કામ ચલાવી તેનાપર ગુનોહ શાબિત ઠરાવ્યો પણ પોલીશના રિપોર્ટ ઉપરથી થર્ડક્લાસ માજીસ્ત્રેટને કામ ચલાવવાનો અધિકાર નથી એવી શંકા થવાથી ઠરાવ્યું કે સને ૧૮૭૨ ના ૧૦ ની કા. ૧૨૩ પ્રમાણે પોલીશથાણુ સ્વાધાન હોય તેવા અમલદારે જે આરોપિતને મોકલ્યો છે તેણે કરેલો અપરાધ જામીન લેવા જોગ હોય તો તેની ચોકશી કરવાનો ત્રીજાવર્ગના માજીસ્ત્રેટને અધિકાર છે.(મુ. હા.વા.૧૦પાને૭૭સરકારવિરૂદ્ધ લાલા શંભુ)

સમુદ્રના પાણીથી તેની મેળે ઉત્પન્ન થતુ મીઠું કોઇયે લેવું નહિ તેને માટે કષ્ટમખાતાના અમલદારની દેખરેખ હતી છતાં તેમાંથી આરોપિત એક મણ મીઠું લાવ્યો તેમાં ઠરાવ્યું કે મીઠુ કાયદેસર ઉપયોગમાં આવે છે તેથી તેમાંથી મીઠુ ગેરકાયદેસર રીતે લઈ જનાર ચોરીનો ગુનેહગાર થાય છે (મુ. હા. વા. ૧૦ પાને ૭૪ સરકાર વિરૂધ માનસીંગ ભાવસંગ)

તકરારી હકદાવો કહી મિલકત ખસેડવામાં આવી હોય તો તે દાવાને વાજબી આધાર નહિ હોય તોપણ તે મિલકતનું ખસેડવું એ ચોરી થતી નથી (મુ.હા) તા.૧૬ સપટેમ્બર ૧૮૬૯ સરકાર વિરૂદ્ધ બીકાજી કાશીનાથ.)

"કીમતી દસ્તાવેજો" એ જંગમ મિલકતછે અને તે ચોરીમાં જાય તો તે ચોરીનો ગુનોહ થાય (મુ. હા. તા. ૮ ડીસેમ્બર ૧૮૭૦ સરકાર વિરૂધ કાશીરાજ મારતંડી વિગરે)

આગળની કાયદેસર કામગીરી ઉપરથી જપતીમાં જે માલ તે કાયદેશર કામગીરી અન્વયે પકડીને લઈ જવા એ ગેરમીરસ્તે પ્રકારનું કામ હોય તોએપણ તેના ઉપરથી ચોરી થતી નથી. (મુ. હા. તા. ૧૫ અકટોબર ૧૮૭૩ સરકાર વિ૦ મગનીરામ વચરાજ)

તોહોમતદારે એક બારવરસની અંદરના છોકરાને લલચાવી દુર લઈ જઈ તેના અંગ ઉપરથી દાગીના કાડી લીધા તેથી તેનાપર ચોરી કરવાના ઇરાદાથી હરણ કરવાનો તથા ચોરીનો ગુનોહ એ રીતે બે ગુનાહ શાબિત કરી પહેલી બાબત વિશે કેદની અને બીજી બાબત વિશે ફટકાની શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે કેદની તથા ફટકાની બેવડી શિક્ષા ક્રી. પ્રો. કા. ૪૫૪ મુજબ ગેરકાયદેસરછે. (મુ. હા. તા. ૨ મે ૧૮૭૮ સરકાર વિરૂદ્ધ દાદા પરસરામ)

જંગલખાતાનો ઇન્સ્પેક્ટર એ સરકારી નોકરછે. એટલા માટે તેની પાસે જે લાકડાંનો કબજોછે તે ખુદ સરકારનોછે એમ સમજવું જોઇએ અને એટલા માટે તે લાકડાં બદલ જે ફી આપવી જરૂરછે તે ફી નહિ આપતાં પ્રત્યક્ષ તે ઇન્સ્પેકટરની સંમતી લઇને તે લાકડાં કોઇ લેઈ ગયુ હોય અને તેવી સંમતી આપવાનો તે ઇન્સ્પેકટરને અધિકાર ન હોય કીંવા તેણે તે સંમતી કપટે આપી હોય તો તે કરવું પી. કો. કા. ૩૭૮ પ્રમાણે ચોરીનો ગુનોહ થાયછે (મુ. હા. ઈ. લા. વા. ૧ પાને ૬૧૦ સરકાર વિરૂદ્ધ હણમંતા.)

ફરિયાદી એક સાર્વજનિક તળાવપર નાહાતો હતો ત્યારે તેણે પોતાના ગળાની સાંકળી પાળપર મુકી અને પછી ઘેર જતાં તે લેવાને વીસરી ગયો. પણ ઘેર ગયા પછી તેને યાદગાર આવ્યાથી તે લેવા આવ્યો ત્યારે પાળપર સાંકળી ન હોવાથી તેને તોહોમત વાળાપર શક ગયો. તોહોમતવાળો બેહેરો અને મુંગો હતો તેથી પોલીશ સીપાઇએ તેને સમજાવ્યો એટલે રાખોડીના ઢગલામાંથી એ સાંકળી તેણે કાડી આપી તે કામમાં ઠરાવ્યું કે આરોપિત એ બેહેરો અને મુંગો માણસછે અને તેણે તે દાગીનો ચળકતો હોવાના કારણે સંતાડ્યો તેથી તેવા માણસપર ચોરીનું તોહોમત રાખવું બાજબી નથી (કા. હા. વી. રી. વા. ૨૨ પાને ૩૫ દ્વારકાંનાથ હાલદાર વિરૂદ્ધ નોદરચંદર કામતે)

ચોરી બદલના કામમાં ચોરાયેલા માલના ખરી કીમ્મત શીછે તે ઠરાવવું જોઇએ (કા. હા. વી. રી. વા. ૨૦ પાને ૧૭ સરકાર વિરૂદ્ધ અભિત પરિદ વિગરે)

આરોપિતપર તટ્ટુ ચોરાયાનો આરોપ હતો તેમાં તેનાપર તે આરોપ શાબિત કરી તેને ૩૨૫) દંડ કરી દંડની રકમ વસુલ થયે ફરિયાદીને આપવા હુકમ કરયો તેમાં ઠરાવ્યુ કે દંડની રકમ ફરિયાદીને આપા શકાતી નથી (કા. હા. વા. ૨૦ પા. ૩૮ નો બોકીરતો આચારજી વિરૂદ્ધ લાલચંદ શેખ)

શેઠના નોકરની સંમતીથી એક માણસે ચોરી કરી. નોકરે શેઠને એમ કહ્યું હતું કે ચોર ચોરી કરવા આવશે અને મેં તેને કહેલુંછે પણ એવા ઇરાદાથી કે ચોર પકડાય તે કામમાં ઠરાવ્યું કે એ મિલકત માલીકની સંમતીથી ખસેડી માટે તેનાપર ચોરીનો ગુનોહ ઠરે નહિપણ નોકર ચોરીને માટે મદદ કરયાનો ગુનહગાર થાયછે (કા. હા. ઇ. લા. વા. ૪ પાને ૩૬૬ સરકાર વિરૂદ્ધ ત્રૈલોખનાથ ચૌધરી વિગરે)

આરોપિતે પર મુલકમાં ચોરી કરી અને બ્રિટિશ મુલકમાંના જીલ્લામાં તેને માલ સુધાં પકડ્યો તેમાં ઠરાવ્યું કે ક્રી. પ્રો. કા. ૬૭ ઉપરથી તે જીલ્લાની કોરટને ચોરીના ગુનાહ બદલ તે માણસની ચોકશી કરવાનો અધિકાર નથી (મ૦ હા. ઈ. લા. વા. ૧ પાને ૧૭૧ સરકાર વિરૂદ્ધ આદિ વિગરૂ)

કેટલાક ભાગીદારનો એક નોકર હોય અને તે નોકરના કબજામાંથી ભાગીદારોની મિલકત તે ભાગીદારમાંનો કોઇ એકાદ લેતો તેથી લેનાર ચોરીનો ગુનેહગાર ઠરતો નથી કેમકે સરવે ભાગીદારનો તે નોકર તેથી નોકરના કબજામાંની મિલકત પોતાની ગણાય (બે. લા. રી. વા. ૧૩ પા. ૩૧૦ સરકાર વિ૦ અલાબક્ષ.)

એક હીંદુના મનમાં પોતાના કુટુંબમાંથી જુદો થવાનો ભાવ હતો તેથી તે પરદેશ ગયો અને ત્યાંહાં જાથુ ત્રીશ વરસ રહ્યો ત્યાંહાંથી કમાઈ કેટલાક રોકડા રૂપીયા અને જંગમ મિલકત મેળવી પોતાને ગામ આવ્યો અને પોતાના કુટુંબમાં રહેવા લાગ્યો તો પણ પોતાની મિલકત જુદી છે એમ તે સમજતો હતો તે મિલકતમાંથી કાંઈ તેના ભાઈયે ચોરી તેમાં તેનાપર ચોરીની ફરીયાદ થઈ તેમાં ઠરાવ્યું કે જો કે તે ભાઈઓ એકત્ર રહેછે તો પણ ત્રીશ વરસ જુદા રહી તેણે તે મિલકત મેળવી તો તે તેની આગવી છે માટે ભાઈપર ચોરીનું તોહોમત રહી શકે છે (અલ્હા. હા. ઈ. લા. વા. ૩ પાને, ૧૮૧ સરકાર વિ૦ સીતારામ રાય.)

એક દાવાનો વિશય પંચ પાસે મોકલ્યો અને ત્યાંહાં પંચની જોડે મુકેલો દસ્તાવેજ આરોપિતે લીધો. પછી નાસી ગયો અને ફરી હાજર કરવા ના પાડી તો તેથી તેનાપર ચોરીનું તોહોમત રહી શકતુ નથી પણ તેનાપરથી. કો. કા. ૨૦૪ મુજબ તોહોમત રહી શકે છે. (મ. હા. ઈ. લા. વા. ૩ પા. ૩૬૧ સરકાર વિ. સુબમનીયા મનાપતી.)

નદીમાં કીંવા ખાડીમાં એકાદ ઠેકાણે માછલાં પકડવાં એ કૃત્યથી ચોરી થતી નથી (મ. હા. ઈ. લા. વા. ૫ પા. ૩૯૦ સરકાર વિ. રેવુ પુથકુ.)

~~રહેવા~~ના ઘર વગેરેમાંથી ચોરી કરવી.

૩૮૦ જે ઇમારત, તંબુ, અથવા વહાણ માણસના રેહેવામાં આવતું હોય અથવા જેમાં કાંઈ મિલકત રાખવામાં આવતી હોય, એવી કોઈ ઇમારત, તંબુ, અથવા વહાણમાંથી જે માણસ ચોરી કરે, તેને સાત વરસની મુદત સુધીની, એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—એક સગીર વયના કેદીપર આ કલમ મુજબ તોહોમત સાબેત ઠર્યાથી તેને એક ફુલપાવર માજીસ્ત્રેટે સુધારાના ઘરમાં એક વરસ કેદ રહેવાની શિક્ષા કરી પણ પછી તે માજીસ્ત્રેટને એમ માલુમ પડયું કે સુધારાના ઘરમાં રાખવાનો હુકમ હજીસુધી સરકારથી આવ્યો નથી તેથી તેણે પોતાનો અગાઉનો શિક્ષાનો હુકમ ફેરવી સાધારણ જેલમાં બે માસ આસાન કેદ રહેવાની શિક્ષા કરી તેમાં ઠરાવ્યુ કે એકવાર કેદીને જે શિક્ષાનો હુકમ કર્યો હોય તેમાં ફેરફાર કરવાનો કોઈપણ ફુલપાવર માજીસ્ત્રેટને અખત્યાર નથી ફકત તેવો અખત્યાર હાઈકોરટને છે. (મુ. હા. વા. ૧ પા. ૩ સરકારકાર વિરૂધ તુકીયા ગાનજી.)

એકજ વખત કરેલા ગુનાહ બદલ કા. ૩૮૦ અને ૪૫૭ મુજબ બે જુદાં જુદાં તોહોમત રાખેલાં તેમાં ઠરાવ્યું કે બેઉ કલમો મુજબનો ગુનોહ એકજ વખતે કર્યોછે તેથી આ કામને પી. કો. કા. ૭૧ લાગુ પડે છે તેથી એક ગુનાહ બદલની બે વરસની માજીસ્ત્રેટની શિક્ષા બાહાલ રાખી બીજા તોહોમત બદલ રદ કરી. (મુ. હા. વા. ૧ પા. ૮૭ સરકાર વિરૂધ. અરજુન.)

એક ઇમારતના એક ભાગમાંથી આરોપિતે બે જુદા જુદા સખસોની મિલકતની ચોરી કરી હોય તો તે આરોપિતે બે ચોરીઓ ગણી તે બદલ જુદી જુદી શિક્ષા ન થાય પણ તે એકજ તોહોમત ગણાય (કા. હા. વી. વા. ૧૧ પા. ૩૮.)

છાપરાપર સુકવેલાં લુગડાંની ચોરી કરવી એ રહેવાના ઘરમાંની ચોરી નથી પણ ફકત ચોરી છે (સ્ટા. પ્ર. ૨૪૮.)

આરોપિતે આ કલમ મુજબ ગુનોહ કરેલો પણ તેણે પ્રથમ તે વખત સતરમા બાબમાં કહેલા ગુનાહ કર્યાથી કા. ૭૫ ના આધારે તેને ચૌદ વરશની સમુદ્રપારની શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે જે ગુનાહ પીનલકોડ પહેલાં કરેલા છે તેને કા. ૭૫ લાગતી નથી માટે આ કલમના ગુનાહનીજ શિક્ષા કરી (મુ. હા. વા. ૪ પા. ૧૧ સરકાર વિ કુશાબનએશુ.)

આ કલમ મુજબ તોહોમત સાબેત થયુ અને પ્રથમ કા. ૩૭૯ મુજબ, તોહોમત સા-

બિત થઇ શિક્ષા થઇ હતી તેથી હાલના ગુનાહ બદલ ફટકાની શિક્ષા કરી પણ આ કલમનો અને કા. ૩૭૯ નો ગુનોહ જુદો છે માટે ફટકાની શિક્ષા થાય નહીં તેથી રદ કરી (મું. હા. વા. ૭ પા. ૬૮ સરકાર વિ. ચાગીવાસ્વામીપા.)

પોલીસ કાનસ્ટેબલો તેમને સોંપેલા ઘરમાંથી ચોરી કરે તો તેથી તેઓપર આ કલમ મુજબનું તોહોમત ઠરે (કા. હા. વી રી. વા. ૩ પા. ૨૯.)

કોઇને વ્યથા કરવાની યા કોઇનાપર હુમલો કરવાની, યા તેવાં બીજાં કૃત્ય કરવાની તૈયારી કરી રાત્રે ગુપ્ત ગ્રહપ્રવેશ કર્યાથી ગુનેહગારપર પી. કો. કા. ૪૫૮ અને ૪૫૯ મુજબ તોહોમત મુક્યાં. આવીરીતે તોહોમત મુકયા છતાં તેનાપર પી. કો. ક. ૩૮૦ મુજબ ચોરીનું તોહોમત ઠરાવવાનો ડેપુટી માજીસ્ટ્રેટને અધિકાર નથી તેણે પ્રથમના તોહોમત ઉપરથી કામ કમીટ કરવું જોઇતું હતું સબબ કે. માજીસ્ટ્રેટનો હુકમ રદ કરી કાયદા પ્રમાણે ચોકસી થવા કામ મોકલ્યું (કા. હા. વી. રી. વા. ૯ પાને ૫ સરકાર વિ. બતુડોમી.)

ઢોરાં બાંધવા માટે છાયાનું છાપરૂ બાંધ્યુ હોય તો તે આ કલમ પ્રમાણે માલ રાખવાની જગા છે. (સ્ટા. ૫. ૨૮૮.)

આરોપિતે ફરિયાદીના રેહેવાના ઘરમાં પ્રવેશ કરી તે ના, ના કહે તો પણ તેની રૂ.બરૂ કેટલીક મિલકત તે બદદયાનતથી લઇ ગયો તેમાં ઠરાવ્યું કે પી. કો. કા. ૩૮૦ પ્રમાણે ગુનોહ થાય છે તે કલમ પ્રમાણે દોષવૃધી કરનારી બાબતો એવી છે કે રેહેવાનું ઘર યા ઇમારત કે જેનો ઉપયોગ મિલકત રાખવા માટે કરવામાં આવે છે તેમાં પ્રવેશ કરવો એ છે એમ પ્રવેશ કર્યાથી ધાણી ઘરમાં છે માટે સાપ્રાધપણામાં કાંઇ કમીપણું થતું નથી (મુ. હા. તા. ૭ સપટેમબર ૧૮૭૧ સરકાર વિ. કાસીરામ બાજુસેઠ.)

ચોરી કરવાને ઇરાદે રાત્રે ઘર ફોડવું અને ચોરી કરવી એવા બે ગુનાહની સાબેતી એકજ કામમાં થઇ તો તે અપરાધ બદલ એકજ શિક્ષા આપી તો પણ ચીંતા નથી; પરંતુ તે શિક્ષા તે પૈકીમાં જે ભારે ગુનોહ હોય તેને માટે કાયદામાં જે શિક્ષા ફરમાવી હોય તે શિક્ષાથી જાસ્તી ન કરવી; કીંવા તે પૈકી પ્રત્યેક ગુનાહ બદલ જુદી જુદી શિક્ષા આપવી અને તે જુદી જુદી શિક્ષા પણ તેમાંના જાસ્તી ગુનાહ બદલ કાયદામાં ફરમાવેલી શિક્ષા કરતાં વધવી ન જોઇયે (મુ. હા. ઇ. લા. વા. ૧ પા. ૨૧૪ સરકાર વિ. તુકયા બાન તમણા.)

એકજ વ્યવહારના કામમાં એકજ હેતુ પારપાડવા માટે આરોપિતે કેટલાંક કૃત્ય કર્યાં હોય અને તેમાંના પ્રત્યેક કૃત્ય ઉપરથી જે જુદા જુદા નાના અપરાધ થતા હોય તે કરતાં તે તમામ કૃત્ય મળી અધિક મોટો એવો એક અપરાધ થતો હોય અને ઇનસાફના કારણસર મુખ્ય અપરાધ અને બીજા હલકા અપરાધ તોહોમત નામામાં લખવા જો કે સર્વે વાર હોય તો પણ શિક્ષા આપતી વખતે તેમાંના મુખ્ય અને સર્વમાં મોટો એવોજ અપરાધ હોય તે બદલ સાબિતો કરી શિક્ષા કરવી એ સગવડ ભરેલું છે તેથી રાત્રે ઘર ફોડવું અને તેમાં ચોરી કરી હોય તો તે બદલ કા. ૪૫૭ મુજબ તોહોમત મુકયું (અલહા. ઇ. લા. વા. ૨ પા. ૬૪૪ સરકાર વિરૂધ. આજુધ્યા.)

ચોરી કરવા સારૂ રાત્રે ઘર ફોડવું તા. રહેવાના ઘરમાં ચોરી કરવી એ ગુનાહો ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કા. ૪૫૪ પ્યારા ૩ મુજબ શિક્ષા કરવા સારૂ એક ગુનાહ જેવા સમજવા એમ છે માટે તે ગુનાહઓની સાબેતીના ઠરાવ ઉપરથી એક ગુનાને સારૂ બમણી કેદની શિક્ષા તથા બીજા ગુનાહને સારૂ ફટકા મારવાની શિક્ષા એમ કાયદેસર રીતે કરાય નહી. (મુ. હા. તા. ૧૧ ડીસેમબર ૧૮૭૩ સરકાર વિરૂધ. ગોવિંદા બીનારામ વિગેરે.)

સગીર વયના આરોપિતે ઘરમાં ચોરી કર્યાનો ગુનોહ કર્યો છે એમ ઠરાવ કરી માજીસ્ટ્રેટે ત્રણ મહીનાની સખત કેદની શિક્ષા કરી હુકમ કર્યો કે આ શિક્ષાના બદલામાં તે ગુનેહગારને ચાૈદ મહિના સુધી સુધારાના ઘરમાં કેદ રાખવો તેમાં ઠરાવ્યું કે ફલાણી મુદત સુધી કેદની સજા, માજીસ્ટ્રેટે એકવાર આપ્યા પછી તે ગુનેહગારને તેથી વધારે મુદત સુધી

સુધારાના ઘરમાં કેદ રાખવા એવા હુકમ તે ફરમાવી શકતા નથી. (મુ. હા. તા. ૮ જુન ૧૮૭૬ સરકાર વિ૦ ગણપથવા બીનહરી.)

શેઠના કબજા માહેલી મિલકતની મેહેતા અથવા ચાકરે ચોરી કરવી.

૩૮૧. કોઈ માણસ મેહેતો અથવા ચાકર હોય, અથવા મેહેતા દાખલ કે ચાકર દાખલ રાખેલો હોય, તે માણસ અગર પોતાના શેઠ અથવા રાખનારના કબજા માહેલી કાંઈ મીલકતની ચોરી કરે તો તેને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—એક દિવસને માટે ગાડી ભાડે રાખ્યાથી ગાડીવાળો ભાડે રાખનારનો નોકર નથી સ્ટા. પ્ર. ૨૫૦

તેમજ બોટ ભાડે રાખી હોય તો તે આ કલમ પ્રમાણે મેહેતો અથવા નોકર ન કહેવાય (કા. હા. વી. રી. વા. ૮ પા. ૩૨.)

ચોરી કરવા સારૂ મોત અથવા બ્યથા કરવાની તૈયારી કરીને ચોરી કરવી.

૩૮૨. જે માણસ ચોરી કરે, તેણે અગર તે ચોરી કરવા સારૂ, અથવા તે ચોરી કરેથા પછો નાશી જવા સારૂ, અથવા તે ચોરીથી મળેલી મીલકત રાખવા સારૂ, કાંઈ શખ્સનું મોત આણવાની, અથવા કોઇને બ્યથા, અથવા અટકાવ કરવાની અથવા મોત, બ્યથા કે અટકાવનો ભય ઉત્પન્ન કરવાની, કાંઈ તઈયારી કરી હોય, તો તે માણસને દશ વરસની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

દૃષ્ટાંત.

(અ) ઝ ના કબજા માહેલી કાંઈ મીલકતની અ ચોરી કરે, અને એ ચોરી કરતી વેળાએ તેના કપડામાં રાખેલી એક ભરેલી પિસ્તોલ હોય, અને તે પિસ્તોલ અગર ઝ સાહામો થાય તો ઝ ને બ્યથા કરવાના ઇરાદાથી રાખી હોય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરેયો એમ સમજવું.

(બ) અ ઝ નું ખીસુ કાતરે, અને તેણે પોતાના કેટલાએક સોબતીઓને આસપાસ રાખ્યા હોય, એટલાં સારૂ કે, અગર શું બને છે તે ઝ ના જાણ્યામાં આવે અને ઝ સામો થાય, અથવા અ ને પકડવાની કોશિશ કરે. તો તેઓ ઝ ને અટકાવે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

જબરાઇથી કહડાવવા બાબત.

જબરાઇથી કહડાવવું.

૩૮૩. જે માણસ ઇરાદાથી કાંઈ શખ્સને તે શખ્સને પોતાને અથવા બીજા કોઇને નુકશાન કરવાનો ભય ઉત્પન્ન કરે, અને તેમ કરી ને તે ભય પામેલો શખ્સ કાંઈ મીલકત, અથવા કિમતી દસ્તાવેજ, અથવા સહી કે મોહોર કરેલી જે વસ્તુનો કાંઈ કિમતી દસ્તાવેજ બનાવી શકાય એવી કાંઈ વસ્તુ, કોઈ શખ્સને આપે, એમ બદદાનતથી કરે, તો તે માણસે "જબરાઇથી કહડાવવાનો ગુનોહ" કરેયો એમ સમજવું.

દૃષ્ટાંત.

(અ) તું મને પઇસા આપ, નહી તો તારી આબરૂ જાય એવું હું કાંઈ છાપીશ એમ કહીને અ ઝ ને ધમકાવે; અને એમ કરીને ઝ તેને પઇસા આપે એમ અ કરે,

તો અ એ જબરાઈથી કહડાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(બ) તું આટલા રૂપિયા મને આપવાની એક ચેઠી લખી તે પર સહી કરી આપ, નહીં તો હું તારા બાળકને ગેરબાજબી કેદમાં રાખીશ એવી રીતે અ ઝ ને ધમકાવે, અને ઝ તેવી ચીઠી લખી તે પર સહી કરી આપે, તોઅ એ જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ક) મારા ખેતરમાંના પાકનો આટલો ભાગ હું બ ને આપીશ, અને તે ન આપુ તો આટલો દંડ આપીશ, એવી સરતનું એક ખત કરીને તે પર સહી કરીને તું બ ને આપ, નહી તો તારા ખેતર મધ્યેના પાકનો નાશ કરવાને હું ડંગોરાવાળા માણસો મોકલીશ, એવી રીતે અ ઝ ને ધમકાવે, અને તેથી કરીને ઝ તેવું ખત લખી તે પર સહી કરી આપે એમ કરે, તો અ એ જબરાઈથી કહડાવવાનો ગુનોહ કરયો એમ સમજવું

(ડ) ઝ ને મહાવ્યથાનો ભય પમાડીને અ બદદાનતથી એવું કરે કે એક કોરા કાગળ ઉપર પોતાની સહી અથવા મોહોર કરીને તે કાગળ ઝ અ ને આપે, અને તે પ્રમાણે ઝ તે કાગળ પર સહી કરીને તે કાગળ અ ને આપે, તો એ ઠેકાણે તે સહી કરેલા કાગળનો કાંઈ મિલકતી દસ્તાવેજ બનાવી શકાય માટે, અ એ જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

ટીકા.—આ કલમ પ્રમાણે જુલમે લેવાના પ્રકાર બે છે પહેલો પ્રકાર દુઃખ દેવાની બીક બતાવવી. બીજો પ્રકાર તરતજ દુઃખ દેવાની બીક આપવી. તો પણ જે દુઃખ દેવાનું તે મોત, વ્યથા કીંવા ગેરબાજબી કેદ કરવાની હોવી ન જોઇયે કોઈ માણસ બાહાર જઈ લોકો પાસેથી કર લેવા હુકમ થયો છે એમ કહી પઇસા લેતો તે ચોરી નથી પણ ઠગાઈ છે (મે. પ્ર. ૨૭૩.)

આ કલમ પ્રમાણે જબરાઇથી કડાવાની જે વાખ્યા બતાવીછે તેવી બીક આ કામમાં કંઈજ નથી. કારણ કે કેદીએ જંગલનાં લાકડાં લેવાનો હક સરકાર પાસેથી ખરીદ કરેલો અને સરકાર સાથે થયેલા કરારમાં બીજાનો તેમાંથી લાકડાં લેવાનો હક કાયમ રાખેલો તે છતાં તે જંગલમાંથી લાકડાં લઇ જનારને અટકાવી તેની પાસેથી કેદીએ પૈસા કડાવ્યા તેમાં ઠરાવ્યું કે કેદી આ કલમ પ્રમાણેનો ગુનેહગાર નથી (મુ. હા. વા. ૩ પાને ૪૫ સરકાર વિરૂધ અબદુલકાદર બાળાઆબુજી)

પૈસા નહિ આપેતો ફોજદારી ગુનાહાનું તોહોમત તારાપર મુકીશ એમ કહી પૈસા કડાવે તો તે ગુનોહ આ કલમ પ્રમાણેછે. તેમજ આ કલમ પ્રમાણેનો ગુનોહ સંપુરણ થવા માટે એક શખસને વ્યથાનો ભય પમાડી બદદયાનતથી તેની પાસેથી કાંઈ મિલકત મુકાવે તો એ પુરતુ છે (ઇ. ડા. પૃ. ૩૪૯)

અમુક પૈસા આપ નહિતો તારી નોકરી ખોવરાવીશ એમ કહી પૈસા મેળવે તે આ કલમ પ્રમાણેનો ગુનેહગાર થાય (કા. હા. વી. રી. વા. ૧૮ પાને ૧૭)

જબરાઈથીકહડાવવાનીશિક્ષા. | ૩૮૪. જે માણસ જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ મુજબ ધમકી આપનારેજ પૈસા મેળવવા જોઇયે એમ કાંઈ જરૂર નથી. પણ સલાહ કરયા પ્રમાણે તેમાંના એકે ધમકી આપી અને બીજાએ પૈસા

કડાવ્યા તો તે સરવને આ કલમ મુજબ તોહોમત લાગેછે. પૈસા મેળવનારે મદદ કરી ગણાય અને તેમ બની શકે તોપણ તે કરવું જરૂરનુંજછે એમ નથી (મુ. હા. વા. ૨ પા. ૩૬૪ સરકાર વિ૦ શંકર ભગવાંન વિગરે)

આ કલમ પ્રમાણે જબરાઇથી કડાવવાનો ગુનોહ ગામના ચોકીદાર સમક્ષ થયા છતાં તેવો ગુનોહ કરવો વાજબી નથી એમ તે ચોકીદારે તેને કહ્યું નહિ તેટલા ઉપરથી તે ચોકીદાર તે ગુનાહમાં મદદ કર્યા બદલ ગુનેહગાર થઇ શકતો નથી (કા. હા. ઇ. લા. વા. ૮ પા. ૭૨૮ ગોપાળચંદર વિ૦ કુરમોનીબટવા)

એકથી વધારે માણસોએ મસલત કરી કે તેમાંના કોઇએ ડર બતાવવો, કોઇએ મિલકત કડાવવી તો તેમાંના દરેકજણ આ કલમ પ્રમાણે ગુનેહગારછે. મુ. હા. વા.૨ પા.૪૧૭)

જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરવા સારૂ કોઈ સખસને નુકશાનનો ભય ઉત્પન્ન કરવો.

૩૮૫. જબરાઇથી કહાડાવવાનો ગુનોહ કરવા સારૂ જે માણસ કોઇ શખસને કાંઈ નુકશાનનો ભય ઉત્પન્ન કરે, અથવા ભય ઉત્પન્ન કરવાની કોશીશ કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

મોત અથવા મહાવ્યથાનો ભય કોઈ સખસને પમાડીને જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરવો.

૩૮૬. કોઈ શખસને, તે સખસને, પોતાને અથવા બીજા કોઇને મોત અથવા મહાવ્યથા કરવાનો ભય ઉત્પન્ન કરીને જે માણસ જબરાઈથી કહડાવવાનો ગુનોહ કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે;

જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરવા સારૂ કોઈ સખસને મોત અથવા મહાવ્યથાનો ભય ઉત્પન્ન કરવો.

૩૮૭. જે માણસ, જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરવા સારૂ કોઇ સખસને, તે સખસને પોતાને અથવા બીજા કોઈને મોત અથવા મહાવ્યથા કરવાનો ભય ઉત્પન્ન કરે, અથવા ભય ઉત્પન્ન કરવાની કોશીશ કરે. તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

મોત અથવા સમુદ્રપાર વગેરેની શીક્ષા થઇશકે એવા ગુનાહનું તોહોમત મુકવાનો ભય ઉત્પન્ન કરીને જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરવો:

૩૮૮. મોતની, અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની કેદની, શિક્ષા થઈ શકતી હોય એવો કોઈ ગુનોહ કર્યાનું અથવા કરવાની કોશીશ કર્યાનું, અથવા એવો ગુનોહ બીજા કોઈ સખસ પાસે કરવાને તેને લલચાવવાની કોશીશ કર્યાનું, તોહોમત કોઈ સખસનો પોતાની ઉપર અથવા કોઈ બીજાની ઉપર મુકવાનો ભય તે સખસને ઉત્પન્ન કરીને, જે માણસ જબરાઈથી કહડાવવાનો ગુનોહ કરે, તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. અને અગર ૩૭૭ મી કલમ મુજબ શિક્ષા થઈ શકે એવો તે ગુનોહ હોય તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઈ શકે.

જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરવા કોઈ મ-ખસને કાંઈ ગુનાહના તો-હોમતનો ભય ઉત્પન્ન કરવો.

૩૮૯. જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરવા સારૂ, મોતની, અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની કેદની શિક્ષા થઈ શકતી હોય એવા કોઈ ગુનોહ કરયાનું અથવા કરવાની કોશિશ કરયાનું તોહોમત કોઈ શખસની પોતાના ઉપર અથવા કોઈ બીજાની ઉપર મુકવાનો ભય તે સખસને જે માણસ ઉત્પન્ન કરે, અ-થવા ઉત્પન્ન કરવાની કોશિશ કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર ૩૭૭ મી કલમ મુજબ શિક્ષા થઈ શકે એવો તે ગુનોહ હોય, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઈ શકે.

અપહરણ તથા ડાકાઇટી બાબત.

અપહરણ.

૩૯૦ સરવે અપહરણમાં અગર તે ચોરી અથવા જબરાઇથી કહડા-વવાનો ગુનોહ હોય છે.

ચોરી ક્યારે અ-પહરણ થાય છે.

અગર કોઈ ચોરી કરવા સારૂ, અથવા ચોરી કરવામાં, અથવા ચોરીથી મળેલી માલકત લઈ જવામાં અથવા લઈ જવાની કોશિશ કરવા માં, તે ગુનેહગાર, તે મતલબસર; બુદ્ધિપુરવક કોઈ સખસનું મોત આણે, અથવા તેને બ્યથા કે ગેરબાજબી અટકાવ કરે, અથવા મોત, બ્યથા કે ગેરબાજબી અટકાવ કરવાની કોશિશ કરે, અથવા તાત્કાલિક મોત, તાત્કાલિક બ્યથા, કે તાત્કાલિક ગેરબાજબી અટકાવ કરવાનો ભય ઉત્પન્ન કરે, અથવા ભય ઉત્પન્ન કરવાની કોશિશ કરે, તો તે ચોરી અપહરણ થાય છે એમ સમજવું.

જબરાઇથી ક હડાવવું તે કયારે અપહરણ થાય છે.

અગર જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરતી વખતે તે ગુનોહ કર-નાર ભય પમાડેલા સખસની આગળ હાજર હોય, અને તાત્કાળિક મોત, અથવા તાત્કાળક બ્યથા, અથવા તાત્કાળિક ગેરબાજબી અટકાવ તે શખસને અથવા કોઈ બીજા શખસને કરવાનો ભય તે શખસને ઉત્પન્ન કરીને તે જબ-રાઇથી કહડાવવાનો ગુનોહ કરે; અને એ પ્રમાણે ભય ઉત્પન્ન કરીને તે ભય પમાડેલા શખ-સનું મન એવું કરે કે તે શખસ તેજ વખતે અને તેજ ઠેકાણે જબરાઇથી કહડાવેલી વસ્તુ આપી દે, તો તે જબરાઇથી કહડાવવું અપહરણ થાય છે એમ સમજવું.

ખુલાસો—અગર તે ગુનોહ કરનાર એટલો નજદીક હોય કે તેથી તે બીજા શખસને તાત્કાલીક મોતનો અથવા તાત્કાલીક બ્યથાનો અથવા તાત્કાલીક ગેરબાજબી અટકાવનો, ભય ઉત્પન્ન થાય, તો તે હાજર છે એમ સમજવું.

દૃષ્ટાંત.

(અ) અ ઝ ને નીચે દાબીને ઝાલી રહે, અને ઝ ની રજામંદી શીવાય ઝ ના કપડા-માંથી ઝ ના પઇસા તથા દાગીના દગલબાજીથી કાહાડી લે, તો એ ઠેકાણે અ એ ચોરી કરી, અને તે ચોરી કરવા સારૂ તેણે બુદ્ધિપુરવક ઝ ને ગેરબાજબી અટકાવ કરયો માટે તેણે અપહરણ કરયું એમ સમજવું.

(ખ) અ ઝ ને ધોરી રસ્તા ઉપર મળે અને એક પિસ્તોલ દેખાડીને કહે, કે તારી નાણાંની થેલી આપ, અને તે પરથી ઝ પોતાની થેલી આપી દે. તો એ ઠેકાણે તાત્કાલીક વ્યથાનો ભય ઉત્પન્ન કરીને અ એ ઝ ની પાસેથી તે થેલી જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરયો, અને તે ગુનોહ કરતી વખતે તે ઝ ની આગળ હાજર હતો માટે અ એ અપહરણ કર્યું એમ સમજવું.

(ક) ઝ પોતાના બાળકને લઇને જાય છે એવામાં ધોરી રસ્તાપર તેને અ મળે. અને તે બાળકને લઇને અ ઝ ને એમ કેહેકે તું તાહારી નાણાંની થેલી આપ, નહી તો હું આ બાળકને પેલી ટેકરી ઉપરથી નીચે ફેંકી દઇશ; અને તે પરથી ઝ પોતાની થેલી આપી દે, તો એ ઠેકાણે જે બાળક ત્યાં હાજર છે તે બાળકને તાત્કાલિક વ્યથા કરવાનો ભય ઝ ને ઉત્પન્ન કરીને ઝ ની પાસેથી તેની થેલી અ એ જબરાઇથી કહડાવી માટે અ એ ઝ ની પાસેથી અપહરણ કર્યું એમ સમજવું.

(ડ) "તાહરૂ બાળક માહારી ટોળીના હાથમાં છે, અને તું હમને દશ હજાર રૂપીયા મોકલ, નહી તો અમે તારા બાળકનો જીવ લઇશું," એમ કહીને અ ઝ ની પાસેથી કાંઇ મીલકત મેળવે તો એનું નામ જબરાઇથી કહડાવવું, અને એને માટે તે ગુનાહની શિક્ષા થઇ શકે, પણ પોતાના બાળકનું તાત્કાલિક મોત થવાનો ભય ઝ ને ઉત્પન્ન કરવામાં આવે નહી, તો એ કાંઇ અપહરણ ગણાય નહી.

ટીકા.—આ કલમમાંના કારણમાંના કોઇ એક કારણ સારૂ દુઃખાપત કરવામાં આવી ન હોય પણ એકાએક આવી પહોંચેલા આદમીના હાથમાં પકડાઇ નહિ જવાસારૂ દુઃખાપત કરવામાં આવી હોય તો એ સદરહુ દુઃખાપતને લીધે એ ચોરી અપહરણ થતી નથી (મુ. હા. તા. ૨૭ જુન ૧૮૭૨ સરકાર વિરૂધ કાળીયો કેરીઓ વિગેરે)

ચોરને પકડવા તેની પાછળ દોડનારને તે પકડે નહિ એ ઇરાદાથી પથર ફેંકે અને ચોરીનો માલ નાખીદેનો તેમાં અપહરણનો ગુનોહ થતો નથી (મ. હા. વા. ૩ પા. ૪)

આ કલમમાં કહેલો જે ભય બતાવવો તે જીવ લેવાનો, કીંવા જીવ લેવાને પ્રયત્ન કરવાનો, કીંવા વ્યથા કરવાનો, અગર ગેરવ્યાજબી અટકાવ કરવાનો કીંવા બીજો એવી રીતનો ભય બતાવવો જોઇએ તેથી જો આબૂ કીંવા મિલકતને નુકશાન કરવાનો ભય બતાવે તો તે અપહરણ ન થતાં કા. ૩૮૩ પ્રમાણે ગુનોહ થાયછે. તેમજ ચોરેલી મિલકત ચોરનારના કબજામાં આવા ગુનાહમાં અવશ્ય જોઇયે; પછી તે કબજો થોડા વખતનો હોય અને પછી તરતજ માલીકને પાછો આપ્યો હોય તોપણ હરકત નથી (મ. પૃ. ૧૭૭)

ચોરી કરવામાં ઘરધણી સામે થાય તો તેને મારવાનો ઇરાદો કરયો હોય યા એ પ્રમાણે મારવાની કોશેશ કરવામાં આવે તો તેવી વખતે આ કલમ પ્રમાણે ગુનોહ કરયો ગણાય (કા. હા. વી. રી. વો. ૫ પા. ૯૫)

ડાકાઇટી. ૩૯૧. અગર પાંચ અથવા વધારે શખ્સો એકઠા મળીને કાંઇ અપહરણ કરે અથવા કરવાના કોશિશ કરે, અથવા જે શખ્સો એકઠાં મળીને અપહરણ કરતાં અથવા કરવાની કોશીશ કરતાં હોય તે, તથા જે શખ્સો હાજર હોય અને તે અપહરણ તથા કોશિશ કરવામાં સાહાય કરતા હોય તે, એ બંને મળીને તેઓની આખી સંખ્યા પાંચ અથવા વધારે થાય, તો એ પ્રમાણે અપહરણ કરનાર કોશિશ કરનાર અથવા સાહાય કરનાર હરએક શખ્સ "ડાકાઇટી" કરી એમ સમજવું.

ટીકા.—આરોપિતે ફરિયાદીનું ઘર ફોડ્યું અને પછી ફરિયાદી પાસે પોતાના દેવાનું ખત માગ્યું. પછી આરોપિતમાંના એકે તેનું નાક ઝાલી રાખ્યુ અને બીજાએ તે કાડ્યું તથા નાક ઝાલી રાખનારે ફરિયાદીની સોનાની આંગુઠી કાડી લીધી તેમાં ઠરાવ્યું કે ફરિયાદીના ખતની ચોરી સરવે આરોપિતે કરી એમ અને તેમ કરવા ફરિયાદીને અટકાવમાં રાખ્યાનું શાબિત થયુંછે તેથી આરોપિત ડાકાઇટીના ગુનેહગાર થાયછે (મુ. હા. ઈ. લા. વા. ૧ પા. ૧૦ સરકાર વિ૦ ખંડેરાવ બાજીરાવ અને બીજા)

ગાયકવાડના મુલકમાં ડાકાઇટી થઈ અને તેમાં ચોરાયલા માલમાંનો કાંઈ માલ આરોપિતે અંગરેજી રાજ્યના કોઈ ગામમાં છુપાવ્યો તેમા ઠરાવ્યું કે ડાકાઇટીનો ગુનોહ પર મુલકમાં થયો અને ચોરીનો માલ આ મુલકમા મળ્યો તો એ ડાકાઇટીનું કૃત્ય આ હદમાં થયુ નથી તેથી તેનાપર ડાકાઇટીનો ગુનોહ મુકી તેનો ઇનસાફ આ રાજ્યના કોરટથી થઇ શકે નહિ. પણ ચોરાનો માલ આ મુલકમાથા મળ્યો તેથી કા. ૪૧૨ પ્રમાણે ચોરીનો માલ રાખ્યાનું તોહોમત રાખી તેના તપાસ આ રાજ્યની કોરટ કરી શકે (મુ. હા. ઇ. લા. વા.૧ પા. ૫૦ સરકાર વિ૦ લખીયા ગોવિંદ વિગરે)

કેદીપર ડાકાઇટીનું તોહોમત હતું તેમાંથી શેશનજડજે અને આસેશરે તેને મુક્ત કરેલા પણ પુરાવપરથી શેશનજડજે તેને ગ્રહપ્રવેશનો ગુનેહગાર ઠરાવ્યો તેમાં ઠરાવ્યું કે ગ્રહ પ્રવેશના ગુનાહનો આરોપ તમાગપરછે એમ ક્રી. પ્રો. કા. ૪૪૫ પ્રમાણે કેદીને સમજાવવું જોઇતું હતું પણ તેમ કરેલુ નથી અને પ્રવેશનો ગુનોહ એ ડાકાઇટીનો ભાગ નથી માટે ગ્રહપ્રવેશનુ તોહોમત રદ કર્યું (કા. હા.વી.રી.વા.૨૩ પાને ૫૯ સરકાર વિ૦ સલામતઅલ્લી)

ડાકાઇટી થયા પછી છ કલાકના ટુંકા વખતમાં કોઈ શખ્સ તે ગુનાહમાં ગયેલા માલ સાથે પકડાય અને તે જો બીજી રાતે વાબિત ન કરી આપે તો ડાકાઇટી કરનાર છે એમ ગણવું (કા. હા. વી. રી. વા. ૩ પા. ૧૦)

પાંચજણ ઘર ફોડી ચોરી કરવા ગયા અને ફોડવાનું કૃત્ય કરતાં કેટલાક લોક જાગી ઉઠવાથી બુમ પડતાં ચોરમાંના એકે ભેગા થયેલા લોકમાંના એકને મારી નાખ્યો તેમાં ડાકાઇટીનો ગુનેહગાર નહિ ઠરાવતાં ઘર ફોડ્યાનો ઠરાવ્યો (ઈ. ડા. પૃ. ૩૪૮)

અપહરણની શિક્ષા.

૩૯૨. જે માણસ અપહરણ કરે, તેને દશ વરસની મુદત સુધીની સખ્ત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે અપહરણ ધોરી રસ્તાપર, સુર્યાસ્ત તથા સુર્યોદયની વચ્ચે, કરવામાં આવે, તો કેદ ચૌદ વરસ સુધીની થઇ શકે.

ટીકા.—કોઇને નિચે પાડી નાખી તેની બેશુધિમાં તેની પાસેથી કાંઈ માલ લેવો એ તથા કોઇનાં વાળી ખેંચી લેવા તેનો કાન તોડવો તે તથા કોઈની ઘડીયાળની સાંકળી તેને પાડીને લેવામાં આવે તે એ ગુનાહ અપહરણના કહેવાય (આર્ચ. પૃ. ૪૫૧)

અપહરણ કરવાની કોશિશ.

૩૯૩ જે માણસ અપહરણ કરવાની કોશિશ કરે, તેને સાત વરસની મુદત સુધીની સખ્ત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

અપહરણ કરવામાં બુદ્ધિપુરવક વ્યથા કરવી.

૩૯૪. અગર કોઇ શખ્સ, અપહરણ કરવામાં અથવા અપહરણ કરવાની કોશિશ કરવામાં બુદ્ધિપુરવક વ્યથા કરે, તો તે શખ્સને, તથા બીજો કોઈ શખ્સ તેની સાથે તે અપહરણ કરવામાં અથવા અપહરણ કરવાની કોશિશ કરવામાં શામિલ હોય તે શખ્સને, જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની સખ્ત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કાયદાની કા. ૩૯૨માં જે ગુનાહની વાખ્યા કહીછે તે ગુનાહનો સદરહુ કલમમાં સમાવેશ થાયછે તેથી આરોપિતે એકજ કૃત્યમાં બે ગુનાહ કરેલા હોયતો તેને ફક્ત આ કલમ પ્રમાણે શિક્ષા આપવી (કા. હા. વી. રી. વા. ૧ પા. ૨)

ડાકાયટીનીશિક્ષા. | ૩૯૫. જે માણસ ડાકાયટી કરે, તેને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની સખ્ત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—કેદીપર આ કલમ પ્રમાણે તોહોમત મુકયું હતું અને કા. ૪૧૨ પ્રમાણે ચોરીનો માલ ડાકાયટી કરનાર લોક પાસેથી લેવાનો ગુનોહ શાબિત કર્યો તેમાં ઠરાવ્યું કે ગુનાહની શાબિતીનો ઠરાવ દુરસ્ત નથી કારણ કે શેશનજડજે મુકેલું તોહોમત કા. ૪૧૨ પ્રમાણે નહોતું અને ક્રી. પ્રો. કા. ૫૬ થી તે ૫૯ સુધીના નિયમો લાગુ પડે એવો એ મુકદમો નહોતો (મુ. હા. તા. ૧૬ જુન ૧૮૭૦ સરકાર વિ૦ ગોપાળ પરશુરામ વિગેરે)

આરોપિતપર પ્રથમ આ કલમ પ્રમાણે તોહોમત મુકયું. તેની તપાસ એક માજીસ્ત્રેટે ચલાવી તે વખતે તે માજીસ્ત્રેટે એ તોહોમત બાજુપર રાખી આરોપિત એ ગેરકાયદેસર મંડળીનો માણસછે એવા આરોપનો તેનો કા. ૧૪૩ પ્રમાણે જવાબ લઈ તેનાપરના તોહોમતની તપાસ સંક્ષીપ્ત પ્રકારની ચોકશી પ્રમાણે કરી તેમાં ઠરાવ્યું કે પ્રથમ ફરિયાદ કા. ૧૪૩ પ્રમાણે થઈ નથી પણ આ કલમ પ્રમાણે થયછે એટલે માજીસ્ત્રેટથી સંક્ષીપ્ત પ્રકારની ચોકશી કરાય નહિ (કા. હા. વી. રી. વા. ૨૧ પા. ૮૯ દવારકાંનાથ મજમુદાર વિ૦ નાલુદાસ)

ખુનની સાથે ડાકાયટી. | ૩૯૬. અગર પાંચ અથવા વધારે શખસો સાથે મળીને ડાકાયટી કરતા હોય તેઓમાંનો કોઈ તે પ્રમાણે ડાકાયટી કરવામાં ખુન કરે, તો તે શખસોમાંના હરએકને મોતની, અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની સખ્ત કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુનની અથવા મહાવ્યથા કરવાની કોશિશનીસાથે અપહરણ અથવા ડાકાયટી. | ૩૯૭. અગર અપહરણ અથવા ડાકાયટી કરતી વખતે, તે ગુનેહગાર કાંઈ ભયંકર શસ્ત્ર વાપરે, અથવા કોઈ શખસને મહાવ્યથા કરે, અથવા કોઈ શખસનું મોત આણવાની કે તેને મહાવ્યથા કરવાની કોશિશ કરે, તો તે ગુનેહગારને કેદની, જે શિક્ષા કરવામાં આવશે તે સાત વરસથી ઓછી થશે નહી.

ટીકા.—આ કલમ જેવી કલમના ઠરાવોમાં જ્યારે ગુનાહનો સમાવેશ થાયછે ત્યારે દોષાધીક્ય કરનારી બાબતોના સબબથી તે ગુનાહને ઓછામાં ઓછી જે સજા કરવા વિશે તે કલમમાં ઠરાવછે તોપણ તેવી દોષાધીકય કરનારી બાબતો શીછે તે ચારજમાં લખવી જોઈએ જેથી કરીને તોહોમતદાર આશામી જે ગુનોહ પોતે કબુલ કરે તે ગુનોહ શું છે તથા તેવા બોલવાનો પુરતો પરિણામ શો છે? તે સમજી શકે અથવા ગુનાહનો જો પોતે ઇનકાર કરશે તો જે મુદાની વાતો રદ કરવા સારૂ તેને કહેવામાં આવ્યુંછે તે વાતો કહી તે તેના સમજવામાં આવશે (મુ. હા. તા. ૩૧ અગષ્ટ સને૧૮૭૧ સરકારવિરૂદ્ધ મુકતા માણકા)

ભારે સજાના જોખમની મર્યાદા પીનલકોડ કા. ૩૯૭ મુજબ જે ગુનેહગાર અપહરણ અથવા ડાકાયટી કરવામાં ખરેખર મહાવ્યથા કરતો હોય તેનાપર કરવાની ઠરેલીછે. (મુ. હા. તા. ૧ અગષ્ટ ૧૮૭૨ સરકાર વિરૂદ્ધ દેવજી કેરૂ વિગેરે)

કાંઈ ભયંકર શસ્ત્ર ધારણ | ૩૯૮. અગર અપહરણ અથવા ડાકાયટી કરવાની કોશિશ

કરેલું હોય, તે વખતે અ પહરેણ અથવા ડાકાઈટી કરવાની કોશિશ.

કરતી વખતે, તે ગુનેહગારે કાંઈ ભયંકર શસ્ત્ર ધારણ કરેલું હોય, તો તે ગુનેહગારને કેદની જે શિક્ષા કરવામાં આવશે તે સાત વરષથી ઓછી થશે નહી.

ડાકાઈટી કરવાની તઈયારી કરવી.

૩૯૯. જે માણસ ડાકાઈટી કરવાની કાંઇ તઈયારી કરે; તેને દશ વરસની મુદત સુધીની સખ્ત કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ડાકાઈટીની ટોળી માં હોવાની શિક્ષા.

૪૦૦ આ આકટ પસાર થયા પછી કોઈ પણ વખતે નિત્ય ડાકાઈટી કરવાના કારણસર મળેલા શખ્સોની કોઈ ટોળીમાં જે માણસ હોશે, તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખ્ત કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ચોરીની ભટકતી ટોળીમાં હોવાની શિક્ષા.

૪૦૧. આ આકટ પસારે થયા પછી કોઈ પણ વખતે, નિત્ય ચોરી અથવા અપહરણ કરવાનાં કારણસર મળેલા સખ્સોની કોઈ ભટકતી અથવા બીજી ટોળીમાં જે માણસ હોશે, અને તે ટોળી ઠગ અથવા ડાકાઈટોની ટોળી નહી હોશેતો, તે માણસને સાત વરસની મુદત સુધીની સખ્ત કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ડાકાઈટી કરવાના કારણસર એકઠા થવું.

૪૦૨. આ આકટ પસાર થયા પછી કોઈ પણ વખતે,ડાકાઈટી કરવાનાં કારણસર એકઠા થએલા પાંચ અથવા વધારે સખ્સોમાંનો જે માણસ હોશે, તેને સાત વરસની મુદત સુધીની સખ્ત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

મિલકતના સાપ્રાધ ખોટા ઉપયોગ બાબત.

બદદાનતથી મીલકતનો ખોટો ઉપયોગ.

૪૦૩. જે માણસ બદદાનતથી કાંઈ પણ જંગમ મિલકતનો ખોટો ઉપયોગ કરે અથવા તે પોતાને કામે લગાડે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવાં દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

(અ) અ ઝ ની મિલકત ઝના કબજામાંથી લે, અને તે લેતી વખતે સુદ્ધબુદ્ધિથી તે એમ માનતો હોય કે એ મિલકત માહારી છે, તો અ ચોરીનો તકશીરવાર નથી; પણ પોતાની ભુલ માલમ પડ્યા પછી અગર અ બદદાનતથી તે મીલકત પોતાને કામે લગાડે, તો તેણે આ કલમ મુજબ ગુનોહ કર્યો એમ સમજવું.

(બ) અ ને ઝ ની સાથે દોસ્તી છે, અને તે ઝ ના કીતાબખાનામાં ઝ નહી હોય એવી વેળાએ જઈને ઝ ની સાફ રજામંદી શીવાય તેમાંથી એક ચોપડી લઈ જાય હવે એઠેકાણે અગર અ ના મનમાં એમ હોય, કે તે ચોપડી વાંચવાના કારણસર

લેવાની મને ઝ ની અરથાંત સમજાય એવી રજામંદી છે, તો અ એ ચોરી કરી નથી. પણ અગર પાછળથી અ પોતાના ફાયદાને સારૂ તે ચોપડી વેચે, તો તેણે આ કલમ મુજબ ગુનોહ કરયો એમ સમજવું.

(ક) અ તથા બ એ બંને એક ઘોડાના એકઠા માલીક છે, અને અ વાપરવાનો ઇરાદો કરીને તે ઘોડાને બ ના કબજામાંથી લઈ જાય, તો, એ ઠેકાણે તે ઘોડો વાપરવાનો અ નો હક છે માટે, તેણે બદદાનતથી તે ઘોડાનો ખોટો ઉપયોગ કરયો એમ સમજવું નહી પણ અગર અ તે ઘોડો વેચે, અને તેની કીમત ઉપજે તે સઘળી પોતાને કામે લગાડે, તો તેણે આ કલમ મુજબ ગુનોહ કરયો. એમ સમજવું.

ખુલાસો ૧લો.—ફકત થોડી વાર સુધીજ ખોટો ઉપયોગ કરયો હોય તો પણ આ કલમના અરથ મુજબનો ખોટો ઉપયોગ છે એમ સમજવું.

દષ્ટાંત.

ઝ ની એક સરકારી પ્રામિસરી નોટ ખાલી શેરા વાળી અ ને જડે, અને તે નોટ ઝ ની છે એમ જાણ્યા છતાં અ એક સરાફને ત્યાંથી કાંઈ રૂપીયા કહાડીને તેના અવેજમાં તે નોટ ગીરો મુકે, એવા ઇરાદાથી કે પછી તે છોડાવીને હું ઝ ને પાછી આપીશ, તો અ એ આ કલમ મુજબ ગુનોહ કરયો એમ સમજવું.

ખુલાસો ૨ જો.—જે મીલકત કોઈ બીજા સખસના કબજામાં ન હોય એવી કોઈ મીલકત કોઈ સખસને જડે, અને તે મીલકત સાચવવાના અથવા તેના માલીકને પાછી આપવાના કારણસર તે શખસ તે મીલકત લે, તો તે સખસે તે મીલકત બદદાનતથી લીધી અથવા તેનો ખોટો ઉપયોગ કરયો નથી, અને તેણે ગુનોહ કરયો એમ સમજવું નહી; પણ તે મીલકતનો માલીક કોણ છે એ વાતની તેને ખબર હોય, અથવા તે સોધી કાહાડવાનો તેની પાસે ઈલાજ હોય, તે છતાં, અથવા માલીકને સોધી કહાડીને તેને ખબર આપવાના ઘટતા ઇલાજ વાપરયા પહેલાં, તથા માલીક આવીને તે મીલકતનો દાવો કરે એટલા સારૂ ઘટતી મુદત સુધી તે મીલકત રાખ્યા પેહેલાં, અગર તે શખસ તે મીલકત પોતાને કામે લગાડે, તો તેણે ઉપર બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

એવી બાબતમાં ઘટતા ઉપાય તે કયા. અથવા ઘટતી મુદત તે કેટલી એ હકીકતની બાબતછે.

મીલકત જેને જડે તે શખસે તે મીલકતનો ધણી કોણ છે, અથવા તેનો ધણી કોઈ અમુક સખસ છે, એમ જાણવું જોઈએ એવું કાંઈ જરૂર નથી, અગર તે મીલકત કામે લગાડતી વખતે તે મીલકત પોતાની છે એમ તે માનતો ન હોય, અથવા તેનો ખરો માલિક જડી શકતો નથી એમ જો તે શુદ્ધબુધીથી માનતો ન હોય તો બસ છે.

દષ્ટાંત.

(અ) ધોરી રસ્તાપર પડેલો એક રૂપીઓ અ જોય. તે કોનો છે તે અ ને ખબર નહી હોય, અને અ તે રૂપીઓ ઉચકી લે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું નહી.

(બ) ધોરી રસ્તાપર પડેલો એક કાગળ અ ને જડે. તે કાગળમાં એક બેંકનોટ હોય, અને

તે કાગળના શીરનામાપરથી તથા તેમાં લખેલી બીનાપરથી તે નોટ કોની છે એ વાત તેના જાણ્યામાં આવે, અને પછી તે નોટ તે વાપરે, તો તેણે આ કલમ મુજબ ગુનોહ કરયો એમ સમજવું.

(ક) આ લાવે તેને નાણાં આપજો એવા તરેહનો અ ને એક ચેક જડે તે ચેક કોનો ગયો છે એ વાતની તેથી અટકળ થઇ શકે નહી, પણ જે સખસે તે ચેક લખ્યો હોય તે સખસનું નામ તે ચેકમાં લખેલું હોય, અને અ એમ જાણતો હોય કે તે સખસ મને બતાવી સકશે કે ફલાણા ધણીને માટે એ ચેક લખ્યો હતો. તેવું છતાં તે માલીકને સોધી કહાડવાની કોશીશ ન કરતાં અ તે ચેક વાપરે, તો તેણે આ કલમ મુજબ ગુનોહ કરયો એમ સમજવું.

(ડ) ઝ ની પઇશા ભરેલી એક થેલી ઝ ના હાથમાંથી નીકળી પડતી અ જોય, અને તે ઝ ને પાછી આપવાના ઇરાદાથી અ ઉચકી લે, પણ પાછળથી તે તેને પોતાને કામે લગાડે, તો અ એ આ કલમ મુજબ ગુનોહ કરયો એમ સમજવું.

(ઈ) અ ને એક પઇશા ભરેલી થેલી જડે, તો તે થેલી કોની છે. એ વાત અ જાણતો નહી હોય, પણ પાછળથી તેને ખબર પડે કે તે ઝ ની છે. અને તેવું છતાં તે થેલી પોતાને કામે લગાડે, તો અ એ આ કલમ મુજબ ગુનોહ કરયો એમ સમજવું

(ફ) અ ને એક કીમતી વીંટી જડે તે વીંટી કોની છે એ વાત અ જાણતો નહી હોય; પણ તેનો માલીક શોધી કહાડવાની કોશીશ કરયા શીવાય તુરત અ તે વીંટી વેચે, તો અ એ આ કલમ મુજબ ગુનોહ કરયો એમ સમજવું.

ટીકા.—ફરિયાદીએ સોંપેલો માલ ગુનેહગારે વાપરી ખાધો તેથી તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત રાખેલું તેમાં ઠરાવ્યું કે આવી બાબતમાં બદદયાનતથી વિશ્વાસઘાત કર્યાનું તોહોમત રાખવું જોઇએ. (મુ. હા. વા. ૪ પા. ૩ સરકાર વિરૂદ્ધ ગણુવલદે રામચંદ્ર)

આ કલમ મુજબ તોહોમત શાબિત થવાને કેદીએ બદદયાનતથી મિલકતનો ખોટો ઉપયોગ કરવો જોઇએ; પરંતુ આ કામમાં ગુનેહગારને એક વસ્તુ જડી હતી અને તે તેણે ફકત પોતાના કબજામાં રાખી હતી. એટલા માટે સદરહુ કલમ પ્રમાણે તોહોમતમાંથી કેદીને મુકત કરીએ છીએ (કા. હા. વા. ૧૦ પા. ૨૩ સરકાર વિરૂધ અબદુલ)

બીજી બાબતો જોતાં જે કૃત્ય કરયાથી ગુનોહ થતો નથી તેવા ગુનાહાઓનો સમાવેશ થવા આ કલમમાં તજવીજ કરીછે. યોગ્ય રીતે મિલકત કબજામાં આવી હોય અને મુળ જે ઉદેશથી આવી હોય તે ઉદેશ ફરે, કીંવા જે વાત પક્ષકારોને અગાઉ માહીત નહોતી એવી કાંઈ નવીન વાતની માહીતી થયા છતાં તે મીલકત બદદયાનત અને કપટથી વાપરે તો તે ગુનોહ આ કલમ પ્રમાણે થાયછે (મે. પૃ. ૨૮૦)

એક ભેંસનું ચામડુ કે જેનો ધણી મળી શકયો નહિ તે એક ગામના માહાર લોકોએ પોતાના ઉપયોગમાં લીધુ તેમાં ઠરાવ્યું કે બદદયાનત ભરેલા સાપ્રાધ ઇરાદા વિશે શાબિતી નથી તેથી કેદીપર સાપ્રાધ ખોટો ઉપયોગ કરયાનું તોહોમત રહી શકતુ નથી (મુ. હા. તા.૧ મે ૧૮૭૨ સરકાર વિરૂધ જેઠીયા સાથુ વિગેરે)

તોહોમતદાર અને ફરિયાદી જે ધંધો કરતા હોય તેમાં અમુક ચાંબડાની કીમત ન આપતાં એ ચાંબડાં પોતાના ઉપયોગમાં લેતો તોહોમતદારે આ કલમ પ્રમાણે ગુનોહ કરયો કહેવાય નહિ (કા. હા. વી. રી. વા. ૧૭ પા. ૧૧)

કોઈ સખસ્ | ૪૦૪. જો કોઇ માણસ બદદાનતથી કાંઇ મિલ્કતનો ખોટો ઉપ-

મરી જાય તે વખતે તેની પાસે જેમિલકત હોય તે મિલકતનો બદદાનતથી ખોટો ઉપયોગ.

પોગ કરે. અથવા તેને પોતાને કામે લગાડે, અને તે એમ જાણતો હોય કે ફલાણો સખસ ગુજરી ગયો તે વખતે એ મીલકત તેના કબજામાં હતી, તથા ત્યારપછી તે કબજામાં લેવાનો કાયદા મુજબ જેનો હક હોય એવા કોઇ સખસના કબજામાં આવી નથી. તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુનોહ કરનારને તે સખસે તે મુઓ ત્યારે મેહેતા અથવા ચાકરે દાખલ રાખેલો હોય, તો તે કેદ સાત વરસ સુધીની થઇ શકે.

દ્રષ્ટાંત.

(ઝ) ના કબજામાં કેટલોએક ઘરનો સામાન તથા નાણું છતાં ઝ ગુજરી જાય પછી તે નાણું કબજામાં લેવાનો જેને હક હોય એવા કોઇ સખસના કબજામા તે આવતાં પેહેલાં ઝ નો ચાકર અ બદદાનતથી તેનો ખોટો ઉપયોગ કરે, તો અ એ આ કલમ મુજબ ગુનોહ કરચો એમ સમજવું.

ટીકા.—સ્થાવર મિલકતનો ખોટો ઉપયોગ કરનારને આ કલમ લાગુ પડતી નથી ફક્ત જંગમ મિલકતને લાગુ પડેછે (મુ. હા. વા. ૬ પાને ૩૩ સરકાર વિરૂધ ગીરધર ધરમદાસ)

સાપ્રાધ વિશ્વાસઘાત.

સાપરાધ વિશ્વાસઘાત.

૪૦૫. જે માણસને કોઈ પણ રીતે કાંઈ મીલકત અથવા મીલકત પરનો અખત્યાર સોંપ્યો હોય, તે માણસ અગર બદદાનતથી તે મીલકતનો ખોટો ઉપયોગ કરે, અથવા તે પોતાને કામે લગાડે, અથવા તે સોંપણ શી રીતે બજાવવી એ વિશે કાયદાએ કાંઈ હુકમ ફરમાવ્યો હોય તે હુકમ તોડીને, અથવા તે સોંપણ બજાવવા વિશે તેણે સાફ અથવા અરથાંત સમજાય એવો કાંઈ કાયદેસર કરાર કરચો હોય તે કરાર તોડીને, બદદાનતથી તે મિલકત વાપરે અથવા તેનો વગ કરે, અથવા જાણી જોઇને કોઈ બીજા માણસને તેમ કરવા દે, તે માણસે "સાપરાધ વિસવાસઘાત" કરચો એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) એક મરનાર સખસના વિલમાં અ ને વકીલ ઠરાવેલો છે તે અગર તે મરનારની મિલકતની વેહેંચણ તે વિલ પ્રમાણે કરવાનો કાયદાનો હુકમ બદ દાનતથી નહી માનીને તે મિલકત પોતાને કામે લગાડે, તો અ એ સાપરાધ વિસવાસઘાત કરચોએમસમજવું.

(બ) અ એક વખારવાળો છે. અને બ કેથાં ગામ જાય છે, તે પોતાનો સામાન અ ને સોંપે, એવા કરાર કરીને કે એ સામાન રાખવા માટે હું તમને આટલું વખારનું ભાડુ આપુ, ત્યારે તમારે એ સામાન મને પાછો આપવો.. અ બદદાનતથી તે માલ વેચી નાંખે, તો અ એ સાપરાધ વિશ્વાસઘાત કરચો એમ સમજવું.

(ક) અ કલકત્તામાં રહીને ઝ દીલીમાં રેહે છે, તેના આડતીઆ. દાખલ કામ કરે છે, અને અ તથા ઝ ની વચ્ચે સાફ કે અરથાંત સમજાય એવો એક એ રીતનો કરાર થએલો છે કે ઝ જેટલું નાણું મોકલે તેટલું સઘળું અ એ ઝ ના હુકમ મુજબ વાપરવું,

[redacted]

ણુસ આ કલમ પ્રમાણે ગુનેહગાર થાયછે (મે. પૃ. ૨૭૧)

જે લગ્ન થયેલી સ્ત્રીઓથી કાયદા પ્રમાણે કરાર થઈ શકતો નથી એવી સ્ત્રીઓના તાબામાં કાંઈ મિલકત કસ્યા છતાં તે સ્ત્રી તે મિલકતનો બદદયાનતથી ગેર ઉપયોગ કરે તો તે સ્ત્રી આ કલમના પેહેલા ભાગ પ્રમાણે શિક્ષાને લાયકછે (મે. પૃ. ૨૮૪)

આ કલમ પ્રમાણે તોહોમત મુકાઈ તેમાં જે નિર્દોષ ઠરયો હોય તેના ઉપર તેજ તોહોમતના કામમાં પડેલા પુરાવથી ચોરાની મિલકત લેવાનુંપણ તોહોમત રહી શકે વળી સદરેહુ ગુનોહ સંપુરણ થવા માટે જે મિલકત તેને જેવા કરારથી સોપીહોય તે કરાર વિરૂધનાં કૃત્ય કરી તે પોતાના ઉપયોગમાં લીધી એમ પણ શાબિત થવું જોઈએ (ઈ. ડા. પૃ. ૩૪૫)

સાપરાધ વિશ્વાસઘાતની શિક્ષા.

૪૦૬. જે માણસ સાપ્રાધ વીશ્વાસઘાત કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ભારવાહક વગેરે એ સાપરાધ વિશ્વાસઘાત કરવો.

૪૦૭. કોઇ શખ્સને ભારવાહક દાખલ, અથવા ડંકાવાળા કે વખારવાળા દાખલ કાંઈ મિલકત સોંપી હોય, અને તે શખ્સ તે મિલકત બાબત સાપ્રાધ વિશ્વાસઘાત કરે, તો તે શખ્સને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ મેહેતા અથવા ચાકરે સાપરાધ વિશ્વાસઘાત કરવો.

૪૦૮. કોઈ માણસ મેહેતો અથવા ચાકર હોય, અથવા કોઇને મેહેતા કે ચાકર દાખલ રાખ્યો હોય, અને તે દરજ્જાથી તેને કાંઈ મીલકત અથવા કાંઈ મીલકત ઉપર અખતીયાર કોઈ પણ રીતે સોંપ્યો હોય તે માણસ તે મીલકત બાબત સાપ્રાધ વીશ્વાસઘાત કરે, તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—કોઈ નોકરને વિશેષ કામ માટે કાંઇ પૈસા આપ્યા હોય પણ તેણે તે પૈસા તે કામમાં નહિ ખરચ્યા છતાં ખરચ્યાછે એમ ખોટું કહે તો તે આ કલમ પ્રમાણે ગુનેહગારછે (કા. હા. વી. રી. વા. ૧૦ પા. ૨૮ વાટસન અને કંપની વિ૦ ગુલાબખાન)

કોઈ સરકારી નોકરે અથવા સરાફે, વેપારીએ, કે આડતીયાએ સાપરાધ વિશ્વાસઘાત કરવો.

૪૦૯. કોઈ માણસને તેના દરજ્જાથી સરકારી નોકર દાખલ, અથવા તેના ધંધાસર, તેને સરાફ, વેપારી, કોઠીદાર, દલાલ, વકીલ કે આડતીયા દાખલ, કાંઈ મીલકત અથવા કાંઈ મીલકત ઉપર અખતીયાર કોઈ પણ રીતે સોંપ્યો હોય, તે માણસ તે મીલકત બાબત સાપ્રાધ વીશ્વાસઘાત કરે, તો તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કલમ પ્રમાણે ગુનોહ થવાને સરકારી નોકર એ રીતે જે પ્રકારની મિલકત તાબામાં લેવાનો અધિકાર હોય તે પ્રકારની મિલકત સરકારી નોકરને તાબે કરેલી હોવી જોઈયે (મ. હા. વા. ૪ પાને ૩)

કેદીપર આ કલમ પ્રમાણે તોહોમત મુકેલું પણ આસીસ્ટંટ શેશનજડજે કામ ચાલતાના દરમ્યાનમાં કેદીને ફરિયાદીના પુરાવા પુરી પાડવાને કેટલાક સવાલ કર્યા, તેથી તજવીજમાં

ધારણંજ ગેરકાયદે થયું એમ ગણી તોહોમત રદ કરયું (મુ. હા. વા. ૩ પાને ૫૧ સરકાર વિ. જે. એમ. ડાયાજ)

સરકારથી નિમાયલો તલાટી સરકાર ભરણાની રકમને બદલે દાંણા લઈ તેની કીમત પોતે સરકારમાં ભરેતો તેથી તે આ કલમ પ્રમાણે ગુનેહગાર નથી(મ.હા.વા.૪એપનડીક્ષપ્ર.૩૨)

મીઠાના વખારમાં મીઠું સીલાંકે નિકળતું હોય તે કરતાં કમી મીઠું સાલકમાં નિકળે તો પણ જ્યાહાંસુધી મીઠું દરોગો ખાઈ ગયો એવા પુરાવો ન હોય ત્યાંહાં સુધી તે વિશ્વાસઘાતનો ગુનેહગાર ઠરતો નથી (ક્રા. વી. રી. વા. ૫ પા. ૨૧)

કોઈ હેડકલાર્કનું સ્ટાંપ વેચવાનું કામ હોય પણ તે કામ તેણે પોતાના ઉપરીની મંજુરીથી પોતાના આસીસ્ટંટને સોંપ્યું હોય તે આસીસ્ટંટ સ્ટાંપલઈ નાશી જાય તો તેવી બાબતમાં વિશ્વાસઘાતનો ગુનેહગાર આસીસ્ટંટ ગણાય (ક્રા. વી. રી. વા. ૧૩ પાને ૭૭)

ચોરીની મીલકત લેવા બાબત.

ચોરીની મીલકત | ૪૧૦. જે મીલકતનો કબજો ચોરીથી, અથવા જબરાઈના કડાવવાથી, અથવા અપહરણથી, એકની પાસેથી બીજાની પાસે ગયો હોય તે મીલકત, તથા જે મીલકતનો સાપરાધ ખોટો ઉપયોગ થયો હોય, અથવા જે બાબત સાપરાધ વીશ્વાસઘાત થયો હોય, તે મીલકતનું નામ "ચોરીની મીલકત" પાડ્યું છે પછી બ્રીટીશ ઇંડિયાની માંહે અથવા બહાર તે કબજો એકની પાસેથી બીજા પાસે ગયો હોય અથવા તે સાપ્રાધ ખોટો ઉપયોગ અથવા વીશ્વાસઘાત થયો હોય તો પણ અગર તે મીલકત જે સખસનો તે કબજામાં લેવાનો કાયદા મુજબ હક હોય એવા કોઇ સખસના કબજામાં પાછળથી આવે તો પછી તે ચોરીની મીલકત સમજવી નહી.

ટીકા.—જે માલ ચોર્યો હોય તેજ માલ લેનાર આ કલમ પ્રમાણે ગુનેહગારછે પણ ચોરેલો માલ વેચી તેને બદલે બીજો બનાવેલો માલ તાબામાં લેતો તે લેનાર આ કલમ પ્રમાણે ગુનેહગાર નથી (મે. પૃ. ૨૯૦)

ચોરાયલી મિલકતછે એમ જાણ્યા છતાં ચોરોને મદદ કરવા માટે કીંવા તે મિલકત છુપાવવા માટે લાધી હોય પછી તે લેનારને ફાયદો ન હોય તોએપણ તે લેનાર આ કલમ પ્રમાણે ગુનેહગાર છે. (રેસલ વા. ૨ પા. ૫૫૪)

કોઈ માણસ મિલકત ચોરી તે એકાદ માણસની બાયડીને સ્વાધીન કરે અને તે બાયડી એ મિલકત પોતાના ધણીને આપે તો તે ધણી તે ગુનાહ બદલ શિક્ષાને પાત્ર થાય છે. (મે. પૃ. ૨૯૨)

તોહોમતદારે ચોરીનો માલ લેવા ઇરાદો કરેયો પણ જ્યાંહાં સુધી ચોર પાસેથી એ માલ તેની પાસે આવ્યો ન હોય ત્યાંહાં સુધી તે ચોરીનો માલ રાખ્યાનો ગુનેહગાર નથી (આર્ચ. પૃ. ૪૭૪)

ચોરીની મિલકત બદદાનતથી લેવી. | ૪૧૧. કોઈ માણસ બદદાનતથી કાંઈ ચોરીની મીલકત લે અથવા રાખે, અને તે ચોરીની મિલકત છે એમ તે જાણતો હોય, અથવા એમ માનવાનું તેને કારણ હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ મુજબ બદદયાનતથી ચોરીનો માલ રાખ્યાનું તોહોમત કોઇ શખસ ઉપર ઠરાવવામાં આવેતો તે તોહોમતનામામાં લખવું કે તોહોમતવાળાના કબજામાં જે ચીજો

માલમ પડી તે ચીજો અ, બ ની ચોરીએ ગયેલી મિલકત હતી (મુ. હા. વા. ૧ પા. ૯૫ સરકાર વિ૦ સીદુ બળનાથ)

મોરીશીયસટાપુ કે જ્યાં પીનલકોડ અમલમાં નથી તે ટાપુમાં ચોરાયલો માલ રાખનાર ચોરીનો માલ રાખનાર ગણાય નહિ તેથી તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત ન આવે (મુ. હા. ઈ. લા. વા. ૫ પા. ૩૩૮ સરકાર વિ૦ મુરગા ચેટી)

મિલકત લેતી વખતે ચોરીનીછે એમ જાણ્યામાં ન હોય પણ ચોરીનીછે એમ જાણ્યા પછી રાખે તો તે આ કલમ પ્રમાણે ગુનેહગાર થાય (મ. હા. વા. ૪ પા. ૪૨)

આ કલમ પ્રમાણે આરોપિતપર તોહોમત હતું તેમાં માલ ચોરીનોછે એમ આરોપિત જાણતો હતો પણ તે બદદયાનતથી લીધોછે એમ કાગળપત્રોમાં લખવામાં આવ્યું નહોતું તેથી શેશનજડજે અપીલમાં છોડી દીધાથી ઠરાવ્યુ કે તોહોમતનામામાં કીંવા તે શાબિતીના કાગળપત્રમાં બદદયાનતથી એ શબ્દ લખ્યા નથી તો એટલાજ કારણથી તેનાપરનું તોહોમત રદ થઈ શકતું નથી. આરોપિતપરના અપરાધની તેને પુરણ રીતે માહીતી હતી અને બદદયાનતના શબ્દ નહિ ઘાલવાથી આરોપિતને નુકશાન થયું નથી માટે શેશનજડજે કરેલો હુકમ રદ કરેયો (મુ. હા. વા. ૧૦ પાને ૩૭૩ સરકાર વિ૦ રખમા અને બીજા)

ક્રી. પ્રો. કોડને જોડેલા પરિશિષ્ટના ૭ મા આશનમાં આ કલમની સામે પહેલા વર્ગના કનિષ્ટ માજીસ્ત્રેટે એ શબ્દ લખેલોછે તે ઉપરથી આ કલમ પ્રમાણે જે ગુનાહની તજવીજ થઈ સકે તે ગુનહાઓ ક્રી. પ્રો. કો. કા. ૪૩૫ ના અમલમાંથી નિકળી જાય છે. કારણ કે કાયદા કરનારાઓનો ઇરાદો એવાછે કે ભારે કામમાં માત્ર શેશનકોરટે હાથ ઘાલવો જોઈયે. આ કલમ પ્રમાણે કોઈના ઉપર તોહોમત મુકયું હોય તેને જો કોઈ ફુલપાવર માજીસ્ત્રેટે છોડી દીધો હોય તો તેને કમિટ કરવાનો હુકમ શેશનકોરટ કરી શકતી નથી (મુ. હા. તા. ૧ ડીસેમબર ૧૮૭૦ સરકાર વિરૂધ રામચંદ હેમચંદ)

આરોપિતપર આ કલમ પ્રમાણે તોહોમત હોવાથી માજીસ્ત્રેટે રૂ ૫૦) ના દંડની અને તે ના આપેથી ૪૫ દીવશની કેદની શિક્ષા કરી હતી તેપર અપીલમાં દંડની શિક્ષા રદ કરી કેદની જે શિક્ષા ભોગવવાની હતી તેને ઠેકાણે ફટકાનો શિક્ષા કરી તેમાં ઠરાવ્યુ કે એ ફટકાની શિક્ષા બાકી રહેલી કેદની શિક્ષાને ઠેકાણે ન કરતાં જે અવલ શિક્ષા આપી હતી તેના બદલામાં કરવી હતી. (મુ. હા. તા. ૬ સપટેમબર ૧૮૭૭ સરકાર વિ૦ થારેખાન નથેખાન)

કેદીપર આ કલમ પ્રમાણે તોહોમત હતુ અને તે તોહોમતની તેણે કબુલત આપી હતી પણ તે કબુલતપર ક્રી. પ્રો. કા. ૩૪૬ પ્રમાણે સહી માજીસ્ત્રેટે કરી નહોતી તેમાં ઠરાવ્યું કે કેદીની કબુલતથી તેને શિક્ષા કરવાનો માજીસ્ત્રેટને અધિકાર હતો તેથી તેની કબુલત દફતરે દાખલ કરવાની જરૂર નહોતી)કા.હા. ઈ.લા.વા.૩પા.૭૫૬ચુમનશા અને બીજાની બાબતમાં)

નેપાલના રાજ્યમાં આરોપિતે ચોરી કરી પણ ચોરીનો માલ બ્રીટીશ રાજ્યમાંથી તેના કબજામાંથી જડ્યો તો તેણે ચોરીનો ગુનોહ કર્યો તે બ્રિટીશ રાજ્ય બહારે કરેયો તેથી તેનાપર ચોરીનું તોહોમત રાખી કામ ચલાવવાનો આ રાજ્યની કોરટને અધિકાર નથી પણ ચોરીનો માલ રાખ્યાનું તોહોમત રાખી તેની તપાસ ક્રી. પ્રો. કા. ૬૬ ઉદાહરણ બ પ્રમાણે કરવાને આ રાજ્યની કોરટને અધિકારછે. (કા. હા. ઈ. લા. વા. ૬ પા.૩૦૭ સરકારવિરૂધ શંકર ગોપ)

જે માલ પોતા પાસેથી ચોરીએ ગયો હતો એવા ફરિયાદીને વહેમ આવ્યાથી તે માલ કહી કાંઈ લાકડાં તેણે પોલીશના તાબામાં આપ્યાં. તોહોમતવાળાએ એ લાકડાં પોલીશના તાબામાંથી જોરજુલમથી લીધાં. ચોરાયલો માલ છે એવું જણાયલો ચોરીનો માલ બદદયાનતથી લીધાના તોહોમત બદલ જો કે અવલ કોરટના માજીસ્ત્રેટ તથા અપીલ કોરટના શેશનજડજ એ બંનેનું એવું મત હતું કે માલ પાછોલીધાથી જે પુરાવો થાયછે તે શિવાય લાકડાં ખરેખર ચોરાયલાં હતાં એવા પુરાવો નથી તોપણ ચોરાયલો માલછે એવું જણાયલો ચોરીનો માલ બદદયાનતથી લીધાનું તથા હંગામો કરવાનું તોહોમતવાળાપર શાબિત થાયછે એવું તેઓએ ઠરાવેલું તેમાં હાઈકોરટે ઠરાવ્યુ કે

"લાકડાં લેવામાં તોહોમતવાળા તરફથી જે વર્તણુક થઈ તે ઉપરથી લાકડાં ચોરીનાંછે એવું તે જાણતો હતો યા ને એમ માનવાને કારણ હતું એવો પુરાવ થાય પણ તે વર્તણુક ઉપરથી લાકડાં ખરેખર ચોરીનાંછે એ વાત શાબિત થઇ શકતી નથી, તથા લાકડાં બદ-દયાનતથી ફરિયાદી પાસેથી લઈ તોહોમતવાળાને આપ્યાં એવું બાજબી રીતે શાબિત થાય એવો પુરાવો નથી, માટે ચોરેલો માલ બદદયાનતથી લેવાનું તોહોમત શાબિત થયાનો ઠરાવ કાયમ રહી શકતો નથી કારણ આ કોરટનો અભિપ્રાય એવોછે કે માલ ખરેખર ચોરીનોછે એ બાબતના આધારમાં જો કેવળ તન્ન માત્ર પુરાવો હોય તો તે દીવાની કામમાંપણ જ્યુરીને સોંપવો નહિ, ફોજદારી કામમાંતો ત્યારે જ્યુરીને સોંપવોજ ન જોઈયે ને માજીસ્ત્રેટેતો તેની ઉપર શાબિતીના ઠરાવનો પાયો મુદલ રચવોજ ન જોઈયે (મુ. હા. તા. ૨૫ નવેંબર સને ૧૮૭૫ સરકાર વિરૂધ શિવરામ રઘુનાથ)"

ચોરીનો માલ બદદયાનતથી રાખ્યાનું આરોપિતપર તોહોમત હતું તેની તપાસ જ્યુરીની રૂબરૂ થઈ તે વખતે જ્યુરી હકીકત કહેતાં જડજે એમ કહ્યું કે "આરોપિતની વર્તણુક કેવી છે એના સબંધે અનુમાન કરવા માટે આરોપિતપર અગાઉ ચોરીનો ગુનોહ સાબિત થયો છે" તેથી એ વાત વીચારમાં લેવી તેમાં ઠરાવ્યું કે જડજે જ્યુરીને એમ કહેવામાં ચુક કરી છે કારણ કે આરોપિતપર અગાઉ કોઈ પણ ગુનાહની સાબિતી થઈ હતી એ વાત લાગુ છે એવા પુરાવાના આકટની કા. ૫૪ માં ઠરાવ છે પણ તેજ કલમમાં તેની વર્ત્તણુક ન્યારી નથી એ વાત લાગુ નથી એમ છે તેથી તે બદલનો પુરાવ લાગુ નથી માટે તે વાત વિચારમાં લેવા લાયક નથી. (કા. હા. ઈ. લા. વા. ૫ પા. ૯૮ સરકાર વિરૂધ રોશન દુસાધ વિગેરે.)

કેદીપર પ્રથમ ચોરી કર્યાના ગુનાહ બે વખત સાબિત થયા હતા એવું આરોપિતે કબુલ કર્યું હતું અને હાલ ચોરીનો માલ બદદયાનતથી રાખ્યાનું તોહોમત છે તે સાબિત થયાથી કેદીને કેદની તથા ફટકાની સિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે ચોરીનો ગુનોહ અને ચોરીનો માલ બદદયાનતથી લીધાનું તોહોમત એ બે એકજ ગુનાહ નથી માટે ફટકાની શિક્ષા થઈ શકતી નથી (અલ્હા. હા. ઈ. લા. વા. ૧ પા. ૬૬૬ સરકાર વિરૂધ પરતાપ.)

ચોરીનો માલ લીધા બદલ કોઇનાપર તોહોમત છતાં તે માલ ચોરીનો છે એ બદલ પુરાવ ન હોય તથા આરોપિતને માજીસ્ત્રેટે છોડી દીધો હોય પણ માલ ચોરીનો છે એમ માજીસ્ત્રેટની ખાત્રી થઈ હોય તો તે માલની વ્યવસ્થા ક્રી. પ્રો. કા. ૪૧૮ પ્રમાણે કરવા વિશે હુકમ કરવાનો માજીસ્ત્રેટને અધિકાર છે. (અલ્હા. હા. ઈ. લા. વા. ૨ પા. ૨૭૬ સરકાર વિરૂધ નીલંબર બાબુ)

ચોરીમાં મદદ કર્યા બદલ અને ચોરીનો માલ લીધા બદલ એકજ માણસપર તોહોમત સાબિત કરી તેને શિક્ષા કરવી એ ગેરકાયદેસર છે (અલ્હા. હા. ઈ. લા. વા. ૩ પાને. ૧૮૧ સરકાર વિરૂધ સીતારામરાય.)

ચોરીનો માલ કબજામાં હોય તેટલા ઉપરથી ચોરીનો માલ બદદયાનતથી લીધાનું અનુમાન કરવું કે નહિ એ વિશે વિચાર કરતાં આરોપિત પાસે તે માલનો કબજો હોવા વિશે જ્યુરીએ પોતાની ખાત્રી કરી લેવી જોઈયે એમ જડજે જ્યુરીને કહેવું જોઈયે વળી એકાદ માણસના ઘરમાં ચોરીનો માલ છુપાવ્યો છે એવું દેખાઈ આવ્યાથી તે માલ ચોરીનો છે એવું તેને માહીત હતું એમ અનુમાન કરવાને તેટલી વાત બસ છે; પરંતુ તેટલા ઉપરથી તેણે તે માલ ડાકાઈટી કરી મેળવ્યો છે એમ સાબિત થનાર નથી (મુ. હા. ઈ. લા. વા. ૬ પા. ૭૩૧ સરકાર વિરૂદ્ધ મલ્હારી.)

આ કલમ પ્રમાણે ચોરીનો માલ લીધા બદલ અને કા. ૪૧૩ પ્રમાણે ચોરીના માલનો વેપાર કરવાનો વહીવટ રાખ્યા બદલ કેદીનો એકી વખતે ઈનસાફ કરવો નહી એવે પ્રસંગે યોગ્ય માર્ગ એટલો છે કે આ કલમ પ્રમાણે આરોપિતનો પહેલો ઈનસાફ કરવો અને તેમાં જો તેનાપર તોહોમત સાબિત થાય તો તેજ કાગળ પત્રો પુરાવમાં આપી કા. ૪૧૩ પ્રમાણે પછી ઈનસાફ કરવો (કા. હા. ઈ. લા. વા. ૮ પા. ૬૩૪ સરકાર વિરૂદ્ધ. ઉત્તમકાંડુ.)

ડાકાઇટી કરતાં ચોરેલી મીલક્ત બદદાનતથી લેવી.

૪૧૨. કોઈ માણસ બદદાનતથી કાંઈ ચોરીની મીલકત લે અથવા રાખે, અને તે મીલકતનો કબજો ડાકાઇટી કરવાથી એકની પાસેથી બીજાની પાસે આવેલો છે એમ તે માણસ જાણતો હોય, અથવા એમ માનવાનું તેને કારણ હોય, અથવા જે સખ્સ ડાકાઇટોની ટોળીમાં છે અથવા તેઓની ટોળીમાં હતો એવું જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં એવા કોઇ સખ્સ પાસેથી કોઈ માણસ બદદાનતથી કાંઇ મીલકત લે, અને તે મીલકત ચોરેલી છે એમ તે જાણતો હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની સખ્ત કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—સદરહુ કલમ મુળ ડાકાઇટોમાં નથી એવા માણસને લાગુ છે અને જે માણસના તાબામાંથી મિલકત મળી હોય તેના ઉપર જો આ કલમ પ્રમાણે નવો આરોપ મુકવામાં આવે તો જે ગુનેહગારને આ કાયદાની કા. ૩૯૧ પ્રમાણે શિક્ષા કરી હોય તેને આ કલમ પ્રમાણે જુદી શિક્ષા આપવામાં આવતી નથી (મે. પ્ર. ૨૯૨.)

આ કલમ પ્રમાણેનો ગુનોહ સાબિત થવા માટે આરોપિત એમ માનતો કીંવા જાણતો હોવો જોઇયે કે તેણે લીધેલ મિલકત ડાકાઇટોમાંની છે કીંવા જેની પાસેથી એ મિલકત લોધી તે શખ્સ ડાકાઇટી કરનારો છે (કા. હા. વી. રી. વા. ૭ પા. ૧૦૯ સરકાર વિરૂધ જોગેશ્વર બગદી વિગરે.)

આરોપિતપર કા. ૩૯૫ પ્રમાણે તોહોમત મુક્યું હતુ અને સાબિતી કા. ૪૧૨ પ્રમાણે કરી તેમાં ઠરાવ્યું કે સાબિતિ બરાબર નથી શાથી જે શેશન જડજે કા. ૪૧૨ પ્રમાણે તોહોમત મુકયું નહોતું અને ક્રી. પ્રો. કા. ૫૬ થી ૫૯ સુધીમાંના નિયમ લાગુ નથી (મુ. હા. તા. ૧૬ જુન સને ૧૮૭૦ સરકાર વિ૰ ગોપાળ વલદે પરસુરામ વિગરે.)

ગાયકવાડી મુલકમાં ડાકાઈટી થઈ તેમાંનો કાંઇ માલ આરોપિતે આ રાજ્યમાં છુપાવ્યો તેમાં ઠરાવ્યું કે ડાકાઈટી પરરાજ્યમાં થઈ છે તેથી તે ગુનાહ બદલ નહી પણ આ કલમ પ્રમાણે ચોરીનો માલ રાખ્યાનું તોહોમત મુકી તેની તપાસ આ રાજ્યની કોરટ કરી શકે (મુ. હા. ૪. લા. વા. ૧ પાને. ૫૦ સરકાર વિ૰ લખ્મીયા ગોવિંદ વિગરે.)

કલમ. ૪૦૯ પ્રમાણેના તોહોમતથી જેને સજા થઈ હોય તેનાજપર તે કલમની સાથે આ કલમ પ્રમાણે તેજ ગુનાહ બદલ તોહોમત મુકાઇ શિક્ષા થાય નહી. (અલ્હા. હા. વા. ૨ પા. ૩૧૩ સરકાર વિ. શંકર).

નિત્ય ચોરીની મિલકતનો ધંધો કરવો.

૪૧૩. જે મિલકત ચોરીની મિલકત છે એમ જાણીને અથવા એમ માનવાનું પોતાને કારણ છતાં, જે માણસ નિત્ય તેવી મીલકત લે અથવા તેનો ધંધો કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની, એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—પી. કો. કા. ૪૧૧ પ્રમાણે ચોરીનો માલ લીધા બદલ અને કલમ. ૪૧૩ પ્રમાણે ચોરીના માલનો વેપાર કરવાનો વહીવટ રાખ્યા બદલ કેદીનો એકદમ ઇનસાફ કરવો નહી એવે પ્રસંગે યોગ્ય માર્ગ એટલોજ કે કલમ ૪૧૧ પ્રમાણે આરોપિતની પ્રથમ ચોકશી કરી ઇનશાફ કરવો અને તેમાં જો તેનાપર તોહોમત સાબિત થાય તો તેમાંના કાગળપત્રો પુરાવામાં લઈ કલમ ૪૧૩ પ્રમાણે પછી ઇનસાફ કરવો. (કા. હા. ૪. લા. વા. ૮ પાને ૬૩૪ સરકાર વિ૰ ઉત્તમ કુંડું વિગરે)

ચોરીની મિલકત સંતાડવામાં મદદ કરવી

૪૧૪. કાંઈ મીલકત ચોરીની મીલકત છે એમ જાણીને અથવા એમ માનવાનું પોતાને કારણ છતાં, તે મીલકત સંતાડવામાં, અથવા તેની વગ કરવામાં, તે ખપાવવામાં જે માણસ બુધિપુરવક મદદ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—કલમ ૪૧૧ પ્રમાણે જેનાપર તોહોમત રહી શકે નહી એવા માણસને આ કલમ લાગુ હોય એમ જણાય છે. ચોરીનો માલ ચોર અને બીજો માણસ એ બેઉના એકત્રના કબજામાં હોય તો તે બીજો માણસ માલ લેનાર પ્રમાણેજ શિક્ષાને પાત્ર છે. (સા. પ્ર. ૨૭૪)

ચોરીનો માલ જાણી બુઝીને છુપાવવામાં કીંવા નહી જેવા કરવામાં મદદ કરેચાનો ગુન્હો હોય તો તે માલ કયા પ્રકારનો છે અને કેવી રીતે નહી જેવો કરેયો તેનો વિચાર કરવો (મુ. હા. વા. ૨ પા. ૧૩૦ સરકાર વિ૦ હરીશંકર ફકીરભા)

એક માણસે રેલવેના ખીલા ચોરી બીજા એક માણસના ઘરમાં છુપાવી મુકયાના કામમાં મદદ કરી હોય અને કોઈ બીન અપરાધી માણસને શિક્ષા થવા માટે પોતે નાશી ગયો હોય તો પી. કો. કા. ૧૯૩ પ્રમાણે તે માણસ ન્યાયના કામમાં ઉપયોગી પડવા વાસ્તે ખોટો પુરાવો બનાવ્યો તે બદલ અને વળી આ કલમ પ્રમાણે ચોરીનો માલ છુપાવ્યાના કામમાં તેણે મદદ કરી એ બદલ શિક્ષાને પાત્ર થાય છે (અલ્હા. હા. ઈ. લા. વા. ૧ પા. ૩૭૯ સરકાર વિરૂદ્ધ રામેશર રાય.)

ઠગાઈ બાબત

ઠગાઈ.

૪૧૫. જે માણસ, કોઈ સખસ સાથે ફરેબ કરીને, દગલબાજીથી અથવા બદદાનતથી એવું કરે કે જેની સાથે ફરેબ કરેયો હોય તે સખસ કોઈ સખસને કાંઇ મીલકત આપે, અથવા કોઈ સખસની પાસે કાંઇ મિલકત રેહેવા દેવાની રજામંદી આપે, અથવા અગર ફરેબ નહી કરેયો હોય તો જે વસ્તુ તે સખસ કરે નહી અથવા કરવામાં કસુર કરે નહી એવી કાંઇ વસ્તુ તે ફરેબ દીધેલા સખસને કરવાને અથવા તે કરવામાં કસુર કરવાને ઇરાદાથી લલચાવે, અને તે કામ અથવા કસુર એવી હોય કે તેથી તે સખસને શરીર, મન, આબરૂ, કે મિલકત તરફની કાંઇ નુકશાની કે હાની થાય, અથવા થશે એવો સંભવ હોય, તો તે માણસે "ઠગાઈ" કરી એમ સમજવું.

ખુલાસો—કાંઇ હકીકતને બદદાનતથી છુપાવવી, તે પણ આ કલમના અર્થ પ્રમાણે મી ફરેબ છે એમ સમજવું.

દૃષ્ટાંત.

(અ) હું સિવિલ સરવિસમાં છુ એવો ખોટો ઢોંગ કરીને, અ ઇરાદાથી ઝ ને ફરેબ દે, અને એ પ્રમાણે બદદાનતથી એમ કરે કે ઝ તેને કાંઈ માલ ઉધાર લેઈ જવા દે, અને અ તે માલનાં નાણાં આપવાનો ઇરાદો રાખતો નહી હોય, તો અ એ ઠગાઈ કરી એમ સમજવું.

(બ) અ કોઈ વસ્તુપર એક ખોટી નીશાની કરીને ઇરાદાથી ઝ ને ફરેબ દે, અને તેના મનમાં એવો ભરૂંસો ઉત્પન્ન કરે કે એ વસ્તુ ફલાણા નામીચા કારીગરે બનાવેલી છે, અને એમ કરીને તે વસ્તુ ખરીદ કરીને તેની કિમત આપવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઈ કરી એમ સમજવું.

(ક) અ કાંઈ માલનો ખોટો નમુનો બતલાવીને ઇરાદાથી ઝ ને ફરેબ દે, અને તેના મનમાં એવો ભરૂસો ઉત્પન્ન કરે કે તે માલ નમુના જેવોજ છે, અને તેમ કરીને તે માલ ખરીદ કરીને તેની કીમત આપવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઈ કરી એમ સમજવું.

(ડ) અ એ કાંઈ માલ ખરીદ કર્યો છે તેની કીમત આપવાને બદલે, અ એક પેહેડીપર હુંડી લખી આપે, અને તે પેહેડીમાં અ નું કાંઈ નાણું હોય નહી, અને તેથી અ ને ઉમેદ હોય કે હું જે હુંડી આપુછું તે સિકરાવાની નથી, તેમ છતાં તે હુંડી આપીને અ ઇરાદાથી ઝ ને ફરેબ દે, અને એમ કરીને તે માલ આપવાને ઝ ને બદદાનતથી લલચાવે; અને તેને નાણું આપવાનો પોતાને ઇરાદો હોય નહી, તો અ એ ઠગાઈ કરી એમ સમજવું.

(ઈ) કાંઈ વસ્તુ હીરા નથી એમ અ જાણતો હોય, તે વસ્તુ હીરા છે એમ કહીને અ તે ગીરો મુકે, અને ઇરાદાથી ઝ ને ફરેબ દે, અને એમ કરીને તે ઉપર રૂપીયા ધીરવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઈ કરી એમ સમજવું.

(ફ) અ ઇરાદાથી ઝ ને ફરેબ દઇને તેના મનમાં એવો ભરૂસો ઉત્પન્ન કરે કે હું અ ને જે રૂપીયા ધીરીશ તે અ મને પાછા આપશે, અને એમ કરીને રૂપીઆ ધીરવાને ઝ ને બદદાનતથી અ લલચાવે, અને તે રૂપીઆ પાછા આપવાનો પોતાનો ઇરાદો નહી હોય, તો અ એ ઠગાઈ કરી એમ સમજવું.

(ગ) અ ઇરાદાથી ફરેબ દઇને ઝ ના મનમાં એવો ભરૂસો ઉત્પન્ન કરે કે અ મને આટલા ગળીના છોડવા આપવાનો ઇરાદો રાખે છે, અને અ નો કાંઇ આપવાનો ઇરાદો નહી હોય, અને એમ કરીને તે આપવાના ભરૂસા ઉપર કાંઈ નાણું આગળથી આપવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઈ કરી એમ સમજવું, પણ અગર તે રૂપિયા લેતી વખતે અ નો ઇરાદો તે છોડવા આપવાનો હોય, અને પછી પોતાનો કરાર તોડીને તે છોડવા નહી આપે, તો તેણે ઠગાઈ કરી એમ સમજવું નહી; પણ તેની ઉપર કરાર તોડવાની દિવાનીમાં ફકત ફરિયાદી ચાલી શકશે.

(હ) અ એ ઝ ની સાથે કાંઈ કરાર કરેલો છે, તે કરારમાંનો જેટલો ભાગ અ એ બજાવવાનો છે તેટલો અ બજાવી ચુકયો એ પ્રમાણે અ ફરેબ દઇને ઝ ના મનમાં ભરોસો ઉત્પન્ન કરે, અને એમ કરીને પઇસા આપવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઈ કરી એમ સમજવું.

(ધ) અ એક સ્થાવર મિલકત બ ને વેચીને તેના નામનું ખત કરી આપે, પછી તે મિલકત વેચી માટે હવે માહારો તે પર કાંઈ હક રહ્યો નથી એમ જાણ્યા છતાં, આગળ થયેલા વેચાણ તથા ખતની ઝ ને ખબર નહી આપતાં તે મિલકત અ ઝ ને વેચાતી અથવા ગીરો આપે, અને ઝ ની પાસેથી તેની કીમતના કે ગીરો બાબતનાં નાણાં લે તો અ એ ઠગાઈ કરી એમ સમજવું.

ટીકા.—કોઇ માણસે કાંઇ બાબત વિશે કરાર કરી પછી તે તોડ્યો હોય તો તેટલાજ ઉપરથી તેનો ફરેબ દેવાનો ઇરાદો હતો એમ નથી; માટે એવા ઇરાદા વીશે શાબિત કરવાનો બોજો ફરીયાદીપર રહેછે. (મિ. પ્ર. ૨૯૫)

આ કલમ પ્રમાણે ફરીયાદીના શરીરને, મનને, આબરૂને કીંવા મિલકતને ઈજા કીંવા નુકશાન થાય એવી રીતે તેની સ્થીતીમાં ફેરફાર થવા સરખુ તેનું મન વળે તો ગુન્હો પૂર્ણ થાય છે. જેમ કોઇ ઊંચ વર્ણના માણસને કોઇ નિચ વર્ણની છોકરી છતાં તે ઊંચ વર્ણની છે એમ કહી તેની સાથે લગ્ન કરવા તરફ તેનું મન વાળે તો તે આ કાયદાની કલમ ૪૧૯ પ્રમાણે વેશ બદલી ઠગાઈ કરયાનો ગુન્હેગાર થાય છે. (મે. પ્ર. ૨૯૭)

વેશ લઈને ઠગાઇ કરવી. | ૪૧૬. પોતે કોઈ બીજો શખ્સ હોવાનો ઢોંગ કરીને, અથવા જાણી બુઝીને એક શખ્સને ઠેકાણે બીજો શખ્સ મુકીને, અથવા પોતે અથવા કોઈ બીજો શખ્સ ખરેખર જે હોય તેથી જુદોજ શખ્સ છે એવું બતાવીને, અગર કોઇ માણસ ઠગાઈ કરે, તો તેણે "વેશ લેઇને ઠગાઈ કરી" એમ સમજવું.

ખુલાસો—જે શખ્સનો વેશ લીધો હોય તે શખ્સ ખરેખર કોઈ હોય અથવા નહી હોય, તોપણ એ ગુનોહ થયો એમ સમજવું.

દૃષ્ટાંત.

(અ) હું અ નામનો ફલાણો માતબર સરાફ છું એમ કોઈ અ ઢોંગ કરીને ઠગાઈ કરે, તો અ એ વેશ લેઇને ઠગાઇ કરી એમ સમજવું.

(બ) હું બ છું એમ ઢોંગ કરીને અ ઠગાઈ કરે, અને બ તો મરી ગયેલો શખ્સ હોય, તો અ એ વેશ લેઇને ઠગાઈ કરી એમ સમજવું.

ટીકા.—જે શાહેદી જુઠી રીતે બીજાના નામથી જુબાની આપે તેના પર આ કલમ મુજબ તોહોમત નહી રહેતાં કલમ ૧૯૩ પ્રમાણે તોહોમત રહેછે. (મુ. હા. વા. ૧ પાને ૮૯ સરકાર વિરૂદ્ધ પ્રેમા બાબા)

કેદીએ પોતાનું ખરૂ નામ નહી કહેતાં હું અમુક માણસ છુ એમ કહી એક કાગળ સ્ટાંપવેંડર પાસેથી વેચાણ લીધો તેમાં ઠરાવ્યું કે આ ગુનોહ વેશ બદલો ઠગાઈ કર્યાનો આ કલમ પ્રમાણે નથી. પણ કલમ ૧૭૭ મુજબ ખોટી ખબર આપ્યા બદલનો છે (મુ. હા. વા. ૩ પા. ૪૧ સરકાર વિરૂધ રાધાજી બીનકાન્હોજી.)

પોતાની દીકરી નહી છતાં છે એમ કહી કોઈની સાથે પરણાવે તો તે ગુન્હો આ કલમ પ્રમાણે છે. (કા. હા. વી. રી. વા. ૭ પા. ૫૧)

ઠગાઇનીશિક્ષા. | ૪૧૭. જે માણસ ઠગાઈ કરે, તેને એક વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—રેલવેની ગાડીમાં બેસવા માટે કેદીએ જે વર્ગની ગાડીનું ભાડુ આપેલું તેના કરતાં ચડતા દરજ્જાની ગાડીમાં કેદી બેઠો તેમાં ઠરાવ્યું કે આવી બાબતમાં તે ઠગાઇનો ગુન્હેગાર નથી પણ રેલવે આકટ મુજબ ગુન્હેગાર છે. (મુ. હા. વા. ૧ પાને ૧૪૦ સરકાર વિ૦ ડાહ્યાભાઈ પરશરામ)

ઘરેણું કરાવવા માટે કેદીઓને આપેલા રૂપામાં તેઓએ તાંબાનો ભેળ કર્યો તેથી તેનાપર આ કલમ મુજબ તોહોમત નહી રાખતાં કલમ ૪૦૫ મુજબ સાપ્રાધ વિસવાસ ઘાતનું તોહોમત રાખવા ઠરાવ કર્યો મુ. હા. વા. ૪ પાને ૧૯ સરકાર વિરૂધ બાબાજી બીન બાઉ વિગરે)

ભરૂચ પ્રદર્શનમાં વગર ટીકીટે દાખલ થયો તેમાં ઠરાવ્યું કે પ્રદર્શન થયું તે ઠેકાણે કેદી ટીકીટ શિવાય ગયો તે કામ સાબિત થયું તેથી તે કપટના સ્વરૂપનું છે એમાં તો શક નથી પણ તે કામ પીનલકોડમાં અથવા બીજા કાયદામાં કહેલા ગુન્હામાં આવતું નથી તેથી કેદી આ કલમ મુજબ ઠગાઇનો ગુનેહગાર નથી તેમજ કા. ૪૪૧ પ્રમાણે પ્રવેશ પણ નથી. (મુ. હા. વા. ૬ પાને ૬ સરકાર વિ. મેરવાનજી બેજનજી.)

જે મિલકત ઠગાઈ કરીને મેળવી હોય તે ઠગાઈ કરેલા શખ્સની છે એમ આ કલમ પ્રમાણે શાબિત થવું જોઈયે. (પો. હા. વા. ૧ પા. ૩૧)

ઠગાઈ કે જેમાં મિલકત અપાઈ નથી તે આ કલમ પ્રમાણે શિક્ષા થાય તેવો ગુનહો છે. તથા તે બીજા વર્ગના માજીસ્ટ્રેટના અખત્યારમાંનો છે, પણ મિલકત અપાઈ છે એવી બાબતમાંનો કા. ૪૨૦ પ્રમાણે શિક્ષા થાય એવો ગુન્હો થાય છે તથા તેનો ઇનસાફ શેશન કોર્ટથી યા ૧ લા વર્ગના માજીસ્ટ્રેટથી થઈ શકે છે (મુ. હા. તા. ૨૫ સપટેમ્બર શને ૧૮૭૫ સરકાર વિરૂદ્ધ બાવાજી કાળીદાસ વિગરે)

ઠગાઇના ગુન્હાની સાબિતી કરવાને ઇનસાફ થવા માટે તેનો ઠગાઈ કરવાનો ઇરાદો હતો એ બાબત કાંઈ પુરાવો હોવો જોઇયે (મુ. હા. વા. ૯ પા. ૪૪૮ સરકાર વિરૂદ્ધ હરગોવનદાસ વિગરે)

મજુરને સોંપેલું કામ પુરૂ કીધુ નથી એમ મજુર રાખનાર જાણતો હોય તે છતાં મજુરને પુછતાં તે કામ પુરૂ કીધુંછે એમ કહી તેને આપવા કરેલા પૈશા તે માગે અને મજુર રાખનાર આપે. પછી તે રાખનાર મજુરપર ઠગાઈની ફરીયાદ કરે તો તે વખતે તેનાપર તે તોહોમત રહી શકે નહીં (કા. હા. વી. રી. વા. ૧૧ પાને. ૫૧)

પોલિસ અમલદાર કહી ગામડીયા માણસ પાસેથી પૈસા લેવા એ ગુન્હો ઠગાઇનો તેમજ સરકારી નોકરનો વેષ લીધાનો છે. તેમજ ચોકીદાર બીક દેખાડી પૈશા કડાવે તો તે ગુન્હો પણ ઠગાઈનો અને જબરાઇથી કડાવવાનો છે. વળી કોઈ માણસ પોતાને ત્યાંહાં મુકેલુ ઝવેરાત પાછુ આપવાનું કહી ઝવેરાત મુકનાર પાસેથી કાંઇક રકમ લે અને પછી ઝવેરાત પાછુ નહી આપતાં બીજા લેહેણાપેટે એ આપેલી રકમ રહેવા દીધાનું કહે તો તે માણસપર ઠગાઇનું તોહોમત રહી શકે (ઈ. ડા. પ્ર. ૩૪૨)

જેનો લાભ જાળવવાની જે શખ્સની ફરજ હોય તેને ગેરવાજબી હાનિ થશે એવું જાણીને તે શખ્સે ઠગાઈ કરવી.

૪૧૮. કોઈ શખ્સ ઠગાઈ કરે, અને તે એમ જાણતો હોય કે જે પ્રકરણમાં હું ઠગાઈ કરૂંછું તે પ્રકરણમાં ફલાણા શખ્સનો લાભ જાળવવાની કાયદા પ્રમાણે અથવા કાંઈ કાયદેસર કરાર પ્રમાણે મારી ફરજ છે તે શખ્સને એ ઠગાઈથી ગેરવાજબી હાની માહારાથી થાય એવો સંભવ છે, તો તે શખ્સને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પાલણ કરનાર મુનીમ, ટ્રસ્ટી, વકીલ, કીંવા હીંદુ કુટુંબની દેખરેખ રાખનાર એઓમાંનો કોઈ ઠગાઈ કરે તેને લાગુ છે (મે. પ્ર. ૩૦૦)

વેશ લઇને ઠગાઈ કરવાની શિક્ષા.

૪૧૯. જે માણસ વેશ લેઇને ઠગાઈ કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ઠગાઇ કરીને બદદાનતથી કાંઈ મિલકત અપાવવી.

૪૨૦. કોઈ માણસ ઠગાઇ કરે. અને તેથી કરીને બદદાનતથી એમ કરે કે તે ફરેબ દીધેલો શખ્સ કાંઈ મિલકત કોઇ શખ્સને આપે, અથવા કાંઈ કીંમતી દસ્તાવેજ અથવા સહી કે મોહોર કરેલી કાંઈ વસ્તુ જેનો કીંમતી દસ્તાવેજ બની શકે તે આખી કે થોડી ઘણી બનાવે, ફેરવે, કે તેનો નાશ કરે, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—ઠગાઈ કે જેમાં મિલકત અપાઈ નથી ને પી. કો. કા. ૪૧૭ પ્રમાણે શિક્ષા થાય એવો ગુન્હો છે તથા તે બીજા વર્ગના માજીસ્ત્રેટના અખત્યારમાંનો છે; પણ મિલકત અપાઈ છે એવી બાબતમાંતો તે કલમ ૪૨૦ પ્રમાણે શિક્ષા થાય એવો ગુન્હો થાય છે. તથા તેનો ઇનસાફ શેશન કોર્ટથી યા ૧ લા વર્ગના માજીસ્ત્રેટથી થઈ શકેછે. (મુ. હા. તા. ૨૫ શપટેમ્બર ૧૮૭૫ સરકાર વિરૂદ્ધ બાવાજી કાળીદાસ વિગરે)

દગાનાં ખતો તથા મિલકતની વ્યવસ્થા બાબત.

માગનારાઓમાં વેહેચ્યં ણયતી અટકાવવાને મા ટે કાંઈ મિલકતનું બદદાનતથી અથવા દગલબાજીથી ખશેડવું અથવા છુપાવવું

૪૨૧. જે માણસ બદદાનતથી કે દગલબાજીથી કાંઈ મિલકત ખશેડે અથવા છુપાવે, અથવા પુરે પુરી કીમત લીધા વિના કોઈ શખ્સને આપે, કે તેને નામે કરી આપે કે કરાવી આપે, એવા ઇરાદાથી કે તેમ કરીને પોતાના કે કોઈ બીજા સખ્સના માગનારાઓમાં તે મિલકત કાયદા મુજબ વેહેંચાતી અટકે, અથવા તેમ કરવાથી તે વેહેચાતી અટકશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઈનું કાંઈ લેહેણું કે માગણું હેય તે પોતાના માગનારાઓને મળતુ તે માણસે બદદાનતથી અથવા દગલબાજીથી અટકાવવું.

૪૨૨. પોતાનુ અથવા કોઈ બીજા શખ્શનું કાંઈ લેહેણું કે માગણું હોય, તે પોતાનું અથવા તે શખ્સનું કરજ અદા કરવામાં કાયદા મુજબ કામે આવતુ જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી અટકાવે તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવાએ બંનેની શિક્ષા કરવામાંઆવશે.

ટીકા—અ એ બ સાથે કરાર કર્યા કે મને જો તમે દરમહીને હપતા આપોતો તેના તારણ બદલ મારો જે ક ઉપરનો દાવો છે તેનો ફાયદો તમને હું આપુછું. અને ક સાથે હું કાંઈ ખાનગી તોડ જોડ નહી કરૂ. પછી અ એ તે કરાર નામા વિરૂદ્ધ ક ઉપરનો દાવો ખાનગી પતાવ્યો. તે કામમાં ઠરાવ્યું કે અ એ ક સાથે જેતોડ જોડ કરી તે બ સાથે કપટ કરી કીંવા બદદાનતથી કરી છે એવું હોયા શિવાય અ ઉપર પી. કો. કા. ૪૨૨ પ્રમાણે તોહોમતનામુ મુકાઈ શકાતુ નથી (કા. હા. વી. રી. વા. ૨૨ પાને ૪૬ નોબીનચંદર મુકુક અરજદારના બાબતમા)

કોઈના નામની કાંઈ મિલકત કરી આપવાના જે ખતમાં કિંમતનો જિકર ખોટો લખ્યાં હોય એવા ખત પર બદદાનતથી કે દગલબાજીથી સહી કરવી.

૪૨૩. જે ખત કે દસ્તાવેજ કાંઈ મીલકત અથવા તે માંહેલો કાંઈ હક કોઈ શખ્સના નામપર કરી આપવાની મતલબનો અથવા કાંઈ મિલકતમાંથી કે તે માંહેલા કાંઈ હકમાંથી કાંઈ રકમ અપાતી થાય એવી મતલબનો હોય, અને જેમાં તે નામપર કરી આપવાની અથવા તે રકમ અપાતી થવાની કીમત બાબત, કે જે શખ્સ અથવા સખ્સોના ઉપયોગ અથવા લાભમાં તે ખત અથવા દસ્તાવેજનો અમલ થવાનો ખરેખર ઇરાદો કરયો હોય તે શખ્સ અથવા સખ્સો બાબત, કાંઈ ખોટો જીકર લખેલો હોય એવા કોઈ ખત કે દસ્તાવેજ પર જે માણસ બદદાનતથી સહી કરે, અથવા એવું ખત કે દસ્તાવેજ લખી આપે, અથવા લખીઆપનાર કે લખાવી લેનાર થાય, તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમમાં કહેલો ગુન્હો બનવાને બે પ્રકાર થવા જોઇયે પેહેલો એકે ઠગવાનો ઇરાદો અવસ્ય હોવો જોઇયે, બીજો એકે જે વાત બદલ દસ્તાવેજ કર્યો હોય, કીંવા જેની તરફે તે દસ્તાવેજ અમલમાં આણવાનો હોય તેના સબંધે ખોટો મજકુર કહેવો જોઇયે; કારણ જે માણશનો વાસ્તવીક સબંધ નથી એવા માણસના નામે દસ્તાવેજ કર્યો એટલુંજ બતા બાથી ગુન્હો થતો નથી. તો પણ શાહુકારને ફસાવવાના ઇરાદાથી કોઈ કરજદારે બીજાના નામે મિલકત ખરીદ કરી કીંવા ખોટી રકમનું ગીરો ખત કરી આપ્યું તો તે કૃત્ય આ કલમ પ્રમાણે ગુન્હો થાય (મે. પ્ર. ૩૦૩)

કાંઈ મિલકતનું બદદાનતથી અથવા દગલબાજીથી ખશેડવું કે છુપાવવું.

૪૨૪. પોતાની અથવા બીજા કોઈ શખ્સની કાંઈ મીલકત જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી છુપાવે કે ખશેડે, અથવા તે છુપાવવામાં કે ખશેડવામાં જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી મદદ કરે અથવા કાંઈ માગણા કે લેહેણાપર પોતાનો હક હોય તે જે માણસ બદદાનતથી કે દગલબાજીથી મુકી દે, તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—એક ભાગીદાર ભાગીદારમાંની મિલકત કપટથી લઇ જાય તો તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત આવે (બે. લા. રી. વા. ૧૩ પા. ૩૦૮)

બિગાડ બાબત.

બિગાડ.

૪૨૫. લોકને અથવા કોઈ સખ્સને ગેરવ્યાજબી હાની અથવા નુકશાની કરવાના ઇરાદાથી, અથવા તેવી હાની કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે, એમ જાણીને જે માણસ કાંઈ મીલકતનો નાશ કરે, અથવા કાંઈ મીલકતમાં કે તેની સ્થિતિમાં એવો કાંઈ ફેરફાર કરે કે તેથી તે મીલકતની કીમતનો અથવા ઉપયોગીપણાનો નાશ થાય અથવા તેની કીંમત કે ઉપયોગીપણું ઓછું થાય અથવા તેથી તે ઉપર નુકશાન ભરેલી અસર થાય તો તે માણસે "બીગાડ" કર્યો એમ સમજવું.

ખુલાસો ૧ લો—જે મીલકતને નુકશાન કર્યું હોય અથવા જેનો નાશ કર્યો હોય, તે મિલકતના ધણીને કાંઈ હાની અથવા નુકશાની કરવાનો ઇરાદો તે ગુનોહ કરનારે કર્યો જોઇએ એવું કાંઈ બીગાડના ગુનાહમાં જરૂર નથી, અગર કાંઈ મિલકતને નુકશાન કરીને કોઈ પણ સખ્સને ગેરવ્યાજબી હાની અથવા નુકશાની કરવાનો તેનો ઇરાદો હોય, અથવા તેવી હાની કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે એમ તેના જાણ્યામાં હોય, તો બસ છે, પછી તે મિલકત તે શખ્સની હોય કે નહીં તો પણ.

ખુલાસો ૨ જો—પોતાનીજ અથવા પોતાની સાથે બીજા સખસોના રાસ ખાતાની કાંઈ મિલકત બાબત પણ કાંઈ કામ કરીને તે કામ કરનાર તે કામથી બીગાડ કરી શકે.

દૃષ્ટાંત.

(અ) ઝ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી ઝ નો એક કીમતી દસ્તાવેજ અ બુદ્ધિપુરવક બાળી નાંખે. તો અ એ બીગાડ કર્યો એમ સમજવું.

(બ) ઝ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી ઝ ની એક બરફની વખારમાં અ પાણી દાખલ કરે, અને તેથી કરીને તે બરફ પીંગળી જાય, તો અ એ બિગાડ કર્યો એમ સમજવું.

(ક) ઝ ને ગેરવ્યાજબી હાની કરવાના ઈરાદાથી ઝ ની એક વીંટી અ બુદ્ધિપુરવક એક નદીમાં નાખી દે, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(ડ) માહારી પાસે ઝ ના આટલા રૂપીઆ નીકળે છે તે અદા થવા સારૂ હુકમનામું બજીને માહારી મિલકત જપત થવાની છે એમ અ ના જાણ્યામાં હોય, અને ઝ ને તે રૂપીઆ મળતા અટકાવવાના તથા એમ કરીને ઝ ને નુકશાની કરવાના, ઈરાદાથી અગર અ તે મિલકત બાળી નાખે, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(ઈ) અ એ એક વાહાણની વીમો ઉતરાવ્યો છે, હવે વીમાવાળાઓને નુકશાની કરવાના ઈરાદાથી અગર અ તે વહાણને ખરાબાપર ચડાવી દે, તો તેણે બીગાડ કરયો એમ સમજવું.

(ફ) ઝ એ એક વાહાણપર જોખમી નાણાં ધીરયાં છે, તેને નુકશાની કરવાના ઈરાદાથી અગર અ તે વહાણને ખરાબાપર ચડાવી દે, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(ગ) એક ઘોડો અ તથા ઝ એ બંનેની, રાશ ખાતાની મિલકત છે તે ઘોડાને અ ગોળી મારે એવા ઈરાદાથી કે તેમ કરીને બ ને ગેરવ્યાજબી હાનિ કરવી, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(હ) અ ઝ ના ખેતરમાં કેટલાએક ઢોરને મોકલે એવા ઈરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી ઝ ના પાકને નુકશાની થાય, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

ટીકા.—પરવાનગી શિવાય સરકારી જમીનમાંનાં ઝાડ તોડવાં એ બાબતમાં આ કલમ પ્રમાણેનું તથા ચોરીનું બેઉ તોહોમત આવી શકે (મુ. હા. વા. ૨ પા. ૩૯૨ સરકાર વિ૦ નારાયણ કીષ્ણા વિગેરે)

કુકરો પાસે ગફલતીથી નુકશાની કરવા દેવામાં આવે તો તેને સારૂ સને ૧૮૭૧ ના આકટ ૧ ની કા. ૨૯ માં બંદોબસ્ત કરેલોછે પણ બીજા જાનવર સારૂતો નુકશાની કરવા વિષેનો ઈરાદો ઉઘાડી રીતે હોવો જોઈયે અથવા નુકશાન થવાનો સંભવછે એવી માહીતી જોઈયે (સને ૧૮૭૧ ના આકટ ૧ ની કા. ૨૫ તથા પી. કો. કા. ૪૨૫ નું દ્રષ્ટાંત જુઓ) (મુ. હા. તા. ૧૧ જાન્યુઆરી ૧૮૭૨ સરકાર વિરૂદ્ધ લીંગુકોમ સોમા)

કોઈ માણસ કોઈને ગેરવ્યાજબી રીતે નુકશાન કરે કીંવા ખરાબી કરવાના ઈરાદે નુકશાન કરે તો તેને માત્ર આ કલમ લાગુ પડેછે પણ ફકત ખબરદારી લીધી ન હોય તો તેને આ કલમ લાગુ થતી નથી (કા. હા. વી. રી. વા. ૧૦ પા. ૨૯)

સરકારી જમીન બાડે રાખનારને ઠરાવેલો દર આપ્યા શિવાય કોઈ માણસ પોતાનાં ઢોર ચરાવે તો તેણે આ કલમ પ્રમાણે ગુનાહ કરયો કહેવાય (મ. હા. વા. ૬ પા.૨૯)

અમુક મિલકતપર પોતાનો હકછે એમ ઇમાનથી સમજીને કોઈ માણસ તે મિલકતનો બિગાડ કરે તો તેનાપર બીગાડનું તોહોમત રહી શકતું નથી (અલ્હા. હા. ખ. લા. વા. ૨ પા. ૧૦૧ સરકાર વિ૦ બુધસીંગ)

બિગાડ કરવાની શિક્ષા.	૪૨૬. જે માણસ, બીગાડ કરે, તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા

કરવામાં આવશે.

ટીકા.—યુરોપખંડમાં જન્મેલી બ્રિટિશ રૈયતે આ કલમ પ્રમાણે કરેલા ગુનાહની તપાસ જસ્ટીસ ઓફધીપીશ કે જે ફુલપાવર માજીસ્ટ્રેટ હતો તેણે કરી તેમાં ઠરાવ્યું કે એવા માણસપરની તપાસ કરવાનો જસ્ટીસ ઓફધીપીશને અખિકાર નથી. મુ. હા. વા. ૭ પાને ૧ સરકાર વિ૦ વેલ્સ)

જે કરાર અનિતીનો હોવાથી અવ્યવહારોપયોગીછે એવા કરારનો નાશ કરવો એ કામ

આ કલમના અર્થ પ્રમાણે બીગાડની ગુનોહ થઇ શકે (મ. હા. ઇ. લા. વા. ૫ પા. ૪૦૧ સરકાર વિ૦ બીચાપુરી)

બિગાડ કરીને ૫૦ રૂનિયાની નુકશાની કરવી.

૪૨૭. જેમાણસ બીગાડ કરે, અને તેથી પચાસ રૂપીઆની કે તેથી વધારેની હાની અથવા નુકશાની કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

દશ રૂપીઆનીકીંમતના કોઇ જાનવરને મારીનાખી ને અથવા લંગડુ લુલું કરી ને બીગાડ કરવો.

૪૨૮. દસ રૂપીયાની અથવા તેથી વધારે કીમતના કોઇ જાનવર અથવા જાનવરોને મારી નાંખીને, અથવા ઝેહેર દઇને, અથવા લંગડાં લુલાં કરીને, અથવા નકામાં કરીને, જે માણુસ બિગાડ કરે, તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ઢોર વગેરેને અથવા ૫૦ રૂપીયાની કીમતના કોઈ જાનવરને મારીનાખીને અથવાલંગડુલુલું કરીને બીગાડ કરવો.

૪૨૯. કોઈ હાથી, ઊંટ, ઘોડો, ખચ્ચર, ભેંસ, અથવા પાડો, ગોધો, ગાય. અથવા, બળદ, એ જાનવરની પછી ગમે તે કીમત હોય તો પણ તેને, અથવા પચાસ રૂપીયાની કે તેથી વધારે કીમતનાં કોઈ બીજા જાનવરને મારી નાંખીને, ઝેહેર દઈને, લંગડું લુલુ કરીને, અથવા નકામું કરીને, જે માણસ બીગાડ કરે, તેને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તેપ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—બળદ, ગોધો અને ગાય એમાં સાંઢનો સમાસ થતો નથી. તેથી તેની કીમત રૂ૫૦) ન હોય તો કા. ૪૨૬ કે ૪૨૮ પ્રમાણે શિક્ષા થાય (મે. પૃ. ૩૦૫)

પાણી સીંચવાના કામોને નુકશાન કરીને અથવા ગેરવ્યાજબી રીતે પાણીનો રસ્તો બદલી બીગાડ કરવો.

૪૩૦. ખેતીવાડીનાં કારણસર, અથવા માણસોનાં અથવા જે જાનવરો કોઇની મિલકત હોય એવા જાનવરોનાં ખાવા પીવાના કારણસર, અથવા સ્વચ્છતાના કારણસર, અથવા કોઇ કારખાનાનું કામ ચલાવવાના કારણસર, પોહોંચતું પાણી જેથી ઓછું થાય, અથવા જેથી તે ઓછું થવાનો સંભવ પોતાને માલમ હોય, તેવું કાંઇ કામ કરીને જે માણસ બિગાડ કરે, તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણેનો ગુનોહ માત્ર પાણી તેની મેળે વગર ખપનું જવા દીધું હોય તો તેથી બનતો નથી. કરેલું કૃત્ય કંઇપણ હક વિના કરેલું હોય એટલી હકીકત આ ગુનાહ માટે પુરતીછે (મ. હા. ઇ. લા. વા. ૧ પા. ૨૬૨)

કોઈ સરીયામ રસ્તાને, પુલને, અથવા નદીને,નુકશાન કરીને બીગાડ કરવો.

૪૩૧. કોઈ સરીયામ રસ્તો, પુલ, નૌકાગમ્ય નદી, અથવા નૌકાગમ્ય નેહેર પછી તે કૃત્રિમ, હોય કે અકૃત્રિમ, તે જેથી અગમ્ય થાય અથવા મુસાફરી કરવાને કે માલ લઈ જવાને ઓછી સલામતી ભરેલી થાય, અથવા જેથી તે તેવી થવાનો સંભવ પોતાના જાણ્યામાં હોય,

તેવું કાંઇ કામ કરીને જે માણુસ બિગાડ કરે, તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

નુકશાની થાય એવી રીતે કોઈ સરીયામ ગટરને રેલાવીને અથવા બંધ કરીને બીગાડ કરવો.

૪૩૨. જેથી કોઈ સરીયામ ગટરમાંથી પાણી રેલાઈ જાય અથવા તે ગટર બંધ થઈ જાય, અને તેથી નુકશાન કે હાનિ પણ થાય, અથવા જેથી તેમ થવાનો સંભવ પોતાના જાણ્વામાં હોય એવું કાંઈ કામ કરીને જે માણસ બિગાડ કરે, તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણે ગુનોહ થવાને જે કૃત્ય કરયુ તે મુળથી નાશકારક હોવું જોઇયે માટે જો કોઇ માણસ નદીમાં બાંધ ઘાલે, અને તેથી કોઇની મિલકતનો નાશ થયો ના હોય, કીંવા કોઇપણ મિલકતની કીમત કમી થવા સરખો તેની સ્થિતિમાં ફેરફાર થયો ન હોય અને તેણે કરીને આસપાસના ગામ બુડશે એમ માજીસ્ત્રેટને જણાય તો તે માણસ આ કલમ પ્રમાણે ગુનેહગાર નથી (મ. હા. વા. ૪ પા. ૧૫)

કાંઈ દાંડીનો દીવા અથવા દરીયાઇ નીશાણી હોય તેનો નાશ કરીને તેને ખસેડીને, અથવા ઓછી ઉપયોગી કરીને, અથવા ખોટી રોશની બતાવીને બીગાડ કરવો.

૪૩૩. કાંઇ દાંડીનો દીવા અથવા બીજી રોશની દરીયાની નીશાણી દાખલ કામમાં આવતી હોય, અથવા કાંઇ દરિયાની નીશાણી અથવા બોયું, અથવા વાહાણ ચલાવનારાઓને સુચના દાખલ મુકેલી બીજી કાંઈ વસ્તુ હોય, તેનો નાશ કરીને અથવા તેને ખસેડીને, અથવા જેથી તે દાંડીનો દીવા, દરિયાની નીશાની, બોયુ, અથવા ઉપર લખેલા પ્રકારની બીજી વસ્તુ વાહાણ ચલાવનારાઓને સુચના દાખલ ઓછી ઉપયોગી થઈ પડે એવું કાંઇ કામ કરીને, જે માણસ બિગાડ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

સરકારી અખતીયારથી ઉભી કરેલી કાંઈ જમીનની નીશાણીનો નાશ કરીને, તેને ખશેડી વગેરે કરીને બીગાડ કરવો.

૪૩૪. કોઈ સરકારી નોકરના અખત્યારથી ઉભી કરેલી કાંઈ જમીનની નીશાણીનો નાશ કરીને અથવા તેને ખશેડીને, અથવા જેથી તે જમીનની નીશાણી જમનની નીશાણી દાખલ ઓછી ઉપયેગી થઈ પડે એવું કાંઈ કામ કરીને, જે માણસ બીગાડ કરે, તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

૧૦૦ રૂપીયાની નુકશાની કરવાના ઇરાદાથી અગની વડે અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદાર્થ વડે બીગાડ કરવો.

૪૩૫. જો કોઈ માણસ અગનીથી અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથથી બીગાડ કરે, અને તેથી કાંઇ મિલકતને સો અથવા વધારે રૂપીયાની અથવા (જ્યારે મિલકત ખેતરમાં ઉત્પન્ન થયેલો માલ હોય ત્યારે) દશ અથવા વધારે રૂપીયાની નુકશાની કરવાનો તેનો ઇરાદો હોય અથવા તેથી તેટલી નુકશાની થશે એવો સંભવછે એમ તે જાણતો હોય, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આરોપિતે એક વખારનો તે માંહેના માલ સુધાંત નાશ કરવાના હેતુએ તે વખારપર ચઢી તેને આગ લગાડી તેથી તેનાપર આ કલમ પ્રમાણે અને કા.૪૩૬ પ્રમાણે તોહોમત મુકેલું તેમાં ઠરાવ્યું કે આરોપિતે કરેલું કૃત્ય અને તેનો ઇરાદો એ ઉપરથી જોઈયે તો એક મોટો અપરાધ થાયછે. પણ જો તેનું તે કૃત્ય જોઈયે તો તે જે ગુનાહનું સ્વરૂપ કમી રૂપનું છે તે ગુનાહના વર્ણન નિચે આવે એમ હોયતો તે આરોપિત અનેક ગુનાહ બદલ શિક્ષાને પાત્ર થતો નથી તેથી કા. ૪૩૬ પ્રમાણે તોહોમત કાયમ રેહેવા દીધુ (મુ. હા. વા. ૧૧ પા. ૧૩ સરકાર વિરૂદ્ધ દાદ બસાયા વિગેરે)

કાંઈ ઘર વગરેનો નાશ કરવાના ઈરાદાથી અગ્ની વડે અથવા અવાજ સાથે ફુટે એવા પદારથવડે બીગાડ કરવો

૪૩૬. જો કોઈ માણસ અગ્નિથી અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથથી બીગાડ કરે, અને તેથી જે ઇમારત ઘણું કરીને પુજાના ઠેકાણાં દાખલ, અથવા માણસના રેહેવાના ઠેકાણાં દાખલ, અથવા માલ ભરવાના ઠેકાણાં દાખલ, વપરાતી હોય, એવી કાંઈ ઇમારતનો નાશ કરવો એવો તેનો ઇરાદો હોય, અથવા તેથી તેનો નાશ થશે એવો સંભવ છે એમ તે જાણતો હોય, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—કઈ ઇમારતને નુકશાન કરવામાં આવ્યું તે આ કલમ પ્રમાણેના તોહોમતમાં બતાવવું જોઈએ (કા. હા. વી. રી. વા. ૮ પા. ૩૦)

તુતકવાળા વાહાણને અથવા ૨૦ ટનનાભારનાવાહાણનો નાશ કરવાના ઇરાદાથી અથવા તેવા વાહાણને જોખમ ભરેલું કરવાના ઇરાદાથી બિગાડ કરવો.

૪૩૭. કોઈ તુતકવાળા વાહાણને, અથવા વીસ ટનના કે તેથી વધારે ભારના વાહાણને, જો કોઈ માણસ બીગાડ કરે, અને તેથી તે વાહાણનો નાશ કરવાનો અથવા તેને જોખમ ભરેલું કરવાનો તે માણસનો ઇરાદો હોય, અથવા તેથી તે વાહાણનો નાશ થશે અથવા તે જોખમ ભરેલું થશે એવો સંભવ છે એમ તે જાણતો હોય, તો તે માણસને દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

છેલી કલમમાં બ્યાન કરેલો બીગાડ અગની વડે, અથવા અવાજ સાથે ફુટે અથવા કાંઈ પદારથ વડે કરવાની શીક્ષા.

૪૩૮. ઉપલી કલમમાં જે બીગાડનું બ્યાન કરેલુ છે એવો બીગાડ જે માણસ અગ્નિ વડે કે અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથ વડે કરે અથવા કરવાની કોશિશ કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ચોરી વીગેરે કરવાના ઈરાદાથી વાહાણને જમીનપર કે કીનારાપર ચઢાવી દેવું, તેની.શિક્ષા.

૪૩૯. કોઈ વાહાણમાં જે કાંઈ માલ હોય તે માલની ચોરી કરવાના ઇરાદાથી, અથવા તે માલનો બદદાનતથી ખોટો ઉપયોગ કરવાના ઇરાદાથી, અથવા તે માલની ચોરી કે ખોટો ઉપયોગ કરવામાં આવે એવા ઇરાદાથી, જે માણસ જાણી જોઈને તે વાહાણને જમીન પર અથવા કિનારાપર ચઢાવી દે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

મોત અથવા વ્યથા કરવાની તઈયારી કરીને બીગાડ કરવો.

૪૪૦. કોઈ શખ્સનું મોત આણવાની, અથવા કોઈને વ્યથા કરવાની, કે ગેરવ્યાજબી અટકાવ કરવાની, અથવા મોતનો, વ્યથાનો, કે ગેરવ્યાજબી અટકાવનો ભય ઉત્પન્ન કરવાની, તઈયારી કરીને જે માણસ બિગાડ કરે, તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી દંડને પણ લાયક થશે.

સાપ્રાધ પ્રવેશ બાબત.

સાપરાધ પ્રવેશ.

૪૪૧. જે શખ્સના કબજામાં કાંઈ મિલકત હોય તે શખ્સને ધમકી દેવાના, તેહેનો તિરસ્કાર કરવાના, અથવા તેને દુઃખ આપવાના ઇરાદાથી, અથવા કાંઈ ગુનોહ કરવાના ઇરાદાથી, તે મિલકત મધ્યે અથવા તે ઉપર જે માણસ પ્રવેશ કરે, અથવા તે મિલકત મધ્યે કે તે ઉપર કાયદા મુજબ પ્રવેશ કર્યા પછી, તેવા કોઈ શખ્સને ધમકી દેવાના, તેનો તિરસ્કાર કરવાના, અથવા તેને દુઃખ આપવાના, ઇરાદાથી, અથવા કાંઈ ગુનોહ કરવાના ઇરાદાથી, જે માણસ કાયદા વિરુદ્ધ ત્યાં રેહે તે માણસે સાપ્રાધ પ્રવેશ કર્યો એમ સમજવું.

ટીકા.—જે વખતે આરોપિત માણસના મનમાં કાંઈ દુષ્ટ બુદ્ધિ છે એમ દેખાય તે વખતે માત્ર સાપ્રાધ પ્રવેશનો ગુનોહ થાયછે. અમુક જમીન પોતાની છે એમ કોઈ માણસને જણાય તેથી તે જમીન બીજાના તાબામાં છતાં તેને ભય આપવાના, અપમાન કરવાના, અને દુઃખ દેવાના ઇરાદા શિવાય માત્ર પોતાનો હક સ્થાપિત કરવાના ઇરાદાએ તે માણસ તે જમીનપર ગયો હોય અને તેથી કરીને ગેરકાયદેસર મંડળી મેળવવાનો ગુનોહ થતો નહોય તો તેનાપર સાપ્રાધ પ્રવેશનો ગુનોહ રહી શકતો નથી (મે. પૃ. ૩૧૦)

ટીકીટ શિવાય ભરૂચ પ્રદર્શનમાં ગયો તેથી તેનાપર ઠગાઈનું તોહોમત મુકેલું પરંતુ જો કે તે કૃત્ય કપટનું થાય તોપણ પીનલકોડના કોઈ ગુનાહમાં આવતુ નથી તો તેનાપર ઠગાઈનું તેમજ કા. ૪૪૧ પ્રમાણે સાપ્રાધ પ્રવેશનું તોહોમત રહી શકતું નથી. (મુ. હા. વા. ૬ પા. ૬ સરકાર વિ૦ મેહેરવાનજી બેજનજી)

આ કલમ મુજબ સાપ્રાધ પ્રવેશના ગુનાહના કામમાં તે માલ ફરિયાદીના તાબામાં છે એવું તથા ગુનોહ કરવાના ઇરાદાથી, અથવા ધમકી આપવાના ઇરાદાથી, અથવા તીરસ્કાર કરવાના ઇરાદાથી, અથવા દુઃખ આપવાના ઇરાદાથી એ માલ ઉપર કેદી ગયો એ બે વાત શાબિત થવી જોઈયે. (કા. હા. વા. ૯ તા. ૨૧ ડીસેમબર ૧૮૬૭)

જે જમીનનો કબજો બીજાને આપ્યોછે કીંવા દીવાની કોરટના હુકમનામા ઉપરથી જે માણસને તે જમીનમાંથી કાઢી મુક્યોછે તે માણસ એકલા પોતાનાજ કીંવા પોતે અને પોતાના સોબતી હીસ્સેદારનો હક બતાવવાનાજ માત્ર ઇરાદાએ તે જમીનમાં પ્રવેશ કર્યો હોય કીંવા ત્યાં રહયો હોય તો તે સાપ્રાધ પ્રવેશ થતો નથી. પરંતુ એકાદ અપરાધ કરવાનો, ધમકી આપવાનો, અપમાન કરવાનો કીંવા ત્રાસ આપવાનો ઇરાદો છતાં તેણે તેમ કર્યું હોય તો આ કલમ પ્રમાણે તેનું તે કૃત્ય સાપ્રાધ પ્રવેશ થાયછે (અલ્હા. હા. ઈ. લા. વા. ૨ પા. ૪૬૫ ગોવિંદપ્રસાદ અને બીજાની અરજીની બાબતમાં તા. ૧૫ અકટોબર ૧૮૭૯)

આરોપી પોતાના દેણદારના ઘરમાં મિલકત જપતી કરાવવા સારૂ બેલીફની સાથે તેના ઘરમાં ગયો. તો તેમ કરવાને આરોપિને કાયદેસર રીતે હકછે. અને કા. ૪૪૧ માં કહેલા હેતુએ તે ગયો નથી તો આવી બાબતમાં તેનાપર સાપ્રાધ પ્રવેશનું તોહોમત રહી શકતુ નથી. (મ. હા. વા. ૨ પા. ૩૦ જોધરામદેવ અને બીજાની બાબતમાં તા. ૨૭ સપટેમબર ૧૮૭૮)

જે ઠેકાણે સરકારી નાવ ચાલેછે તે ઠેકાણેથી ત્રણ માઇલના અંતરપર કોઈ માણસે બીજુ એકાદ ભાડાનું નાવ ચલાવ્યું હોય તો તે સરકારી નાવના સંબંધે પીનલકોડ પ્રમાણે તે માણસે સાપ્રાધ પ્રવેશનો ગુનોહ કરયો એમ કહેવાય નહિ પરંતુ સરકારી નાવ ચાલે તે ઠેકાણે કોવા તે નજીક ભાડાનું બીજુ નાવ ચલાવીશ નહિ એમ કોઇ માણસને સરકારી અમલદારે હુકમ કરેલા છતાં તે ન માને તો તેનાપર હુકમ તોડ્યા બદલ પીનલકોડ પ્રમાણે કામ ચાલે (અલ્હા. હા. ઇ. લા. વા. ૧ પા. ૫૨૭ મથુરે વિરૂધ જવાહીર વિગરે)

એકાદ જમીન બીજાના તાબામાં છતાં તે જમીનપર પોતાનો હકછે એમ કોઇને પ્રમાણિકપણે જણાયાથી તે જમીનપર તે જાય અને ત્યાંહાં ગયા પછી આ કલમમાં બતાવેલું બીજુ કાંઇપણ કૃત્ય કરવાનો તેનો ઇરાદો ન હોય તો પછી તેનાપર સાપ્રાધ પ્રવેશનું તોહોમત રહી શકે નહિ. જો કે તે જમીનપર તેનો હક નથી એમ જણાય તો પણ—પણ આવી વખતે આરોપિ ફક્ત હક છે એમ કહે તે બસ નથી પરંતુ કોરટે આરોપીનો ઇરાદો શો હતો એ વિશે નિરણય કરવો જોઈએ અને પોતાનો હક ઇમાનથી સમજી બતાવ્યો છે એ પણ જોવું જોઇયે (અલ્હા. હા. ઈ. લા. વા. ૨ પા. ૧૦૧ સરકાર વિરૂધ બુધસીંગ)

અવિભક્ત હીંદુ કુટંબના ઘરમાં કુટુંબનો કોઇ માણસ પેસે અથવા તેની પરવાનગીથી બીજો કોઈ પેસે તો તે આ કલમ પ્રમાણે ગુનેહગાર નથી (બે. લા. વા. ૬ પાને ૮૦)

ઇમારત બાંધતાં શરીયામ રસ્તાની જમીન દબાય તો તે દબાવનારપર આ કલમ પ્રમાણે તોહોમત આવે નહિ (ઇં. ડા. પૃ. ૩૪૬)

બાળવાની જગ્યા કોઈ શખશ ખેડી નાખે અને તે બાળવાની જગાના હકદારમાંનો કોઈ તે ખેડનાર ન હોય તો તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત આવે (મ.હા. વા.૬પા.૨૫).

ટોલ આપવું ન પડે એ હેતુથી જે દરવાજે ટોલ લેવાતું તે ઠેકાણેથી નહિ પેસતાં બીજે રસ્તે તે ટોલ વાળા બજારમાં પેઠો તેમાં ઠરાવ્યું કે એ કૃત્ય કદાચીત ગેરકાયદેસર હોયપણ તે કૃત્ય એકાદ તોહોમત થતું નથી અને આરોપી જે બજારમાં ગયો ત્યાંહાં આ કલમ પ્રમાણેનું કૃત્ય કરવાને ઇરાદે ગયાનું જણાતું નથી તો તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતું નથી (મ. હા. ઈ. લા. વા. ૫ પાને ૩૮૩ સરકાર વિ૦ વર્તાપાનાયકન)

ગ્રહપ્રવેશ. | ૪૪૨. કાંઈ ઇમારત, તંબુ, અથવા વાહાણ, જે માણસને રેહેવાનાં ઠેકાણાં દાખલ વપરાતું હોય તેમાં, અથવા કાંઈ ઇમારત પુજા સ્થાન અથવા મ રાખવાનાં ઠેકાણાં દાખલ વપરાતી હોય તેમાં પેસીને અથવા તે મધ્યે રહીને જે માણસ સાપ્રાધ પ્રવેશ કરે, તેણે "ગ્રહ પ્રવેશ કરયો" એમ સમજવું.

ખુલાસો—પેસવામાં તે સાપ્રાધ પ્રવેશ કરનારનાં શરીરના કાંઈ પણ ભાગનો પ્રવેશ થાય તો ગ્રહપ્રવેશ થવામાં તેટલો પ્રવેશ બસ છે.

ટીકા.—કોઈ તોહોમત વાળો કે જેનાપર પ્રથમ બે વખત શાબિત થયા છતાં ગ્રહ પ્રવેશ કરવામાં આગ્રહ કરેછે. તેનાપર થએલી ફરીયાદી પહેલા વર્ગનો માજીસ્ટ્રેટ કાડી નાખે તો તે ફરીયાદી કાડી નાખવાના હુકમમાં જીલ્લામાજીસ્ટ્રેટ હાથ ઘાલી શકે નહી. (મુ. હા. તા. ૮ ડીશેમ્બર. ૧૮૬૯)

કેદીપર ડાકાઇટી અને ગરદી કરયાનો આરોપ હતો તેમાંથી તેને મુક્ત કર્યો. પણ થએલા પુરાવથી ગ્રહપ્રવેશનો ગુન્હેગાર ગણી તેને શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે ગ્રહપ્રવેશના ગુન્હાનો આરોપ છે એમ સેશનજડજે કેદીને સમજાવવું હતું છતાં તેમ કરયું નથી અને પ્રવેશનો ગુન્હો એ ડાકાઇટી યા ગરદીના ગુન્હાનો ભાગ નથી માટે તોહોમત રદ કર્યું (કા. હા.વી.રી. વા. ૨૩ પા. ૫૯ સરકાર વિરૂદ્ધ સલામત અલ્લી)

કોઈ સખ્સ છીનાજી કરવાના ઇરાદે કોઇના ઘરમાં પેસે તો તેના પર આ કલમ પ્ર-

માણે તોહોમત રહે પછી તે છીનાળુ કુંવારી છોકરી સાથે કરવાનું હોય તો પણ (મ. હા. વા. ૮ પાને. ૬)

ગુપ્ત ગ્રહપ્રવેશ. | ૪૪૩. કોઈ માણસ ગ્રહપ્રવેશ કરે, અને તેણે આગળથી એવી તદબીર કરી હોય કે જે ઈમારત, તંબુ, અથવા વાહાણ તે પ્રવેશનું સ્થાન હોય તે મધ્યે તે પ્રવેશ કરનારને જતો બંધ કરવાનો અથવા તે મધ્યેથી તેને બાહાર કાઢી મુકવાનો જેનો હક હોય એવા કાંઈ શખ્સથી તે ગ્રહપ્રવેશ છાનો રેહે, તો તે માણસે "ગુપ્ત ગ્રહપ્રવેશ" કર્યો એમ સમજવું.

રાતે ગુપ્ત ગ્રહ પ્રવેશ. | ૪૪૪. સુર્યનો અસ્ત થયા પછી તથા સુર્યનો ઉદય થતાં પેહેલાં જે માણસ ગુપ્ત ગ્રહપ્રવેશ કરે, "તેણે રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ" કર્યો એમ સમજવું.

ઘર ફોડવું. | ૪૪૫. કોઈ શખ્સ ગ્રહપ્રવેશ કરે, તે અગર તે ઘર મધ્યે અથવા તેના કોઈ પણ ભાગ મધ્યે પોતાનો પ્રવેશ નિચે બ્યાન કરેલા છ પ્રકારોમાંના કોઇ પણ પ્રકારે; અથવા ત્યાંહાં કાંઈ ગુનોહ કરવાના કારણસર તે ઘર મધ્યે અથવા તેના કાંઈ પણ ભાગ મધ્યે ગયા પછી, અથવા તે મધ્યે કાંઈ ગુનોહ કરી રહ્યા પછી, અગર તે શખ્સ તે ઘર મધ્યેથી અથવા તેના કોઇ પણ ભાગ મધ્યેથી તે છ પ્રકારમાંના કોઈ પણ પ્રકારે બાહાર નિકળે, તો તે શખ્સે "ઘર ફોડવાનો ગુનોહ" કરયો એમ સમજવું. તે પ્રકારોનીવિગતઃ—

પેહેલો—તે ગ્રહપ્રવેશ કરવા સારૂ પોતેજ જે રસ્તો કરયો હોય, અથવા તે ગ્રહપ્રવેશ મધ્યે મદદગારી કરનારા કાંઈ માણસે જે રસ્તો કરયો હોય, એવે કોઇ રસ્તે થઇને અગર તે માંહે પેસે અગર બહાર નિકળે, તો

બીજો—પોતે અથવા તે ગુનાહમાં મદદગારી કરનાર કોઈ માણસ એ શીવાય બીજા કોઈ શખ્સે માણસને પેસવા માટે કરયો નહિ હોય એવે કોઇ રસ્તે થઇને અગર તે માંહે પેસે અથવા બહાર નિકળે, અથવા કોઇ ભીંત અથવા કોઈ ઇમારતપર સીડીથી અથવા બીજી રાતે ચહડી જઇને જે રસ્તો હાથ લાગે એવે કોઇ રસ્તે થઇને અગર તે માંહે પેસે અથવા બહાર નિકળે, તો.

ત્રીજો—ગ્રહપ્રવેશ કરવા માટે, તે ઘર મધ્યે રેહેનારા માણસે જે સાધન વડે, કાંઇ રસ્તો ઉઘાડવાનો ઇરાદો રાખ્યો નહિ હોય એવાં કાંઇ સાધન વડે, પોતે અથવા તે ગ્રહપ્રવેશમાં મદદગારી કરનારા કોઇ સખ્સે જે રસ્તો ઉઘાડ્યો હોય એવે કોઇ રસ્તે થઇને અગર તે માહે પેશે અથવા બહાર નિકળે, તો.

ચોથો—તે ગ્રહપ્રવેશ કરવા માટે અથવા કાંઇ ગ્રહપ્રવેશ કરયા પછી તે ઘરમાંથી બહાર નિકળવા માટે, અગર તે કાંઇ કળ ઉઘાડીને માંહે જાય અથવા બહાર નિકળે, તો.

પાંચમો,—સાપરાધ બળ વાપરીને, અથવા હુમલો કરીને, અથવા કોઇ શખ્સને હુમલાનો ડર દેખાડીને અગર તે માંહે જાય અથવા બહાર નિકળે, તો.

છઠો—જે રસ્તેથી કોઇ એ પ્રમાણે આવે જાય નહિ એટલા માટે તે બંધ કરેલો છે એમ તે જાણતો હોય, તથા જે રસ્તાને પોતેજ અથવા તે ગ્રહપ્રવેશમાં મદદગારી કરનાર

કોઇ શખ્સે ઉઘાડેલો છે એમ તે જાણતો હોય એવા કોઇ રસ્તે થઇને અગર તે માંહે જાય અથવા બહાર નિકળે, તો.

ખુલાસો—કાંઈ ઉપગૃહ અથવા ઇમારત કોઈ ઘરની સાથેજ ઉપભોગમાં આવતી હોય, અને તે ઉપગૃહ તથા ઘર એઓની વચ્ચે બીજે કેથા ન જતાં એકમાંથી બીજા-માં જવાનો રસ્તો હોય, તો તે ઉપગૃહને તે ઘરનો આ કલમના અર્થ પ્રમાણેનો ભાગ સમજવો.

દૃષ્ટાંત.

(અ) ઝ ના ઘરની ભીતમાં એક ખાતર પાડીને તે બાકાં મધે પોતાનો હાથ ઘાલીને અ ગર અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુનોહ સમજવો.

(બ) અગર કોઈ વહાણનાં બે તુતકોની વચેની એક બારીમાંથી ગુસી ને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુનોહ સમજવો.

(ક) અગર એક બારીથી ઝ ના ઘરમાં પેશીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુનોહ સમજવો.

(ડ) અગર કોઈ દરવાજો બંધ કરેલો હોય તે ઉઘાડીને ઝ ના ઘરના દરવાજામાંથી ઝ ના ઘરમાં પેસીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુનોહ સમજવો.

(ઈ) એક દરવાજા મધે કાણું છે તે કાણા મધે એક તાર ઘાલીને તે દરવાજાની આ-ગળી ઉઘાડી નાખીને અગર તે દરવાજામાંથી ઝ ના ઘરમાં પેશીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુનોહ સમજવો.

(ફ) ઝ થી પોતાના ઘરના દરવાજાની કુંચી ખોવાઈ ગઈ છે તે અગર અ ને જડે, અ-ને તે કુંચી વડે દરવાજો ઉઘાડીને ઝ ના ઘરમાં પેશીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુનોહ સમજવો.

(ગ) ઝ પોતાના દરવાજામાં ઉભો છે તેને નીચે પાડી નાખીને જબરાઇથી અ રસ્તો કરે, અને ઘરમાં પેશીને ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુનોહ સમજવો.

(હ) ઝ ય નો દરવાન છે. ને ય ના દરવાજામાં ઉભો છે, તેને મારવાનો ડર દેખાડીને સામો થતો અટકાવીને અગર અ તે ઘરમાં પેશીને ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડ-વાનો ગુનોહ સમજવો.

ટીકા.—આરોપિત માણસને ફરિયાદીના ઘરમાં રાત્રે પકડ્યો અને તે ભીંત ચઢીને ઘરમાં આવ્યો એવો તેની વિરૂદ્ધ પુરાવો થયાથી સદરહુ કલમ પ્રમાણે તેને શિક્ષા આપ-વાને ઠરાવ્યું (મે. પ્ર. ૩૧૧)

ખુલ્લા દરવાજાએ ઘરમાં આવવાની પરવાનગી મળ્યા છતાં બીજા ખંડમાં જવામાટે તે માણસ બંધ કરેલા દરવાજાનું તાળુ તોડે તો તેણે ઘરફોડ્યાનો ગુન્હો કર્યો એમ થાયછે. (આર્ચ. પ્ર. ૪૨૪)

ઝાડ કાપીને અંદર પેસવું એ આ કલમ પ્રમાણેનો પ્રવેશ છે અને તેમ થએ ઘર ફોડ્યાનો ગુનેહગાર છે. (ઈ. ડા. પ્ર. ૩૪૯)

આરોપિતમાંના એક પર ઘર ફોડ્યાનું તથા રહેવાના ઘરમાં ચોરી કર્યાનું તોહોમત હતું અને બીજાઓપર તેમાં મદદ કરયાનું તોહોમત હતું મુખ તોહોમતદારપરનું તોહોમત ના સાબિત કરી તેને છોડી દીધો અને મદદગારોપર તે ગુન્હામાં મદદ કર્યાનું તોહોમત સાબિત કર્યું તેમાં ઠરાવ્યું કે સાહાય કરવાનો ગુનોહ એ પી૦ કોડમાં ઇલાયદો ગુન્હો કર્યો

છે. તેથી સાહાય કરનાર પર તોહોમત સાબિત કરવું તે મુખ્ય અપરાધીપર તોહોમત સાબિત થાય તોજ કરવું, નહીતો કરવું નહી એમ થતું નથી. (મુ. હા. ઇ. લા. વા. ૧ પા. ૧૫ સરકાર વિરૂદ્ધ મારતીદાદા વિગેરે)

રાતેઘરફોડવું. | ૪૪૬. જે માણસ સુરજનો અસ્ત થયા પછી તથા સુરજનો ઉદય થતાં પહેલાં ઘર ફોડવાનો ગુનોહ કરે, તેણે "રાતે ઘર ફોડવાનો ગુનોહ" કર્યો એમ સમજવું.

સાપ્રાધ પ્રવેશની શિક્ષા. | ૪૪૭. જે માણસ સાપ્રાધ પ્રવેશ કરે, તેને ત્રણ મહિનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપિયાસુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—પી. કો. કાં. ૧૪૭ ૪૪૭ અને ૪૫૩ પ્રમાણેનું તોહોમત સાબિત કર્યા અગાઉ જે કૃત્ય ઉપરથી તેનાપર આરોપ આવ્યો તે કૃત્યમાં તે સામેલ હતો કે નહીં ! એ ગેરકાયદેસર ઉપાયનો જે ઉદેશ સીધ થવાનો તે યત્ન કરતો હતો તે તેનો ઉદેશ હતો એ બદલ પુરાવ છે કીંવા નહી એ ચોકશ ખાત્રી પુરવક જોવું જોઇએ (કા. હા. વી. રી. વા. ૨૨ પા. ૧૭ સરકાર વિરૂધ ગુલામ મહમદ વીગરે.)

એક બાગના મેનેજરે એક સખ્સને તેના બાગમાં શીકાર કરવા નહી આવવા નોટીસ આપી તે નોટીસ પહોંચ્યા પછી થોડા દીવસે તે માણસ ફરીયાદીના બાગની પાસેના બાગમાં હરણનો શીકાર કરવા ગયો પણ તે હરણ નાસતાં ફરીયાદીના બાગમાંથી ગયું તેથી તોહોમત વાળાને પણ તેની પછાળ તે બાગમાંથી જવું પડયું તેથી ફરીયાદીએ આરોપિતપર આ કલમ મુજબ તોહોમત મુકયું તેમાં ઠરાવ્યું કે આવી હકીકતથી આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતું નથી. (કા. હા. ઇ. લા. વા. ૪ પાને. ૮૩૭ આરોપીત ચંદર નારાયણ.)

સાર્વજનીક નદીના કોઈ ભાગમાં માછલી મારવાનો સર્વથા હકનો બે કાયદેસર રીતે તોડન કરવું એ ગુન્હો પીનલકોડમાંના સાપરાધ પ્રવેશના વર્ણન નિચે આવવાના ગુન્હા સરખો નથી (કા. હા. ઇ. લા. વા. ૨ પા. ૩૫૪ સરકાર વિ૦ ચારૂલ નાયા.)

ગ્રહ પ્રવેશની શિક્ષા. | ૪૪૮. જે માણસ ગ્રહપ્રવેશ કરે, તેને એક વરસની મુદત સુધીનો એમાંના ગમે તે પ્રકારના કેદના, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

મોતની શિક્ષા થઇ શકે એવા કોઇ ગુનોહ કરવા સારૂ ગ્રહપ્રવેશ. | ૪૪૯. મોતની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનોહ કરવા સારૂ જે માણસ ગ્રહપ્રવેશ કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જીવતાંસુધી સમુદ્રપારની શિક્ષાથઇશકેએવોકોઇગુનોહ કરવા સારૂ ગ્રહપ્રવેશકરવો. | ૪૫૦. જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનોહ કરવા સારૂ જે માણસ ગ્રહપ્રવેશ કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કેદની શિક્ષા થઈ શકે એવો કોઇ ગુનોહ કરવા સારૂ ગ્રહપ્રવેશ કરવો. | ૪૫૧. કેદની શિક્ષા થઈ શકે એવો કોઇ ગુનોહ કરવા સારૂ જે માણસ ગ્રહપ્રવેશ કરે તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને

પણ લાયક થશે; અને અગર ચોરીનો ગુનોહ કરવાનો ઇરાદો કરેલો હોય, તો તે કેદની મુદત સાત વરસ સુધીની થઇ શકે.

કોઈ સખ્સને વ્યથા કરવાની તૈયારી કરયા પછી ગ્રહપ્રવેશ કરવો.

૪૫૨. કોઈ સખ્સને વ્યથા કરવાની, અથવા કોઈ સખ્સની ઉપર હુમલો કરવાની, અથવા કોઈ સખ્સને ગેરવ્યાજબી રીતે અટકાવવાની અથવા કોઈ સખ્સને વ્યથા, હુમલો, અથવા ગેરવ્યાજબી અટકાવવાનો ભય ઉત્પન્ન કરવાની તઇયારી કરીને જે માણસ ગ્રહપ્રવેશ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—ખોટું વારંટ લઈ કોઇ સખ્સને તેના ઘરમાંથી પકડવામાં આવે તો તેની ઉપર આ કલમ પ્રમાણેનું તોહોમત આવે. (કા. હા. વી. રી. વા. ૧૨ પા. ૩૩)

ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો, અથવા ઘર ફોડવું, તેની શિક્ષા.

૪૫૩. જે માણસ ગુપ્ત ગ્રહપ્રવેશ કરે, અથવા ઘર ફોડવાનો ગુનોહ કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કેદની શિક્ષા થઈ શકતી હોય એવો કોઈ ગુનોહ કરવાને સારૂ ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૪૫૪. કેદની શિક્ષા થઈ શકતી હોય એવો કોઈ ગુનોહ કરવા સારૂ જે માણસ ગુપ્ત ગ્રહપ્રવેશ કરે, અથવા ઘર ફોડવાનો ગુનોહ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર ચોરીનો ગુનોહ કરવાનો ઇરાદો કરેલો હોય; તો તે કેદની મુદત દશવરસ સુધીની થઇશકે.

ટીકા.—કેદીપર આ કલમ પ્રમાણે અને ૩૮૦ પ્રમાણે તોહોમત મુકી દરેક તોહોમત બદલ જુદી જુદી બે બે વરસની સજા એક ફુલપાવર માજીસ્ટ્રેટે કરી તેમાં ઠરાવ્યું કે વાસ્તવીક રીતે ફકત એકજ ગુન્હો હતો અને તેને માટે કેદની શિક્ષા જુદી જુદી મળી ચાર વરસની કરી તે માજીસ્ટ્રેટે તેના અધિકાર ઉપરાંત કરી માટે એ શિક્ષા રદ કરી (મુ. હા. વા. ૨ પા. ૧૨૬ સરકાર વિ૦ ગણું લાડુ)

કોઈ સખ્સને વ્યથા કરવાની તૈયારી કરીને ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૪૫૫. કોઈ સખ્સને વ્યથા કરવાની, અથવા કોઈ સખ્સની ઉપર હુમલો કરવાની, અથવા કોઈ સખ્સને ગેરવ્યાજબી રીતે અટકાવવાની અથવા કોઈ સખ્સને વ્યથા, હુમલા, અથવા ગેરવ્યાજબી અટકાવનો ભય ઉત્પન્ન કરવાની, તઇયારી કરીને જે માણસ ગુપ્ત ગ્રહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુનોહ કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું, તેની શિક્ષા.

૪૫૬. જે માણસ રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરે, અથવા રાતે ઘર ફોડવાનો ગુનોહ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળીતે દંડને પણ લાયક થશે:

કેદની શિક્ષા થઇ શકતી હોય એવો ગુનોહ કરવા સારૂ રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૪૫૭. કેદની શિક્ષા થઈ શકતી હોય, એવો કાંઈ ગુનોહ કરવા સારૂ જે માણસ રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરે, અથવા રાતે ઘર ફોડવાનો ગુનોહ કરે, તે માણસને પાંચ વરસની મુદત સુ

ધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર ચોરીનો ગુનોહ કરવાનો ઇરાદો કરેલો હોય તો તે કેદની મુદત ચૌદ વરસ સુધીની થઈ શકે.

ટીકા,—કેદીપર આ કલમ અને ૩૮૦ પ્રમાણે તોહોમત રાખી એક ફુલપાવરે માજીસ્ત્રેટે બેઉ ગુન્હા બદલ જુદી જુદી શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે કલમ ૭૧ પ્રમાણે એ બેઉ ગુન્હાને માટે એકજ શિક્ષા બે વર્ષની માજીસ્ત્રેટ કરી શકે છે માટે વધારેની શિક્ષા રદ કરી. (મુ. હા. વા. ૧ પા. ૮૭ સરકાર વિ. અરજુન.)

કેદીએ રાતની વખતે ચોરી કરવાને ઇરાદે ઘર ફોડવાના ગુન્હાની કોશીશ કરેલથી તેના પર આ કલમ અને ૫૧૧ પ્રમાણે તોહોમત શાબિત કરી તેને કેદ અને ફટકાની શિક્ષા કરેલી તેમાં ઠરાવ્યું કે કેદીપર શાબિત થયેલા ગુનાહ બદલ ફટકાની શિક્ષા કરવાને કાયદામાં ઠરાવ નથી માટે ફટકાની શિક્ષા રદ કરી(મુ.હા. વા.૩ પા.૩૭ સરકારવિરૂધ પેલાવલદપરશા)

આ કલમ પ્રમાણેના તોહોમત બદલ કેદની શિક્ષા સાથે ફટકાની શિક્ષા કરેલી પણ કેદીપર એવોજ ગુનોહ અગાઉ કદી શાબિત થયો નહોતો તેથી ફટકાની શિક્ષા થઈ શકતી નથી એમ ઠરાવ કરેલો (મુ. હા. વા. ૪ પા. ૫ સરકાર વિ. બાબજી બાપુ)

આ કલમ પ્રમાણે અને રહેવાના ઘરમાં ચોરી કરવાના બેઉ તોહોમત બદલ જુદી જુદી શિક્ષા થઈ શકેછે પણ તે શિક્ષા બેઉ તોહોમતમાંના ભારે તોહોમત બદલ ફરમાવેલી શિક્ષા કરતાં જ્યાદે શિક્ષા બેઉ તોહોમત બદલની શિક્ષા જોઈયે નહિ તેમજ માજીસ્ત્રેટના અધિકાર કરતાં વધારે શિક્ષા બેઉ તોહોમત બદલની કરવી નહિ (મુ. હા. વા. ૯ પા. ૧૭૨ સરકાર વિરૂધ અનવરખાં વિગરે)

ચોરી કરવાને ઇરાદે રાત્રે ઘર ફોડવું અને ચોરી કરવી એને માટે આ કલમ અને કા. ૩૮૦ પ્રમાણે જુદાં જુદાં તોહોમત રાખ્યાં હોય તોપણ તે બેઉ બદલ જુદી જુદી શિક્ષા નહિ ઠરાવતાં એકઠી શિક્ષા ઠરાવી હોય તો તેપણ ચાલે પણ તે શિક્ષા બેમાંના ભારે ગુનાહને માટે ફરમાવેલી શિક્ષા કરતાં જ્યાદે શિક્ષા ન જોઈયે (મુ. હા. ઈ. લા. વા. ૧ પા. ૨૧૪ સરકાર વિ૦ નુકયાબીન નમણા)

કેદીપર આ કલમ પ્રમાણે અને કા. ૩૮૦ પ્રમાણે બે તોહોમતો હતાં તેથી તે બેઉ બદલ જુદી જુદી શિક્ષા અરાડમાસ પ્રમાણે કરી તેમાં ઠરાવ્યું કે એકજ વ્યવહારના કામમાં એકજ હેતુ પાર પાડવા માટે આરોપિતે કેટલાંક કૃત્ય કરેલાં હોય અને તેમાંના પ્રત્યેક કૃત્ય ઉપરથી જે જુદા જુદા નાના અપરાધ થતા હોય તે કરતાં તે તમામ કૃત્ય મળી અધિક મોટો એવો એક અપરાધ થતો હોય અને ઇનસાફના કારણસર મુખ્ય અપરાધ અને બીજા હલકા અપરાધ તોહોમતનામામાં લખવા જા કે કોઈ વાર હોય તોપણ શિક્ષા આપતી વખતે તેમાંનો મુખ્ય અને સર્વમાં મોટો એવો જે અપરાધ હોય તે બદલ શાબિતી કરી શિક્ષા કરવી એ સગવડ ભરેલુંછે. તેથી આ કામમાં કા. ૪૫૭ પ્રમાણે એકજ અપરાધ શાબિત કરી ત્રણ વર્ષની શિક્ષા કરી (અલ્હા. હા. ઈ. લા. વા. ૨ પા. ૬૪૪ સરકાર વિ૦ અજુધ્યા)

ચોરી કરવા સારૂ રાત્રે ઘર ફોડવું તથા રહેવાના ઘરમાં ચોરી કરવી એ ગુનાહઓ ક્રી. પ્રો. કો. કા. ૪૫૪ ની રકમ પ્રમાણે શિક્ષા કરવા સારૂ એકજ ગુનાહ જેવા સમજવા એમ છે. માટે તે ગુનાહઓની શાબિતીના ઠરાવ ઉપરથી એક ગુનાહને સારૂ બમણી કેદની શિક્ષા તથા બીજા ગુનાહને સારૂ ફટકા મારવાની શિક્ષા એમ કાયદેસર રીતે કરાય નહિ (મુ. હા. તા. ૧૧ ડીસેબર ૧૮૭૩ સરકાર વિ૦ ગોવિંદા બીન રામા વિગરે)

ઘરમાં નહિ પેસતાં છાપરાપરજ ફક્ત ચડવું તેથી ઘર ફોડ્યાનો ગુનોહ થતો નથી(મ.હા.રી.

કોઈ સખસને વ્યથા કરવાની — ૪૫૮. કોઈ સખસને વ્યથા કરવાની, અથવા કોઇ શખસની ઉપર હુમલો કરવાની, અથવા કોઇ શખસને ગેરવ્યાજબી રીતે અટકાવવાની,

તૈયારી કરીને રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો, અથવા ઘર ફોડવું.

અથવા કોઈ શખ્સને વ્યથા, હુમલા, અથવા ગેરવ્યાજબી અટકાવનો ભય ઉત્પન્ન કરવાની, તઈયારી કરીને જે માણસ રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરે, અથવા રાતે ઘર ફોડવાનો ગુનોહ કરે, તે માણસને ચઉદ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ગુપ્ત ગ્રહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુનોહ કરતાં કોઈને મહાવ્યથા કરવી.

૪૫૯. કોઈ માણસ ગુપ્ત ગ્રહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુનોહ કરતો હોય તેવામાં જો તે કોઈ શખ્સને મહાવ્યથા કરે, અથવા કોઈ શખ્સનું મોત આણવાની કે કોઈને મહાવ્યથા કરવાની કોશિશ કરે તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ઘણા શખ્સો ઘર ફોડવા વગેરેમાં સામિલ હોય, અને તેઓમાંનો કોઈએક મોત અથવા મહાવ્યથા કરે તો તે સઘળા માણસોને આ શિક્ષા થઈ શકે.

૪૬૦. અગર રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરતી વખતે, અથવા રાતે ઘર ફોડવાનો ગુનોહ કરતી વખતે, તે ગુનાહનો તકસીરવાર કોઈ શખ્સ બુદ્ધિપુરવક કોઈનું મોત આણે અથવા કોઈને મહાવ્યથા કરે, અથવા મોત આણવાની કે મહાવ્યથા કરવાની કોશિશ કરે, તો જે જે શખ્સ રાતે તે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવામાં અથવા રાતે તે ઘર ફોડવાનો ગુનોહ કરવામાં જોડે સામીલ હોય તે હરએક શખ્સને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—રાત્રે ગુપ્ત ગ્રહ પ્રવેશ કરતાં ઘરના માલિકને બુદ્ધિપુરવક માહાવ્યથા કરવાની કોશીશ કરે તો તેને આ આકટના કા. ૪૫૭ અને ૩૨૪ પ્રમાણે સજા નહિ થતાં આ કલમ પ્રમાણે સજા થાય કા. હા. વી. રી. વા. ૨ પા. ૫૨)

કાંઈ બંધ કરેલા નિધાનમાં કાંઈ મિલકત હોય, અથવા કાંઈ મિલકત છે એમ ધરાયું હોય તે નિધાનને બદદાનતથી ફોડીને ઉઘાડવું.

૪૬૧. જે નીધાન મધ્યે કાંઈ મિલકત રહેલી હોય અથવા જે મધ્યે કાંઈ મિલકત રહેલી છે એમ પોતે માનતો હોય, એવાં કોઈ બંધ કરેલાં નીધાનને જે માણસ બદદાનતથી, અથવા બીગાડ કરવાના ઇરાદાથી, ફોડીને ઉઘાડે અથવા તેના બંધ છોડે, તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

તેજ ગુનોહ જ્યારે તે નિધાન જેને સોંપ્યું હોય તે માણસ કરે ત્યારે તેની શિક્ષા.

૪૬૨. જે નીધાન મધ્યે કાંઈ મિલકત રહેલી હોય, અથવા જે મધ્યે કાંઈ મિલકત રહેલી છે એમ પોતે માનતો હોય, એવું બંધ કરેલું કાંઈ નીધાન કોઈ માણસને સોંપ્યું હોય, અને તે માણસને તે ઉઘાડવાનો અખ્ત્યાર નહી છતાં, અગર તે માણસ, બદદાનતથી, અથવા બીગાડ કરવાના ઇરાદાથી, તે નીધાનને ફોડીને ઉઘાડે, અથવા તેના બંધ છોડે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

બાબ ૧૮ મો.

લેખ સંબંધી તથા વેપારની અથવા મિલકતની નિશાનીઓ સંબંધી ગુન્હાઓ બાબત.

ખોટો લેખ બનાવવાનો ગુનોહ.

૪૬૩. જો કોઈ માણસ કાંઈ લેખ અથવા લેખનો કાંઈ ભાગ ખોટો બનાવે, એવા ઇરાદાથી કે, લોકને અથવા કોઈ શખ્સને કાંઈ હાની કે નુકશાન કરવું, અથવા કાંઈ દાવાને કે હકને મજબુતી આપવી; અથવા કોઇ શખ્સ પાસે કાંઈ મિલકત છોડાવવી, અથવા તેની પાસે કાંઈ સાફ કે અરથાંત સમજાય એવો, કરાર કરાવવો, અથવા એવા ઇરાદાથી કે દગો કરવો, અથવા દગો કરવામાં આવે, તો તે માણસે ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરેયો એમ સમજવું.

ટીકા.—આ કલમ પ્રમાણે બનાઉ દસ્તાવેજ કરવાનો ગુનોહ થવાને તે દસ્તાવેજ કપટે કરેલો છતાં તેથી નુકશાન થવા જોગ હોવું જોઇએ (મે. પૃ. ૩૧૭)

દસ્તાવેજમાં લખેલી હકીકત સહી કરનારને જણાવ્યા વગર તેની સહી કરાવે તો તેથી ખોટો દસ્તાવેજ બનાવ્યો કહેવાય નહિ (આર્ચ. પૃ. ૬૧૩)

ખોટો લેખ એ કંઈપણ લખાણ યા દસ્તાવેજનો થઈ શકે. એટલે કોઈ તસવીરપર તે પાડનારનું નામ રંગથી ભરે તો તેથી તે ખોટો લેખ બનાવ્યો કહેવાય નહિ(આર્ચ.પૃ.૬૧૫

આ કલમ પ્રમાણેનો ગુનોહ થવા માટે આખો યા તેમાંના કોઈ ભાગનો દસ્તાવેજ બનાવેલો હોવો જોઇયે તે એવા ઇરાદાથી કે જેના નામનો તે દસ્તાવેજ બનાવે તે સખસે તે લખ્યો છે એમ મનાય (કા. હા. વા. રી. વા. ૧૦ પા. ૭)

અગાઉ કરેલી ગફલત કપટના વાખ્યામાં આવતી ન હોય તો તે ગફલતનું કૃત્ય છુપાવવાને માટે દફતરમાં ખોટુ લખ્યું તો તે કૃત્ય પીનલકોડની કા ૪૬૩ તથા ૪૬૪માં બતાવ્યા પ્રમાણે ખોટો દસ્તાવેજ બનાવ્યો કહેવાય નહિ (મુ. હા. ઈ. લા. વા. ૪ પા. ૬૫૭ સરકાર વિરૂદ્ધ શંકર)

લેખ ખોટો બનાવવો એટલે શું?

૪૬૪. જે માણસ નીચે લખ્યા પ્રમાણે કરે, તેણે ખોટો લેખ બન્યો એમ સમજવું.

પેહેલું—જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી કાંઇ લેખ અથવા લેખનો ભાગ બનાવે,તે ઉપર સહી કરે, મોહોર કરે,અથવા તે લખી આપે,અથવા કોઇ લેખ લખી આપ્યો છે એવું બતાવવાની કાંઈ નીશાણી કરે, એવા ઇરાદાથી કે જે શખ્સે અથવા જેના અખ્તિયારથી તે લેખ અથવા તેનો તે ભાગ બન્યો નથી, અથવા તે પર સહી કે મોહોર થઇ નથી, અથવા તે લખી આપ્યો નથી, એવું તે માણસ પોતે જાણતો હોય તે શખ્સે અથવા તેના અખ્તિયારથી તે લેખ અથવા તેનો તે ભાગ બન્યો છે, અથવા તે પર સહી કે મોહોર થઈ છે, અથવા તે લખી આપ્યો છે, એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો, અથવા જે વખતે તે બન્યો નથી તે પર સહી કે મોહોર થઈ નથી, અથવા તે લખી આપ્યો નથી, એવું તે માણસ જાણતો હોય, તે એવે વખતે તે બન્યો છે, તે પર સહી કે મોહોર થઈ છે, અથવા તે લખી આપ્યો છે, એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો; અથવાઃ—

બીજુ—જે માણસ કાંઈ લેખ પોતે ખુદ કે બીજા કોઇ શખ્સે કરેલા અથવા લખી આપ્યા પછી. ચેહેરીને અથવા બીજી રીતે કાંઇ જરૂરના ભાગમાં લેખને તે કાયદેસર

અખતિયાર શીવાય, બદદાનતથી અથવા દગલબાજીથી ફેરવે; પછી તે ફેરવતી વખતે તે બીજો શખસ હયાત હોય કે મરી ગયો હોય તો પણ; અથવાઃ—

ત્રીજું—જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી, કોઈ શખસ પાસે કાંઈ લેખ પર સહી કે મોહોર કરાવે, અથવા કાંઇ લેખ તે શખસ લખી આપે એમ કરે, અથવા તેની પાસે કાંઇ લેખને ફેરવાવે, એવું જાણ્યા છતાં કે. તે લેખમાં શું લખ્યું છે, અથવા હું શો ફેરફાર કરૂં છું, એ વાત તે શખસ દીવાનગી અથવા કેફના સબબથી જાણવાને શક્તીમાન નથી, અથવા તેને ફરેબ દીધો છે તે સબબથી તે વાત તે શખસ જાણતો નથી.

દૃષ્ટાંત.

(અ) અ ની પાસે ઝ નો લખેલો બ ની ઉપરનો ૧૦૦૦૦ રૂપીઆનો એક ભલામણનો કાગળ છે, હવે બ ને દગો દેવા સારૂ અગર અ તે ૧૦૦૦૦ પર એક મીંડું વધારીને તે રકમને ૧૦૦૦૦૦ કરે એવા ઇરાદાથી કે તે કાગળ ઝ એ તેટલી રકમનો લખ્યો છે એમ બ માને તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરેચો એમ સમજવું.

(બ) કાંઈ સ્થાવર મીલકત ઝ એ અ ને લખી આપી હોય એવી મતલબના એક ખત પર, ઝ ના અખતીયાર શીવાય અ ઝ ની મોહોર કરે, એવા ઇરાદાથી કે તે મીલકત બ ને વેચીને તેની કીમતના રૂપીયા બ પાસેથી લેવા, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરેચો એમ સમજવું.

(ક) એક ચેકપર બ ની સહી છે, અને તે ચેક જે લઈ આવે તેને તે નાણાં મળે એવી તરેહનો છે પણ તે મધે કાંઈ રકમ ભરેલી નથી, તે ચેક લેઇને અ દગલબાજીથી તે મધ્યે દશ હજાર રૂપીઆની રકમ ભરે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરેચો એમ સમજવું.

(ડ) અ પોતાના માણસ બ ને એક સરાફ ઉપર ચેક લખીને તે પર સહી કરીને આપે. પણ તેમાં આપવાની કાંઈ રકમ લખે નહીં; અને બ ને એવા અખતીયાર આપે કે ફલાણા ફલાણા લોકોના રૂપીઆ આપવા છે માટે દશ હજાર રૂપીઆ સુધીની રકમ તું એ ચેકમાં ભરજે પછી બ દગલબાજીથી તે ચેકમાં વીશ હજાર રૂપીયાની રકમ ભરે, તો બ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરેચો એમ સમજવું.

(ઈ) બ ના અખતીયાર શીવાય અ બ ના નામથી પોતાની ઉપર એક હુંડી લખે, એવા ઇરાદાથી કે તે હુંડીને ખરી હુંડી દાખલ કોઈ સરાફને ત્યાં વટાવીને, તથા તે હુંડી પાકેથી તે સરાફ પાસેથી તે લઇને તેનાં નાણાં આપવાં, તો એ ઠેકાણે, બ ની જામીની છે એવા પોતાના મનમાં વીચાર ઉત્પન થઇને તે સરાફ તે હુંડીના નાણા આપે એ રીતે તેને છેતરવા સારૂ અ એ તે હુંડી લખી માટે, અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરેચો એમ સમજવું.

(ફ) ઝ ના વીલમાં આ શબ્દો લખેલા છે—"હું ફરમાવુંછું કે મારી સઘળી બાકી રહેલી મીલકત અ, બ, અને ક એઓની વચ્ચે સરખે હાસ્સે વેહેચાય" અ બદદાનતથી તે મધ્યેથી બ નું નામ છીલી નાખે, એવા ઇરાદાથી કે તેથી એમ માનવામાં આવે

કે સઘળી મીલકત અ ને તથા ક ને માટે ઝ લખી ગયો છે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ગ) "ઝ ને અથવા તે ફરમાવે તેને આપજો" એ પ્રમાણે એક સરકારી પ્રામીશોરી નોટના પાછળ શેરો કરીને તે શેરાપર સહી કરીને તેના નાણા ઝ ને અથવા ઝ ફરમાવે તેને મળે એવું અ કરે. પછી "ઝ ને અથવા તે ફરમાવે તેને આપજો" એ શબ્દો બ બદદાનતથી છોલી નાખે. અને એ પ્રમાણે તે ખાસ શેરાનો ખાલી શેરો કરે, તો બ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ઘ) અ એક સ્થાવર મીલકત ઝ ને વેચીને તેનું ખત કરી આપે પછી ઝ ને દગો દઇને તેની પાસેથી તે મીલકત જાય એવું કરવા સારૂ તેજ મીલકતનું અ એક ખત બ ને લખી આપે. અને તે ખત ઉપર ઝ ને કરી આપેલા ખતની તારીખથી છ મહીના ના પહેલાંની તારીખ લખે એવા ઇરાદાથી કે તે મીલકતનું ખત ઝ ને કરી આપ્યા પહેલાં તેણે તે મીલકતનું ખત બ ને કરી આપ્યું છે એમ માનવામાં આવે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ડ) ઝ બોલે તેમ બોલીને પોતાનું વીલ અ પાસે લખાવે તેમાં વશીયત આપવાને જેનું નામ લખવાનું ઝ એ કહ્યું હોય તેનું નામ નહી લખતાં અ ઇરાદાથી એક બીજા શખસનું નામ લખે, અને તમારા કહ્યા મુજબ આ વીલ લખ્યું છે એમ અ ઝ ને સમજાવીને તે વીલપર ઝ ની સહી કરાવે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ચ) અ એક કાગળ લખીને બ ના અખત્યાર શિવાય તે પર બ ના નામની સહી કરે, અને તેમાં એમ લખે કે અ સારી આબરૂનો માણસ છે અને નહી ધારેલી કમનશીબીથી માઠી હાલતમાં આવી પડેલો છે, અને તેનો ઇરાદો એવો હોય કે તે કાગળ બતાવીને ઝ પાસે તથા બીજા શખસો પાસે ભીખ મેળવવી, તો એ ઠેકાણે ઝ ને પોતાની મીલકત છોડવાને લલચાવવાને સારૂ અ એ લેખ ખોટો બનાવ્યો માટે અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું

(છ) બ ના અખત્યાર શીવાય અ એક કાગળ લખીને તે પર બ ના નામની સહી કરે, અને તે કાગળ મધ્યે એમ લખે કે અ ની આબરૂ સારી છે, અને તેનો ઇરાદો એવો હોય કે તે કાગળ બતાવીને ઝ ના હાથ તળે કાંઈ નોકરી મેળવવી, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું, કેમકે તે બનાવટના સરટીફીકેટથી ઝ ને છેતરીને ઝ ની પાસે નોકરી બાબતનો કાંઈ સાફ કે અર્થાંત સમજાય તેવો કરાર કરવાનો અ નો ઇરાદોછે.

ખુલાસો ૧ લો.—કોઈ માણસ પોતાના નામની સહી કરે, તો તે પણ ખોટો લેખ બનાવવાનો ગુનોહ થઈશકે છે.

દ્રષ્ટાંત.

(અ) એક હુંડીપર અ પોતાના નામની સહી કરે, એવા ઇરાદાથી કે તેજ નામના એક

બીજા શખ્સે તે હુંડી લખી છે એમ માનવામાં આવે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ઈ) એક કાગળના કકડાપર "સીકારી" એટલો શબ્દ લખીને તે પર અ ઝ ના નામની સહી કરે એટલા સારૂ કે પછી તે કાગળપર ઝ ની ઉપરનો એક હુંડી બ લખે, અને તે હુંડી જાણે ઝ એ સિકારી હોય એ રીતે બજારમાં ચલાવે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું અને અગર તે હકીકત જાણીને અ ના ઇરાદા મુજબ બ તે કાગળપર હુંડી લખે, તો બએ પણ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ફ) અનાજ નામનો કોઈ બીજો શખ્સ ફરમાવે તે ધણીને નાણાં આપવા એવી એક હુંડી અ ને જડે, અને તેની પાછળ અ પોતાનાજ નામનો શેરો કરે, એવા ઇરાદાથી કે જે શખ્સ ફરમાવે તે ધણીને નાણાં આપવાની એ હુંડી છે તેજ શખ્સે એ શેરો કરયો છે એમ માનવામાં આવે, તો એ ઠેકાણે અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ગ) બ ની ઉપર એક હુકમનામું થએલું બજે, તેમાં એક સ્થાવર મિલકત વેચાય તે અ ખરીદ કરે, હવે તે મિલકત જપત થયા પછી બ ઝ ની સાથે મળી જઇને કાંઈ જુજ ભાડે તે મિલકતનું લાંબી મુદતનું એક ભાડાનામું ઝ ને લખી આપે, અને તે ભાડાનામામાં તે જપતોની તારીખથી ૭ મહીના આગળની તારીખ ભરે, એવા ઇરાદાથી કે અને દગો કરવા, તથા જપતી થતાં પેહેલાં તે ભાડાનામું લખી આપ્યું છે એમ માનવામાં આવે તો, અગર બ એ તે ભાડાનામાપર પોતાના નામની સહી કરી છે તોપણ, તેણે આગળની તારીખ લખી, તેથી, તેણે ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(હ) દેવાળુ કાહાડવાનો આગળથી વિચાર કરીને અ વેપારી પોતાના ફાયદાને સારૂ તથા પોતાના માગનારાઓને દગો દેવાના ઇરાદાથી કાંઇ મિલકત બ ની પાસે રાખે; અને તે કામ બાહારથી વાજબી જણાય એટલા સારૂ તે બ ને એક ચીઠી લખી આપે કે તમારી પાસે અવેજ લીધો છે તે બાબતની માહારે તમને આટલી રકમ દેવી, અને તે ચીઠીપર આગળની તારીખ નાંખે, એવા ઇરાદાથી કે અ દેવાળુ કાહાડવાની તૈયારીમાં હતો ત્યાર પેહેલાં એ ચીઠી તેણે લખી છે એમ માનવામાં આવે તો, અ એ ઉપર લખેલા લક્ષણના પેહેલા પ્રકાર પ્રમાણે ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

ખુલાસો ૨ જો—કોઈ માણસ કોઇ ખોટા શખ્સના નામથી કાંઈ ખોટો લેખ કરે, એવા ઇરાદાથી કે તે લેખ કોઇ ખરા શખ્સે કરેલો છે એવું માનવામાં આવે, અથવા, કોઈ મુવેલા શખ્સના નામથી કરે, એવા ઇરાદાથી કે તે શખ્સે પોતાની હયાતીમાં તે લેખ કરયો છે એવું માનવામાં આવે તો તે પણ ખોટો લેખ બનાવવાનો ગુનોહ થઇ શકેછે.

દ્રષ્ટાંત.

(અ) એક ખોટા શખ્સની ઉપર એક હુંડી લખે, અને તે ચલાવવાના ઇરાદાથી તે ખોટા

શખ્સને નામે તે હુંડી દગલબાજીથી શિકાર તો આ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

ટીકા.—થયેલી વાતપરથી તપાસ કરતાં દસ્તાવેજ ખોટો થયો હોય, અને આ કાયદાની કા. ૪૬૩ માં કહેલા હેતુ પૈકી કોઇપણ એકાદ હેતુ પાર પડવાના ઇરાદે આરોપિયે તે ગેરવ્યાજબી રીતે કે કપટે કરેલો છે અને તેવોજ એ દસ્તાવેજનો કાંઈ ઉપયોગ થયો હોય, કીંવા ઉપયોગ કરવાનો પ્રયત્ન કરયો હોય તો ગુનોહ પુર્ણ થાય છે. (કા. હા. વી. રી. વા. ૨ પા. ૩૪)

આ કલમ પ્રમાણેનો ગુનોહ શાબિત થવાને જેના નામનો તે ખોટો બનાવ્યો હોય તે એ દસ્તાવેજની વાત ન જાણે એવું કાંઈ કપટ તોહોમતદારે કરયું એવું શાબિત થવું જોઇયે (કા. હા. વી. રી. વા. ૯ પા. ૨૦)

આ કલમ પ્રમાણે બદદાનતથી કીંવા કપટે સહી કરી ન હોય તો બનાઉ દસ્તાવેજ કરયો કહેવાય નહિ. કાયદા પ્રમાણે ફસાવવાનો હેતુ શાબિત થવાને તે બનાઉ દસ્તાવેજથી કોઈ માણસને નુકશાન થવાનો સંભવ હોવો જોઇયે, કીંવા તે બનાઉ દસ્તાવેજથી કોઈ માણસ ફસાયો એટલીજ વાત બસ નથી; પણ ખરેખર તેથી કાંઈ નુકશાન થવાનો સંભવ હોય તોજ તે ગુનોહ થાયછે (મુ. હા. વા. ૧૧ પા. ૩ સરકાર વિ. ભવાંનીશંકર વિગેરે)

વળી કા. ૪૬૩ નિચે મુમ્બાઈ હાઇકોરટનો સરકાર વિરૂદ્ધ શંકરનો ફેસલો ટાંક્યો છે તે પણ જુઓ)

તા. ૯ અગષ્ટને રોજ થયેલો દસ્તાવેજ નોંધાવવાને તા. ૧૮ ડીસેમ્બરને રોજ રજુ કરયો પણ તેમ કરતા અવલ નોંધાવવાની ચાર માસની મુદત ન જાય તેને સારૂ તા. ૯ અગષ્ટને બદલે તા. ૨૯ અગષ્ટ કરી. તો તેથી કરીને એ ફેરફારે ખોટો દસ્તાવેજ કરયાનો ગુનોહ થતો નથી. કારણ એ કરવું એ એકાદ હીતવાળા ભાગમાં કા. ૪૬૪ ની રકમ ૨ ના ભાવાર્થ પ્રમાણે બદદાનતથી વા કપટે ફેરફાર કરયો એમ થતુ નથી. એ ગુનોહ કા. ૧૯૨, ૧૯૩ અને ૧૯૯ પ્રમાણેનો છે. (કા. હા. ઈ. લા. વા. ૬ પા. ૪૮૨ સરકાર વિ૦ મીર ઇકરાર અલ્લી)

ખોટો લેખબનાવવાની શિક્ષા. — ૪૬૫. જે માણસ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરે, તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—એક દાવાની સુનાવણીની વખતે એક સ્માલકાજકોરટના જડજના વિચારમાં એમ આવ્યું જે કોઈ એક સખસે ખોટો દસ્તાવેજ કીધોછે; અને તેણે પીનલકોડની કા.૪૬૫ પ્રમાણે ખોટો લેખ બનાવ્યાના ગુનાહ સારૂ તેની તજવીજ થવાને તેને શેશનમાં કમીટ કરયો. તેમાં ઠરાવ્યું કે એ કમિટ કરવું બેકાયદેશીર થયું હતું શાથી જે ખોટો દસ્તાવેજ કરવાનો ગુનોહ જડજની રૂબરૂમાં થયેલો નથી. (મુ. હા. તા. ૩૧ મારચ ૧૮૭૦ સરકાર વિરૂદ્ધ છોટાલાલ જવેર)

એક માણસ મુખત્યાર થવાને કબુલ કરે અને મુખત્યારનામુ લખેલુ હોય તે નિચે તે પોતાની મંજુરીની સહી કરી આપે. પછી તે મુખત્યારનામુ ખોટુ લખેલુ ઠરેતો તે દસ્તાવેજ ખોટો બનાવ્યાનો ગુનોહ મુખત્યારપર આવે નહિ (કા. હા. વી. રી. વા. ૫ પા. ૭૦)

કોઈ ઇનસાફની કોરટનું દફતર અથવા જનમ વગેરે બાબત. — ૪૬૬. કોઈ ઇનસાફની કોરટનું દફતર અથવા તે કોરટ મધ્યે ચાલેલાં કામનો કાગળ હોય એવી મતલબનો કાંઇ લેખ, અથવા જન્મ, બાપતિશમ, લગ્ન, કે ગાડવા બાબતનો કાંઈ રજીશ્ટર, અથવા કોઈ સરકારી નોકર પોતાના સરકારી હોદ્દાના જોરથી રાખતો હોય એવો કાંઈ રજીશ્ટર, અથવા કોઇ સર-

કારી નોકરે પોતાના સરકારી હોદાના જોરથી કરેલો હોય એવી મતલબનો કાંઈ દાખલો કે લેખ, અથવા કાંઇ ફરિયાદી કે જવાબ કરવાનો, અથવા તેમાં કાંઈ પણ કામ ચલાવવાનો, અથવા કબુલાતથી હુકમનામું થવા દેવાનો, જેમાં અખત્યાર આપ્યો હોય એવો લેખ, અથવા વકીલાતનામું કે મુખત્યારનામું જે માણસ ખોટુ બનાવે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કલમ પ્રમાણેના ગુનાહની ફરિયાદ જેવી કે પબ્લીક સરવંટના તાબાનું રજીષ્ટર ખોટુ બનાવવું તે ખોટો બનાવેલો દસ્તાવેજ પુરાવામાં આપ્યો તે બાબતની ફરિયાદી જે કોરટમાં તે પુરાવામાં આપ્યો તે કોરટની પરવાનગી અથવા તે કોરટ જો કોઈ બીજી કોરટને તાબે હોય તો તે બીજી કોરટની પરવાનગી વગર સાંભળી શકાતી નથી કેમકે પી.કો. કા. ૪૬૩ માં ગુનાહાઓનું જે વધારે વીસ્તીર્ણ બ્યાન કરેલુંછે તેમાં એ ગુનોહ આવે છે અને તે કલમને ક્રી. પ્રો. કા. ૪૬૯ લાગુ પડે છે (મુ. હા. તા. ૧૮ અગષ્ટ ૧૮૭૪ પુનાના માજીસ્ત્રેટના પુછવાપરથી)

કાંઈ કીમતી દસ્તાવેજ અથવા વીલ ખોટું બનાવ્યું.

૪૬૭. જે લેખ કાંઇ કિમતી દસ્તાવેજની મતલબનો, અથવા કાંઈ વિલની મતલબનો, અથવા દત્તક લેવાના અખત્યાર નામાની મતલબનો હોય, અથવા જે લેખ કોઈ શખસને કાંઇ કિમતી દસ્તાવેજ કરવાનો અથવા બીજાના નામનો કરી આપવાનો, અથવા તેના મુદ્દલ રૂપીયા, બ્યાજ કે નફાની વેહેંચણ લેવાનો, અખત્યાર આપવાની મતલબનો હોય, અથવા કાંઇ નાણું જંગમ મિલકત, અથવા કિમતી દસ્તાવેજ લેવાનો કે આપવાનો અખત્યાર આપવાની મતલબનો હોય, અથવા જે લેખ કાંઇ ફારગતી અથવા નાણાં ભરેયાની પોહોંચની મતલબનો, અથવા કાંઈ ફારગતી કે કાંઈ જંગમ મિલકત અથવા કિમતી દસ્તાવેજ આપ્યાની પોહોંચની મતલબનો હોય, એવો કોઇ લેખ જે માણસ ખોટો બનાવે, તેને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—કેદીપર જંગમ મિલકત બીજાને લેવાનો અધિકાર આપવા વિશેનો દસ્તાવેજ ખોટો બનાવ્યાનું અને તે ખરા દાખલ ચલાવ્યાનું તોહોમત મુકી તેને શિક્ષા કરી તેમાં ઠરાયું કે સદરહુ દસ્તાવેજ નકલછે તો તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતું નથી. (મુ. હા. વા. ૫ પાને ૫૯ સરકાર વિ૦ નારો ગોપાળ)

કલેકટરનું ચીલન બદદાનતથી ફેરવે તો તે આ કલમ પ્રમાણેનો ગુનેહગાર ગણાય (ઈ. ડા. પૃ. ૩૫૪)

એક ખતની રૂએ દીવાની કોરટમાં કરેલા દાવામાં કોરટે એમ ઠરાવ્યું કે તેપર કરજદારની સહી ખરી નથી. તેથી તેના ઉપર ખોટો દસ્તાવેજ બનાવવાના તોહોમત બદલ કામ ચલાવવા પરવાનગી આપી તેથી ફરિયાદી કરી તે વખતે દીવાની કોરટનો ફેસલો પુરાવામાં આપ્યો તેમાં ઠરાવ્યું કે દીવાની કોરટનો ફેસલો પુરાવામાં લીધો તે ગેર કાયદેસરછે (કો. હા. ઈ. લા. વા. ૬ પા. ૨૪૯ સરકાર વિ૦ ગોગનચંદર ઘોસ)

જે દસ્તાવેજ ખોટો કરવાનો ઇરાદોછે તે દસ્તાવેજની નકલ કરેવી; તથા ખોટો દસ્તાવેજ લખવા સ્ટાંપ વેચાતો લાવવો, અને તે દસ્તાવેજમાં દાખલ કરવા માટે એક વાતની માહીતી મેળવવી એટલું કરયા છતાં પીનલકોડ પ્રમાણે બનાઉ દસ્તાવેજ કરવાનો ગુનોહ થતો

નથી કીધા તેવા દસ્તાવેજ કરવાનો પ્રયત્ન કરવાનો પણ ગુનોહ થતો નથી; પરંતુ તે અપરાધ કરવાનું કામ સેહેલ થવા માટે સાહ્ય કરવાનો માત્ર ગુનોહ થઈ શકે છે (મ. હા. ઈ. લા. વા. ૩ પા. ૪ સરકાર વિ૦ પાડલ વ્યંકટસ્વામી અને બીજા)

ઠગાઇ કરવાના કારણસર ખોટો લેખ બનાવવો.

૪૬૮. જો કોઇ માણસ ખોટો લેખ બનાવે, એવા ઇરાદાથી કે તે બનાવટનો લેખ ઠગાઇ કરવાના કારણસર વપરાય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સખસની આબરૂને હાની કરવાના કારણસર ખોટો લેખ બનાવવો.

૪૬૯. જો કોઇ માણશ ખોટો લેખ બનાવે, એવા ઇરાદાથી કે તે બનાવટનો લેખ કોઇ ધણીની આબરૂને હાની કરે, અથવા તે લેખ તેવા કારણસર વાપરવામાં આવશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—અરજીનો મુસદો કોઇએ કર્યો હોય અને તે જે અરજીનો હોય તે અરજી કોઇ બાબતના પુરાવા તરીકે વાપરવાની હોય તો અને તે અરજીના મુસદામાં કોઇની આબરૂને હાની લાગે એવી બાબત હોય તો તેનાપર આ કલમ પ્રમાણે ગુનોહ લાગુ પડે (કો. હા. વી. રી. વા. ૧૦ પા. ૬૧)

"બનાવટનો લેખ"

૪૭૦ જે ખોટો લેખ સઘળો કે થોડો ઘણો, ખોટો લેખ બનાવવાના ગુનાહથી બન્યો હોય, તેનું નામ "બનાવટનો લેખ" પાડ્યું છે.

બનાવટનો લેખ ખરા દાખલ વાપરવો.

૪૭૧. જે લેખ બનાવટનો લેખ છે એમ પોતે જાણતો હોય અથવા એમ માનવાનું પોતાને કારણ હોય એવો કોઇ લેખ જે માણસ દગલબાજીથી અથવા બદદાનતથી ખરા દાખલ વાપરે, તે માણસને જાણે તેણે તે લેખ ખોટો બનાવ્યોજ હોય, એવી રીતે શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણે રાખેલા તોહોમતના તોહોમતનામામાં કા. ૪૬૭ માં કહેલા દસ્તાવેજના સ્વરૂપનો બનાવેલો દસ્તાવેજ ખરા માટે વાપર્યો છે એમ લખવું જોઇતું હતું પણ તે લખ્યું નથી તેથી જ્યુરીની રૂબરૂ થયેલી તપાસ ગેરકાયદેસર છે માટે શિક્ષા રદ કરી (મુ. હા. વા. ૬ પાને ૪૩ સરકાર વિરૂદ્ધ ગંગારામ માલજી)

આ કલમ પ્રમાણે જે દસ્તાવેજ નકલ હોય તેની બાબતમાં ગુનોહ ગણાય નહિ (મુ. હા. વા. ૪ પા. ૨૮ સરકાર વિ૦ ખુશાલ હીરામન વિગેરે)

આ કલમ પ્રમાણેનું તોહોમત શાબિત કરતાં પહેલાં ખોટો બનાવેલો દસ્તાવેજ બદદાનતથી ખરા દાખલ વાપર્યો એમ શાબિત થવું જોઇયે (કા. વી. રી. વા. ૮ પાને ૮૧) છુટા છેડાનો દસ્તાવેજ એ કીમતી દસ્તાવેજ છે તેથી તે બનાવનારપર આ કલમ પ્રમાણે તોહોમત આવે (કા. વી. રી. વા. ૧૧ પા. ૧૫)

જે દસ્તાવેજ બનાવટનો છે એમ આરોપિને માહીત હતું તે છતાં તેણે તે દસ્તાવેજનો દીવાની દાવામાં ઉપયોગ કર્યો તેથી જે અપરાધ થયો તે આ કલમ કલમ પ્રમાણેનો છે પણ કા. ૧૯૬ પ્રમાણે નથી(કા.હા.ઈ. લા. વા.૫ પા.૭૧૭સરકાર વિ૦ખીરોદચંદર મજમુદાર)

એક હેડકાન્સ્ટેબલે પોલીશની રોજનીસીમા ખોટો ફેરફાર કર્યો તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત ઠરાવ્યું (કા. હા. વી. રી. વા. ૧૧ પા. ૪૪)

૪૬૭ મી કલમ મુજબ શીક્ષા થઈ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરવાના ઈરાદાથી ખોટી મોહોર, પતરૂ, વગેરે બનાવવું અથવા કબજામાં રાખવું.

૪૭૨. જો કોઈ માણસ કાંઈ મોહોર, પતરૂ, અથવા છાપ પાડવાનું કાંઈ બીજુ હથિયાર બનાવે, અથવા ખોટુ બનાવે, એવા ઈરાદાથી કે તે ૪૬૭ મી કલમ મુજબ શિક્ષા થઈ શકે એવા કોઈ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરવાના કારણસર વાપરવામાં આવે; અથવા તે મોહોર, પતરૂ, અથવા બીજુ હથિયાર ખોટુ બનાવેલું છે એમ જાણીને ઉપલા ઈરાદાથી અગર કોઈ માણસ તે મોહોર, પતરૂ, અથવા બીજુ હથિયાર પોતાના કબજામાં રાખે, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા સાત વરશની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

બીજી કોઈ કલમ મુજબ શીક્ષા થઈ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરવાના ઈરાદાથી ખોટી મોહોર, પતરૂ, વગેરે બનાવવું અથવા કબજામાં રાખવું.

૪૭૩. જો કોઈ માણસ કાંઈ મોહોર, પતરૂ, અથવા છાપ પાડવાનું કાંઈ બીજુ હથિયાર બનાવે, અથવા ખોટુ બનાવે, એવા ઈરાદાથી કે આ બાબ માંહેલી ૪૬૭ મી સીવાયની કોઈ પણ કલમ મુજબ શિક્ષા થઈ શકે એવા કોઈ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરવાના કારણસર વાપરવામાં આવે; અથવા તે મોહોર, પતરૂ, અથવા બિજુ હથિયાર ખોટુ બનાવેલું છે એમ જાણીને ઉપલા ઈરાદાથી અગર કોઈ માણસ તે મોહોર, પતરૂ, અથવા બીજુ હથિયાર, પોતાના કબજામાં રાખે તો તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કાંઈ કીમતીદસ્તાવેજ અથવા લોલ ખોટુ બનાવેલું છે એવું જાણીને તે ખરાદાખલ વાપરવાના ઈરાદાથી કબજામાં રાખવું.

૪૭૪. જો કોઈ માણસના કબજામાં કાંઈ લેખ હોય, તે અને લેખ ખોટો બનાવેલો છે એમ તે માણસ જાણતો હોય, તથા તે લેખ ખરા દાખલ દગલબાજીથી અથવા બદદાનતથી વાપરવામાં આવે એવો તે માણસનો ઈરાદો હોય તો અગર તે લેખ ૪૬૬ મી કલમમાં લખેલા પ્રકારનો હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે લેખ ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારનો હોય, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કલમ પ્રમાણે ગુનોહ થવાને બનાઉ દસ્તાવેજનો કપટે ઉપયોગ કરવાનો ઈરાદો હોવો જોઈએ. બનાઉ દસ્તાવેજ કપટે વાપરવાનો હેતુ છતાં તે જેનાં હીતનો હોય તેની પાસેથી નિકળે અને પછી તે પોતાની પાસે આવ્યાનું યોગ્ય કારણ બતાવે તો તેના પર આ કલમ પ્રમાણે અપરાધ બને (મે. પૃ. ૩૨૩

૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારના લેખોનું ખરાપણું દેખાડવા સારૂ વપરાતી હોય એવી કાંઈ મુદ્રા

૪૭૫. ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારના કોઈ લેખનું ખરાપણુ દેખાડવાના કારણસર વપરાતી હોય એવી કાંઈ મુદ્રા કે નીશાની કોઈ માણસ કાંઈ પદારથ ઉપર અથવા કાંઈ પદા

અથવા નીશાની ખોટી બનાવવી, અથવા ખોટી નિશાણી કરેલો પદાર્થ કબજામાં રાખવો.

ર્થ મધ્યે ખોટી બનાવે એવા ઇરાદાથી કે તે પદાર્થ ઉપર તે વખતે કાંઈ લેખ ખોટો બનાવેલો હોય અથવા ત્યારપછી ખોટો બનાવવાનો હોય તે લેખને ખરાપણાનો આભાસ આપવાના કારણસર તે મુદ્રા અથવા નીશાની વાપરવામાં આવે, અથવા જે પદારથ ઉપર અથવા જે પદાર્થ મધ્યે એવી કાંઇ મુદ્રા અથવા નીશાની ખોટી બનાવવામાં આવી હોય તેવો કાંઈ પદારથ ઉપર લખેલા ઇરાદાથી કોઇ માણસ પોતાના કબજામાં રાખે, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદનો, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૬૭મી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના લેખનું ખરાપણું દેખાડવા સારૂ વપરાતી હોય એવી કાંઈ મુદ્રા અથવા નીશાણી ખોટી બનાવવી, અથવા ખોટી નીશાણી કરેલો પદારથ કબજામાં રાખવો.

૪૭૬. ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના કોઇ લેખનું ખરાપણું દેખાડવાના કારણસર વપરાતી હોયએવી કાંઈ મુદ્રા કે નીશાણી કોઈ માણસ કાંઇ પદારથ ઉપર અથવા કાંઇ પદારથ મધ્યે ખોટી બનાવે, એવા ઇરાદાથી કે તે પદારથ ઉપર તે વખતે કાંઇ લેખ ખોટો બનાવેલો હોય અથવા ત્યાર પછી ખોટો બનાવવાનો હોય તે લેખને ખરાપણાનો આભાસ આપવાના કારણસર તે મુદ્રા અથવા નીશાણી વાપરવામાં આવે, અથવા જે પદારથ અથવા જે પદારથ મધ્યે એવી કાંઇ મુદ્રા અથવા નિશાણી ખોટી બનાવવામાં આવી હોય તેવો કાંઈ પદારથ ઉપર લખેલા ઇરાદાથી કોઈ માણસ પોતાના કબજામાં રાખે તો તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદનો શિક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ વીલને દગલબાજીથીચે હેરી નાંખવું. અથવા તેનો નાશ કરવો.

૪૭૭. કાંઈ લેખ વીલ હોય કે વીલની મતલબનો હોય, અથવા દત્તક લેવાનું અખત્યારનામુ હોય કે તેની મતલબનો હોય, અથવા કાંઈ કીમતી દસ્તાવેજ હોય કે તેવી મતલબનો હોય, તેવા કોઇ લેખને અગર કોઈ માણસ દગલબાજીથી કે બદદાનતથી, અથવા લોકને અથવા કોઇ સખસને હાની અથવા નુકશાન કરવાના ઇરાદાથી છેકી નાખે, તેનો નાશ કરે, અથવા ચેરી નાંખે, અથવા છેકી નાખવાની, નાશ કરવાની, કે ચેરી નાખવાની કોશીશ કરે, અથવા છુપાવે કે છુપાવવાની કોશીશ કરે, અથવા તેવા લેખ સંબંધી બીગાડ કરે, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

વેપારની તથા મિલકતની નિશાણીઓ બાબત.

વેપારની નીશાની.

૪૭૮. આ માલ ફલાણા કારીગરે બનાવેલો છે, અથવા ફલાણી વખતે કે તે ઠેકાણે બનાવેલો છે, અથવા ફલાણી જાતનો છે, એ બતાવવાને માટે જે નીશાણી વાપરવામાં આવે તેનું નામ "વેપારની નીશાણી" પાડ્યું છે.

મિલકતની નિશાની

૪૭૯. આ જંગમ મિલકત ફલાણા સખસની છે, એ બતાવવાને માટે જે નિશાણી વાપરવામાં આવે તેનું નામ "મિલકતનીનીશાણી" પાડ્યું છે

ખોટી વેપારની નીશાની વાપરવી.

૪૮૦. જો કોઈ માણસ કાંઈ માલ ઉપર અથવા કાંઈ પેટી કે ઘર ઉપર, અથવા ગાંસડી ઉપર, કે માલ ભરેલાં કાંઈ બીજાં બારદાન ઉપર, કાંઈ નીશાણી કરે, અથવા જે પર કાંઈ નીશાણી હોય એવી પેટી કે ઘર, અથવા ગાંસડી કે બીજુ બારદાન વાપરે,એવા ઇરાદાથી કે તે નીશાણી કરેલો માલ અથવા તે નીશાણી કરેલી પેટી કે ઘરમાં, અથવા ગાંસડીમાં, અથવા બારદાન માં ભરેલો કાંઈ માલ જે કારીગરે બનાવ્યો ન હોય તેણે બનાવ્યો છે એવો, અથવા જે વખતે કે ઠેકાણે તે બનાવ્યો ન હોય તે વખતે કે તે ઠેકાણે તે બનાવ્યો છે, એવો અથવા જે જાતનો તે ન હોય તે જાતનો તે છે એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો,તો તે માણસે "ખોટી વેપારની નીશાણી" વાપરી એમ સમજવું.

ખોટી મિલકતની નીશાની વાપરવી.

૪૮૧. જો કોઈ માણસ કાંઈ જંગમ મિલકત કે માલ ઉપર, અથવા કાંઈ પેટી કે ઘર ઉપર, અથવા ગાંસડી ઉપર, અથવા જંગમ મિલકત કે માલ ભરેલાં બીજા કાંઈ બારદાન ઉપર,કાંઈ નીશાણી કરે, અથવા જે પર કાંઇ નીશાણી હોય એવી કાંઈ પેટી કે ઘર, અથવા ગાંસડી, કે બીજુ બારદાન વાપરે, એવા ઇરાદાથી કે તે નીશાણી કરેલી મિલકત અથવા માલ, અથવા તે નીશાણી કરેલી પેટી કે ઘરમાં, અથવા ગાંસડીમાં, અથવા બીજા બારદાનમાં રાખેલો કાંઈ મિલકત કે માલ જે સખસનો ન હોય, તે સખસનો છે એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો, તો તે માણસે "ખોટી મિલકતની નીશાણી" વાપરી એમ સમજવું.

કોઇ શખ્શને છેતરવા અથવા નુકશાન કરવાના ઇરાદાથી કાંઈ ખોટી વેપારની અથવામિલકતની નીશાનીવાપરવાનીશિક્ષા.

૪૮૨. કોઈ શખ્સને છેતરવાના અથવા નુકશાન કરવાના ઇરાદાથી જે માણસ કાંઈ ખોટી વેપારની નીશાણી અથવા કાંઈ ખોટી મિલકતની નીશાણી વાપરે, તે માણસને એક વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઈ બીજો માણસ કાંઈ વેપારની અથવા મિલકતની નીશાણી વાપરતો હોયતેની નીશાણીનો અથવાનુકશાન કરવાના ઇરાદાથી ખોટી બનાવવી.

૪૮૩. લોકને અથવા કોઇ શખ્સને હાની અથવા નુકશાન કરવાના ઇરાદાથી જે માણસ બીજો કાંઈ શખ્સ વાપરતો હોય એવી કાંઈ વેપારની અથવા મિલકતની નીશાણી જાણી બુઝીને ખોટી બનાવે, તે માણસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઈ સરકારી નોકર જે મિલકતની નીશાણી વાપરતો હોય, અથવા કાંઈ મિલકતના બનાવટ, જાત વગેરે બતાવવાસારૂ તેજેનિશાની વાપરતો હોય તેવીનિશાણી ખોટી બનાવવી.

૪૮૪. કોઈ સરકારી નોકર જે વાપરતો હોય તેવી કાંઈ મિલકતની નીશાણી, અથવા આ મિલકત ફલાણા કારીગરે અથવા ફલાણી વખતે કે ઠેકાણે બનાવીછે અથવા ફલાણી જાતની છે, અથવા ફલાણી હાફીસમાંથી પાસ થઇ છે, અથવા કાંઈ માફીને લાયકછે, એવું બતાવવાસારૂ કોઇ સરકારી નોકર જે વાપરતો હોય તેવી કાંઈ નીશાણી જો કોઈ માણસ જાણીબુઝીને ખોટી બનાવે, અથવા એવી કાંઈ નીશાણી ખોટી બનાવેલી છે એમ જાણ્યા છતાં તેને ખરી દાખલ વાપરે એવા

ઇરાદાથી કે લોકને અથવા કોઈ શખ્સને હાનિ અથવા નુકશાન કરવું, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કાંઈ છાપ, પતરૂં, અથવા કાંઈ સરકારી કે ખાનગી મિલકતની અથવા વેપારની નિશાણી ખોટી બનાવવાનું કાંઈ બીજુ હથિયાર દગલબાજીથી બનાવવું અથવા કબજામાં રાખવું.

૪૮૫. કાંઈ છાપ, પતરૂં, અથવા કાંઈ સરકારી કે ખાનગી મિલકતની અથવા વેપારની નિશાની કરવા અથવા ખોટી બનાવવાનું કાંઈ બીજુ હથિયાર, જો કોઇ માણસ બનાવે અથવા પોતાના કબજામાં રાખે, એવા ઇરાદાથી કે તેવી ખોટી નિશાની બનાવવાના કારણસર વાપરવું, અથવા કોઈ માણસ એવી કાંઈ મિલકતની કે વેપારની નિશાની પોતાના કબજામાં રાખે, એવા ઇરાદાથી કે કાંઇ માલ અથવા વેપારની જણસ જે કારીગરે અથવા કારીગરોની દુકાને બનાવી ન હોય તેણે તે બનાવી છે એમ અથવા જે વખતે તે ઠેકાણે તે બનાવી ન હોય તે વખતે અથવા તે ઠેકાણે તે બનાવી છે, એમ અથવા જે જાતની તે ના હોય તે જાતની તે છે એમ અથવા જે શખ્સનીતે ના હોય તે શખ્સની તે છે એમ બતાવવાના કારણસર તે નિશાણી વાપરવામાં આવે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખોટી મિલકતની અથવા વેપારની નિશાણી જે ઉપર હોય એવો માલ જાણીબુઝીને વેચવો

૪૮૬. જે માલ ઉપર સરકારી કે ખાનગી મિલકતની અથવા વેપારની, ખોટી નીશાણી ચોહોડેલી અથવા પાડેલી હોય એવો કાંઈ માલ અથવા કાંઇ પેટી કે ઘર અથવા લપેટેલી વસ્તુ કે બારદાન ઉપર તેવી નિશાણી ચોહેડેલી અથવા પાડેલી હોય તે મધ્યે ભરેલો અથવા રાખેલો માલ, અગર કોઈ માણસ વેચે, અને તે માણસ એમ જાણતો હોય કે તે નિશાણી બનાવટની અથવા ખોટી કરેલી છે, અથવા તે નિશાણીથી જણાય છે તે કારીગરે અથવા તે વખતે અથવા તે ઠેકાણે નહીં બનાવેલા માલ અથવા વેપારની જણસ ઉપર તે નિશાણી ચોહોડેલી અથવા પાડેલી છે અથવા તે નિશાણીથી જણાય છે તેની જાતનો તે માલ નથી અને કાંઈ શખ્સને છેતરવાનો અથવા નુકશાન કે હાનિ કરવાનો તે માણસનો ઇરાદો હોય, તો તે માણસને એક વરસનો મુદત સુધાની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કાંઈ ગાંસડી કે બારદાન મધ્યે માલ હોય તે ઉપર દગલબાજીથી કાંઈ ખોટી નીશાણી કરવી.

૪૮૭. કાંઈ માલ ભરેલી ગાંસડી અથવા બારદાન ઉપર જો કોઈ માણસ દગલબાજીથી કાંઈ ખોટી નિશાણી કરે, એવા ઇરાદાથી કે કોઈ સરકારી નોકર અથવા બીજા શખ્સના મનમાં એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો કે તે ગાંસડી અથવા બારદાન મધ્યે જે માલ ન હોય તે તે મધ્યે છે અથવા તે મધ્યે જે માલ હોય તે તે મધ્યે નથી અથવા તે ગાંસડી અથવા બારદાન મધ્યેનો માલ ખરેખર જે જાતનો અથવા તરેહનો હોય તેથી જુદી જાતનો અથવા તરેહનો છે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

તેવી કાંઈ ખોટી નિશાણીનો ઉપયોગ કરવાની શિક્ષા.

૪૮૮. કોઈ માણસ ઉપલી કલમમાં લખેલા ઇરાદાથી એવી કાંઈ નિશાણી ખોટી છે એમ જાણ્યા છતાં તે ખોટી નિશાણીનો દગલબાજીથી ઉપયોગ કરે તો તે માણસને ઉપલી કલમમાં લખ્યા મુજબ શિક્ષા કરવામાં આવશે.

નુકશાન કરવાના ઇરાદાથી કાંઈ મિલકતની નિશાણી કાહાડી નાખવી.

૪૮૯. કોઈ માણસ કાંઈ મિલકતની નિશાણી કાઢી નાખે અથવા તેનો નાશ કરે, અથવા તેને ચેહેરી નાખે, એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે એમ કરવાથી પોતાથી કોઈ સખસને નુકશાન થાય તો તે માણસને એક વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે.

બાબ ૧૯ મો

નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા બાબત.

તરી અથવા ખુસ્કીના રસ્તાની મુસાફરીની નોકરી કરવાનો કરાર તોડવો.

૪૯૦. કોઈ સખસને અથવા કાંઈ મીલકતને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવા અથવા પોહોંચાડવામાં પોતાના અંગની નોકરી કરવાને, અથવા તરી કે ખુસ્કીના રસ્તાની કોઈ મુસાફરીમાં કોઈ સખસને નોકર દાખલ કામ કરવાને અથવા તરી કે ખુસ્કીના રસ્તાની કોઈ મુસાફરીમાં કોઈ સખસને કે કાંઈ મિલકતને સંભાળવાને જે માણસ કાયદેસર કરારથી બંધાયો હોય, તે માંદગી અથવા પોતાની સાથે માઠી વરતણુંકના સબબ શિવાય, તે પ્રમાણે કરવામાં બુદ્ધિપુરવક કસુર કરે તો તે માણસને એક મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક સો રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

(અ) અ એક પાલખી ઉચકનારો ઝ ને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાને કાયદેસર કરારથી બંધાએલો છતાં, રસ્તામાંથી અધવચ નાશી જાય, તો અ એ આ કલમમાં લખેલો ગુનોહ કર્યો એમ સમજવું.

(બ) અ એક મજુર, ઝ નો સામાન એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાને કાયદેસર કરારથી બંધાએલો છતાં, તે સામાન ફેંકી દે, તો અ એ આ કલમમાં લખેલો ગુનોહ કર્યો એમ સમજવું.

(ક) અ એક બળદીઆઓનો માલીક, પોતાના બળદીઆ ઉપર ભરીને કાંઈ માલ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાને કાયદેસર કરારથી બંધાએલો છતાં, તેમ કરવામાં કાયદા વિરૂધ કસુર કરે, તો અ એ આ કલમમાં લખેલો ગુનોહ કર્યો એમ સમજવું.

(ડ) અ કાયદા વિરૂદ્ધ ઉપાયથી પોતાનો સામાન લઈ જવાની બ મજુર ને જરૂર પાડે, અને બ ચાલતાં ચાલતાં રસ્તામાં તે સામાન મુકીને નાશી જાય, તો એ ઠેકાણે બ

એ કાંઈ ગુનોહ કરયો એમ સમજવું નહી, કેમકે તે સાગાન લઈ જવાની કાયદા પ્રમાણે તેની ફરેજ નથી.

ખુલાસો.—આ ગુનાહમાં એવું કાંઈ જરૂર નથી કે જે સખ્સને સારૂ નોકરી કરવી છે તેનીજ સાથે કરાર થવો જોઇએ. જે સખ્સ તે નોકરી કરવાનોછે તે સખ્સે કાયદા પ્રમાણે કાંઈ પણ સખ્સની સાથે સાફ રીતે કે અરથાંત સમજાય એવી રીતે કરાર કીધો હોય તો બસ છે.

દૃષ્ટાંત.

અ એક ડાક કંપનીની સાથે એક મહીના સુધી પોતાની ગાડી હાંકવાનો કરાર કરે, અને બ તે ડાક કંપનીની સાથે ખુસ્કીએ કાંઈ મજલ પર પોતાને પોહોંચાડવાનો બંદોબસ્ત કરે, અને પેલી એક મહીનાની મુદત સુધી તે કંપની બ ને અ હાંકે એવી એક ગાડી આપે, અને અ રસ્તામાં અધવચ તે ગાડી બુદ્ધિપુરવક મુકીને જતો રહે, તો એ ઠેકાણે, અગર અ એ બ ની સાથે કરાર કરયો નથી તો પણ અ એ આ કલમ મુજબ ગુનોહ કરયો એમ સમજવું.

ટીકા.—કોઈ માણસ આજારી પડ્યો હોય કીંવા તેને સખ્ત વાગ્યુ હોયતો તે સબબ આ કલમ પ્રમાણે માન્ય કરવા લાયક છે પણ કોઈ ચાકર શેઠની સાથે મુસાફરીમાં હોય તે વખતે માર્ગમાં વાઘ જોઈ નાસે કીંવા તોફાનથી વાહાણમાં બેસવાને ના કહે અગર જે ઠેકાણે કોલેરાનો રોગ હોય તે ઠેકાણે જવાને ના કહે તો તે આ કલમ પ્રમાણે શિક્ષાને પાત્ર થાયછે. અકસ્માત બનેલી વાત, કપટ, ચુક યા વિશેષ શકતાઇ એ કારણથી ચાકરથી તેનો કરાર પુરો થઈ શકે નહિ તો તે વખતે આ કલમમાં જાણીબુજીને એવા જે શબ્દ છે તે ઉપરથી તેનું સંરક્ષણ થવું યોગ્ય છે (મે. પૃ. ૩૩૧)

લાચાર સખ્સોની ખીદમત કરવા તથા તેઓની હાજતો પુરી પાડવાનો કરાર તોડવો.

૪૯૧. જે શખ્સ પોતાની નહાની ઉંમરના, અથવા ગાંડાપણાના અથવા કાંઈ રોગ કે શરીરની નબળાઈના સબબથી લાચાર અથવા પોતાની સલામતીનો બંદોબસ્ત રાખવાને; અથવા પોતાની હાજતો પુરી પાડવાને, અશક્ત હોય, તેની ખિદમત કરવાને અથવા તેની હાજતો પુરી પાડવાને જે માણસ કાયદેસર કરારથી બંધાએલો છતાં તેમ કરવામાં બુદ્ધિ પુરવક કસુર કરે, તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા બસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઈ દુર જગોપર ચાકરી કરવાનો કરાર કરયો હોય અને તે જગોપર શેઠને ખરચે ચાકરને લેઇ ગયા હોય, તેવો કરાર તોડવો.

૪૯૨. બ્રિટિસ ઈંડિયા માંહેની કોઈપણ જગોપર કોઈ બીજા સખ્સને વાસ્તે ત્રણ વરસ સુધીની કોઈપણ મુદત સુધી કારીગર, કામ કરનાર, અથવા મજુર દાખલ કામ કરવાને જે શખ્સ લખેલા કાયદેસર કરારથી બંધાએલો હોય, અને તે કરારની શરત મુજબ તેને તે જગોપર તે બીજા સખ્સને ખરચે લેઈ ગયા અથવા લેઈ જવાના હોય, તે શખ્સ પોતાનો કરાર કાયમ છે તે દરમિયાનમાં, બુદ્ધિપુરવક તે બીજા સખ્સની ચાકરી છોડી દે, અથવા કબુલ કરેલી ચાકરી વ્યાજબી અને યોગ્ય સબબ છતાં, વ્યાજબી સબબ વગર તે ચાકરી કરવાની ના કહે, તો તે સખ્સને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા તે ખરચથી બમણી રકમ સુધીના દંડની, અથવા

એ બંનેની શિક્ષા કરવામાં આવશે; પણ જો તેના શેઠે તેની સાથે કાંઈ માઠી વર્તણુક કરી હોય, અથવા પોતેજ તે કરાર મુજબ અમલ કરવામાં ગફલત કરી હોય તો તે ચાકરને કાંઈ શિક્ષા કરવામાં આવશે નહી.

બાબ ૨૦ મો.

લગ્ન સંબંધી ગુન્હાઓ બાબત.

કાયદા મુજબ લગ્ન થવાનો કપટથીવિશ્વાસ બેસાડીને દંપતી ભાવે રેહેવું.

૪૯૩. પોતાની સાથે કાયદા મુજબ જે સ્ત્રી પરણી નથી તે સ્ત્રીને કપટથી તે પુરૂષ એવો વિશ્વાસ બેસાડે કે હું એ પુરૂષની સાથે કાયદા મુજબ પરણી છું, અને એવો વિશ્વાસ છતાં તે સ્ત્રી તેની સાથે તેની વહુ હોય એવી રીતે રહે અથવા સંભોગ કરે, એમ તે પુરૂષ કરે તો તેને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

વર અથવા વહુની હયાતીમાં ફરીથી લગન કરવું.

૪૯૪. જેનો વર અથવા જેની વહુ હયાત હોય તે જો પરણે, અને તે એવી રીતે કે તે વર અથવા વહુની હયાતીમાં થયાના સબબથી તે લગ્ન થએલું રદ ગણાય, તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

અપવાદ—જે શખ્સનો વર અથવા વહુ હયાત છે, પણ જેનું તેની સાથે થએલું લગન કોઈ મુખ્તિયાર કોરટે રદ ઠરાવ્યું છે; તેને આ કલમ લાગુ પડતી નથી; અને જે શખ્સનું તે પાછળનું લગ્ન થતાં પહેલાં સાત વરસની મુદત સુધી નીરંતર તેનો વર અથવા વહુ બાહાર રહ્યો અથવા રહી હોય, અને તે દરમિયાનમાં તે શખ્સને તે વર અથવા વહુ હયાત છે એવી ખબર નહિ મળી હોય, અને તે શખ્સ પોતાના આગલા વર અથવા વહુની હયાતીમાં લગ્ન કરે, તેને પણ આ કલમ લાગુ પડતી નથી; પરંતુ જે એ શખ્સ પ્રમાણે પાછળનું લગ્ન કરે, તેણે જેની સાથે તે લગ્ન કરે, તેને તે લગ્ન થતાં પેહેલાં સરવ બીના ખરેખરી પોતાના જાણ્યામાં હોય તેટલી જણાવવી જોઇએ.

ટીકા.—આ કલમ હિંદુ યા મુસલમાન ધણીયોને લાગુ નથી કેમકે તેમનામાં એક છતાં બીજી સ્ત્રી કરવાને હકછે. પરંતુ તે જાતની બઈરીઓને લાગુછે કેમકે તેમનાથી એક ધણી છતાં બીજો થઈ શકતો નથી.

ધણી હયાત છતાં આરોપી રૂપાંએ ફરી લગ્ન કર્યું તેથી તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત રાખ્યું તેમાં તેણે એમ તકરાર કરી કે અમારો નાતના રીવાજ પ્રમાણે જીવતા ધણીએ લગ્ન કરી શકાયછે તેમાં ઠરાવ્યું કે એવો રીવાજ હોય તોપણ તે રદછે માટે તેના પર ગુનોહ રહી શકેછે (મુ. હા. વા. ૨ પા.૧૧૭ સરકાર વિ૦ કરસનગોજા અને બાઇરૂપાં)

જે મુકદમામાં જે વીધીથી કોઈ પણ પ્રકારે લગ્ન થતું નથી તેની વિધીં કરવામાં આવી ને જે મુકદમામાં તેવી વીધીથીજ લગ્ન થાયછે એમ એક સખ્સ બીજાને ફસાવીને તેને વિશ્વાસ પાડેછે અથવા જે મુકદમામાં તે વીધીથી કંઈ બીજો દગલબાજીનો મતલબ પાર પાડવાનો ઈલાજ હોયછે એવા મુકદમાઓને પી. કો. કા. ૪૯૬ લાગુછે. આગળના લગ્નની વાતની બંને જણને માહીતીછે એવા મુકદમાને મજકુર કાયદાની કા. ૪૯૪એ યોગ્ય

રીતે લાગેછે. (મુ. હા. તા. ૨૪ જુલાઈ ૧૮૭૩ સરકાર વિરૂદ્ધ રામાસોના)

ધણીને રગતપીતનો રોગ હોવાથી ફરી લગ્ન કરવાની ધણીને નોટીશ આપી નાતની પરવાનગીથી ફરી લગ્ન કરે અને તેમ કરવાનો નાતનો રીવાજ હોય તોપણ તે આ રાજ્યની કોરેટ મંજુર નહિ રાખે. અને તેમ કરનારપર આ કલમ પ્રમાણે તોહોમત રહે (મુ. હા. ઈ. લા. વા. ૧ પા. ૩૪૭ સરકાર વિરૂદ્ધ શંભુ રઘુ)

હિંદુ ન્યાતની બાઈરી મુશલમાની ધર્મ સ્વીકારે, તો તેટલા ઉપરથી તેનો તેના ધણી સાથે જે વિવાહ સંબંધછે તે નહિ જેવોછે એમ થતુ નથી. માટે તેનો ધણી જીવતો છે ત્યાંહાં સુધી તેને બીજા સાથે વિવાહ સંબંધ કરવાનો અધિકાર નથી. શબબ તેણે એકાદ મુસલમાન ન્યાતના માણસ સાથે નિકા કીધો હોય તો તેણે પી. કો. કા. ૪૯૪ પ્રમાણે ગુનોહ કરયો એમ થાયછે. (મુ. હા. ઈ. લા. વા. ૪ પા. ૩૩૦ મુબાઈ સરકાર વિરૂદ્ધ ગોસાવીની સ્ત્રી બાઈ ગંગા)

આરોપિતે પોતાની ભત્રીજીનુ લગ્ન કરયું તે વખતે તેણે તેના નામનું માત્ર લગ્ન કરયું પણ છોકરી લગ્નની વખતે નહોતી શબબ તેનાપર આ કલમ પ્રમાણે અને કા. ૧૦૯ પ્રમાણે તોહોમત ન આવે (કા. હા. ઈ. લા. વા. ૪ પા. ૧૦ સરકાર વિરૂદ્ધ અબદુલ કરીમ)

લગ્ન બદલની લગ્ન ચીઠી પ્રસિદ્ધ કરવી એ કૃત્ય લગ્ન કરવાની તૈયારીનું કૃત્યછે અને તે કૃત્યથી પ્રસીદ્ધ કરનારાએ લગ્ન કરવાનો યત્ન કરવાનો ગુન્હો કરયો છે એમ થતુ નથી એટલા માટે કોઈ માણસની પહેલી બાયરી જીવતા છતાં અમુક એક બીજી સ્ત્રી જોડે મારૂ લગ્ન થનાર છે એવી જાહેર ખબર પ્રસિદ્ધ કરવા છતાં પહેલી બૈરી જીવતાં છતાં બીજુ લગ્ન કરવાનો તેણે યત્ન કરયો છે એવા ગુન્હાપરથી તેને શિક્ષા આપવામાં આવતી નથી (મ. હા. ઈ. લા. વા. ૧ પા. ૩૧૯ સરકાર વિ. પીટરશન.)

આજનીયા રજપુત ગુજર ન્યાતીમાંના ખાનદેશમાં રહેનાર એક માણસે પોતાની બાઈ-રીને કાડી મુકયા બદલની ફારકતી લખી આપી હતી. પુરાવાથી હાયકોરટે ઠરાવ્યું કે તે દસ્તાવેજ સાબિત થયો છે અને બાજબી કારણ એટલે બ્યભીચારના કારણે પોતાની બૈ-રીને કાડી મુકવાનો એ નાતમાં અધિકાર છે; પરંતુ આ કામની ફારકતી બ્યભીચારના કાર-ણે કાડી મુકયા બાબત નથી માટે બૈરીએ ફરી લગ્ન કરયાથી તે આ કલમ પ્રમાણે (૪૯૪) ગુનેગાર છે અને જે ગોરે લગ્ન કરાવ્યું તે કલમ ૪૯૪ અને કા. ૧૦૯ પ્રમાણે મદદગારનો ગુનેગાર છે. અને શાસ્ત્ર બિરૂદ્ધ લગ્નની વખતે હાજર રહેવા વિષે કોઈએ સંમતી આપી કીધી તે સંમતી પ્રમાણે તે વખતે હાજર થયો કીંવા લગ્નને વાસ્તે કોઈએ પોતાના ઘરમાં જગ્યા આપી તો તેટલા ઉપરથી તેવા લગ્નમાં મદદગારી કરયાનો તે ગુન્હેગાર થતો નથી (મુ. હા. ઈ. લા. વા. ૬ પા. ૧૨૬ સરકાર વિ. ઉમીદુલા વિગેરે.)

તેજ ગુનોહ, ગણુ જે સખ્શનીસાથે પાછળનું લગ્ન થાય તેનાથીઆગળનાં લગ્નની વાત છુપાવીને કરેલો.

૪૯૫. જેની સાથે પાછળનું લગ્ન કરવામાં આવે તેનાથી આગલા લગ્નની વાત છુપાવીને જે શખ્સ ઉપલી કલમમાં લખેલો ગુનોહ કરે, તેને દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કાયદા મુજબ લગ્ન થતા દગલબાજીના ઇરાદાથી થતા દીધેલો લગ્ન વીધી.

૪૯૬. જે માણસ બદદાનતથી અથવા દગલબાજીના ઇરાદાથી પોતાનો લગ્ન વીધી થવા દે, એવું જાણીને કે તેમ થવાથી કાયદા મુજબ મારૂ લગ્ન થતુ નથી; તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કાયદાની કલમ ૪૯૪ નિચે ટીકામાં આપેલા ફેસલા મધે મુ. હા. નો તા. ૨૪ જુલાઇ ૧૮૮૩ નો ફેસલો સરકાર વિરૂધ રામાસોનાનો છે તે જુઓ.

છીનાળુ. | ૪૯૭. આ સખશ બીજા પુરૂષની સ્ત્રી છે, એવું જે જાણે છે અથવા એવું માનવાનું જેને કારણ છે, તે માણસ તે સખશની સાથે પેલા બીજા પુરૂષની રજામંદી શિવાય, અથવા તે બીજા પુરૂશે જાણ્યું અજાણ્યું ન કરતાં સંભોગ કરે, અને તે સંભોગ બળાત્કાર સંભોગનો ગુનોહ ન થતો હોય, તો તે માણસે છીનાળાનો ગુનોહ કર્યો એમ સમજવું, અને તેને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. એવી બાબતમાં તે સ્ત્રીને મદદગારીની માફક શિક્ષા કરવામાં આવશે નહિ.

ટીકા—આ કલમ પ્રમાણે રાખેલા તોહોમતમાં ઠરાવ્યું કે જે સ્ત્રી સાથે કેદીએ છીનાળુ કર્યું છે તે સ્ત્રી બદલ દીવાની કોર્ટથી હુકમનામું કરાવા પૈશા તેના ધણીએ મેળવેલા છે તો પછી એ સ્ત્રી ફરી લગ્ન કરવાને સ્વતંત્ર નહી હતી એમ મનાય નહી માટે તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત ન ઠરાવ્યું (મુ. હા. વા. ૫ પાને ૧૭ સરકાર વિરૂધ મનોહર રાયજી.)

આ કલમ પ્રમાણેના તોહોમત બદલ સેશન કોરટમાં કામ ચાલતાં તે સ્ત્રીના ધણીની જુબાની લેતાં આ કામ આગળ ચલાવવાની મારી ખુશી નથી એમ કહ્યું તેથી સેશનજડજે તોહોમતવાળાને છોડી દીધો તેમાં ઠરાવ્યુ કે કમીટ થયા પછી પણ ફરિયાદી પોતે મુકેલુ તોહોમત દુર કરી શકે છે. મુ. હા. વા. ૫ પા. ૨૭ સરકાર વિ. રામલો જેરીઓ)

આ કલમ પ્રમાણેના તોહોમતમાં લગ્ન બદલનો જે પુરાવો થયો તે જાર કર્મનો અપરાધ ઠરાવવા બસ નથી જારકર્મના ગુન્હામાં મુખ્ય મુળ તત્વ લગ્ન છે એટલા માટે પુરાવાના આકટની કલમ ૫૦ પ્રમાણે લગ્નની સાબિતી બરોબર રીતે થવી જોઇએ. અનેતેવી સાબિતી થઇ ન હોય તો જારકર્મનો ગુન્હો સાબિત કરાય નહી. (કા. હા. ઇ. લા. વા. ૫ પા. ૫૬૬ સરકાર વિ. પીતાંબરસિંગ)

આ કલમ પ્રમાણે સેશનમાં તોહોમત સાબિત થયા પછી ધણી ધણીયાણી એકત્ર રેહેવા લાગ્યાં તેથી અપીલમાં હાઇકોરટમાં એ ગુન્હો માંડીવાળવાની પરવાનગી ધણીએમાગી તેમાં ઠરાવ્યું કે કામની આવી વખતે તેવી પરવાનગી અપાય નહી (અ. હા. ઇ. લા. વા. ૨ પા. ૩૩૯ સરકાર વિ. થામસન.)

ધણીએ સ્ત્રીને જારકર્મ કરાવતાં નજરે જોયાથી તેણે સ્ત્રીને મારીનાખ્યાથી ધણીને શિક્ષા થઇ હોય તો પણ ધણી જારકર્મ કરનારપર આ કલમ પ્રમાણે તોહોમત મુકી શકેછે. કા. હા. તા. ૧૫ ડીશેમ્બર ૧૮૭૩ સરકાર વિ. માધવ ચંદર.)

આ કલમનો હેતુ એ છેકે સ્ત્રીનું સંરક્ષણ ધણીએ કરવું. માટે સ્ત્રીએ કરેલા જારકર્મને ધણીએ સમ્મતી આપી કીવા આંખઆડા કાન કરી તેણે તેના પતિવૃતાપણાપરના પોતાનો હક છોડ્યો તો પછી તેવી વખતે છીનાળુ કરનારપર આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતું નથી પછી જે માણસપર તોહોમત હોય તેના કરતાં વાહિત માણસને જારકર્મ કરવાની સમ્મતી આપી હોય તો એ પણ (મે. પ્ર. ૩૪૧)

ધણીએ છીનાળુ કરનારને શીક્ષા કરાવ્યા પછી તેજ માણસે ફરી જારકર્મ કર્યું તો તે બાબત તેને ફરી શિક્ષા થાય નહી પણ જો ધણીએ સ્ત્રીને ક્ષમા આપી હોય અને પછી જારકર્મ કરે તો તે ગુનેહગાર થાય. (મે. પ્ર. ૩૪૨.)

સાપ્રાય ઇરાદાથી કોઇ પરણેલી સ્ત્રીને ફોસ- | ૪૯૮. જે સ્ત્રી કોઇ બીજા પુરૂષની સ્ત્રી છે, અને તેની સ્ત્રી છે એવું જે માણસ જાણે છે, અથવા એવું માનવાનું જેને કારણ છે તે

ભાવી જવી લઈ જવી, અથવારોકી રાખવી. | અગર તે સ્ત્રીને તે પુરૂશ પાસેથી, અથવા તે પુરૂશની વતી જે સખ્સના હવાલામાં તે સ્ત્રી હોય તે સખ્સ પાસેથી લઈ જાય, અથવા ફોસલાવીને લઇ જાય, એવા ઇરાદાથી કે તે સ્ત્રી કોઇ સખ્સની સાથે જારકરમ કરે અથવા એવી કોઇ સ્ત્રીને તે ઇરાદાથી સંતાડી અથવા રોકી રાખે, તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—બઇરીને ફોસલાવી લઈ ગયાનો ગુનાહ જે પી. કો. કા. ૪૯૮ મુજબ શિક્ષા લાયક છે તે ગુનાહની ફરિયાદ ક્રી. પ્રો. કો. કા. ૧૪૭ મુજબ કાહાડી નાખવામાં આવી નથી તેથી કરીને ચોરીના ગુનાહની ફરીયાદ કાહાડી નાખ્યાથી ફોસલાવી લઈ ગયાના ગુનાહની ફરિ તજવીજ કરવાને બાધ આવતો નથી. (મુ. હા. ઇ. લા. વા. ૫ પાને. ૪૦૫ સરકાર વિરૂધ સીંડાપા.)

આરોપિ, એ મારી બઇરીને ફોસલાવી ગયો અને તેણે મારી ચોરી કરી એવી ફરિયાદ પોલીસને થયા છતાં પોલીસે ફકત ચોરીની ફરીયાદનું કામ ચલાવી તે ગુનોહ થયેલો માલમ ન પડ્યાથી માજીસ્ત્રેટ તરફ ગુનોહ કમી કરવા લખી મોકલ્યાથી તે કમી કર્યા તેમાં ઠરાવ્યું કે બઇરીને ફોસલાવી ગયા બદલ કા. ૪૯૮ પ્રમાણેના ગુનાહના સબંધે તે ફરિયાદ કાઢી નાખ્યાનું કામની હકીકતથી જણાતુ નથી તો તે ગુનાહની ચોકસી કરી કામ ચલાવવા માટે ફરિયાદ કરવાને અદરેહુ વાતથી પ્રતિબંધ નથી (મુ. હા. ઇ. લા. વા. ૫ પાને. ૪૦૫ સરકાર વિરૂધ. સીધાપા.)

પંજાબમાંની એક કોરટમાં આ કલમ પ્રમાણે ફરિયાદ થયેલી તે ફરિયાદ સાંભળવાનો તે કોરટને પુર્ણ અધિકાર હતો તે પ્રમાણે તે સાંભળી આરોપીને કા. ૨૧૫ (ક્રી કોડની) પ્રમાણે છોડી દીધો પછી એમ માલમ પડ્યુ કે આરોપી તે સ્ત્રીને લેઈ વાયપ્રાંતના એક જીલ્લામાં રહ્યો હતો તેથી તે જીલ્લામાં ફરી ફરિયાદ કરી તેમાં ઠરાવ્યું કે આરોપીને અગાઉ છોડીદીધાથી તેનાપર તેજ અપરાધ બદલ ફરી કામ ચલાવવાનો પ્રતિબંધ નથી તો પણ ફરી કામ ચલાવવું તે પંજાબમાંની કોરટેજ ચલાવવું અને તેણે તે સ્ત્રીને ફોસલાવી લીધી એ વાત સાબિત થતા સુધી તેણે તેને પોતાના પાસે રાખી એવા ગુનાહ બદલ આ કલમના આખર ભાગ પ્રમાણે તેનાપર તોહોમત ઠરાવાતુ નથી (અલ્હા. હા. ઇ. લા. વા. ૩ પાને. ૨૫૧ સરકાર વિરૂધ. ટીકાસીંગ.)

કોઈ સ્ત્રીએ પોતે લઇજવાને કહ્યું હોય અને આરોપી તેમ કરવાને ના પાડતો હોય પણ અંતે લઈ જાયતો તે લઈજનાર આ કલમ પ્રમાણે ગુનેહગાર છે કેમકે સ્ત્રીની રજામંદી આ કલમ પ્રમાણે અવશ્યની નથી (મ. હા. વા. ૨ પાને. ૩૧.)

જે વખતે સ્ત્રીને લઈ ગયો તે વખતે તે પોતાના ધણીના કીંવા તેની વતી કોઈ બીજા માણસના સ્વાધીનમાં હોવી જોઇયે પછી તે માણસ અને તે સ્ત્રી એકજ ઘરમાં રહેતાં હોય કે નહી તો પણ હરકત નથી (મ. હા. વા. ૪ પાને. ૨૦.)

બાબ ૨૧ મો.

આબરૂ લેવા બાબત.

આબરૂ લેવી. | ૪૯૯. જે માણસ બોલેલા અથવા વાંચવાને ઇરાદો રાખેલા શબ્દોથી અથવા કાંઈ ચિન્હો કે આકારોથી, કોઈ સખ્સની બાબત કાંઈ આરોપ મુકે અથવા પ્રગટ કરે, એવા ઇરાદાથી કે તે આરોપથી તે સખ્સની આબરૂને હાનિ પોહોંચા-

ડવી, અથવા હાનિ પોહોંચશે, એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં, તો તેણે તે સખ્સની આબરૂ લીધી એમ સમજવું; પણ નીચેના અપવાદો મધ્યેની બાબતોમાં એમ સમજવું નહી.

ખુલાસો ૧ લો—કોઈ મુએલા સખ્સની ઉપર કાંઇ આરોપ મુકવો એ આબરૂ લેવી થઇ શકે, જો તે આરોપ એવો હોય કે તેથી તે સખ્સ જીવતો હોય તો તેની આબરૂને હાનિ પોહોંચે તથા, એવા ઇરાદાથી તે આરોપ મુકયો હોય કે તેથી તે સખ્સના કુટુંબને અથવા પાસેના બીજા સગાઓને માઠું લાગે.

ખુલાસો ૨ જો—કોઈ કંપની અથવા મંડળી અથવા મનુષ્ય સમુદાય વિશે કાંઈ આરોપ મુકવો, એ આબરૂ લેવી થઇ શકે.

ખુલાસો ૩ જો—વઇકલ્પિક રીતે, અથવા વ્યાજોક્તિની રીતે, મુકેલો આરોપ આબરૂ લેવી થઇ શકે.

ખુલાસો ૪ થો—જે આરોપ, પોતેજ અથવા દ્વારાંતરે, બીજાઓની નજરમાં જે સખ્સની નીતી અથવા બુધિવિશે હલકો વિચાર ઉત્પન્ન ન કરે અથવા જે સખ્સનું પોતાની જાતી અથવા ધંધા સંબંધી માન ઓછુ ન કરે, અથવા જે સખ્સની શાખ ઓછી ન કરે, અથવા જે સખ્સનું શરીર કંટાળો ઉપજાવે એવી હાલતમાં અથવા જે હાલત ઘણા માણસોના વિચાર પ્રમાણે શરમ ભરેલી ગણાય છે તેવી હાલતમાં છે એવું માનવાનું કારણ ન થઇ પડે, તે આરોપથી તે સખ્સની આબરૂને હાની પોહોંચી એમ સમજવું નહી.

દષ્ટાંત.

(અ) "ઝ ભલો માણસ છે; તેણે કદી બનું ઘડિયાળ ચોરયું નથી," એ પ્રમાણે અ બોલે, એવા ઇરાદાથી કે ઝ એ બ નું ઘડિયાળ ચોરયું એમ માનવામાં આવે, તો એ આબરૂ લેવી છે; પણ જો એકાદ અપવાદમાં એ દાખલ થાય તો નહિ.

(બ) બ નું ઘડિયાળ કોણે ચોરયું ? એવો સ્વાલ અ ને પૂછતાં અ ઝ ની તરફ આંગળી કરે, એવા ઇરાદાથી કે બ નું ઘડિયાળ ઝ એ ચોરયુ એમ માનવામાં આવે, તો એ આબરૂ લેવી છે; પણ જો એકાદ અપવાદમાં દાખલ થાય, તો નહિ.

(ક) બ નું ઘડિયાળ લઇને ઝ નાશી જતો હોય એવું અ એક ચિત્ર પાડે, એવા ઇરાદાથી કે બ નું ઘડિયાળ ઝ એ ચોરયું એમ માનવામાં આવે, તો એ આબરૂ લેવી છે, પણ જો એકાદ અપવાદમાં એ દાખલ થાય, તો નહી.

લોક કલ્યાણર્થે જે સાચો આરોપ મુકવો અથવા પ્રગટ કરવો જરૂર હોય તે.

પેહેલો અપવાદ—જે કાંઈ સાચી વાતનો આરોપ કોઈ શખ્સની ઉપર મુકવો અથવા પ્રગટ કરવો. લોક કલ્યાણારથે જરૂર હોય તે આરોપ મુકવો અથવા પ્રગટ કરવો એ આબરૂ લેવી છે એમ સમજવું નહિ તેમ કરવું લોકકલ્યાણારથે જરૂર છે કે નહી એ હકીકતની બાબત છે.

સરકારી નોકરોની સરકારી અમલ સંબંધી ચાલ.

બીજો અપવાદ—પોતાનો સરકારી અમલ ચલાવવા સંબંધીની કોઈ સરકારી નોકરની ચાલ બાબત, અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તેની આબરૂ બાબત, શુદ્ધબુદ્ધિથી કાંઇ પણ અભિપ્રાય આપવો એ આબરૂ લેવી છે એમ સમજવું.

કાંઇ સારવજનિક વષય સંબંધી કોઇ પણ સખસની ચાલ.

ત્રીજો અપવાદ—કાંઇ સારવજનિક વિષય સંબંધી કોઈ પણ શખ્સની ચાલ બાબત અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તેની આબરૂ બાબત સુદ્ધબુદ્ધિથી કાંઇ પણ અભીપ્રાય આપવો, એ આબરૂ લેવી છે એમ સમજવું નહિ.

દ્રષ્ટાંત.

કાંઇ સારવજનિક વિષય સંબંધી સરકારને અરજી કરવામાં, અથવા કાંઇ સારવજનિક વિષય સંબંધી એક મંડળીમાં મેળવવાની દરખાસ્ત ઉપર સહી કરવામાં, અથવા તે મંડળીમાં જવા અથવા તે મંડળીના પ્રમુખ થવામાં, અથવા લોકનો આશ્રય માગનારી કોઇ સભા ઉભી કરવામાં અથવા તેમાં સામિલ થવામાં, અથવા જે જગાનું કામ સારી રીતે ચલાવવામાં લોકને ફાયદો હોય એવી કોઇ જગાને માટે કોઇ ઉમેદવારની તરફ સંમત માગવા અથવા આપવામાં, ઝ ની ચાલ સંબંધી સુદ્ધ બુદ્ધિથી અ ગમે તે અભિપ્રાય આપે, તો તે આબરૂ લેવી છે એમ સમજવું નહી.

ઇનસાફની કોરટ માંના મુકદમાઓની હકીકત છાપવી.

ચોથો અપવાદ—કોઈ ઇનસાફની કોરટમાંના મુકદમાનો, અથવા તેવા કોઈ મુકદમાના નિવેડાનો, મતલબ બરાબર હોય એવા ખરેખરો હેવાલ જાહેર કરવો, એ આબરૂ લેવી છે એમ સમજવું નહી.

ખુલાસો—કોઈ ઇનસાફની કોરટમાં ચોકશી થતાં પેહેલાં ખુલ્લી કોરટમાં કોઇ સુલેહનો અમલદાર અથવા બીજો અમલદાર કાંઇ તજવીજ કરતો હોય, તે ઉપલી કલમના અરથ પ્રમાણેની કોરટ છે એમ સમજવું.

કોઇ ઇનસાફની કોરટ મધે ફેંસલ થએલા મુકદમાની કેફીયત અથવા તે માં હેલા સાહેદો તથા બીજા સંબંધરાખનારાઓનીચાલ

પાંચમો અપવાદ—કોઇ ઇનસાફની કોરટમાં જે દિવાની કે ફોજદારી મુકદમાનો ફેંસલો થઇ ચુક્યો હોય તે મુકદમાની કેફીયત બાબત અથવા એવા કોઇ મુકદમામાં પક્ષકાર, શાહેદ અથવા મુખતાર દાખલ કોઈ પણ શખ્સની ચાલ બાબત, અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તે શખ્સની આબરૂ બાબત, સુધબુધિથી ગમે તે અભિપ્રાય આપવો, એ આબરૂ લેવી છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

(અ) "પેલા મુકદમામાં ઝ એ આપેલી શાહેદી એવી ઉલટી છે કે મને એમ લાગે છે કે તે મુરખ અથવા અ પ્રમાણીક હોવો જોઇએ" એ પ્રમાણે જો અ શુધબુધિથી કેહે, તો તે આ અપવાદમાં દાખલ થાય છે; કેમકે જે અભિપ્રાય તે આપે છે તે શાહેદ દાખલ ઝ ની ચાલ ઉપરથીજ નજર આવતી ઝ ની આબરૂ બાબત છે.

(બ) પણ જો તે એ પ્રમાણે કેહે કે, "તે મુકદમામાં ઝ એ જે કહ્યું તે હું ખરૂ માનતો નથી, કેમકે હું જાણુંછું કે એ અ પ્રમાણીક માણસ છે," તો અ આ અપવાદમાં દાખલ થતો નથી. કેમકે ઝ ની આબરૂ બાબત જે અભિપ્રાય તે આપે છે તે શાહેદ દાખલ ઝ ની ચાલ ઉપરથી આધાર રાખતો અભિપ્રાય નથી.

પ્રસિદ્ધકરતાના ગુણ દોષ | છઠ્ઠો અપવાદ—જે કૃતિ તેના કરતાએ લોકના વિચાર પર રજુ કરી છે એવી કોઈ કૃતિ ગુણ દોષ વિશે અથવા તે કૃતિમાંજ નજર આવતી તેના કરતાની આબરૂ વિશે, શુધબુધિથી કાંઈ પણ અભિપ્રાય આપવો એ આબરૂ લેવી છે એમ સમજવું નહી.

ખુલાસો—કાંઈ કૃતિ લોકોના વિચાર પર સ્પષ્ટ રીતે રજુ થાય, અથવા તેના કરતાના કામો ઉપરથી તે લોકોના વિચારપર રજુ કરી એવું અનુમાન થઈ શકે.

દષ્ટાંત.

(અ) જે શખસ કાંઈ પુસ્તક પ્રગટ કરે છે, તે તે પુસ્તક લોકના વિચારપર રજુ કરે છે.

(બ) જે શખસ જાહેર રીતે કાંઈ ભાષણ કરેછે, તે તે ભાષણ લોકના વિચારપર રજુ કરછે.

(ક) જે નાટકવાળો અથવા ગાનારો લોકની આગળ નાટકમાં વેશ લઈને આવે, તે પોતાની નાટકની અથવા ગાયનની કૃતિ લોકના વિચારપર રજુ કરે છે.

(ડ) ઝ એ એક પુસ્તક પ્રગટ કર્યુ છે, તે વિશે અ એમ કહે કે, "ઝ નું પુસ્તક બેવકુફી ભરેલું છે, માટે ઝ મંદબુદ્ધિ હોવો જોઇએ ઝ નું પુસ્તક બીભસ્ત છે, માટે ઝ નઠારા મનનો માણસ હોવો જોઇએ" હવે જો એ પ્રમાણે અ શુદ્ધબુદ્ધિથી કહેતો હોય, તો તે આ અપવાદમાં દાખલ થાય છે, કેમકે ઝ બાબત જે અભિપ્રાય તે આપે છે, તે ફક્ત ઝ ના પુસ્તકમાંજ નજર આવતી ઝ ની આબરૂ બાબત છે.

(ય) પણ જો તે એમ કહે કે "ઝ નું પુસ્તક બેવકુફી ભરેલું તથા બીભસ્ત છે એ જોઇને મને કાંઈ આશ્ચર્ય લાગતું નથી, કેમકે તે જાતેજ મંદબુદ્ધિ તથા સોદોછે," તો અ આ અપવાદમાં દાખલ થતો નથી કેમકે ઝ ની આબરૂ બાબત જે અભિપ્રાય તે આપે છે તે ઝ ના પુસ્તક ઉપર આધાર રાખતો અભિપ્રાય નથી.

જે સખસનો બીજાસખસની ઉપર કાયદા પ્રમાણે અખતિયાર છે તેણે સુધબુધીથી તે બીજા સખસને દીધેલો ઠપકો. | સાતમો અપવાદ.—જે શખસને કોઈ બીજા શખસની ઉપર કાયદાએ આપેલો કાંઈ અખતિયાર હોય, અથવા તે બીજા સખસની સાથે કરેલાં કાંઈ કાયદેસર કરારમાંથી નિકળતો અખતીયાર હોય, તે શખસ, જે બાબતોને તે કાયદેસર અખતિયાર લાગે છે તે બાબતોમાં તે બીજા સખસની ચાલ સંબંધી શુદ્ધબુદ્ધિથી કાંઈ ઠપકો દે, તો તે આબરૂ લેવી છે એમ સમજવું નહીં.

દષ્ટાંત.

જે જડજ કોઈ સાહેદની અથવા કોરટના કોઈ અમલદારની ચાલ સંબંધી શુદ્ધબુદ્ધિથી ઠપકો દે તે; કોઈ ખાતાનો ઉપરી પોતાના હુકમ તળેના માણસોને શુદ્ધબુદ્ધિથી ઠપકો દે તે; મા અથવા બાપ પોતાના છોકરાને બીજા છોકરાઓના દેખતાં શુદ્ધબુદ્ધિથી ઠપકો દે તે; કોઈ મેહેતાજી જેના અખતિયારમાં અથવા બાપથી મળેલો છે તે કોઈ નિશાળીયાને બીજા નિશાળીઆઓના દેખતાં શુદ્ધબુદ્ધિથી ઠપકો દે તે; નોકરીમાં આળસ કરવા સારૂ કોઈ શેઠ પોતાના ચાકરને શુદ્ધબુદ્ધિથી ઠપકો દે તે; કોઈ સરાફ પોતાની પેહેડીના કોઠીવાળને તે કોઠીવાળની કોઠીવાળી બાબતની કાંઈ ચાલને વાસ્તે શુદ્ધબુધિથી ઠપકો દે તે; એ સઘળા આ અપવાદમાં દાખલ થાય છે.

કાયદા પ્રમાણે અખતિયાર પામેલા સખ્સની આગળ શુધબુધીથી મુકેલું તોહોમત.

આઠમો અપવાદ—કોઈ પણ સખ્સની ઉપર; તોહોમતની બાબતમાં તે શખ્સની ઉપર જે સખ્સોનો કાયદા પ્રમાણે અખતિયાર હોય તે શખ્સોમાંના કોઈ પણ સખ્સની આગળ શુદ્ધબુદ્ધિથી, કાંઈ તોહોમત મુકવું, એ આબરૂ લેવી છે એમ સમજવું નહિ.

દૃષ્ટાંત.

જો અ કોઈ માજીસ્ટ્રેટની આગળ ઝ ની ઉપર શુદ્ધબુદ્ધિથી કાંઈ તોહોમત મુકે, જો અ કોઈ ઝ ચાકરની ચાલ બાબત ઝ ના શેઠની આગળ પુદ્ધબુદ્ધિથી ફરિયાદ કરે, જો અ કોઈ ઝ છોકરાની ચાલ બાબત ઝ ના બાપની આગળ શુદ્ધબુદ્ધિથી ફરિયાદ કરે, તો અ આ અપવાદમાં દાખલ થાય છે.

કોઈ શખ્સે પોતાનો લાભ જાળવવાને શુદ્ધબુદ્ધીથી મુકેલો આરોપ.

નવમો અપવાદ—બીજાની આબરૂપર કાંઈ આરોપ મુકવો એ આબરૂ લેવી ન ગણાય, પણ ક્યારે કે તે આરોપ મુકનાર શખ્સ પોતાનો, અથવા કોઈ બીજા શખ્સનો, લાભ જાળવવાને, અથવા લોક કલ્યાણ અરથે, શુદ્ધબુદ્ધિથી તે આરોપ મુકતો હોય તો.

દૃષ્ટાંત.

(અ) અ એક દુકાનદાર પોતાના ગુમાસ્તા બ ને એ પ્રમાણે કહે કે ઝ રોકડા નાણા તને ન આપે તો તેને કાંઈ માલ તું વેચીશમાં, કેમકે તેના પ્રમાણિકપણા વિશે મારો વિચાર સારો નથી," હવે જો, પોતાનો લાભ જાળવવા સારૂ, શુદ્ધબુદ્ધિથી અ એ ઝ ની ઉપર આ આરોપ મુક્યો હોય, તો અ આ અપવાદમાં દાખલ થાય છે.

(બ) અ એક માજીસ્ટ્રેટ પોતાના ઉપરી અમલદારને રિપોર્ટ કરવામાં ઝ ના આબરૂ બાબત કાંઈ આરોપ મુકે હવે શુદ્ધબુદ્ધિથી લોક કલાણાર્થે તે આરોપ મુક્યો હોય, તો અ આ અપવાદમાં દાખલ થાય છે.

સુચના જે સખ્સને આપી હોય તે સખ્સનો ફાયદો થાય એવા ઇરાદાથી અથવા લોક કલ્યાણાર્થે આપી હોય તો.

દશમો અપવાદ—ફલાણાથી હોશિયાર રેહેજે એવી સુચના શુદ્ધબુદ્ધિથી કોઈ સખ્સને આપવી, એ આબરૂ લેવી ગણાય નહી, પણ ક્યારે કે જે સખ્સને તે સુચના આપી હોય તે શખ્સનો, અથવા જે સખ્સની સાથે તેનો સંબંધ હોય એવા કોઈ શખ્સનો ફાયદો, થાય એવા ઇરાદાથી અથવા લોક કલ્યાણના ઇરાદાથી તે સુચના કરી હોય તો.

ટીકા.— મરનાર માણસની આબરૂને નુકશાન થવા જોગ મજકુરનો ઉપયોગ કર્યો તો તે બદલ એટલુંજ બતાવવું બસ નથી કે મરનાર જીવતો હોત તો ફરિયાદ કરત. પણ એમ શાબિત કરવું જોઇયે કે મરનારના વારશાની બે અદબી કરવાને ઇરાદે મજકુર બોલવામાં કે લખવામાં આવ્યો છે. (મે. પ્ર. ૩૪૪)

અંગરેજી કાયદા પ્રમાણે જે કૃત્યથી શુલેહનો ભંગ થવાનો સંભવ હોય તેવું કૃત્ય કર્યાથી આબરૂને નુકશાની કરવાનો ગુન્હો બને છે; પણ આ બાબતમાં આવ્યું તે નુકશાની કરવાનોજ ગુન્હો કહે છે તે એકાદપર બટ્ટો મુક્યાથી તેને નુકશાન થયું હોય તોજ માત્ર ગુનહો થાય છે (મે. પ્ર. ૩૪૫)

આરોપ આણવો તે બીજાને ઇજા કરવાના ઇરાદે અથવા ઇજા થાય એવું માહીત છતાં આણવો જાઇયે. જે શબ્દ પ્રત્યક્ષ આબરૂ લેવા શરખા હોય તે વોશે પુરાવો લેવાનું કારણ નથી (મે. પ્ર. ૩૪૮)

શાર્વજનીક કામ સંબંધે કરેલા કૃત્ય વિશે કોઇ માણસ કાંઇ ભાષણ કરે તો આ કાયદા ઉપરથી તેમ કરવાને તેને છુટ છે (મે. પ્ર. ૩૪૯)

બારીસ્ટરે કોઇપણ કજીયો ચલાવતો હોય તે વખતે તેને જોઇયે તેવી રીતે બોલવાની છુટ છે. તેમજ અટર્ની બારીસ્ટરનું કામ ચલાવે ત્યારે તથા જીલ્લાની હાઇ કોર્ટમાં વકીલ કામ ચલાવે તેને પણ તેવી છુટ છે. (મે. પ્ર. ૩૫૪: ૩૫૫)

સરકારી હોદ્દેદાર માણશનું જે કૃત્ય તેને પોતાને લાગુ નથી અને સર્વ લોકને લાગુ છે એવા તેના કૃત્યપર ટીકા કરવાને જાહેર વર્તમાન પત્ર વાળાને અધિકાર છે. અને તેમ કરવાનો તેને હક પણ છે. તેથી જો એકાદ તેવું વર્તમાન લખનારો એકાદ હોદ્દેદાર માણસે હોદ્દાની રીતે કરેલા કૃત્ય માટે લોકીકહીત હોય અને તે પરની ટીકા પ્રમાણીક હોય અને લખેલી વાત લખ્યા પ્રમાણે છે એમ તે ઇમાનથી માનતો હોય તો તેવું લખનાર પર ફરીયાદ ન ચાલે (મુ. હા. તા. ૩૦ જાનેવારી ૧૮૬૬)

આરોપિત વિગરે એ એક ગામના બ્રાહ્મણજ્ઞાતીના લોકપર એક પત્ર મોકલ્યો એવું લખીને કે ત્રીંબકહરી જોશી નામના એક માણશે નિચ જાતની એક બૈરી સાથે વ્યભીચાર કર્યો. તે ઉપરથી એક નાગી નામની સ્ત્રીએ પત્ર લખનાર પર આબરૂની ફરીયાદ કરી તેમા ઠરાવ્યું કે આરોપીતે લખેલા પત્રમાં સ્ત્રીનું નામ નથી લખ્યુ તેથી તેની આબરૂ લીધી એમ ઠરતું નથી તેની સાથે ધર્મ સંબંધી આ જ્ઞાતીના ધર્મ સંબંધે ખુલાસો મેળવવાના ઇરાદે લખેલો પત્ર પ્રમાણીક પણાએ અને નિષ્કપટે લખ્યો હોય તો તે લખનારને પી. કો. કા. ૪૯૯ ના અપવાદ ૮ અને ૧૦ નો લાભ મળે છે (મુ. હા. વા. ૮ પા. ૧૬૮ સરકાર વિરૂધ કાશીનાથ બચાજી વિગરે)

આબરૂ લેવાનો ગુનોહ કરવા બદલ જે માણસપર આરોપ મુક્યો છે તેને પોતે બીજાની આબરૂ લેવા જોગ જે મજકુર છાપ્યા છે તે મજકુરમાંનો જુદો જુદો દોષ એકાદ દીવાની દાવામાં જેમ પ્રતિવાદી પાસેથી સાબિતી કરી લે છે તેમ સાબિત કરવાને જડજે કહ્યા છતાં તે કાયદા સંબંધી ચુક થતી નથી. આબરૂ લેવા જોગ મજકુરમાં જે વાત લખેલી છે તે વાતનું ખરાપણાના મુદા ઉપર કીંવા આરોપિતના પ્રમાણીકપણાના મુદા ઉપર કનિષ્ટ અપીલ કોરટે જે ઠરાવ કર્યો હોય તે ઠરાવમાં હાઇકોરટને પોતાની તપાસણીની કોરટ છે એ રીતે હાથ ઘાલવાનો અધિકાર નથી. (મુ. હા. વા. ૯ પાને. ૪૫૧ સરકારવિરૂધ કીકાભાઈ પરભુદાસ.)

આ કલમની રકમ ૨ અને ૯ નો લાભ એ અપવાદ ઇમાનથી અને લોકહીત વાસ્તે પ્રગટ કરેલા અભિપ્રાયને લાગુ છે કોઈ શખસપર ફોજદારીમાં કામ ચલાવવાનો હુકમ થયો હોય પણ તે પાછો ખેંચી લેવામાં આવ્યો હોય તે છતાં ફોજદારીમાં કામ ચલાવવાની પરવાનગી આપી હતી માટે તેની ચાલ ચલણ વિશે તપાસ કરવો જોઇએ એવો અભિપ્રાય પ્રગટ કરવો તે ઇમાને પ્રગટ કર્યો કહેવાય નહી માટે તેનાપર આ કલમ પ્રમાણે તોહોમત આવી શકે છે (મુ. હા. ઇ. લા. વા. ૪ પાને ૨૯૮ સરકાર વિરૂધ બી. કાંકડે.)

ડાકાઇટીના ગુનાહની તપાસ કરવામાં ઇન્સ્પેકટર રીપોર્ટમાં એમ લખે કે "ખાનગી તપાસથી જણાય છે કે વાણીયાની ઇમારતમાંની સ્ત્રીઓમાંની ઘણીખરી અમુક માણસ સાથે એક બે દિવસ રહેલી છે" તો એમ લખનારે સ્ત્રીઓની આબરૂ લેવાનો ગુનોહ કરેયો એમ કહેવાય (બે. લા. વા. ૬ પા. ૪૨)

આબરૂ લેવાના કેસમાં આબરૂ જાય એવી મતલબનો મુદાનો કાગળ ટપાલ રસ્તે અમુક ઠેકાણે મોકલ્યો એમ શાબિત થાય તો એ પ્રાંતમાં તે કાગળ પ્રસિદ્ધ થયો એમ ગણવું (કા. હા. વી. રી. વા. ૫ પા. ૪૪)

આબરૂની બાબતમાં નિચ જાત કે ઉચ્ચ જાતનો તફાવત નથી એટલે જો કોઈ નિચ ગ્નાતિના માણસપર ચોરીનું ખોટુ તોહોમત મુકવામાં આવે તો તે માણસ પણ આબરૂની ફરિયાદ કરી શકે (કા. હા. વી. રી. વા. ૨ પા. ૩૬)

એક ડાકટરે એવી એક ઝાહેરખબર કાડી કે "હું ઉતમ પ્રકારનું કામ કરૂછુ માટે મારી ઇસ્પીતાલને લોકોએ મદદ કરવી." એ ઝાહેરખબરના સંબંધમાં એક સરકારી પુસ્તક લખનારાએ એમ લખ્યું કે "ઝાહેરખબર કાહાડનાર ડાકતરે ઉતમ પ્રકારનું કામ કર્યા બદલ તેનો ઉપકાર માનવો પણ ડાકતરનો ધંધો કરનારાએ એવા પ્રકારની ઝાહેરખબર આપવી બાજબી નથી અને એવો" વહીવટ પણ નથી તેથી તેણે આપેલી ઝાહેરખબર તેના ધંધાને યોગ્ય નથી તે ઉપરથી એ ઝાહેરખબર કાડનાર ડાકતરે તેવું છાપનારપર આ કલમ પ્રમાણે ફરિયાદ કરી તેમાં ઠરાવ્યું કે એ ડાકતરે ઝાહેરખબર આપી સરવ લોકની મદદ માગીછે તો તેનું એ કરવું સાર્વજનિક કામછે તો તે પર ટીકા કરવાનો આ કલમના અપવાદ ૩,૬ અને ૯ થી અધિકારછે તેથી એ છાપનાર પર આ કલમ પ્રમાણે તોહોમત રહી શકતું નથી. વળી એમ પણ ઠરાવ્યું કે વર્તમાન પત્રમાં લખેલા મજકુરને માટે તે પત્ર પ્રસિદ્ધ કરનારને માહીત હોય કે નહી તોપણ તે બદલ તે પ્રસિદ્ધ કરનાર જવાબદારછે (અલ્હા. હા. ઈ. લા. વા. ૩ પાને ૩૪૨ સરકાર વિરૂધ માકલીયડ વિગરે)

એક ગ્નાતીના એક મરદને તેજ ગ્નાતની એક સ્ત્રી સાથે આડો વ્યવહાર હોવાથી તે ગ્નાતીના પંચોએ તે મરદને ગ્નાતી બાહાર કાડ્યો. પછી તે પંચ પૈકી કેટલાકે "પંચના ઠરાવથી અમુક શખસને ગ્નાતી બહાર કાડયોછે માટે તેને કોઇએ પોતાના ઘરમાં લેવો નહિ અને તેના સાથે કોઇએ જમવું નહિ." એવા પત્ર પોતાની ગ્નાતીના લોકપર લખ્યા અને તે પત્રોમાં તેની આબરૂ જવો જેવો બીજો મજકુર પણ લખ્યો તેથી તે સખસે તે પત્રો લખનારપર આ કલમ પ્રમાણે ફરિયાદ કરવાથી ઠરાવ્યુ કે પંચોએ કરેલા ઠરાવની ખબર માત્ર લોકને આપી હોત તો તેનાપર ફરિયાદ ચાલત નહિ પણ તેમણે અપ્રમાણીકપણે તે પત્રમાં બીજો આબરૂ જવા જેવો મજકુર લખ્યોછે માટે તેમનાપર આ કલમ પ્રમાણે ગુનોહ બને છે (અલ્હા. હા. ઈ. લા. વા. ૩ પા. ૬૬૪ સરકાર વિ૦ રેમાનંદ)

આબરૂ લેવાની શીક્ષા. ૫૦૦. જે માણસ કોઈ બીજા માણસની આબરૂ લે, તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કાંઈ બાબત આબરૂ લેવા જેવી છે એવું જાણીને તે છાપવી અથવા કોતરવી. ૫૦૧. કાંઈ બાબત કોઈ સખસની આબરૂ લેવા જેવી છે એવું જાણીને, અથવા એવું માનવાનું સારૂ કારણ છતાં, જે માણસ તે બાબત છાપે અથવા કોતરે, તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

આબરૂ લેવા જેવી બાબતવાળી છાપેલી અથવા કોતરેલી વસ્તુ વેચવી. ૫૦૨. કાંઈ પણ છાપેલી અથવા કોતરેલી વસ્તુમાં આબરૂ લેવા જેવી કાંઈ બાબત છે એવું જાણીને જે માણસ તે વસ્તુ વેચે, અથવા તે વેચવા માડે, તો તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બાબ ૨૨ મો.

સાપરાધ ધમકી, તીરસ્કાર તથા દુઃખ બાબત.

સાપ્રાધ ધમકી. | ૫૦૩. જે સખ્સ કોઈ બીજા સખ્સને તેના શરીરને, આબરૂને, અથવા મિલકતને કાંઈ નુકશાન કરવાની, અથવા જેની સાથે તે બીજા સખ્સને સંબંધ હોય તેના શરીરને, અથવા આબરૂને કાંઈ નુકશાન કરવાની ડર દેખાડે, એવા ઇરાદાથી કે તે સખ્સને ગભરાટ પેદા થાય, અથવા તે ડર અમલમાં ન આવે એટલા માટે, જે કામ કરવાની તેની કાયદા પ્રમાણે ફરજ ન હોય તે કામ તે સખ્સ કરે, અથવા જે કામ કરવાનો તેનો કાયદા પ્રમાણે હક હોય તે કામ કરવામાં તે સખ્સ કસુર કરે, તેણે સાપરાધ ધમકીનો ગુનોહ કરયો એમ સમજવું.

ખુલાસો—કોઈ મુએલા સખ્સની સાથે જે સખ્સને સંબંધ હોય તે સખ્સને તે મુએલા સખ્સની આબરૂને નુકશાન કરવાની ડર દેખાડવો, તે આ કલમમાં દાખલ થાયછે.

દૃષ્ટાંત.

બ એક દિવાની મુકદમો ચલાવતો બંધ થાય એવા હેતુથી, અ બ ને ડર દેખાડે કે હું તારૂ ઘર બાળી નાખીશ, તો અ સાપરાધ ધમકીના ગુનાહનો તકશીરવાર છે એમ સમજવું.

સમાધાનીનો ભંગ કરવાના ઇરાદાથી જાણી જોઈને કોઇનોતીરસ્કાર કરવો. | ૫૦૪. જે માણસ ઇરાદાથી કોઈ સખ્સનો તીરસ્કાર કરીને તેને ક્રોધ ઉત્પન્ન કરે, એવા ઇરાદાથી કે તે ક્રોધને લીધે તે લોકની સુલેહમાં ભંગ કરે અથવા કાંઇ બીજો ગુનોહ કરે, અથવા એમ જાણીને કે તે સખ્સ તે ક્રોધને લીધે લોકની સુલેહમાં ભંગ અથવા કાંઈ બીજો ગુનોહ કરશે એવો સંભવ છે. તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ મુજબ મુકેલા તોહોમતને લીધે ફરિયાદી પાસેથી ક્રી. પ્રો. કો. કા. ૨૭૦ મુજબ ગુનેહગારને નુકશાની અપાવવાનો ઠરાવ કરયો. તેમાં ઠરાવ્યું કે ક્રી. પ્રો. કો. બાબ ૧૫ પ્રમાણેના કામમાં કા. ૨૭૦ પ્રમાણે જેજે કામમાં ફરિયાદ થયેથી પ્રથમ સમન નિકળે તે તે કામમાં માત્ર નુકશાની આપવામાં આવેછે માટે નુકશાની અપાવવાનો હુકમ રદ કરયોછે. (મુ. હા. વા. ૫ પાને ૧૨ સરકાર વિ૦ રામજી દાજી)

બંડ અથવા રાજ્ય વિરૂધગુનોહ વગેરે કરવાના ઇરાદાથીખોટી બુમ ચલાવવી. | ૫૦૫. કાંઈ વાત, અફવા, અથવા બુમ, જે માણસ ખોટી જાણતો હોય તે માણસ તે ચલાવે અથવા પ્રગટ કરે, એવા ઇરાદાથી કે રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજ માંહેલા કોઇ આફીસર, સોલજર, અથવા ખુલાસી બંડ કરે, અથવા એવા ઇરાદાથી કે લોકમાં ભય અથવા ગભરાટ પેદા થાય, અને તેણે કરીને કોઈ સખ્સને રાજ્ય વિરૂધ અથવા લોકની સમાધાની વિરૂધ કાંઈ ગુનોહ કરવાનું મન થાય તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

સાપ્રાધ ધમકીના ગુનાહની શીક્ષા.

જો તે ધમકી મોત અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો.

૫૦૬. જે સાપ્રાધ ધમકીનો ગુનોહ કરે, તેને બે વરસની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે, અને અગર મોત અથવા મહાવ્યથા કરવાનો, અથવા આગથી કાંઈ મીલકતનો નાશ કરવાનો, અથવા મોતની કે સમુદ્રપારની, અથવા સાત વરસની મુદત સુધીની કેદની શિક્ષા થાય, એવો કાંઈ ગુનોહ કરાવવાનો, અથવા કોઇ સ્ત્રીની સાથે વ્યભીચારનો દોશ મુકવાનો ડર દેખાડ્યો હોય, તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—"મોત આણવાને સાપ્રાધ ધમકી" "તથા નનામા કાગળ લખી સાપ્રાધ ધમકી" આણવાનાબે જુદાં જુદાં તોહોમત રાખી તે બેઉ બદલ જુદી જુદી શિક્ષા ફરમાવી નવ વરસની શિક્ષા કરી તેમાં હાઇકારટે ઠરાવ્યું કે કેદીએ એકજ ગુનોહ કર્યો છે માટે થી. જેડજે બે કલમો મુજબ જુદી જુદી આપેલી શિક્ષા સદરહુ ગુનાહને માટે ઠરાવેલી શિક્ષા કરતાં વધારે છે માટે વધારેની બીજા ગુનાહ બદલની જે બે વરસની શિક્ષા હતી તે રદ કરી (મુ. હા. વા. ૪ પાને ૧૨ સરકાર વિરૂધ. ઝોરા કારૂબેગ.)

ત્રીશ વરસની એક પુખ્ત ઉમરની સ્ત્રીના ભાઇને કેદીએ કહ્યું કે મને સરકારે મોકલ્યો છે અને તારી બેનને જવા નહી દઉ તો હું તને છ મહિનાની ટાંપ મરાવીશ. આ ઉપરથી કેદીપર આ કલમ પ્રમાણે તોહોમત ઠરાવ્યુ તેમાં ઠરાવ કર્યો કે ઉપર પ્રમાણે કેદીએ કહેલી બીના ખરી હોય તો પણ તેથી પીનલકોડના અર્થ પ્રમાણે સાપ્રાધ ધમકી નથી તેમજ તેથી આ આકટમાં બતાવેલા બીજા ગુનાહઓમાંનો પણ કોઈ નથી કારણ કે કાયદામાં નુકશાન એ શબ્દનો જે અર્થ લખ્યો છે તે નુકશાન બાબત ધમકી નથી (મુ. હા. વા. ૮ પાને ૧૦૧ સરકાર વિરૂધ. મોરોબા ભાસ્કરજી.)

કેટલાક શખ્સોએ પોતાની ન્યાતવાળા ફરિયાદ કરનારને એવું કહ્યું કે તું તારૂ ખેતર છોડી દે, નહી તો અમો તને ન્યાત બાહાર મુકીશું તેમાં ઠરાવ્યું કે એ પીનલકોડના અર્થ પ્રમાણે (એવું કહ્યાથી) સાપ્રાધ ધમકી થતો નથી કારણ કે પીનલકોડની કા. ૪૪ માં જે સમજણ લખી છે તેમાં જે નુકશાની વિશે ધમકી આપી હતી તે આવતો નથી (મુ. હા. તા. ૧૭ અગષ્ટ ૧૮૭૦ સરકાર વિરૂધ. આલથા ધરમા વિગરે.)

નનામા સંદેશાની મારફતે સાપ્રાધ ધમકી.

૫૦૭. કોઇ નનામા સંદેશા વડે, અથવા ડર દેખાડનારા સખ્સનું નામ કે તેનું રહેવાનું ઠેકાણું છુપાવવાની આગળથી તદબીર કરીને, જે માણસ સાપરાધ ધમકીનો ગુનોહ કરે તેને, તે ગુનાહને માટે ઉપલી કલમમાં ઠરાવેલી શિક્ષા ઉપરાંત, બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની બીજી શીક્ષા કરવામાં આવશે.

મારી ઉપરઈશ્વરની અપ્રસનતા થશે એવોબય ઉત્પન્ન કરીને કોઈ સખ્સપાસે કાંઇ કામ કરાવવું.

૫૦૮. કોઈ પણ સખ્સની જે વસ્તુ કરવાની કાયદા પ્રમાણે ફરજ નહી હોય તે વસ્તુ જે માણસ બુધિપુરવક તે સખ્સ પાસે કરાવે અથવા કરાવવાની કોશીશ કરે, અથવા જે વસ્તુ કરવાનો તે સખ્સનો કાયદા પ્રમાણે હક હોય તે વસ્તુ કરવામાં તેની પાસે કસુર કરાવે અથવા કસુર કરાવવાનો કોશીશ કરે, અને તે એવી રીતે કે જે વસ્તુ મારી પાસે કરાવવાની એ ગુનેહગારની મતલબ છે તે હું નહી કરૂં તો, અથવા જે વસ્તુ કરવામાં મારી

પાસે કસુર કરાવવાની એ ગુનેહગારની મતલબ છે તે હું કરૂં તો મારી ઉપર અથવા જેની સાથે મારો સંબંધ છે એવા કોઇ સખ્સની ઉપર ઈશ્વરની અપ્રસનતા થશે; અથવા એ ગુનેહગાર કાંઈ કરીને ઈશ્વરની અપ્રસનતા કરાવશે, એવો ભય તે સખ્સના મનમાં બેસાડી અથવા બેસાડવાની કોશીશ કરીને તે એ પ્રમાણે કરે; તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

(અ) અ ઝ ને બારણે બાંધવા બેસે, એવા ઈરાદાથી કે એમ તેને બારણે બેસવાથી ઝ ની ઉપર ઈશ્વરની અપ્રશનતા થશે એવો સંભવ ઉત્પન્ન થાય, તો આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ અ એ કીધો એમ સમજવું.

(બ) અ ઝ ને એવી રીતે ડરાવે કે જો તું ફલાણું કામ નહી કરે, તો હું માહારા છોકરાઓમાંના એક છોકરાનો જીવ તને આપીશ; અને તે એવી હાલતમાં હોય કે તે પોતાના છોકરાનો જીવ આપશે તો તેથી ઝ ની ઉપર ઈશ્વરની અપ્રસનતા થશે એવો ભય ઉત્પન્ન થાય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કર્યો એમ સમજવું.

કોઈ સ્ત્રીને લજવવાના ઈરાદાથી બોલેલા શબ્દ અથવા કરેલા ચાળા.

૫૦૯. કોઈ સ્ત્રીને લજવવાનો વીચાર કરીને જે માણસ કાંઈ શબ્દ બોલે, અથવા કાંઈ અવાજ કે ચાળા કરે, અથવા કાંઇ વસ્તુ દેખાડે, એવા ઈરાદાથી કે તે સ્ત્રી તે શબ્દ અથવા અવાજ સાંભળે અથવા તે ચાળા અથવા વસ્તુ જોય, અથવા તે સ્ત્રીની એકાંત જગાપર જે માણસ વગર રજાએ ઘુસે, તેને એક વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલ્લી રીતે પીવેલા સખ્સની બે મુનાસબ ચાલ.

૫૧૦. જે માણસ કેફની હાલતમાં છતાં, કોઈ જાહેર જગામાં જાય, અથવા જે જગામાં તેણે વગર રજાએ જવું કાયદા વિરૂધ હોય એવી કોઈ જગામાં જાય અને ત્યાં કોઈ સખ્સને દુખ થાય એવી રીતે ચાલે તેને ચોવીસ કલાકની મુદત સુધીની આસાન કેદની, અથવા દસ રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બાબ ૨૩ મો.

ગુન્હા કરવાની કોશીશ બાબત.

જે ગુનાહોને માટે સમુદ્રપારની અથવા કેદની શિક્ષા ઠરાવી છે તે ગુનાહ કરવાની કોશીશ કરવાની શિક્ષા.

૫૧૧. જે ગુનાહને માટે આ કાયદામાં સમુદ્રપારની અથવા કેદની શિક્ષા ઠરાવી હોય એવો કોઇ ગુનોહ કરવાની અથવા એવો કોઈ ગુનોહ કરાવવાની, જે માણસ કોશીશ કરે, અને તે કોશિશમાં તે ગુનોહ કરવા તરફ કાંઈ કામ કરે, તે માણસને, તેવી કોશિશને માટે શિક્ષા સંબંધી કાયદામાં કાંઈ સાફ ઠરાવ ન કર્યો હોય તેવે ઠેકાણે તે ગુનાહને

માટે જે પ્રકારની, કેદની શિક્ષા ઠરાવી હોય તે પ્રકારની, તથા તે ગુનાહને માટે કેદની અથવા સમુદ્રપારની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની અડધી મુદતની, કેદની અથવા સમુદ્રપારની, અથવા તે ગુનાહને માટે ઠરાવેલા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

(અ) અ એક પેટી ફોડીને કાંઈ જવેર ચોરવાની કોશિશ કરે, અને તે પેટી ફોડ્યા પછી તેને માલમ પડે કે માંહે કાંઈ જવેર નથી, તો તેણે ચોરી કરવા તરફ એક કામ કીધું, માટે આ કલમ પ્રમાણે તે તકશીરવાર થયો એમ સમજવું.

(બ) ઝ ના ખીસ્સામાં હાથ ઘાલીને તેમાંથી ચોરી કરવાની અ કોશિશ કરે, અને ઝ ના ખીસ્સામાં કાંઈ વસ્તુ ન હોવાને લીધે અ તે કોશિશમાં પાર ન પડે, તો આ કલમ પ્રમાણે અ તકશીરવાર થયો એમ સમજવું.

ટીકા.—કોઈ પણ ગુનોહ પુરણ થયા અગાઉ તેની ત્રણ પ્રકારની સ્થીતિ થાયછે. પહેલી— અપરાધ કરવાનો ઇરાદો છે એમ દેખાઈ આવવું; બીજી—અપરાધ કરવાની તૈયારી કરવી; ત્રીજી—અપરાધ કરવાનો પ્રયત્ન કરવો. આ ત્રણ પ્રકાર પૈકી ફકત ગુનોહ કરવાનો ઇરાદો હોવો અગર ગુનોહ કરવાની તઇયારી કરવી એ બે બદલ આ કાયદામાં શિક્ષા કહી નથી તેને માટે આ કલમ છે (મે. પૃ. ૩૬૧, ૩૬૨)

જે ગુનાહને માટે ફટકાની શિક્ષા કરવાને કાયદામાં કહેલું છે તેવા કોઈ ગુનાહની કોશીશ કર્યા બદલ ફટકાની શિક્ષા થઈ શકતી નથી (મુ. હા. વા. ૩ પાને ૩૭ સરકાર વિ૦ પેસાવલદપરશા)

કેદીએ બંદુકપર ટોટી ચડાવી નહિ છતાં તે ચડાવેલીછે એમ સમજીને ખુન કરવાના ઇરાદાથી કોઇના ઉપર તે બંદુક તાકીપણ બંદુકના ઘોડાની કળ દબાઈ નહિ તેથી તે જાણતો હતો કે તેનાથી માણસનું મોત થશે. એવી બાબતમાં કા. ૩૦૭ મુજબ તોહોમત નહિ ઠરાવતાં કા. ૨૯૯ અને ૩૦૦ ને સબંધે કા. ૫૧૧ પ્રમાણે તોહોમત ઠરાવ્યું (મુ. હા. વા. ૪ પાને ૧૭ સરકાર વિ૦ ફ્રાન્સીસ કયાસીડી)

આરોપિતપર કા. ૩૭૯ અને ૫૧૧ પ્રમાણે ચોરી કરવાની કોશેશ કરેચાનો ગુનોહ શાબિત ઠરાવી આરોપિતપર પ્રથમ સાત વખત ચોરીની શિક્ષા થયાથી તેને પી. કો. કા. ૭૫ પ્રમાણે દસ વરસ દેશનિકાલની શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે પીનલકોડના બાબ ૧૨ અથવા ૧૭ પ્રમાણે જે ગુનોહ ત્રણ અથવા વધારે વરસની કેદની શિક્ષાને પાત્રછે તેવો કોઈ ગુનોહ કરવાને કોશેશ કરેચાનો ગુનોહ કોઈ શખ્સ ઉપર શાબિત થયો હોય તો તેથી તે શખ્સ પી. કો. કા. ૭૫ માં ફરમાવેલી વધારે શિક્ષાને પાત્ર નથી. (મુ. હા. ઈ. લા. વા. ૫ પાને ૧૪૦ સરકાર વિરૂદ્ધ નાના રેહોમ)

કોઈ માણસની પહેલી બૈરી જીવતી છતાં અમુક એક બીજી સ્ત્રી જોડે મારૂં લગ્ન થનારછે એવી ઝાહેરખબર પ્રસિદ્ધ કરેયા છતાં પહેલી બૈરી જીવતી છતાં બીજુ લગ્ન કરવાનો તેણે યત્ન કર્યો એમ ગણી કોશેશ કરેચાનો ગુનેહગાર આ કલમ પ્રમાણે ઠરતો નથી (અલ્હા. ઈ. લા. વા. ૧ પાને ૩૧૬)

જે ગુનોહ કરવાનો પ્રયત્ન કરેચો એમ કહેછે તે પ્રયત્ન સિધ ગયો હોત તો તે ગુનોહ થયો હોત એવા પ્રકારનો તે યત્ન હોવા શિવાય આ કલમ પ્રમાણે કોઇનાપર અપરાધ શાબિત કરવો વાજબી નથી (કા. હા. ઇ. લા. વા. ૭ પા. ૩૫૨ સરકાર વિ૦ રિયાસતઅલી)

(True translation)
Nanabhai Haridass,
Translator.

સને ૧૮૭૦ નો આકટ ૨૭ મો.

હિંદુસ્તાનનો ફોજદારી કાયદો સુધારવા સારૂ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧ લું. કલમ ૩૪. ૨ જુ કલમ ૪૦. એ બે રદ થઈ તેને બદલે નવી દાખલ કરી. ૩ જુ. કલમ ૫૯ મોમાં બીજો પેરેગ્રાફ વધ્યો, ચોથુ કલમ ૧૨૧ મી આગળ ૧૨૧ અ ની કલમ તથા તે આગળ ખુલાસાનો પેરેગ્રાફ વધ્યો, ૫ મું ૧૨૪ મી કલમની આગળ ૧૨૪ મી અ ની કલમ તથા તે આગળ ખુલાસાનો પેરેગ્રાફ વધ્યો, ૬ ઠુ ૧૩૧ મી કલમની નિચે ખુલાસાનો પેરેગ્રાફ વધ્યો, ૭મું ૧૯૪, ૧૯૫મી કલમમાં "આ કાયદા મુજબ' એ શબ્દ છે તે કાઢી નાખી "અથવા ઈંગલાંડ દેશના કાયદા મુજબ" એ શબ્દ વધારયા, ૮ મું ૨૨૨, ૨૨૩ મી કલમમાં "અથવા જે શખ્સને કાયદેસર રીતે કેદમાં રાખ્યો હોય તેવા શખ્સને" એટલા શબ્દ વધારેયા છે. ૯ મુ. ૨૨૫ મી કલમની આગળ ૨૨૫ અ ની કલમ વધી છે. ૧૦ મું. ૨૯૪ મી કલમની આગળ ૨૯૪ મી અ ની કલમ તથા તેને લગતો બીજો એક પેરેગ્રાફ વધારેયો છે, ૧૧ મું ૩૦૪ થી કલમની નિચે ૩૦૪ થી અ ની કલમ વધારી છે, અને ૧૨ મું. ૩૦૭ મી કલમ નિચે એક પેરેગ્રાફ વધારેયો છે.

એ શિવાય બીજી કલમોમાં નીચેની કલમો વધી શકે તેવી નથી તેથી એ બાકીની નિચે દાખલ કરીએ છીએ.

ફોજદારી કાયદાના કેટલા એક બાબ લાગુ કરવા બાબત.

૧૩. સદરહુ કાયદાના કેટલાએક બાબ એટલે ૪ થો સાધારણ અપવાદ બાબતનો ૫ મો મદદગારી બાબતનો અને ૨૩ મો બાબ ગુનાહ કરવાની કોશિશ બાબતનો ૧૨૧ અ-તથા ૨૯૪ અ-અને ૩૦૪ કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુનાહોને લાગુ છે, અને સદરહુ ૪ થો તથા પાંચમો બાબ સદરહુ ૧૨૪ અ અને ૨૨૫ અ-કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુનાહોને લાગુ છે એવું સમજવું.

૧૨૧ અ અથવા ૧૨૪ અ અથવા ૨૯૪ અ કલમ પ્રમાણે ફરિયાદ કરવાને સ્થાનિક સરકારના હુકમની જરૂર છે. વિશેષ અને સ્થાનિક કાયદા કાયમ રાખ્યા છે પેહેલું પરીશીષ્ટ, ફોજદારી ઇનસાફનું ચલાવવાની રીત બાબતના કાયદાને જોડેલા પરીશીષ્ટનો ભાગ છે એવું સમજવું.

૧૪. સદરહુ ૧૨૧અ-તથા ૧૨૪અ-અને ૨૯૪ અ-કલમોમાંની હરકોઈ કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક હરકોઈ ગુનાહની ફરિયાદ સ્થાનિક સરકારના હુકમથી અથવા હુકમના આધારથી કરેયા વગર કોઈ કોરટે લેવી નહી.

૧૫. હરકોઈ વિશેષ અથવા સ્થાનિક કાયદાના કોઈ ઠરાવ આ આકટના કાંઈ ઠરાવથી હરકત થાય છે એવું સમજવું નહી.

૧૬. આ આકટને જોડેલું પેહેલું પરિશીષ્ટ ફોજદારી ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાને જોડેલા પરિશીષ્ટનો ભાગ છે એવું સમજવું.

આકટો રદ કરેયા બાબત.

૧૭. આ આકટને જોડેલા બીજા પરીશિષ્ટમાં જે આકટો લખેલા છે તે આકટો તેમાં લખેલું છે એટલે સુધી રદ કરેયા છે એવું સમજવું.

પરિશિષ્ટ ૨ જુ (કલમ ૧૭ જુઓ:)

નંબર અને વરસ	મથાળું	કેટલો રદ કીધો
૪ થા જારજ બાદશાહના રાજનાં ૯ મા વરસમાં ઠરેલા સ્ટાટપુટનો ૭૪ મો બાબ.	ઇસ્ટઈંડીયામાં ફોજદારી ઇનસાફ કરવાનું કામ સુધારવા બાબતનો આક્ટ.	૧ લી કલમના આરંભથી તે ૨૦ મી કલમની આખર સુધીની સઘળી કલમો, તથા ૧૩મી. ૧૪મી, ૧૫મી, અને ૧૨૧મી કલમ અને ૨૩મી કલમના આરંભથી તે ૨૯મી કલમની આખર સુધીની સઘળી કલમો, અને ૩૯મી, ૩૭ મી, ૫૧ મી, ૫૨ મી, ૫૯ મી, અને ૧૧૦ મી કલમ શીવાય સઘળો આક્ટ.
સન ૧૮૭૪ નો આક્ટ ૫ મો.	ગવરમેંટનો હુકમ વગેરે સોરતી કાઢવાની મના કરવાનો કાયદો	સઘળા આક્ટ.
સન ૧૮૬૭ નો આક્ટ ૪ થો.	હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કેટલીએક કલમોમાં "ગુનોહ" આ શબ્દ લખ્યો છે તેનો અરથ વધારવા બાબત અને બીજા કારણો સારૂ તે શબ્દનો અર્થ વધારવા બાબતનો આક્ટ.	

(True Translation)
Venayek Wasoodew
OrientalTranslator toGovernm

સમાપ્ત.

ઈંડિયાના ગવરનર જનરલ ઇનકાઉન્સિલનો હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સા-સન ૧૮૮૨ ના મારચ મહીનાની ૨ જી તારીખે મંજુર કરયો તે સઘળા લોકોને જાહેરના સારૂ છપાવીને પ્રસિધ કરયો છે.

સન ૧૮૮૨ નો આકટ ૮ મો.

હિંદુસ્તાનનો ફોજદારી કાયદો સુધારવા બાબતનો આકટ.

ઉદ્દેશ. | હિંદુસ્તાનનો ફોજદારી કાયદો સુધારવા સારૂ હેઠળ લખ્યા પ્રમાણેઠરાવ્યુંછેઃ—

હિંદુસ્તાનના ફોજદારીકાયદાની ૪૦ મી કલમની બીજી રકમનો સુધારો.

૧ સદરહુ કાયદાની ૪૦ મી કલમની ૨ જી રકમમાં "૧૦૯ મી" એ આંકડા પેહેલાં, "૯૪ મી, ૯૫ મી, ૯૬ મી, ' મી," આ આંકડાઓ દાખલ કરવા.

સદરહુ કાયદાની ૬૪મી નો સુધારો.

૨. સદરહુ કાયદાની ૬૪ મી કલમમાં "જે જે બાબતમાં ગુનેહગારને દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે" આ શબ્દોને હેઠળ લખ્યા પ્રમાણે મજકુર દાખલ કરવા, એટલેઃ—

"કેદની તથા દંડની શિક્ષા થઈ શકે એવા ગુનાહની જે જે બાબતમાં ગુનેહગારને કેદ થે કે કેદ વગર દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે તે તે બાબતમાં,

"અને ફક્ત દંડની શિક્ષા થઈ શકે એવા ગુનાહની જે જે બાબતમાં ગુનેહગારને ડની શિક્ષાનો હુકમ કરવામાં આવે"

સદરહુ કાયદાની ૬૭ ી કલમનો સુધારો.

૩. ૬૭ મી કલમમાં "એવો ગુનોહ હોય, તો" એ શબ્દો પછી "તે દંડ ન આપે તો કોરટ જે કેદની શિક્ષા કરે તે આ ૧ હોવી જોઇએ, અને" આ શબ્દો દાખલ કરવા.

હુ કાયદાની ૭૧ મી ૧માં ઉમેરો.

૪. સદરહુ કાયદાની ૭૧મી કલમમાં નીચલી રકમ ઉમેરવીઃ—

"જ્યારે કાંઈ પણ વસ્તુ, જે ચાલુ કાયદા ઉપરથી ગુનાહોની વ્યાખ્યા કરવામાં ાાવતી હોય તથા તેઓ બદલ શિક્ષા કરવામાં આવતી હોય તે ચાલુ કાયદાની બે અથ-ા વધારે જુદી જુદી વ્યાખ્યામાં આવે એવો ગુનોહ હોય ત્યારે, અથવા

"જે કૃત્યોમાંનું એક કૃત્ય અથવા એક કરતાં વત્તાં કૃત્ય જાતેજ ગુનોહ થાય તેવાં કટલાંક કૃત્યો એકઠાં કરવામાં આવે ત્યારે કાંઈ જુદો ગુનોહ થાય ત્યારે,

"ગુનેહગારનો ઇનસાફ કરનારી કોરટ સદરહુ ગુનાહો પૈકી કોઈ પણ એક ગુનાહ બદલ જેટલી શિક્ષા કરી શકતી હોય તે કરતાં વધારે શખ્ત શિક્ષા તે ગુનેહગારને કરવી નહી."

સદરહુ કાયદાની ૭૩ મી કલમનો સુધારો.

૫. સદરહુ કાયદાની ૭૩ મી કલમમાં "વધારે અને એક વરસથી ઓછી હોય" આ શબ્દોને બદલે "વધારે હોય અને એક વરસથી વધારે ન હોય" આ શબ્દો દાખલ કરવા.

સદરહુ કાયદાની ૨૧૪ મી કલમનો નવો અપવાદ

૬. સદરહુ કાયદાની ૨૧૪ મી કલમમાંના અપવાદને ઠેકાણે હેઠળ લખેલો મજકુર દાખલ કરવો એટલેઃ--

"અપવાદ.—જે જે બાબતમાં ગુનોહ કાયદેસર માંડી વાળી શકાય તે તે બાબત ૨૧૩ મી અને ૨૧૪ મી કલમોના ઠરાવો લાગુ પડતા નથી."

સદરહુ કાયદાની ૩૦૯ મી કલમનો સુધારો.

૭. સદરહુ કાયદાની ૩૦૯ મી કલમમાં "શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે" આ શબ્દોને બદલે "અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે" આ શબ્દો દાખલ કરવા.

સદરહુ કાયદાની ૩૩૫ મી કલમનો સુધારો.

૮. સદરહુ કાયદાની ૩૩૫ મી કલમમાં "મહાવ્યથા કરે" આ શબ્દોની પહેલાં "બુદ્ધિપુરવક" આ શબ્દ દાખલ કરવો.

સદરહુ કાયદાની ૪૧૦ મી કલમનો સુધારો.

૯. સદરહુ કાયદાની ૪૧૦ મી કલમમાં "નામ "ચોરીની મિલકત" પાડ્યું છે" આ શબ્દો પછી હેઠળ લખેલા શબ્દો દાખલ કરવા, એટલેઃ—

"પછી બ્રિટિશ ઈંડિયાની માંહે અથવા બાહાર તે કબજો એકની પાસેથી બીજા પાસે ગયો હોય અથવા તે સાપ્રાધ ખોટો ઉપયોગ અથવા વિશ્વાસઘાત થયો હોય તોપણ" અને "નો ગુનોહ" આ શબ્દો મુકી દેવા.

સદરહુ કાયદાની ૪૩૫ મી કલમમાં ઉમેરો.

૧૦ સદરહુ કાયદાની ૪૩૫મી કલમમાં "અથવા વધારેરૂપિયાની" આ શબ્દો પછી નીચલા શબ્દો દાખલ કરવા એટલેઃ

"અથવા (જ્યારે મિલકતખેતરમાંઉત્પન્ન થયેલો માલ હોયત્યારે)દસઅથવાવધારેરૂપિયાન

ક્યાંહાં ક્યાંહાં લાગુ છે સરૂઆત.

૧૧. આ અકટ આખા બ્રિટીશ ઈંડિયાને લાગુ છે; અને તે સન ૧૮૮૩ ના જાન્યુંયારી મહીનાની ૧ લી તારીખે અમલમાં આવશે.

(True translation).
S. P. PANDIT
Oriental Translator to Governme

[redacted]

બુદ્ધિપુરવક. વિચારે પુરવક એ શબ્દનો વિશેશ અરથ ૩૯મી કલમમાં લખેલોછે.

બોયું. દરિયામધે પાણીની નિચેના ખડક લંગર, વગેરે પદાર્થોનું ઠેકાણું દેખાડવા સારૂ રાખેલો નીશાણું તરતી

ભ

ભારવાહક. હેલકરા, મજુર બોજો ઉચકી લઇ જનારો.

ભ્રષ્ટ. પતિત, ઉંચે દરજ્જેથી પડેલું અપવિત્ર.

મ

મનુષ્યનયન માણસને લઈ જવું, એ શબ્દનો વિશેશ અર્થ ૩૬૨ મી કલમમાં લખેલો છે.

મનુષ્યવધ. માણસનો જીવ લેવો.

મનુષ્યહરણ. માણસનું હરણ એ શબ્દનો વિશેશ અર્થ ૩૫૯ તથા ૩૬૦ કલમોમાં લખેલો છે.

મહાવ્યથા. મોહોટું દુખ એ શબ્દનો વિશેશ અરથ ૩૨૦મી કલમમાં લખેલો છે

માનવી. મનુષ્ય સંબંધી, માણસ જાતનું.

મુખબંધન. મોહોડાનું બાંધણ.

મૈત્રી. દોસ્તી.

મૈથુન. સંભોગ.

મૈથુનેચ્છા. સંભોગની ઇચ્છા.

મ્યુનીશીપલ. કમિશનર. } શેહેરની સુધરાઇને સારૂ નિમેલો અમલદાર.

લ

લગ્નવિધી. લગ્નની ક્રિયા.

લોકાપકારક. લોકને અપકાર કરનારૂ.

લૌકીક. આ લોક સંબંધી.

વ

વૈકલ્પિક. વિકલ્પનું, આમ નહી તો આમ એ પ્રમાણે જેમાં વિકલ્પ છે તે.

વ્યથા. પીડા દુઃખ એ શબ્દનો વિશેશ અર્થ ૩૧૯મી કલમમાં લખેલો છે.

વ્યાજોક્તિક. જે બોલવામાં શબ્દનો અરથ એક હોય અને કહેવાનો અરથ ઉલટો જ હોય એવું બોલવું.

શ

શસ્ત્રક્રિયા. હથિયારથી કરવાની ક્રિયા.

શાસનિક. શિક્ષા સંબંધી.

શિક્ષણિય શિક્ષા કરવા જોગ.

શીઘ્રજ્વાળાગ્રહી. જલદીથી સળગી ઉઠે એવું

શુદ્ધબુદ્ધિ. પાક દિલ.

સંભાવ્ય. જેનો સંભવ હોય એવી વસ્તુ.

સર્વોપકારક. સરવને અપકાર કરનારૂ.

સહકાર. સાથે કાંઇ કરવા લાગવું.

સાદરથવું. નિકળવું.

સાપ્રાધ. અપરાધવાળુ ગુનાહ ભરેલું,

સારવજનિક. સઘળા માણસો સંબંધી.

સાહાય. મદદ.

સૃષ્ટિક્રમવિરુદ્ધ. જગતની રીતથી ઉલટું.

સેવાધરમ. શેઠની તરફ ચાકરનો ધરમ.

સ્પર્શેંદ્રિય. લાગવાની ઇંદ્રિય.

ક્ષ

ક્ષીણતા. ઓછાઇ, પાતળાઈ.

સને ૧૮૬૭ નો આક્ટ ૭ મો*

મુંબાઇના ગવરનર ઇનકાઉન્સિલને હેઠળ લખેલો આક્ટ સન ૧૮૬૭ ના નવેમ્બર મહિનાની ૧૫ મી તારીખે મુંબાઇના ગવરનર સાહેબે મંજુર કરયો, અને સન ૧૮૬૭ના ડીસેંબર મહીનાની ૧૨ મી તારીખે ગવરનર જનરલ સાહેબે મંજુર કરયો છે.

મુંબાઈ ઈલાકાની ડીસ્ટ્રીક્ટ પોલીસ બાબત નીયમ ઠરાવવાં બાબતનો આક્ટ.

મુંબાઇ ઇલાકાની પોલીસના બંદોબસ્ત બાબત નીયમ ઠરાવવા યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧ આ આક્ટમાં જે શબ્દો તથા વાકયો હેઠળ લખ્યાં છે, તે શબ્દોનો તથા વાકયોનો અરથ હેઠળ લખ્યા પ્રમાણે સમજવો પણ તેવા અરથને વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો હોય તો તેવો અરથ સમજવો નહી.

જીલ્લાનો "માજીસ્ત્રેટ" એ શબ્દ વડે કોઇ પણ જીલ્લા મધે હકુમત ચલાવવાનું કામ જે મુખ્ય અમલદારને સોંપ્યું હોય અને જે મુખ્ય અમલદાર માજીસ્ત્રેટનો અખ્તિયાર ચલાવતો હોય તે મુખ્ય અમલદારના હોદાનું ગમે તે નામ હોય તોપણ તે મુખ્ય અમલદાર સમજવો.

"માજીસ્ત્રેટ" આ શબ્દમાં જે માણસ માજીસ્ત્રેટનો સઘળો અથવા કાંઇ પણ અખતિયાર ચલાવતો હોય તે માણસનો સમાસ થાય છે એવું સમજવું.

જેટલા દેશમાં જીલ્લાના માજીસ્ત્રેટની હકુમત ચાલતી હોય તેટલા દેશને જીલ્લો સમજવો.

આ આક્ટ પ્રમાણે જે માણસો નીમવામાં આવશે તે સઘળા માણસોનો સમાસ "પોલીસ" અથવા "પોલીસ અમલદાર" એ શબ્દોમાં થાય છે એવું સમજવું.

"કાન્સ્ટેબલ" આ શબ્દ વડે પોલીસ માંહેનો સઉના કરતાં નીચા દરજ્જાનો અમલદાર સમજવો.

"માલ" આ શબ્દમાં હરકોઇ જંગમ માલનો અથવા નાણાંનો અથવા નાણાંના દસ્તાવેજનો સમાસ થાય છે એવું સમજવું.

"ઢોર" આ શબ્દમાં શીંગડાવાળા ઢોરોનો સમાસ થાયછે તે સિવાય વળી હાથીનો તથા ઊંટનો તથા ઘોડાનો તથા ગધેડાનો તથા ખચ્ચરનો તથા ઘેટાંનો તથા બકરાંનો તથા ડુકરોનો સમાસ થાય છે એવું સમજવું.

૨. રકમ ૧ લી—મુંબાઇના કાયદા પુસ્તક માંહેના સને ૧૮૨૭ના ૧૨મા કાયદાની હેઠળ લખેલી કલમોના જે ભાગ હજુ અમલમાં છે તે ભાગ આ કલમ ઉપરથી રદ કરયાછે.

૧ લી કલમ.	૩૦મી કલમ.
૩ જી કલમની પહેલી રકમ.	૩૧ મી કલમની ચોથી રકમ.
૪ થી કલમ.	૪૦ મી કલમ.

રકમ ૨ જી—"મુંબાઇ ઇલાકાની પોલીસના કામની તપાસ સદર ફોજદારી અદા

બત કોરટ રાખે છે તે તેની પાસેથી લેઈ લેવા બાબત" સન ૧૮૫૨નો ૨૮ મો આકટ છે તેની ૨ જી કલમ પણ આ રકમ ઉપરથી રદ કરી છે.

૩. ઇંડિયાના ગવરનર જનરલ ઇનકાઉન્સિલની મંજુરી લેઈને સરકાર વખત વખતે હુકમ કરશે તેટલા મુંબાઈ ઇलाकाના જુદા જુદા જીલ્લાના પોલીસ ખાતામાં અમલદારો તથા માણુસો નીમશે તથા તે ખાતાની તલી રચના ઠેરાવશે, અને તે માણુસોનો તેટલો પગાર મળશે.

૪. મુંબાઈ ઇલાકાની આખી પોલીસની તપાસ સરકાર રાખશે અને ઇંડિયાના ગવરનર જનરલ ઇનકાઉન્સિલના નિરબંધ તળે (એટલે હુકમ તળે) રહી સરકારે તે તપાસ રાખવી, અને આ આકટમાં કહ્યુ છે તે સિવાય બીજી રીતે કોઈ માણુસને અથવા અમલદારને અથવા કોરટને સરકારે હરકોઈ પોલીસ અમલદાર નીમવાનો અથવા હર કોઈ પોલીસ અમલદારની જગા ઉપર બીજા માણુસ નીમવાને અથવા હરકોઈ પોલીસ અમલદાર ઉપર નિબંધ ચલાવવાનો અધિકાર આપવો નહી.

૫. આખા મુંબાઈ ઇલાકાની અથવા મુંબાઈ ઇલાકાના કેટલાએક ભાગની પોલીસનો બંદોબસ્ત કરવાનું કામ સરકારને યોગ્ય જણાશે તે પ્રમાણે એક અથવા વધા કમિશનર નીમીને તથા યોગ્ય જણાશે તેટલા તેઓને આસિસ્ટંટ આપીને તેઓને સોંપવું, અને સરકાર ફરમાવશે તેટલા જીલ્લા દરએક કમિશનરના તાબામાં રેહેશે. એક અથવા વધા જીલ્લાની પોલીસના બંદોબસ્તનું કામ ડિસ્ત્રીકટ સુપ્રીનટેન્ડેન્ટને અને સરકારની નજરમાં જરૂર જણાશે તેટલા આસીસ્ટંટ ડીસ્ત્રીકટ સુપ્રીનટેન્ડેન્ટને સોંપવું. પણ તેઓની ઉપર સદરહુ કમીશનરના તાબા માંહેના જીલ્લાના માજીસ્ત્રેટનો નીરબંધ રહેશે અને હુકમ ચાલશે, સરકાર વખતે વખતે કમીશનર તથા ઉપર કહેલા બીજા અમલદાર નીમશે અને તેઓને કામ ઉપરથી દુર કરવાને પણ સરકાર મુખતિયાર છે.

૬. દરએક કમિશનરને પોતાના તાબા માંહેના જીલ્લાઓમાં માજીસ્ત્રેટનો સઘળો અખતિયાર છે એવું સમજવું પણ તે અખતિયાર સરકાર વખતે વખતે જે મરીયાદા ઠરાવે તે મરીયાદા પ્રમાણે ચલાવવો.

૭. પોતાને યોગ્ય જણાય તે હદમાં માજીસ્ત્રેટનો સઘળો અથવા કાંઇ એક અખતિયાર પોલીસના આસીસ્ટંટ કમીશનરને અથવા ડીસ્ત્રીકટ સુપ્રીનટેન્ડેન્ટને અથવા આશીસ્ટંટ ડીસ્ત્રીકટ સુપ્રીનટેન્ડેન્ટને આપવાને સરકાર મુખતિયાર છે. પણ એ પ્રમાણે તે અમલદારોને જે અખતિયાર મળ્યો હોય તેમાંથી જરૂર તેટલો સુલેહનો ભંગ થતો અટકાવવા સારૂ તથા ગુનાહ નહી થવા સારૂ તથા ગુનેહગારોને સોધી કાહાડવા સારૂ તથા તેઓને પકડવા સારૂ તથા માજીસ્ત્રેટની આગળ લેઈ જવાને તેઓને અટકાવી રાખવા સારૂ ચલાવવો, અને આ આકટો ઉપરથી તેઓને જે કામો સોંપી આપ્યાંછે તે કરવા સારૂ જરૂર હોય તેટલો ચલાવવો.

૮ આ આકટની ૫ મી કલમમાં કહેલા પોલીસ અમલદારો શીવાય બાકીના સઘળા પોલીસ અમલદારોને એક અથવા વધા જીલ્લાઓને સારૂ નીમવા અને સરકાર વખતે વખતે કાનુનો મંજુર કરશે તે કાનુનો પ્રમાણે તે અમલદારો નીમવાનો પોલીસ કમીશનરને તથા ડીસ્ત્રીકટ સુપ્રીનટેન્ડેન્ટને અખત્યાર છે. અને તે કાનુનો પ્રમાણે આ અમલદારો બાબત હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો કમીશનરને તથા ડીસ્ત્રીકટ સુપ્રીન

ટેન્ડેન્ટને અખત્યાર છે એટલે ફલાણો પોલીસ અમલદાર પોતાના કામમાં સુસ્ત છે અથવા ગફલત કરેછે અથવા કામને લાયક નથી એવું પોતાની નજરમાં આવે ત્યારે તેને હરકોઈ વખતે બરતરફ કરવાનો અથવા કામ ઉપરથી મોકુફ કરવાનો અથવા તેને ઓછા પગાર ઉપર નીમવાનો અખત્યારછે. અથવા હરકોઈ પોલીસ અમલદાર પોતાના કામમાં કાળજી નહી રાખશે અથવા ગફલત કરશે અથવા કાંઈ કામ કરીને પોતાનું કામ કરવાને નાલાયક થશે તો તેને ઘણામાં ઘણો એક મહીનાનો પગાર દંડ કરવાનો અખત્યારછે.

૯ સદરહુ પ્રમાણે નીમેલા દરેક પોલીસ અમલદારને તેની નીમણુક થયા પછી આ આકટને જોડેલા નમુના પ્રમાણે દાખલો કમીશનરના શીક્કાનો અથવા કમીશનર જે બીજા અમલદારને નીમશે તેના શીક્કાનો મળશે એ પ્રમાણે જે માણસને દાખલો મળ્યોછે તેને તે દાખલા ઉપરથી પોલીસ અમલદારનો અખત્યાર તથા કામ તથા હક મળેછે એવું સમજવું. સદરહુ દાખલામાં જે માણસનું નામ લખ્યું હોય તે માણસ પોલીસમાંહેની ચાકરી ઉપરથી મોકુફ અથવા બરતરફ થશે અથવા બીજી રીતે કામ ઉપરથી દુર થશે એટલે તે દાખલો રદ થશે એવું સમજવું. અને તે માણસનો ઉપરી અમલદાર હોય તેને સ્વાધીન અથવા દાખલો લેઈ લેવાનો અખત્યાર જે બીજા અમલદારને આપ્યો હોય તેને સ્વાધીન તે તાબડતોબ કરવો.

૧૦ પોલીસ અમલદારને ડીસ્ટ્રીક્ટ સુપ્રીંટેંડેંટે ખસુસ કરીને પરવાનગી આપી નહી હશે અથવા પરવાનગી આપવાનો જે બીજા અમલદારને અખત્યાર મળ્યો હોય તે અમલદારે ખસુસ કરીને પરવાનગી આપી નહી હશે અથવા વઈદનો દાખલો નહી હશે તો તેનાથી પોતાની ચાકરીમાંથી નીકળાશે નહી. અથવા રાજીનામું આપવાનો પોતાનો ઈરાદો તેની બીદાન બે મહીના આગમચ સુચના પોતાના ઉપરી અમલદારને લખીને આપી નહી હશે તો ડીસ્ટ્રીક્ટ સુપ્રીનટેંડેંટની પરવાનગી વગર પોતાની ચાકરીનું રાજીનામું અપાશે નહી.

૧૧ આ આકટ પ્રમાણે પોલીસ અમલદારને જે કામ હોય તે શીવાય બીજી કાંઈ ચાકરી અથવા કામ કમીશનરની ખસુસ કરીને લખેલી પરવાનગી લીધા વગર તેણે કરવું નહી.

૧૨ સરકારી ગેરસનંદી ચાકર લોકોને પેનશન મળવા બાબત જે કાનુનો છે તે કાનુનો પ્રમાણે પેનશન મળવાનો હક જે વરગના પોલીસ અમલદારને નહી હોય તે વરગના દર એક અમલદારના પગારમાંથી સરકાર ઘણામાં ઘણો રૂપીએ એક આના લગી જે ઠરાવે તે દર પ્રમાણે અવેજ કાપી લેવો. એ પ્રમાણે કાપી લીધેલા અવેજની અને પોલીસ અમલદાર મંદવાડને લીધે અથવા બીજા કારણને લીધે ગેરહાજર હોય ત્યારે તેના પગારમાંથી અવેજ કપાય તેમાંથી ફાજલ પડે તેની અને ગેરચાલ બાબત પોલીસ અમલદારને દંડ થાય તેની અને પીને છાકટા થએલા માણસોને માજીસ્ટ્રેટ દંડ કરે તે દંડની અને પોલીસ અમલદાર ઉપર હુમલો કરવા બાબત માજીસ્ટ્રેટ દંડ કરે તેની. અને પોલીસને વાપરવા સારૂ આપેલાં કપડાં અથવા બીજી જણસો જુની થાય અથવા નકામી પડે તે વેચતાં જે નાણું પેદા થાય તેની, અથવા સરકારે ઠરાવેલ બીજે રસ્તે અવેજ ઉપજે તેની સરકાર હુકમ કરે તે પ્રમાણે અને તેવા પ્રકારની નોટો વગેરે વખત વખત લેઈને વ્યાજ ઉપજાવવું. અને તેનું સઘળું વ્યાજ તથા વેંહેંચ

થી અથવા તેનો જે ભાગ આ આકટમાં કહેલાં કામ સારૂ ખપમાં આવ્યો નહી હોય તેનું પણ સદરહુ પ્રમાણે વ્યાજ ઉપજાવવું. અને "પોલીસ સુપર આન્યુએશન ફંડ" એ નામનો ભંડોળ કરવા સારૂ તે સઘળો અવેજ એકઠો કરવો. અને સરકાર નીયમ ઠરાવે તે નીયમ પ્રમાણે તેમાંથી સુપર આન્યુએશન પેનશનનો અથવા ગ્રેચ્યુઈટી (એટલે ઈનામ) વખતે વખતે આપવું પણ એવું ઠરાવ્યું છે કે પોલીસ અમલદારને પેનશન અથવા ગ્રેચ્યુઈટી આપ્યા વગર પણ બરતરફ કરવાનો અથવા કહાડી મુકવાનો અખીકાર છે. અને તે ફંડમાંથી પેનશન અથવા ગ્રેચ્યુઈટી મળવી જોઈએ એવો કોઈપણ પોલીસ અમલદારનો હક છે એવું સમજવું નહી. અથવા પોલીસ અમલદાર ચાકરીમાં હોય ત્યારે તેના પગારમાંથી અવેજ કાપી લીધો હોય તે પાછો મળવાનો તેનો હક પહોચે છે એવું સમજવું નહી.

૧૩ પોતાના તાબામાંહેના જીલામાં પોલીસ બનાવવા બાબત તથા તેના વરગ કરવા બાબત અને તેઓએ કયાં કયાં વીશેશ કામો કરવાં તે બાબત; અને તેઓને જોઈને તપાસ કરવા બાબત અને તેઓને હથીઆરો તથા સામાન સરંજામ તથા બીજી જરૂરીની જણસો આપવી જોઈએ તે કેવી આપવી તે બાબત; અને તેઓએ ખબર કહાડીને તે જાહેર કરવા બાબત પોતાને યોગ્ય જણાય તેવા હુકમ તથા કાનુન સરકારની મંજુરી લેઈને વખતે વખતે કરવાનો અખીકાર કમીશનરને છે. અને ગેરરીત કામ નહી થવા બાબત અથવા કામમાં ગફલત નહી થવા દેવા બાબત; અને પોતાના તાબામાંહેની પોલીસ પોતાનું કામ સારી રીતે બજાવે તેવી પોલીસને હુંશીઆર કરવા બાબત પોતાને યોગ્ય જણાય તેવા બીજા હુકમ તથા કાનુનો વખતે વખતે કરવાને કમીશનરને અખત્યાર છે. અને જુદા જુદા જીલામાં શી રીતે પોલીસ વેહેંચી આપવી તે તેણે માજીસ્ટ્રેટના અનુમતથી ઠરાવવું.

૧૪ ફલાણે ઠેકાણે સુલેહનો ભંગ થતો અટકાવવા સારૂ અથવા પોલીસના બીજા કામ કરવા સારૂ વળી બીજી પોલીસ મોકલવાની ફલાણા સબબથી જરૂર છે એવી કોઈ માણસ અરજી કરે ત્યાર પછી તે પ્રમાણે તે ઠેકાણે વળી બીજી પોલીસ યોગ્ય જણાય તટલી મુદત સુધી મોકલવાને હરકોઈ કમીશનર મુખત્યાર છે; અથવા જીલાના માજીસ્ટ્રેટનો હુકમ લેઈને તે પ્રમાણે કરવાને ડીસ્ટ્રીકટ સુપરીનટેન્ડેન્ટ મુખત્યાર છે એ પ્રમાણે બીજી મોકલેલી પોલીસ ઉપર ડીસ્ટ્રીકટ સુપ્રીન્ટેન્ડેન્ટનો હુકમ ચાલશે. અને તેનો ખરચ અરજી કરનારને આપવો પડશે. પણ એવું ઠરાવ્યું છે કે જે માણશની અરજી ઉપરથી સદરહુ પોલીસ મોકલી હોય તે માણસ કમીશનરને અથવા ડીસ્ટ્રીકટ સુપ્રીન્ટેન્ડેન્ટને એક મહીનો આગમચ લખેલી સુચના આપીને અથવા સદરહુ બેઉ અમલદારોમાંનો હરકોઈ અમલદાર જેટલી ઓછી મુદતની સુચના કબુલ કરશે તેટલી ઓછી મુદતની સુચના આપીને સદરહુ પોલીસ ઉઠાવી લેવાનું કહેવાને મુખત્યાર છે. અને સુચનાની મુદત પુરી થશે એટલે સદરહુ વતી પોલીસના ખરચનો ભાર તે માણસને માથેથી ઉતરશે એવું સમજવું.

૧૫ મુલકના કોઈ ભાગમાં લોઢાની સડકનું અથવા નેહેરનું કામ અથવા બીજું

[redacted]

૧૮. સુલેહનો ભંગ થતો અટકાવવા સારૂ અથવા હંગામો અથવા બખેડો બંધ પાડવા સારૂ અથવા જે બીજા માણસને પકડવાનો પોતાને અખતીયાર હોય તેને પકડવા સારૂ મદદ કરવાનું હરકોઇ માણસને ફરમાવવાને માજીસતરેટ અથવા પોલીસનો ડીસ્ત્રીક્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ અથવા આસીસટંટ ડીસ્ત્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ અથવા હરકોઇ પોલીસ અમલદાર મુખતીયાર છે.

૧૯. જે પોલીસ ફોજ હાજર હોય ને હુલ્લડ અથવા મોટું ધાંધળ બેસાડી દેવાને બસ નહી એવું નજરમાં આવે ત્યારે હથિયારના જોરથી હુલ્લડ બેસાડી દેવા સારૂ લશકરી મદદ, પાયદળ લશકરી ટોળીના અથવા ઘોડાના કમાંડીંગ આફીસરની પાસે માગવાનો અધીકાર તે જગાના જે કાજીસ્ત્રેટને સરખામણી કરતાં વધી મુખતીયારી હોય તેને છે.

૨૦. દરેક પોલીસ અમલદાર જે જીલ્લાનો અથવા જીલ્લાઓનો હોય તે જીલ્લામાં તે હમેશાં કામગીરી ઉપર છે એવું આકટના સરવ કારણો માટે સમજવું. અને મુંબાઇ ઇલાકાના બીજા કોઇ ભાગમાં તેની જરૂર હશે ત્યાં સુધી ત્યાં તેને કામગીરી ઉપર હરકોઇ વખતે મોકલવાનો અખતીયાર છે.

૨૧. યોગ્ય અધીકારીઓ કાયદાસર હુકમ તથા વારંટ આપ્યાં હોય તે તેણે તાબડતોબ માનીને અમલમાં લાવવાં અને લોકોના સ્વસ્થપણા બાબતની (એટલે સુલેહ બાબતની) ખબર કાહાડીને તે ખબર જાહેર કરવી અને ગુનાહ તથા લોકોપકારક કૃત્ય થતાં અટકાવવાનો બંદોબસ્ત કરવો અને ગુનેહગારોને સોધી કહાડીને તેઓનો ઇનસાફ થવા સારૂ તેઓને હાજર કરવા; અને જે માણસોને પકડવાનો પોતાને કાયદાની રૂહાએ અધીકાર હોય અને જે માણસોને પકડવાનું વ્યાજબી કારણ હોય તે શખ્સને પકડવાં, એ દરેક પોલીસ અમલદારનું કામ છે એવું સમજવું. અને આ કલમમાં કહેલાં હરકોઇ કારણસર વારંટ વગર પીઠામાં અથવા જુગારના અખાડામાં અથવા હલકાં અને બે ઢંગા માણસોને આવવા જવાની જગાએ પેશીને ચોકશી કરવાનો દરએક પોલીસ અમલદારને અધીકાર છે,

૨૨. હથીઆરો અથવા બીજી જણસો ગેરવ્યાજબી કામ સારૂ રાખી છે એવું પોતાની ધ્યાનમાં આવવાનું ગેરવ્યાજબી કારણ હોય તો તે સઘળાં પકડવાનો અધીકાર કાનસટેબલના કરતાં ઉંચા દરજ્જાના પોલીસ અમલદારને છે પણ પકડવા સારૂ રેહેવાના ઘરમાં પેસવાની જરૂર હોય તો વગર વારંટે પેસવું નહી. જીલ્લાનો માજીસતરેટ ફરમાવે તે પ્રમાણે તે હથીઆરોનો તથા જણસોનો નીકાલ કરવો.

૨૩. માજીસતરેટની રૂબરૂ ગજકુર જાહેર કરવાનો અને ગુનેહ કરનારની ઉપર કાયદા પ્રમાણે નીકળી શકે તેવો સમન અથવા વારંટ અથવા ઝાડો લેવાનું વારંટ અથવા કાયદેસર બીજો કાંઇ હુકમ માગવાનું અને આખરનો ફેંસલો થાય ત્યાં સુધી તે માણસની ઉપર ફરીઆદીનું કામ ચલાવવાનો હરકોઇ પોલીસ અમલદારને અખત્યાર છે.

૨૪. સઘળો બેવારસી માલ પોતાના તાબામાં લેવો અને તે જે ગામમાંથી જડયો હોય તે ગામના પોલીસ પટેલને હવાલે કરીને તેની પોહોચ લેવી એ દરેક પોલીસ અમલદારનું કામ છે અને તે ઠેકાણે જે માજીસ્ત્રેટની હકુમત ચાલતી હોય તે ન

જીકના માજીસ્ટ્રેટની પાસે તે પોહોંચ પોલીસ અમલદારે મોકલી દેવી.

૨૫ કોઈ માણસ આ આકટ પ્રમાણે પોલીસ અમલદારના કામમાંથી દુર થશે તે પોતાનો દાખલો થતા તથા કપડાં તથા હથીઆર વગેરે સાજ સરંજામ તથા કામ બજાવવા સારૂ પોતાને તથા જરૂરીની બીજી જણશો આપી હોય તે પાછી આપવાની જાણી જોઈને ગફલત કરશે અથવા ના કહેશે તો તે વાત માજીસ્ટ્રેટની આગળ સાબીત થયા પછી તે બસે રૂપીઆ સુધી દંડને લાયક થશે અથવા દંડ નહી આપશે તો તો ઘણામાં ઘણા છ મહીના સુધી એમાંના ગમે તે એક પ્રકારની કેદની શિક્ષાને લાયક થશે.

૨૬ પોલીસ અમલદાર પોતાને જે રીતે ચાલીને કામ કરવું જોઇએ તેથી ઊલટો ચાલશે અથવા યોગ્ય અખીતીઆરીએ કરેલો કાનુન અથવા કાયદા અથવા કાયદાસર હુકમ જાણી જોઇને તોડશે અથવા તેમાં ગફલત કરશે અથવા પરવાનગી વગર અથવા બે મહીના અગાઉ સુચના આપ્યા વગર પોતાના હોદાનું કામ તોડશે અથવા પોલીસની ચાકરી શીવાય બીજું કાંઈ કામ હુકમ વગર માથે લેશે અથવા બીકીકપણું કરશે અથવા કોઇ માણસ પોતાના તાબામાં કેદમાં હોય ત્યારે તેને વગર આધારે મારકુટ કરશે તો માજીસ્ટ્રેટની આગળ તે વાત સાબીત થયા પછી તે પોલીસ અમલદાર ઘણામાં ઘણા ત્રણ મહીનાના પગાર જેટલા દંડને અથવા ઘણામાં ઘણા ત્રણ મહીના સુધી એમાંથી હરકોઇ એક પ્રકારની કેદની શિક્ષાને અથવા એ બેઉ શિક્ષાને લાયક થશે.

૨૭ સાર્વજનીક રસ્તામાં અથવા ગલામાં અથવા રાહાદારીની બીજી જગાએ લોકો એકઠાં થાય તો તેઓએ શી રીતે એકઠાં થવું, અને એકઠાં થઇને જાય ત્યારે શી રીતે એકઠાં થઇને જવું. (તથા વરઘોડા વગેરે શી રીતે કાહાડવા) તે બાબત કામ પડે ત્યારે હુકમ ઠરાવવાનો અખીતીઆર અને વરઘોડા વગેરે કયે રસ્તે અને કઇ વખતે લઇ જવા તે ઠરાવવાનો અખીતીઆર પોલીસના ડીસ્ટ્રીકટ સુપ્રીનટેન્ડેન્ટને તથા આસીસ્ટંટ ડીસ્ટ્રીકટ સુપ્રીનટેન્ડેન્ટને છે. વાર તેહેવારને દાહાડે અથવા ધરમ સંબંધી ક્રીયાને પ્રસંગે ગામના રસ્તામાં વાજાં વગાડવા દેવા બાબત નિયમ ઠરાવવાનો અધિકાર પણ તેઓને છે.

૨૮ સાર્વજનીક રસ્તામાં તથા ગલીમાં તથા રાહાદારીની જગોએ તથા નાહાવાની તથા ધોવાની તથા ઉતરવાની જગાએ તથા લોકોને આવવા જવાની સઘળી જગાએ અથવા લોક ભકિત કરતા હોય ત્યારે ભકિત કરવાની જગાની આશપાશ બંદોબસ્ત કરવા અને સાર્વજનીક રસ્તામાં અથવા ગલીમાં અથવા રાહાદારીની જગાએ તથા નાહાવાની તથા ધોવાની તથા ઊતરવાની જગાએ રસ્તો બંધ નહી થઇ જાય તથા સાર્વજનિક રસ્તામાં ઘણી ભીડ નહી થાય એવો બંદોબસ્ત રાખવો એ પોલીસનું કામ છે.

૨૯. ઉપરની છેલી બેઉ કલમો પ્રમાણે આપેલા હુકમને જે માણસ હરકત કરશે અથવા નહી માનશે તે માણસ સદરહુ હુકમ આ આકટની ૨૭ મી કલમ પ્રમાણે કરયો હશે તો તે વાત તેની ઉપર માજીસ્ટ્રેટની આગળ સાબીત થયા પછી બસે રૂપીઆ સુધી દંડને લાયક થશે અથવા દંડ નહી આપશે તો ઘણામાં ઘણા છ મહીના સુધી એમાંથી ગમે તે એક પ્રકારની કેદની સજાને લાયક થશે અને સદરહુ હુકમ આ આકટની ૨૮ મી કલમ પ્રમાણે કરયો હશે તો તે વાત તેની ઊપર માજીસ્ટ્રેટની આગળ સાબીત થશે તો ૫૦ રૂપીઆ સુધી દંડને લાય

ક થશે અથવા દંડ નહી આપશે તો ઘણામાં ઘણા બે મહીના સુધી બેમાંથી ગમે તે એક પ્રકારની કેદની સજાને લાયક થશે.

૩૦ ઉપરની છેલી ત્રણ કલમોમાં કહેલી બાબતમાં જીલ્લાના માજીસ્ત્રેટનો સામાન્ય અધીકાર છે. તે અધીકારને તે કલમોના કોઈ ઠરાવથી હરકત થાય છે એવું સમજવું નહી.

૩૧ જે શેહેરમાં અથવા બીજી જગોએ માજીસ્ત્રેટ રહેતા હોય તે શેહેરમાં અથવા બીજી જગોએ; અથવા જે શેહેરને અથવા બીજી જગાને અથવા સારવજનિક રસ્તાને આ કલમ સરકારના જાહેરનામા ઉપરથી ખાસુસ કરીને લાગુ કરી હોય તે શેહેરમાં અથવા બીજી જગાએ અથવા રસ્તામાં અથવા રસ્તા પાસે કોઈ માણસ રેહેવાથી એોને અથવા આવનારા જનારા લોકોને અટકાવ થાય અથવા કંટાળો આવે અથવા જોખમ અથવા બીક અથવા નુકશાન લાગે તેવી રીત હેઠળ લખેલા ગુનાહ કરશે તો માજીસ્ત્રેટની આગળ તે વાત તેના ઉપર સાબીત થયા પછી તે પચાસ રૂપીઆ સુધી દંડને લાયક થશે, અથવા દંડ નહી આપશે તો ઘણામાં ઘણા આઠ દાહાડા સુધી કેદની શીક્ષાને લાયક થશે. અને કોઈ માણસ પોતાના દેખતાં તેવો ગુનોહ કરતાં માલમ પડશે તો તેને વારંટ વગર કેદ કરવાનો અધીકાર હરકોઈ પોલીસ અમલદારને છે તે ગુનાહની વીગત નીચે મુજબ:—

૧ કોઈ માણસ કોઈ જાનવરને મનમાં આવે તેમ અવિચારથી અને નિરદયપણે બડબસે અથવા તેનો ગેરઉપયોગ કરશે અથવા તેના ઊપર જુલમ કરશે તે.

૨ સારવજનિક કુવો અથવા તળાવ અથવા હોદ અથવા પાણીની જગા જે કામ સારૂ નીમી હોય તે કામમાં ઓછી ઉપયોગી પડે તેવી રીતે તેમાં કોઈ માણસ નાહાશે અથવા ધોશે અથવા બીજી રીતે ખરાબ કરશે. અથવા ખરાબ કરાવશે તે, પણ એવું ઠરાવ્યુ છે કે તેવું નહી કરવા બાબતનું જાહેરનામુ પાસેની પ્રસિદ્ધ જગાએ જીલ્લાની ભાષામાં મારયું હશે તો.

૩ જે માણસ ઘોડા ઊપર અથવા બીજા ઢોર ઊપર બેશીને તેને કોઈ રસ્તામાં અથવા રાહાદારીની જગાએ બેપરવાઈથી અથવા ઘણા જોરથી હાંકશે, અથવા શિખવશે, (અથવા પલોટશે,) અથવા તેને સંભાળવાનો પુરો બંદોબસ્ત કરયા વગર મુકી જશે અથવા ફલાણું ઢોર અથવા વાહન કાઢી લેઈ જાઓ એવી સુચના પોહોંચ્યા પછી જરૂર હોય તે કરતાં વધતી વાર લગી રહેવા દેશે, અથવા અંધારી રાતે હરકોઈ જાતની ગાડી જોઈએ તેટલું બરાબર અજવાળું પડે તેવા દીવા વગર હાંકશે, અથવા વગર હુકમે કાંઈ માલ વેચવા સારૂ અથવા બીજા કામ સારૂ માંડી મુકશે, અથવા નીમેલી જગા સિવાય બીજી જગાએ કચરો અથવા ગોજવાડ અથવા પુંજો મુકશે, અથવા માજીસ્ત્રેટની અથવા મ્યુનિસિપાલ કમીશનરની અથવા પોલીસ અમલદારની પરવાનગી વગર દારૂખાનું (એટલે આતસબાજી) છોડશે અથવા સારવજનિક રસ્તાથી ૫૦ ફુટની અંદર બંદુક વગેરે અગ્નિશસ્ત્ર અથવા દારૂખાનું છોડશે તે.

૪ કોઈ માણસ સારવજનીક રસ્તામાં અથવા ગલીમાં અથવા રાહાદારીની જગાએ અથવા તેની પાસે અથવા સામે કાંઈ ઢોરને મારી નાખશે અથવા મારેલું ઢોર અથવા

આગકું સાફ કરશે, અથવા જાણીજોઈને અથવા ગીરબજપણે પોતાનું શરીર ઉઘાડું મૂકશે. અથવા પઈસા મેળવવા સારૂ કંટાળો આવે તેવું કૃરપણું અથવા રોગ ઉઘાડો મુકશે. અથવા લોકાપકારક કૃત્ય કરશે, અથવા દારૂ વગેરે પીને તોફાન અથવા મસ્તી કરશે; અથવા પોતાથી પોતાની સંભાળ નહી થાય તેવો છાકટો થઈ જશે તેઃ

૩૨ ઊપરની છેલી કલમ પ્રમાણે જે જે માણસ ઉપર તોહોમત આવ્યું હોય તે માણસને પોતાની આગળ આણ્યા પછી માજીસ્ટ્રેટની આગળ તેણે હાજર થવું. એ બાબત જામીન સુધાં અથવા જામીન વગર તે માણસનો મુચરકો લેવો એ કોનસ્ટેબલના કરતાં ઊંચા દરજજાના દરેક પોલીસ અમલદારનું કામ છે.

૩૩ કોઈ માણસ માજીસ્તરેટની અથવા મ્યુનીશીપાલ કમીશનરની પરવાનગી વગર કોઈ રાહદારીની જગાએ માંડવો અથવા છાપરૂ અથવા તબેલો અથવા તેવું બીજું કાંઈ બાંધશે અથવા પથરા અથવા ઘર બાંધવાનો સામાન મુકશે, અથવા પાસે રહેનારાઓને અથવા આવનાર જનાર લોકોને કંટાળો આવે તેવી રીત શેહેરની અથવા ગામની હદમાહેની અથવા જગ્યામાહેની ટાંકીઓમાં અથવા ઉકરડામાં અથવા તેવા બીજા કશામાં ગોબરો પદારથ પાકા કારણ વગર જાણી જોઈને એકઠો થવા દેશે; અથવા કોઈ ઘરમાંથી અથવા કારખાનામાંથી અથવા તબેલામાંથી અથવા સંડાસમાંથી અથવા તેવા બીજા કશામાંથી રાહદારીની જગાએ ગોબરો પદારથ પાકા કારણ વગર જાણી જોઈને રહેવા દેશે, અથવા જે તળાવ અથવા હોદ પાણી પીવા સારૂ નીમ્યો હોય તેમાં ચોમાસામાં જે વેહેળાને રસ્તે પાણી આવતું હોય તે વેહેળામાં મુએલું જનાવર અથવા કચરો અથવા ગોબરવાડ નાંખશે, અથવા જે બીજી જગ્યાએ સદરહુ પ્રકારનો કચરો પુંજો નાખ્યાથી લોકોને ઉપદ્રવ થાય તે જગ્યાએ નાંખશે, અથવા ઠરેલી કાનુનો અથવા માજીસ્ટ્રેટનો હુકમ નહી માનીને ઘાસ અથવા બીજો જવાળાગ્રહી (એટલે તાબડતોબ સળગી ઊઠે તેવો) પદારથ રહેવાના ઘરથી અથવા ગડસાળથી અથવા બીજી ઇમારતથી ૫૦ વારની અંદર સાંચી મુકશે, અથવા ભરી મુકશે, અથવા તે પ્રમાણે સાંચી મુકયો હોય અથવા ભરી મુકયો હોય તે કહાડી લેઈ જવાને ચુકશે. અથવા કસબામાહિની, અથવા ગામમાહેની, અથવા રહેવાની જગામાહેની, અથવા તેની પાસેની જમીન ઊપરની અથવા સારવજનીક રસ્તામાહેની અથવા રાહાદારીના ઠેકાણામાહેની અથવા તેની પાસેની જમીન ઊપરની વાડ અથવા વધી ગએલા કંટાળા અથવા ઝાડી ઘણીજ વધવા દીધાથી લોકોને ઉપદ્રવ થવા જેવું હોય તે વાડ ઝારવાનો અથવા તે કંટાળા અથવા ઝાડી ઝારી નાખવાનો અથવા કહાડી નાખવાનો માજીસ્ટરેટે હુકમ કરયો હોય તે નહી માનશે તો તે વાત માજીસ્તરેટની આગળ સાબીત થવા પછી તે માણસ સદરહુ પ્રકારના દરેક ગુનાહ બાબત પચાસ રૂપીઆ સુધી દંડને લાએક થશે; અથવા દંડ નહી આપશે તો વધારેમાં વધારે આઠ દહાડા લગી કેદની સજાને લાયક થશે. પણ એવું છે કે ૩ ફુટ ઊંચી અને ૩ ફુટ પહોળી કરતાં ઓછી ઊંચાઈની અને પેહેળાઈની વાડ ઝારવાનું કોઈ માણસને ફરમાવવું નહી.

૩૪ કોઈ શેહેરની અથવા ગામની સારવજનીક અથવા પડતરજમીનમાંના કંટાળા અથવા બીજી વનસ્પતી (એટલે ઝાડ બીડ) અથવા ઉપદ્રવકારક ગંદકી કાહાડી નાં-

ખવાની જરૂરછે એવું ફોજદારી માજીસ્ટ્રેટની નજરમાં આવે ત્યારે તે જમીન સાથે જે લોકોને સંબંધ હોય તે લોકોને અને તે શેહેરના તથા ગામના રેહેવાશીઓને જનરલ નોટીસ આપીને તે કાહાડી નાંખવાનો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે, તે નોટીસ ચાવડીમાં (એટલે ગામને ચોરો) અથવા લોકોને આવવા જવાની મુખ્ય જગ્યાએ મારવી. તે નોટીસમાં યોગ્ય મુદત લખી હોય તે યોગ્ય મુદતમાં (તે મુદત ૭ દહાડા કરતાં ઓછી લખવી નહી) તે હુકમ પ્રમાણે નહી થશે તો તે વનસ્પતિ અથવા ઉપદ્રવ્યકારક ગંદકી કાઢી નાંખવાને માજીસ્તરેટ મુખત્યાર છે અને તે બાબત ખરચ થાય તેનો સદરહુ માજીસ્તરેટ ફરમાવે એટલે લોકો ઉપર ફાળો નાંખીને આ આકટની ૧૬ મી અને ૧૭ મી કલમમાં કહેલી રીતે તેઓની પાસેથી તે ખરચ લેવો.

૩૫. આ આકટ પ્રમાણે ગુનહો સાબીત થયા પછી ઇનસાફ કરનારા અમલદારે શીક્ષા ઠરાવવી જોઇએ તેટલો દંડ અથવા કેદની શીક્ષા કરવાનો પોતાને અખત્યાર હોય તે અખત્યારની અંદર ઠરાવવી, પણ એવું ઠરાવ્યું છે કે કાનસ્ટેબલના દરજા કરતાં ઊંચા દરજાના કોઇ પોલીસ અમલદારની ઉપર આ આકટ પ્રમાણે ફરીઆદ થાય તેની માજીસ્તરેટનો કુલ અખત્યાર ચલાવનારા અમલદારે જ તજવીજ કરીને ફેંસલો કરવો.

૩૬. આ આકટમાં જે ગુનાહ બાબત શીક્ષા ઠરાવી છે તે ગુન્હા બાબત બીજા કોઇ કાયદા પ્રમાણે અથવા આકટ પ્રમાણે કોઇ માણસ ઉપર ફરિયાદ કરવાની મનાછે એવો આ આકટના કોઈ ઠરાવનો અરથ કરવો નહી; અથવા તેવા ગુન્હા બાબત આ આકટમાં જે શીક્ષા ઠરાવી છે તેથી બીજી કાંઇ જુદી અથવા વતી શીક્ષા બીજા કોઇ કાયદા ઉપરથી અથવા આકટ ઉપરથી થવાને તે માણસ લાયક નથી એવો પણ અરથ કરવો નહી પણ એવું ઠરાવ્યું છે કે એકના એક ગુન્હા બાબત કોઇ માણસને બે વાર શીક્ષા થશે નહી.

૩૭. જે ગુન્હા બાબત શિક્ષા કરવાનો માજીસ્ત્રેટને અધિકાર છે તે ગુન્હા બાબત આ આકટના આધારથી દંડ અથવા ગુન્હેગારી ઠરાવવામાં આવે તે નહી ભરે અને માજીસ્ત્રેટને યોગ્ય જણાય તો જીલ્લાના માજીસ્તરેટની હકુમતની હદમાં ગુન્હેગારનો માલ હોય તે જપ્ત કરીને વેચીને તે દંડ અથવા ગુન્હેગારી વસુલ કરવાનો અખત્યાર છે. જે માજીસ્તરેટે હુકમ કરયો હોય તેની સહીના વારંટ ઉપરથી તે માલ જપ્ત કરીને વેચવો.

૩૮. સદરહુ દંડ અથવા ગુન્હેગારી તાબડતોબ નહી ભરે તો સદરહુ જપતીના વારંટના પરીણામની હકીકત યોગ્ય વખત લખાઇ આવે ત્યાં સુધી ગુનેહગારને પકડીને કેદમાં રાખવાનો હુકમ કરવાને માજીસ્તરેટ મુખત્યાર છે. પણ જપતીના વારંટના પરીણામની હકીકત મોકલવા સારૂ જે ઠેકાણું તથા વખત ઠરાવી હોય તે ઠેકાણે તથા તે વખતે હું હાજર થઇશ એવો માજીસ્તરેટની ખાત્રિનો જામીન ગુન્હેગાર આપે તો તેને પકડીને કેદ કરવો નહી.

૩૯ દંડ વસુલ થાય તેટલો માલ જપતીમાં જડતો નથી એવું જપતીના વારંટના પરીણામની હકીકત લખાઇ આવ્યા ઉપરથી દેખાય અને ગુનેહગાર તાબડતોબ દંડ નહી ભરે અથવા ગુન્હેગારની જુબાની ઉપરથી અથવા બીજી રીતે માજીસ્તરેટની ખાત્રિ

થાય કે જપતીનું વારંટ આપવું તોપણ કરેલો દંડ આપવા એવેજ વસુલ થાય તેટલી માલ મિલકત ગુનેહગારની પાસે નથી તો તે માજીસ્તરેટ પોતાની સહીનું વારંટ આપીને પોતાની નજરમાં આવે તે પ્રમાણે કેદમાં રાખવા સારૂ ગુનેહગારને તે ગુનેહગાર રાણીની વિલાયતી રઈયત નહી હોય તો ફુરંગમાં મોકલવાને મુખત્યાર છે. પચાશ રૂપીયા કરતાં વત્તો દંડ નહી હોય તો ઘણામાં ઘણા બે "કાલેન્ડર" મહીના સુધી કેદમાં રાખવો અને સો રૂપીય. કરતાં વત્તો દંડ નહી હોય તો ઘણામાં ઘણા ચાર કાલેંડર મહીના સુધી કેદમાં રાખવો; અને એ વગર બીજે પ્રસંગે ઘણામાં ઘણા છ "કાલેંડર" મહીના સુધી કેદમાં રાખવો પણ દંડનો એવેજ આપે તો ગુનેહગારને કેદમાંથી તા-બડતોબ છોડી મુકવો.

૪૦ ગુનેહગાર રાણીની વીલાયતી રઈયત હોય ત્યારે માજીસ્ટરેટ જસ્ટીસ આફ ધી પીસ હોય તો હુમલો (એટલે મારામારી)ના મુકદ્દમામાં દંડ વસુલ કરવાની જે રીત ત્રીજા જારજ બાદશાહની કારકીરદીમાં થયેલા ૫૩ સ્ટાટયુટસ ૧૫૫ મા બાબની ૧૦૫ મી કલમમાં કહીછે તે રીતે તે માજીસ્તરેટ દંડ વસુલ કરવો. સદરહુ માજીસ્તરેટ જસ્ટીસ આફ ધી પીસ નહી હોય તો જે વાત બની હોય તે તેણે દફતરમાં લખીને તે દફતર જીલ્લાની હદમાં બીજો કોઈ માજીસ્તરેટ જસ્ટીશ આફ ધી પીસ હોય તેની પાસે મોકલી દેવું પછી તે માજીસ્તરેટે ઉપર કહેલી રીતે તે દંડ વસુલ સારૂ ગુનેહગાર ઉપર કામ ચલાવવું.

૪૧ પોલીસ અમલદારના હુકમથી સમન વગેરે હુકમ પોહોંચાડવા બાબત એવેજ આવે તે સઘળો એવેજ તથા ઇનામનો તથા દંડનો અથવા ઇનામના તથા દંડના હીસ્સાનો એવેજ ખબર આપનારને કાયદા પ્રમાણે આપવામાં આવેછે તેવો એવેજ પો-લીસ અમલદારને ખબર આપી હોય તે ઉપરથી આવે તે સઘળો જનરલ પોલીસ ફંડમાં જમે કરવો. પણ એવું ઠરાવ્યું છે કે પોલીસ ફોર્સના કોઈ માણસે વિશેષ ચાકરી બજાવી હોય તે બાબત તેને સદરહુ પ્રકારના ઇનામનો અથવા દંડનો સઘળો એવેજ અથવા તેનો કાંઈ ભાગ આપવાની આ કલમના કોઈ ઠરાવ ઉપરથી મનાછે એવુ સમજવું નહી.

૪૨. આ આકટના ઠરાવ ઉપરથી અથવા આ આકટ પ્રમાણે પોલીસને સામાન્ય અધિકાર આપ્યો છે તે અધિકાર ઉપરથી હરકાંઈ વાત કરવા બાબત અથવા કરવાનો ઇરાદો કરવા બાબત કોઈ માણસ ઉપર કાયદા પ્રમાણે જે ફરીઆદ ચાલી શકતી હોય તે ફરીઆદ જે વાત બાબત ફરીઆદ કરવી હોય તે વાત બન્યા પછી ત્રણ મહીનાની અંદર શરૂ કરવી જોઈએ અને નહી તો ચાલશે નહી અને ફરીયાદ શરૂ કરયા પેહેલાં નેહાન એક મહીના આગમચ તે ફરીયાદીની તથા તેના કારણની પ્રતીવાદીની અથવા જે જીલામાં તે વાત બની હોય તે જીલાના ડીસ્ટ્રિકટ સુપ્રીન્ટેન્ડેન્ટને અથવા આશીસટંટ સુપ્રીનટેનડેનટને સુચના લખીને આપવી. એ પ્રમાણે ફરીયાદ કરયા પહેલાં પ્રતીવાદી નુકશાનનું પુરેપુરૂં વળતર આપવા માંડશે. અથવા ફરીઆદ કરયા પછી પ્રતીવાદી અથવા પ્રતીવાદીને તરફથી કોઈ પુરેપુરી રકમ કોરટમાં ભરશે તો વાદીની ફરીઆદ ચાલશે નહી અને સદરહુ પ્રકારના મુકદમામાં વાદીની તરફનું હુકમનામું થશે તોપણ તેને પ્રતીવાદીની પાસેથી ખરચ મળશે નહી પણ જે જડજની આગળ તે મુકદમાનો ઇનસાફ થશે તે જડજ એવો દાખલો

આપશે કે એ ફરીઆદ કરી તે બાબતમાંથી તેજ પ્રતિવાદીની પાસેથી ખરચ મળશે પ ણ એવું ઠરાવ્યું છે કે સદરહુ અમલદાર ઉપર જે વાત બાબત ફોજદારીમાં કામ ચાલ્યું હશે તેજ વાત બાબત તેની ઉપર દીવાનીમાં કામ ચાલશે નહી.

૪૩. કોઈ પોલીસ અમલદાર પોતાના હોદાના જોરથી કાંઈ વાત કરી હોય તે બાબત તેની ઉપર ફરીયાદ થાય અથવા કામ ચાલે ત્યારે મેં એ વાત માજીસ્ત્રેટે આપેલા વા રંટના આધારથી કરી છે એવો જવાબ આપવાનો તેને અખત્યાર છે. સદરહુ વાત કરવા નું જે વારંટમાં ફરમાવ્યું હોય અને જેની ઉપર માજીસ્ત્રેટની સહીહોય તે વારંટ રજુ કરીને તે જવાબ સાબીત કરવો પછી માજીસ્ટરેટની હકુમતમાં કાંઈ ખામી હોય તો પણ પ્રતીવાદીની તરફનું હુકમનામું કરવું. માજીસ્ટરેટની સહી ખરી છે કે નહી તે બાબત કોર ટને શક આવવાનું કારણ નહી હોય ત્યારે માજીસ્ટરેટની સહી બાબત પુરાવાની જરૂર નથી પણ એવું ઠરાવ્યું છે કે તે વારંટ આપનારા અધીકારીની ઉપર ફરીયાદ કરવાનો લોકો નો જે ઈલાજ ચાલતો હોય તે ઈલાજને આ કાયદાના કોઈ ઠરાવથી હરકત થાય છે એ વું સમજવું નહી.

૪૪ પોલીસના કારણ સારૂ ગામના હરકોઈ પોલીસ અમલદાર ઉપર જે અખત્યાર ચલાવવાનો જીલ્લાનો માજીસ્ટરેટ મુખત્યાર છે તે અખત્યાર પોલીસ કમીસનરની મંજુરી લઈને પોલીસના ડીસ્ત્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટને આપવાને જીલ્લાનો માજીસ્ટરેટ મુખત્યાર છે.

૪૫ વંશપરંપરાના અથવા બીજા પ્રકારના ગામના પોલીસ અમલદારનું નામ આ આકટ પ્રમાણે પટમાં દાખલ થયું નહી હોય તો તેને આ આકટનો કોઈપણ ઠરાવ લા ગુ થાય છે એવું સમજવું નહી. સદરહુ પ્રમાણે પટમાં નામ દાખલ થશે એટલે તે અમલ દારને આ આકટના ઠરાવ લાગુ થશે. વંશપરંપરાના ગામના પોલીસ અમલદારનું નામ તેના અનુમત વગર અને તેને નીમવાનો જેઓને અખત્યારહોય તેઓના અનુમત વ ગર આ આકટ પ્રમાણે પટમાં દાખલ કરવું નહી.

૪૬. આ આકટ સીંધપ્રાંતને લાગુ છે પણ મુંબાઈ શેહેરને લાગુ નથી.

૪૭. આ આકટ "સન ૧૮૬૭ નો મુંબાઈનો ડીસ્ત્રીક્ટ પોલીસ આકટ." કહેવો.

નમુના (કલમ ૯ મી જુઓ.)



અ. બ. ને મુંબાઈના ઇલાકામાંહેના ક. ડ. જીલાની અથવા જીલાઓની પોલી સની આશામી નીમ્યાછે, અને સને ૧૮૬૭ના મુંબાઈના ડીસ્ત્રીક્ટ પોલીસ આકટ પ્ર માણે પોલીસ અમલદારને જે અખત્યાર તથા હક છે તે તેને આપ્યાછે.

(True Translation)

VENAYEK WASSOODEW

Oriental Translator to Government.

આ કાયદો અમદાવાદ હિતેચ્છુ પ્રેસમાં જેશંગ મુળજીએ છાપ્યો.

કલમ ૭

આ આક્ટ પ્રમાણે નિમાયલા કોઈ પોલીસ અમલદારે પોતાના તાબામાંથી બે જાહેર ચોરો કેદમાં હતા તેઓને નાશી જવા દીધા; અને પોતાના વરિષ્ટને રીપોર્ટ કરવાનું તેનું કામ છતાં તેણે કાંઈ રીપોર્ટ કર્યો નહી તેથી આ આક્ટની કલમ ૨૬ પ્રમાણે યોગ્ય અધિકારીએ કરેલા હુકમને જાણી જોઈને તોડવાના અથવા તે બજાવવા માં કસુર કરવાના ગુન્હા વીશે તેને પોલીસના સુપ્રીનટેનડેન્ટ કે જે ફુલપાવર માજીસ્ટ્રેટ પણ હતો તેણે ગુન્હેગાર ઠરાવ્યો. તેમાં ઠરાવ્યું કે પોલીસના સુપ્રીનટેનડેંટને તે ફુલ પાવર માજીસ્ટ્રેટ હોય તોપણ એ કામની તજવીજ કરવાનો અધિકાર નહોતો (એજ આક્ટની કલમ ૭ પ્રમાણે) (મુ. હા. તા० ૧૦ મી ફેબરવારી ૧૮૭૦ સરકાર વિરૂધ્ધ સઈયદ ઉમર હુસેન.)

કલમ ૯

પોલીસ લોકો કે જેઓને રેલવે પોલીસ કરી કેહેછે અને જેઓને રેલવે કંપની માંથી પગાર મળેછે, તેઓને ડીસ્ટ્રિક્ટ પોલીસ આક્ટની કલમ ૯ પ્રમાણે કમીશનર એફ પોલીસ તરફથી કમીશન મળેલું હોયછે તોપણ કામની ગફલત સારૂ તેઓ સને ૧૮૫૪ ના રેલવે આક્ટ ૧૮ ની કલમ ૨૭ પ્રમાણે જવાબદાર છે. (મું. હા. તા० ૧૫ મી જુન ૧૮૭૧ સરકાર વિરૂધ્ધ સાયદ કાજી વલદે ગનીશા વિગેરે.)

કલમ ૧૧

પોલીસ અમલદારોનું જે કાંઈ કામ તે તેઓ કરતાં હોય ત્યારે તે શિવાય બીજી કેરી પણ ચાકરી કરવાનું માથે લેવાની તેને મનાઈ કરવાનો આ આક્ટની કલમ ૧૧ ઉપરથી હેતુછે. પણ જો પોલીસ અમલદાર કામ ઉપરથી મોકુફ થયો હોયતો તેને બીજો કામ ધંધો કરીને પોતાનો નિરવાહ ચાલવા વીશે કાંઈ હરકત જણાતી નથી. તેને કેટલીક મુદત સુધી કામ ઉપરથી તહકુબ કરયો હોય તે મુદત પુરી થાય ત્યારે તે અવકાશમાં જે ચાકરી કરવાનું તેણે માથે લીધું હોય તે ચાકરીનું એકદમ રાજીનામું આપવાને તે બંધાયેલો છે, નહી તો તે આક્ટની કલમ ૨૬ માં લખેલી શીક્ષાને તે પોતે પાત્ર થશે (મું. હા. તા० ૩ જી અગષ્ટ સન ૧૮૭૧ સરકાર વિરૂધ્ધ ડોસા વલદે ઉમર).

કલમ ૨૬

આ આક્ટની કલમ ૭ અને ૧૧ ઊપર જે ફેંસલાઓ ટાંક્યા છે તે આતરે પણ વાંચો.

કલમ ૨૭

આ કલમ પ્રમાણે એક ડીસ્ટ્રિક્ટ સુપ્રીનટેનડેન્ટે જાહેરનામું કરી જે હુકમ કરયો તે હુકમ અમાન્ય કરી આરોપી તે પોતાના ઘરમાં ૨૭ કે ૨૮ માણસ એકઠા કરી નીમેલા વખત બાહર વાજાં વગડાવ્યાં તેથી તેને શીક્ષા કરી તેમાં ઠરાવ્યું કે આ કલમ ઉપરથી ખાનગી ઘરમાં વાજાં વગાડવાનો અટકાવ કરવાનો પોલીસને અધિકાર નથી તેથી શીક્ષા રદ કરી. (મુ. હા. વા. ૯ પાને ૧૫૩ સરકાર વિરૂધ્ધ લખમા ચાંગો).

આ કલમ પ્રમાણે કરેલો હુકમ લખી હોવો જોઈએ એમ જરૂર નથી તેથી જો આ કલમ પ્રમાણે મોઢેનો હુકમ કરયો હોય અને તે કોઈ ન માનેતો તે કલમ ૨૯ પ્રમાણે શિક્ષાને પાત્ર થાયછે (મું. હા. વા. ૭ પાને ૨ સરકાર વિરૂધ્ધ બાપુજી ગંગારામ).

કલમ ૨૮

એવો ઠરાવ કરવામાં આવ્યો જે આ કલમ પ્રમાણે રસ્તાની યોગ્ય બાજુએ હાંકવા વિશે લોકોને હુકમ ફરમાવવા બાબત સામાન્ય જાહેરનામુ કરવા સારૂ પોલીસને અખત્યાર છે. (મું. હા. તા० ૧૬ મી જુન સને ૧૮૭૦ સરકાર વિ० ગોડા બારથી.)

આ કલમ પ્રમાણે કરેલો હુકમ લેખી હોવો જોઈએ એમ જરૂરનું નથી તેથી જો આ કલમ પ્રમાણે મોઢેનો હુકમ કર્યો હોય અને તે કોઈ ના માને તો તે કલમ ૨૯ પ્રમાણે શિક્ષાને પાત્ર થાયછે. વળી આ કલમમાં "મહાદાઓને સર્વ ઠેકાણે" એ શબ્દ છે તેમાં દેવળ અને તેની હદનો સમાવેશ થાયછે અને તે શબ્દથી ભકતી કરવાની જગાની આસપાસના અને તેની અંદરનો જરૂર દેખાય તે વખતે બંદોબસ્ત કરવાનો પોલીસનો અખિકાર છે. (મું. હા. વા. ૭ પાને ૨ સરકાર વિ. બાપુજી ગંગારામ.)

કલમ ૩૧

આ કલમ મુજબ કરેલા ગુન્હા બદલ, દંડ બદલ જે કેદની શિક્ષા કરવાની તે બાબત શિક્ષા નહી કરતાં આસાન કેદની કરવી જોઈએ. (મું. હા. વા. ૫ પાનું ૪૩ સરકાર વિરૂધ બેચર ખુશાલ.)

જે જે ઠેકાણે સ્થાનિક માજીસ્ટ્રેટ છે તે તે ઠેકાણે સરકારે મુદામ જાહેરનામું કર્યા શિવાય સદરહુ કલમ એકદમ લાગુ કરવામાં આવી છે. તેમાં જાહેરનામુ કરવાની જરૂર નથી (મું. હા. વા. ૫ પાને ૧૦૦ સરકાર વિ૦ કેરૂ રામશેઠ વિગરે).

યુરોપખંડમાં જન્મેલી બ્રિટીશ રયતપર દીવા વગર રાતરે ગાડી ચલાવવી તેથી તેને આ કલમ પ્રમાણે એક ફસ્ટકલાસ માજીસ્ટ્રેટ કે જેને જસ્ટીસ ઓફ ધી પીસનો અખિકાર હતો તેણે શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે યુરોપખંડમાં જન્મેલી બ્રીટીશ રયત ઉપર જે ફોજદારી અખિકાર મળેલા છે. (આ કલમ પ્રમાણે) તેને સબંધે વિચાર કરતાં યુરોપમાં જન્મેલી રયતને લાગુ પડનારો કાયદો કરવાનો જોકે મુંબાઈની કાયદા કરનારી કાઉન્સીલને અખિકાર નહોતો. તો તે પરથી આ કલમ પ્રમાણે તેવા સબબો પર કામ ચલાવવાને માજીસ્ટ્રેટના અખિકારને પણ અડચણ આવે છે માટે શિક્ષા રદ કરી (મું. હા. વા. ૭ પાને ૬ સરકાર વિરૂધ એડવરડ રે).

આ કલમની રકમ ૫ પ્રમાણે તેમાં બતાવેલું મનાઈનું જાહેરનામુ લગાડયું નહીં હોયતો તોહોમત સાબીતી ગેરકાયદેસર છે કેમકે મજકુર રકમના અર્થમાં સમાવેશ થાય છે એવી નદીએ કાંઈ સ્નાન વિગરે કરીને ખરાબ કરવાની જગો નથી. (મું. હા. તા. ૩૧ મી અગષ્ટ ૧૮૭૧ સરકાર વિરૂધ કોઠીરામ ભાસ્કર વિગરે)

આ કલમમાં "અપકારક કૃત્ય કરે" એવા જે બોલ લખ્યા છે તેનો અરથ પેનલકોડની કલમ ૨૬૮ માં જે "અપકારકકૃત્યની" વાખ્યા આપીછે તેવો નથી પણ "અપકારકકૃત્ય કરો નહી" એવી જે લોકોને સામાન્ય નોટીસ આપેલી હોયછે તેમાં "અપકારક કૃત્ય" એ બોલનો જે અરથ થાય છે તેજ અરથ સદરહુ કલમ ૩૧ માં સમજવો. (મું. હા. તા૦ ૮ મી એપ્રીલ ૧૮૭૮ સરકાર વિરૂધ નીલકંઠ બલાલ વિગરે).

જનાવરને એકદમ ગોળીથી મારવું એ ગુન્હો સદરહુ કલમ પ્રમાણે કરૂરતા નથી. (મું. હા. તા૦ ૨૩ મી જુલાઈ સને ૧૮૬૮).

કલમ ૩૩

માજીસ્ટ્રેટે ક્રિમીનલ પ્રોશીજરકોડની કલમ ૫૧૮ મુજબ વધી પડેલી વાડ કાપી બરોબર કરવાનો હુકમ કરેલો તે નહી માનવા બાબત પેનલકોડની કલમ ૧૮૮ મુજબ તોહોમતની શાબીતી થયેલી તેમાં ઠરાવ્યું કે તુરતા તુરત ઈલાજ કરવાની કાંઈ જરૂર નહોતી એવું મુકરદમાની હકીકત ઉપરથી માલુમ પડયું માટે જે હુકમ માનવામાં નથી આવ્યો તે હુકમ કરવાનો માજીસતરેટને અખત્યાર નહોતો કેમકે કલમ ૫૧૮ ના પેહેલા ખુલાસામાં એવી બાબતને સારૂ બીજો અને થોડો સંક્ષેપ રસ્તો બતાવેલો છે. વળી માજીસતરેટને એવી પણ ખબર આપી કે એવા મુકરદમાને સને ૧૮૬૭ના આકટ ૭ ની કલમ ૩૩ વધારે લાગુ પડેછે. (મું. હા. તા૦ ૧૧ જુન સને ૧૮૭૪ સરકાર વિ. બાપુજી બેચર)

सन १८६७ नो आकट ८ मो.

મુંબાઇના ગવરનર ઇનકાઉંસિલનો હેઠળ લખેલો આકટ સને ૧૮૬૭ના નવેંબર મહીનાની ૧૫મી તારીખે મુંબાઇના ગવરનર સાહેબે મંજુર કરયો, અને સને ૧૮૬૭ ના ડીસેંબર મહીનાની ૧૯ મી તારીખે ગવરનર જનરલ સાહેબે મંજુર કરયો છે.

મુંબાઇ ઇલાકાની ગામની પોલીસ બાબત નીયમ ઠરાવવા બાબતનો આકટ.

મુંબાઇ ઇલાકાની ગામની પોલીસ બાબત નીયમ ઠરાવવા યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧ "પોલીસ કમીશનર" તથા "પોલીસનો ડીસ્ત્રિકટ સુપ્રીન્ટેન્ડેન્ટ તથા પોલીસનો આસિસ્ટંટ સુપ્રીટેન્ડેન્ટ" તથા પોલીસ અમલદાર "જીલ્લાની પોલીસ" આ શબ્દો આ આકટ જયાં લખ્યાછે ત્યાં તે શબ્દો ઉપરથી તથા "સને ૧૮૬૭ના મુંબાઇના ડીસ્ત્રિકટ પોલીસ આકટ" પ્રમાણે નીમેલા તે અમલદારો સમજવા.

૨ રકમ ૧ લી—મુંબાઇના કાયદા પુસ્તકમાંહેના સન ૧૮૨૭ ના ૧૨ મા કાયદાના જે ભાગ આ કલમ ઉપરથી રદ કરયા છે તેની વીગત.

૬ ઠી કલમ.

૨૨ મી કલમનો જેટલો ભાગ રદ થયો નથી તેટલો ભાગ.

૪૮ મી કલમના આરંભથી તે ૫૩ મી કલમના છેડા સુધી.

રકમ ૨ જી—"મુંબાઇ ઇલાકાના ગામોના પટેલોને અને બીજા મુખીયોને કાંઇ અખીકાર આપવા બાબત" સન ૧૮૫૨ નો ૨૭ મો આકટ છે તે પણ રદ કરયો છે.

૩. દરએક જીલ્લાના ગામની પોલીસના બંદોબસ્તનું કામ પોલીસ કમીશનરના નીબંધ તથા હુકમ પ્રમાણે જીલ્લાના માજીસ્ત્રેટે કરવું. આસીસ્ટંટ અથવા ડેપ્યુટી કલેકટર પ્રમાણે જે ફુલપાવર માજીસ્ત્રેટને તાબે મુલકી કામ હોય તે માજીસ્ત્રેટને ગામની પોલીસનો બંદોબસ્ત કરવાના કામના હરકોઇ ભાગ પોલીસ કમીશનરની મંજુરી લઇને આપવાનો જીલ્લાના માજીસ્ત્રેટને અધિકાર છે.

૪. પોલીસના કારણ સારૂ ગામના હરકોઇ પોલીસ અમલદાર ઉપર જે અખત્યાર ચલાવવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે. તે અખત્યાર પોલીસ કમીશનરની મંજુરી લઇને ડીસ્ત્રિકટ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટને આપવાનો જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે.

૫. રકમ ૧ લી—પોલીસ કમીશનરની મંજુરી લઇને જીલ્લાનો માજીસ્ત્રેટ લખીને જે માણસને પોલીસ પટેલ નીમશે, તેને સ્વાધીન દરેક ગામની પોલીસ રેહેશે, અને જે માણસ મુલકી પટેલનું કામ ચલાવતો હોય તેજ માણસને જીલ્લાના માજીસ્ત્રેટે પોલીસ પટેલ નીમવો. પણ ગામ મોહોટું હોય તે સબબથી અથવા બીજા કાંઇ વાજબી સબબથી જુદી જુદી નીમનોકો કરવી યોગ્ય છે એવું પોલીસ કમીશનરની નજરમા આવે તો મુલકી પટેલને પોલીસ પટેલ નીમવો નહી.

રકમ ૨ જી—નીમનોક કરતી વખતે સદરહુ માજીસ્ત્રેટે "મુંબાઇ પ્રેશીડેન્શીના તાબા માહેલા દેશમાંના વતનના અમલદારોએ પોતાનો અમલ શી રીત ચલાવવો તે રીત

ઠરાવવા બાબત" સને ૧૮૪૭ નો ૧૧ મો આકટ છે તેના ઠરાવ ઉપર અને વંશપરંપરાના અમલદારોની (એટલે વતનદારોની) ચાકરી બાબત નીયમ ઠરાવવા વિષે બીજો કોઈ આકટ ચાલુ હોય તેના ઠરાવ લાગુ હોય તે પ્રમાણે તે ઠરાવ ઉપર બરાબર નજર રાખીને નીમણોક કરવી. પણ મુલકી પટેલનેજ પોલીસ પટેલ નીમ્યો નહી હોય અને તે કામ વારાફરતી અથવા બીજી રીતે કરવા બાબત એક કરતાં વત્તા જણા દાવો કરે ત્યારે તેઓમાંથી જે વધારે લાયક હોય તેને નીમવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખ્ત્યાર છે.

રકમ ૩ જી—કોઈ શેહેરમાં અથવા જગાએ (ગામની પોલીસનું) કામ એક પોલીસ પટેલથી બરાબર રીતે ચલાવાતું નહી હોય ત્યારે પોલીસ કમીશનરનું અનુમત લઈને તે શેહેરની અથવા જગાની જુદી જુદી ટુકડી સારૂ જરૂર હોય તેટલા પોલીસ પટેલ નીમવાનો જીલ્લાના માજીસ્ત્રેટને અખ્તીઆર છે.

૬. પોલીસ પટેલ ઉપર જીલ્લાના માજીસ્ત્રેટની હકુમત ચાલેછે તે શીવાય વળી જે માજીસ્ત્રેટની હકુમતની હદની અંદર તેનું ગામ હોય તે માજીસ્ત્રેટના હુકમ પ્રમાણે તેણે કામ કરવું. અને તે માજીસ્ત્રેટ જે પત્રકો અથવા ખબર માગે તે તેને તેણે આપવી અને ગુન્હા બાબત તથા ગામની પોલીસને લગતાં સઘળાં કામ બાબત અને પોતાના ગામના લોકોની આરોગ્યતા તથા તેઓની સામાન્ય સ્થિતિ કેવી છે તે બાબત હમેશાં ખબર આપ્યાં કરવી. પોલીસ અમલદારો પોતાનું કામ કરવા સારૂ મદત માગે તો પોલીસ પટેલે જેટલી થાય તેટલી મદત તેઓને કરવી. માજીસ્ત્રેટ અથવા પોલીસ અમલદાર પોલીસ પટેલની ઉપર જે હુકમ તથા વારંટ મોકલે તે હુકમ તથા વારંટ તાબડતોબ માથે ચડાવીને અમલમાં લાવવા અને સુલેહ બાબત ખબર કાહાડીને ડીસ્ટ્રીકટ પોલીસને જાહેર કરવી, અને પોતાના ગામની હદમાં ગુન્હા તથા લોકોપકારક કૃત્ય થતાં અટકાવવાનો બંદોબસ્ત રાખવો, અને ગુન્હેગારોને પકડી કાઢીને તેઓનો ઇનશાફ થવા સારૂ તેઓને મોકલવા.

૭. ગામના ચાકરનું ગણું કરીને ગમે તે કામ હોય તોપણ તે સરવની પાસે પોતાના કામમાં મદત માગવાનો પોલીસ પટેલને અધિકાર છે. અને પોલીસ પટેલને સઘળા પત્રકો તથા પ્રોશીડીંગ લખીને તઈયાર કરી આપવાનું કામ ગામના વંશપરંપરાના અથવા નીમનોકી તળાટીનું છે એવું સમજવું.

૮. ચોરી નહી થાય તથા સુલેહનો ભંગ નહી થાય તથા સઘળા લોકોને તથા ગામના લોકોને ઇજા થાય તેવા કામો નહી થાય તેવો બને તેટલો બંદોબસ્ત રાખવા સારૂ ગામના ચાકર લોકોની વ્યવસ્થા પોલીસ પટેલે કરવી. અને તે ચાકર લોકોમાંથી કોઈ માણસ ગેરરીતે ચાલે અથવા ગફલત કરે તો તે સઘળી વાત પોલીસ પટેલે જે માજીસ્ત્રેટ પ્રત્યક્ષ તાબામાં હોય તે માજીસ્ટરેટને તેણે જાહેર કરવી.

૯. પોલીસ પટેલ અથવા પોલીસનું કામ પડે ત્યારે ગામના ચાકરોમાંથી જે માણસને તે કામ કરવું પડે તે માણસ પોલીસનું કામ કરવામાં ગફલત અથવા આળસ કરશે તો ફુલપાવર માજીસ્ટરેટના હુકમથી તે માણસ પોતાના ત્રણ મહીનાના પગારની સરાસરી જેટલા રૂપીયા સુધી દંડને લાયક થશે. વળી શિક્ષા કરવા લાયક કોઈ કામ પોતે જે રીતે ચાલવું જોઈએ તેથી ઉલટી રીતે ચાલીને પોલીસ પટેલ કરશે અથવા કાનુન તોડશે,

અથવા બીજે પ્રકારે ગેરરીત ચાલશે અથવા ગુનોહ કરશે તો તેને બરતરફ કરવાને સદરહુ માજીસતરેટ મુખતિયાર છે, અથવા હિંદુસ્તાનની ફોજદારી કાયદા પ્રમાણે સરકારી નોકરની પેઠે તેની ઊપર કામ ચલાવીને તેને શિક્ષા કરી શકાશે, અને ગુનોહ સાબીત થશે ત્યારે તે બરતરફ થવાને લાયક થશે. પણ એવું ઠરાવ્યું છે કે પટેલના દરજાના કોઈ માણસને પોલીશ કમીશનરની મંજુરી વગર આ કલમ પ્રમાણે બરતરફ કરવો નહી.

૧૦ ગામની હદમાં ગુનોહ કરીને ગુનેહગાર નાસી ગયો હોય. અથવા માલમ પડતો નહી હોય તો પોલીસ પટેલ પોતાનું ગામ જે ડીસ્ટ્રીકટ પોલીસ થાણાની હદમાં હોય તે થાણાના અમલદારને તાબડતોબ ખબર મોકલવી અને પોતાની જાતે ચોકશી કરવા માંડવી. અને તે બાબત જે પુરાવો મળે તે લેઈને સદરહુ અમલદારની પાસે તેણે મોકલવો.

૧૧ રકમ ૧લી—ગામની હદમાં કોઈ માણસ કમોતે અથવા અકસ્માત મરણ પામે અથવા કોઈનું મુડદુ જડે, તો પોલીસ પટેલે તે ગામના અથવા આસપાસના બે અથવા વત્તા હુંશિયાર માણસોને પંચાતનામુ કરવા સારૂ તાબડતોબ બોલાવીને એકઠા કરવા, પછી તે માણસોએ મરણના કારણની તથા તેને લગતી સઘળી હકીકતની ચોકશી કરીને લખેલો રીપોરટ કરવો, રીપોરટ પોલીસ પટેલે તે ગામ જે ડીસ્ટ્રીકટ પોલીસ થાણાની હદમાં હોય તે થાણુ જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારને તુરત પોહોચતો કરવો.

રકમ ૨ જી—પોલીસ પટેલ કોઈ માણસને સદરહુ પ્રકારની પંચાતમા બેસવાનું કહે તે માણસ વાજબી કારણ વગર પંચાતમા બેસવાની ના કહેશે અથવા ગફલત કરશે તો તે ગુનોહ તેની ઉપર માજીસતરેટની આગળ સાબીત થયા પછી તે ઘણામાંઘણા પચાસ રૂપીયા સુધોદંડને અથવા દંડ નહી આપશે તો એક મહીના સુધી કેદની સજાને લાયક થશે.

રકમ ૩ જી—કાયદા વિરૂધ રીતે મરણ થયુ છે એવું પંચાતનામાની હકીકત ઉપરથી જણાય તો પોતાનું ગામ જે ડીસ્ત્રીકટ પોલીસ થાણાની હદમાં હોય તે થાણું જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારને પોલીસ પટેલે તાબડતોબ સુચના કરવી. અને મોકલતાં રસ્તામાં મુડદુ કોહી જવાની ધાસ્તી નહી હોય તો પાસેના સીવીલ સરજનની પાસે અથવા એવે પ્રસંગે મુડદા તપાસવાને વઈદક ખાતાના જે અમલદારને સરકારે નીમ્યો હોય તેની પાસે તે મુડદુ તુરત મોકલી દેવું. પછી તે સીવીલ સરજને અથવા વઈદક ખાતાના બીજા અમલદારે મરણનું કારણ શોધી કહાડવાનો પ્રયત્ન કરવો. મુડદુ મોકલીશું તો તે કોહી જશે અને તેની તપાસ કરવાથી કાંઈ ફાયદો થશે નહી અને ઉલટો ધોકો પોહોચશે એવા સબબથી પોલીસ પટેલથી મુડદુ મોકલી શકાતુ નહી હોય ત્યારે જે ડીસ્ત્રીકટ પોલીસ થાણાની હદમાં પોતાનું ગામ હોય તે થાણુ જે પોલીસ અમલદારને સ્વાધીન હોય તે અમલદાર અને તેણે પોતાના તાબા માહેના અમલદારો માંથી કોઈ અમલદારને મોકલ્યો હોય તે અમલદાર અથવા માજીસ્ત્રેટ તે મુડદુ બાળવાનો અથવા દાટવાનો હુકમ આપે ત્યાં સુધી પોલીસ પટેલે તે મુડદુ બાળવાની અથવા દાટવાની રજા આપવી નહી.

૧૨ રકમ ૧ લી—પોતાના ગામના કબાલા માણસે મોટો ગુનોહ કર્યો છે એવું

માનવાનો સબબ હોય તો તેને પોલીસ પટેલે પકડવો અને પુરાવાના કામમાં આવે તેવી જે જણસો હોય તે જણસો સુદ્ધાં તે માણસને પોતાનું ગામ જે પોલીસ થાણાની હદમાં હોય તે થાણું જે પોલીસ અમલદારને સ્વાધીન હોય તે પોલીસ અમલદારની પાસે મોકલવો.

રકમ ૨ જી—ઊપર કહ્યા પ્રમાણે પકડેલા માણસને ૨૪ કલાકની અંદર જે ડીસ્ટ્રીક્ટ પોલીસ થાણાની હદમાં પોતાનું ગામ હોય તે થાણામાં મોકલવું.

૧૩ રકમ ૧ લી—જે મુકદમામાં શિક્ષા કરવાનો પોતાને અધીકાર નહી હોય તે મુકદમાની પોતાના કામના સબબથી પોલીસ પટેલને ચોકશી કરવી પડે તે કરતી વખતે શાહેદીને બોલાવીને તેઓને પુછવાનો તથા તેઓની પાસે સત્ય સ્મરણ પુરવક પ્રતિજ્ઞા કરાવીને તેઓની જુબાની લેવાનો અધીકાર અને સંતાડેલી જણશોને માટે ઝાડો લેવાનો અધીકાર પોલીસ પટેલને છે, પણ રહેવાના ઘરનો ઝાડો ઘણીજ અગત્ય નહી હોય તો પોલીસ પટેલે સુરજ આથમે ત્યારથી તે સુરજ ઉગે ત્યાં સુધી લેવો નહી.

રકમ ૨ જી—ઝાડો લેવા સારૂ અથવા કેઆણું માણસ ગુનેગાર છે એવું લાગતું હોય તે માણસનો પીછો લેવા સારૂ બીજા ગામની હદમાં જઇને કામ કરવાનો પણ અધિકાર પોલીસ પટેલને છે પણ તે બાબત તેણે તે ગામના પોલીસ પટેલને તાબડતોબ ખબર કરવી અને તે ગામના પટેલે થાય તેટલી તેને મદદ કરવી અને ઝાડો લેવાનું અથવા પાછળ દોડવાનું કામ ચલાવવાનો જોખમ તે બીજા ગામના પટેલને માથે છે.

૧૪ પોતાના ગામની હદમાં હલકી મારામારી અથવા ગાળાગાળી કરવાનું કોઇ માણસ ઊપર તોહોમત આવ્યું હોય તો તેનો ઇનસાફ કરવાનો અને ગુનેહ સાબીત થાય તો તેને ઘણામાં ઘણું ૨૪ કલાક સુધી ગામને ચોરે કેદ રાખવાનો પોલીસ પટેલને અખતીયાર છે પણ ગુનેહ થયા પછી આઠ દાહાડામાં ફરિયાદ થવી જોઇએ.

૧૫ જે ગામના તમે પોલીસ પટેલ છો તે ગામની હદમાં હેઠળ લખેલા ગુનાહોમાંથી હરકોઇ ગુનાહનું એટલે ચોરીના માલની આંકેલી કીંમત બે રૂપીઆ ઊપર નહી હોય તેવી હલકી ચોરીનું, અથવા અપક્રીયાથી થએલું નુકશાન બે રૂપીઆ કરતાં વધારૂપીયાનું નહી હોય તેવી અપક્રીયા કીધાનું અથવા તમે પોતાની જાતે કાયદાસર હુકમ આપ્યો હોય તે હુકમને હરકત કરવાનું અથવા તે હુકમ માનવાની ના કેહેવાનું તોહમત કોઇ માણસ ઉપર આવે તો તેનો ઇનસાફ તમોએ કરવો એવી સનંદ પોલીસ પટેલનું કામ કરનારા માણસને આપવાનો અધિકાર હુકમ લખીને જીલ્લાના માજીસ્ટ્રેટને આપવાનો પોલીસ કમીશનર મુખત્યાર છે.

રકમ ૨ જી—અને ઊપર કહેલા દાખાઓમાંનું હરકોઇ કામ કરવાની સાબીતી પોતાની આગળ જે માણસ ઉપર થશે તેને પાંચ રૂપીઆ સુધી દંડ કરવાનો અથવા ઘણામાં ઘણા અડતાળીસ કલાક સુધી ગામને ચોરે કેદ રાખવાનો અધીકાર સદરહુ પ્રમાણે જે પોલીસ પટેલને અખતીયાર મળ્યો હોય તે પટેલને છે. કાયદાસર હુકમને હરકત કરી હોય અથવા તે પ્રમાણે ચલાવવાની ના કહી હોય તે પ્રસંગે દંડ નહી આપે તોજ કેદ કરવો.

૧૬. પોલીસપટેલને ૧૫ મી કલમની પેહેલી રકમ પ્રમાણે અખતીયાર આપવામાં આવશે ત્યારે અને જ્યાં સુધી તેને તે અખતીયાર હશે ત્યાં સુધી તેને હેઠળ લખેલા

અધીકાર પણ છે એવું સમજવું એટલે હેઠળ લખેલું હરકોઈ લોકાપકારક કૃત્ય અથવા બેઢંગુ કામ કોઈ માણસ કરશે તો તેને એક રૂપીઆ સુધી દંડ કરવાનો અથવા દંડ નહી આપશે તો ગામને ચોરે ધણામાં ઘણા બાર કલાક સુધી કેદ રાખવાનો અધીકાર અને સદરહુ લોકાપકારક કૃત્ય અથવા બેઢંગુ કામ કરવાનું જારી રાખવાની અથવા ફરીથી કરવાની મના કરવાનો પોલીસ પટેલને અધીકાર છે એવું સમજવું.

૧. કોઈ માણસ કોઈ જાનવરને મનમાં આવે તેમ અવીચારથી અથવા નીરદયપણે બાંધશે અથવા તેનો ગેરઉપયોગ કરશે અથવા તેની ઉપર જુલમ કરશે તે.

૨ સારવજનીક કુવો અથવા તળાવ અથવા હોદ જે કામ સારૂ નીમ્યો હોય તે કામમાં ઓછો ઉપયોગ પડે તેવી રીતે તેમાં કોઈ માણસ નાહાશે અથવા ધોશે અથવા બીજી રીતે ખરાબ કરશે અથવા કરાવશે તે.

૩ કોઈ માણસ મના કરેલી જગાએ કચરો અથવા ગોજવાડ કે પુંજો કરશે તે.

૪ કોઈ માણસ હરકોઈ સારવજનીક રસ્તામાં અથવા મોહોલામાં અથવા મારગમાં અથવા રાહાદારીની જગાએ ઝાડો પેશાબ કરીને ગંદકી કરશે અથવા દારૂ વગેરે પીને તોફાન અથવા મસ્તી કરશે અથવા પોતાનાથી પોતાની સંભાળ નહી થાય તેવો થઈ જશે તે.

૫ પાસે રેહેનારાઓને અથવા આવનાર જનાર લોકોને કંટાળો આવે તે રીતે ટાંકીમાં અથવા ઉકરડામાં તેવાંજ બીજા ઠેકાણામાં કોઈ માણસ ગોબરો પદારથ પાકા કારણ વગર જાણી જોઈને એકઠો થવા દેશે અથવા કોઈ ઘરમાંથી અથવા કારખાનામાંથી અથવા તબેલામાંથી અથવા સંડાસમાંથી અથવા બીજા તેવા ઠેકાણામાંથી લોકોને આવવા જવાની જગાએ ગોબરો પદારથ પાકા કારણ વગર જાણી જોઈને રેહેવા દેશે અથવા જે તળાવ અથવા હોદ પાણી પીવા સારૂ નીમ્યો હોય તેમાં ચોમાસામાં જે વેળાએ પાણી આવતું હોય તે વેળામાં મુવેલુ જનાવર નાખ્યાથી લોકોને ઉપદ્રવ થાય તે જગાએ નાખશે તે.

૧૭ (આ આક્ટની) ૧૪ મી ૧૫ મી અને ૧૬ મી કલમ પરમાણે કામ ચલાવવું હોય તે પક્ષકારોના દેખતાં બાહેર ચલાવવું. ગુનો સાબીત થવાનું દફતરમાં લખ્યા પહેલા ગમે તે વખતે ફરીઆદ કાઢી નખાવવાનો અધીકાર ફરીઆદ કરનારને છે. પક્ષકારોના નામ તથા પોતાનો અભિપ્રાય તથા શિક્ષાનો ઠરાવ અથવા હુકમ અથવા ફરીયાદ કાહાડી નંખાવવાની વાત તથા કામ ચલાવ્યાની તારીખ પોલીસ પટેલે દફતરમાં લખવી અને જીલ્લાનો માજીસટરેટ ફરમાવે તે નમુના પ્રમાણે તથા તે રસ્તે તથા તે વખતે તે દફતર તરત (પોલીસ) પટેલે જે માજીસટરેટના પરતક્ષ તાબામાં હોય તે માજીસટરેટને તેણે મોકલવું.

૧૮ આ આક્ટની કલમ ૧૫ મી પ્રમાણે સનંદ આપીહોય તે સનંદ પોલીસ કમીશનરની મંજુરી લઈને પછી હુકમ લખીને સઘળી અથવા થોડી ઘણી રદ કરવાને જીલ્લાનો માજીસટરેટ મુખત્યાર છે.

૧૯ પોતાના ગામમાં જે બેવારસી માલ જડયો હોય તે સઘળો માલ અથવા સને ૧૮૬૭ ના મુંબાઈના ડીસ્ટ્રીક્ટ પોલીસ આક્ટના ઠરાવ પ્રમાણે પોતાને જે માલ આપ્યો હોય તે સઘળો માલ પોલીસ પટેલે પોતાના સ્વાધીન રાખવો અને પોલીસ પટેલ

જે માજીસ્ટ્રેટના તાબામાં હોય તે માજીસ્ટ્રેટને તેણે રીપોર્ટ કરવો અને સદરહુ માજીસ્ટ્રેટ હુકમ કરે તે પ્રમાણે કરવું પણ "ઢોરોના અતીક્રમણ બાબત" સને ૧૮૫૭ નો ૩ જો આકટ છે તેમાં કહેલાં પ્રકારનો તે માલ હોય તો તે આકટમાં કહ્યા પ્રમાણે પોલીસ પટેલે ચાલવું.

૨૦ આ આકટમાં જે ગુનાહ બાબત શિક્ષા ઠરાવી છે તે ગુનાહ બાબત બીજા કોઇ કાયદા પ્રમાણે અથવા આકટ પ્રમાણે કોઇ માણસ ઉપર ફરિયાદ કરવાની મના છે એવો આ આકટના કોઇ ઠરાવનો અર્થ કરવો નહી અથવા તેવા ગુનાહ બાબત આ આકટમાં શિક્ષા ઠરાવી છે તેથી બીજી કાંઇ જુદી અથવા વત્તી શિક્ષા બીજા કોઇ કાયદા ઉપરથી અથવા આકટ ઉપરથી થવાને તે માણસ લાયક નથી એવો પણ અર્થ કરવો નહી. પણ એવું ઠરાવ્યું છે કે એકના એક ગુનાહ બાબત કોઇ માણસને બે વાર શિક્ષા થશે નહી.

૨૧ પોલીસ પટેલ જરૂરીના કામને લીધે ગામમાંથી ગેરહાજર હોય તો સબબથી અથવા એકાએક માંદો પડવાથી અથવા બીજા કાંઇ સબબથી તેનાથી પોતાનું કામ નહી થાય ત્યારે તેણે પોતાનું કામ પોતાનો કોઇ કુટુંબી લાયક હોય તેને સોંપવું અથવા કોઇ કુટુંબી લાયક નહી હોય તો બીજા કોઇ લાયક માણસને સોંપવું અને પોતે જે માજીસ્ટ્રેટના પ્રતક્ષ તાબામાં હોય તે માજીસ્ટ્રેટને તે બાબત તાબડતોબ રીપોર્ટ કરવો અને જે માણસને કામ સોંપ્યું હોય તે માણસે પોલીસ પટેલનું કામ કરવું નહી. એવો માજીસ્ટ્રેટને ત્યાંથી હુકમ આવે ત્યાં સુધી તેણે ગુનેગારનો ઇનસાફ કરીને શિક્ષા કરવાના કામ શીવાય પોલીસ પટેલનું સઘળું કામ કરવું.

૨૨ આ આકટમાં "ડીસ્ટ્રીકટ પોલીસ થાણું" આ શબ્દો લખ્યા છે તેમાં જે પોલીસ અમલદારને સ્વાધીન થાણું હોય તે પોલીસ અમલદારના મુલકની હદમાંના ગામનો અથવા જગાનો સમાસ થાય છે એવું સમજવું.

૨૩ આ આકટ અથવા આ આકટનો કોઇ ભાગ જાહેરનામું છપાવીને સિંધ પ્રાંતને લાગુ કરવાને સરકાર મુખત્યાર છે અને આ આકટ અથવા તેનો હરકોઇ ભાગ સદરહુ પ્રાંતને લાગુ કીધો હોય તે વખતે વખતે લાગુ નથી એવું તેજ રીતે ઠરાવવાને પણ સરકાર મુખત્યાર છે.

૨૪ આ આકટને "સને ૧૮૬૭ નો મુંબાઇનો ગામની પોલીસનો આકટ" કહેવો.

(True Translation)

Vennyek Wassoodew.

Oriental Translator to Government.

આ આકટ અમદાવાદ હીતેચ્છુ પ્રેસમાં છાપ્યો.

કલમ ૬

એક સખસે રસ્તા પરની જમીન દબાવી તે પર ઢોરાં રહેવા થાંભલી રોપી વાડ ઘાલી તેથી આરોપીત એ ગામનો પોલીસ પટેલ હોવાથી તેણે તે બાબત રીપોટ કરવો જોઇએ તે કરયો નહી તેથી તેનાપર આ આકટની કા૦ ૯ મુજબ પોતાનું કામ કરવામાં કસુર કરવાનું તોહોમત રાખી તેને દંડની શિક્ષા કરી તેમાં ઠરાવ્યું કે કહેલું કામ કરવામાં કસુર કરે તો કલમ ૯ પ્રમાણે તોહોમત ઠરાવવું વાજબી છે પણ રસ્તા પરની જમીન દબાવે તે બાબત રીપોટ કરવાનું કામ તે આકટમાં ક૦ ૬ પ્રમાણે સોંપેલા કામમાં આવતું નથી તેથી આ કામને ક૦ ૯ લાગતી નથી તેથી શીક્ષા રદ કરી (મુ૦ હા૦ વા૦ ૭ પાને ૮૮ સરકાર વી૦ ભીખા સાવ.)

કલમ ૯

એક પોલીસ પટેલ જેને વંશથી અથવા બીજી રીતે પટેલી મળી હોય તેણે પોલીસ પટેલે દાખલ કરેલા ગુનહાની ફરીયાદી સરકારની અથવા સરકારથી અખીકાર મળેલા અમલદારની પરવાનગી વગર સાંભળી શકાય, કેમકે શને ૧૮૭૪ ના મુંબાઇ આકટ ૩ યા ક્રી૦ પ્રો૦ કો૦ કલમ ૪૬૬ પોલીશ પટેલને લાગુ પડતી નથી કારણ કે આ આકટની દુરસ્ત કરેલી કલમ ૯ પ્રમાણે પોલીસ કમીશનરની રજાથી ફસ્ટ કલાશ માજીસતરેટ તેને કહાડી મુકી શકે (મુ૦ હા૦ તા૦ ૧૭ જુન સને ૧૮૮૦ સરકાર વી. વીરબ સાપા.)

આરોપીત એ પોલીશ પટેલ છતાં તેણે તેના કામમાં કસુર કરવાથી તેના પર કામ ચલાવવામાં તે નોકર તેથી કામ ચલાવવા સરકારની પરવાનગી લેવી જોઇએ કે નહી એવો શક ઉઠાથી ઠરાવીયું કે પોલીશ પટેલે ગેર વરતણુંક કરી છે એમ સાબીત થવાથી પોલીસ કમીશનરની મંજુરી લઇને તેને તેના કામ ઉપરથી દુર કરવાનો ક૦ ૯ પ્રમાણે પેહેલા વરગના માજીશતરેટને અખીકાર છે તેથી એમાં શરકારની પરવાનગી લેવાની જરૂર નથી (મુ૦ હા૦ ઇ૦ લા૦ રી૦ વા૦ ૪ પાને ૩૫૭ શરકાર વી. ભગવાન દેવરાજ).

કલમ ૧૨

ક્રીમીનલ પ્રોશીજર કોડ ઉપરથી જે ગુનહા શારૂ જામીન લેવાય તેવા ગુનહાને શારૂ આ આકટના ઠરાવ પ્રમાણે પોલીશ પટેલો જે સખસોને મોકલે તે શખશનો જામીન લેવાને કોરટ પોલીશ કાનસટેબલને અખીકાર આપી શકતી નથી. આ આકટની ક૦ ૧૨ ની રા. ૧ ઉપરથી કાંઇ ભારે ગુનહા સારૂ તોહોમતવાળાઓને પકડવા સારૂ પોલીશ પટેલને અખીકાર છે (મુ૦ હ૦ તારીખ ૧૨ અકટોબર સન ૧૮૬૯ કલાદગીના માજીસતરેટના પુછવાથી.)

કલમ ૧૩

કોઇ પોલીસ પટેલ આ કલમ પ્રમાણે કામ કરતાં છતાં તેમની આગળ સોગન ઉપર કોઇ કાંઇ ખોટો મજકુર કહેતો તેણે પી. કો. ક૦ ૧૯૧ પ્રમાણે ખોટી શાક્ષી આપી એમ થાય છે અને તે શખશ કા૦ ૧૯૩ પ્રમાણે શીક્ષાને પાત્ર થાય છે (મુ૦ હા૦ ઇ૦ લા૦ વા૦ ૪ પાને ૪૭૯ સરકાર વીરૂધ ઇરબ સાપા.)

ઈંડિયા ગવરનર ઇનકાઉનસીલનો હેઠળ લખેલો આક્ટ ગવરનર જનરલે સન ૧૮૬૪ ના ફેબરૂઆરી મહીનાની ૧૮ મી તારીખે મંજુર કરયો તે સરવે લોકોને જાહેર થવા સારૂ પ્રસીધ્ધ કરયો છે.

સન ૧૮૬૪ નો આક્ટ ૬ ઠો.

ફટકાની શિક્ષા કેટલાએક પ્રસંગે ઠરાવવાનો અધિકાર આપવા બાબતનો આક્ટ.

હીંદુસ્તાનના ફોજદારી કાયદાના ઠરાવ પ્રમાણે ગુનેહગારોને કેટલેક પ્રસંગે ફટકાની શિક્ષા કરવી યોગ્ય છે, વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧ હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૫૩ મી કલમમાં શીક્ષાઓ કહી છે તે શીવાય વળી તે કાયદાના ઠરાવ પ્રમાણે ગુનેહગારો ફટકાની શીક્ષાને પણ લાયક થશે.

૨ કોઈ માણસ હેઠળ લખેલા ગુનાહમાંનો કાંઇ ગુનોહ કરશે તો તે ગુનાહ બાબત હીંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે જે શીક્ષાને લાયક હશે તે શીક્ષાને બદલે તેને ફટકાની શીક્ષા કરવાનો અખત્યાર છે તે ગુનાહની વીગત.

૧ સદરહુ કાયદાની ૩૭૮ મી કલમમાં કહેલા પ્રકારની ચોરી.

૨ સદરહુ કાયદાની ૩૮૦ મી કલમમાં કહેલા પ્રકારની ઘરમાંની અથવા તંબુમાંની અથવા વહાણમાંની ચોરી.

૩ સદરહુ કાયદાની ૩૮૧ મી કલમમાં કહેલા પ્રકારની મેહેતાએ અથવા ચાકરે કરેલી ચોરી.

૪ સદરહુ કાયદાની ૩૮૨ મી કલમમાં કહ્યા પ્રમાણે જીવ લેવાની અથવા વ્યથા કરવાની તઈયારી કરીને કરેલી ચોરી.

૫ સદરહુ કાયદાની ૩૮૮ મી કલમમાં કહ્યા પ્રમાણે ભય ઉત્પન્ન કરીને જબરાઇથી કહડાવવું.

૬ સદરહુ કાયદાની ૩૮૯ મી કલમમાં કહ્યા પ્રમાણે જબરાઇથી કહડાવવાનો ગુનોહ કરવા સારૂ કોઈ માણસ ઉપર ગુનોહ કરયાનું તોહમત મુકવાનુ ભય ઉત્પન કરવું.

૭ સદરહુ કાયદાની ૪૧૧ મી કલમમાં કહ્યા પ્રમાણે બદદાનતથી ચોરીનો માલ લેવો.

૮ સદરહુ કાયદાની ૪૧૨ મી કલમમાં કહ્યા પ્રમાણે ડાકામાં ચોરાયેલો માલ બદદાનતથી લેવો.

૯ આ કલમમાં જે ગુનાહ બાબત ફટકાની શિક્ષા કહી છે તેવો ગુનોહ કરવા સારૂ સદરહુ કાયદાની ૪૪૩ મી અને ૪૪૫ મી કલમમાં કહ્યા પ્રમાણે રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૧૦ આ કલમમાં જે ગુનાહ બાબત ફટકાની શીક્ષા કહીછે તેવો ગુનોહ કરવા સારૂ સદરહુ કાયદાની ૪૪૪ મી અને ૪૪૬ મી કલમમાં કહ્યા પ્રમાણે રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૩. ઉપરની છેલ્લી કલમમાં કહેલા ગુનાહમાંના હરકોઈ ગુનાહની સાબીતી કોઈ માણસ ઉપર અગાઊ થઈ હોય અને તેની ઉપર તેવાજ ગુનાહની પાછી સાબીતી થશે તો હિંદુસ્થાનના ફોજદારી કાયદા પ્રમાણે તે ગુનાહ બાબત તે જે બીજી સજાને બાપક હશે તે સજાને બદલે અથવા તે સજા શિવાય વળી તેને ફટકાની શીક્ષા કરવાનો અખીકાર છે.

૪. હેઠળ લખેલા ગુનાહમાંના હરકોઈ ગુનાહની સાબીતી કોઈ માણસ ઉપર અગાઉ થઈ હોય અને તેની ઉપર તેવાજ ગુનાહની પછી સાબીતી થશે તો હિંદુસ્થાનના ફોજદારી કાયદા પ્રમાણે તે જે બીજી સજાને બાપક હશે તે સજા શિવાય વળી તેને ફટકાની શિક્ષા કરવાનો અખીકાર છે તે ગુનાહની વીગત—

૧. હિંદુસ્થાનના ફોજદારી કાયદાની ૧૯૩ મી કલમ પ્રમાણે શિક્ષાને બાપક થાય એવી રીતે ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.

૨. સદરહુ કાયદાની ૧૯૪ મી કલમમાં કહ્યા પ્રમાણે જે ગુનાહ બાબત દેહાંત શિક્ષા કહી છે તેવો ગુનોહ સાબીત કરવા સારૂ ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.

૩. સદરહુ કાયદાની ૧૯૫ મી કલમમાં કહ્યા પ્રમાણે જે ગુનાહ બાબત સમુદ્રપાર કરવાની અથવા કેદની શિક્ષા કહીછે તેવો ગુનોહ કોઈ ઉપર સાબીત કરવાના ઈરાદાથી ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.

૪. સદરહુ કાયદાની ૨૧૧ મી અને ૩૭૭ મી કલમમાં કહ્યા પ્રમાણે સૃષ્ટીક્રમ વિરૂદ્ધ મઈથુન કરવાનું ખોટું તોહોમત કોઈ માણસ ઉપર મુકવું.

૫. સદરહુ કાયદાની ૩૫૪ મી કલમમાં કહ્યા પ્રમાણે આને લાજ લાગે અને તેના મનને ધોકો પોહોચે એવા ઈરાદાથી તેની ઉપર હુમલો કરવો અથવા સાહાપ બળ વાપરવું.

૬. સદરહુ કાયદાની ૩૭૫ મી કલમમાં કહ્યા પ્રમાણે બળાત્કાર સંભોગ.

૭. સદરહુ કાયદાની ૩૩૭ મી કલમમાં કહ્યા પ્રમાણે સૃષ્ટીક્રમ વિરૂદ્ધ મઈથુન.

૮. સદરહુ કાયદાની ૩૯૦ મી અને ૩૯૧ મી કલમમાં કહ્યા પ્રમાણે અપહરણ અથવા ડાકો.

૯. સદરહુ કાયદાની ૩૯૩ મી કલમમાં કહ્યા પ્રમાણે અપહરણ કરવા કોશીશ કરવી.

૧૦. સદરહુકાયદાની ૩૯૪મી કલમમાં કહ્યાપ્રમાણે અપહરણ કરવામાં બુદ્ધિપુર્વક વ્યથા કરવી.

૧૧. સદરહુ કાયદાની ૪૧૩ મી કલમમાં કહ્યા પ્રમાણે ચોરીનો માલ લેવાનો અથવા ચોરીનો ધંધો કરવાનો વહીવટ રાખવો.

૧૨. સદરહુ કાયદાની ૪૬૩ મી કલમમાં કહ્યા પ્રમાણે ખોટો લેખ બનાવવો.

૧૩. સદરહુ કાયદાની ૪૬૬ મી કલમમાં કહ્યા પ્રમાણે ખોટો લેખ બનાવવો.

૧૪. સદરહુ કાયદાની ૪૬૭ મી કલમમાં કહ્યા પ્રમાણે ખોટો લેખ બનાવવો.

૧૫. સદરહુ કાયદાની ૪૬૮ મી કલમમાં કહ્યા પ્રમાણે ઠગાઈ કરવાના કારણસર ખોટો લેખ બનાવવો.

૧૬. સદરહુ કાયદાની ૪૬૯ મી કલમમાં કહ્યા પ્રમાણે કોઈ માણસની આબરૂને હાની કરવાના કારણસર ખોટો લેખ બનાવવો.

૧૭. આ કલમમાં જે ગુનાહ બાબત ફટકાની શીક્ષા કહીછે તેવો ગુનોહ કરવા સારૂં સદરહુ કાયદાની ૪૪૩ મી અને ૪૪૫ મી કલમમાં કહ્યા પ્રમાણે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૧૮. આ કલમમાં જે ગુનાહ બાબત ફટકાની શિક્ષા કહી છે તેવો ગુનોહ કરવા સારૂ સદરહુ કાયદાની ૪૪૪ મી અને ૪૪૬ મી કલમમાં કહ્યા પ્રમાણે રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા રાતે ઘર ફોડવું.

૫ હિંદુસ્થાનના ફોજદારી કાયદામાં જે ગુનાહ બાબત દેહાંત શિક્ષા ઠરાવી નથી તેવો ગુનોહ કોઈ નાની ઉમરનો ગુનેહગાર કરે તો તે સદરહુ કાયદા પ્રમાણે જે બીજી શિક્ષાને લાયક હોય તે શિક્ષાને બદલે તેને ફટકાની શીક્ષા કરવાનો અધીકાર છે પછી તે તેનો પેહેલો ગુનોહ હોય કે બીજીવારનો હોય તે વાતની ચીંતા નથી.

૬. પોતાની હકુમત માંહેની સરહદ ઉપરના પ્રાંતમાં અથવા ઉજડ મુલકમાં આ કલમના ઠરાવ લાગુ છે એવું હરકોઈ ઠેકાણાની સરકાર સરકારી ગાજીટમાં જાહેરનામું છપાવીને ઠરાવશે, ત્યારે સદરહુ જાહેરનામું પ્રસિદ્ધ થયા પછી જે માણસ આ આકટની ૪ થી કલમમાં કહેલા ગુનાહમાંનો કાંઈ ગુનોહ સદરહુ પ્રકારના પ્રાંતમાં અથવા મુલકમાં કરશે તે હિંદુસ્થાનના ફોજદારી કાયદા પ્રમાણે જે બીજી શિક્ષાને લાયક હશે તે શિક્ષાને બદલે તેને ફટકાની શિક્ષા કરવાનો અધિકાર છે.

૭. સ્ત્રીઓને ફટકાની શિક્ષા કરવી નહી અથવા જે માણસને દેહાંત શિક્ષા અથવા સમુદ્રપાર કરવાની શિક્ષા અથવા સાધનીક દાસત્વની શિક્ષા અથવા પાંચ વરસ કરતાં વધ્તા વરસની કેદની શિક્ષા ઠરાવી હોય તેને ફટકાની શિક્ષા કરવી નહી.

૮. પેહેલા વરગના તાબા માંહેના માજીસ્રેટના દરજ્જા કરતા જે અમલદારનો દરજ્જો ઓછો હોય તેણે ઠેકાણા ઠેકાણાની સરકારે ફટકાની શિક્ષા ઠરાવવાનો ખપુસ કરીને અધીકાર આપ્યા વગર તેણે ફટકાની શિક્ષાનો ઠરાવ કરવો નહી.

૯. જે કોરટના શિક્ષાના ઠરાવ ઉપર ઉપરી કોરટમાં અપીલ ચાલે છે તેણી કોરટે કેદ શિવાય વળી ફટકાની શિક્ષા ઠરાવી હોય ત્યારે તે ઠરાવની તારીખથી પંદર દીવશ સુધી અથવા તે મુદતમાં અપીલ કરી હોય તો શિક્ષાનો ઠરાવ ઉપરી કોરટ મંજુર કરે ત્યાં સુધી ફટકા મારવા નહી પણ પંદર દીવશ થયા પછી તાબડતોબ અથવા અપીલ કરી હોય તો શિક્ષાનો ઠરાવ મંજુર કરનારી કોરટનો હુકમ પંદર દીવશમાં નહી પોહોચે તો તે હુકમ પોહોચ્યા પછી તાબડતોબ ફટકા મારવા

૧૦ પુખ્ત ઉંમરના માણસને ફટકાની શિક્ષા કરવી તે ઠેકાણા ઠેકાણાની સરકાર ફરમાવે તે હથીયારે તથા તે રીતે અને શરીરના તે ભાગ ઉપર કરવી અને ગુનેગાર નાહાની ઉમરનો હોય તો ઝીણી નેતર વતે નિશાળમાં શિક્ષા કરેછે તે રીતે કરવી. નવા ધરીના ચાબકાનો ઉપયોગ કરવો હોય તો ૧૫૦ ફટકા કરતાં વધ્તા ફટકાની શિક્ષા કદી કરવી નહી અને નેતરનો ઉપયોગ કરવો હોય તો ૩૦ ફટકા કરતા વધ્તા ફટકાની શિક્ષા કરવી નહી. જસ્ટીસ આફ ધી પીસના દેખતાં અથવા માજીસ્રેટનો અધિકાર ચલાવવાનો અખત્યાર જે અમલદારને આપ્યો હોય તેના દેખતા અને જે કો

રટે શિક્ષાનો ઠરાવ કરયો હોય તે કોરટે બીજી રીતે હુકમ કરયો નહી હોય તો વઇદના દેખાતાં પણ ફટકા મારવા.

૧૧ ફટકાની શિક્ષા કરવા લાયક ગુનેહગારની પ્રકુતી છે એવો દાખલો વઇદ હાજર હોય તો તેણે આપ્યા વગર જસટીસ આફધી પીશ અથવા બીજો અમલદાર હાજર હોય તેની નજરમા તે પ્રમાણે આવ્યા વગર ફટકા મારવાનો ઠરાવ અમલમા લાવવો નહી અને ફટકાની શિક્ષા અમલમાં આવતી હોય ત્યારે બાકીના ફટકા ખમવા લાયક ગુનેહગારની પ્રકૃતી નથી એવો દાખલો વઇદ આપે અથવા જે અમલદાર હાજર હોય તે અમલદારની નજરમાં તે પ્રમાણે આવે તો ફટકા મારવાનું માફુફ રાખવું. ફટકાની શિક્ષાનો ઠરાવ મુદતે મુદતે થોડે થોડો અમલમાં લાવવો નહી.

૧૨ આ આકટની ઉપરની છેલી કલમ પ્રમાણે ફટકા મારવાનો ઠરાવ મુદલ અમલમાં આણયો નહી હોય ત્યારે જે કોરટે શીક્ષાનો ઠરાવ કરયો હોય તે કોરટ તે ઠરાવ પાછો તપાસે ત્યાં સુધી ગુનેહગારને કેદમાં રાખવાનો અને સદરહુ કોરટની નજરમાં આવશે તો ગુનેહગારને છેક છોડી દેવાને તે કોરટ મુખતિયાર છે અથવા તેજ ગુનાહ બાબત ગુનેહગાર ઉપર બીજી શીક્ષા ઠરાવી હશે તે શીક્ષા શીવાય વળી ફટકાને બદલે હરકાંઇ મુદતની કેદની શિક્ષાનો ઠરાવ કરવાને મુખતિયાર છે પણ એવું ઠરાવ્યું છે કે એ કંદર કેદની મુદત હીંદુસ્તાનના ફાજદારી કાયદા પ્રમાણે જેટલી મુદતની કેદની શિક્ષાને ગુનેહગાર લાયક હોય તેટલી મુદત કરતાં અથવા કોરટને જેટલી મુદતની કેદની શિક્ષા કરવાનો અધિકાર હોય તેટલી મુદત કરતાં વતી ઠરાવવી નહી.

આ આકટ અમદાવાદ હીતેછુ પ્રેસમા છાપ્યો.

કલમ ૨

કેદીપર ચોરી કરવા બાબત એકી વખતે મુકેલાં ત્રણ તોહોમતમાંના બે એક દીવસે સાબીત કરી તેને માટે શીક્ષા કરી. અને ત્રીજું તોહોમત બીજે દીવસે સાબીત કરી તેને માટે કેદ અને આ આકટની કલમ ૨–૩ અને ૯ મુજબ ફટકાની શીક્ષા કરી તેમાં ઠરાવ્યું કે આ આકટની કલમ ૨ મા કહેલા ગુનાહ બદલ પેનલકોડ પ્રમાણે શીક્ષા થવા શીવાય ફટકાની શીક્ષા થઇ શકતી નથી; એટલે એકજ ગુનાહને માટે એકજ વખતે મુકેલાં તોહોમત બદલ જુદે જુદે દીવસે સાબીત કરી તેમાંના કોઇ તોહોમત બદલ ફટકાની શીક્ષા થઇ શકતી નથી. પણ જો એકવાર થએલો ગુનોહ ફરી સાબીત થાય તો તે શીક્ષા થઇ શકેછે. (મુ. હા. વા. ૩ પાને ૩૮ સારકાર વીરૂધ્ધ સુરચા બીન કલણ.)

ફટકાની શીક્ષા કરવા વીશેના આકટની કલમ ૨, ૩, અને ૪ એ સગીર વયના ગુનેહગારોને લાગેછે તેમજ કલમ ૫ પણ લાગેછે, એ કલમની મતલબ કલમો ૩ તથા ૪ રદ કરવા વીશે નથી તોપણ તે કલમ યોગ્ય કામોમાં એ, નહી તો તે કલમોની સાથે લાગુ પાડવા વીશે છે. (મુ. હા. સરકાર વીરૂધ્ધ જેકીશન ગીરધર. તા૰ ૨ આકટોબર સને ૧૮૭૩)

પે. કોડ કલમ ૪૧૧ માં કહેલા ગુનાહ માટે દંડની શીક્ષા કરી અને તે ના આપે તો તેને બદલે કેદની શીક્ષા કરી તે ઠરાવપર અપાલ થવાથી તેમાં ઠરાવ કરયો કે દંડને બદલે જે કેદની ભોગવી તે જતાં બાકી રહેલી કેદને બદલે ફટકાની શીક્ષા ઠરાવી તેમાં ઠરાવ્યું કે એવી રીતે શીક્ષા ન કરતાં એમ ઠરાવ કરવો જોઇતો હતો કે દંડ બદલે જે કેદની શીક્ષા ઠરાવીછે તેને બદલે ફટકાની શીક્ષા કરમાવવી. (મુ. હા. સરકાર વીરૂધ્ધ થારે ખાન નથેખાન તા૰ ૬ સપટેંબર સને ૧૮૭૭)

કલમ ૩

કેદીપર પે. કો. ક. ૪૫૭ અને ૫૧૧ મુજબ તોહોમત રાખી તેને કેદની અને આ કલમ પ્રમાણે ફટકાની શીક્ષા કરી તેમા ઠરાવ્યું કે ચોરી કરવાને ઇરાદે ઘર ફોડવાના ગુનાહની કોશીશ કરવાના ગુનાહ બદલ ફટકાની શીક્ષા થઇ શકતી નથી. (મુ. હા. વા. ૩ પા. ૩૭ સરકાર વીરૂધ્ધ પેલા વલદ પરશા).

વળી ઉપરની કલમપર પહેલો અને બીજો ફેસલો ટાકયોછે તે પણ આ કલમની બે વાચો.

કલમ ૪

કેદીપર પે. કો. ક. ૪૫૭ મુજબ તોહોમત ઠરાવી તે બદલ કેદની અને આ કલમ તથા કલમ ૧૦ પ્રમાણે ફટકાની શીક્ષા કરી તેમાં ઠરાવ્યું કે કેદી ઉપર જે ગુનાહનો આરોપ છે તેવોજ ગુનોહ આગાઉ કરયાની વાત સાબીત થઇ નથી માટે ફટકાની શીક્ષા રદ કરી (મુ. હા. વા. ૪ પાને ૫ સરકાર વીરૂધ્ધ બાળજી બાપુ.)

વળી કલમ ૨ નીચે સરકાર વીરૂધ જેઠીશન ગીરધરનો ફેંસલો છે તે પણ વાંચો.

કલમ ૫

અરાડ વરસની ઉમરના એક માણસે પે. કો. ક. ૨૯૦ મુજબ ગુનેહ કર્યાથી તેને આ કલમ અને કલમ ૧૦ પ્રમાણે ફટકાની શીક્ષા કરી તેમાં ઠરાવ્યું કે આ આકટ મુજબ નાની વયનો ગુનેહગાર એટલે સોળ વરસથી કમી ઉમરનો જોઇએ તેથી ફટકાની શીક્ષા રદ કરી (મુ. હા. વા. ૮ પાને ૯ સરકાર વી. મહમદઅલી અબદુલઅલી).

વળી કલમ ૨ નીચે સરકાર વીરૂધ જેઠીશન ગીરધરનો ફેંસલો છે તે પણ વાંચો.

કલમ ૭

કેદીને સેશન જડજે એક અપરાધ બદલ દસ વરસની શીક્ષા કરી અને વળી તેનો તે અપરાધ ફરીથી કરેલો હોવાથી ફટકાની પણ શીક્ષા કરી. પરંતુ સેશન જડજને માલમ પડ્યુ કે આ કલમ પ્રમાણે પાંચ વરસથી અધિક મુદતની કેદીને શીક્ષા કરી હોય તે કામમાં ફટકાની શીક્ષા કરી શકાય નહી. પણ પોતે ઠરાવપર સહી કરેલી હોવાથી તે પોતાથી ફેરવાય નહી માટે હાઇકોરટમાં મોકલતાં તે કોરટે ફટકાની શીક્ષા રદ કરી. (કા. હા. વા. ૨૩ પા. ૪૯ સરકાર વીરૂધ પુરનમલ.)

કલમ ૯

કોઇ ગુનેહગારને સેશન જડજે એક વરસની સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી તેના છુટવાના અગાઉ એક હપતા ઉપર ૩૦ ફટકા મારવા એવી શીક્ષા કરી હતી તેમાં હાઇકોરટે એ ફટકા મારવાની શીક્ષા એકદમ અમલમાં લાવવાનો હુકમ કીધો. શાથી જે તે શીક્ષા તહકુબ રાખવાનો હુકમ ફટકા મારવા વીશેના આકટની એટલે આ આકટની કલમ ૯ ના ઠરાવથી વીરૂધ છે (મુ. હા. તા૦ ૨૨ ડીસેંબર સને ૧૮૭૦ સરકાર વી. જમાલ વલદે નાનાભાઇ).

કલમ ૧૦

આ આકટની કલમ ૪ અને ૫ નીચે જે ફેસલાઓ છે તે નીચે જુઓ.

ફટકાની બાબતમાં સામાન્ય ઠરાવ.

કોઇ માજીસ્ત્રેટ જે કામામાંના તોહોમતનો પોતે જાતે અવલથી તજવીજ કરી ફટકાની શિક્ષા આપી શકતો હોય તેવા કામનાં પ્રોસોડીંગો ક્રી. પ્રો. કો. કા. ૨૭૭ પ્રમાણે એ માજીસ્ત્રેટ તરફ મોકલવામાં આવે તો તેમાં પણ ફટકાની શિક્ષા આપવાનો તેને અધિકાર છે (મુ. હા. તા૦ ૮ ડીસેંબર ૧૮૭૦ સરકાર વિ૦ ગોવિંદા વલદે રામા).

જે કોરટની આપેલી શિક્ષા વિષે ફરીથી તજવીજ થવા સારૂ માર્ગ છે એવી કોર્ટ કેદની શિક્ષાના વધારામાં ફટકા મારવાની સજા કરે તો તે સજા થાય તે તારીખથી પંદર દિવસ થયા બાદ તુરતજ અમલમાં લાવવી જોઇએ, યા એ મુદતમાં અપીલ કરવામાં આવે તો શિક્ષા મંજુર રાખવા બાબતનો અપેલેંટ કોરટથી હુકમ પંદર દિવસમાં નહી આવી પહોચે તો તે હુકમ આવેથી તુરતજ અમલમાં લાવવી જોઇયે. શિક્ષાના ઠરાવમાં કેદ-ની મુદત પુરી થયેથી ફટકા બાંધી મારવા સારૂ ફરમાવવું એ ગેરકાયદેસર છે. (મુ. હા. તા૦ ૧૩ નવેમ્બર ૧૮૭૨ સરકાર વિરૂધ્ધ શેખ હુસેન વલદે સદરૂદીન).

ફટકા મારવાની સજા કરવાની જવાબદારી જે અમલદારપર છે તે અમલદારે તે સજા કાયદામાં જણાવેલી મુદતો પુરી થતાંજ આપવી જોઇયે એવું ક્રી. પ્રો. કો. કા. ૩૧૦ મુજબ તે અમલદારનું કામ છે. પરંતુ જો કોઇ આકસ્મીક બનાવથી અથવા ગફલતથી અથવા જાણીજોઇને (પોતાનું) કામ નહી કરવાથી આ હુકમ અમાન્ય કરયો હોય તો તેથી કરીને કેદીનો પોતાની જવાબદારીમાંથી છુટકારો કોઇ પણ રીતે થતો નથી. (મુ. હા. તા૦ ૫ આગષ્ટ ૧૮૭૮ સરકાર વિરૂધ્ધ માહાદુ ગોપાળ).

ચોરીનો ગુન્હો અને ચોરીનોમાલ બદદયાનતે લીધાનો ગુન્હો એ એકજ ગુન્હો નથી સબબ ચોરીના માલ બદલના તોહોમતમાં પ્રથમનો ચોરીનો ગુન્હો સાબિત થયો હોય તો એ ફટકાની શિક્ષા થઇ શકતી નથી (અલ્હા. હા. ઇ. લા. વા. ૧ પા. ૬૬૬ સરકાર વિરૂધ્ધ પરતાપ)

જે માણસને મોતની કીંવા કાળા પાણીની, કીંવા દાસત્વની કીંવા પાંચ વર્ષથી જાસ્તી મુદતની શિક્ષા આપી હોય તે માણસને ફટકાની શિક્ષા આપવી ગેરકાયદેસર છે. બીજી શિક્ષા ભોગવ્યા પછી ફટકાની શિક્ષા ભોગવવી એવું ન ઠરાવતાં તે બીજી શિક્ષાની અગાઉ ફટકાની શિક્ષા ભોગવવાનું ઠરાવ્યું હોય તો તે બીજી શીક્ષા આપ્યાથી તે ફટકાની શિક્ષા ગેરકાયદેસર છે. (મ૦ હા. ઇ. લા. વા. ૧ પા. ૫૬ તા. ૧૯ એપ્રીલ ૧૮૭૬)

કલમ ૨

કેદીપર ચોરી કરવા બાબત એકી વખતે મુકેલાં ત્રણ તોહોમતમાંના બે એક દીવસે સાબીત કરી તેને માટે શીક્ષા કરી. અને ત્રીજું તોહોમત બીજે દીવસે સાબીત કરી તેને માટે કેદ અને આ આકટની કલમ ૨–૩ અને ૯ મુજબ ફટકાની શીક્ષા કરી તેમાં ઠરાવ્યું કે આ આકટની કલમ ૨ માં કહેલા ગુનાહ બદલ પેનલકોડ પ્રમાણે શીક્ષા થયા શીવાય ફટકાની શીક્ષા થઇ શકતી નથી; એટલે એકજ ગુનાહને માટે એકજ વખતે મુકેલાં તોહોમત બદલ જુદે જુદે દીવસે સાબીત કરી તેમાંના કોઇ તોહોમત બદલ ફટકાની શીક્ષા થઇ શકતી નથી. પણ જો એકવાર થએલો ગુનોહ ફરી સાબીત થાય તો તે શીક્ષા થઇ શકેછે. (મુ. હા. વા. ૩ પાને ૩૮ સરકાર વીરૂધ્ધ સુરચા બીન કલ્લુ.)

ફટકાની શીક્ષા કરવા વીષેના આકટની કલમ ૨, ૩, અને ૪ એ સગીર વયના ગુનેહગારોને લાગેછે તેમજ કલમ ૫ પણ લાગેછે, એ કલમની મતલબ કલમો ૩ તથા ૪ રદ કરવા વીષે નથી તોપણ તે કલમ યોગ્ય કામોમાં એ, નહી તો તે કલમોની સાથે લાગુ પાડવા વીષે છે. (મુ. હા. સરકાર વીરૂધ્ધ જેકીશન ગીરધર. તા૦ ૨ આકટોબર સને ૧૮૭૩)

પે. કોડ કલમ ૪૧૧ માં કહેલા ગુનાહ માટે દંડની શીક્ષા કરી અને તે ના આપે તો તેને બદલે કેદની શીક્ષા કરી તે ઠરાવપર અપીલ થયાથી તેમાં ઠરાવ કરયો કે દંડને બદલે જે કેદની ભોગવી તે જતાં બાકી રહેલી કેદને બદલે ફટકાની શીક્ષા ઠરાવી તેમાં ઠરાવ્યું કે એવી રીતે શીક્ષા ન કરતાં એમ ઠરાવ કરવો જોઇતો હતો કે દંડ બદલે જે કેદની શીક્ષા ઠરાવીછે તેને બદલે ફટકાની શીક્ષા કરમાવવી. (મુ. હા. સરકાર વીરૂધ્ધ યારે ખાન નથેખાન તા૦ ૬ સપટેંબર સને ૧૮૭૭)

કલમ ૩

કેદીપર પે. કો. ક. ૪૫૭ અને ૫૧૧ મુજબ તોહોમત રાખી તેને કેદની અને આ કલમ પ્રમાણે ફટકાની શીક્ષા કરી તમા ઠરાવ્યું કે ચોરી કરવાને ઇરાદે ઘર ફોડવાના ગુનાહની કોશીશ કરવાના ગુનાહ બદલ ફટકાની શીક્ષા થઇ શકતી નથી. (મુ. હા. વા. ૩ પા. ૩૭ સરકાર વીરૂધ્ધ ઘેલા વલદ પરથા).

વળી ઉપરની કલમપર પહેલો અને બીજો ફેસલો ટાંકયોછે તે પણ આ કલમની સે વાંચો.

કલમ ૪

કેદીપર પે. કો. ક. ૪૫૭ મુજબ તોહોમત ઠરાવી તે બદલ કેદની અને આ કલમ તથા કલમ ૧૦ પ્રમાણે ફટકાની શીક્ષા કરી તેથી ઠરાવ્યું કે કેદી ઉપર જે ગુનાહનો આરોપ છે તેવોજ ગુનોહ આગાઉ કરયાની વાત સાબીત થઇ નથી માટે ફટકાની શીક્ષા રદ કરી (મુ. હા. વા. ૪ પાને ૫ સરકાર વીરૂધ બાળજી બાપુ.)

વળી કલમ ૨ નીચે સરકાર વીરૂધ જેઠીશન ગીરધરનો ફેંસલો છે તે પણ વાચો.

કલમ ૫

અશાડ વરસની ઉમરના એક માણસે પે. કો. ક. ૨૯૦ મુજબ ગુનોહ કરવાથી તેને આ કલમ અને કલમ ૧૦ પ્રમાણે ફટકાની શીક્ષા કરી તેમાં ઠરાવ્યું કે આ આકટ મુજબ નાની વયનો ગુનેહગાર એટલે સોળ વરસથી કમી ઉમરનો જોઇએ તેથી ફટકાની શીક્ષા રદ કરી (મુ. હા. વા. ૮ પાને ૯ સરકાર વી. મહમદઅલી અબદુલઅલી).

વળી કલમ ૨ નીચે સરકાર વીરૂધ જેઠીશન ગીરધરનો ફેંસલો છે તે પણ વાચો.

કલમ ૭

કેદીને સેશન જડજે એક અપરાધ બદલ દસ વરસની શીક્ષા કરી અને વળી તેનો તે અપરાધ ફરીથી કરેલો હોવાથી ફટકાની પણ શીક્ષા કરી. પરંતુ સેશન જડજને માલમ પડયુ કે આ કલમ પ્રમાણે પાંચ વરસથી અધિક મુદતની કેદીને શીક્ષા કરી હોય તે કામમાં ફટકાની શીક્ષા કરી શકાય નહી. પણ પોતે ઠરાવપર સહી કરેલી હોવાથી તે પોતાથી ફેરવાય નહી માટે હાઇકોરટમાં મોકલતાં તે કોરટે ફટકાની શીક્ષા રદ કરી. (કા. હા. વા. ૨૩ પા. ૪૯ સરકાર વીરૂધ પુરનમલ.)

કલમ ૯

કોઇ ગુનેહગારને સેશન જડજે એક વરસની સખત મજુરી સાથે કેદની શીક્ષા કરી તેના છુટવાના અગાઉ એક હપતા ઉપર ૩૦ ફટકા મારવા એવી શીક્ષા કરી હતી તેમાં હાઇકોરટે એ ફટકા મારવાની શીક્ષા એકદમ અમલમાં લાવવાનો હુકમ કીધો. શાથી જે તે શીક્ષા તહકુબ રાખવાનો હુકમ ફટકા મારવા વીશેના આકટની એટલે આ આકટની કલમ ૯ ના ઠરાવથી વીરૂધ છે (મુ. હા. તા. ૨૨ ડીસેંબર સને ૧૮૭૦ સરકાર વી. જમાલ વલદે નાનાભાઇ).

કલમ ૧૦

આ આકટની કલમ ૪ અને ૫ નીચે જે ફેસલાઓ છે તે નીચે જુઓ.

ફટકાની બાબતમાં સામાન્ય ઠરાવ.

કોઇ માજીસ્ત્રેટ જે કામોમાંના તોહોમતોનો પોતે જાતે અવલથી તજવીજ કરી ફટકાની શિક્ષા આપી શકતો હોય તેવા કામનાં પ્રોસીડીંગો ક્રી. પ્રો. કો. કા. ૨૭૭ પ્રમાણે એ માજીસ્ત્રેટ તરફ મોકલવામાં આવે તો તેમાં પણ ફટકાની શિક્ષા આપવાનો તેને અધિકાર છે (મુ. હા. તા० ૮ ડીસેંબર ૧૮૭૦ સરકાર વિ० ગોવિંદા વલદે રામા.).

જે કોરટની આપેલી શિક્ષા વિશે ફરીથી તજવીજ થવા સારૂ માર્ગ છે એવી કોર્ટ કેદની શિક્ષાના વધારામાં ફટકા મારવાની સજા કરે તો તે સજા થાય ત તારીખથી પંદર દિવસ થયા બાદ તુરતજ અમલમાં લાવવી જોઇએ, યા એ મુદતમાં અપીલ કરવામાં આવે તો શિક્ષા મંજુર રાખવા બાબતનો અપેલંટ કોરટથી હુકમ પંદર દિવસમાં નહી આવી પહોચે તો તે હુકમ આવેથી તુરતજ અમલમાં લાવવી જોઇયે. શિક્ષાના ઠરાવમાં કેદની મુદત પુરી થયેથી ફટકા બાકી મારવા સારૂ ફરમાવવું એ ગેરકાયદેસર છે. (મુ. હા. તા० ૧૩ નવેમ્બર ૧૮૭૨ સરકાર વિરૂદ્ધ શેખ હુસેન વલદે સદરૂદીન).

ફટકા મારવાની સજા કરવાની જવાબદારી જે અમલદારપર છે તે અમલદારે તે સજા કાયદામાં જણાવેલી મુદતો પુરી થતાંજ આપવી જોઇયે એવું ક્રી. પ્રો. કો. કા. ૩૧૦ મુજબ તે અમલદારનું કામ છે. પરંતુ જો કોઇ આકસ્મીક બનાવથી અથવા ગફલતથી અથવા જાણીજોઇને (પોતાનું) કામ નહી કરવાથી આ હુકમ અમાન્ય કરયો હોય તો તેથી કરીને કેદીનો પોતાની જવાબદારીમાંથી છુટકારો કોઇ પણ રીત થતો નથી. (મુ. હા. તા० ૫ અગષ્ટ ૧૮૭૮ સરકાર વિરૂદ્ધ માહાદુ ગોપાળ).

ચોરીનો ગુન્હો અને ચોરીનોમાલ બદદયાનતે લીધાનો ગુન્હો એ એકજ ગુન્હો નથી સબબ ચોરીના માલ બદલના તોહોમતમાં પ્રથમનો ચોરીનો ગુન્હો સાબિત થયો હોય તો એ ફટકાની શિક્ષા થઇ શકતી નથી (અલ્હા. હા. ઇં. લા. વા. ૧ પા. ૬૬૬ સરકાર વિરૂદ્ધ પરતાપ)

જે માણસને મોતની કીંવા કાળા પાણીની, કીંવા દાસત્વની કીંવા પાંચ વર્ષથી જાસ્તી મુદતની શિક્ષા આપી હોય તે માણસને ફટકાની શિક્ષા આપવી ગેરકાયદેસર છે. બીજી શિક્ષા ભોગવ્યા પછી ફટકાની શિક્ષા ભોગવવી એવું ન ઠરાવતાં તે બીજી શિક્ષાની અગાઊ ફટકાની શિક્ષા ભોગવવાનું ઠરાવ્યું હોય તો તે બીજી શીક્ષા આપ્યાથી તે ફટકાની શિક્ષા ગેરકાયદેસર છે. (મ० હા. ઇં લા. વા. ૧ પા. ૫૬ તા. ૧૯ એપ્રીલ ૧૮૭૬)

સને ૧૮૬૬ નો આકટ ૩ જો*

મુંબાઈ ઈલાકા માંહેની કેટલીએક જગાએ જુગાર રમવાની મના કરવા બાબતનો કાયદો કરવો યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧ આ આકટ હેઠળ લખેલી જગાઓને લાગુ થઈને ત્યાં ચાલુ રેહેશે.

(૧) મુંબાઈની અદાલતની હાઈકોરટની અસલ ફરિયાદ લેવાની મામુલ હકુમતની સ્થળ શીમ બહારના જે શેહેરોને તથા કસબાઓને આ આકટ મુંબાઈના ગવરનર ઈનકાઉન્સીલ સરકારી ગેજેટમાં વખતો વખત હુકમ છપાવીને પ્રસિદ્ધ કરીને લાગુ કરશે તે સઘળા શેહેરોને તથા કસબાઓને લાગુ થઈને ત્યાં ચાલુ રેહેશે પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ દરેક શેહેરમાં અથવા કસબામાં નેહાન પાંચ હજાર માણસોની વસ્તી જોઈએ. અને ફોજદારી ઈનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે જે માજીસ્ટ્રેટને માજીસ્ટ્રેટનો કુલ અખતીયાર આપ્યો હોય તે માજીસ્ટ્રેટ તે દરેક શેહેરમાં અથવા કસબામાં રેહેવો જોઈએ અને.

(૨) મુંબાઈની અદાલતની હાઈકોરટની અસલ ફરિયાદ લેવાની મામુલ હકુમતની સ્થળ શીમ બાહારના રેલવે સ્ટેશનના સઘળાં ઘરોને લાગુ થઈને ત્યાં ચાલુ રેહેશે, અને સદરહુ સ્ટેશનના ઘરોની આસપાસની જે જગા તે ઘરોના હરકોઈ ભાગથી [illegible] ગાઉંલ કરતાં વધારે છેટે નહી હશે તે સઘળી જગાઓને લાગુ થઈને ત્યાં ચાલુ રેહેશે અને મુંબાઈ ઈલાકા માંહેની બીજી કોઈ જગાને લાગુ થશે નહી; અને ત્યાં ચાલુ રેહેશે નહી.

૨. આ આકટના ઠરાવ કયાં શેહેરને અથવા કસબાને કંઈ તારીખથી લાગુ થશે તે તારીખ આ આકટની ૧ લી કલમ પ્રમાણે હુકમ કરીને ઠરાવવાનો અખતિયાર ગવરનર ઈનકાઉન્સીલને છે, અને હરકોઈ શેહેરને અથવા કસબાને આ આકટના ઠરાવ લાગુ કરવાનો હુકમ મુંબાઈના જે સરકારી ગ્યાજેટમાં હોય તે ગ્યાજેટ હાજર કરશે એટલે આ આકટના ઠરાવ તે શેહેરને અથવા કસબાને લાગુ કરવાનો કાયદાસર રીતે અખતિયાર છે, અને કાયદાસર રીતે તથા યોગ્ય રીતે લાગુ કરયા છે તે વાતનો તે સરકારી ગ્યાજેટ બરાબર પુરાવો છે એમ સમજવું. પણ એવું ઠરાવ્યું છે કે આગળ જતાં કોઈ હુકમ અથવા હુકમો કરીને પેહેલો હુકમ રદ કરવાનો અથવા ફેરવવાનો અખતિયાર ગવરનર ઈનકાઉન્સીલને છે. અને એ પ્રમાણે પાછળથી કરેલો હુકમ અથવા હુકમો મુંબાઈના જે સરકારી ગ્યાજેટમાં હોય તે ગ્યાજેટ હાજર કરશે એટલે સદરહુ પેહેલો હુકમ રદ કરયો અથવા ફેરવ્યો તે બાબતનો તે બરાબર પુરાવો છે એવું સમજવું.

૩. જે હદને આ આકટ લાગુ છે તે હદમાના કોઈ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો ધણી, અથવા તેમાં રેહેનારો અથવા તે વાપરનારો તેમાં જુગાર ચલાવવા સારૂ તે ઉઘાડશે, અથવા રાખશે, અથવા તેનો ઉપયોગ કરશે તે અને સદરહુ પ્રકારના હરકોઈ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો ધણી, અથવા તેમાં રેહેનારો ઉપર કહેલા કારણ સારૂ બીજા કોઈ માણસને તે ઘર અથવા ઓરડી અથવા જગા જાણી જોઈને ઉઘાડવા દેશે, અથવા રાખવા દેશે, અથવા તેનો ઉપયોગ કરવા દેશે

તે; અને સદરહુ કારણ સારૂ કોઈ ઘર અથવા ઓરડી અથવા જગા કાહાડી હોય અથવા રાખી હોય અથવા તે વાપરતા હોય ત્યાંહાના કામની સંભાળ અથવા વહીવટ જેની પાસે હોય, અથવા તે કામ ચલાવવાને કોઇ રીતે જે મદત કરશે તે પાંચશે રૂપીયા સુધી દંડને લાયક થશે; અથવા ઘણામાં ઘણા ત્રણ કયાલેંડર મહીના સુધી આસાન કેદની અથવા સખત મજુરીની કેદની સજાને લાયક થશે.

૪. પાને અથવા પાસે અથવા સોગટે અથવા જુગાર રમવાના બીજે સાધને સદરહુ હદમાના અને જુગારના અખાડા સારૂ વપરાતુ હોય એવા કોઈ ઘરમા અથવા ઓ-રડીમા અથવા જગામા કોઇ માણસ રમતાં અથવા જુગાર રમતા પકડાશે, અથવા પઇશા સારૂ અથવા સરત સારૂ અથવા લાગ સારૂ અથવા બીજી રીતે જુગાર રમવા સારૂ ત્યાં હાજર હતો એ રીતે પકડાશે તે બસેં રૂપીયા સુધી દંડને લાયક થશે અ-થવા ઘણામાં ઘણા એક કયાલેંડર મહીના સુધી આસાન કેદની અથવા સખત મજુરીની કેદની સજાને લાયક થશે અને સદરહુ હદમાંના જુગારના અખાડામાં જુગાર અથવા દાવ ચાલતો હશે તે વખતે ત્યાં કોઇ માણસ પકડાશે તો તે ત્યાં જુગાર રમવા સારૂ ગયો નહી હતો એવું સાબીત કરે ત્યાં સુધી તે જુગાર રમવા સારૂ ગયો હતો એવું સમજવું.

૫ જે માજીસ્ટ્રેટ હોજદારી ઇનશાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદા ઉપરથી માજીસ્ટ્રેટનો કુલ અખત્યાર ચલાવતો હોય તે માજીસ્ટ્રેટની આગળ અથવા જીલ્હાના જે પોલીસ સુપ્રીનટેનડેન્ટને અથવા આસીસ્ટંટ સુપ્રીનટેનડેન્ટને માજીસ્ટ્રેટનો કુલ અખત્યાર મળ્યો હોય તે પોલીસ સુપ્રીનટેનડેન્ટની આગળ અથવા આસીસ્ટંટ સુપ્રીનટેનડેન્ટની આગળ સદરહુ હદમાંના ફલાણા ઘરમાં અથવા ઓરડીમા અથવા જગામાં જુગારનો અખાડો હશે એવું માનવાનો સબબ છે એ રીતે સમજાઇને અથવા સત્ય સ્મરણ પુરવક પ્રતિજ્ઞા કરીને ફરીઆદ કરયા પછી અને ત્યાર પછી જે ચોકશી કરવાની જરૂર હોય તે ચોકશી કરયા પછી તેવો શક આવવાનો વ્યાજબી સબબ છે એવી તે માજીસ્ટ્રેટની અથવા પોલીસ સુપ્રીનટેનડેન્ટની અથવા આસીસ્ટંટ પોલીસ સુપ્રીનટેનડેન્ટની ખાત્રી થયા પછી સદરહુ પ્રકારના ઘરમા અથવા ઓરડીમા અથવા બીજી જગામા જરૂર પડે તેટલી મદત લેઇને રાતરે અથવા દહાડે અને જરૂર હોય તો જબરદસ્તીથી પેશીને ત્યાંહા જે માણસો મળે તે, તે વખતે ખરેખર જુગાર રમતા હોય કે નહી હોય તો પણ તે સરવેને કેદ કરીને માજીસ્ટ્રેટની આગળ લેઇ જવા; અને જુગાર રમવાના સરવે સાધનો, તથા પઇશા, તથા પઇસા બાબતના દસ્તાવેજ તથા કીમતદાર જણશો ત્યાંહા જડે, તથા તેઓને જુગાર રમવા સારૂ ઉપયોગ કરયો હોય, અથવા તેવો ઉપયોગ કરવાનો ઇરાદો હતો એવો સંશય ચલાવવાનું વ્યાજબી કારણ હોય તે સઘળી જણશો પકડવી અને પોતે જે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં પેઠો હોય તેમાં જુગાર રમવાના સાધનો સંતાડયા છે એવું માનવાનો સબબ હોય ત્યારે તે ઘરના અથવા ઓરડીના અથવા જગાના સઘળા ભાગોનો ઝાડો લેવો, અને કેદ કરેલા માણસોનો પણ ઝાડો લેવો, અને ઝાડો લેતા જુગાર રમવાના સાધનો જડે તે

સરવ પકડીને કબજામાં લેવાનો અખત્યાર ઇન્સ્પેક્ટરને અથવા મુખ્ય કાન્સ્ટેબલને અથવા ફોજદારને અથવા ફોજદાર જેટલા દરજ્જાના પોલીસના બીજા ઉપરી અમલદારને પોતાની નજરમાં આવશે ત્યારે પોતાની સહીનું વીશેષ વારંટ આપીને આપવાને સદરહુ માજીસ્ટરેટ અથવા પોલીસ સુપ્રીનટેનડેન્ટ અથવા આસીસ્ટંટ પોલીસ સુપ્રીનટેનડેન્ટ મુખત્યાર છે.

૬ સદરહુ હદમાંના ફલાણા ઘરમા અથવા ઓરડીમાં અથવા જગામાં જુગારનો અખાડો છે એવો વેહેમ હોય, અને આ આકટ પ્રમાણે વારંટ આપ્યું હોય તે ઉપરથી જે ઘરમાં અથવા ઓરડીમા અથવા જગામા પેઠા હોય તે ઘરમા અથવા ઓરડીમાં અથવા જગામાં, અથવા તેમા માણસો પકડાય તેઓની પાસે કુશળતાની રમત વગરની બીજી રમતમાં વપરાતાં હોય તેવા પાનાં અથવા પાસા અથવા બોદ અથવા પટ અથવા પાટીયું અથવા જુગાર રમવાના બીજાં સાધનો જડે ત્યારે તે ઘરમાં અથવા ઓરડીમા અથવા જગામા પેસનારા પોલીસ ઇનસ્પેકટરના અથવા ઉપરી અમલદારના દેખતાં અથવા ઉપર કહ્યા પ્રમાણે તેઓની મદતે જે માણસો હોય તે માણસોના દેખતાં ખરેખાત દાવ આપ્યો નહી હોય તોપણ તે ઘરમાં અથવા ઓરડીમા અથવા જગામા જુગારનો અખાડો છે અને જે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જુગાર રમવાનાં સદરહુ પ્રકારનાં સાધનો જડયાં હોય તે ઘરમા અથવા ઓરડીમાં અથવા જગામાં પકડાએલા માણસો જુગાર રમવા સારૂ ગાયા હતા એવો પુરાવો થાયછે એવું સમજવું. સદરહુ પુરાવો કબુલ કરવો તે ઉલટું સાબીત નહી થાય ત્યાંહાં સુધી કબુલ કરવો.

૭ સદરહુ પ્રકારનો જુગારનો અખાડો રાખવાનો ગુનોહ અથવા તેમાં રમવાનો અથવા જુગાર રમવાનો ગુનોહ. અથવા જુગાર રમવા સારૂ તેમાં હાજર રેહેવાનો ગુનોહ કોઇ માણસ ઉપર સાબીત થાય એટલે તે ઘરમાં, અથવા તે ઘ[illegible] જે માણસો પકડયા હોય તેઓની પાસે જુગાર રમવાના સાધનો જડયાં હોય [illegible]રવનો નાશ તાબડતોબ કરી નાખવાનો હુકમ કરવાનો અધિકાર ગુનોહ સાબીત [illegible]રનારા માજીસ્ટરેટને છે.

૮ આ આકટની ૩ જી અને ૪ થી કલમ વિરૂદ્ધ ગુનોહ કોઇ માણસ ઉપર ઠરાવવા સારૂ હેઠળ લખ્યા પ્રમાણે સાબીત કરવાની જરૂર નથી એટલે જેમ તે દાવ રમતાં કોઇ માણસ પકડાય તે પઇસા સારૂ અથવા સરત સારૂ અથવા લાગ સારૂ રમતો હતો એવું સાબીત કરવાની જરૂર નથી.

૯ આ આકટની વિરૂદ્ધ રીત જુગાર રમવામાં જે માણસ સામીલ હોય તેની જુબાની સદરહુ પ્રમાણે જુગાર રમવા બાબત સાહેદની જુબાની પ્રમાણે માજીસ્ટરેટ જુગારના અખાડાના ધણીની ઉપરના અથવા રાખનારની ઉપરના અથવા તેમા રેહેનારની ઉપરના અથવા તે જુગારના અખાડાની સંભાળ અથવા વહીવટ જેની પાસે હોય તેની ઉપરના તોહોમતનો ઇનસાફ કરતી વખતે લેશે, અથવા માજીસતરેટની રૂબરૂ લેવામાં આવશે, અને જુબાની આપતી વખતે તેને જે વાત પુછે તે સઘળી વાત તે માણસ પોતાની માહીતગાર પ્રમાણે ખરેખરી અને જે હકીકત બની હોય તેવી જાહેર કરશે, અને તે ઉપરથી તેને માજીસ્ટરેટની પાસેથી તે વાત જાહેર કરયા બાબતનો દાખલો મળશે તો તે માણસે તે વખત પેહેલા તે જુગાર સંબંધી જે કાંઇ કરયું હશે તે બાબત તેની ઉપર આ આકટ ઉપરથી કાંઇ ફરીઆદ ચાલશે નહી.

૧૦. આ આકટની ૩ જી અથવા ૪ થી કલમ પ્રમાણે જે દંડ વસુલ થાય તેની અરધાઇ સુધી તેનો ભાગ તે બાબત ખબર આપનારને આપવાનો હુકમ કરવાનો અખત્યાર સદરહુ ૩ જી અથવા ૪ થી કલમના ઠરાવ પ્રમાણે હરકોઇ મુકદમાનો ઇનસાફ કરનારા માજીસ્ટરેટને છે.

૧૧. સદરહુ હદમાંના હરકોઈ રાજ મારગમાં અથવા જગામાં અથવા રાહાદારીનાં ઠેકાણામાં કોઈ માણસ કુશળતાની રમત વગરની બીજી રમતમાં વપરાતાં હોય તેવે પાને અથવા પાસે અથવા ભેંદે અથવા જુગાર રમવાના બીજા સાધને પઈશા સારૂ અથવા બીજી કીમતદાર વસ્તુ સારૂ જુગાર રમતા પકડાશે, અથવા સદરહુ હદમાંના હરકોઈ રાજ મારગમાં અથવા જગામાં અથવા રાહાદારીના ઠેકાણામાં કોઈ પક્ષી અથવા જાનવરો લડાવતાં પકડાશે, અથવા પક્ષી અથવા જાનવરો સદરહુ પ્રમાણે પ્રસિધપણે લડાવવામાં હાજર રહીને મદત અથવા સહાય કરતાં પકડાશે તેને વારંટ વગર પકડવાને પોલીસનો હરકોઈ કામદાર મુખત્યાર છે. અને તે માણસ પકડાય એટલે તેને તાબડતોબ માજીસ્ટરેટની પાસે લઈ જવો. અને તે પચાસ રૂપીયા સુધી દંડને અથવા ઘણામાં ઘણા એક કયાલેંડર મહીના સુધી આસાન કેદની અથવા સખત મજુરીની કેદની સજાને લાયક થશે. અને સદરહુ પ્રકારની સારવજનીક જગામાં અથવા જે માણસને ઉપર કહેલો પોલીસનો કામદાર પકડશે તેની પાસે જુગાર રમવાના જે સાધનો જડશે તે પકડવાને તે કામદાર મુખત્યાર છે. અને ગુનેહગારની ઉપર ગુનોહ સાબીત થાય એટલે તે સાધનોનો તાબડતોબ નાશ કરવાનો હુકમ કરવાને માજીસ્ટરેટ મુખત્યાર છે.

૧૨. હરકોઈ જગાએ ફકત કુશળતાનીજ રમત રમતાં હોય તેઓને આ આકટનો કાંઈ ભાગ લાગુ છે એવું સમજવું નહી.

૧૩ આ આકટ પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુનાહનો ઈનસાફ જે ઠેકાણે ગુનોહ થયો હોય તે ઠેકાણે જે માજીસ્ટરેટની હકુમત ચાલતી હોય તે માજીસ્ટરેટે કરવો. સદરહુ માજીસ્ટરેટને જેટલા રૂપીયા સુધી દંડ કરવાની અથવા જેટલી મુદત સુધી કેદની સજા કરવાની ફોજદારી ઈનશાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે હકુમત હોય તે હકુમત કરતાં વધતો મુખત્યાર તેને આપવો નથી.

૧૪. હરકોઈ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો જે માણસ ધણી હોય અથવા જેણે તે રાખી હોય તે માણસના ફાયદાને સારૂ અથવા નફા સારૂ તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જુગાર રમવાના પાના અથવા પાસા અથવા ભેંદે અથવા બીજા સાધનો રાખ્યાં હોય અથવા જુગાર રમવાનાં પાનાં અથવા પાસા અથવા ભેંદે અથવા બીજાં સાધનો વપરાતાં હોય તે ઘર અથવા ઓરડી અથવા જગા એવો અરથ "જુગારનો અખાડો" એ શબ્દોનો સમજવો. પછી તે ફાયદો અથવા નફો તેને તે જુગારના સાધનો અથવા ઘર અથવા ઓરડી અથવા જગા વાપરવા બાબત ભાડા દાખલ મળતો હોય કે બીજી રીતે મળતો હોય તે વાતની ચિંતા નથી.

૧૫ આ આકટ રેલવે સ્ટેશનને તથા તેની આસપાસની જગાને જેટલો લાગુ છે તેટલો આ આકટ ગવરનર જનરલ સાહેબે મંજુર કરવાની વાત મુંબાઈના ગવરનર સાહેબે સરકારી ગેજેટ છપાવીને પ્રસિધ કરશે તે તારીખથી એક કયાલેંડર મહીના પછી અમલમાં આવશે: અને આ આકટ કેટલાએક શેહેરોને તથા કસબાઓને જેટલો લાગુ છે તેટલો, તે શેહેરોને તથા કસબાઓને આ આકટ લાગુ કરવા સારૂ જે હુકમ કરવાનો આ આકટ પ્રમાણે ગવરનર ઈનકાઉનશીલને અધિકાર છે તે હુકમ કરીને સદરહું મંજુરીની વાત છપાઈને પ્રસિધ થયા પછી ગવરનર ઈનકાઉનશીલે જે તારીખ ઠરાવી હશે તે તારીખે અમલમાં આવશે.

તારોપીતપર આ આક્ટની ક. ૩ તથા ૪ મુજબ તોહોમત એવી રીતનું હતું કે કુરલાના રેલવે સ્ટેશનથી ત્રણ માઇલની અંદર એક ઘરમાં જુગાર રમ્યા તથા જુગાર રમવા ઘર રાખ્યું. પણ આવા કામમાં ત્રણ માઇલનું માપ કેવી રીતે લેવું એવો શક ઉઠ્યાથી હાઇ કોરટે ઠરાવ્યું કે સ્ટેશનના મકાનથી જુગારના મકાન સુધી શીધી સપાટી ઉપર શીધી લીટીમાં માપ લેતાં જેટલા માઇલ થાય તે પ્રમાણે ગણી માપવા. (મું. હા. વા. ૪ પાને ૯ સરકાર વિ૰ ભીખાજી વિઠોબા).

કલમ ૩

આ કલમ પ્રમાણેના તોહોમત વાળાપર કા. ૩ તથા ૪ મુજબ તોહોમત સાબેત થયાથી શિક્ષા થઇ પણ સેશન જડજે વાંધો ઉઠાવ્યો કે તોહોમત વાળાને પોલીશે પકડી માજીશતરેટની રૂબરૂ આણ્યા તે વખતે તેઓની સાથે બીજા એક માણસને પણ ગુનેહગાર તરીકે પકડો હતો પણ તેને છોડી દઇ તેને શાક્ષીમાં દાખલ કરયો તથા માજીશતરેટે પોતાની રૂબરૂ પ્રતિજ્ઞાપર ફરીયાદ થયા શીવાય ફક્ત પોલીસના રીપોર્ટથી ઝાડો લેવાનું વારંટ આપ્યું છે તો તોહોમત કાયમ રહી શકતું નથી તેમાં ઠર્યું કે—

તોહોમત વાળાની શાથે જેને પકડયો તેના પર તોહમત વાળાઓની શાથે તોહમત મુકેલું નહોતું તો તેની શાહેદી લેવાને અડચણ નહોતી તેમજ પ્રતિજ્ઞાપર ફરીયાદ થયા શીવાય વારંટ આપ્યું છે તો તેથી પણ અડચણ નથી કેમકે જો આ આક્ટની કલમ ૬ પ્રમાણે ચાલવાની જરૂર હોત તો એ તકરાર ઉપયોગી પડત પણ આમાં તેમ નથી માટે તોહોમત રદ થઇ શકતું નથી. (મું. હા. વા. ૫ પાને ૧ સરકાર વિરૂધ નારાયણ સુંદર).

આ કલમ તથા કા. ૪ પ્રમાણે તોહોમત રાખી કેટલાક પર તોહમત સાબેત કર્યા ને તેમાંના એકને માફી આપી તેમાં ઠરાવ્યું કે માજીસતરેટને જે કામ તે પોતે કરે તે કામમાં માફી આપવાનો અધીકાર નથી. (મું. હા. વા. ૩ પાને ૫૬ સરકાર વિરૂધ રીમીડીયસ વિગરે).

વળી કલમ એક નીચે જે ફેંસલો ટાંક્યો છે તે પણ વાચો.

મ ૪

નાણું એ કાંઇ જુગાર રમવાનું હથીઆર એટલે તે કામને સારૂ કલ્પનાથી અથવા નાથી કરેલું સાધન નથી (મું. હા. તારીખ ૧૯ જુન સને ૧૮૮૩ સરકાર વિરૂધ ઝીણુ.)

વળી કલમ ૧ તથા કલમ ૩ નિચેના ફેંસલા જુઓ.

કલમ ૬

આ આકટની કલમ ૩ નીચે ફેંસલા છે તે જુઓ.

કલમ ૧૧

જે પોલીસ અમલદારને માજીસતરેટ પાસેથી કીંવા પોલીશ સુપ્રીનટેનડેંટ પાસેથી અધીકાર મળો નથી એવા એકાદ પોલીસ અમલદાર એકાદ જુગાર ખેલવાના ઘરમાં જાય અને ત્યાં જે લોકો હોય તેને પકડે અને તેઓને માજીસતરેટની રૂબરૂ લાવ્યાથી માજીશતરેટ તેઓપર તોહમત સાબીત કરે તો તેવું કરવાને પોલીસને અધિકાર મળો ન હોતો એવા કારણથી તે તોહોમત રદ કરવામાં આવનાર નથી. જે ઘરમા પોલીસનો અમલદાર ગયો તે ઘર જુગાર ખેલવા વાસ્તે મુકેલું છે એમ માત્ર સાબિત થવું જોઈએ (ક. હા. ઈ. ર. ૪ પાને ૬૫૮ નજીરખાન વીરૂધ પહેલાદદત અને બીજા).

નાણું એ જુગાર ખેલવાનું એક સાધન છે, એમ નથી જુગાર ખેલવાનું હથીયાર એટલે જુગાર ખેલવા વાસ્તે મુદામ જે એકાદ હથીઆર કરેલું હોય તે હથીયાર એમ સમજવું જોઈએ. (મુ. હા. ઈ. લા. વા. ૬ પાને ૧૯ સરકાર વીરૂધ વીઠલ ભાઈચંદ).

કલમ ૧૪

નફો થવા ફાયદાને સારૂ જે જુગારનું મકાન રાખવામાં આવે છે તેને સાધારણ જુગાર ખેલવાનું મકાન કહેવું. સરવે લોકોને કાંઈ ખરેખરી હરકત થાય છે એવા પુરાવા શેવાય હરેક શખશ જે જુગાર રમનારાઓને પોતાના ઘરમાં લે તે સખસ તથા તે સખસો તેમાં જુગાર રમે તે સરવે શખસો પી. કો. ક. ૨૬૮ ના અરથ પ્રમાણે લોકાપકારક કૃત્ય કરવાના ગુનેહગાર થાય છે એવો ઠરાવ ઠરાતો નથી. (મુ. હા. તા. ૧ ડીસેમબર સને ૧૮૭૦ સરકાર વીરૂધ હાઉ નાગજી વીગરે).